કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આચાર્યદેવ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

પ.પૂ. આચાર્યદેવ શ્રી પ્રભાનંદસૂરીશ્વરજી મહારાજા કૃત વિવરણ સમન્વિત

વીતરાગ સ્તોત્ર

પ્રાયઃ શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીતરાગ સ્તોત્ર

પ્રાયઃ શબ્દશઃ વિવેચન

❖ ગ્રંથકાર ❖

કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વજી મહારાજા

❖ ટીકાકાર ❖

પ.પૂ. આ.ભ. શ્રીમદ્ પ્રભાનંદસૂરીશ્વરજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા
પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

* સંકલનકારિકા *

રાખીબેન રમણલાલ શાહ

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.

ગીતાર્થ ગંગા

વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૯ ✦ વિ. સં. ૨૦૬૯ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૭૫૦

મૂલ્ય : રૂ. ૧૭૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ચિ. રિદ્ધિ પ્રકાશભાઈ શાહ

પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com

* મુદ્રક *

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફ્તરી રોડ, ગોશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ

૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા

૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)

૩. યોગદૃષ્ટિસમુચ્ચય

૪. કર્મવાદ કર્ણિકા

૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)

૬. સદ્‌ગતિ તમારા હાથમાં !

૭. દર્શનાચાર

૮. શાસન સ્થાપના

૯. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)

૧૦. અનેકાંતવાદ

૧૧. પ્રશ્નોત્તરી

૧૨. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)

૧૩. ચિત્તવૃત્તિ

૧૪. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)

૧૫. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ

૧૬. મનોવિજય અને આત્મશુદ્ધિ

૧૭. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય

૧૮. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)

૧૯. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)

૨૦. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૧. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૨. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૩. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૪. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૫. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. ગૃહજિનાલય મહામંગલકારી
૨૮. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન

૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

૨. ધર્મતીર્થ ભાગ-૨

વીતરાગ સ્તોત્રની
પ્રસ્તાવના

ચાર અતિશયવાળા સંસારમાં સર્વશ્રેષ્ઠ પુરુષ તીર્થંકરો છે. આથી જ તીર્થંકરો ત્રણેય જગતના ગુરુ કહેવાય છે. તેથી તીર્થંકરો પુણ્યના પ્રકર્ષવાળા, ગુણના પ્રકર્ષવાળા અને જગતના જીવોનો ઉપકાર કરીને અંતે સર્વકર્મોથી મુક્ત થાય છે. વળી તે ઉત્તમ પુરુષ ચોત્રીસ અતિશયોવાળા છે તે સર્વ અતિશયોને સ્મૃતિમાં રાખીને અને ભગવાનની પરમોપકારિતાનું સ્મરણ કરીને અને તેઓનો અદ્‌ભુત વૈરાગ્ય, અદ્‌ભુત કર્મ નાશને અનુકૂળ પરાક્રમાદિ ગુણોને સ્મરણમાં રાખીને વીશ પ્રકાશ દ્વારા તેમની સ્તુતિ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજીએ કરેલી છે. ગંભીરતાપૂર્વક તે સ્તુતિના અર્થોનું જેઓ ભાવન કરશે તેઓને પરમગુરુ કેવા સ્વરૂપવાળા છે તેનું કંઈક પારમાર્થિક બોધ થશે, અને જેઓ તેવા સ્વરૂપવાળા પરમગુરુનું સ્વરૂપ પુનઃ પુનઃ ભાવન કરીને તેમના પ્રત્યે ભક્તિવાળા થશે તેઓ પણ પરમગુરુની સ્તુતિ દ્વારા અલ્પકાળમાં સંસારનો ક્ષય કરીને પરમગુરુ તુલ્ય થશે. અને જ્યાં સુધી તેવુ બળ સંચય નહીં થાય ત્યાં સુધી પણ પરમગુરુની કરાયેલી ભક્તિના બળથી અવશ્ય સદ્‌ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરશે. માટે સંસારથી ભય પામેલા અને સદ્‌ગતિઓની પરંપરાના અર્થી અને પરમગુરુની જેમ મોક્ષપ્રાપ્તિના અર્થી જીવોએ પ્રસ્તુત સ્તોત્રનું અત્યંત ભાવન કરવું જોઈએ. જેથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય.

વિ. સં. ૨૦૬૯, પોષ સુદ-૫,
તા. ૧૬-૧-૨૦૧૩, ગુરુવાર,
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

પ્રકાશ નં.	વિષય	પાના નં.
૧.	ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ.	૧-૧૮
૨.	સહજાતિશયવર્ણનસ્તવ.	૧૯-૩૧
૩.	કર્મક્ષયજાતિશયવર્ણનસ્તવ.	૩૨-૫૯
૪.	સુરકૃતાતિશયવર્ણનસ્તવ.	૬૦-૮૩
૫.	પ્રાતિહાર્યસ્તવ.	૮૪-૯૮
૬.	વિપક્ષનિરાસસ્તવ.	૯૯-૧૨૨
૭.	જગત્કર્તૃત્વનિરાસસ્તવ.	૧૨૩-૧૪૧
૮.	એકાંતનિરાસસ્તવ.	૧૪૨-૧૫૧
૯.	કલિકાલોપબૃંહણસ્તવ.	૧૫૨-૧૬૭
૧૦.	અદ્‌ભુતસ્તવ.	૧૬૮-૧૮૨
૧૧.	મહિમસ્તવ.	૧૮૩-૧૯૬
૧૨.	વૈરાગ્યસ્તવ.	૧૯૭-૨૧૨
૧૩.	વિરોધહેતુનિરાસસ્તવ.	૨૧૩-૨૩૨
૧૪.	યોગશુદ્ધિસ્તવ.	૨૩૩-૨૪૯
૧૫.	ભક્તિસ્તવ.	૨૫૦-૨૬૩
૧૬.	આત્મગર્હાસ્તવ.	૨૬૪-૨૭૭
૧૭.	શરણસ્તવ.	૨૭૮-૨૯૦
૧૮.	કઠોરોક્તિસ્તવ.	૨૯૧-૩૦૫
૧૯.	આજ્ઞાસ્તવ.	૩૦૬-૩૧૯
૨૦.	આશીઃસ્તવ.	૩૨૦-૩૩૨

ॐ ह्रीं अर्हं नमः ।
ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।

કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આચાર્યદેવ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત
પ.પૂ. આચાર્યદેવ શ્રી પ્રભાનંદસૂરીશ્વરજી મહારાજા કૃત વિવરણ સમન્વિત

વીતરાગ સ્તોત્ર

પ્રાયઃ શબ્દશઃ વિવેચન

પ્રકાશ-૧

વીતરાગ સ્તોત્ર=સંપૂર્ણ મોહથી અનાકુળ એવા, વિશેષથી ચાલ્યા ગયા છે રાગ-દ્વેષાદિ મોહના ભાવો જેમને તેવા પરમપુરુષની સ્તુતિરૂપ સ્તોત્ર.

ટીકાકારશ્રીનું મંગલાચરણ :-

अनन्तदर्शनज्ञानवीर्यानन्दचतुष्टयम् ।
संस्मृत्य परमात्मानमनाहतमहःश्रियम् ।।१।।

अनल्पमतिभिः साध्यमल्पधीरपि भक्तितः ।
ब्रुवे विवरणं किञ्चिद्वीतरागस्तवानुगम् ।।२।।

ટીકાર્થ :-

અનંત દર્શન-જ્ઞાન-વીર્ય-આનંદના ચતુષ્ટયવાળા, અનાહત મહિમાની શ્રીવાળા પરમાત્માનું સંસ્મરણ કરીને અનલ્પમતિથી સાધ્ય=મહાબુદ્ધિથી સાધ્ય, અલ્પ બુદ્ધિવાળો પણ હું ભક્તિથી વીતરાગસ્તવને અનુસરનારું કંઈક વિવરણ કહું છું. ।।૧-૨।।

અવતરણિકા :-

इह हि तथाभव्यत्ववैचित्र्यवशप्रशान्तदुरन्तज्ञानावृतितमःसमुल्लसितादद्भुतप्रतिभात्म(त्मा)दर्शसंक्रान्त-समस्तशास्त्रोपनिषद्भिर्निरवधिनयविक्रमप्रसिद्धसिद्धाधिपश्रीजयसिंहदेवप्रणयप्रपञ्चिताभिनवशब्दानु-

शासनैर्विकस्वरविवेकनिस्तन्द्रचौलुक्यचन्द्रपरमार्हतश्रीकुमारपालभूपालमौलिलालितक्रमनखमयूखैः प्रवर्तिताद्-भुतश्रीजिनराजशासनोन्नतिगलहस्तितातिकलुषदुःषमाकालविलसितैरनन्यसामान्यागण्यपुण्यप्रभावभूरिभिः श्रीहेमचन्द्रसूरिभिर्विरचितेषु समस्तस्तुतिरसरहस्यनिस्यन्दपात्रेषु श्रीवीतरागस्तोत्रेषु तावत्प्रथमस्य प्रस्तावना-स्तवस्य पदयोजनामात्रमुपक्रम्यते अत्र च शास्त्रकृतामुद्देशनिर्देशक्रमेणैव शास्त्रविन्यासोऽतः समयपरिपालनाय स्ववदनमात्रतया समस्तस्तवार्थमुद्दिशन् परमात्मानमभिष्टुवन्नाह । यः परात्मेति—

અવતરણિકાર્થ :-

અહીં=સંસારમાં, તથાભવ્યત્વના વૈચિત્ર્યના વશથી પ્રશાંત થયેલા, દુરંત જ્ઞાનના આવૃત્તિરૂપ અંધકારને કારણે=જ્ઞાનાવરણીય કર્મરૂપ અંધકારને કારણે, સમુલ્લસિત અદ્‌ભુત પ્રતિભાવાળા આત્મરૂપી દર્પણમાં સંક્રાંત થયેલા, સમસ્ત શાસ્ત્રના ઉપનિષદવાળા, નિરવધિ નયના=ન્યાયના, વિક્રમથી પ્રસિદ્ધ, સિદ્ધરાજ એવા શ્રી જયસિંહદેવની પ્રીતિથી પ્રપંચિત નવા શબ્દાનુશાસનવાળા, વિકસ્વર વિવેકને કારણે, નિસ્તંદ્ર ચૌલુક્યના ચંદ્ર એવા પરમ આર્હત શ્રીકુમારપાલ ભૂપાલના મુગુટના નમનથી લાલિત થયેલા ચરણના નખમયૂખવાળા, પ્રવર્તિત અદ્‌ભુત શ્રી જિનરાજના શાસનની ઉન્નતિથી દૂર કર્યા છે અતિ કલુષ દુઃષમાકાલીન વિલસિત જેઓએ એવા અનન્યસામાન્ય અગણ્ય પુણ્યના પ્રભાવથી ભૂરિ એવા શ્રી હેમચંદ્રસૂરિથી વિરચિત સમસ્ત સ્તુતિના રહસ્યના પાત્ર એવા વીતરાગ સ્તોત્રમાં પ્રથમ પ્રસ્તાવનાસ્તવની પદયોજનામાત્રનો ઉપક્રમ કરાય છે. અને અહીં=પ્રસ્તુત સ્તવમાં, શાસ્ત્રકારના ઉદ્દેશ-નિર્દેશના ક્રમથી જ=પ્રથમ પ્રકાશમાં ઉદ્દેશ્ય એવા પરમાત્માનું સ્વરૂપ છે ત્યારપછી તે તે સ્વરૂપે નિર્દેશ્ય એવા પરમાત્માનું સ્વરૂપ છે તે ક્રમથી જ, શાસ્ત્રનો વિન્યાસ છે. આથી સમયના પરિપાલન માટે=શિષ્ટના આચારના પરિપાલન માટે, સ્વવદનમાત્રપણાથી સમસ્ત સ્તવના અર્થને ઉદ્દેશ કરતા=સ્વકથનમાત્રપણાથી ભગવાનના સમસ્ત સ્તવન કરવા યોગ્ય અર્થને ઉદ્દેશ કરતા, ગ્રંથકારશ્રી પરમાત્માની સ્તુતિ કરતાં 'यः परात्मा' એ પ્રમાણે કહે છે —

શ્લોક :-

यः परात्मा परंज्योतिः, परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः, परस्तादामनन्ति यम् ।।१/१।।
सर्वे येनोदमूल्यन्त, समूलाः क्लेशपादपाः ।
मूर्ध्ना यस्मै नमस्यन्ति, सुरासुरनरेश्वराः ।।१/२।।
प्रावर्त्तन्त यतो विद्याः, पुरुषार्थप्रसाधिकाः ।
यस्य ज्ञानं भवद्‌भाविभूतभावावभासकृत् ।।१/३।।
यस्मिन्विज्ञानमानन्दं, ब्रह्म चैकाङ्ग(त्म)तां गतं ।

स श्रद्धेयः स च ध्येयः, प्रपद्ये शरणं च तम् ।।१/४।।
तेन स्यां नाथवाँस्तस्मै, स्पृहयेयं समाहितः ।
ततः कृतार्थो भूयासं, भवेयं तस्य किङ्करः ।।१/५।।
तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे, जन्मिनां जन्मनः फलम् ।।१/६।।

શ્લોકાર્થ :-

જે પરાત્મા પરમજ્યોતિ છે, પરમેષ્ઠિઓમાં પરમ છે=શ્રેષ્ઠ છે, આદિત્યના વર્ણ જેવા અને અંધકારથી પર એવા જેમને યોગીઓ માને છે. ।।૧/૧।।

જેમના વડે સર્વ ક્લેશરૂપી વૃક્ષો મૂળ સહિત ઉન્મૂલન કરાયાં છે, જેમને મસ્તકથી સુર-અસુર અને નરના ઈશ્વરો નમસ્કાર કરે છે. ।।૧/૨।।

જેમનાથી પુરુષાર્થને પ્રસાધન કરનારી વિદ્યાઓ પ્રવર્તે છે, જેમનું જ્ઞાન વર્તમાન, ભાવિ અને ભૂતના ભાવોને અવભાસ કરનાર છે. ।।૧/૩।।

જેમનામાં વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મ એકાત્મતાને પામેલ છે, તે=પરમાત્મા, શ્રદ્ધેય છે, તે ધ્યેય છે અને તેમના શરણને હું સ્વીકારું છું. ।।૧/૪।।

તેમનાથી=તે પરમાત્માના શરણથી, હું નાથવાળો થાઉં, સમાધિને પામેલો હું તેમની સ્પૃહા કરું, તેમનાથી=તે પરમાત્માની પ્રાપ્તિથી, હું અત્યંત કૃતાર્થ થાઉં, તેમનો હું કિંકર થાઉં. ।।૧/૫।।

અને, ત્યાં=તે પરમાત્માના સ્વરૂપમાં, સ્તોત્રથી=સ્તુતિથી, પોતાની સરસ્વતીને=જિહ્વાને, હું પવિત્ર કરું, આ જ=પૂર્વમાં વર્ણન કર્યું એવા પરમાત્માની સ્તુતિ કરી એ જ, ભવરૂપી અટવીમાં જન્મીઓના જન્મનું ફલ છે=સંસારમાં જન્મનારા જીવોના જન્મનું સાફલ્ય છે. ।।૧/૬।।

ટીકા :-

अत्राद्यसार्द्धश्लोकत्रयस्य पदानां प्रथमादिसप्तम्यन्तविभक्तिप्रथमवचनान्तानामुत्तरश्लोकद्वयस्य तदन्तैरेव पदैर्यथाक्रमं कर्तृकर्म्मविवक्षया योजनं कार्यम् । तथाहि–परात्मेति विशेष्यं पदम्, अतो यः किल परात्मा परंज्योतिः स श्रद्धेयः यश्च परमेष्ठिनां परमः स ध्येयः, यं चादित्यवर्णं तमसः परस्तादामनन्ति तं शरणं प्रपद्ये येन च समूलाः सकलक्लेशपादपाः समुदमूल्यन्त तेन नाथवान् स्याम्, यस्मै च सुरासुरनरेश्वराः सरभसं नमस्यन्ति तस्मै समाहितः स्पृहयेयम् यतश्च पुरुषार्थप्रसाधिका विद्याः प्रावर्त्तन्त ततः कृतार्थो भूयासम् यस्य च भवद्भाविभूतभावावभासकृद् ज्ञानं तस्य किङ्करो भवेयम्, यस्मिंश्च विज्ञानमानन्दं ब्रह्म चैकात्मतामुपगतं तस्मिन् स्तोत्रेण स्वां सरस्वतीं पवित्रां कुर्यामिति पदानां परस्परसम्बन्धः ।

ટીકાર્થ :-

અત્રાદ્યસાર્દ્ધશ્લોકત્રયસ્ય ..... પરસ્પરસમ્બન્ધઃ ।। અહીં=પ્રસ્તુત સ્તુતિમાં, આદ્ય સાડા ત્રણ શ્લોકનાં પદોની પ્રથમા આદિથી માંડીને સપ્તમ્યંત વિભક્તિ સુધીના પ્રથમા વચનાંતોનું, ઉત્તર શ્લોકદ્વયના તદ્ અંતવાળાં પદો વડે=યદ્ શબ્દથી જેનો ઉલ્લેખ કર્યો તેનો તદ્ શબ્દથી પરામર્શ કરીને તેના અંતવાળાં જ પદો વડે, યથાક્રમ કર્તૃ અને કર્મની વિવક્ષાથી યોજન કરવું. તે યોજના 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે– પરાત્મા એ વિશેષ્ય પદ છે=પ્રસ્તુત શ્લોકમાં વિશેષ્ય પદ છે. આથી, જે ખરેખર પરાત્મા છે, પરંજ્યોતિ છે તે શ્રદ્ધેય છે, અને જે પરમેષ્ઠિઓમાં પરમ છે તે ધ્યેય છે. આદિત્યવર્ણ જેવા અને અંધકારથી પર જેમને યોગીઓ માને છે, તેમના શરણને હું સ્વીકારું છું અને મૂલ સહિત=મિથ્યાત્વરૂપી મૂલ સહિત, સકલક્લેશરૂપી વૃક્ષો=કષાય-નોકષાયરૂપ ક્લેશરૂપી સર્વ વૃક્ષો, જેમના વડે ઉન્મૂલન કરાયાં છે, તેમનાથી હું નાથવાળો થાઉં. અને સુર-અસુર અને નરના ઈશ્વરો સહસા જેમને નમસ્કાર કરે છે, સમાધાનને પામેલો એવો હું=આ ઉત્તમ પુરુષ સ્પૃહા કરવા યોગ્ય છે અન્ય કોઈ નહીં એ પ્રકારે સમાધાન પામેલો એવો હું, તેમની સ્પૃહા કરું છું. અને જેમનાથી પુરુષાર્થને પ્રસાધન કરનારી=હિતાનુકૂળ કરાયેલા પ્રયત્નફળને સમ્યગ્ પ્રાપ્ત કરાવનારી, વિદ્યાઓ પ્રવર્તે છે, તેમનાથી=તે પરમાત્માના વચનરૂપ વિદ્યાઓની પ્રાપ્તિથી, હું કૃતાર્થ થાઉં. અને થતા ભાવો, ભાવિ ભાવો અને ભૂતકાળના ભાવોને અવભાસન કરનારું જેમનું જ્ઞાન છે તેમનો કિંકર=દાસ, હું થાઉં. અને જેમનામાં વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મ એકાત્મતાને પામેલું છે, તેમના વિષયમાં સ્તોત્રથી=સ્તુતિથી, પોતાની સરસ્વતીને=વાણીને, હું પવિત્ર કરું, એ પ્રમાણે પદોનો પરસ્પર સંબંધ છે.

ટીકા :-

साम्प्रतमेतदेव प्रतिपदं व्याख्यायते–

तत्र परश्चासावात्मा च परात्मा, परत्वं चास्य देहात्मान्तरात्मापेक्षम्, यतः कैश्चिदुपयोगलक्षणमनादिनिधनं अपौद्गलिकत्वेन रूपातीतं तथाविधसामग्रीसाकल्यात् शुभाशुभरूपस्य कर्मणः कर्त्तारमुदयप्राप्तस्य तस्यैव च भोक्तारमत एवैतल्लक्षणविलक्षणाद्देहादर्थान्तरभूतमविसंवादिप्रमाणप्रतिष्ठितमप्यात्मतत्त्वं महामोहोपहतमतित्वेनामन्यमानैः पिष्टादिद्रव्ययोगान्मदशक्तिमिवाचेतनमहद्भूतसंपर्काच्चेतनत्वमुद्भाव्य देहस्यैवात्मत्वमुपकल्प्यतेऽतः स देहात्मा यथा च देहातिरिक्तस्यात्मनः सत्प्रमाणप्रतिष्ठितत्वं तथा पुरस्तादष्टमप्रकाशे प्रकाशयिष्यते, अन्तरात्मा च ज्ञानावरणादिकर्मनिर्मथितमाहात्म्यः शरीरी संसारिजीवः, एतयोश्च वक्ष्यमाणविशेषणगणासहत्वेन प्रकृतानुपयोगित्वमतः परशब्दोपादानम्, परात्मा च विगलितसकलकर्म्ममलपटलः सम्यक्सिद्धज्ञानदर्शनानन्दवीर्यलक्षणानन्तचतुष्टयः शिवमचलमपुनर्भवं परमपदमध्यासीनो ज्ञानदर्शनोपयुक्तः केवलात्मैव । साम्प्रतं स एव विशिष्यते, किंविशिष्टः परात्मेत्याह–परं ज्योतिः, अप्रतिपातित्वेन लोकालोकप्रकाशकत्वेन च परं सर्वोत्कृष्टं चित्स्वरूपं ज्योतिर्यस्येति, ज्योतिर्ज्योतिष्मतोरभेदात्स एव परं ज्योतिः, परत्वं चास्य मतिश्रुतावधिमनःपर्यायलक्षणचिदंशचतुष्टयापेक्षं, प्रतिपातित्वेनाल्पविषयत्वेन च मत्यादीनामनी-

दृशत्वात्, यदि वा रवीन्दुविद्युन्मणिप्रमुखे निखिलेऽपि ज्योतिर्वर्गे यः परमुत्कृष्टं ज्योतिरिति स परंज्योतिः यश्चैवंविधः परात्मा स श्रद्धेयः श्रद्धाविषयमवतारणीय इत्युत्तरपदेन योगः । किमुक्तं भवति ? किल यद्यप्यघातितघातिकर्मणां भवस्थितानां परंज्योतीरूपस्यात्मनः साक्षात्करणमनुपपन्नं तथापि प्रक्षीणघातिकर्मणा-मर्हदादीनामध्यक्षे तस्मिंस्तत्प्रत्ययेनैव श्रद्धा विधेयैव, न चानुपकृतपरानुग्रहकृतां क्षीणरागद्वेषमोहानामर्हदादीनां वितथवादित्वमतः किमश्रद्धेयं परमात्मनः, पुनः परमरहस्यभूतं परमात्मानमेव विशिनष्टि । परमः परमेष्ठिनाम्, परमे चिदानन्दरूपे ब्रह्मणि तिष्ठन्तीति परमेष्ठिनस्ते चार्हदाचार्योपाध्यायसाधव एव, तेषां मध्ये परमः प्रकृष्टः सिद्धरूपो यः परमेष्ठी, अर्हदादिपरमेष्ठिचतुष्टयस्य चामुक्तावस्थामधिकृत्य सिद्धस्य पञ्चमपरमेष्ठिनः परमत्वम्, मुक्तास्तु सर्वेऽप्येकरूपा एव स चैवंविधः परमात्मा भगवांस्तदे-कतानमनोभिर्ध्येयस्तत्स्वरूपाप्तये सततमनुस्मरणीय इति उत्तरपदेन सम्बन्धः ।

ટીકાર્થ :-

साम्प्रतमेतदेव ..... सम्बन्धः ।। હવે, આને જ=પૂર્વમાં કરાયેલી સ્તુતિને જ, પ્રતિપદ=દરેક પદોને આશ્રયીને, વ્યાખ્યાન કરાય છે. ત્યાં='પરાત્મા' શબ્દમાં, પર એવો આ આત્મા પરાત્મા છે અને આનું=આત્માનું=વીતરાગના આત્માનું, પરપણું=પ્રકૃષ્ટપણું, દેહાત્મા અને અંતરાત્માની અપેક્ષાએ છે. જે કારણથી કેટલાક વડે દેહનું આત્મત્વ કલ્પાય છે, એમ આગળ અન્વય છે.

કેવા આત્માને દેહરૂપે જ માને છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ઉપયોગ લક્ષણવાળું, અનાદિનિધન=અનાદિઅનંત, અપૌદ્ગલિકપણું હોવાને કારણે રૂપાતીત તેવા પ્રકારની સામગ્રીના સાકલ્યથી=કર્મબંધને અનુકૂળ જે જે પ્રકારની અંતરંગ અને બહિરંગ સામગ્રી આવશ્યક છે તેવા પ્રકારના સામગ્રીના સાકલ્યથી, શુભાશુભરૂપ કર્મના કર્તા અને ઉદય પ્રાપ્ત એવા તે જ કર્મના ભોક્તા એવા આત્માને, આથી જ=આવા લક્ષણવાળા આત્મા છે આથી જ, આવા લક્ષણથી વિલક્ષણ એવા દેહથી અર્થાંતરભૂત અવિસંવાદી પ્રમાણથી પ્રતિષ્ઠિત=દેહથી અતિરિક્ત આત્માને સ્વીકારનાર યથાર્થ પ્રમાણથી પ્રતિષ્ઠિત, પણ આત્મતત્ત્વને મહામોહથી ઉપહત મતિપણાને કારણે નહીં માનનારા એવા કેટલાક વડે પિષ્ટાદિ દ્રવ્યના યોગથી મદશક્તિની જેમ અચેતન એવા મહદ્ભૂતના સંપર્કથી ચેતનપણું ઉદ્ભાવન કરીને દેહનું જ આત્મપણું કલ્પાય છે. આથી, તે દેહાત્મા છે=જેઓ દેહને જ આત્મા સ્વીકારે છે તેઓ દેહાત્મા છે=ગાઢ મિથ્યાત્વ અવસ્થામાં જે જીવો કુવિકલ્પોથી દેહને આત્મા સ્વીકારે છે. અથવા કોઈ વિકલ્પ કર્યા વગર પણ મૂઢતાથી દેહ સ્વરૂપ જ હું છું તેવી બુદ્ધિ ધારણ કરીને માત્ર દેહજન્ય સુખમાં સુખબુદ્ધિ અને દેહની પ્રતિકૂલતામાં દુઃખબુદ્ધિ ધારણ કરે છે, પરંતુ કષાયથી આકુળ દેહથી ભિન્ન દુઃખી આત્મા છે અને કષાયોથી અનાકુળ દેહથી ભિન્ન સુખી આત્મા છે તેનો વિચાર કરતા નથી તેઓ બહિરાત્મા છે અર્થાત્ દેહાત્મા છે. અને જે પ્રમાણે દેહથી અતિરિક્ત આત્માનું સત્પ્રમાણ પ્રતિષ્ઠિત છે તે પ્રમાણે આગળમાં આઠમા પ્રકાશમાં પ્રકાશન કરાશે. અને જ્ઞાનાવરણીયાદિ કર્મોથી નિર્મથિત માહાત્મ્યવાળો=જ્ઞાનાવરણીય, મોહનીય

આદિ ઘાતિકર્મોના વિપાકથી હણાયેલા માહાત્મ્યવાળો, શરીરી=શરીરધારી, સંસારી જીવ અંતરાત્મા છે=જેઓ સૂક્ષ્મપ્રજ્ઞાથી દેહ અંતર્વર્તી રહેલા અને ઘાતિકર્મોથી હણાયેલી શક્તિવાળા આત્માના સ્વરૂપને જોનારા છે અને ઘાતિકર્મોથી હણાયેલી શક્તિવાળા આત્માના સ્વરૂપને સ્વપરાક્રમથી પ્રગટ કરવાના અર્થી છે તેવા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો યાવદ્ બારમા ગુણસ્થાનક સુધીના જીવો અંતરાત્મા છે. અને આ બેનું=અંતરાત્મા અને બહિરાત્માનું, વક્ષ્યમાણ વિશેષણના સમૂહનું અસહપણું હોવાને કારણે=શ્લોકમાં જે પરાત્માનાં પરંજ્યોતિ આદિ વિશેષણો આપ્યાં છે તે વિશેષણોનો સમૂહ બહિરાત્મામાં અને અંતરાત્મામાં નહીં હોવાને કારણે, પ્રકૃતમાં=પ્રકૃત સ્તુતિમાં, તે બંને આત્માનું અનુપયોગીપણું છે. આથી 'પર' શબ્દનું ઉપાદાન છે=માત્ર આત્મા ન કહેતાં 'પરાત્મા' કહેલ છે, જેથી તે બંને આત્માનો વ્યવચ્છેદ થાય છે. અને પરાત્મા વિગલિત સકલ કર્મમલના પટલવાળા અને સમ્યક્ સિદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય લક્ષણ અનંત ચતુષ્ટયવાળા, શિવ=સુખરૂપ, અચલ=સ્થિર, અપુનર્ભવ=ફરી ઉત્પન્ન ન થાય તેવા, પરમ પદમાં વસનારા જ્ઞાન-દર્શનમાં ઉપયુક્ત કેવલ આત્મા જ છે. હવે તે જ=પરાત્મા જ, વિશેષ બતાવાય છે.

કેવા વિશિષ્ટ પરાત્મા છે ? એથી કહે છે –

પરંજ્યોતિ છે=પ્રકૃષ્ટ જ્યોતિ છે. અપ્રતિપાતિપણાને કારણે અને લોકાલોકપ્રકાશકપણાને કારણે, પર=સર્વોત્કૃષ્ટ, ચિત્ સ્વરૂપ જ્યોતિ છે જેમને એ પરંજ્યોતિ છે, જ્યોતિ અને જ્યોતિષ્માન્નો અભેદ હોવાથી તે જ=પરાત્મા જ, પરંજ્યોતિ છે. અને આમનું=પરાત્માની જ્યોતિનું, પરપણું મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય લક્ષણ ચિત્ અંશ ચતુષ્ટયની અપેક્ષાએ છે; કેમ કે પ્રતિપાતિપણાને કારણે અને અલ્પવિષયપણાને કારણે મત્યાદિ જ્ઞાનોનું અનીદૃશપણું છે=પ્રકૃષ્ટ જ્યોતિપણું નથી. અથવા રવિ=સૂર્ય, ઇન્દુ=ચંદ્ર, વિદ્યુત્=વીજળી, મણિ વગેરે સર્વ પણ જ્યોતિષ વર્ગમાં જે પર=ઉત્કૃષ્ટ, જ્યોતિ છે તે પરંજ્યોતિ છે. જે આવા પ્રકારના પરાત્મા છે તે શ્રદ્ધેય છે=શ્રદ્ધાના વિષયમાં અવતારણીય છે, એ પ્રમાણે ઉત્તરપદની સાથે યોગ છે=સંબંધ છે.

શું કહેવાયેલું થાય છે ?=ભગવાન શ્રદ્ધેય છે એમ કહેવા દ્વારા શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે–

ખરેખર જોકે અઘાતિત ઘાતિકર્મોવાળા ભવમાં રહેલા જીવોને પરંજ્યોતિરૂપ આત્માનું સાક્ષાત્ કરણ અનુપપન્ન છે તોપણ પ્રક્ષીણ ઘાતિકર્મોવાળા અરિહંતાદિના અધ્યક્ષ એવા તેમાં=પ્રત્યક્ષ એવા કેવળજ્ઞાનમાં, તત્ પ્રત્યયપણાથી જ=પરમજ્યોતિ એ પ્રકારના નિર્ણયપણાથી શ્રદ્ધા કરવી જ જોઈએ. અને અનુપકૃત પર અનુગ્રહ કરનારા, ક્ષીણ રાગ-દ્વેષ-મોહવાળા અરિહંતાદિનું વિતથવાદીપણું નથી. આથી, પરમાત્માનું અશ્રદ્ધેય શું છે ? અર્થાત્ કોઈ અશ્રદ્ધેય નથી. ફરી, પરમરહસ્યભૂત પરમાત્માને જ વિશેષ રૂપે બતાવે છે– પરમેષ્ઠિઓમાં પરમ છે. ચિદાનંદરૂપ પરમ એવા બ્રહ્મમાં રહે છે એ પરમેષ્ઠિ અને તે અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ જ છે. તેઓમાં પરમ પ્રકૃષ્ટ સિદ્ધરૂપ જે પરમેષ્ઠિ અને અર્હદ્ આદિ પરમેષ્ઠિ ચતુષ્ટયની અમુક્તતા અવસ્થાને આશ્રયીને પાંચમા પરમેષ્ઠિ

એવા સિદ્ધનું પરપણું છે. વળી સર્વમુક્તો એકરૂપ જ છે. તેથી, પરમેષ્ઠિ શબ્દથી સર્વસિદ્ધોનો સંગ્રહ છે. અને તે આવા પ્રકારના પરમાત્મા ભગવાન તદ્એકતાન મનો વડે=તેવા પરમાત્માના પારમાર્થિક સ્વરૂપને મતિજ્ઞાન વડે ઉપસ્થિત કરીને તેમાં ચિત્તની એકતાનતા આવે તે પ્રકારના દૃઢ ઉપયોગ વડે, ધ્યેય છે=તત્ સ્વરૂપની પ્રાપ્તિ માટે સતત અનુસ્મરણીય છે, એ પ્રકારે ઉત્તર પદની સાથે સંબંધ છે.

ટીકા :-

પ્રથમાન્તં પદમભિધાય દ્વિતીયાન્તમાહ—

यं च परमात्मानमणिमाद्यष्टमहासिद्धिप्रसिद्धमहसो मुनयोऽप्यामनन्ति=तत्स्वरूपोपलब्धये संततमभ्यस्यन्ति, किम्भूतम् ? तमसः परस्ताद् वर्त्तमानम्, तमांसि निकाचितानि कर्माणि, विमलकेवलालोकेन च तेषां पारे प्रतिष्ठितं सत्त्वरजस्तमोलक्षणगुणत्रयातीतमित्यर्थः । तमहमेवंरूपं परमात्मानं दुर्वारान्तरारिपरित्याजितात्मशक्तिः शरणं प्रपद्ये इत्युत्तरेण योगः, पुनः किंविशिष्टम् ? आदित्यवर्णं, आदित्यस्य प्रभापतेरिव वर्णः शोभा यस्य स तथा तम् ।

अत्राह परः-ननु परिमितक्षेत्रमात्रप्रकाशनमहसा मिहिरेण लोकालोकप्रकाशनप्रवणपरमज्योतीरूपस्य परमात्मनः साम्यमनुपपन्नम् ।

तथा चागमः—

'चंदाइच्चगहाणं पहा पयासेइ परिमियं खेत्तं ।
केवलियनाणलंभो लोयालोयं पयासेइ ।।' इति ।

आचार्यः-साधु भो सहृदय ! हृदयंगममभिदधासि, केवलं सकलेऽपि कलावत्प्रमुखे तेजस्विवर्गे विगणयद्भिरस्माभिर्भानोरेव किमपि तदुपमानलवलाभसम्भावनास्पदत्वमुपलब्धमित्यादित्यवर्णमित्यभिहितं, तत्त्वतस्तु सुमेरुपरमाण्वोरिव महदन्तरं परमात्मद्वादशात्ममहसोरिति । आदित्योऽपि निरस्ततमस्त्वेन तमसः परस्ताद् भवति ।

ટીકાર્થ :-

પ્રથમાન્તં ..... ભવતિ ।। પ્રથમાંત પદને કહીને દ્વિતીયાંત પદને કહે છે— અને જેમને=પરમાત્માને, અણિમાદિ અષ્ટમહાસિદ્ધિના પ્રસિદ્ધ મહિમાવાળા મુનિઓ પણ માને છે=તેના સ્વરૂપની ઉપલબ્ધિ માટે સતત અભ્યાસ કરે છે.

કેવા પ્રકારના તે પરમાત્માને માને છે ? એથી કહે છે –

અંધકારથી પર વર્તમાન એવા પરમાત્માને માને છે એમ અન્વય છે. તમ જેવાં નિકાચિતકર્મો છે અને નિર્મળ એવા કેવલજ્ઞાનથી તેના પારમાં=નિકાચિતકર્મોના પારમાં, પ્રતિષ્ઠિત=સત્ત્વ, રજસ્, તમો લક્ષણ ગુણત્રયથી અતીત=રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપ મલિન અવસ્થા સ્વરૂપ ગુણત્રયથી

અતીત, એવા પરમાત્માને, મુનિઓ માને છે એમ અન્વય છે. તે આવા સ્વરૂપવાળા પરમાત્માને, દુઃખે કરીને વારણ કરી શકાય તેવા અંતર અરિ=શત્રુ, તેનાથી પરિત્યાજિત આત્મશક્તિવાળો એવો હું શરણું સ્વીકારું છું, એ પ્રમાણે ઉત્તરની સાથે યોગ છે. ફરી, કેવા વિશિષ્ટ છે ?=પરમાત્મા કેવા વિશિષ્ટ છે ? આદિત્યના વર્ણ જેવા છે=આદિત્યનો અર્થાત્ પ્રભાપતિના જેવા વર્ણ અર્થાત્ શોભા છે જેમને તે તેવા છે=આદિત્યવર્ણ છે. તેનું હું શરણું સ્વીકારું છું એમ અન્વય છે. અહીં=ભગવાનને આદિત્યવર્ણ વિશેષણ આપ્યું એમાં, પર શંકા કરે છે– પરિમિત ક્ષેત્ર માત્ર પ્રકાશન તેજવાળા મિહિરની સાથે=સૂર્યની સાથે, લોકાલોક પ્રકાશનમાં પ્રવણ અર્થાત્ સમર્થ એવા પરમજ્યોતિરૂપ પરમાત્માનું સામ્ય અનુપપન્ન છે. અને તે પ્રમાણે આગમ છે=સૂર્યની સાથે પરમાત્માનું સામ્ય નથી તે પ્રમાણે આગમ છે– "चंद्र-आदित्य-ग्रहोनी=चंद्र-सूर्य-ग्रहोनी, प्रभा परिमित क्षेत्रने प्रकाशित करे छे, ज्यारे केवलीना ज्ञाननो लंभ=केवलीना ज्ञानની પ્રાપ્તિ, લોકાલોકને પ્રકાશન કરે છે." **इति शब्द शंकानी समाप्तिमां छे.** આચાર્ય કહે છે– હે સહૃદય શિષ્ય ! હૃદયંગમ સુંદર=હૈયાને ગમે તેવું સુંદર, તું કહે છે. ફક્ત સકલ પણ કલાવાળા પ્રમુખ તેજસ્વી વર્ગમાં ગણના કરતા એવા મારા વડે=ભગવાનના જ્ઞાનને ગણના કરતા એવા મારા વડે, ભાનુની જ કંઈ પણ તેના ઉપમાનલવના લાભની સંભાવના આસ્પદપણું= સ્થાનપણું, પ્રાપ્ત કરાયું, એથી સૂર્ય જેવા એ પ્રમાણે કહેવાયું. વળી તત્ત્વથી=પરમાર્થથી, સુમેરુ અને પરમાણુની જેમ દ્વાદશાત્મ એવા પરમાત્મા અને સૂર્યનું મહદ્ અંતર છે=બાર ગુણોવાળા પરમાત્મા અને સૂર્યનું મોટું અંતર છે. આદિત્ય પણ નિરસ્તતમસપણાને કારણે અંધકારથી પર થાય છે, તેથી ભગવાન અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને કેવલજ્ઞાનના પ્રકાશવાળા છે અને અન્ય કોઈ ઉપમા નહીં હોવાથી સૂર્ય જેવા છે તેમ કહેલ છે.

ટીકા :-

तृतीयान्तं पदमाह–

येन च भगवता परमात्मना क्लेशपादपाः सर्वेऽप्युदमूल्यन्त, 'अविद्याऽस्मितारागद्वेषाभिनिवेशाः क्लेशाः ।', **तत्र** 'अनित्याशुचिदुःखानात्मसु मिथ्याज्ञानमविद्या ।', 'दुर्धराहंकारवशात्सर्वत्राऽस्मीतिभावोऽस्मिता ।', 'मनोज्ञेषु शब्दादिष्वात्मनो गाढाभिष्वंगो रागः ।', 'तेष्वेवामनोज्ञेषु भृशमप्रीतिविशेषो द्वेषः ।', 'अतत्त्वेऽपीदमित्थमेवेत्येकान्ताग्रहग्रहिलताऽभिनिवेशः ।' **उपलक्षणं चैतदन्यासामपि घातिकर्मोत्तरप्रकृतीनाम् एते च संसृत्यामात्मनोऽनादिसंबन्धवशाद् बद्धमूलाः, प्रदर्शिततत्तद्विकारप्ररोहसंहतयः, स्फुरदाध्यात्मिकाधिभौतिकाधिदैविकवेदनोदयप्रसूनसंततयः, प्रकाशितामुष्मिकदुर्गदुर्गतिदुःखफलपटलाः, पादपा इव पादपाः ते च संगत्यागा-दाकेवलोत्पत्ति त्रिजगदप्रतिमल्लहस्तिमल्लेन येन भगवता दुस्तपतपोंदोलनेन चलाचलतामापाद्य शुक्ल-ध्यानसमुद्दंडशुंडाग्रेडनेन समूलाः सहेलमुन्मूलितास्तेन त्रिजगन्नाथेनाहमपि नाथवान् स्यां=भवेयमित्युत्तरेण योगः, येनासौ ममालब्धानां ज्ञानादिगुणानां लंभनेन तेषामेव च लब्धानां परिपालनात्ताननुगृह्णाति ।**

ટીકાર્થ :-

તૃતીયાન્તં ..... ગૃહ્ણાતિ ।। તૃતીયાંત પદને કહે છે– અને જેમના વડે=જે ભગવાન પરમાત્મા વડે, સર્વ પણ ક્લેશરૂપી વૃક્ષો ઉન્મૂલન કરાયાં છે. ક્લેશો બતાવે છે– "અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ ક્લેશો છે. **ત્યાં=પાંચ પ્રકારના ક્લેશોમાં,** "અનિત્યમાં, અશુચિમાં, દુઃખરૂપમાં, અને અનાત્મમાં મિથ્યાજ્ઞાન=નિત્યત્વાદીનું જ્ઞાન, અવિદ્યા છે." "દુર્ધર અહંકારના વશથી સર્વત્ર 'અસ્મિ' એ પ્રકારનો ભાવ અસ્મિતા છે=ધન, વૈભવ, આદિ બાહ્યસામગ્રીની પ્રાપ્તિમાં અહંકાર થવાને કારણે હું ધનવાન છું, હું બુદ્ધિમાન છું ઇત્યાદિનો ભાવ અસ્મિતા છે." "મનોજ્ઞ શબ્દાદિમાં આત્માનો ગાઢ અભિષ્વંગ રાગ છે." "અમનોજ્ઞ એવા તેઓમાં જ=શબ્દાદિ વિષયોમાં જ, અત્યંત અપ્રીતિવિશેષ દ્વેષ છે." "અતત્ત્વમાં પણ આ આમ જ છે=પોતાની તુચ્છ બુદ્ધિ જેમ સ્વીકારે તેમ જ છે, એ પ્રકારના એકાંત આગ્રહની ગ્રહિલતા અભિનિવેશ છે". **અને આ=પાંચ પ્રકારના ક્લેશો બતાવ્યા એ અન્ય પણ ઘાતિકર્મોની ઉત્તરપ્રકૃતિઓનું ઉપલક્ષણ છે. અને આ=પૂર્વમાં બતાવેલ પાંચ ક્લેશો અને અન્ય ઘાતિકર્મોની પ્રકૃતિઓ, સંસૃતિમાં=સંસારમાં, આત્માનો અનાદિ સંબંધ હોવાને કારણે બદ્ધમૂલવાળાં=સંસારમાં આ ક્લેશો સાથે આત્માનો અનાદિનો સંબંધ હોવાને કારણે બદ્ધમૂલવાળાં, વૃક્ષો છે=ક્લેશોનું મૂલ આત્મામાં અત્યંત સ્થિર રહેલું છે તેથી બદ્ધમૂલવાળાં વૃક્ષો છે, પ્રદર્શિત કરેલા તે તે વિકારોના પ્રરોહની સંહતિવાળાં છે=ક્લેશરૂપી વૃક્ષો બદ્ધમૂલવાળાં છે અને તે તે કર્મના વિકારોના પ્રરોહના સમૂહવાળાં છે. સ્ફુરાયમાન થતા આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક વેદનાના ઉદયરૂપ અંકુરોની સંતતિવાળાં છે=સંસારી જીવોમાં માનસિક વેદનારૂપ આધ્યાત્મિક વેદના, શારીરિક વેદનારૂપ આધિભૌતિક વેદના અને અન્યકૃત વેદનાઓરૂપ આધિદૈવિક વેદનાના સતત અનુભવ કરનારા છે તેવી સંતતિવાળાં ક્લેશરૂપી વૃક્ષો છે. પ્રકાશિત કર્યા છે પારલૌકિક દુર્ગ-દુર્ગતિના દુઃખરૂપ ફલના પટલો જેણે એવા ક્લેશરૂપી વૃક્ષો છે અર્થાત્ ક્લેશરૂપી વૃક્ષોને કારણે જીવને પરલોકમાં દુર્ગતિની પ્રાપ્તિમાં દુઃખરૂપ ફળો પ્રાપ્ત થાય છે તેવાં ક્લેશવૃક્ષો વૃક્ષોના જેવા વૃક્ષો છે. અને તે=ક્લેશરૂપી વૃક્ષો, સંગત્યાગથી આ કેવલ ઉત્પત્તિ સુધી ત્રણ જગતના અપ્રતિમલ્લ હસ્તિમલ્લ એવા જે ભગવાન વડે=ત્રણ જગતમાં જેનો પ્રતિમલ્લ નથી એવા શ્રેષ્ઠ હસ્તિમલ્લ એવા જે ભગવાન વડે, દુસ્તપ તપોના દોલનથી ચલાચલતાને આપાદન કરીને=તે ક્લેશરૂપી વૃક્ષને ઘોર તપ દ્વારા ધુનન કરવા દ્વારા ચલાચલતાને પ્રાપ્ત કરીને, શુકલધ્યાનરૂપી સમુદ્ગંડ-શુંડાના મ્રેડનથી=જેમ હાથી સૂંઢને ઊંચી કરીને વૃક્ષને ચારે બાજુ વીંટાળીને ઉખેડે તેમ ભગવાનરૂપી હાથીએ શુક્લધ્યાનરૂપી સૂંઢ વડે ક્લેશરૂપી વૃક્ષોનું આમ્રેડન કરવાથી, મૂલ સહિત સહેલ ઉન્મૂલન કરાયાં=અલ્પ પ્રયાસથી ઉન્મૂલન કરાયાં. તેવા ત્રણ જગતના નાથ વડે હું પણ નાથવાળો થાઉં, જેના કારણે આ=ભગવાન, અલબ્ધ એવા જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ દ્વારા અને લબ્ધ એવા તેના જ પરિપાલન દ્વારા=પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ ગુણોના પરિપાલન દ્વારા, મને અનુગ્રહ કરે=જ્ઞાનાદિ ગુણોનો અનુગ્રહ કરે.**

ટીકા :-

चतुर्थ्यन्तं पदमाह–

मूर्ध्ना यस्मै नमस्यन्ति सुरासुरनरेश्वराः=यस्मै समूलोन्मूलितक्लेशपादपाय भगवते सुरासुरनरेश्वरा देवदानवमानवपतयः सकलक्लेशजालोच्छित्तिनिमित्तं मूर्ध्ना उत्तमाङ्गेन सरभसं नमस्यन्ति, तस्मै त्रिभुवन-सनातनगुरवे समाहितस्तदेकतानमानसोऽहमपि स्पृहयेयं, प्रणामादिनिमित्तं स्पृहामावहामीत्युत्तरेण सम्बन्धः । इदमुक्तं भवति—किल यद्यपि सुरासुरेश्वरादिवत् प्रत्यक्षार्हत्प्रणामादिसामग्री दुःषमासमयसमुद्भूतस्य ममासंभविनी तथापि मनोरथानामगतिर्न विद्यते इति न्यायात् स्पृहामात्रमपि तावद्धारयामि येन सदभ्यस्ततया भवान्तरेऽपि संस्कारोऽयमनुवर्त्तत इति ।

ટીકાર્થ :-

चतुर्थ्यन्तं ..... यमनुवर्त्तत इति ।। ચતુર્થ્યંત પદને કહે છે— મસ્તકથી જેમને સુર-અસુર અને નરના ઇંદ્રો નમસ્કાર કરે છે=સમૂલ ઉન્મૂલિત ક્લેશપાદપવાળા જે ભગવાનને સુર-અસુર-નરના ઈશ્વરો=દેવ, દાનવ અને માનવના પતિઓ, સકલક્લેશજાલના ઉચ્છિત્તિના નિમિત્તે=પોતાનામાં વર્તતા બધા ક્લેશના સમૂહના ઉચ્છેદના નિમિત્તે મસ્તકથી સરભસં=જોતાની સાથે સહસા, નમસ્કાર કરે છે, તે ત્રિભુવન સનાતનગુરુને=ત્રણ ભુવનના સદા માટે ગુરુ એવા તે ભગવાનને, સમાધાન પામેલ એવો=તેમની સાથે એકતાન માનસવાળો એવો, હું પણ સ્પૃહા કરું છું અર્થાત્ તેમને નમસ્કાર કરીને તેમની જેમ સકલક્લેશજાલના ઉચ્છેદની સ્પૃહા કરું છું. પ્રણામ આદિ નિમિત્તની સ્પૃહાને હું ધારણ કરું છું, એ પ્રમાણે ઉત્તરની સાથે સંબંધ છે. આ કહેવાયેલું થાય છે, જોકે સુર-અસુરના ઇંદ્રો આદિની જેમ પ્રત્યક્ષ અરિહંતના પ્રમાણ આદિની સામગ્રી દુઃષમા સમયમાં ઉત્પન્ન થયેલા એવા મને અસંભવી છે તોપણ "મનોરથોની અગતિ વિદ્યમાન નથી=મનોરથો થઈ શકે છે" એ પ્રકારના ન્યાયથી, સ્પૃહામાત્રને પણ હું ધારણ કરું છું. જેથી સદ્અભ્યસ્તપણાને કારણે=ભગવાનના નમસ્કારની સ્પૃહાના અત્યંત અભ્યાસના સંસ્કારો પડવાને કારણે, ભવાંતરમાં આ સંસ્કાર અનુવર્તન પામે છે.

ટીકા :-

पञ्चम्यन्तं पदमाह—

प्रावर्त्तन्त यतो विद्याः पुरुषार्थप्रसाधिकाः । यतो=यस्मात्सर्वविदः परमपुरुषात्पुरुषार्थानां धर्मार्थकाममोक्ष-लक्षणानां प्रसाधिकास्तदुपायोपदर्शिन्यो विद्याः शब्दविद्यादिकाः प्रावर्त्तन्त=प्रादुरासन्, यतो द्वादशाङ्गी-मूलनीवीमुत्पादादित्रिपदीं तदुचितेषु भगवान् स्वयमुदीरयति न च द्वादशाङ्गीव्यतिरिक्तमन्यदपि विद्याङ्गम-स्तीत्यतः समस्तविद्यानां भगवानेव प्रभवः, अत एव ततस्तस्मात्परमपुरुषानुध्यानादहमपि पुमर्थोपलब्ध्या कृतार्थः कृतकृत्यो भूयासमित्युत्तरेण योगः पुरुषार्थोपायोपलब्ध्या च कृतकृत्यता समीचीनैवेति ।

ટીકાર્થ :-

पञ्चम्यन्तं ..... समीचीनैवेति ।। પંચમ્યંત પદને કહે છે— જેનાથી પુરુષાર્થને પ્રસાધન કરનારી વિદ્યાઓ પ્રવર્તે છે=જે સર્વવિદ પરમપુરુષથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ પુરુષાર્થોની પ્રસાધનને

કરનારી=સુખનાં કારણ બને તેવા ચારેય પુરુષાર્થોને પ્રગટ કરનારી=તેમના ઉપાયને બતાવનારી, શબ્દવિદ્યાદિક વિદ્યાઓ પ્રાદુર્ભાવ થઈ. જે કારણથી દ્વાદશાંગીના મૂલ નીવીરૂપ=દ્વાદશાંગીના મૂલ નીકરૂપ, ઉત્પાદ આદિ ત્રિપદીને તેમના ઉચિત એવા ગણધરોમાં ભગવાને સ્વયં ઉદીરણા કરી છે. અને દ્વાદશાંગી વ્યતિરિક્ત અન્ય પણ વિદ્યાનું અંગ નથી. આથી સમસ્તવિદ્યાઓનો પ્રભવ ભગવાન જ છે. આથી જ=ભગવાન બધી વિદ્યાના પ્રભવ છે આથી જ, તે પરમપુરુષના અનુધ્યાનથી હું પણ પુમર્થની ઉપલબ્ધિથી=ચારેય પ્રકારના પુરુષાર્થનો મારો પ્રયત્ન સુખનું કારણ બને તે પ્રકારની પ્રાપ્તિથી, કૃતાર્થ થાઉં=કૃતકૃત્ય થાઉં. એ પ્રમાણે ઉત્તર સાથે સંબંધ છે. અને પુરુષાર્થના ઉપાયની ઉપલબ્ધિથી કૃતકૃત્યતા સમીચીન જ છે. અર્થાત્ તત્ત્વથી તો પુરુષાર્થની ઉપલબ્ધિથી કૃતકૃત્યતા છે તોપણ પુરુષાર્થનો ઉપાય ભગવાનના વચનથી પ્રાપ્ત થયેલો છે. તેનાથી અલ્પકાળમાં કૃતકૃત્યતા થશે, માટે પુરુષાર્થના ઉપાયની પ્રાપ્તિથી પણ હું કૃતાર્થ છું એમ કહેવું પણ સમીચીન=યથાર્થ જ છે.

ટીકા :-

षष्ठ्यन्तं पदमाह—

यस्य ज्ञानं भवद्भाविभूतभावावभासकृत् । यस्य भगवतः परमात्मनो घातिकर्म्मणामात्यन्तिकक्षयादुत्पन्नं ज्ञानं देशकालस्वभावविप्रकर्षैरनन्तरितमत एव भवद्भाविभूतभावावभासकृद् वर्त्तमानानागतातीतपदार्थसार्थ-प्रकटनपटिष्ठम्, तस्यैवम्भूतस्याहं किङ्करो भवेयमित्युत्तरेण योगः । अत्रायमाशयः—किलास्मिन् जगति यस्य विसंवादित्वेनानैकान्तिकोऽष्टाङ्गनिमित्तमात्रावभासनपरो ज्ञानांशः स्यात् सोऽपि तदर्थिभिः प्रेष्यैरिव प्रतिक्षणमुपास्यते यस्य च भगवतः प्रागुपवर्णितस्वरूपं ज्ञानं तस्य किङ्करत्वमनुत्तरसुरा अपि कुर्युः, किमङ्ग मादृशोऽङ्गभागिति ।

❖ 'यस्य विसंवादित्वेन' છે ત્યાં 'यस्य अविसंवादित्वेन' જોઈએ અને 'अनैकान्तिको' છે ત્યાં 'एकान्तिको' જોઈએ.

ટીકાર્થ :-

षष्ठ्यन्तं ..... मादृशोऽङ्गभागिति ।। ષષ્ઠ્યંતવાળા પદને કહે છે— જેમનું જ્ઞાન વર્તમાનના, ભાવિના અને ભૂતના ભાવોને અવભાસ કરનારું છે=જે ભગવાન પરમાત્માનાં ઘાતિકર્મોનો આત્યંતિક ક્ષય થયેલો હોવાને કારણે ઉત્પન્ન થયેલું જ્ઞાન દેશ, કાલ, સ્વભાવ અને વિપ્રકર્ષથી અનંતરિત છે=છદ્મસ્થોનું જ્ઞાન દેશથી અંતરિત=વ્યાઘાત પામેલ, આચ્છાદન પામેલ છે. આથી દૂરદેશની વસ્તુ જાણી શકતા નથી. કાલથી અંતરિત છે તેથી દૂરવર્તીના ભૂતકાળ કે ભવિષ્યકાળને જાણી શકતા નથી. સ્વભાવથી અંતરિત છે આથી પરમાણુ આદિ સૂક્ષ્મભાવોને જાણી શકતા નથી અને વિપ્રકર્ષથી=અત્યંત સૂક્ષ્મપણાને કારણે અંતરિત છે, આથી જાણી શકતા નથી અને ભગવાનનું કેવલજ્ઞાન દેશ, કાળ, સ્વભાવ અને વિપ્રકર્ષથી અનંતરિત હોવાને કારણે સર્વ જ્ઞેય માત્રનું પ્રકાશન કરે છે. આથી જ વર્તમાન, ભાવિ અને ભૂતના ભાવને અવભાસને કરનાર છે=વર્તમાન, અનાગત અને અતીત પદાર્થોના સમૂહને પ્રગટ કરવામાં પટિષ્ઠ છે. આવા પ્રકારના તેમનો હું કિંકર થાઉં એ

પ્રમાણે ઉત્તરની સાથે યોગ છે. અહીં આ આશય છે. આ જગતમાં જેને અવિસંવાદિપણાથી એકાંતિક અષ્ટાંગ નિમિત્ત માત્ર અવભાસનપર=બોધ કરાવવામાં તત્પર, એવું જ્ઞાનાંશ થાય તે પણ તેના અર્થી વડે પ્રેષ્યની જેમ પ્રતિક્ષણ ઉપાસના કરાય છે. (જેમ અષ્ટાંગ નિમિત્તને જાણનાર ગૌશાળાનો ભક્તવર્ગ વિપુલપ્રમાણ હતો) અને જે ભગવાનને પૂર્વમાં વર્ણન કરાયેલા સ્વરૂપનું જ્ઞાન છે તેમનું કિંકરપણું અનુત્તરદેવો પણ કરે છે, તો મારા જેવા દેહને ધારણ કરનારા જીવનું શું કહેવું ? અર્થાત્ મારા જેવા દેહને ધારણ કરનારા અવશ્ય એવા ભગવાનનું કિંકરપણું સ્વીકારે.

ટીકા :-

सप्तम्यन्तं पदमाह–

यस्मिन् विज्ञानमानन्दं ब्रह्म चैकाङ्ग(त्म)तां गतम् यस्मिंश्च भगवति परमपरमेष्ठिनि विज्ञानमानन्दं ब्रह्म चैकात्मतां गतम्, तत्र मत्यादिज्ञानेभ्यः क्षायिकत्वेनाप्रतिपातित्वेनानन्तद्रव्यपर्यायगोचरत्वेन च विशिष्टं केवलालोकलक्षणं ज्ञानं विज्ञानम्, आनन्दं चात्मनः कदाप्यलब्धपूर्वस्वस्वरूपलाभसमुद्भवमितरकारणकलाप-निरपेक्षमनुपाधिमधुरमक्षयमात्यन्तिकं सुखमेव, ब्रह्म च परमं पदं, यदा च भवोपग्राहिकर्मपारवश्यादद्यापि भवस्थः केवली भवति तदास्मिन् भगवति केवलिनि विज्ञानमानन्दं च वर्त्तते अयं च परमपदं गमिष्यतीत्यात्म-विज्ञानानन्दब्रह्मणां मिथः पृथग्भावः स्यादेव । शैलेश्यनन्तरं च सकलकर्मांशप्रक्षयादक्षयं पदमुपेयुष्यस्मिन् विज्ञानमानन्दं ब्रह्म चैकात्मतां याति स एव परमात्मा, स एव विज्ञानं, स एवानन्दः, स एव परमं ब्रह्मेत्य-भिन्नभावतां भजते, अतस्तत्र=तस्मिन् पूर्वोपवर्णितस्वरूपे परमात्मनि, स्तोत्रेण=यथार्थवादेनाहं स्वामात्मीयां सरस्वतीं=वाणीं, पवित्रां=पावनीं कुर्यां=विदध्यामित्युत्तरेण सम्बन्धः । ननु किमस्याः प्रथमं किमप्यपूतत्व-मस्तीत्युच्यते स्वकर्मपरिणामेनाभ्यावृत्त्या भवे बंभ्रम्यमाणानां प्रबलज्ञानावरणोदयाद्विशिष्टचित्तचैतन्य-शून्यानामसुमतामसुलभैव कवित्ववक्तृत्वसरसा सरस्वती, यदा च तथाभव्यत्ववैचित्र्यात्संघटितापि भवाभिनन्दिनां सुरनरादीनामसद्भूतगुणोद्भावनेनात्मानं मलिनयति, तदा परमात्मप्रभृतिस्तुत्यवर्गस्तुतिप्रयोगमन्तरेण किमन्यद-घमर्षणमस्यास्ततः तत्र स्तोत्रेणेत्युक्तम्, किञ्च अस्मिन् भवकान्तारे=संसारारण्ये, जन्मिनां सत्क्षेत्राद्येकादशा-ङ्गीसंगतस्य जन्मनोऽवतारस्यापीदं सद्भूतवस्तुतत्त्वोद्भावनमेव फलम् ।।१/१-६।।

ટીકાર્થ :-

सप्तम्यन्तं ..... भावनमेव फलम् ।। સપ્તમ્યંત પદને કહે છે– જેમાં વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મ એકાત્મતાને પામેલું છે અને જે ભગવાન પરમપરમેષ્ઠિમાં વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મ એકતાને પામેલું છે, ત્યાં મત્યાદિજ્ઞાનોથી ક્ષાયિકપણાને કારણે, અપ્રતિપાતિપણાને કારણે અને અનંત દ્રવ્ય પર્યાયના વિષયપણાને કારણે વિશિષ્ટ એવું કેવલાલોકરૂપ જ્ઞાનવિજ્ઞાન છે. અને આનંદ ક્યારે પણ નહીં પ્રાપ્ત થયેલા પૂર્વ સ્વસ્વરૂપના લાભથી સમુદ્ભવ, ઇતરકારણકલાપ નિરપેક્ષ, અનુપાધિને કારણે મધુર, અક્ષય, આત્યંતિક એવું સુખ જ છે અને બ્રહ્મ પરમપદ છે=સર્વકર્મરહિત અવસ્થા છે, અને જ્યારે

ભવોપગ્રાહીકર્મના પારવશ્યથી હજી પણ ભવસ્થ કેવલી એવા ભગવાન છે ત્યારે આ ભગવાન કેવલીમાં વિજ્ઞાન અને આનંદ વર્તે છે અને આ ભગવાન પરમપદને પામશે એથી આત્માનું વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મનો પરસ્પર પૃથગ્ભાવ થાય જ. અને શૈલેશી પછી સકલકર્મના પ્રક્ષયથી અક્ષયપદને પામવાની ઈચ્છાવાળા એવા આમનામાં=ભગવાનમાં, વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મ એકાત્મતાને પ્રાપ્ત કરે છે. તે જ પરમાત્મા છે, તે જ વિજ્ઞાન છે, તે જ આનંદ છે અને તે જ પરમ બ્રહ્મ છે એ પ્રકારની અભિન્નભાવતાને પ્રાપ્ત કરે છે. આથી ત્યાં=પૂર્વવર્ણિત સ્વરૂપવાળા તે પરમાત્મામાં, સ્તોત્રથી=યથાર્થવાદથી= પરમાત્માના વાસ્તવિક સ્વરૂપના વર્ણનથી, હું મારી સરસ્વતીને=વાણીને, પવિત્ર કરું એ પ્રમાણે ઉત્તરની સાથે સંબંધ છે. 'ननु'થી પ્રશ્ન કરે છે શું આનું=પોતાની વાણીનું, પ્રથમ=ભગવાનની સ્તુતિ કરી એના પહેલાં, અપવિત્રપણું છે ? એથી કહેવાય છે. સ્વકર્મના પરિણામ વડે અભ્યાવૃત્તિથી=ફરી ફરી આવૃત્તિથી, ભવમાં ભટકતા જીવોના પ્રબલજ્ઞાનાવરણના ઉદયથી વિશિષ્ટ ચિત્તના ચૈતન્યથી શૂન્ય એવા જીવોને કવિત્વ, વક્તૃત્વથી સરસ એવી સરસ્વતી અસુલભ જ છે. અને જ્યારે ભવાભિનંદિજીવોની તથાભવ્યત્વના વૈચિત્ર્યથી સંઘટિત પણ સરસ્વતી દેવનર આદિના અસદ્ભૂત ગુણના ઉદ્ભાવન વડે આત્માને મલિન કરે છે, ત્યારે પરમાત્મા વગેરે સ્તુત્યવર્ગના સ્તુતિના પ્રયોગ વગર આનું=વાણીનું, અન્ય શું અઘમર્ષણ છે=પાપ નાશ કરવાપણું છે ? અર્થાત્ ભગવાનની સ્તુતિનું જ અઘમર્ષણપણું છે, અન્યનું નહીં. તેથી ત્યાં=ભગવાનમાં, સ્તોત્રથી એ પ્રમાણે કહેવાયું. વળી, આ ભવરૂપી જંગલમાં=સંસારરૂપી અરણ્યમાં, જન્મીઓના સત્ક્ષેત્ર આદિ એકાદશ અંગીથી સંગત એવા જીવોના જન્મનું=અવતારનું, પણ આ=સદ્ભૂત વસ્તુના તત્ત્વ ઉદ્ભાવનરૂપ પરમાત્માની સ્તુતિ જ ફલ છે. ॥૧/૧થી ૬॥

ભાવાર્થ :-

જે આત્મા સર્વકર્મથી રહિત થયા છે તે આત્માઓ પૂર્ણ આત્મસ્વરૂપવાળા હોવાથી પરમાત્મા છે. વળી, પૂર્ણ જ્ઞાન સ્વરૂપવાળા હોવાથી પ્રકૃષ્ટ જ્યોતિ સ્વરૂપ છે. અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિઓમાં જીવની અંતિમ સુંદર અવસ્થા સ્વરૂપ હોવાથી પરમેષ્ઠિઓમાં પરમ છે; કેમ કે સર્વકર્મરહિત છે. અને તેવા ભગવાનને મુનિઓ અંધકારથી પર સૂર્ય જેવા માને છે. અર્થાત્ પ્રકાશમાન વસ્તુમાં જેમ સૂર્ય તેજસ્વી છે અને અંધકારથી પર છે તેમ સિદ્ધના આત્માઓ મોહના અને અજ્ઞાનના અંધકારથી પર કેવળજ્ઞાન સ્વરૂપવાળા હોવાથી સૂર્ય જેવા તેજસ્વી છે. વળી, જેઓએ અનાદિકાળથી આત્મામાં રૂઢ થયેલાં ક્લેશરૂપી વૃક્ષો મૂલ સહિત ઉખેડી નાખ્યાં છે. અર્થાત્ વૃક્ષનાં મૂળિયાં અત્યંત મજબૂત હોય તેમ આત્મામાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપી ક્લેશરૂપ વૃક્ષોનાં મૂળિયાં અત્યંત સ્થિર થયેલાં છે, તેમને સ્વપરાક્રમ દ્વારા મૂળ સહિત જેમણે નાશ કર્યાં છે. આથી જ સુરના ઈશ્વરો, અસુરના ઈશ્વરો અને મનુષ્યોના ઈશ્વરો તેઓને નમસ્કાર કરે છે. વળી, જે ભગવાને આત્માના સર્વ પુરુષાર્થોને હિતાનુકૂલ પ્રવર્તાવવામાં કારણ બને તેવી વિદ્યા આપીને જગતના જીવોનો મહાન ઉપકાર કર્યો છે. વળી, જેમનું જ્ઞાન ત્રણેય કાળના પદાર્થોને સાક્ષાત્ કરનાર છે તેથી જેઓ લેશ અન્યથાવાદી નથી અને જેઓમાં જ્ઞાન, સુખ અને આત્માનું બ્રહ્મ સ્વરૂપ એ ત્રણ

એક સ્વરૂપને પામેલા છે તે ભગવાન પ્રત્યે શ્રદ્ધા કરવી જોઈએ કે આ જ ભગવાન સર્વકલ્યાણનું એક કારણ છે. વળી તે જ ભગવાનનું સદા ધ્યાન કરવું જોઈએ. જેથી, ધ્યેય એવા તેમના સ્વરૂપમાં તન્મયતા પ્રાપ્ત થાય. કર્મને વશ એવા સંસારી જીવે તેમનું શરણું સ્વીકારવું જોઈએ અને કર્મને વશ અનાથ એવા સંસારી જીવને માટે ભગવાન જ નાથ છે; કેમ કે તે ભગવાન જ જીવમાં અપૂર્વ ગુણોનું આધાન કરાવીને અને વિદ્યમાન ગુણોનું રક્ષણ કરાવીને જીવનું હિત કરનારા છે. અને તેવા ભગવાન જ એકાંતે મારા હિતકર છે. એ પ્રકારે સમાધાનને પામેલ એવો હું તેઓના સ્વરૂપની સદા સ્પૃહા કરું છું અને ભગવાન તે સ્વરૂપે મને જણાયા માટે હું કૃતાર્થ થયો છું અને તેમનો કિંકર થઈને અવશ્ય હું તેમના તુલ્ય થઈશ. આવા ભગવાનની તે સ્વરૂપે સ્તુતિ કરીને હું મારી વાણીને પવિત્ર કરું છું; કેમ કે ભવરૂપી અટવીમાં જન્મનારા જીવોનું આ શ્રેષ્ઠ ફળ છે. આ પ્રકારે સદ્‌ભૂત ગુણોથી ભગવાનનું કીર્તન કરીને ભગવાનમાં જે જીવો જેટલી તન્મય અવસ્થા પ્રાપ્ત કરે તે તે ભૂમિકાનુસાર તે જીવો તદ્‌ક્ષણ પાપકર્મોથી મુકાય છે અને ભગવાનને તુલ્ય થવાને અનુકૂળ શક્તિસંચયનું કારણ બને તેવા ઉત્તમ પુણ્યથી તેમનો આત્મા સભર બને છે. માટે કલ્યાણના અર્થી જીવે પ્રસ્તુત સ્તોત્રનો અર્થ અત્યંત સ્પર્શે તે પ્રકારે ગુણોનું વારંવાર ભાવન કરવું જોઈએ, જેથી દિવસ-રાત આવા ઉત્તમ પરમાત્માના સ્મરણવાળું ચિત્ત બને. **॥૧/૧થી ૬॥**

અવતરણિકા :-

साम्प्रतं स्तुतिकृद्वीतरागस्तवविधानेऽसमर्थताप्रथनेनात्मनो निरहंकारतामुद्‌भावयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે, સ્તુતિકારશ્રી વીતરાગસ્તવના વિધાનમાં અસમર્થતાને બતાવવા દ્વારા આત્માની નિરહંકારતાનું ઉદ્‌ભાવન=પ્રગટ કરતાં કહે છે –

શ્લોક :-

क्वाहं पशोरपि पशुर्वीतरागस्तवः क्व च ।
उत्तितीर्षुररण्यानीं, पद्‌भ्यां पङ्‌गुरिवास्म्यतः ।।१/७।।

શ્લોકાર્થ :-

પશુથી પણ પશુ એવો હું ક્યાં અને વીતરાગનું સ્તવન ક્યાં. આથી=પૂર્વાર્ધમાં કહ્યું આથી, પંગુ બે પગ દ્વારા અરણ્યને ઓળંગવાની ઈચ્છા કરે એના જેવો હું છું. ॥૧/૭॥

ટીકા :-

क्वशब्दो महदन्तरे, क्व तावदहं, किंविशिष्टः ? पशोरपि पशुः । किल यथावस्थितवीतरागत्वस्वरूपोद्‌भावनपरस्तुतिसंदर्भे छद्मस्थाः सकलवाङ्‌मयपारावारपारदृश्वानोऽपि पशव इव पशवः, अहं त्वैदंयुगीनकतिपयग्रन्थार्थमात्रव्यापृतमतिस्तेभ्योऽप्यतिहीनत्वेन पशोरपि पशुः, क्व च कायवाङ्‌मनसामगोचरचरित्रस्यात एव वास्तोष्पतिस्तोमैरपि यथावत् स्तोतुमशक्यस्य भगवतः श्रीवीतरागस्य स्तवः, अतो यत्पशोरपि पशुरहं

वीतरागस्तोत्रं चिकीर्षुस्तत्पङ्गुरिव महदरण्यं पद्भ्यामुत्तरीतुमिच्छुरस्मि । किमुक्तं भवति-यथा पङ्गोः पद्भ्यामरण्यानीपरपारगमनमसुकरमेवं ममापि परमात्मस्तुतिग्रथनमिति ।।१/७।।

ટીકાર્થ :-

क्वशब्दो ..... परमात्मस्तुतिग्रथनमिति ।। 'क्व' શબ્દ મોટા અંતરમાં છે. ક્યાં હું ? કેવો વિશિષ્ટ હું છું ? પશુથી પણ પશુ છું. ખરેખર યથાવસ્થિત વીતરાગત્વ સ્વરૂપના ઉદ્ભાવનપર એવી સ્તુતિના સંદર્ભમાં છદ્મસ્થજીવો સકલવાઙ્મયસમુદ્રના પારને જોનારા પણ=સંપૂર્ણ દ્વાદશાંગીના પૂર્ણ રહસ્યને જોનારા પણ, પશુ જેવા પશુ છે=મનુષ્ય આગળ પશુ અલ્પબુદ્ધિવાળા હોય છે તેમ સર્વજ્ઞ આગળ ચૌદપૂર્વધરો પણ પશુતુલ્ય છે. વળી, આ યુગના કેટલાક ગ્રંથના અર્થ માત્રમાં વ્યાપૃત મતિવાળો એવો હું=ગ્રંથકારશ્રી, તેઓથી પણ=ચૌદપૂર્વધરો આદિથી પણ, અતિ હીનપણું હોવાને કારણે પશુથી પણ પશુ છું. અને કાયા, વાણી, મનના અવિષયભૂત ચરિત્રવાળા, આથી જ વાચસ્પતિના સમૂહ વડે પણ યથાવત્ સ્તુતિ કરવા માટે અશક્ય એવા ભગવાન વીતરાગનું સ્તવન ક્યાં અર્થાત્ સ્તુતિ કરનાર પશુથી પણ પશુ છે અને વીતરાગનું સ્તવન કાયા, વાણી, મનનો અવિષય હોવાથી યથાવત્ સ્તુતિનો અવિષય છે, માટે મહદ્ અંતર છે. આથી, જે પશુથી પણ પશુ એવો હું વીતરાગસ્તોત્ર કરવાની ઈચ્છાવાળો છું તે, બે પગો દ્વારા મોટા અરણ્યને ઊતરવા માટેની ઈચ્છાવાળા પંગુ જેવો છે. શું કહેવાયેલું થાય છે ? જે પ્રમાણે પંગુને બે પગ દ્વારા અરણ્યના પરપારનું ગમન=સંપૂર્ણ પારનું ગમન, અસુકર છે, એ રીતે મને પણ પરમાત્માની સ્તુતિનું ગ્રથન અસુકર છે. ।।૧/૭।।

ભાવાર્થ :-

વીતરાગના સદ્ભૂત ગુણોનું કંઈક દર્શન છદ્મસ્થને હોવા છતાં પૂર્ણ ગુણો સાક્ષાત્ ચૌદપૂર્વધર પણ જોઈ શકતા નથી. આથી જ ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાનના વચનાનુસાર દિવસ-રાત સર્વઉચિત ક્રિયાઓ કરનારા અપ્રમત્ત સાધુઓ પણ તત્કાલ વીતરાગતુલ્ય થઈ શકતા નથી. વાસ્તવિક રીતે વીતરાગના સ્વરૂપના બોધપૂર્વક તેમની સ્તુતિ કરવાથી તદ્તુલ્ય આત્માનું સ્વરૂપ પોતાનામાં પ્રગટ કરવાને અનુકૂળ વ્યાપારરૂપ જ સ્તુતિની ક્રિયા છે છતાં દૃઢ પ્રણિધાનપૂર્વક ચૌદપૂર્વધરો પણ ભગવાનના ગુણોમાં યત્ન કરતા હોય તોપણ તદ્ક્ષણ નિર્વિકલ્પ ઉપયોગને પ્રાપ્ત કરીને ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરી શકતા નથી. તેટલા અંશથી ભગવાનનું સ્વરૂપ તેમને પણ પૂર્ણ સ્પષ્ટ થતું નથી. માટે ચૌદપૂર્વધરો પણ પરમાત્માની સ્તુતિ કરવાના વિષયમાં પશુતુલ્ય છે. જ્યારે વર્તમાનકાળના કેટલાક ગ્રંથોને ભણેલા શ્રી હેમચંદ્રસૂરિ તો તે ચૌદપૂર્વધરની આગળ અતિ પશુતુલ્ય હોવાથી વીતરાગની સ્તુતિ કરવા માટે અત્યંત અસમર્થ છે, તોપણ ભગવાનના ગુણોથી કંઈક આવર્જિત થઈને સ્વશક્તિ અનુસાર ભગવાનની સ્તુતિ કરીને પોતાની વાણીને સફલ કરવા તેમણે યત્ન કરેલ છે. તેથી શ્રોતાવર્ગે પણ ભગવાનના ગુણોને શક્તિ અનુસાર જાણીને તેના પરમાર્થને સ્પર્શે તે પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક સ્તુતિ કરવા યત્ન કરવો જોઈએ, જેથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ સફળ થાય. **॥૧/૭॥**

અવતરણિકા :-

यद्येवं किमात्मशक्त्यननुरूपेणानेनैवोपक्रमेणेत्याह –

અવતરણિકાર્થ :-

જો આ રીતે છે=ગ્રંથકારશ્રી વીતરાગની સ્તુતિ કરવા માટે અસમર્થ છે એ રીતે છે, તો પોતાની શક્તિના અનનુરૂપ એવા આ જ ઉપક્રમ વડે=પોતાનું જેમાં સામર્થ્ય નથી એવા નિરર્થક સ્તુતિના ઉપક્રમ વડે શું ? એથી કહે છે –

શ્લોક :-

तथापि श्रद्धामुग्धोऽहं, नोपालभ्यः स्खलन्नपि ।
विशृङ्खलापि वाग्वृत्तिः, श्रद्दधानस्य शोभते ।।१/८।।

શ્લોકાર્થ :-

તોપણ શ્રદ્ધાથી મુગ્ધ એવો હું સ્ખલના પામતો પણ ઉપાલંભ આપવા યોગ્ય નથી=અનુચિત કરું છું એ પ્રકારે ઉપાલંભ આપવા યોગ્ય નથી, શ્રદ્ધાવાળાની વિશૃંખલાવાળી પણ=અસંબદ્ધ પણ, વાણીની વૃત્તિ=વાણીની પ્રવૃત્તિ, શોભે છે. ।।૧/૮।।

ટીકા :-

तथाप्येवं सत्यप्यहमस्मिन् वीतरागस्तवाध्वन्यध्वनीनतामाकलयन्नविकलसामर्थ्यशून्यः स्थाने २ स्खलन्नपि विमलमतिभिर्नोपालभ्यः, यतः परमात्मप्रतिबद्धस्तुतिश्रद्धया मुग्धः शक्याशक्यार्थविचारचातुर्यवर्जितः, एवंविधस्य च श्रद्दधानस्य निरुपाधिश्रद्धाबन्धबन्धुरान्तःकरणस्य वाग्वृत्तिर्वचनपद्धतिर्विशृङ्खलापि पूर्वापर-सम्बन्धविसंवादविसंस्थुलापि भक्तिव्यक्तेरेकात्मतया शोभते बालालापचापलमिव कौतुकं च जनयतीति समञ्जसम् ।।१/८।।

ટીકાર્થ :-

तथाप्येवं ..... समञ्जसम् ।। તોપણ=આ પ્રમાણે હોતે છતે પણ=સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરવા માટે અસમર્થ હોતે છતે પણ, હું=આ વીતરાગ સ્તવનના માર્ગમાં પ્રવૃત્તિને જાણતો અવિકલ સામર્થ્યથી શૂન્ય એવો હું સ્થાને સ્થાને સ્ખલના પણ પામતો નિર્મળમતિવાળા વડે ઉપાલંભયોગ્ય નથી. જે કારણથી પરમાત્માની સાથે પ્રતિબદ્ધ એવી સ્તુતિની શ્રદ્ધાથી=પરમાત્માના ગુણો સાથે સંબંધિત એવી સ્તુતિ કરવાની રુચિથી, મુગ્ધ એવો હું=શક્ય અશક્ય એવા અર્થના વિચારમાં ચાતુર્યથી રહિત એવો હું, અને આવા પ્રકારના શ્રદ્ધાવાળા, નિરુપાધિ શ્રદ્ધાના બંધનથી બંધુર અંતઃકરણવાળા=ભગવાનના પારમાર્થિક ગુણોની રુચિ હોવાથી તુચ્છ ઐહિક ઉપાધિવાળી શ્રદ્ધા

નથી પરંતુ નિરુપાધિ શ્રદ્ધા છે અને તેવી શ્રદ્ધા બંધથી બંધુર અર્થાત્ અતિશયવાળી પરિણતિ તેવા અંતઃકરણવાળા, જીવની વાગ્વૃત્તિ=વચનપદ્ધતિ, વિશૃંખલા પણ=પૂર્વ-અપરના સંબંધના વિસંવાદથી વિસંસ્થૂલ પણ=પૂર્વ-અપરના સંબંધ વગરની પણ, ભક્તિરૂપ વ્યક્તિની એકાત્મતા હોવાને કારણે= ભગવાનના ગુણો પ્રત્યેની ભક્તિને અભિવ્યક્ત કરવા માટે કારણ બને તેવી સ્તુતિના શબ્દો સાથે એકતાનતા હોવાને કારણે, શોભે છે અને બાલના આલાપના ચાપલ્યની જેમ કૌતુકને ઉત્પન્ન કરે છે. એથી સમંજસ છે=નાનું બાળક કાલુંઘેલું ત્રુટિત બોલતું હોય તોપણ લોકોને પ્રીતિ ઉત્પન્ન કરે છે તેમ વીતરાગના ગુણોથી આવર્જિત થયેલા અને વીતરાગતુલ્ય થવાની રુચિથી યુક્ત અંતઃકરણવાળા જીવોનાં ત્રુટિત અસંબદ્ધ વચનો પણ, ભગવાન પ્રત્યેની ભક્તિની સાથે તન્મયતા હોવાને કારણે શોભે છે. ॥૧/૮॥

ટીકા :-

इति श्रीवीतरागस्तोत्रे प्रथमस्य प्रस्तावनास्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

इति ..... पदयोजना । આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં પ્રથમ પ્રસ્તાવનાસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

જોકે ભગવાનના પૂર્ણ ગુણોને સ્મૃતિમાં રાખીને તેમની સ્તુતિ કરવી સ્તવનકારશ્રી માટે અશક્ય છે તોપણ ભગવાનના ગુણો પ્રત્યેની અત્યંત રુચિના કારણે સ્તવનકારશ્રી શ્રદ્ધાથી મુગ્ધ થયેલા છે. તેથી ભગવાનના વાસ્તવિક સ્વરૂપની રુચિપૂર્વક તેઓની સ્તુતિ કરવામાં અંતઃકરણવાળા છે, છતાં સામર્થ્યના અભાવને કારણે તેઓની વચનની પ્રવૃત્તિ સ્ખલના પામે છે તોપણ ઉપાલંભપાત્ર નથી; કેમ કે જેમને ભગવાનના ગુણોમાં અત્યંત શ્રદ્ધા છે અને તેવા પૂર્ણ ગુણોને જાણવાની ઉત્કટ ઇચ્છાથી સ્વશક્તિ અનુસાર ત્રુટિત પણ શબ્દો દ્વારા સ્તુતિ કરે તોપણ તે શોભાયમાન જણાય છે; કેમ કે ભગવાન પ્રત્યેની ભક્તિને અભિવ્યક્ત કરવા માટે અત્યંત પ્રણિધાનપૂર્વક જ્યારે તે મહાત્મા સ્તુતિ કરતા હોય ત્યારે જોનારને તેઓની સ્ખલના પામતી વાણી પણ મનોહર લાગે છે. **॥૧/૮॥**

શ્લોક :-

श्रीहेमचन्द्रप्रभवाद्वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः, प्राप्नोतु फलमीप्सितम् ।।१/९।।

શ્લોકાર્થ :-

શ્રી હેમચંદ્રસૂરિથી રચાયેલા આ વીતરાગસ્તવથી કુમારપાળ રાજા ઈપ્સિત ફલને પ્રાપ્ત કરો. ॥૧/૯॥

ભાવાર્થ :-

કુમારપાળ મહારાજાએ હેમચંદ્રસૂરિને વીતરાગની સ્તુતિ કરવા માટે વિજ્ઞપ્તિ કરી; કેમ કે તેમનાથી કરાયેલી તે સ્તુતિને કરીને કુમારપાલરાજા વીતરાગના ગુણોથી આત્માને ભાવિત કરવા ઇચ્છે છે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે મારાથી રચાયેલી આ સ્તુતિનું ઇચ્છિત ફળ કુમારપાલરાજા પ્રાપ્ત કરો. અર્થાત્ પ્રસ્તુત સ્તુતિના હાર્દને સ્પર્શીને કુમારપાલરાજા વીતરાગના ગુણોથી આત્માને રંજિત કરવા રૂપ ઇચ્છિત ફલને પ્રાપ્ત કરો. જેથી તેમના ઉદ્દેશથી કરાયેલી પ્રસ્તુત સ્તુતિ સફલ બને એ પ્રકારની ગ્રંથકારશ્રી ભાવના કરે છે. **॥૧/૯॥**

પ્રકાશ-૨

અવતરણિકા :-

साम्प्रतं स्तुतिकृत्प्रस्तावनास्तवोपवर्णितस्य परमात्मनो भावार्हल्लक्षणां प्रागवस्थामधिकृत्य चतुस्त्रिंशदतिशयान् प्रकाशचतुष्टयेन बिभणिषुर्द्वितीयप्रकाशे चतुरः सहजातिशयान् प्रस्तावयन्नादौ सकलनरशरीरविलक्षणं भगवतः शरीरातिशयं श्लोकचतुष्टयेनाह –

અવતરણિકાર્થ :-

હવે, સ્તુતિકારશ્રી પ્રસ્તાવના-સ્તવનમાં વર્ણન કરાયેલા=પ્રથમ પ્રકાશરૂપ પ્રસ્તાવનાનું જે સ્તવન તેમાં વર્ણન કરાયેલા, પરમાત્માની ભાવઅરિહંત સ્વરૂપ પૂર્વ-અવસ્થાને આશ્રયીને=મુક્ત અવસ્થાની પૂર્વ-અવસ્થાને આશ્રયીને, ૩૪ અતિશયોને ચાર પ્રકાશથી કહેવાની ઈચ્છાવાળા, બીજા પ્રકાશમાં ચાર સહજ અતિશયોને પ્રસ્તાવિત કરતાં આદિમાં બધા મનુષ્યના શરીરથી વિલક્ષણ ભગવાનના શરીરના અતિશયને ચાર શ્લોકથી કહે છે –

શ્લોક :-

प्रियङ्गुस्फटिकस्वर्णपद्मरागाञ्जनप्रभः ।
प्रभो तवाधौतशुचिः, कायः कमिव नाक्षिपेत् ।।२/१।।

શ્લોકાર્થ :-

હે પ્રભુ ! તમારી પ્રિયંગુ, સ્ફટિક, સ્વર્ણ, પદ્મરાગ અને અંજનની પ્રભાવાળી, ધોયા વગરની પવિત્ર એવી કાયા કોને આકર્ષિત ન કરે ? ।।૨/૧।।

ટીકા :-

हे प्रभो ! विश्वस्वामिन्नासतां तावत्तव शरीरस्थाः शरच्छशधरकरनिकरानुकारिणो गुणास्त्रिजगद्विलक्षणार्हल्लक्षणापास्तसमस्तप्रत्यवायः कायोऽपि कमिव नाक्षिपेत् ! अविज्ञाततत्त्वस्यापि प्रथममक्षिसंनिपातेनैव कस्य नाम नाद्भुतरसवासितमन्तःकरणं कुर्यादपितु सर्वस्यापि विदध्यादेव । किंविशिष्टः ? प्रियङ्गुस्फटिकस्वर्णपद्मरागाञ्जनप्रभः, प्रियङ्गुश्च स्फटिकं च स्वर्णं च पद्मरागश्चाञ्जनं चेत्यादिद्वन्द्वः । तत्र प्रियङ्गुः=फलिनीलता, स्फटिकं=रवीन्दुकान्तं, स्वर्णं=चामीकरं, पद्मरागः=शोणमणिः, अञ्जनं=कज्जलं, तस्येव प्रभा यस्य स तथा, भवन्ति हि तथाविधनामकर्मवैचित्र्याद् भगवतामर्हतामङ्गेषु पञ्चापि वर्णास्ततः सर्वेषामुपादानम् । पुनः किंविशिष्टः ? अधौतशुचिरप्रक्षालितनिर्मलः, किल सलिलादिप्रक्षालनेनाशुचीन्यपि

वपूंषि क्षणमालोक(कल)यन्ति शुचितां, भगवतस्त्वङ्गे निसर्गसिद्धं नैर्मल्यम् एवंविधश्च कायः कस्य नाम न लोचनलोभनं विदध्यादिति ।।२/१।।

ટીકાર્થ :-

હે પ્રભો ! ..... विदध्यादिति ।। હે પ્રભુ !=વિશ્વસ્વામિન્ ! તમારા શરીરમાં રહેલા શરદ્ ઋતુના ચંદ્રનાં કિરણોના સમૂહને અનુસરનારા ગુણો તો દૂર રહો ! પરંતુ ત્રણ જગતથી વિલક્ષણ અર્હદ્લક્ષણથી અપાસ્ત કર્યા છે સમસ્ત પ્રત્યવાય જેમણે એવી કાયા પણ=સંસારી જીવો કરતાં વિલક્ષણ અને યોગ્ય લક્ષણોને કારણે કાયાકૃત્ અનર્થારૂપ જે પ્રત્યવાય છે તે સમસ્ત પ્રત્યવાય જેમણે દૂર કર્યા છે તેવી કાયા પણ, કોને આક્ષેપ ન કરે ? અર્થાત્ બધા વિચારકોને આક્ષેપ કરે. અવિજ્ઞાત તત્ત્વવાળા કોને પ્રથમ અક્ષિના સંનિપાતથી જ અદ્ભુતરસવાસિત અંતઃકરણ ન કરે ? પરંતુ સર્વ જીવોનું અંતઃકરણ અદ્ભુતરસવાસિત કરે જ.

કેવી વિશિષ્ટ કાયા છે ? એથી કહે છે –

પ્રિયંગુ, સ્ફટિક, સ્વર્ણ, પદ્મરાગ, અંજનપ્રભનો સમાસ સ્પષ્ટ કરે છે. પ્રિયંગુ, સ્ફટિક, સ્વર્ણ, પદ્મરાગ અને અંજન ઈત્યાદિનો દ્વંદ્વ સમાસ છે. ત્યાં પ્રિયંગુ ફલિનીલતા છે. સ્ફટિક રવિનો ઈન્દુકાંત છે. સ્વર્ણ ચામીકર છે. પદ્મરાગ શોણમણિ છે. અંજન કાજલ છે. તેના જેવી પ્રભા છે જેને તે તેવા છે=પ્રિયંગુ આદિના જેવી પ્રભાવાળી કળાવાળા છે. તેવા પ્રકારના નામકર્મના વૈચિત્ર્યથી=જે જે તીર્થંકરોએ જે જે પ્રકારનું શરીરને અનુકૂળ નામકર્મ બાંધ્યું હોય તેવા પ્રકારના નામકર્મના વૈચિત્ર્યથી, અરિહંત ભગવંતોના શરીરમાં પાંચે પણ વર્ણો=તે પાંચમાંથી કોઈ પણ વર્ણો, હોય છે. તેથી બધા વર્ણોનું ગ્રહણ કરેલ છે.

વળી, કેવી વિશિષ્ટ કાયા છે ? તેથી કહે છે –

ધોયા વગરની પવિત્ર છે=અપ્રક્ષાલિત જ નિર્મળ છે, ખરેખર પાણી આદિના પ્રક્ષાલથી અશુચિવાળા પણ શરીરમાં ક્ષણ શુચિતાનું આલોકન થાય છે. વળી ભગવાનના અંગમાં નિસર્ગસિદ્ધ નૈર્મલ્ય છે. અને આવા પ્રકારની કાયા કોના લોચનને લોભન ન કરાવે=બધાનાં લોચનને અવશ્ય આકર્ષણ કરે. ।।૨/૧।।

ભાવાર્થ :-

ભગવાનની કાયાના પ્રિયંગુ આદિ રત્ન જેવા વર્ણો હોય છે. તેથી સર્વ તીર્થંકરોમાંથી જે તીર્થંકરને જે પ્રકારના નામકર્મનો ઉદય હોય તે પ્રકારે પ્રિયંગુ આદિ વર્ણવાળી કાયા થાય છે. આથી જ નેમનાથ ભગવાન અને મુનિસુવ્રતસ્વામીને તેવા પ્રકારના નામકર્મના કારણે અંજન વર્ણવાળી કાયા થયેલી. વળી, તે તીર્થંકરની પ્રિયંગુ આદિ વર્ણવાળી થયેલી કાયા અત્યંત લાવણ્યવાળી હોય છે. અને જલાદિથી શુદ્ધ કર્યા વગર નૈસર્ગિક રીતે જ નિર્મળ હોય છે. તેથી, જેઓને આ તીર્થંકર છે, ઉત્તમ પુરુષ છે તેવું જ્ઞાન નથી તેઓનું પણ જોતાંની સાથે જ ભગવાનની કાયા અદ્ભુતરસવાસિત અંતઃકરણ કરે છે.

આ રીતે પૂર્ણ પ્રકર્ષવાળા તીર્થંકરોની સાથે સંબંધવાળી કાયા પણ તેઓની ઉત્તમતાને બતાવનાર છે જેથી તેની સ્તુતિ કરીને સ્તુતિકારશ્રી પોતાની વાણીને પવિત્ર કરે છે. **॥૨/૧॥**

શ્લોક :-

मन्दारदामवन्नित्यमवासितसुगन्धिनि ।
तवाङ्गे भृङ्गतां यान्ति नेत्राणि सुरयोषिताम् ।।२/२।।

શ્લોકાર્થ :-

મંદારદામની જેમ=કલ્પવૃક્ષોનાં પુષ્પોની માળાની જેમ, હંમેશાં અવાસિત સુગંધવાળા તમારા અંગમાં દેવીઓનાં નેત્રો ભૃંગતાને પામે છે=ભમરાની જેમ ભગવાનની કાયામાં લીનતાને પામે છે. ॥૨/૨॥

ટીકા :-

हे भुवनभूषण प्रभो ! तवाङ्गे सुरयोषितां नेत्राणि भृङ्गतां यान्ति त्वच्छरीरेऽमरकुरङ्गलोचनालोचनानि भ्रमरविभ्रमं धारयन्ति । कथम्भूते ? नित्यमवासितसुगन्धिनि घनसारागरुमृगमदमलयजादिगन्धद्रव्यैरवासितेऽपि स्वभावसुरभिण्यत एव नित्यपदोपादानं, उपाधिजनितो हि वासः कतिपयकालकलावसाने विलीयत एव, भगवदङ्गं तु निसर्गतः सौरभ्यसुभगं, अत्रोपमामाह मन्दारदामवद् अङ्गे कस्मिन्निव मन्दारदामनीव, एतदुक्तं भवति-यथा सुरतरुसुमनःस्रजि पुष्पन्धयधोरणयः संसज्यन्ते एवमर्हच्छरीरे सुरसीमन्तिनी-नयनानि अमररमणीनयनक्षोभभणनाच्च मर्त्यपातालललनालोचनक्षोभः सामर्थ्यलभ्य एव भगवद्देह इति ।।२/२।।

ટીકાર્થ :-

हे भुवनभूषण ..... भगवद्देह इति ।। હે ભુવનભૂષણ પ્રભુ ! તમારા અંગમાં દેવીઓનાં નેત્રો ભૃંગતાને પામે છે. તમારા શરીરમાં દેવોની કુરંગલોચનાનાં લોચનો=દેવોની રમ્યરૂપવાળી સ્ત્રીઓનાં લોચનો ભ્રમરના વિભ્રમને ધારણ કરે છે.

કેવા પ્રકારના તમારા અંગમાં ? તેથી કહે છે –

નિત્ય અવાસિત સુગંધિત એવા તમારા અંગમાં ભૃંગતાને પામે છે એમ અન્વય છે. ઘનસાર, અગુરુ, કસ્તૂરી, ચંદનાદિ સુગંધી દ્રવ્યોથી અવાસિત, પણ સ્વભાવથી સુરભિવાળા તમારા દેહમાં ભૃંગતાને પામે છે. આથી જ=સુગંધી દ્રવ્યોથી અવાસિત પણ સુરભિવાળો ભગવાનનો દેહ છે આથી જ, નિત્યપદનું ગ્રહણ છે. 'हि'=જે કારણથી, ઉપાધિજનિત વાસ=સુગંધ, કેટલાક કાળના સમયના અવસાનમાં વિલય જ પામે છે. વળી, ભગવાનનું અંગ નિસર્ગથી સૌરભ્યથી સુભગ છે=સતત સુગંધવાળું છે. આમાં=ભગવાનની કાયા નિત્ય સુગંધવાળી છે એમાં, ઉપમાને કહે છે. મંદારદામની જેમ. અંગમાં કોની જેમ ? અર્થાત્ મંદારદામની જેમ ભગવાનના અંગમાં નિસર્ગથી સૌરભ છે એમ

અન્વય છે. આ કહેવાયેલું થાય છે. જે પ્રમાણે કલ્પવૃક્ષનાં પુષ્પોની માલામાં ભમરાની પંક્તિઓ સંશ્લેષ પામે છે, એ રીતે અરિહંતના શરીરમાં દેવીઓનાં નયનો સંશ્લેષ પામે છે. અને દેવલોકની સ્ત્રીઓના ક્ષોભના કથનથી મર્ત્ય અને પાતાલની સ્ત્રીઓનાં લોચનનો ક્ષોભ ભગવાનના દેહમાં સામર્થ્યથી લભ્ય જ છે. ॥૨/૨॥

ભાવાર્થ :-

ભગવાનનો દેહ હંમેશાં સુગંધથી વાસિત હોય છે. તેથી જેમ, કલ્પવૃક્ષની માળામાંથી નિત્ય સુગંધ નીકળે છે તેમ સુગંધી દ્રવ્યોથી વાસિત કર્યા વગર પણ ભગવાનની કાયામાંથી સુગંધ આવે છે. એ સુગંધને કારણે દેવલોકની સ્ત્રીઓનાં નેત્રો ભગવાનના અંગમાં ભમરાની જેમ સતત જોવા માટે ઉત્સુક બને છે. આ રીતે ગુણના પ્રકર્ષવાળા તીર્થંકરની કાયાની પુણ્યપ્રકૃતિનું સ્મરણ કરવાથી પણ ભૂતકાળના સેવાયેલા યોગમાર્ગના ફળરૂપ તે કાયાની સ્તુતિ હોવાથી યોગમાર્ગ પ્રત્યેનો જ રાગ અતિશય થાય છે. તેથી, નિર્જરાની જ પ્રાપ્તિ થાય છે. પરંતુ અન્ય સંસારી જીવોની કાયાની સ્તુતિ કરવાથી જે મોહધારાની વૃદ્ધિ થાય છે, તેમ વિવેકીને ભગવાનની કાયાની સ્તુતિથી પણ મોહધારાની વૃદ્ધિ થતી નથી, પરંતુ વિવેકની જ વૃદ્ધિ થાય છે; કેમ કે વિવેકપૂર્વક સેવાયેલા યોગમાર્ગનું આ ફલ છે. એ સ્વરૂપે જ ભગવાનની કાયાની ઉપસ્થિતિ થાય છે. **॥૨/૨॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી, ભગવાનની કાયા કેવી છે ? તેનો સમુચ્ચય 'किञ्च'થી કરે છે –

શ્લોક :-

दिव्यामृतरसास्वादपोषप्रतिहता इव ।
समाविशन्ति ते नाथ ! नाङ्गे रोगोरगव्रजाः ।।२/३।।

શ્લોકાર્થ :-

હે નાથ ! દિવ્ય અમૃતરસના આસ્વાદના પોષણથી પ્રતિહત થયેલા જાણે ન હોય તેવા રોગરૂપી સર્પોનો સમૂહ તમારા અંગમાં પ્રવેશ પામતો નથી. ॥૨/૩॥

ટીકા :-

हे विहितदुर्दान्तमन्मथप्रमाथ नाथ ! तवाङ्गे रोगोरगव्रजा न समाविशन्ति । तत्र रोगाः=राजयक्ष्मादयस्त एव निर्झरभयहेतुत्वेन दुर्वारदारुणवेदनोत्पादकत्वेन च उरगा इव उरगास्तेषां व्रजाः समूहा अष्टोत्तरशत-सङ्ख्यत्वादामयानामतस्ते तवाङ्गे तव वपुषि न समाविशन्ति=न प्रविशन्ति, किंविशिष्टा इव दिव्येत्यादि

दिव्योऽमानवो योऽसावमृतरसः पीयूषद्रवस्तस्यास्वादः=पानं तस्मात्पोषः=सौहित्यं तेन प्रतिहता इव=गलहस्तिता इव । इदमत्र हृदयं-तथास्वभावादेव तावद् भगवतामर्हतामङ्गान्यशेषव्याधिवैधुर्यवर्जितान्येव स्युरेवं च स्थिते स्तुतिकृदुत्प्रेक्षते, किल बाल्ये जननीस्तन्यपानानधिकारित्वेन यत्तेषां कराङ्गुष्ठे अमर्त्यपतयः पीयूषरसं सञ्चारयन्ति, तत्पानप्रतिहता इव न तदङ्गे रोगभुजङ्गमाः समाविशन्ति, समुचितश्चामृतपानादामयाशीविष-विकारविश्लेष इति ।।२/३।।

ટીકાર્થ :-

हे विहितदुर्दान्त ..... विकारविश्लेष इति ।। દુર્દાંત કામનો પ્રમાથ=શમન, કર્યો છે જેમણે એવા હે નાથ ! તમારા અંગમાં રોગરૂપી સર્પોનો સમૂહ પ્રવેશ પામતો નથી. ત્યાં=રોગોના સમૂહમાં, ક્ષય આદિ રોગો છે. તે જ અત્યંત ભયના હેતુપણાને કારણે અને દુર્વાર, દારુણ=ભયંકર, વેદનાના ઉત્પાદકપણાને કારણે=દુઃખેથી વારી શકાય એવા ભયંકર વેદનાના ઉત્પાદકપણાને કારણે, સાપ જેવા સાપ છે. તેઓનો=રોગોનો સમૂહ છે; કેમ કે રોગોની ૧૦૮ સંખ્યા છે. તે=રોગોનો સમૂહ તમારા શરીરમાં પ્રવેશ પામતો નથી.

કેવા વિશિષ્ટ એવા રોગોનો સમૂહ પ્રવેશ પામતો નથી ? તેથી કહે છે –

દિવ્ય=અમાનવ, જે આ અમૃતરસ તેનો આસ્વાદ=પાન, તેનાથી પોષાયેલ=સૌહિત્યને પામેલ=તૃપ્તિને પામેલ, તેનાથી પ્રતિહત જેવા=ગલહસ્તિત જેવા=ગળી ગયેલા મદવાળા હસ્તિ જેવા, રોગોનો સમૂહ તમારા અંગમાં આવતો નથી એમ અન્વય છે. આ=આગળમાં કહે છે એ, આમાં=ભગવાનના દેહમાં રોગ આવતા નથી એમાં, તાત્પર્ય છે. તેવા સ્વભાવથી જ ભગવાન અરિહંતનાં અંગો સર્વ વ્યાધિના વૈધુર્યથી વર્જિત જ હોય છે=સર્વ વ્યાધિથી રહિત જ હોય છે અને આ રીતે સ્થિત હોતે છતે=આ રીતે વસ્તુ સ્થિત રહે છતે સ્તુતિકારશ્રી ઉત્પ્રેક્ષા કરે છે. ખરેખર બાલ્યકાળમાં માતાના સ્તનપાનમાં અનધિકારીપણું હોવાને કારણે જે તેઓના કરઅંગુષ્ઠમાં ઇંદ્રો પીયૂષરસનો સંચાર કરે છે, તેના પાનથી જાણે પ્રતિહત થયેલા ન હોય તે કારણથી અંગમાં=ભગવાનના અંગમાં, રોગરૂપી સર્પો પ્રવેશ પામતા નથી અને અમૃતના પાનથી આમયરૂપી આશીવિષ=રોગરૂપી સર્પ, એના વિકારનો વિશ્લેષ સમુચિત છે. માટે ભગવાનને રોગ આવતા નથી એમ ઉત્પ્રેક્ષા કરે છે. ।।૨/૩।।

ભાવાર્થ :-

ભગવાન ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે. ત્યારે વિશિષ્ટ પ્રકારનું પુણ્ય બાંધે છે, જેથી ચરમભવમાં તેઓના દેહમાં રોગની પ્રાપ્તિ નથી. છતાં સ્તવનકારશ્રી ઉત્પ્રેક્ષા અલંકારથી કહે છે કે ભગવાનનો દેહ બાલ્યકાળમાં અમૃતરસના આસ્વાદનથી પાલન થયેલો હોવાને કારણે જ રોગરહિત છે. એ પ્રકારે સ્તુતિ કરીને પરમાર્થથી ભગવાનના યોગમાર્ગના સેવનનું આ શ્રેષ્ઠ ફળ છે. જેથી સંપૂર્ણ રોગરહિત કાયાની પ્રાપ્તિ થયેલી છે. તે રીતે સ્તુતિ કરીને ભગવાનની સર્વ ઉત્તમતાની જ સ્તવનકારશ્રી સ્તુતિ કરે છે. જેથી પોતે પણ તેમની જેમ યોગમાર્ગ સેવીને સર્વ ઉત્તમ પુરુષ બને. **॥૨/૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને=ભગવાનની કાયાના વિશેષ ગુણનો સમુચ્ચય 'તથા'થી કરે છે –

શ્લોક :-

त्वय्यादर्शतलालीनप्रतिमाप्रतिरूपके ।
क्षरत्स्वेदविलीनत्वकथाऽपि वपुषः कुतः ? ।।२/४।।

શ્લોકાર્થ :-

આદર્શતલમાં આલીન પ્રતિમામાં પ્રતિરૂપક તમે હોતે છતે હે ભગવંત ! શરીરની=તમારા શરીરની, ઝરતા પરસેવાથી વિલીનપણાની કથા પણ ક્યાંથી હોય ? અર્થાત્ તમારા દેહમાં ક્યારેય પરસેવો થતો નથી. એવો ઉત્તમ દેહ છે. ।।૨/૪।।

ટીકા :-

हे भगवंस्त्वद्वपुषस्तवातुल्यकल्याणगेहस्य देहस्य क्षरत्स्वेदविलीनत्वकथापि कुतः, तथाविधतरणितापादिसम्पर्कतः क्षरत्स्यन्दमानो यः स्वेदो=घर्मजलं तस्माद्विलीनत्वं=पिच्छिलत्वं तस्यास्तां तावदनुभवः कथापि=वार्त्तापि कुतः=सर्वथैवासम्भविनीत्यर्थः, कथम्भूते त्वयीत्याह आदर्शतलालीनप्रतिमाप्रतिरूपके, आदर्शो दर्पणस्तस्य तलं=मध्यं तस्मिन्नालीना=प्रतिबिम्बिता या प्रतिमा=देहप्रतिच्छन्दस्तत्प्रतिरूपके=तदनुकारिणि । किमुक्तं भवति-यथा मुकुरसङ्क्रान्तस्य रूपस्य भीष्मग्रीष्मोष्मादिसानिध्येऽपि स्वेदविलीनत्वं न स्यादेवं निसर्गत एव भगवदङ्ग इति ।।२/४।।

ટીકાર્થ :-

हे भगवंस्त्वद्व ..... भगवदङ्ग इति ।। હે ભગવંત ! તમારા શરીરની=તમારા અસાધારણ કલ્યાણના હેતુ એવા ગેહરૂપ દેહની, ઝરતા પરસેવાના વિલીનત્વની કથા પણ ક્યાંથી હોય. તથાવિધ સૂર્યના તાપાદિના સંપર્કથી ઝરતો=સ્યંદ પામતો જે પરસેવો=ધર્મજલ, તેનાથી વિલીનપણું=પિચ્છલપણું, તેના અનુભવની વાત તો દૂર રહો. વાર્તા પણ ક્યાંથી હોય. અર્થાત્ સર્વથા જ તેવી વાર્તા અસંભવિની છે.

કેવા પ્રકારના તમે હોતે છતે ? એથી કહે છે –

આદર્શતલમાં આલીન પ્રતિમામાં પ્રતિરૂપક=દર્પણના મધ્યમાં પ્રતિબિંબિત, જે પ્રતિમા અર્થાત્ દેહનો પડછાયો, તત્પ્રતિરૂપક=તેને અનુસરનારા, તમે હોતે છતે ઝરતા પરસેવાના વિલીનપણાની કથા પણ અસંભવ છે એમ અન્વય છે. શું કહેવાયેલું થાય છે ?=શ્લોકના કથનથી શું કહેવાયેલું થાય

છે ?, જે પ્રમાણે મુકુરમાં સંકાંત રૂપનું=સ્વચ્છ પદાર્થમાં સંકાંત રૂપનું, ભીષ્મ ગ્રીષ્મની ઉષ્માદિના સાંનિધ્યમાં પણ=અત્યંત ઉનાળાની ગરમીના સાંનિધ્યમાં પણ, પરસેવાનું વિલીનપણું ન થાય, એ પ્રમાણે નિસર્ગથી જ ભગવાનના અંગમાં પરસેવાથી વિલીનપણું ન થાય. ॥૨/૪॥

ભાવાર્થ :-

ભગવાનનો દેહ વિશિષ્ટ પુણ્યપ્રકૃતિવાળો હોવાને કારણે ક્યારેય દેહમાંથી અશુચિ ઝરે તેવો પરસેવો થતો નથી. પરંતુ ભગવાનનો દેહ સ્નાન કર્યા વગર સહજ રીતે સદા સ્વચ્છ રહે છે. તેને ઉપમા દ્વારા ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. જેમ દર્પણમાં પ્રતિબિંબ થયેલ કોઈના દેહનો પડછાયો હોય તેમાં ક્યારેય પરસેવો થતો નથી, તેમ ભગવાનનો દેહ પરસેવાથી મલિન થતો નથી. આ પ્રકારે ભાવન કરીને ભૂતકાળમાં સેવેલા ઉત્તમયોગનું આ ફલ છે. તેથી યોગમાર્ગના ફળરૂપે પુદ્ગલમય દેહ પણ સ્તુતિપાત્ર છે. તે પ્રકારે ઉપસ્થિત કરવાથી તેવા ઉત્તમયોગી પ્રત્યે બહુમાનભાવ વૃદ્ધિ પામે છે. **॥૨/૪॥**

અવતરણિકા :-

एवं च प्रियङ्गुस्फटिकेत्यादिना निरुपचरितादद्भुतरूपत्वं, मन्दारदामेत्यनेन स्वभावसुरभित्वं, दिव्यामृतेत्यनेन निसर्ग्गनीरोगत्वं, त्वय्यादर्शेत्यनेन स्वाभाविकं स्वेदमलोन्मुक्तत्वमभिदधानेन स्तुतिकृता श्लोकचतुष्टयेन भगवतः सहजातिशयेषु प्रथमो देहातिशयः प्रोक्तः साम्प्रतं श्लोकद्वयेन द्वितीयं सहजातिशयमाह –

અવતરણિકાર્થ :-

અને આ રીતે 'प्रियङ्गुस्फटिक' ઈત્યાદિ શ્લોક વડે નિરુપચરિત અદ્ભુતરૂપપણાના, 'मंदारदाम' એ પ્રકારના શ્લોક વડે સ્વભાવથી સુરભિપણાના, 'दिव्यामृत' એ પ્રકારના શ્લોક વડે નિસર્ગથી નીરોગીપણાના, 'त्वय्यादर्श' એ પ્રકારના શ્લોક વડે સ્વાભાવિક પરસેવા અને મલથી ઉન્મુક્તપણાના કથન દ્વારા સ્તુતિકારશ્રી વડે શ્લોકચતુષ્ટયથી ભગવાનના સહજ અતિશયોમાં પ્રથમ દેહાતિશય કહેવાયો. હવે, શ્લોકદ્વય દ્વારા બીજા સહજ અતિશયને કહે છે –

શ્લોક :-

न केवलं रागमुक्तं, वीतराग ! मनस्तव ।
वपुःस्थितं रक्तमपि, क्षीरधारासहोदरम् ।।२/५।।

શ્લોકાર્થ :-

હે વીતરાગ ! કેવલ તમારું મન રાગમુક્ત નથી પરંતુ શરીરમાં રહેલું રક્ત પણ ક્ષીરધારા-સહોદર છે=દૂધ જેવું શ્વેત છે. ॥૨/૫॥

ટીકા :-

हे वीतराग ! भगवंस्तव 'वीतराग' इत्यन्वर्थेन नाम्नैव यशःपटहघोषेण च सर्वत्र निरङ्कुशं प्रसर्पता

मनसो गतरागत्वं सुप्रसिद्धमेव, केवलं न खलु तव मनोऽन्तःकरणमेव रागमुक्तं विषयाभिष्वङ्गरहितं, किन्तु वपुःस्थितं देहान्तर्गतं रक्तं शोणितमपि रागमुक्तं लौहित्योज्झितमत एव क्षीरधारासहोदरं मुग्धदुग्ध-प्लवप्रतिमम् । इयमत्र भावना-सहजातिशयमहिम्नैव भगवद्वपुषि क्षीरधाराधवलं शोणितं, परं रागनिग्रहाग्रहिणं विगणय्येव भगवन्तमन्तश्चकितेनेव किल रक्तेन रागस्तत्यज इति ।।२/५।।

ટીકાર્થ :-

હે વીતરાગ ! ..... रागस्तत्यज इति ।। હે વીતરાગ ભગવાન ! તમારા 'વીતરાગ' એ પ્રકારના અન્વર્થ નામથી જ=અર્થને બતાવનાર યથાર્થ ગુણવાચી નામથી જ, અને યશપટહના ઘોષણથી=તમે વીતરાગ છો એ પ્રકારના યશના ડંકા વગાડવાથી, સર્વત્ર નિરકુંશ પ્રસર્પ પામતા મનનું ગતરાગપણું સુપ્રસિદ્ધ જ છે. ખરેખર કેવલ તમારું મન=અંતઃકરણ જ, રાગમુક્ત=વિષય અભિષ્વંગ રહિત નથી. પરંતુ શરીરમાં રહેલું=દેહમાં રહેલું રક્ત એવું શોણિત પણ=લોહી પણ, રાગમુક્ત=રક્તવર્ણથી ઉજ્જિત છે. આથી જ ક્ષીરધારાસહોદર છે=મુગ્ધ દુગ્ધપ્લવને સદૃશ છે. આ અહીં=પ્રસ્તુત શ્લોકમાં, ભાવના છે. સહજ અતિશય મહિમાથી જ ભગવાનના શરીરમાં દૂધના જેવું ધવલ લોહી છે. કેવલ રાગના નિગ્રહમાં આગ્રહવાળા એવા ભગવંતને જાણીને જ જાણે ન હોય તેમ અંતરમાં ભયભીત થયેલા રક્ત વડે રાગ ત્યજાયો=રાગના નિગ્રહમાં આગ્રહી એવા ભગવંતને જાણીને જ અંતરમાં ચકિત થયેલા એવા રક્ત વડે જાણે રાગ ત્યજાયો ન હોય. ।।૨/૫।।

ભાવાર્થ :-

ભગવાન એ જ ભવમાં વીતરાગ થવાના છે તેથી ગ્રંથકારશ્રીએ ભગવાનને વીતરાગથી સંબોધન કરેલ છે. વસ્તુતઃ હે 'વીતરાગ' એ પ્રકારે તેમનું નામ ગુણથી યુક્ત છે; કેમ કે ભગવાન જન્મથી જ વીતરાગતાને અતિઆસન્ન ચિત્તવાળા છે, તેથી તુચ્છ અસાર પુદ્ગલોમાં ક્યાંય મોહ પામતા નથી. ભગવાન વીતરાગ હોવાને કારણે તેમનું મન સર્વત્ર બાહ્યપદાર્થોમાં રાગમુક્ત છે. તેથી કવિ કહે છે કે હે ભગવંત ! તમારું મન માત્ર રાગમુક્ત છે એમ નથી, પરંતુ શરીરમાં રહેલું લોહી પણ લાલવર્ણને છોડીને દૂધ જેવું સફેદ વર્તે છે. જે તમારા ભૂતકાળમાં કરાયેલા વિશિષ્ટ પુણ્યનું આ ઉત્તમ ફળ છે. **॥૨/૫॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી, દેહના અન્ય અતિશયને 'किञ्च'થી સમુચ્ચય કરતાં કહે છે –

શ્લોક :-

जगद्विलक्षणं किंवा, तवान्यद्वक्तुमीश्महे ।
यदविस्रमबीभत्सं, शुभ्रं मांसमपि प्रभो ! ।।२/६।।

શ્લોકાર્થ :-

હે પ્રભુ ! તમારું જગતથી વિલક્ષણપણું અન્ય કેટલું કહેવા માટે અમે સમર્થ થઈએ. જે કારણથી તમારું માંસ પણ અદુર્ગંધવાળું, અબીભત્સ, શુભ્ર છે. ।।૨/૬।।

ટીકા :-

હે પ્રભો ! ભુવનાધિનાથ ! ભગવંસ્તવ જગદ્વિલક્ષણં જગદસામાન્યમન્યદ્રૂપલવણિમબલકલાકૌશલદાન-ધ્યાનજ્ઞાનાદિકં ગુણગણં વયં સ્તોતારઃ સમ્ભૂયાપિ કિં કિયન્માત્રં વા વક્તું=વર્ણયિતુમીશ્મહે=સમર્થા ભવામઃ, યદ્યસ્માત્ત્વદ્દેહધાતુષુ યન્માંસં=પિશિતં તદપિ જગદ્વિલક્ષણં । તથાહિ માંસં વિસ્રં બીભત્સં લોહિતં ચ ભવતિ । તવ તુ તદપ્યવિસ્રમદુર્ગન્ધિ પરમપરિમલાઢ્યમબીભત્સમજુગુપ્સનીયં શુભ્રં ડિણ્ડીરપિણ્ડપાણ્ડુરમતસ્તવ દેહધાતવોઽપિ યદિ જગદસામાન્યાસ્તત્કિમિવાન્યલ્લોકોત્તરં (ન) ભવિષ્યતીતિ ભાવઃ ।।૨/૬।।

ટીકાર્થ :-

હે પ્રભો ! ..... ભવિષ્યતીતિ ભાવઃ ।। હે પ્રભુ ! ભુવનના અધિનાથ ! ભગવાન તમારું જગતથી વિલક્ષણ=જગતથી અસાધારણ, અન્ય રૂપ, લવણિમા, બલ, કલાનું કુશલપણું, દાન, ધ્યાન, જ્ઞાનાદિ ગુણનો સમુદાય અમે સ્તુતિ કરનારા એકઠા થઈને પણ શું અથવા કેટલું માત્ર કહેવા માટે=વર્ણન કરવા માટે, સમર્થ થઈએ ! જે કારણથી તમારા દેહના ધાતુઓમાં જે માંસ=પિશિત, છે, તે પણ જગતથી વિલક્ષણ છે. તે આ પ્રમાણે માંસ ખરાબ ગંધવાળું, બીભત્સ અને લોહિતવર્ણવાળું હોય છે. વળી, તમારું તે પણ=માંસ પણ, અદુર્ગંધવાળું, શ્રેષ્ઠ સુગંધથી આઢ્ય, અબીભત્સ=અજુગુપ્સનીય, શુભ્ર=ડિન્ડીરના પિંડ જેવું સફેદ=માખણના પિંડ જેવું સફેદ, આથી તમારા દેહની ધાતુઓ પણ જો જગત કરતાં અસામાન્ય હોય તો અન્ય લોકોત્તર કયા કારણથી, નહીં થશે ?=લોકોત્તર નહીં થશે ? એ પ્રકારનો ભાવ છે. ।।૨/૬।।

ભાવાર્થ :-

ભગવાનના દેહની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે હે ભગવન્ ! તમારી જગત કરતાં અનેક પ્રકારની વિલક્ષણતા છે; કેમ કે જન્મથી જ માંડીને વિશિષ્ટ કલાકૌશલ્ય, વિશિષ્ટ જ્ઞાન આદિ તમે ધરાવો છે. તે સર્વ અમે શું કહીએ ? અર્થાત્ તે સર્વનું વર્ણન કરવું દુષ્કર છે. પરંતુ તમારા દેહમાં વર્તતું માંસ જે સામાન્યથી સર્વ જીવોને દુર્ગંધવાળું, બીભત્સ જેવું હોય છે. જ્યારે તમારું માંસ પણ સુરભિગંધવાળું, અબીભત્સ અને માખણના પિંડ જેવું રમ્ય દેખાવવાળું હોય છે. તેથી, ભૂતકાળમાં સેવેલા યોગના ઉત્તમ ફલરૂપે ભગવાનને ચરમભવમાં અનેક પ્રકારની લોકોત્તર અવસ્થાની પ્રાપ્તિ છે. તેથી પુદ્ગલાત્મક દેહમાં રહેલ માંસ પણ અત્યંત રમ્ય છે. આ પ્રકારે સ્તુતિ કરીને ભગવાનની લોકોત્તરતા જ સ્મૃતિમાં આવવાથી લોકોત્તર પુરુષ પ્રત્યે બહુમાનનો ભાવ અતિશય થાય છે. **॥૨/૬॥**

અવતરણિકા :-

તૃતીયં સહજાતિશયમાહ –

અવતરણિકાર્થ :-

ત્રીજા સહજ અતિશયને કહે છે=ભગવાનના સહજ અતિશયને કહે છે –

શ્લોક :-

जलस्थलसमुद्भूताः, सन्त्यज्य सुमनःस्रजः ।
तव निःश्वाससौरभ्यमनुयान्ति मधुव्रताः ।।२/७।।

શ્લોકાર્થ :-

જલમાં અને સ્થલમાં થયેલાં પુષ્પોની માળાઓને છોડીને તમારા નિઃશ્વાસના સૌરભને ભમરાઓ અનુસરે છે. અર્થાત્ તે પુષ્પોની માળાની સુગંધ કરતાં પણ ભગવાનના નિઃશ્વાસની સુગંધ અતિશયિત છે. ।।૨/૭।।

ટીકા :-

हे जगदप्रमेयमहिमन् स्वामिंस्तव निःश्वाससौरभ्यं=मुखानिलपरिमलं, मधुव्रताः=षट्पदाः, समन्ततोऽनुयान्ति=सरभसमनुसरन्ति । यदि पुनस्तत्र प्रसृत्वरपरिमललितमन्यद्वस्तुजातं भविष्यतीत्याह-सन्त्यज्य=विहाय, काः सुमनःस्रजः प्रसूनमालाः । किंविशिष्टाः ? जलस्थलसमुद्भूता जले स्थले च प्रादुर्भूताः, तत्र पुण्डरीककमलकुवलयकुमुदाद्याः सलिलसमुद्भूतास्तिलकचम्पकाशोककेतकबकुलमालतीपाटलाद्याश्च स्थलसमुत्थाः न च परिमलविशेषविचारे चञ्चरीकेभ्योप्यपरे चञ्चुरास्ततस्तेपि यदि सुमनःस्रजः सन्त्यज्य त्वन्मुखामोदमनुसरन्ति ततस्तस्यैव समस्तपरिमलाढ्यवस्तुषु परभाग इति अत्र च यद्यपि ग्रथितान्येव कुसुमानि स्रक्शब्दाभिधेयानि तथाप्यत्यन्तसंहतत्वेन सुमनसां स्रज इव स्रज इत्यदोषः ।।२/७।।

ટીકાર્થ :-

हे जगदप्रमेयमहिमन् ..... इत्यदोषः ।। હે જગતમાં અપ્રમેય=અમાપ, મહિમાવાળા સ્વામી ! તમારા નિઃશ્વાસના સૌરભને=મુખમાંથી નીકળતા સુગંધી પવનને, ભમરાઓ ચારે બાજુથી અનુસરણ કરે છે=સહસા અનુસરણ કરે છે. જો વળી, ત્યાં પ્રસરતા પરિમલથી લલિત અન્ય વસ્તુનો સમૂહ હશે એથી કહે છે. સંત્યાગ કરીને, કોનો સંત્યાગ કરીને ? એથી કહે છે– સુંદર પુષ્પોની માળાઓનો ત્યાગ કરીને. કેવી વિશિષ્ટ માળાઓનો ત્યાગ કરીને ? એથી કહે છે– જલમાં અને સ્થલમાં ઉત્પન્ન થયેલી=જલમાં અને સ્થલમાં પ્રાદુર્ભાવ પામેલી, ત્યાં પુંડરીક, કમલ, કુવલય, કુમુદ આદિ પાણીમાં ઉત્પન્ન થયેલાં છે. તિલક, ચંપક, અશોક, કેતક, બકુલ, માલતી, પાટલાદિ સ્થલસમુદ્ભૂત છે. અને પરિમલના વિશેષના વિચારમાં ભમરાઓથી બીજા ચંચુર કોઈ નથી=પરિમલના પ્રત્યે ખેંચાનારા કોઈ નથી.

તેથી તે પણ જો=ભમરાઓ પણ જો, પુષ્પોની માળાઓને છોડીને તમારા મુખના સુગંધને અનુસરે છે તેથી, તેની જ=તમારા મુખના પવનની જ, સમસ્ત સુગંધી વસ્તુઓમાં પરભાગ છે=શ્રેષ્ઠ સ્વરૂપ છે. અને અહીં જોકે ગ્રથિત કુસુમો જ માળા શબ્દથી અભિધેય છે, તોપણ અત્યંત સંહતપણાને કારણે=કમળો અત્યંત ઉત્પત્તિસ્થાનમાં પ્રચુર હોવાને કારણે, ફૂલોની માળા જેવી માળા છે=તે ફૂલો માળારૂપે નહીં હોવા છતાં માળા તરીકે જ કહેવાય છે, એથી અદોષ છે. ॥૨/૭॥

ભાવાર્થ :-

ભગવાનના દેહના તે પ્રકારના પુણ્યના પ્રકર્ષને કારણે ભગવાનનો નિઃશ્વાસ અત્યંત સુગંધી હોય છે. જેથી સુગંધપ્રિય એવા ભમરાઓ જલમાં અને સ્થલમાં થયેલાં શ્રેષ્ઠ કુસુમોના સમૂહને છોડીને ભગવાનના શ્વાસના સૌરભથી આકર્ષાઈને ભગવાનની આજુબાજુ જ ગુંજારવ કરતા ફરે છે. તેથી ભગવાનની પાસે જનારા અન્ય મનુષ્યોને પણ ભગવાનનો નિઃશ્વાસ અત્યંત પ્રીતિકર બને તેવો શ્રેષ્ઠ કોટિનો હોય છે. જે પૂર્વભવમાં સેવાયેલા શ્રેષ્ઠ કોટિના ધર્મનું ફળ છે. તે રીતે સ્તુતિ કરવાથી ભગવાનના ગુણો પ્રત્યેનો જ રાગ વૃદ્ધિ પામે છે, જે મહાનિર્જરાનું કારણ છે. **॥૨/૭॥**

અવતરણિકા :-

ચતુર્થં સહજાતિશયમાહ –

અવતરણિકાર્થ :-

ચોથા સહજ અતિશયને કહે છે –

શ્લોક :-

लोकोत्तरचमत्कारकरी तव भवस्थितिः ।
यतो नाहारनीहारौ, गोचरश्चर्मचक्षुषाम् ।।२/८।।

શ્લોકાર્થ :-

તમારી ભવસ્થિતિ લોકોત્તર ચમત્કારને કરનારી છે જે કારણથી આહાર-નિહાર=હે ભગવાન ! તમારા આહાર-નિહાર, ચર્મચક્ષુવાળા જીવોનો ગોચર=વિષય, નથી. ॥૨/૮॥

ટીકા :-

हे सर्वाद्भुतनिधान ! भगवंस्तवाखिलकर्मक्लेशजालसमूलोन्मूलनादपुनर्भवस्थितिस्तावच्चमत्कारकारिण्येव किन्तु सकललोकसाधारणी भवस्थितिरपि लोकोत्तरचमत्कारकरी=अलौकिकाश्चर्यकारिणी, यतो जन्मनः प्रभृति निर्वृतिपदप्राप्तिपर्यन्तं तवाहारनीहारौ चर्मचक्षुषां विशिष्टज्ञानलोचनशून्यानां न गोचरो=न विषयः न केनापि चर्मचक्षुषा तवाहारनीहारौ दृश्येते इति, अत्र च नाहारनीहारौ गोचरौ चर्मचक्षुषामितिप्राप्ते विशिष्टबन्धचारुत्वनिमित्तमाविष्टलिङ्गत्वाद् विभिन्नवचनतेत्यदोषः । इयता च–

"देहं विमलसुअंधं, आमयपस्सेयवज्जियं रूवं ।
रुहिरं गोक्खीराभं, निव्विस्सं पण्डुरं मंसं ।।१।।
आहारा नीहारा, अदिस्सा मंसचक्खुणो सययं ।
नीसासो अ सुअंधो, जम्मप्पभिई गुणा एए ।।२।।"

इत्यादि ऋषिभाषितस्य संवादः ।।२/८।।

इति श्रीवीतरागस्तोत्रे द्वितीयस्य सहजातिशयवर्णनस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

हे सर्वाद्भुतनिधान ..... वर्णनस्तवस्य पदयोजना ।। હે સર્વ અદ્‌ભુતના નિધાન એવા ભગવાન ! તમારા અખિલ કર્મરૂપી ક્લેશજાલ મૂલસહિત ઉન્મૂલન થવાથી અપુનર્ એવી ભવસ્થિતિ=ફરી ભવ ન પ્રાપ્ત થાય તેવા ચરમભવની સ્થિતિ, ચમત્કાર કરનારી જ છે. પરંતુ સકલલોક સાધારણ એવી ભવસ્થિતિ પણ=સંસારવર્તી સર્વ જીવો જે પ્રકારે આહાર-નિહાર વગેરે કરે છે એવી સકલલોક સાધારણ ભવસ્થિતિ પણ, લોકોત્તર ચમત્કારને કરનારી છે=અલૌકિક આશ્ચર્યને કરનારી છે. જે કારણથી જન્મથી માંડીને નિવૃત્તિ પદની પ્રાપ્તિ સુધી તમારા આહાર-નિહાર ચર્મચક્ષુવાળા જીવોને= વિશિષ્ટ જ્ઞાનલોચનશૂન્ય એવા જીવોને, ગોચર નથી=વિષય નથી, કોઈના પણ ચર્મચક્ષુ વડે તમારા આહાર-નિહારો દેખાતા નથી. અને અહીં=પ્રસ્તુત કથનમાં, આહાર-નિહાર ચર્મચક્ષુવાળા જીવોને વિષય નથી. એ પ્રમાણે પ્રાપ્ત થયે છતે=ગોચર શબ્દને દ્વિવચનની વિભક્તિ પ્રાપ્ત થયે છતે, વિશિષ્ટ બંધનના ચારુત્વનું નિમિત્ત આવિષ્ટલિંગપણું હોવાથી વિભિન્ન વચનતા છે='ગોચરૌ'ને બદલે 'ગોચરઃ' એ પ્રમાણે એકવચનના પ્રયોગરૂપ વિભિન્ન વચનતા છે. એથી અદોષ છે અને આટલાથી=પ્રસ્તુત પ્રકાશમાં બતાવેલા શ્લોકોથી, "વિમલ સુગંધવાળો દેહ, રોગ અને પ્રસ્વેદ વર્જિતરૂપ, રુધિર ગોક્ષીર જેવું, ખરાબ ગંધ વગરનું સફેદ માંસ, આહાર-નિહાર માંસચક્ષુથી અદિસ્સા=માંસથી નિર્માણ થયેલાં ચક્ષુ છે જેને તેવા જીવોને અગોચર છે અને નિઃશ્વાસ સુગંધવાળો છે. જન્મથી માંડીને આ ગુણો છે." **ઈત્યાદિ ઋષિભાષિતનો સંવાદ છે. ।।૨/૮।।**

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં દ્વિતીય સહજ અતિશયના વર્ણનના સ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

ભગવાને કર્મજન્ય ક્લેશના સમૂહને મૂળ સહિત ઉન્મૂલન કર્યા છે; કેમ કે ક્લેશના કારણીભૂત સોળ કષાયો અને નવ નોકષાયો છે. અને તેનું મૂળ વિપર્યાસ આપાદક મિથ્યાત્વમોહનીય છે. ભગવાન યોગમાર્ગને પામ્યા તે ભવથી માંડીને ક્લેશ નાશ કરવાનો પ્રારંભ કર્યો અને ચરમભવમાં મિથ્યાત્વરૂપી મૂળ સહિત સોળ કષાયો અને નવ નોકષાયોનો નાશ કર્યો. તેથી ભગવાનને ફરી ભવની પ્રાપ્તિ ન થાય તે તો લોકોને ચમત્કાર કરનારી છે; કેમ કે મહાવૈભવથી યુક્ત ભગવાન હોવા છતાં અર્થાત્ અષ્ટપ્રાતિહાર્યરૂપ મહાવૈભવથી

યુક્ત ભગવાન હોવા છતાં તે વૈભવનો ચિત્તને લેશ પણ સ્પર્શ ન થાય તેવી વીતરાગ પરિણતિવાળા હતા. તેથી, બુદ્ધિમાનોને ભગવાનનો ભવ અત્યંત ચમત્કારને કરનારો દેખાય. પરંતુ દેહની આહાર-નિહારની પ્રવૃત્તિ સકલલોક સાધારણ છે. ભગવાનની તે પ્રવૃત્તિ પણ અલૌકિક આશ્ચર્ય કરનારી છે.

કેમ અલૌકિક આશ્ચર્ય કરનારી છે ? તેથી કહે છે –

જન્મથી માંડીને મોક્ષપ્રાપ્તિ સુધી ભગવાન દેહથી આહાર કરે કે મળવિસર્જન આદિ ક્રિયા કરે તે પણ ચક્ષુથી જોનારા જીવોને ક્યારેય દેખાતાં નથી. વિશિષ્ટજ્ઞાની જ વિશિષ્ટજ્ઞાનના બળથી ભગવાનના આહાર-નિહાર જોઈ શકે છે. તેથી ભગવાનના દેહની પણ અત્યંત અદ્‌ભુતતા છે. જેથી, સંસારી જીવો આહાર-નિહાર કરે તે સન્મુખ રહેલ જીવ ચક્ષુથી જોઈ શકે છે જ્યારે ભગવાનના સન્મુખ રહેલા જીવો પણ ચક્ષુથી આહાર-નિહાર જોઈ શકતા નથી. આ પ્રકારે પ્રસ્તુત પ્રસ્તાવમાં ચાર પ્રકારના સહજ અતિશયો ગ્રંથકારશ્રીએ બતાવ્યા છે. તે ટીકામાં આપેલ ઋષિભાષિત શાસ્ત્રવચનના અવલંબનથી કહેલ છે. માટે અત્યંત પ્રમાણભૂત છે; કેમ કે કેવલીઓ, ચૌદપૂર્વધરો કે પ્રત્યેકબુદ્ધ જે વચનો કહે તે ઋષિભાષિત વચનો છે અને તે અત્યંત પ્રમાણભૂત છે અને તેના બળથી ગ્રંથકારશ્રીએ ચાર સહજ અતિશયો બતાવ્યા છે માટે પ્રમાણભૂત છે. **॥૨/૮॥**



અવતરણિકા :-

एवं स्तुतिकृत् स्वामिनः सहजातिशयानभिधाय साम्प्रतं तस्यैव सर्वविरतिप्रतिपत्तेरनन्तरं तीव्रतर-तपःपवनप्रवृद्धदुर्द्धरशुक्लध्यानधनञ्जयभस्मीकृताशेषघातिकर्मेन्धनस्य सद्यः समुद्भूतानेकादशातिशयांस्तृतीय-प्रकाशेनाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સ્તુતિકારશ્રી સ્વામીના સહજ અતિશયોને કહીને હવે તેમના જ સર્વવિરતિના સ્વીકાર પછી તીવ્રતર તપરૂપી પવનથી પ્રવૃદ્ધ દુર્દ્ધર એવા શુક્લધ્યાનરૂપી અગ્નિથી ભસ્મીકૃત અશેષઘાતિકર્મના ઇંધનવાળા ભગવાનના સદ્ય સમુદ્ભૂત અગિયાર અતિશયોને ત્રીજાં પ્રકાશથી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં સ્તુતિકારશ્રીએ ભગવાનના જન્મથી થનારા સહજ ચાર અતિશયો બતાવ્યા. હવે ભગવાન સંયમ ગ્રહણ કરે છે ત્યાર પછી આત્માના શુદ્ધભાવને પ્રગટ કરવા અર્થે જે અંતરંગ દૃઢ ઉદ્યમ કરે છે તે રૂપ તીવ્ર તપરૂપી પવનથી પ્રવર્ધમાન એવું દુર્દ્ધર શુક્લધ્યાન પ્રગટે છે. જેનાથી ચારેય ઘાતિકર્મો ભસ્મીભૂત થાય છે. તે વખતે ભગવાન વીતરાગ અને સર્વજ્ઞ બને છે ત્યારે ભગવાનના અગિયાર અતિશયો તીર્થંકર નામકર્મના ઉદયને કારણે પ્રગટ થાય છે તેને બતાવે છે.

શ્લોક :-

सर्वाभिमुख्यतो नाथ, तीर्थकृन्नामकर्मजात् ।
सर्वथा सम्मुखीनस्त्वमानन्दयसि यत्प्रजाः ।।३/१।।

શ્લોકાર્થ :-

જે કારણથી હે નાથ ! તીર્થંકર નામકર્મથી થનારા સર્વાભિમુખ્ય નામના અતિશયથી સર્વથા સન્મુખી એવા તમે પ્રજાને આનંદ આપો છે. તે કારણથી તમારો યોગસામ્રાજ્યનો અદ્ભુત મહિમા છે એમ અંતિમ શ્લોક સાથે સંબંધ છે. ।।૩/૧।।

ટીકા :-

हे प्रणयप्रणमदमरनाथ नाथ ! यदेतदेतद्वक्तुमुपक्रान्तं स एष सकलोऽपि तवैव योगसाम्राज्यमहिमेति

कुलकप्रान्त्येन श्लोकेन सम्बन्धः । किं तदित्याह– यत्त्वं सर्वथा सम्मुखीनो विष्वग्विसृत्वरेण केवलालोकरोचिषा सर्वतोमुखस्तिर्यग्नरामरादिलक्षणाः प्रजाः प्रतिक्षणमानन्दयसि=परमानन्दमेदुरान्तःकरणाः करोषि, कुतः पुनरिदं सर्वतोमुखत्वं प्रभोरित्याह– तीर्थकृन्नामकर्मजात् परमार्हन्त्यसहचरितात्सर्वाभिमुख्यतः सर्वाभिमुख्य-त्वातिशयात् । अयमाशयः–किल सुप्रभूणां स्वाभिमुख्यमगण्यपुण्यप्राप्यं, तच्च तथाविधशुभसम्भारवशोद्भवमपि द्वित्राणां पञ्चषाणां वा भवति त्वं तु युगपत्कोटिसंख्या अपि तिर्यग्नरामरादिकाः पितेव स्वाः प्रजाः समदृष्ट्या शश्वदानन्दयसीत्यहो तव योगसाम्राज्यमहिमेति अत्र च केचित्सर्वाभिमुख्यतां भगवतो देशनावसर-चतुर्मुखतामाहुस्तस्याश्च सुरकृतत्वेन सुरकृतातिशयेषु पुरस्ताद्भणिष्यमाणत्वात् कर्मक्षयजातिशयेष्वमीषु भणनं न सङ्गतिमङ्गति ।।३/१।।

ટીકાર્થ :-

હે પ્રણય ..... સङ્गतिमङ्गति ।। હે પ્રણયપ્રણમદ્ અમરના નાથ=પ્રીતિપૂર્વક પ્રણામ કરતા દેવોના નાથ, એવા નાથ ! જે આ કહેવા માટેનો ઉપકાંત છે તે આ સકલ પણ તમારા જ યોગસામ્રાજ્યનો મહિમા છે. એ પ્રમાણે કુલકના અંતિમ શ્લોક સાથે સંબંધ છે.

તે શું છે ? એથી કહે છે –

સર્વથા સંમુખી એવા=સર્વત્ર વિસ્તાર પામતા એવા કેવલજ્ઞાનરૂપી કિરણો વડે સર્વતોમુખવાળા એવા તમે તિર્યગ્, નર, અમરાદિલક્ષણ પ્રજાને જે પ્રતિક્ષણ આનંદ આપો છો=પ્રજાને પરમાનંદ મેદુર અંતઃકરણવાળા કરો છો. વળી શેનાથી આ ભગવાનનું સર્વતોમુખત્વ છે એથી કહે છે. તીર્થંકર નામકર્મથી ઉત્પન્ન થયેલ પરમઆર્હંત્યથી સહચરિત એવા સર્વાભિમુખ્યથી=સર્વાભિમુખ્ય નામના અતિશયથી પ્રજાને તમે આનંદિત કરો છો એમ અન્વય છે. આ આશય છે – ખરેખર સુપ્રભુનું=સારા સ્વામીનું સ્વાભિમુખ્ય અગણ્ય પુણ્યથી પ્રાપ્ય છે અને તે તેવા પ્રકારના શુભસંભારના વશથી ઉત્પન્ન થયેલું પણ બે-ત્રણ અથવા પાંચ-છને થાય છે. આ આશય છે – ખરેખર સુપ્રભુનું=સારા સ્વામીનું ઉત્પન્ન થયેલું સ્વાભિમુખ્ય અગણ્ય પુણ્યથી પ્રાપ્ય છે અને તે તેવા પ્રકારના શુભસંભારના વશથી ઉદ્ભવ પણ આભિમુખ્ય બે-ત્રણ અથવા પાંચ કે છને થાય છે. વળી, તમે એક સાથે કોડો સંખ્યાવાળા પણ તિર્યંચ, નર, અમરાદિ સ્વપ્રજાને પિતાની જેમ સમદૃષ્ટિથી શાશ્વત આનંદ આપો છો. તેથી અહો ! તમારા યોગસામ્રાજ્યનો મહિમા છે. અને અહીં=પ્રસ્તુત શ્લોકમાં, કેટલાક ભગવાનની સર્વાભિમુખ્યતા દેશનાના અવસરમાં રહેલી ચતુર્મુખતાને કહે છે. અને તેનું=ભગવાનની ચતુર્મુખતાનું, સુરકૃતપણું હોવાને કારણે દેવકૃત અતિશયોમાં આગળમાં કહેવાપણું હોવાથી આ કર્મક્ષયથી થનારા અતિશયોમાં કહેવું સંગત થતું નથી. ।।૩/૧।।

ભાવાર્થ :-

ભગવાનને કેવલજ્ઞાન થાય છે ત્યારે તીર્થંકર નામકર્મનો વિપાક ઉદયમાં થાય છે તેવા કારણે સર્વ જીવો ભગવાનને અભિમુખ થાય તેવો અતિશય પ્રગટે છે. તેથી જ કેવલજ્ઞાન થયા પછી કરોડો દેવતાઓ, મનુષ્યો

અને તિર્યંચો ભગવાનને સાંભળવાને અભિમુખ પરિણામવાળા થાય છે. વળી, ભગવાનને કેવલજ્ઞાન વિદ્યમાન હોવાથી દેશના સાંભળવા માટે આવેલા બધા જીવોમાંથી કોને ઉપકાર થશે તેનું સાક્ષાત્ જ્ઞાન હોવાથી સન્મુખ રહેલા બધા જીવોને યોગમાર્ગની પ્રાપ્તિ થાય તે પ્રકારે ભગવાન ઉપદેશ આપે છે. વળી, સામાન્ય ઉપદેશક કોઈ હોય તો બે, પાંચ, દસને તત્ત્વની પ્રાપ્તિ થાય તેવો ઉપદેશ આપે, પરંતુ એક સાથે બધાના સંશયનો છેદ થાય એ પ્રકારની દેશના તીર્થંકરો જ આપી શકે છે. તેથી બધા જીવોને સન્મુખ એવા તમે પ્રજાને જે રીતે આનંદ આપો છો તે તમારો અત્યંત અદ્‌ભુત મહિમા છે. **॥૩/૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

ભગવાનના ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા અન્ય અતિશયોનો સંચય કરવા અર્થે 'તથા'થી કહે છે –

શ્લોક :-

यद्योजनप्रमाणेऽपि, धर्मदेशनसद्मनि ।
सम्मान्ति कोटिशस्तिर्यग्नृदेवाः सपरिच्छदाः ।।३/२।।

શ્લોકાર્થ :-

જે યોજનપ્રમાણ પણ ધર્મદેશનાના સ્થાનમાં=સમવસરણમાં, સપરિવાર ક્રોડો તિર્યંચો, મનુષ્યો અને દેવો સમાવેશ પામે છે. તે તમારો અદ્‌ભુત મહિમા છે એમ અંતિમ શ્લોક સાથે અન્વય છે. ॥૩/૨॥

ટીકા :-

धर्मः सर्वदेशसंयमलक्षणो दशद्वादशभेदः सम्यग् दिश्यते यत्र तद्धर्म्मदेशनसद्म तच्च भगवतः सुरासुरजनितं त्रिभुवनाभरणं समवसरणमेव, तस्मिंश्च यत्तिर्यग्नरामरा युगपत्सम्मान्ति परस्पराबाधेन सुखं निषीदन्ति, यदि पुनस्ते स्वल्पा एव भविष्यन्तीत्याह, कोटिशः=कोटिसङ्ख्याः । तावन्तोऽपि कदाचिद्देहमात्रसहाया एव स्युरित्याह सपरिच्छदाः=सपरिवाराः=स्वस्वपरिवारोपेताः, तर्हि देशनासद्म योजनशतादिविस्तीर्णं भविष्यतीत्याह योजनप्रमाणेऽपि गव्यूतिद्वयमात्रविस्तारेऽपि, यच्चैतावत्यपि क्षेत्रे कोटिसङ्ख्याः सपरिवाराश्च तिर्यग्नरामरा युगपन्निराबाधं सम्मान्ति, स सकलोऽपि तवैव योगसमृद्धिसमुदय इति ।।३/२।।

ટીકાર્થ :-

धर्मः सर्वदेश ..... योगसमृद्धिसमुदय इति ।। સર્વસંયમ અને દેશસંયમ લક્ષણ દસ અને બાર ભેદવાળો ધર્મ સમ્યગ્ બતાવાય છે, જેમાં તે ધર્મદેશનાનું સદ્મ છે અને તે=સદ્મ=દેશનાનું ઘર,

ભગવાનનું સુર-અસુરજનિત ત્રિભુવનના આભરણરૂપ સમવસરણ છે અને તેમાં તિર્યંચ, નર અને અમર એક સાથે જે સમાવેશ પામે છે=પરસ્પર અબાધાથી સુખપૂર્વક બેસે છે. જો વળી તે સ્વલ્પ જ થશે એથી કહે છે=સુખપૂર્વક બેસી શકે છે તેનું કારણ તેઓ અલ્પ છે માટે વિશાલ જગ્યામાં સુખપૂર્વક બેસી શકે છે એ પ્રકારની શંકા થાય તેથી કહે છે. કોટિશઃ=કોડની સંખ્યા છે. તેટલા પણ કદાચ દેહમાત્ર સહાયવાળા જ થાય=પોતાના દેહપ્રમાણ જ કોટિ સંખ્યાવાળા થાય તેથી બેસી શકે છે એ પ્રકારની શંકામાં કહે છે. સપરિચ્છદ=સપરિવાર=સ્વસ્વપરિવારથી યુક્ત, કોટિ સંખ્યાવાળા સુખપૂર્વક બેસી શકે છે એમ અન્વય છે. તો દેશનાસદ્મ=દેશનાની ભૂમિ, સેંકડો યોજન વિસ્તીર્ણ હશે=પરિવાર સહિત ક્રોડો દેવો આદિને બેસવા માટે દેશનાભૂમિ સેંકડો યોજન વિસ્તીર્ણ હશે એથી સુખે બેસી શકે છે, એ પ્રકારની શંકા થાય એથી કહે છે. યોજનપ્રમાણ પણ=બે ગવ્યૂતિ માત્ર વિસ્તારવાળી પણ ધર્મદેશનાની ભૂમિમાં સુખે બેસી શકે છે એમ અન્વય છે. અને આટલા પણ ક્ષેત્રમાં સપરિવારવાળા કોટિ સંખ્યાવાળા તિર્યંચ, નર, અમરો એક સાથે જે નિરાબાધ સમાવેશ પામે છે. તે સકલ પણ તમારો જ યોગસમૃદ્ધિનો સમુદય છે=તમે સેવેલા યોગમાર્ગની સમૃદ્ધિનો આ પ્રકર્ષવાળો ઉદય છે. ॥૩/૨॥

ભાવાર્થ :-

ભગવાનનું સમવસરણ એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં દેવતાઓ રચે છે. તેટલા જ પરિમિત ક્ષેત્રમાં પરિવાર સહિત ક્રોડોની સંખ્યાવાળા તિર્યંચો, મનુષ્યો અને દેવો સમાવેશ પામી શકે નહીં. પરંતુ અતિસંકડાશ થવાને કારણે બેસનારને તે સ્થાનમાં સ્વસ્થતાપૂર્વક બેસવું અશક્ય બને, પરંતુ ભગવાનનો તે પ્રકારનો અતિશય છે જેથી પરિવાર સહિત ક્રોડોની સંખ્યાવાળા દેવો આદિ પરસ્પર કોઈ બાધા વગર સુખપૂર્વક બેસી શકે છે. ક્ષેત્રમર્યાદાનુસાર અશક્ય પણ અતિશયથી એ શક્ય બને છે. તે સ્થૂલબુદ્ધિવાળા મનુષ્યની બુદ્ધિનો વિષય બની શકે નહીં. તેથી ભગવાનના તેવા અતિશયને શાસ્ત્રવચનથી સ્વીકારીને ગ્રંથકારશ્રી તે પ્રકારના ગુણની સ્તુતિ કરે છે. જેથી ભગવાનના યોગસામ્રાજ્યના મહિમા પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય. **॥૩/૨॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી ભગવાનના ઘાતિકર્મના ક્ષયથી થયેલા અન્ય અતિશયનો સમુચ્ચય કરવા અર્થે 'किञ्च'થી કહે છે –

શ્લોક :-

तेषामेव स्वस्वभाषापरिणाममनोहरं ।
अप्येकरूपं वचनं, यत्ते धर्मावबोधकृत् ।।३/३।।

શ્લોકાર્થ :-

સ્વસ્વભાષારૂપે પરિણમનથી મનોહર પણ તમારું એકરૂપવાળું જે વચન તેઓને જ=સમવસરણમાં બેઠેલા તિર્યંચાદિ જીવોને જ, ધર્મનો અવબોધ કરનાર છે. તે તમારી યોગસમૃદ્ધિનું વિલસિત છે. ।।૩/૩।।

ટીકા :-

हे विश्वजनीन ! यत्ते=तव वचनं धर्मावबोधकृद्=धर्मसम्बोधकारणं, केषां ? तेषामेव समवसरणोपनतानां तिर्यग्नरामराणां । किंविशिष्टं ? स्वस्वभाषापरिणाममनोहरं तेषां तिर्यग्नरादीनां या स्वा स्वा आत्मीयात्मीया भाषा जात्यनुगुणा तद्रूपेण यत्परिणमनं परिणामस्तेन मनोहरं=हृदयहारि । पठन्ति च –

'देवा दैवीं नरा नारीं शबराश्चापि शाबरीं ।
तिर्यञ्चोऽपि हि तैरश्चीं, मेनिरे भगवद्गिरम् ।।१।।' **इति ।**

यद्येवं भगवद्वचनमपि तावद्रूपं भविष्यतीत्याह, अप्येकरूपं=एकरूपं पञ्चत्रिंशद्गुणोपेतमर्धमागधस्वरूपमपि, यच्चैवंविधेनायोजनविसर्प्पिणा सर्वभाषापरिणतेनैकरूपेणापि वचनेन युगपत्सर्वतिर्यग्नरामराणां धर्मावबोध-कृत्तत्तवैव योगसमृद्धिविलसितमिति ।।३/३।।

ટીકાર્થ :-

हे विश्वजनीन ! यत्ते ..... विलसितमिति ।। હે વિશ્વજનીન !=વિશ્વના ઉપકારક પ્રભુ ! જે તમારું વચન ધર્મના અવબોધને કરનારું=ધર્મના સંબોધનું કારણ છે.

કોને કારણ છે ? એથી કહે છે –

તેઓને જ=સમવસરણમાં આવેલા તિર્યંચ, નર, અમરોને જ, ધર્મબોધનું કારણ છે એમ અન્વય છે.

કેવું વિશિષ્ટ તમારું વચન છે ? એથી કહે છે –

સ્વસ્વભાષાના પરિણમનથી મનોહર વચન છે=તે તિર્યંચ, નર, મનુષ્યની જે સ્વ સ્વ=આત્મીય આત્મીય, ભાષા જાતિને અનુગુણ=તિર્યંચ આદિ જાતિને અનુરૂપ, તે તે રૂપે જે પરિણમન= પરિણામ, તેનાથી મનોહર=હૃદયને હરનારું તમારું વચન છે. અને કહે છે. "દેવો દેવ સંબંધી, મનુષ્યો મનુષ્ય સંબંધી, શબરો શબર સંબંધી, તિર્યંચો પણ તિર્યંચ સંબંધી ભગવાનની વાણીને સાંભળે છે." **જો આ રીતે ભગવાનનું વચન પણ તેટલા રૂપવાળું થશે=પૂર્વમાં કહ્યું એ રીતે સ્વીકારવામાં આવે તો ભગવાનનું વચન પણ તેટલી ભાષારૂપે થશે. એથી કહે છે– વળી, એકરૂપ=પાંત્રીસ ગુણથી યુક્ત અર્દ્ધમાગધસ્વરૂપ પણ એકરૂપ, ભગવાનનું વચન સ્વસ્વભાષાના પરિણમનથી મનોહર છે એમ અન્વય છે. આવા પ્રકારથી યોજન સુધી પ્રસર્પણ પામતા સર્વભાષા પરિણમનથી એકરૂપ પણ વચન વડે એકસાથે સર્વ તિર્યંચ, નર, અમરોને ધર્મબોધને કરનાર તમારું જે વચન છે. તે તમારી જ યોગસમૃદ્ધિનું વિલસન છે. ।।૩/૩।।**

ભાવાર્થ :-

ભગવાને પૂર્વમાં તીર્થંકર નામકર્મ બાંધેલ છે તેથી, ઘાતિકર્મોના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે વચનાતિશય પ્રગટે છે. તેના કારણે ભગવાન જે કાંઈ વચન બોલે છે તે શબ્દોથી એકરૂપ હોવા છતાં પણ દેવો, પશુ આદિ સર્વોને પોતપોતાની ભાષામાં તે વચન પરિણમન પામીને મનને આનંદ આપનારું બને છે અને જે જીવોમાં જે પ્રકારની તત્ત્વની જિજ્ઞાસા હોય છે, તેઓને તે વચનથી યથાર્થ ધર્મનો બોધ થાય છે. જેમ, રોહિણી ચોરને પિતાના વચનાનુસાર ભગવાનનું વચન નહીં શ્રવણ કરવાનો બદ્ધ અભિલાષ હતો તોપણ તે જીવ જ્યારે પગમાં કાંટો લાગ્યો ત્યારે તે કાંટો કાઢવા માટે ત્યાંથી પસાર થતી વખતે કાન ઉપરથી હાથ દૂર કરે છે. તે વખતે જ તત્ત્વને પ્રાપ્ત કરે તેવું સોપક્રમ કર્મ હોવાથી તેના બોધનું કારણ બને તે પ્રકારે ભગવાનનું વચન તેણે સાંભળ્યું કે દેવો અનિમેષ દૃષ્ટિવાળા હોય છે. તે નિમિત્તને જ પામીને અભયકુમારના ચોરને પકડવા માટેના જાળમાંથી તે મુક્ત થાય છે અને ભગવાનને શરણે આવીને સંયમ સ્વીકારે છે. તેથી, જેને જે પ્રકારનો ઉચિત બોધ આવશ્યક હોય તે પ્રકારે ઉચિત બોધ પોતપોતાની ભાષાથી તે જીવોને પ્રાપ્ત થાય છે. તે ભગવાનનો વચનાતિશય છે. **॥૩/૩॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અને અન્ય=ભગવાનના કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા અન્ય માહાત્મ્યને બતાવે છે –

શ્લોક :-

साग्रेऽपि योजनशते, पूर्वोत्पन्ना गदाम्बुदाः ।
यदञ्जसा विलीयन्ते, त्वद्विहारानिलोर्मिभिः ।।३/४।।

શ્લોકાર્થ :-

અગ્રભાગથી સહિત સો યોજનમાં=સવાસો યોજનમાં, પૂર્વમાં ઉત્પન્ન થયેલા રોગરૂપી વાદળાંઓ જે કારણથી તમારા વિહારરૂપી પવનની ઊર્મિઓથી સહસા વિલય પામે છે તે તમારો યોગનો મહિમા છે. ॥૩/૪॥

ટીકા :-

गदा=रोगास्त एव प्रथममणवोऽपि तथाविधसामग्रीसंघट्टनात्प्रसृमरा अम्बुदा इवाम्बुदास्ते तव विहार-स्त्वद्विहारः स एवाप्रतिबद्धत्वेनानिल इवानिलस्तदूर्मिभिरञ्जसा सामस्त्येन यद्विलीयन्ते=विलयं यान्ति, कालावधिमाह किंविशिष्टा गदाम्बुदाः ? पूर्वोत्पन्ना भगवद्विहारात्प्रथममुद्भूताः । इदमुक्तं भवति–भगवद्विहारेण वर्षार्द्धात्प्रथमोत्पन्ना व्याधयो विधूयन्ते, वर्षार्द्धं च यावन्नवीना न प्रभवन्ति, क्षेत्रावधिमाह-साग्रेऽपि योजनशत

इति, सह अग्रेण वर्त्तत इति साग्रं, तच्च तद्योजनशतं च पञ्चविंशत्यधिके योजनशत इत्यैदम्पर्यात्, समुचितश्चानिलोर्मिभिरम्बुदविलयो यच्चैतदेवं तत्तवैव योगसमृद्धिविजृम्भितमिति ।।३/४।।

ટીકાર્થ :-

गदा=रोगास्त ..... विजृम्भितमिति ।। गदाः=રોગો છે. તેઓ જ પ્રથમ અણુરૂપ હોવા છતાં પણ=ઉદ્ભવ-કાળમાં અલ્પમાત્રમાં હોવા છતાં, પણ તેવા પ્રકારની સામગ્રીના સંઘટ્ટનથી=રોગચારો ફેલાવે તેવા પ્રકારની સામગ્રીના સંયોગથી, વિસ્તાર પામતા વાદળાના જેવાં વાદળાં છે. તેઓ=રોગરૂપી વાદળાંઓ, તમારા વિહારરૂપ ત્વદ્વિહાર. તે જ અપ્રતિબદ્ધપણાને કારણે પવન જેવો પવન=ભગવાન અપ્રતિબદ્ધથી વિહાર કરનારા હોવાથી ભગવાનનો વિહાર પવન જેવો છે તેની ઊર્મિઓ વડે સહસા સામસ્ત્યથી જે વિલયને પામે છે. કાલઅવધિને કહે છે=પ્રસરેલા રોગની કાલાવધિને કહે છે.

કેવા વિશિષ્ટ રોગોરૂપી વાદળાંઓ ? તેથી કહે છે –

પૂર્વમાં ઉત્પન્ન થયેલા=ભગવાનના વિહારથી પ્રથમ ઉદ્ભવ થયેલા રોગોનો સમૂહ ભગવાનના વિહારથી નાશ પામે છે એમ અન્વય છે. આ કહેવાયેલું થાય છે. ભગવાનના વિહારથી અર્દ્ધવર્ષથી=છ મહિનાથી પ્રથમ ઉત્પન્ન થયેલી વ્યાધિઓ નાશ પામે છે અને ભગવાનના વિહાર પછી અર્દ્ધવર્ષ સુધી નવીન વ્યાધિઓ પ્રગટ થતી નથી. ક્ષેત્રઅવધિને કહે છે. સાગ્ર પણ સો યોજન=અગ્રથી સહિત વર્તે છે તે સાગ્ર અને સાગ્ર એવું તે યોજનશત અર્થાત્ પચીસ અધિક સો યોજન એ પ્રકારનો ઐદમ્પર્ય હોવાથી=તાત્પર્ય હોવાથી, સવાસો યોજન સુધી રોગો નાશ પામે છે. અને પવનની ઊર્મિઓ વડે વાદળાંઓનો વિલય સમુચિત છે. અને જે આ એ પ્રકારે છે=ભગવાનના વિહારરૂપી પવનથી રોગોરૂપી વાદળાં વિલય પામે છે એ પ્રકારે છે, તે તમારી જ યોગસમૃદ્ધિનું વિજૃમ્ભિત છે=તમારામાં પ્રગટ થયેલ યોગપરિણતિનો વિલાસ છે. ॥૩/૪॥

ભાવાર્થ :-

ભગવાન વિહાર કરે છે ત્યારે સવાસો યોજન સુધીના ક્ષેત્રમાં છ મહિનાના પૂર્વમાં ઉત્પન્ન થયેલા મારી, મરકી આદિ વ્યાધિઓ ભગવાનના વિહારને કારણે દેહને સ્પર્શીને જતા પવનથી જ વિલય પામે છે; કેમ કે ઉત્તમ જીવોના દેહ પણ યોગથી વાસિત પરિણતિવાળા હોવાને કારણે તેમના દેહને સ્પર્શીને જનારો પવન પણ સર્વત્ર ઉપદ્રવોને દૂર કરીને સુખશાંતિને આપનાર છે. જે તેમના યોગનું અદ્ભુત વિલસિત છે. **॥૩/૪॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા અતિશયથી તીર્થંકરોને અન્ય શું થાય છે ? તેનો 'किञ्च'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

नाविर्भवन्ति यद्भूमौ, मूषकाः शलभाः शुकाः ।
क्षणेन क्षितिपक्षिप्ता, अनीतय इवेतयः ।।३/५।।

શ્લોકાર્થ :-

ક્ષિતિપથી=રાજાથી, ક્ષણથી દૂર કરાયેલી અનીતિઓની જેમ=ધર્મીરાજા દ્વારા ક્ષણમાં અનીતિઓ દૂર કરાય છે તેમ, મૂષક, શલભ અને શુકરૂપ ઈતિઓ=ઉપદ્રવો, ભૂમિમાં જે આવિર્ભાવ પામતી નથી, તે તમારું અદ્‌ભુત યોગનું માહાત્મ્ય છે. ।।૩/૫।।

ટીકા :-

साग्रेऽपि योजनशते इत्यनुवर्त्तते, यच्चैतावति क्षेत्रे त्वयि विहरति भूमावीतयो नाविर्भवन्ति=न प्रादुर्भवन्ति । किंरूपा इत्याह–मूषकाः शलभाः शुकाः मूषकशलभशुकरूपाः सकलसस्यसम्पद्विलोपनप्रवणाः, का इव ? अनीतय इव, यथा क्षितिपेन धर्मविजयिना राज्ञा क्षणेनोत्पत्तिसमनन्तरमेव क्षिप्ताः पर्यस्ता अनीतयोऽधर्माचरणानि भूमौ नाविर्भवन्ति तद्वद्‌भुवनबान्धवविहारादीतय इत्यहो त्वद्योगगरिमा ।।३/५।।

ટીકાર્થ :-

साग्रेऽपि ..... त्वद्योगगरिमा ।। સવાસો યોજન એ પ્રકારે પૂર્વશ્લોકમાંથી અનુવર્તન પામે છે, જે આટલા ક્ષેત્રમાં=સવાસો યોજન ક્ષેત્રમાં, તમે વિહાર કર્યે છતે ભૂમિમાં ઈતિઓ=ઉપદ્રવો, આવિર્ભાવ પામતી નથી=પ્રાદુર્ભાવ પામતી નથી.

કેવા પ્રકારની ઇતિઓ પ્રાદુર્ભાવ પામતી નથી ? એથી કહે છે –

સકલધાન્યની સંપત્તિના વિલોપનમાં પ્રવણ એવા ઊંદરો, શલભો અને શુકો=મૂષક, શલભ, શુક રૂપ ઈતિઓ આવિર્ભાવ પામતી નથી.

કોની જેમ ? એથી કહે છે –

અનીતિઓની જેમ, જે પ્રમાણે ક્ષિતિપતિ વડે=ધર્મવિજયી એવા રાજા વડે, ક્ષણથી ઉત્પત્તિ સમંતર જ દૂર કરાયેલી અનીતિઓ=અધર્મની આચરણાઓ, ભૂમિમાં આવિર્ભાવ પામતી નથી. તેની જેમ ભુવનના બાંધવ એવા ભગવાનના વિહારથી ઈતિઓ આવિર્ભાવ પામતી નથી. એ અહો ! આશ્ચર્ય છે તમારા યોગની ગરિમા. ।।૩/૫।।

ભાવાર્થ :-

ભગવાનના વિહારકાળમાં સવાસો યોજનમાં જેમ રોગો ઉત્પન્ન થતા નથી અને પૂર્વના રોગો નાશ પામે છે તેમ ભગવાનના વિહારકાળમાં ધાન્યસંપત્તિને નાશ કરનારા મૂષકાદિ ઉપદ્રવો પણ આવિર્ભાવ પામતા નથી તેથી, જગતમાં ઉત્તમ પુરુષોના યોગના બળથી તે કાળના જીવોને પણ ઘણા પ્રકારનું રક્ષણ મળે છે તે

ભગવાનના યોગનો વિલાસ છે. આ પ્રકારે સ્તુતિ કરવાથી ભગવાનના યોગ પ્રત્યેનો વધતો જતો બહુમાનભાવ યોગ્ય જીવોને તદ્તુલ્ય થવામાં પ્રબળ કારણ બને છે. ॥૩/૫॥

શ્લોક :-

स्त्रीक्षेत्रपद्रादिभवो, यद्वैराग्निः प्रशाम्यति ।
त्वत्कृपापुष्करावर्त्तवर्षादिव भुवस्तले ।।३/६।।

શ્લોકાર્થ :-

તમારી કૃપારૂપી પુષ્કરાવર્તની વર્ષાથી જાણે ભૂમિસ્તલમાં અગ્નિ શાંત થતો ન હોય તેમ સ્ત્રી, ક્ષેત્ર પદ્રાદિથી થનાર=ગામ, નગર આદિથી થનાર, જે વૈરરૂપી અગ્નિ શાંત થાય છે તે તમારો અદ્ભુત મહિમા છે. ॥૩/૬॥

ટીકા :-

यच्चास्मिन् भुवस्तले त्वयि विहरति योजनशतान्तर्वैराग्निः प्रशाम्यति, वैरं विरोधः स एव स्वपरयोरुपतापकारित्वेनाग्निरिवाग्निः, किंविशिष्टः ? स्त्रीक्षेत्रपद्रादिभवः, स्त्रियः=कामिन्यः, क्षेत्राणि=सस्योत्पत्तिभूमयः, पद्राणि=ग्रामनगरादीनां सन्निवेशवसुमत्यः, आदिशब्दात् कौटुम्बिकादिपरिग्रहः, एभ्यो भव उत्पत्तिर्यस्य स तथा । भवत्येव स्त्रीप्रभृतिभ्यो रामरावणपाण्डवकौरवादीनामिव कुलोच्छित्तिनिबन्धनो वैरानुबन्धः, स चैवंविधोऽपि प्रशाम्यति । प्रशमहेतुमाह–त्वत्कृपेत्यादि, तव सम्बन्धिनी कृपा त्वत्कृपा सर्वसत्त्वसाधारणी कारणनिरपेक्षा करुणा सैव जगज्जन्तुजातजीवातुत्वेन पुष्करावर्त्त इव, तस्य वर्षणं वर्षस्तस्मादिव । इदमत्र हृदयं-किल काष्ठादिसङ्घर्षसमुद्भवो ह्यग्निः सामान्यपर्जन्यधारासारमात्रेणैवोपशाम्यति अस्य च दुर्धरवैरानुबन्धधनञ्जयस्य त्वत्कृपापुष्करावर्त्तादृते क इवान्यः प्रशमोपाय इति यच्चैतदेवं स तवैव योगसम्पत्परभागः ।।३/६।।

ટીકાર્થ :-

यच्चास्मिन् भुवस्तले ..... योगसम्पत्परभागः ।। આ ભૂમિતલમાં તમે વિહાર કર્યે છતે સો યોજન ભૂમિ સુધી વૈરાગ્નિ જે શાંત પામે છે. વૈર=વિરોધ, તે જ સ્વ-પરનું ઉપતાપકારિપણું હોવાને કારણે અગ્નિ જેવો અગ્નિ છે. કેવા પ્રકારનો છે ? સ્ત્રી, ક્ષેત્ર, પદ્રાદિથી થનારો. સ્ત્રીઓ=કામિનીઓ, ક્ષેત્ર= ધાન્યની ઉત્પત્તિની ભૂમિઓ, પદ્રાદિ=ગામ, નગર આદિના સન્નિવેશરૂપ ભૂમિઓ આદિ શબ્દથી કૌટુંબિક આદિનો પરિગ્રહ. આ બધાથી=સ્ત્રી આદિ આ બધાથી, ઉત્પત્તિ છે જેને તે તેવું છે=સ્ત્રી, ક્ષેત્ર, પદ્રાદિથી ઉત્પત્તિવાળું છે. સ્ત્રી વગેરેથી રામ, રાવણ, પાંડવ, કૌરવાદિની જેમ કુલઉચ્છેદનું કારણ વૈરનો અનુબંધ થાય જ છે અને તે આવા પ્રકારનો પણ=કુલના ઉચ્છેદનું કારણ બને તે પ્રકારનો પણ, વૈરનો અનુબંધ શાંત થાય છે. પ્રશમ હેતુને કહે છે. તમારી કૃપા ઇત્યાદિ, તમારા

સંબંધી કૃપા તે ત્વત્કૃપા છે. સર્વ જીવો સાધરણ કારણનિરપેક્ષ કરુણા તે જ જગતજંતુના સમૂહનું જીવાતુપણું હોવાને કારણે પુષ્કરાવર્ત જેવું છે. તેનું વર્ષણ=તેની વર્ષા, તેનાથી જાણે વૈરાગ્નિ શમતો ન હોય તેમ અન્વય છે. આ=આગળમાં કહે છે એ, અહીં=પ્રસ્તુત શ્લોકમાં, હૃદય છે=તાત્પર્ય છે. ખરેખર કાષ્ઠાદિ સંઘર્ષથી ઉત્પન્ન થયેલો અગ્નિ સામાન્ય મેઘધારાના સમૂહમાત્રથી ઉપશાંત થાય છે. અને દુર્ધર વૈરાનુબંધ અગ્નિના પ્રશમનો ઉપાય તમારી કૃપારૂપ પુષ્કરાવર્તને છોડીને અન્ય કોણ છે ? અને આ પ્રમાણે જે આ છે=બીજાના વૈરાગ્નિને શાંત કરે એ પ્રમાણે જે છે, તે તમારી જ યોગ-સંપત્તિનો પ્રકૃષ્ટ ભાગ છે=પ્રકૃષ્ટ અંશ છે. ॥૩/૬॥

ભાવાર્થ :-

ભગવાન ભૂતકાળમાં મહાયોગી થઈને ચરમભવને પામ્યા છે. અને ચરમભવમાં પણ યોગની શ્રેષ્ઠ ભૂમિકાને પામેલા છે, જે યોગનું અદ્‌ભુત માહાત્મ્ય છે, તે બતાવતાં કહે છે કે ભગવાન જગતના જીવો પ્રત્યે કૃપાદૃષ્ટિવાળા છે. તે કૃપાદૃષ્ટિરૂપ પુષ્કરાવર્તથી ભૂમિસ્તલમાં જાણે જીવોના પરસ્પર વૈરરૂપી અગ્નિ શાંત થયો ન હોય તેમ ભગવાન જે ક્ષેત્રમાં વિહાર કરે છે, તે ક્ષેત્રથી સો યોજન સુધી સ્ત્રીકૃત વૈરાગ્નિ ઉત્પન્ન થયો હોય, ક્ષેત્રકૃત વૈરાગ્નિ ઉત્પન્ન થયો હોય, ગ્રામકૃત આદિ વૈરાગ્નિ ઉત્પન્ન થયો હોય તે સ્વાભાવિક શાંત થાય છે. જેમ, સીતાકૃત વૈરાગ્નિ રામ અને રાવણ વચ્ચે થયેલ, તે રીતે કોઈ ક્ષેત્રને પ્રત્યે મમત્વ થવાથી પરસ્પર કોઈ રાજા કે ખેડૂત વગેરેનો ઝઘડો થાય કે કોઈ ગામ આદિને માટે પરસ્પર ઝઘડા થયા હોય તે કોઈના પ્રયત્ન કર્યા વગર ભગવાનના આગમનના પ્રભાવથી શાંત થાય છે; કેમ કે ભગવાન અત્યંત અસંગના પરિણામવાળા છે. અને અસંગ પરિણામવાળા તીર્થંકરોના વિહાર માત્રના આગમનથી તેઓના અસંગપરિણામરૂપ યોગના માહાત્મ્યથી તે સર્વ ઉપદ્રવો શાંત થાય છે. જો કે અન્ય કેવલીઓ પણ અસંગ પરિણામવાળા હોય છે તોપણ તીર્થંકર નામકર્મના ઉદય સહકૃત અસંગપરિણામ વિશેષ છે. જેથી તેમના જ પ્રભાવથી આ સર્વ ઉપદ્રવો નાશ પામે છે, જેમ અન્ય કેવલીઓ કેવલજ્ઞાનવાળા છે, તોપણ તીર્થંકર નામકર્મના ઉદયથી સહકૃત કેવલજ્ઞાન વિશેષ છે. તેથી ભગવાનમાં પરોપકાર કરવાને અનુકૂળ વચનાતિશયની પ્રાપ્તિ તીર્થંકરોને થાય છે. અન્ય કેવલીઓને પ્રાપ્ત થતી નથી. **॥૩/૬॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અને ભગવાનનું અન્ય માહાત્મ્ય બતાવે છે –

શ્લોક :-

त्वत्प्रभावे भुवि भ्राम्यत्यशिवोच्छेदडिण्डिमे ।
सम्भवन्ति न यत्राथ, मारयो भुवनारयः ।।३/७।।

શ્લોકાર્થ :-

અશિવના ઉચ્છેદ માટે ડિંડિમ જેવો તમારો પ્રભાવ ભૂમિમાં ભમતે છતે હે નાથ, ભુવનના શત્રુ એવી મારીઓ જે સંભવતી નથી તે તમારા યોગનો પ્રભાવ છે. ।।૩/૭।।

ટીકા :-

हे कृपापाथो(धे !) नाथ ! यच्चास्यां भुवि योजनशतान्तरे मारयः क्रूरग्रहदुष्टभूतमुद्गलशाकिन्यामयादि-जनितान्यकालमरणानि न सम्भवन्ति=सम्भावनामात्रमपि तदीयं नोपपद्यते, किंविशिष्टा मारयो ? भुवनारयः भुवनजननिर्निमित्तशत्रवः । क्व सति ? तव जगद्विलक्षणाक्षीणशुभलक्षणखनेः प्रभावे=माहात्म्ये, भ्राम्यति= निरङ्कुशं प्रसरति । कथम्भूते ? अशिवोच्छेदडिण्डिमे अकल्याणनिर्वासनपटुपटहे, अशिवरूपाश्च मारयः, इत्ययमपि निरवग्रहस्तवैव योगसमृद्धिगरिमेति ।।३/७।।

ટીકાર્થ :-

हे कृपापाथो ..... योगसमृद्धिगरिमेति ।। હે કૃપાપાથ=કૃપાના સ્થાન ! નાથ ! જે આ ભૂમિમાં સો યોજનની અંદરમાં મારીઓ, ક્રૂરગ્રહ, દુષ્ટભૂત, મુદ્ગલ, શાકિની આમયાદિ જનિત અકાલ મરણાદિ સંભવતાં નથી=તેઓના સંબંધી=ક્રૂરગ્રહાદિ સંબંધી, સંભાવના માત્ર પણ ઉત્પન્ન થતી નથી.

કેવા પ્રકારની વિશિષ્ટ મારીઓ છે ? તેથી કહે છે –

ભુવનના શત્રુઓ=ભુવનના લોકોના નિર્નિમિત્તક શત્રુઓ મારીઓ છે.

શું હોતે છતે સંભવતી નથી ? એથી કહે છે –

જગતના વિલક્ષણ અક્ષીણ થયેલ શુભલક્ષણના ખાણ એવા તમારો પ્રભાવ=માહાત્મ્ય, નિરંકુશ પ્રસરણ પામ્યે છતે, કેવા પ્રકારનો તમારો પ્રભાવ પ્રસરણ પામ્યે છતે ? એથી કહે છે – અશિવ ઉચ્છેદ ડિંડિમ=અકલ્યાણના નિર્વાસનમાં પટુ પટહવાળો=જીવોના અહિતને દૂર કરવા માટે સમર્થ પટુ પટહવાળો, તમારો પ્રભાવ પ્રસરણ પામ્યે છતે મારીઓ સંભવતી નથી એમ અન્વય છે અને મારીઓ અશિવરૂપ છે. એથી આ પણ નિરવગ્રહ તમારી જ યોગસમૃદ્ધિની ગરિમા છે=તમારા પ્રભાવથી જગતમાં મારીઓ સંભવતી નથી એ પણ યોગસમૃદ્ધિની ગરિમા છે. ।।૩/૭।।

ભાવાર્થ :-

ભગવાનના યોગના વિશેષ માહાત્મ્યને બતાવતાં કહે છે– હે ભગવન્ ! તમે જ્યારે જગતમાં વિચરો છો ત્યારે તમારો પ્રભાવ ઉપદ્રવોના ઉચ્છેદ માટે ડિંડિમ જેવો છે અર્થાત્ જગતના જીવોને ઉપદ્રવકારી એવા રોગો આદિ કે ભૂત, પિશાચ આદિના ઉપદ્રવો તમારા પ્રભાવથી થઈ શકતા નથી. તેથી ઉત્તમ પુરુષના સાન્નિધ્ય માત્રથી જગતના જીવો માટે પરમશત્રુભૂત મારી આદિનો ઉદ્ભવ નિરોધ પામે છે. આ પ્રકારે સ્તુતિ કરીને જગતમાં યોગી પુરુષોના યોગનું અદ્ભુત માહાત્મ્ય છે, તેમ ભાવન કરીને સ્તુતિકારશ્રી યોગ પ્રત્યેનો પોતાનો બહુમાનભાવ અતિશય કરે છે. તેથી યોગી એવા ભગવાનની તે પ્રકારની સ્તુતિથી પણ

પોતાનામાં શીઘ્ર યોગનો પ્રાદુર્ભાવ થાય અર્થાત્ અનાદિની સંગશક્તિ ક્ષીણ-ક્ષીણતર થાય અને આત્માની અસંગશક્તિ પ્રગટે. ॥૩/૭॥

અવતરણિકા :-

અપરञ्च –

અવતરણિકાર્થ :-

અને અપર=બીજા યોગમાહાત્મ્યનું સંચય કરે છે –

શ્લોક :-

कामवर्षिणि लोकानां, त्वयि विश्वैकवत्सले ।
अतिवृष्टिरवृष्टिर्वा, भवेद्यन्नोपतापकृत् ।।३/८।।

શ્લોકાર્થ :-

લોકોના કામને વર્ષાવનારા વિશ્વના એકવત્સલ તમે હોતે છતે ઉપતાપને કરનાર જે અતિવૃષ્ટિ કે અવૃષ્ટિ થાય નહીં તે તમારા યોગનું માહાત્મ્ય છે. ॥૩/૮॥

ટીકા :-

यच्च विमलकेवलालोकभास्वति त्वयि स्वपादप्रचारेणावनितलं पुनाने योजनशतान्तरतिवृष्टिर्मात्रातिक्रान्तवर्षणमकालवर्षणं वा, अनावृष्टिः कालेऽप्यवर्षणं, वाशब्दादरिष्टवृष्टिश्च न भवेन्न जायेत । किंविशिष्टा ? उपतापकृत् सस्यौषधिप्रबन्धविध्वंसकत्वेन विश्वसन्तापकारिणी, क्व सति ? त्वयि त्रिजगद्गुरौ लोकानां सत्त्वानां कामवर्षिणि, कामानभिलाषान् वर्षतीत्येवंशीलः कामवर्षी तस्मिन् प्रणयिजनमनःसङ्कल्पितार्थप्रथनपटीयसि । तथात्वे हेतुमाह–विश्वैकवत्सले जगतोऽप्यनुपकृतोपकारिणि । तदेतदतिवृष्ट्यादिस्खलनमपि त्वद्योगर्द्धिविलसितमेव ।।३/८।।

ટીકાર્થ :-

यच्च ..... विलसितमेव ।। અને વિમલ કેવલાલોકથી શોભતા સ્વપાદપ્રચારણથી અવનિતલને પવિત્ર કરતા તમે હોતે છતે, જે યોજનશતઅંતર્=સો યોજનની અંદર અતિવૃષ્ટિ=માત્રાથી અતિકાંત વર્ષણ અથવા અકાલ વર્ષણ, અનાવૃષ્ટિ=કાલે પણ અવર્ષણ. વા શબ્દથી અરિષ્ટવૃષ્ટિ=ખરાબ વૃષ્ટિ, થાય નહીં.

કેવા પ્રકારથી અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ છે ? તેથી કહે છે –

ઉપતાપને કરનારી=ધાન્યરૂપ ઔષધિના પ્રબંધના વિધ્વંસપણાથી વિશ્વના સંતાપને કરનારી, એવી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય નહીં.

શું હોતે છતે અતિવૃષ્ટિ આદિ થાય નહીં ? તેથી કહે છે –

ત્રિજગતના ગુરુ લોકના કામ વર્ષાવનારા તમે હોતે છતે અતિવૃષ્ટિ આદિ થાય નહીં. કામ વર્ષાવનારાનો અર્થ સ્પષ્ટ કરે છે. કામોને=અભિલાષાઓને, વરસાવે છે એવા સ્વભાવવાળા કામવર્ષી તે હોતે છતે=રાગી જીવોના મનના સંકલ્પિત અર્થના પ્રથનમાં=પ્રગટ કરવામાં, પટુ એવા કામવર્ષી તમે હોતે છતે અતિવૃષ્ટિ આદિ થતી નથી એમ અન્વય છે. તથાપણામાં=ભગવાનના કામવર્ષિપણામાં, હેતુને કહે છે. વિશ્વ એકવત્સલ, જગતને પણ અનુપકૃત ઉપકારી હોતે છતે=ભગવાન ઉપર જેમણે ઉપકાર નથી કર્યો તેવા જગતના જીવો પ્રત્યે પણ ઉપકાર કરનારા ભગવાન હોતે છતે અતિવૃષ્ટિ આદિ થતી નથી. તે આ અતિવૃષ્ટિ આદિનું સ્ખલન પણ તમારા યોગની ઋદ્ધિનું વિલસિત જ છે. અર્થાત્ ભગવાને યોગમાર્ગને સેવીને જે અસંગની પરિણતિ પ્રગટ કરી અને તે કાળમાં બંધાયેલી શ્રેષ્ઠ કોટિની પુણ્યપ્રકૃતિ તેનું જ વિલસિત છે. જેથી ભગવાનના ગમન માત્રથી જગતમાં અતિવૃષ્ટિ આદિ ઉપદ્રવો દૂર થાય છે. ॥૩/૮॥

ભાવાર્થ :-

ભગવાન વિશ્વ માત્ર પ્રત્યે એકવત્સલ સ્વભાવવાળા છે. જો કે ભગવાન કેવલજ્ઞાન પામ્યા પછી વીતરાગ છે તેથી રાગજન્ય કોઈ લાગણી નથી કે દ્વેષજન્ય કોઈ ભાવ નથી. તોપણ તેરમા ગુણસ્થાનકમાં વર્તતા ભગવાનમાં શુભલેશ્યા હોય છે. તેથી જગતના જીવોનું હિત થાઓ તે પ્રકારની પ્રવૃત્તિ કરવાનો શુભ અધ્યવસાય કેવલજ્ઞાન અવસ્થામાં પણ ભગવાનને હોય છે. તેથી વિશ્વના જીવોનું હિત કરવાની મતિવાળા ભગવાન છે અને જગતના જીવોને જે જે પ્રકારની કામનાઓ છે તેમને જ વરસાવવાના એકસ્વભાવવાળા ભગવાન છે, તેથી જગતના જીવોને જે કામના વર્તે છે કે અતિવૃષ્ટિ, અવૃષ્ટિ, અને કુવૃષ્ટિ ન થાઓ તે કામનાને જ જાણે શાંત કરવા અર્થે જ વિશ્વવત્સલ એવા ભગવાનના ગમનથી ઉપદ્રવો દૂર થાય છે તે ભગવાનના યોગનું અદ્‌ભુત માહાત્મ્ય છે; કેમ કે સાધનાકાળમાં તેઓના ચિત્તમાં વર્તતો જગત પ્રત્યે જે વાત્સલ્યભાવ, તેનાથી બંધાયેલું શ્રેષ્ઠ કોટિનું પુણ્ય ચરમભવમાં જગતના જીવોના ઉપદ્રવોને દૂર કરનારું બને છે. આ પ્રકારે સ્તુતિ કરવાથી યોગ પ્રત્યેનો બહુમાનભાવ વધે છે અને યોગ અસંગપરિણતિરૂપ છે જેથી જીવને અસંગપરિણતિ પ્રત્યે આદરની અભિવૃદ્ધિ થાય છે. અને જેમ જેમ અસંગપરિણતિ પ્રત્યે આદરની વૃદ્ધિ થાય તેમ તેમ સ્તુતિ કરનારા જીવોને પણ અસંગપરિણતિરૂપ યોગનો અંશ પ્રાદુર્ભાવ થાય છે. **॥૩/૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને અન્ય યોગમાહાત્મ્યનું સંચય કરે છે –

શ્લોક :-

स्वराष्ट्रपरराष्ट्रेभ्यो, यत् क्षुद्रोपद्रवा द्रुतम् ।
विद्रवन्ति त्वत्प्रभावात्सिंहनादादिव द्विपाः ।।३/९।।

શ્લોકાર્થ :-

સિંહનાદથી હાથીઓ જેમ વિદ્રવ પામે છે તેમ તમારા પ્રભાવથી સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રોથી થતા જે ક્ષુદ્રોપદ્રવ શીઘ્ર નાશ થાય છે તે તમારા યોગનું માહાત્મ્ય છે. ।।૩/૯।।

ટીકા :-

यच्च सकलमङ्गलमूलनिलये त्वयि भव्यानुग्रहाय महीं विहरति, योजनशतान्तः क्षुद्रोपद्रवाः स्थानभ्रंश-धनमित्रप्राणनाशादयो द्रुतमविलम्बितं विद्रवन्ति त्रस्यन्ति । कुतः पुनस्तेषामुद्भव इत्याह–स्वराष्ट्रपरराष्ट्रेभ्यः स्वं च तद्राष्ट्रं च स्वराष्ट्रं तस्मादितरत्परराष्ट्रं तेभ्यो, अयुक्तलोभसंक्षोभविलुप्तमर्यादेभ्यः स्वदेशाधिपतिभ्यो अतिबलाहङ्कृतिचलितेभ्यः प्रतिबलभूपेभ्यश्च पदे पदे सुलभा एव क्षुद्रोपद्रवाः प्राणिनाम् ते च त्वत्प्रभावात्तवा-चिन्त्यमहिम्नो माहात्म्यात्सत्वरं विलीयन्ते । अत्रोपमामाह-सिंहनादादिव द्विपाः, यथा द्विपाः समदमदकलाः सिंहनादाद्विनिद्रपारीन्द्ररौद्रगुञ्जितात्क्षणाद्दिशोदिशतामुपयान्ति तद्वदिति, न चैतदपि त्वद्योगसमृद्धेरपरस्य व्यवसितमिति ।।३/९।।

ટીકાર્થ :-

यच्च ..... व्यवसितमिति ।। અને સકલ મંગલના મૂલના નિલય=સર્વકલ્યાણના મૂલ સ્થાન એવા તમે ભવ્યના અનુગ્રહ માટે પૃથ્વી ઉપર વિચરતે છતે, યોજનશત અંદરમાં=સો યોજનમાં, ક્ષુદ્રોપદ્રવો= સ્થાનભ્રંશ, ધનનાશ, મિત્રનાશ, પ્રાણનાશ આદિ જે શીઘ્ર=અવિલમ્બિત, વિદ્રવ પામે છે=દૂર થાય છે, તે તમારા યોગનું માહાત્મ્ય છે એમ અન્વય છે.

કેવી રીતે વળી તેઓનો ઉદ્ભવ થાય=ક્ષુદ્રોપદ્રવોનો ઉદ્ભવ થાય ? એથી કહે છે –

સ્વરાષ્ટ્રથી અને પરરાષ્ટ્રથી તે ક્ષુદ્રોપદ્રવોનો ઉદ્ભવ થાય છે એમ અન્વય છે. સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રનો અર્થ સ્પષ્ટ કરે છે. સ્વ એવું તે રાષ્ટ્ર સ્વરાષ્ટ્ર છે. તેનાથી ઈતર પરરાષ્ટ્ર છે. તેઓથી ક્ષુદ્રોપદ્રવો થાય છે એમ અન્વય છે.

સ્વરાષ્ટ્રથી અને પરરાષ્ટ્રથી કઈ રીતે ઉપદ્રવો થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

અયુક્ત લોભના સંક્ષોભને કારણે વિલુપ્ત મર્યાદાવાળા સ્વદેશના અધિપતિથી પદે પદે પ્રાણીઓને ઉપદ્રવો સુલભ જ છે. અને અતિબલને કારણે અહંકારથી ચલિત થયેલા પ્રતિબલવાળા ભૂપતિથી= અન્ય રાજા કરતાં પોતાની પાસે અતિબલ છે માટે હું તે રાજાને જીતું એ પ્રકારના અહંકારને વશ યુદ્ધ માટે આવેલા અન્ય દેશના રાજાથી, પદે પદે પ્રાણીઓને ક્ષુદ્રોપદ્રવો સુલભ છે. અને તે=

સ્વરાષ્ટ્રથી અને પરરાષ્ટ્રથી થતા ક્ષુદ્રોપદ્રવો, તમારા પ્રભાવથી=અચિંત્ય મહિમાવાળા તમારા માહાત્મ્યથી, સત્વર વિલીન પામે છે=પૂર્વમાં ઉપદ્રવો ચાલતા હોય અને ભગવાનના આગમનને કારણે શીઘ્ર શાંત થાય છે, આમાં=ભગવાનના આગમનથી ઉપદ્રવો શાંત થાય છે એમાં, ઉપમાને કહે છે – સિંહનાદથી દ્વીપો જેમ કોલાહલ કરતા શાંત થાય છે. તેમ ભગવાનના પ્રભાવથી ક્ષુદ્રોપદ્રવો શાંત થાય છે એમ અન્વય છે. જે પ્રમાણે સમદમદની કલાવાળા હાથીઓ=મદોન્મત્ત થયેલા હાથીઓ, વિનિદ્ર પારીન્દ્ર રૌદ્ર ગુંજિત એવા સિંહનાદથી=નિદ્રાને નાશ કરે એવા રૌદ્ર ગુંજિત સિંહનાદથી, ક્ષણમાં દિશોદિશતામાં=જુદી જુદી દિશામાં, ભાગે છે તેની જેમ ભગવાનના પ્રભાવથી ક્ષુદ્ર ઉપદ્રવો દૂર થાય છે. અને આ પણ તમારી યોગસમૃદ્ધિથી અપરનું વ્યવસિત નથી= બીજાનું કરાયેલું નથી. ॥૩/૯॥

ભાવાર્થ :-

સિંહનાદ કરવામાં આવે છે ત્યારે ભયભીત થયેલા હાથીઓ ચારે દિશામાં ભાગે છે. તેમ ભગવાન જ્યારે ભૂમિ ઉપર વિચરતા હોય તે વખતે સો યોજનમાં કોઈ રાજા કુરાજા થયો હોય અને લોભને વશ મર્યાદાને છોડીને લોકોને લૂંટતો હોય અથવા પોતાનું અધિક બલ જાણીને કોઈ રાજા કોઈક દેશ ઉપર ચઢી આવેલો હોય ત્યારે લોકોમાં જે ઉપદ્રવ વર્તતા હોય, જેથી લોકો અતિ ત્રાસેલા હોય, તે સર્વ ઉપદ્રવો ભગવાનના વિહારને કારણે તત્ક્ષણ શાંત થાય છે. જે ભગવાનમાં વર્તતા યોગની ઉત્તમ પરિણતિનું જ કાર્ય છે. તેથી યોગીપુરુષો જગતના જીવો માટે મહાસુખના હેતુ છે. એ પ્રકારે સ્મૃતિ કરીને તેમનાં ગુણગાન કરવાથી તેમનામાં વર્તતા યોગ પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે છે. જેનાથી યોગની પ્રાપ્તિનાં બાધક ઘણાં કર્મોનો નાશ થાય છે. ॥૩/૯॥

અવતરણિકા :-

अन्यच्च –

અવતરણિકાર્થ :-

અને અન્ય યોગનું માહાત્મ્ય બતાવે છે –

શ્લોક :-

यत्क्षीयते च दुर्भिक्षं, क्षितौ विहरति त्वयि ।
सर्वाद्भुतप्रभावाढ्ये, जङ्गमे कल्पपादपे ।।३/१०।।

શ્લોકાર્થ :-

સર્વ અદ્‌ભુત પ્રભાવથી યુક્ત જંગમ કલ્પવૃક્ષ જેવા તમે ક્ષિતિમાં વિહાર કર્યે છતે જે દુર્ભિક્ષ નાશ પામે છે તે તમારા યોગનો પ્રભાવ છે. ॥૩/૧૦॥

ટીકા :-

હે જગત્પ્રતીક્ષ્ય ! क्षितौ=क्षोणिमण्डले, गव्यूतिशतद्वयान्तर्यदशेषदुर्गतगणग्रसनराक्षसं दुर्लभा भिक्षाप्यत्रेति व्युत्पत्त्याऽन्विताभिख्यं दुर्भिक्षम्, क्षीयते=सकलपरिग्रहपिण्डादिदुष्कृतैः सह क्षयमुपयाति । क्व सति ? त्वयि विहरति=विहारयोगाज्जगतीतलमलङ्कुर्वाणे । किंविशिष्टे ? कल्पपादपे सुरभूरुहि । यद्येवं कथं तस्य विहारसम्भव ? इत्याह–जङ्गमे गतागतकृति, पुनः किंविशिष्टे ? सर्वाद्भुतप्रभावाढ्ये सर्वेभ्योऽद्भुतः सर्वाद्भुतः स चासौ प्रभावश्च तेनाढ्ये अदरिद्रे । एतदुक्तं भवति किल स्थावरोऽपि कल्पविटपी तथाविध-देवतादिसन्निधानादर्थिसार्थमनोरथप्रथनेन प्रभावाढ्यो भवति, भगवतस्तु सकलैहिकामुष्मिकसुखलक्षसङ्घट्टन-जङ्गमकल्पविटपिनः स्थाने सर्वाद्भुतप्रभावाढ्यत्वं समुचितश्च कल्पपादपप्रचारपुरस्कृतायां भुवि दुर्भिक्षक्षय इत्यहो त्वद्योगोपनिषल्लीलायितम् ।।३/१०।।

ટીકાર્થ :-

हे जगत्प्रतीक्ष्य ! ..... निषल्लीलायितम् ।। હે જગતપ્રતીક્ષ્ય !=જગતના જીવોથી દર્શન કરવા યોગ્ય અશેષ દુર્ગતના સમૂહના ગ્રસન માટે રાક્ષસ જેવી દુર્ભિક્ષ=જેટલી જીવની ખરાબ અવસ્થા છે તે સર્વ ખરાબ અવસ્થાને ગળી જવામાં રાક્ષસ જેવી દુર્ભિક્ષ, છે અર્થાત્ દુર્ભિક્ષ સૌથી જીવની ખરાબ અવસ્થા કરે છે. દુર્લભા ભિક્ષા પણ અહીં છે એ પ્રકારની વ્યુત્પત્તિથી અન્વિતનામવાળી દુર્ભિક્ષ છે. ક્ષિતિમાં=ભૂમિમંડલમાં, બસો ગાઉની અંદર, જે. ક્ષય પામે છે=તે દુર્ભિક્ષ સકલપરિગ્રહ પિંડાદિ દુષ્કૃતોની સાથે ક્ષયને પામે છે. અર્થાત્ દુર્ભિક્ષના કાળમાં દુર્ભિક્ષને કારણે લોકોમાં ગમે તે રીતે દુર્ભિક્ષના નિવારણ અર્થે પરિગ્રહને ભેગું કરવાની ખરાબ મનોવૃત્તિ થાય છે અને ક્ષુધાતુર જીવોને ભિક્ષાના પિંડ આદિને ગમે તે રીતે ગ્રહણ કરવાની જે મનોવૃત્તિ થાય છે તે મનોવૃત્તિરૂપ દુષ્કૃતોની સાથે દુર્ભિક્ષ ક્ષય પામે છે. શું હોતે છતે ક્ષય પામે છે ? તમે વિહાર કર્યે છતે=વિહારના યોગથી જગતીતલને અલંકૃત કર્યે છતે, દુર્ભિક્ષ ક્ષય પામે છે, એમ અન્વય છે.

કેવા વિશિષ્ટ ભગવાન હોતે છતે ? તેથી કહે છે –

કલ્પપાદપ=સુરદ્રાર ભૂમિ ઉપર ઊગનારા કલ્પવૃક્ષ જેવા ભગવાન હોતે છતે, દુર્ભિક્ષ દૂર થાય છે એમ અન્વય છે. જો આ પ્રમાણે છે=ભગવાન કલ્પવૃક્ષ જેવા છે એ પ્રમાણે છે, તો કેવી રીતે તેમનો વિહાર સંભવે છે અર્થાત્ કલ્પવૃક્ષો સ્થાનાંતર કરતાં નથી તેમ ભગવાન પણ જો કલ્પવૃક્ષ જેવા હોય તો સ્થાનાંતર સંભવે નહીં, તેથી કહે છે. જંગમ=ગમન-આગમન કૃતિવાળું કલ્પવૃક્ષ છે. તેથી વિહાર સંભવે છે.

વળી કેવા વિશિષ્ટ ભગવાન છે ? તેથી કહે છે –

સર્વ અદ્ભુત પ્રભાવઆઢ્ય છે=સર્વથી અદ્ભુત સર્વ અદ્ભુત, અને તે આ પ્રભાવ=સર્વ અદ્ભુત પ્રભાવ, તેનાથી આઢ્ય=અદરિદ્ર, ભગવાન હોતે છતે ક્ષિતિમાં દુર્ભિક્ષ ક્ષયને પામે છે એમ અન્વય છે.

આ કહેવાયેલું થાય છે. ખરેખર સ્થાવર પણ કલ્પવૃક્ષ તેવા પ્રકારના દેવતા આદિના સન્નિધાનથી અર્થિઓના સમૂહના મનોરથને પ્રથનને કારણે=મનોરથને પૂર્ણ કરવા વડે, પ્રભાવઆઢ્ય છે=કલ્પવૃક્ષ સંસારી જીવોના મનોરથોને પૂરે છે તે અપેક્ષાએ પ્રભાવયુક્ત છે, પરંતુ ભગવાનના સકલ આ લોક અને પરલોકનાં લાખો સુખના સંઘટનમાં જંગમ કલ્પવૃક્ષનું સ્થાન હોતે છતે ભગવાનનું કલ્પવૃક્ષ કરતાં પણ અદ્‌ભુત આઢ્યપણું છે; કેમ કે ભગવાનના સાન્નિધ્ય માત્રથી આ લોકનાં સર્વ દુઃખો દૂર થાય છે. અને ઘણા યોગ્ય જીવોને યોગબીજ આદિની પ્રાપ્તિ થાય છે. તેથી ઉત્તમ પુરુષના દર્શનમાત્રથી જે તેઓની દુઃખની પરંપરા થવાની હતી તે યોગમાર્ગ પ્રસ્થિત થવાને કારણે દરેક ભવોમાં સુખની પરંપરાને પ્રાપ્ત કરશે. તેથી ભગવાન સકલ આ લોકનાં અને પરલોકનાં લાખો સુખને જીવમાં સંઘટન કરવા અર્થે જંગમ કલ્પવૃક્ષનું સ્થાન હોતે છતે, સર્વ અદ્‌ભુત પ્રભાવઆઢ્ય છે. અને કલ્પપાદપના પ્રચારથી પુરસ્કૃત એવી ભૂમિમાં=કલ્પવૃક્ષનું આગમન થયેલું હોય એવી ભૂમિમાં દુર્ભિક્ષનો ક્ષય સમુચિત છે. એથી આશ્ચર્યકારી તમારા યોગના ઉપનિષદ્‌નું લીલાયિત છે=તમારામાં પ્રગટ થયેલા યોગના રહસ્યનો વિલાસ છે. ॥૩/૧૦॥

ભાવાર્થ :-

ભગવાન વિહાર કરે છે ત્યારે બસો ગાઉ સુધી ક્ષિતિમાં દુર્ભિક્ષ પૂર્વમાં વિદ્યમાન હોય તે પણ દૂર થાય છે; કેમ કે ભગવાન જંગમ કલ્પવૃક્ષ જેવા છે. એટલું જ નહીં પણ સર્વ અદ્‌ભુત પ્રભાવવાળા ભગવાન કલ્પવૃક્ષ જેવા છે. તેથી ભગવાનના વિહારને પામીને જગતમાં જે દુર્ભિક્ષનો નાશ થાય છે તે ભગવાનના યોગનું જ માહાત્મ્ય છે. વળી ભગવાન કલ્પવૃક્ષ કરતાં પણ અધિક પ્રભાવવાળા છે; કેમ કે કલ્પવૃક્ષ તેવા પ્રકારના દેવાદિથી અધિષ્ઠિત હોવાને કારણે અર્થિ જીવોના આ લોક માત્રના મનોરથો પૂરે છે. જ્યારે ભગવાન તો જ્યાં વિચરે છે ત્યાં ઘણા યોગ્ય જીવોના આ લોકના ઉપદ્રવો પણ દૂર થાય છે અને ભગવાનના દર્શન માત્રથી પડેલાં યોગબીજોના કારણે સદ્‌ગતિની પરંપરા ઘણા જીવો પ્રાપ્ત કરે છે. તેથી સર્વ અદ્‌ભુતપ્રભાવવાળા જંગમ કલ્પવૃક્ષ જેવા ભગવાન છે. આ પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક ભગવાનના સ્વરૂપનું ભાવન કરવામાં આવે તો સાક્ષાત્ ભગવાન વિદ્યમાન નહીં હોવા છતાં તે સ્વરૂપે ભગવાનનું સ્મરણ થાય છે, તેથી ચક્ષુથી અને કાળથી દૂરવર્તી પણ ભગવાન વર્તમાનમાં આપણા માટે અદ્‌ભુત પ્રભાવવાળા બને છે. **॥૩/૧૦॥**

અવતરણિકા :-

અપરઞ્ચ –

અવતરણિકાર્થ :-

બીજો ભગવાનનો બાહ્ય અતિશય બતાવે છે –

શ્લોક :-

यन्मूर्ध्नः पश्चिमे भागे, जितमार्त्तण्डमण्डलम् ।
मा भूद्वपुर्दुरालोकमितीवोत्पिण्डितं महः ।।३/११।।

શ્લોકાર્થ :-

મસ્તકની પાછળના ભાગમાં જે જિતમાર્તણ્ડમંડલ છે, તે યોગનો વિલાસ છે એમ અન્વય છે. કેમ માર્તણ્ડમંડલ છે ? તેથી કહે છે –

ભગવાનનો દેહ જાણે દુરાલોક ન થાય એના કારણે ઉત્પિંડિત મહસ્વાળું=જાણે ભગવાનના તેજને સંહરણ કરતું ભામંડલ છે. જે યોગનો અદ્‌ભુત વિલાસ છે એમ અન્વય છે. ।।૩/૧૧।।

ટીકા :-

हे सकलातिशायिमुनिजनमूर्धन्य ! यत्तव मूर्ध्नः पश्चिमे भागे उत्तमाङ्गमनु(भामण्डलं)महसां पटलमुन्मीलति । किंविशिष्टं ? जितमार्त्तण्डमण्डलं निजतेजस्तृणीकृतचण्डांशुमण्डलं भामण्डलं च भुवनभर्तुर्घातिकर्म्मक्षयसहचरितमपि स्तुतिकृदुत्प्रेक्षते किल परिमितमयूखमालिनोऽप्यंशुमालिनो मण्डलं यथा दुरालोकं दुर्दर्शं, तथा अनन्तविमलकेवलालोकनिलयस्य सकललोकलोचनस्पृहणीयस्य स्वामिनोऽपि वपुरचक्षुष्यं मा भूदिति सुरासुरादिभिरिदं मूर्धानमनु देहस्यैव महोमण्डलमुत्पिण्डितमेकत्र पिण्डीकृत्यावस्थापित-मित्यहो तव योगसमृद्धेरतिशयः ।।३/११।।

ટીકાર્થ :-

हे सकलातिशायि ..... रतिशयः ।। હે સકલ અતિશાયિ મુનિ જનમૂર્ધન્ય ! મુનિઓ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા હોય છે, વીતરાગ પ્રાયઃ ચિત્તવાળા હોય છે તે સર્વમાં અગ્રેસર એવા હે ભગવાન ! જે તમારા મસ્તકના પશ્ચિમ ભાગમાં=પાછળના ભાગમાં=ઉત્તમાંગના પાછળના ભાગમાં ભામંડલ મહસ્‌ના પટલને=તેજના પટલને, ઉન્મૂલન કરે છે. કેવું વિશિષ્ટ છે ? જિતમાર્તણ્ડમંડલ જેવું છે= પોતાના તેજથી તૃણીકૃત ચંડાંશુમંડલ છે=પોતાના તેજથી તુચ્છ કર્યું છે સૂર્યમંડલ જેણે તેવું ભામંડલ છે એમ અન્વય છે. ભુવનભર્તુના ઘાતિકર્મના ક્ષયના સહચરિત પણ ભામંડલને સ્તુતિકારશ્રી ઉત્પ્રેક્ષા કરે છે. ખરેખર પરિમિત મયૂખમાલિ પણ અંશુમાલિનું=પરિમિત કિરણોવાળું પણ સૂર્યનું, મંડલ જે પ્રમાણે દુરાલોક છે=દુર્દર્શ છે, તે પ્રમાણે અનંતવિમલ એવા કેવલાલોકના નિલય, સકલલોકના લોચનને સ્પૃહણીય એવા સ્વામીનું પણ શરીર=અપરિમિત નિર્મળ એવા કેવલજ્ઞાનના નિવાસ બધા લોકના ચક્ષુને સ્પૃહણીય એવા સ્વામીનું શરીર, અચક્ષુવિષયવાળું ન થાઓ, એથી સુર-અસુર આદિ વડે આ=ભામંડલ, મસ્તકની પાછળ દેહનું જ તેજમંડલ, ઉત્પિંડિત=એકત્ર પિંડી કરીને અવસ્થાપિત કરાયું છે. એ અહો તમારા યોગની સમૃદ્ધિનો અતિશય છે. ।।૩/૧૧।।

ભાવાર્થ :-

સંપૂર્ણ ઘાતિકર્મનો ક્ષય થયેલો હોવાથી સૂર્યના પ્રકાશ કરતાં પણ અધિક એવો કેવલજ્ઞાનનો પ્રકાશ છે. જે પ્રકાશના કારણે ભગવાનનું શરીર લોકોથી જોઈ શકાય તેમ નથી. એના માટે જ જાણે ઉત્પિંડિત તેજવાળું ભામંડલ દેવોએ કર્યું ન હોય તેવી કલ્પના કવિ કરે છે. વસ્તુતઃ સૂર્યનો પ્રકાશ પુદ્ગલાત્મક હોવાથી ચક્ષુ તેને જોવા માટે અસમર્થ બને છે અને કેવલજ્ઞાનનો પ્રકાશ પુદ્ગલના પ્રકાશાત્મક નથી કે જેથી ચક્ષુને આંજી દે, છતાં સૂર્યના પ્રકાશ કરતાં અદ્ભુત કેવલજ્ઞાનના પ્રકાશવાળા ભગવાન છે અને તેના તેજનું સંહરણ કરવા માટે ભામંડલ રચાયું ન હોય તેવી કલ્પના કવિ કરે છે. ભગવાનનું આ ભામંડલ દેવતાથી કરાયેલું છે અને ભગવાનના યોગનો આ અદ્ભુત વિલાસ છે કે જેથી ભગવાનની તથાપ્રકારની પુણ્યપ્રકૃતિને કારણે લોકોને ચમત્કાર કરે તેવું ભગવાનના મસ્તકના પાછળના ભાગમાં ભામંડલ પ્રગટ થાય છે. આ યોગનું માહાત્મ્ય છે તે પ્રકારનું સ્મરણ થવાથી યોગ પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય છે અને જેમ જેમ યોગ પ્રત્યે બહુમાનભાવનો પ્રકર્ષ થાય તેમ તેમ યોગની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોનો ક્ષય થવાથી, ભગવાનની સ્તુતિ કરીને પણ યોગ્ય જીવો સ્વઉપયોગ અનુસાર યોગમાર્ગની નિષ્પત્તિ પોતાના આત્મામાં કરે છે. **॥૩/૧૧॥**

અવતરણિકા :-

एवमतिशयानभिधाय प्रकृते योजयति –

અવતરણિકાર્થ :-

આ રીતે અતિશયોને કહીને પ્રકૃતમાં યોજન કરે છે=પૂર્વમાં શ્લોક-૧૧ દ્વારા ભગવાનના અતિશયો બતાવ્યા. તેને બતાવીને તે અતિશયો યોગનું સામ્રાજ્ય છે એ રૂપ જે પ્રકૃત છે તેમાં યોજન કરે છે–

શ્લોક :-

स एष योगसाम्राज्यमहिमा विश्वविश्रुतः ।
कर्म्मक्षयोत्थो भगवन् ! कस्य नाश्चर्यकारणम् ।।३/१२।।

શ્લોકાર્થ :-

હે ભગવન્ ! વિશ્વવિશ્રુત=વિશ્વમાં પ્રખ્યાત કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો એવો તે આ=જે શ્લોક-૧૧ દ્વારા અગિયાર અતિશયો બતાવ્યા તે આ, નીચે યોગના સામ્રાજ્યનો મહિમા કોને આશ્ચર્યનું કારણ નથી ? અર્થાત્ બધા વિચારકોને આશ્ચર્ય કરે તેવો હોય છે. ॥૩/૧૨॥

ટીકા :-

हे भगवन् ! स एष पूर्वोपवर्णितस्तव योगसाम्राज्यमहिमा, योगो ज्ञानदर्शनचारित्ररूपरत्नत्रयसमवायः, स एव त्रिभुवनसनातनसम्पदुत्पादकत्वेन साम्राज्यमिव, तस्य महिमा स्फूर्जितं, कस्य नाम विचारचातुरीधुरीणस्य

પ્રેક્ષાપૂર્વકારિણો નાશ્ચર્યકારણમલૌકિકવિસ્મયહેતુઃ ન ચાયં સ્વગૃહકોણમાત્રપ્રવૃત્ત એવ, કિન્તુ વિશ્વવિશ્રુત-શ્ચરાચરેઽપિ જગતિ વિખ્યાતઃ । કુતઃ પુનરસ્યાપ્રમેયસ્ય યોગમહિમ્નઃ સમુત્થાનમિત્યાહ કર્મક્ષયોત્થઃ કર્મણાં ઘાતિકર્મ્મણાં ક્ષયેણાત્યન્તાભાવેનોત્થાનં યસ્ય સ તથા, ન પુનઃ પરપરિગૃહીતસ્ય સદાશિવાદેરિવ સહભૂસ્તસ્યાપ્રમાણિકત્વાદિતિ ।।૩/૧૨।।

ટીકાર્થ :-

હે ભગવન્ ! ..... પ્રમાણિકત્વાદિતિ ।। હે ભગવન્ ! પૂર્વમાં વર્ણન કરાયો તે આ તમારા યોગસામ્રાજ્યનો મહિમા છે. યોગ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયનો સમુદાય છે. તે જ ત્રિભુવનની સનાતન સંપત્તિનું ઉત્પાદકપણું હોવાને કારણે સામ્રાજ્ય જેવો છે=રત્નત્રયની પરિણતિરૂપ મતિજ્ઞાનનો જીવનો ઉપયોગ મોહનાશ કરીને પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરે છે, જેનું ત્રિભુવનના સનાતન સામ્રાજ્યનું ઉત્પાદકપણું હોવાને કારણે રાજાના બાહ્ય સામ્રાજ્ય જેવું જ સામ્રાજ્ય છે, તેનો મહિમા=તેનું સ્ફૂર્જિજત=પૂર્વમાં વર્ણન કરાયેલું તે સર્વકાર્ય વિચારચાતુર્યમાં ધુરી, પ્રેક્ષાપૂર્વક કરનાર એવા કોને આશ્ચર્યનું કારણ ન થાય=અલૌકિક વિસ્મયનો હેતુ ન થાય. અને આ=ભગવાનના યોગસામ્રાજ્યનો મહિમા, સ્વગૃહના કોણ માત્રમાં પ્રવૃત્ત જ નથી, પરંતુ વિશ્વવિશ્રુત છે=ચરાચર જગતમાં પણ વિખ્યાત છે. વળી, અપ્રમેય એવા આ યોગમહિમાનું=અસીમ એવા યોગમહિમાનું, સમુત્થાન શેનાથી છે, એથી કહે છે. કર્મના ક્ષયથી ઉત્થ અર્થાત્ ઘાતિકર્મોના ક્ષય વડે અર્થાત્ અત્યંત અભાવ વડે ઉત્થાન છે જેને તે તેવા છે=કર્મના ક્ષયથી ઊઠેલા છે, વળી પરપરિગૃહીત એવા સદાશિવ આદિની જેમ સહભૂત નથી=સદા સાથે રહેનારું નથી; કેમ કે તેનું અપ્રમાણિકપણું છે=અનાદિથી સહજ સિદ્ધ યોગમહિમા છે તેનું અપ્રમાણિકપણું છે. ।।૩/૧૨।।

ભાવાર્થ :-

પૂર્વમાં શ્લોક-૧૧માં તીર્થંકરોનો બાહ્ય અતિશય બતાવ્યો તે તીર્થંકરના આત્માએ પૂર્વભવમાં યોગમાર્ગનું સમ્યગ્ સેવન કર્યું તેના જ સામ્રાજ્યનો મહિમા છે. અર્થાત્ તેઓના આત્મામાં વર્તતા યોગના પરિણામજન્ય પુણ્યાનુબંધી પુણ્યનું કાર્ય છે. આથી જ પુણ્યાનુબંધી પુણ્ય અનેક પ્રકારના ભેદવાળું છે તેથી જે મહાત્મા જે ભૂમિકાના યોગમાર્ગનું સેવન કરે છે તે ભૂમિકાનું પુણ્ય બાંધીને તે પ્રકારના બાહ્ય વૈભવને પ્રાપ્ત કરે છે. તેથી શ્રેષ્ઠ કોટિના રત્નત્રયીના પરિણામકાળમાં બંધાયેલું ભગવાનનું શ્રેષ્ઠ પુણ્ય જગતના જીવોને ચમત્કાર કરે એવું અદ્ભુત માહાત્મ્યવાળું છે. વળી, આ યોગનું માહાત્મ્ય વિશિષ્ટ પુણ્યથી થયેલું હોવાને કારણે આખા વિશ્વમાં વિખ્યાત છે. જેમ સામાન્ય જીવોના પુણ્યના ઉદયથી પોતાના પરિમિત ક્ષેત્રમાં કોઈક પુણ્યશાળી છે તેમ જણાય છે, તેમ ભગવાન આખા વિશ્વમાં તે યોગના માહાત્મ્યથી વિશિષ્ટ પુરુષરૂપે જણાય છે. વળી, આ યોગના સામ્રાજ્યથી ઉત્પન્ન થયેલું કાર્ય કર્મક્ષયથી ઉત્પન્ન થયેલું છે; કેમ કે વિશિષ્ટ પ્રકારનું પુણ્યાનુબંધી પુણ્ય પણ તીર્થંકરોને કર્મના ક્ષય પછી જ વિપાકમાં આવે છે. તેથી કર્મના ક્ષયથી જોકે અંતરંગ ગુણસમૃદ્ધિ પ્રગટે છે, તોપણ કર્મનો ક્ષય થવાને કારણે તીર્થંકરના જીવોની તેવી

પુણ્યપ્રકૃતિ પણ કેવલજ્ઞાન પછી જ વિપાકમાં આવે છે. અને આવું ઉત્તમ યોગનું માહાત્મ્ય વિચારકને અવશ્ય આશ્ચર્યનું કારણ બને છે અર્થાત્ આ ઉત્તમ પુરુષોએ નક્કી કોઈ વિશિષ્ટ પ્રકારનો યોગમાર્ગ સેવ્યો છે, જેથી આવો અદ્‌ભુત તેમનો મહિમા છે. આથી જ વિચારકો તીર્થંકરના આ અદ્‌ભુત માહાત્મ્યને જોઈને પણ તીર્થંકર પ્રત્યે તે પ્રકારની ભક્તિવાળા થાય છે. તેથી તેઓ પણ તેવા ઉત્તમ પુરુષની જેમ તીર્થંકર નામકર્મનો બંધ કરે છે. આથી જ વર્તમાનમાં પણ જેઓને ભગવાનના આ અતિશયોનો બોધ થવાથી અને તે અતિશયના સ્મરણના બળથી ભગવાનના યોગમાર્ગના સેવન પ્રત્યે વિશિષ્ટ બહુમાન થાય છે, તેઓ પણ અવશ્ય તેવા પ્રકારનું વિશિષ્ટ પુણ્ય બાંધે છે, જેથી ઉત્તર ઉત્તર પુણ્યની વૃદ્ધિ દ્વારા અવશ્ય તેઓ પણ તીર્થંકર થઈ શકે. વળી, આ તીર્થંકર સ્વપરાક્રમ દ્વારા કર્મક્ષયવાળા થયા છે પરંતુ અન્યદર્શનવાળા માને છે કે અમારા સદાશિવ આદિ સદા કર્મો વગરના છે તેથી તેઓનો મહિમા સદા છે; કેમ કે તેઓના ગુણો સહભૂત છે=જ્યારથી તેઓ અસ્તિત્વમાં છે ત્યારથી તેઓમાં રહેનારા છે. તેવા ભગવાન નથી; કેમ કે અનાદિથી શુદ્ધ સદાશિવ આદિ છે, તેમ સ્વીકારવામાં કોઈ યુક્તિ નથી માટે તેમ સ્વીકારવું અપ્રમાણિકપણું છે. **॥૩/૧૨॥**

અવતરણિકા :-

न चायमीषत्करः क्षयः कर्मणामित्युपदर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

અને આ કર્મનો ક્ષય ઈષત્કર નથી=સહજ પ્રયત્નથી થાય તેવો નથી, એ પ્રકારે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

अनन्तकालप्रचितमनन्तमपि सर्वथा ।
त्वत्तो नान्यः कर्म्मकक्षमुन्मूलयति मूलतः ।।३/१३।।

શ્લોકાર્થ :-

અનંતકાલથી પ્રચિત અનંત પણ કર્મકક્ષને=કર્મસમૂહને સર્વથા મૂલથી તમારા સિવાય અન્ય કોઈ ઉન્મૂલન કરતું નથી. અર્થાત્ તમે જ મૂલથી ઉન્મૂલન કરવા માટે સમર્થ છો. ॥૩/૧૩॥

ટીકા :-

हे निरुपमशक्तिसंपन्न ! स्वामिंस्त्वत्तस्त्वद्विधात्त्वदनुगृहीताद्वा अन्यो=व्यतिरिक्तः, कर्मणां ज्ञानावरणादीनां कक्षं मूलोत्तरप्रकृतिजालगहनं क इव मूलादुन्मूलयति । किंविशिष्टं ? अनन्तकालप्रचितं अनन्तैः पुद्‌गल-परावर्त्तैरुपचयं नीतं, अत एवानन्तमपरिमितम् । कथं ? सर्वथा सर्वात्मनाऽपुनरुद्‌भवाय एवंविधं च कर्मकक्षं त्वमिवाविदितोन्मूलनोपायः कः समूलमुन्मूलयितुमलम्भूष्णुर्न कोऽपीति भावः ।।३/१३।।

ટીકાર્થ :-

હે નિરુપમશક્તિ ..... કોઽપીતિ ભાવઃ ।। હે નિરુપમશક્તિસંપન્ન સ્વામી ! તમારા જેવાથી અથવા તમારા અનુગૃહીત જીવોથી અન્ય=વ્યતિરિક્ત જીવ, કર્મોના=જ્ઞાનાવરણીય આદિના, કક્ષ=મૂલ ઉત્તરપ્રકૃતિ જાલથી ગહન એવું કક્ષ, મૂલથી કોણ ઉન્મૂલન કરે ? અર્થાત્ તમારા સિવાય કે તમારા અનુગૃહીત સિવાય અન્ય કોઈ કરી શકે નહીં.

કેવો વિશિષ્ટ કર્મોનો સમૂહ છે ? એથી કહે છે –

અનંતકાલથી પ્રચિત છે=અનંત પુદ્ગલપરાવર્તોથી ઉપચયને પમાડેલું છે. આથી જ અનંત=અપરિમિત છે.

કેવી રીતે ઉન્મૂલન કરે ? એથી કહે છે –

સર્વથા=સર્વ આત્મથી અપુનર્ ઉદ્ભવ માટે, ઉન્મૂલન કરે. અને આવા પ્રકારનો કર્મકક્ષ=કર્મોનો સમૂહ, તમારી જેમ અવિદિત ઉન્મૂલનના ઉપાયવાળો કોણ પુરુષ=તમે જેમ કર્મના ઉન્મૂલનના ઉપાયોને જાણો છે તેમ કર્મના ઉન્મૂલનના ઉપાયોને નહીં જાણનારો કોણ પુરુષ, મૂલ સહિત ઉન્મૂલન કરવા માટે સમર્થ થાય. અર્થાત્ કોઈ પણ થાય નહિ. એ પ્રકારનો ભાવ છે. ॥૩/૧૩॥

ભાવાર્થ :-

સંસારમાં દરેક જીવ અનાદિકાળથી છે અને અનંતકાળથી નવાં નવાં કર્મો બાંધવામાં કુશળ છે. તેથી, સતત નવાં નવાં કર્મો બાંધીને ચારગતિઓમાં પરિભ્રમણ કરે છે અને કર્મો બાંધવાની કુશળતા અનાદિકાળથી જીવે સુઅભ્યસ્ત કરી છે. તેથી સુઅભ્યસ્તભાવોનું ઉન્મૂલન કરવું અતિદુષ્કર છે. છતાં, હે ભગવંત, તમે કર્મના ઉન્મૂલનના ઉપાયને યથાર્થ જાણ્યું. તેથી મહાપરાક્રમ ફોરવીને તે કર્મ ફરી ઉદ્ભવ ન પામે તે રીતે મૂલ સહિત તેં સર્વકર્મોનો તમે નાશ કર્યો. આથી જ કર્મબંધના કારણભૂત સંગશક્તિને તમે મહાપરાક્રમ ફોરવીને તે રીતે નાશ કરી કે જેથી ફરી ક્યારેય તે સંગશક્તિનો પ્રાદુર્ભાવ થાય નહીં. સામાન્યથી જીવો કર્મબંધની શક્તિને અતિશય કરવામાં જ કુશળ હોય છે. કોઈક જીવને વિવેકચક્ષુ પ્રગટ થાય છે. ત્યારે અનાદિથી સંગ કરવાની શક્તિનો નાશ કરવા પ્રારંભ કરે છે. છતાં ભગવાનની જેમ ભગવાનના અનુગ્રહને પામે તો સંગશક્તિના નાશનો ઉપાય તેને પ્રાપ્ત થાય. અને તેવા જ જીવો ભગવાનની જેમ મહાસત્ત્વને ફોરવીને મૂલ સહિત સર્વકર્મોનો નાશ કરી શકે છે. તે સિવાય અન્ય કોઈ જીવો કરી શકતા નથી. આથી જ ચૌદપૂર્વધરો પણ સર્વકર્મોના નાશના અર્થી છે, સ્વશક્તિ અનુસાર યત્ન કરે છે તોપણ તે ભવમાં તે પ્રકારે સૂક્ષ્મબોધ ન થાય તો કર્મના નાશના અંતિમ ઉપાયરૂપ પ્રાતિભજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. તેથી, દેવાદિભવમાં જઈને જ્યારે સંચિત વીર્યવાળા બને છે ત્યારે જ તેઓ પણ સર્વકર્મોનો નાશ કરવા સમર્થ બને છે. માટે ભગવાનનું સર્વકર્મના નાશને અનુકૂળ અદ્ભુત પરાક્રમ છે તેનું સ્મરણ કરીને તેની સ્તુતિ કરવાથી પણ તેને તુલ્ય થવાને અનુકૂળ માર્ગાનુસારી ઊહ પ્રગટે છે. **॥૩/૧૩॥**

અવતરણિકા :-

અથ કથમેવમતિમાત્રપ્રચિતસ્ય ભગવતા સમૂલોન્મૂલનમકારીત્યુપદર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે, આ રીતે ભગવાન વડે અતિમાત્રામાં પ્રચિત એવાં કર્મોનું મૂલ સહિત ઉન્મૂલન કેવી રીતે કરાયું ?=કર્મને ભગવાને મૂલ સહિત કેવી રીતે ઉન્મૂલન કર્યું ? એ બતાવવા અર્થે કહે છે –

શ્લોક :-

તથોપાયે પ્રવૃત્તસ્ત્વં, ક્રિયાસમભિહારતઃ ।
યથાનિચ્છન્નુપેયસ્ય, પરાં શ્રિયમશિશ્રિયઃ ।।૩/૧૪।।

શ્લોકાર્થ :-

ક્રિયાના સમભિહારથી=ક્રિયાના સમ્યગ્ સેવનથી, તે પ્રકારના ઉપાયમાં પ્રવૃત્ત થયેલા ઉપેયને નહીં ઇચ્છતા એવા તમે જે પ્રકારે શ્રેષ્ઠ કોટિની લક્ષ્મીને આશ્રય કર્યો અર્થાત્ પ્રાપ્ત કરી. ।।૩/૧૪।।

ટીકા :-

હે સકલસદુપાયનિલય ભગવંસ્ત્વં તથા=તેન લોકોત્તરપ્રકારેણ, કર્મણાં ક્ષયોપાયે સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રાસેવનલક્ષણે પ્રવૃત્તઃ=પ્રવૃત્તિમકાર્ષીર્યથા પરાં શ્રિયમશિશ્રિયઃ । કથં પ્રવૃત્તઃ ? ઇત્યાહ–ક્રિયાસમભિહારતઃ પૌનઃપુન્યેન નૈરન્તર્યેણ, ગૃહીતમુક્તા હિ જ્ઞાનાદયો ન ખલુ સ્વસાધ્યસાધનાયાલં । ननु यदि सम्यग्ज्ञानादय एव कर्मक्षयावन्ध्यसाधनं तत्किं सकृन्निषेविता एव न स्वकार्यं कुर्युः येन क्रियासमभिहार इत्युक्तं ? उच्यते–परिणामप्रकर्षाधीना हि ज्ञानादीनां कर्मक्षयहेतुता, परिणामश्च मन्दमध्यतीव्रभेदात्त्रिधा, अतस्तदनुमानेन तदाराधकानां साध्यसिद्धिः । यदवाचि वाचकमुख्येन–

"आराधनास्तु तेषां, तिस्रस्तु जघन्यमध्यमोत्कृष्टाः ।
जन्मभिरष्टत्र्येकैः, सिध्यन्त्याराधकास्तासां ।।१।।"

तेषां ज्ञानादीनां मन्दमध्यतीव्रपरिणामवशाज्जघन्यमध्यमोत्कृष्टास्तिस्रः किलाराधनाः, अतस्तदाराधका यथाक्रममष्टत्र्येकैर्जन्मभिः सिध्यन्ति । एतदुक्तं भवति-मन्दपरिणामेन ज्ञानाद्याराधका अष्टभिर्जन्मभिः सिध्यन्ति, मध्यमपरिणामेन जन्मभिस्त्रिभिस्तीव्रपरिणामेनैकेन तेनैव भवेन सिध्यन्तीति क्रियासमभिहार इत्युक्तं । अतस्त्वं स्वामिंस्तीव्रशुभाध्यवसायसहचरितस्तथा कर्मक्षयोपाये सम्यग्ज्ञानाद्यासेवने प्रवृत्तिमकृथाः यथाऽक्षेपेणैव परां सर्वोत्कृष्टामनुत्तरसुरादिभिरपि प्रार्थनीयां श्रियं परमार्हन्त्यलक्षणामशिश्रियः=प्राप्तवान् । किं कुर्वन् ? उपेयस्यानिच्छन्नपि, सम्यग्ज्ञानाद्यासेवनं ह्युपायः, परमपदलाभस्तूपेयः, अतस्त्वं "समे मुक्खे

भवे तहा" इत्यादिश्रुतेरुपेयं परमपदमनिच्छन्नप्यप्रार्थयन्नपि कृतकृत्योऽभूरित्यहो तव फलोदयव्यवसायिता ।।३/१४।।

ટીકાર્થ :-

હે सकलसदुपायनिलय ..... फलोदयव्यवसायिता ।। હે સકલસદ્ઉપાયના નિલય ! હે ભગવંત ! તે પ્રકારથી=તે લોકોત્તર પ્રકારથી, કર્મોના ક્ષયના ઉપાયમાં=સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રના આસેવન રૂપ કર્મોના ક્ષયના ઉપાયમાં, પ્રવૃત્ત હતા=પ્રવૃત્તિ કરી, જે પ્રમાણે પરાશ્રિયને પ્રાપ્ત કરી=શ્રેષ્ઠ એવી મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી.

કેવી રીતે કર્મના ક્ષયના ઉપાયમાં પ્રવૃત્ત થયા ? તેથી કહે છે –

ક્રિયાના સમભિહારથી=ફરી ફરી નૈરંતર્યથી ક્રિયાના આસેવન દ્વારા, પ્રવૃત્ત થઈને મોક્ષને પામ્યા એમ અન્વય છે. હિ=જે કારણથી, ગ્રહણ કરીને મુકાયેલા જ્ઞાનાદિ ખરેખર સ્વસાધ્યને સાધવા માટે સમર્થ થતા નથી=કોઈ મહાત્મા સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત કરે અને પછી પ્રમાદવશ તેને મૂકી દે તો તે રત્નત્રયી સ્વસાધ્ય એવા સર્વકર્મક્ષયને સાધવા માટે સમર્થ થતી નથી. તે કારણથી ફરી ફરી નૈરંતર્યથી ક્રિયાના સેવનથી તમે પરા લક્ષ્મીને પ્રાપ્ત કરી એમ અન્વય છે. 'ननु'થી શંકા કરે છે. જો સમ્યગ્જ્ઞાન આદિ જ કર્મક્ષયના અવંધ્ય સાધન છે=કારણ છે, તો એક વખત સેવાયેલા જ સ્વકાર્ય કેમ કરતા નથી=સર્વકર્મ નાશ રૂપ સ્વકાર્ય કેમ કરતા નથી, જેથી ક્રિયાના સમભિહાર એ પ્રમાણે કહેવાયું=સતત રત્નત્રયીના આસેવન દ્વારા કર્મો નાશ કર્યા એમ કહેવાયું. તેનો ઉત્તર આપે છે. પરિણામના પ્રકર્ષને આધીન જ્ઞાનાદિના કર્મક્ષયની હેતુતા છે. અને પરિણામ મંદ, મધ્ય, તીવ્રના ભેદથી ત્રણ પ્રકારનો છે. આથી=પરિણામના પ્રકર્ષને આધીન જ્ઞાનાદિની કર્મક્ષયહેતુતા છે આથી, તેના અનુમાનથી=પરિણામના પ્રકર્ષના અનુમાનથી, તેના આરાધકોને=રત્નત્રયીના આરાધકોને, સાધ્યની સિદ્ધિ છે=રત્નત્રયીને પ્રાપ્ત કર્યા પછી પરિણામનો પ્રકર્ષ પ્રાપ્ત કરે તો સાધ્યની સિદ્ધિ છે, અને પરિણામનો પ્રકર્ષ રત્નત્રયીની ક્રિયા પુનઃ પુનઃ સેવન કરવાથી થાય છે તેથી, ભગવાન રત્નત્રયીને પુનઃ પુનઃ સેવીને સર્વથા કર્મનાશના ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે. જે વાચકમુખ્યથી કહેવાયું છે. તેઓની આરાધના=રત્નત્રયીની આરાધના, ત્રણ પ્રકારની છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. તેઓના આરાધક=રત્નત્રયીની આરાધના કરનારાઓ આઠ જન્મથી, ત્રણ જન્મથી, એક જન્મથી, સિદ્ધિને પ્રાપ્ત કરે છે. અર્થાત્ જઘન્ય આરાધના કરનારાઓ આઠ જન્મથી સિદ્ધ થાય છે. મધ્ય આરાધના કરનારાઓ ત્રણ જન્મથી સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટ આરાધના કરનારાઓ એક જન્મથી સિદ્ધ થાય છે. **તે જ્ઞાનાદિના મંદ, મધ્ય, અને તીવ્ર પરિણામના વશથી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ત્રણ પ્રકારની આરાધના છે. આથી તેના આરાધકો=જ્ઞાનાદિ રત્નત્રયીના આરાધકો યથાક્રમ આઠ, ત્રણ કે એક જન્મથી સિદ્ધ થાય છે. આ કહેવાયેલું થાય છે. મંદ પરિણામથી જ્ઞાનાદિકના આરાધકો આઠ જન્મથી સિદ્ધ થાય છે. મધ્ય પરિણામથી જ્ઞાનાદિકના આરાધકો ત્રણ જન્મથી સિદ્ધ થાય છે. તીવ્ર પરિણામથી જ્ઞાનાદિકના આરાધકો એક જ ભવથી=વર્તમાનના ભવથી**

સિદ્ધ થાય છે. એથી ક્રિયાસમભિહાર એ પ્રમાણે કહેવાયું=ભગવાન સતત રત્નત્રયીના સેવનરૂપ ઉપાયમાં પ્રવૃત્ત હતા એમ કહેવાયું. આથી હે સ્વામી ! તમે તીવ્ર શુભ અધ્યવસાયથી સહચરિત, તે પ્રકારે કર્મક્ષયના ઉપાયરૂપ સમ્યગ્જ્ઞાનાદિના આસેવનમાં પ્રવૃત્તિ કરી, જે રીતે અક્ષેપકથી જ પર=સર્વ ઉત્કૃષ્ટ=અનુત્તરસુરાદિથી પણ પ્રાર્થનીય, પરમ આર્હંત્ય લક્ષણવાળી લક્ષ્મીનો આશ્રય કર્યો=પ્રાપ્ત કરી. શું કરતાં તમે એ આર્હંત્ય લક્ષણવાળી લક્ષ્મીને પ્રાપ્ત કરી ? ઉપેયને અનિચ્છતા પણ તમે પ્રાપ્ત કરી. સમ્યગ્જ્ઞાન આદિનું આસેવન ઉપાય છે અને પરમપદલાભ ઉપેય છે. આથી તમે મોક્ષમાં અને ભવમાં તે પ્રકારે સમાન ઈત્યાદિ શ્રુતિથી=ઈત્યાદિ શાસ્ત્રવચનથી, ઉપેય રૂપ પરમપદને નહીં ઈચ્છતા પણ=અપ્રાર્થના કરતાં પણ કૃતકૃત્ય થયા. એ પ્રકારે આશ્ચર્યકારી તમારા ફલોદયની વ્યવસાયિતા છે=ફલની પ્રાપ્તિનો વ્યવસાય છે. ॥૩/૧૪॥

ભાવાર્થ :-

હે ભગવંત ! તમે કોઈક તીર્થંકરના સન્માર્ગને પામ્યા પછી કર્મના નાશને અનુકૂળ એવા ઉચિત ઉપાય રૂપ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રમાં તે રીતે પુનઃ પુનઃ સેવનથી પ્રવૃત્ત થયા, જેથી તે રત્નત્રયીના પ્રકર્ષના બળથી ઉપેય એવા મોક્ષની ઇચ્છાવાળા નહીં હોવા છતાં મોક્ષલક્ષ્મીને પામ્યા.

વસ્તુતઃ પ્રારંભ કક્ષામાં સંસાર નિર્ગુણ છે અને મુક્ત અવસ્થા જ જીવની સુંદર છે તેવો બોધ થવાથી ભગવાન પણ મોક્ષના અર્થી હતા. અને મોક્ષમાર્ગને પુનઃ પુનઃ તે રીતે સેવ્યો કે જેથી મોક્ષના કારણીભૂત અનિચ્છાનો પરિણામ પ્રગટ થયો; કેમ કે ઇચ્છાથી જ સંસાર છે અને ઇચ્છાના સર્વથા ઉચ્છેદથી જ મોક્ષ છે. એ પ્રકારનું શાસ્ત્રવચન છે. અને ભગવાને મોક્ષની ઇચ્છાથી પ્રારંભ કરેલો યોગમાર્ગ જ્યારે અનિચ્છા પરિણામને પ્રગટ કરે છે ત્યારે ભગવાન મોક્ષ અને ભવમાં સમાન ચિત્તવાળા થયા. તેથી મોક્ષની પણ ઇચ્છા પૂર્વમાં હતી તે નાશ પામી; કેમ કે વીતરાગને કોઈ ઇચ્છા નથી. તેથી પુનઃ પુનઃ રત્નત્રયીના સેવનથી પ્રગટ થયેલ જીવના અસંગ પરિણામરૂપ અનિચ્છાવાળા ભગવાન મોક્ષરૂપ ઉપેયને નહીં ઇચ્છતા છતાં શ્રેષ્ઠ કોટિની લક્ષ્મીરૂપ મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે રત્નત્રયીની આરાધના કેટલાક જીવો મંદ પરિણામથી કરે છે, કેટલાક જીવો મધ્યમ પરિણામથી કરે છે અને કેટલાક જીવો ઉત્કૃષ્ટ પરિણામથી કરે છે. તેમાંથી જેઓ અપ્રમાદપૂર્વક પણ સ્વશક્તિ અનુસાર જિનવચનનું અવલંબન લઈને આત્માને ભાવિત કરે છે, સ્વશક્તિ અનુસાર ઉચિત ક્રિયાઓ કરે છે અને સર્વવિરતિની શક્તિનો સંચય ન થયો હોય તો તેના સંચય અર્થે સ્વભૂમિકાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકો અને સર્વવિરતિની શક્તિનો સંચય થયો હોય તેવા સર્વવિરતિધર મુનિઓ પણ સતત વીતરાગના વચનનું અવલંબન લઈને રત્નત્રયીની આરાધના કરે છે. છતાં જેઓને તીવ્ર વીર્ય ઉલ્લસિત થઈ શકે તેવાં બાધક કર્મો પ્રચુર હોય તો મંદગતિથી પણ રત્નત્રયીની આરાધના કરે છે. તેવા જીવો સન્માર્ગમાં સતત મંદગતિથી પણ પ્રયત્ન કરે તો અવશ્ય આઠ જન્મમાં સિદ્ધ થાય છે. વળી કેટલાક જીવો સંસારને નિર્ગુણ માન્યા પછી સંસારના ઉચ્છેદના

અર્થે સ્વભૂમિકાનુસાર અપ્રમાદથી યત્ન કરે છે. તેઓ મધ્યમ પરિણામથી રત્નત્રયીની આરાધના કરે છે, તેઓ ત્રીજાભવમાં સિદ્ધ થાય છે અર્થાત્ આ ભવમાં રત્નત્રયીનું સેવન કરીને દેવભવમાં જાય છે અને ત્યાંથી મનુષ્યભવ પામીને અવશ્ય મોક્ષ પામે છે. જેમ આનંદ આદિ શ્રાવક વર્તમાનમાં દેવભવમાં છે અને મહાવિદેહમાં જઈને મોક્ષમાં જશે. વળી, જેઓ મહાસત્ત્વવાળા છે અને જેઓનું મોહનાશ કરવા માટેનું વીર્ય અત્યંત ઉલ્લસિત થયેલું છે તેઓ તીવ્ર ગતિથી રત્નત્રયીના ઉત્તરોત્તરના ભાવોને સેવે છે. તેવા સાધુ કે શ્રાવક તે જ ભવમાં સિદ્ધ થાય છે, જેમ નાગકેતુને પુષ્પપૂજા કરતાં તીવ્ર રત્નત્રયીની આરાધનાનો પરિણામ થયો જેથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેથી નિરંતર સ્વભૂમિકાનુસાર જેઓ રત્નત્રયીને અનુકૂળ ઉચિત ક્રિયાઓ સેવે છે તેઓ અવશ્ય ભગવાનની જેમ જ સર્વકર્મોનો નાશ કરીને અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે. **॥૩/૧૪॥**

અવતરણિકા :-

एवं च कर्मक्षयात्कृतकृत्यं परमात्मानं स्तुतिकृत्प्रणिनिनंसुराह –

અવતરણિકાર્થ :-

અને આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે, કર્મક્ષયથી કૃતકૃત્ય એવા પરમાત્માને નમન કરવાની ઇચ્છાવાળા સ્તુતિકારશ્રી કહે છે –

શ્લોક :-

मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ।।३/१५।।

શ્લોકાર્થ :-

મૈત્રીપવિત્રપાત્ર, મુદિતાથી આનંદ લેનારા, કૃપા અને ઉપેક્ષાના પ્રતીક્ષ એવા=જગતપૂજ્ય એવા યોગસ્વરૂપ તમને નમસ્કાર કરું છું. ॥૩/૧૫॥

ટીકા :-

हे भगवंस्तुभ्यमेवंविधाय नमोऽस्तु त्रिकरणशुद्ध्या त्वां प्रति प्रणतोऽस्मि । किंविशिष्टाय ? मैत्रीपवित्रपात्राय, 'पापानि कोपि मा कार्षीद्दुःखितः कोऽपि माभूद् जगदपि दुष्कर्मभ्यो मुच्यताम्' एवंविधा मतिर्मैत्री, तस्याः पवित्रपात्राय पुण्याश्रयाय, तथा मुदितामोदशालिने, निरस्तसमस्तदोषाणां वस्तुतत्त्वावलोकतत्पराणां च गुणिनां गुणेषु यः प्रमोदः सा मुदिता तया मोदशालिने सदानन्दोपनिषण्णाय, तथा कृपोपेक्षाप्रतीक्षाय, दीनार्त्तभीतादिप्राणिगणप्रतीकारानुचिन्तनं कृपा, नास्तिकनिस्त्रिंशादिनिर्गुणजनमाध्यस्थ्यमुपेक्षा ताभ्यां कृपोपेक्षाभ्यां प्रतीक्षाय=जगत्पूज्याय, तुभ्यं नमः । कुतः पुनरयं मैत्र्यादियोगप्रकारः प्रभोरभूदित्याह—योगात्मने सिद्धाद्भुतयोगसम्पदे, एवंविधाय च तुभ्यं

त्वत्स्वरूपप्राप्तिनिमित्तमहं प्रणतोऽस्मीति ।।३/१५।।

इति श्रीवीतरागस्तोत्रे तृतीयस्य कर्मक्षयजातिशयवर्णनस्तवस्य पदयोजना।

ટીકાર્થ :-

હે ભગવંતુ ..... પ્રણતોઽસ્મીતિ ।। હે ભગવન્ ! આવા પ્રકારના તમને નમસ્કાર થાઓ=મન, વચન, કાયાના ત્રણ કરણની શુદ્ધિથી તમારા પ્રત્યે હું નમેલો છું.

કેવા પ્રકારના વિશિષ્ટ તમે છો ? તેથી કહે છે –

મૈત્રીથી પવિત્ર પાત્ર તમે છો. મૈત્રીનું સ્વરૂપ બતાવે છે. 'પાપો કોઈ કરે નહીં, દુઃખી કોઈ થાઓ નહીં, દુષ્કર્મથી જગત પણ મુકાઓ' એવા પ્રકારની મતિમૈત્રી કહેવાય છે. તેના પવિત્ર પાત્ર=પુણ્યના આશ્રય તમે છો અને મુદિતાથી મોદશાલિ તમે છો. તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે. નિરસ્ત કર્યા છે સમસ્ત દોષો જેણે અને વસ્તુતત્ત્વના અવલોકનમાં તત્પર એવા ગુણીઓના ગુણોમાં જે પ્રમોદ તે મુદિતા છે, તેનાથી મોદશાલિ=સદા આનંદમાં બેસનારા, તમે છો અર્થાત્ બીજાના ગુણોમાં પ્રમોદને કારણે તમે સદા સ્વસ્થ બેસનારા છો. અને કૃપા અને ઉપેક્ષા માટે પ્રતીક્ષ છો. તેનો અર્થ સ્પષ્ટ કરે છે. દીન, આર્ત્ત, ભીતાદિ પ્રાણીગણના પ્રતિકારનું અનુચિંતન કૃપા છે=જેઓ કલ્યાણને જોનારા નથી તેવા દીન, સંસારના પ્રતિકૂળભાવોથી આર્ત્ત, સંસારના વિષમ સ્વરૂપને જોઈને ભય પામેલા એવા જીવો કઈ રીતે દીન, આર્ત્ત ભય આદિ ભાવોથી મુક્ત થાય તેનું અનુચિંતન કરવું તે કૃપા છે. નાસ્તિક નિર્લજ્જ આદિ નિર્ગુણ લોકો પ્રત્યે માધ્યસ્થ્ય=ઉપેક્ષા છે. તે બેથી=કૃપા અને ઉપેક્ષાથી, પ્રતીક્ષ= જગતપૂજ્ય, એવા તમને હું નમસ્કાર કરું છું.

કઈ રીતે ફરી આ મૈત્રી આદિ યોગનો પ્રકાર પ્રભુને થયો ? તેથી કહે છે –

યોગઆત્મ=સિદ્ધ અદ્‌ભુત યોગસંપત્તિવાળા ભગવાન હતા તેથી મૈત્ર્યાદિ યોગો ભગવાનમાં થયા એમ અન્વય છે. અને આવા પ્રકારના તમને=યોગાત્મક એવા તમને, તમારા સ્વરૂપની પ્રાપ્તિના નિમિત્તે હું નમેલો છું. અર્થાત્ તમારા તુલ્ય થવા અર્થે હું આવા પ્રકારના તમને નમસ્કાર કરું છું. ।।૩/૧૫।।

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં તૃતીય કર્મક્ષયથી થનારા અતિશયના વર્ણનના સ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

ભગવાન સર્વ ઘાતિકર્મોનો નાશ કરીને વીતરાગ સર્વજ્ઞ બન્યા ત્યારે ભગવાન જગતને ઉપદેશ આપીને જગતના જીવોનો ઉપકાર કરે છે તે વખતે તેઓ કેવા છે ? તે સ્વરૂપે ઉપસ્થિત કરીને ગ્રંથકારશ્રી તેમને નમસ્કાર કરે છે. ભગવાન જગતના જીવોને સન્માર્ગ બતાવે છે. તેથી જગતનાં જીવો પ્રત્યે મૈત્રીનો પરિણામ પ્રકર્ષમાં વર્તી રહ્યો છે; કેમ કે મૈત્રી પરહિતની ચિંતા છે અને ભગવાન જગતના જીવોના હિતની

ચિંતાથી જ કેવલજ્ઞાન પામ્યા પછી સન્માર્ગનું સ્થાપન કરે છે તેથી ભગવાન મૈત્રીથી પવિત્ર થયેલા પાત્રરૂપ છે. વળી, ભગવાન હંમેશાં યોગમાર્ગમાં પ્રસ્થિત ગુણવાન એવા યોગીઓના ગુણોની પ્રશંસા કરે છે. આથી જ વીર ભગવાને સાગરચંદ્રની પૌષધમાં વર્તતી દૃઢતાની પ્રશંસા કરી અને આનંદકામદેવ આદિની ઉપસર્ગમાં અચલાયમાનતાની પ્રશંસા કરી. તેથી ભગવાન ગુણવાનના ગુણોમાં પ્રમોદની પરિણતિવાળા છે. વળી જગતમાં દુઃખી જીવોની પારમાર્થિક ક્ષાયિકભાવની કરુણાવાળા ભગવાન છે. આથી જ જગતના જીવોનું જે રીતે હિત થાય તે પ્રકારે ઉપદેશાદિમાં ભગવાન પ્રવર્તે છે. વળી અયોગ્ય જીવો પ્રત્યે માધ્યસ્થ્ય છે. આથી જ અયોગ્ય જીવોને જોઈને ભગવાનને લેશ પણ તેમના પ્રત્યે દ્વેષ થતો નથી, પરંતુ ઉપકારને અયોગ્ય હોવાથી જ તેમની ઉપેક્ષા કરે છે. આ પ્રકારના ગુણોથી ભગવાનનું સ્મરણ કરીને સ્તવકારશ્રી તેમને નમસ્કાર કરે છે જેથી પોતાનામાં તેવા ગુણો પ્રગટ થાય. **॥૩/૧૫॥**

અવતરણિકા :-

એવં કર્મક્ષયજાતિશયાનભિધાય સુરકૃતાતિશયાંશ્ચતુર્થપ્રકાશે પ્રસ્તાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

આ રીતે=ત્રીજા પ્રકાશમાં કહ્યું એ રીતે, કર્મક્ષયથી થનારા અતિશયોને કહીને દેવતાકૃત અતિશયોને ચોથા પ્રકાશમાં પ્રસ્તાવન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

मिथ्यादृशां युगान्तार्कः, सुदृशाममृताञ्जनम् ।
तिलकं तीर्थकृल्लक्ष्म्याः, पुरश्चक्रं तवैधते ।।४/१।।

શ્લોકાર્થ :-

મિથ્યાદૃષ્ટિઓને યુગના અંતને કરનાર સૂર્ય, સમ્યગ્દૃષ્ટિઓને અમૃતનું અંજન, તીર્થકૃત લક્ષ્મીનું તિલક એવું ચક્ર તમારી આગળ ચાલે છે. ।।૪/૧।।

ટીકા :-

हे धर्मचक्रिंस्तव धर्मदेशनसदनोपासीनस्य भव्यलोकानुग्रहाय महीं विहरतश्च पुरः=पुरोभागे, गगनगतं विचित्रारकराजिविराजितं प्रसृमरोल्बणतेजःपटलजटलितान्तरिक्षकुक्षिकुहरं प्रतिहतसमस्तविक्रान्तपरमतचक्रं धर्मचक्रमेधते । किंविशिष्टं ? विभिन्नलिङ्गनिर्देशान्मिथ्यादृशां युगान्तार्कः । मिथ्या=तत्त्वार्थदर्शनं प्रति विपरीता, दृग्=विचारो, येषां ते मिथ्यादृशः प्रथमगुणस्थानस्थास्तेषामत्यन्तदुरालोकत्वेन युगान्तार्कः प्रलयकाल-करालमार्त्तण्डमण्डलप्रतिमः, तथा सुदृशाममृताञ्जनं सुष्ठु शोभना तत्त्वार्थदर्शिनी दृग् येषां ते सुदृशस्तेषां श्रद्धानचक्षुःसविशेषनिर्मलीकरणेनामृताञ्जनं सुधाञ्जनमिव, तथा तिलकं तीर्थकृल्लक्ष्म्याः, तीर्थं चतुर्वर्णः सङ्घस्तत्कुर्वन्तीति तीर्थकृतस्तेषां लक्ष्मीः परमार्हन्त्यसम्पत्तस्याः सद्वृत्तत्वादिकलितत्वेन तिलकं भालभूषणमिव, एते च धर्मचक्रादयो वक्ष्यमाणातिशयास्तीर्थकृतां न सहभुवो नापि कर्मक्षयजाः किन्तु तत्प्रभावप्रेरितैस्त्रिदशैरेव विधीयन्ते इति ।।४/१।।

ટીકાર્થ :-

हे धर्मचक्रिंस्तव ..... विधीयन्ते इति ।। હે ધર્મચક્રી ! ધર્મદેશનાના સ્થાનમાં બેસનારા એવા અને

ભવ્યલોકના અનુગ્રહ માટે પૃથ્વી ઉપર વિહાર કરતા એવા તમારી આગળ=સન્મુખ ભાગમાં, ધર્મચક્ર ચાલે છે.

તે ધર્મચક્ર કેવું છે ? તે બતાવતાં કહે છે –

આકાશગત=આકાશમાં રહેલું વિચિત્ર આરકની રાજિથી શોભતું, વિસ્તાર પામતા ઉલ્બણ તેજપટલથી જટલિત અંતરિક્ષકુક્ષિની સમીપ, પ્રતિહત કર્યું છે સમસ્ત વિકાંત એવું પરમતચક્ર જેણે એવું ધર્મચક્ર ચાલે છે=તમારી આગળ ચાલે છે.

કેવું વિશિષ્ટ છે=ધર્મચક્ર કેવા પ્રકારનું વિશિષ્ટ છે ? તેથી કહે છે –

ભિન્ન ભિન્ન પ્રકારનાં લિંગોના નિર્દેશથી=જુદા જુદા પ્રકારનાં ચિહ્નોના નિર્દેશથી, મિથ્યાદૃષ્ટિઓને યુગાંતાર્ક એવું ધર્મચક્ર છે. મિથ્યાદૃષ્ટિઓને યુગાંતાર્કનો અર્થ સ્પષ્ટ કરે છે. મિથ્યા=તત્ત્વાર્થદર્શન પ્રત્યે વિપરીતા, દૃગ્=વિચાર છે જેઓને તે મિથ્યાદૃષ્ટિઓ, પ્રથમ ગુણસ્થાનકમાં રહેલા તેઓને અત્યંત દુરાલોકપણું હોવાને કારણે યુગાંતાર્ક=સૂર્ય=પ્રલયકાલના વિકરાલ માર્તંડના મંડલ જેવું ધર્મચક્ર છે= વિનાશકાળના વિકરાલ એવા સૂર્યના મંડલ જેવું ધર્મચક્ર છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિઓને માટે વિનાશનું કારણ હોય તેવું યુગના અંતમાં થનારા સૂર્યના જેવું ધર્મચક્ર છે. જેમ યુગના અંતમાં સૂર્યનો તાપ તેવો જ વિકરાળ હશે કે મનુષ્ય તે તાપને સહન કરી શકે નહીં, તેથી છઠ્ઠા આરાના મનુષ્યો દિવસમાં તે તાપથી રક્ષણને માટે ગુફાઓમાં જ બેસી જાય છે. તેમ આ ધર્મચક્રના તાપને સહન કરવા માટે મિથ્યાદૃષ્ટિઓ અસમર્થ થવાને કારણે જગતમાં ક્યાંય દેખાશે નહીં, પરંતુ ગુફાઓમાં સંતાઈ જશે તેવા તેજવાળું ધર્મચક્ર છે. અને સુંદર દૃષ્ટિવાળા જીવોને માટે અમૃતનું અંજન છે. તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે. સુંદર=શોભન, તત્ત્વને જોનારી દૃષ્ટિ છે જેઓની તે સુદૃષ્ટિવાળા, તેઓની શ્રદ્ધારૂપી ચક્ષુને વિશેષથી નિર્મળીકરણથી અમૃતઅંજન=સુધાઅંજન, જેવું છે. તથા તીર્થકૃત લક્ષ્મીનું તિલક છે. તીર્થ ચતુર્વર્ણ શ્રમણસંઘ છે તેને કર્યે એ તીર્થને કરનારા છે, તેઓની લક્ષ્મી પરમઆર્હત્ય સંપત્તિ છે=શ્રેષ્ઠ પૂજ્યપણાની સંપત્તિ છે, તેનું સદ્વૃત્તત્વાદિથી=ધર્મચક્ર સુંદર આવર્તો આદિથી કલિતપણું હોવાને કારણે તિલક=ભાલના ભૂષણ જેવું, ધર્મચક્ર છે. અને આ ધર્મચક્રાદિ વક્ષ્યમાણ અતિશયો તીર્થંકરોના સહભુવ નથી=જન્મથી થનારા નથી, વળી, કર્મક્ષયથી થનારા નથી, પરંતુ તમારા પ્રભાવથી પ્રેરિત દેવતાઓ વડે જ કરાય છે. ॥૪/૧॥

ભાવાર્થ :-

ભગવાન કેવલજ્ઞાન પામે છે ત્યારે ચક્રવર્તીના ચક્ર કરતાં પણ અતિશય તેજસ્વી ધર્મચક્રને ભગવાન આગળ દેવતાઓ પ્રવર્તાવે છે. જે ધર્મચક્ર કેવા રમ્યસ્વરૂપવાળું છે ? તે બતાવે છે. જે જીવોમાં વિપરીત દૃષ્ટિઓ છે તે જીવોની વિપરીત દૃષ્ટિને નાશ કરવા માટે યુગના અંતકાળમાં થનારા સૂર્ય જેવું છે. જેમ

છઠ્ઠા આરામાં થનારો સૂર્ય જીવોના વિનાશનું કારણ છે તેમ મિથ્યાદૃષ્ટિ જીવોના મિથ્યાત્વનાં પડલોને નાશ કરનારું ધર્મચક્ર છે. વળી, સમ્યગ્દૃષ્ટિ જીવોને અમૃતના અંજન જેવું છે; કેમ કે તેઓની ભગવાન પ્રત્યેની શ્રદ્ધારૂપી ચક્ષુને અત્યંત નિર્મળ કરે છે. જેથી પૂર્વમાં તેઓને જે વિશ્વાસ હતો કે સર્વજ્ઞનું વચન જ તત્ત્વને કહેનારું છે, તે શ્રદ્ધા આ ધર્મચક્રને જોઈને અત્યંત અતિશયિત થાય છે. વળી, ભગવાન તીર્થની સ્થાપના કરે છે તેથી તીર્થંકર છે અને તેઓની જગતપૂજ્યતાને બતાવનારી જે પરમઆર્હત્ય સંપત્તિ છે તે અષ્ટપ્રાતિહાર્ય સ્વરૂપ છે અને તેમાં તિલક જેવું આ ધર્મચક્ર છે. જેમ, કોઈ સુંદર રૂપવાળા પુરુષના ભાલ ઉપર તિલક શોભાયમાન હોય તેમ ભગવાનની અષ્ટપ્રાતિહાર્યરૂપ લક્ષ્મીમાં તિલક જેવું આ ધર્મચક્ર છે. જે દેવતાકૃત ભગવાનનો અતિશય છે. જેના દ્વારા પણ ભગવાનની સ્તુતિ કરવાથી ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ અતિશય થાય છે જેનાથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૪/૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

एकोऽयमेव जगति, स्वामीत्याख्यातुमुच्छ्रिता ।
उच्चैरिन्द्रध्वजव्याजात्तर्जनी जम्भविद्विषा ।।४/२।।

શ્લોકાર્થ :-

આ જ એક જગતમાં સ્વામી છે એ પ્રમાણે ઊંચા અવાજથી કહેવા માટે ઇન્દ્રધ્વજના બહાનાથી ઇન્દ્ર વડે પોતાની તર્જની આંગળી ઊંચી કરાઈ છે. ॥૪/૨॥

ટીકા :-

किल भगवतामर्हतां विहारादौ सदैव योजनसहस्रोच्छ्रितः कान्तकार्त्तस्वरदण्डाधारः सुरपथावतरदमरतरङ्गिणीप्रवाहपेशलः परिसरस्फुरदनेकदिव्यांशुकपताकापरिकरितः क्वणन्मणिकिङ्किणीगणारवमुखरिताशेषहरिन्मुखः सुरासुरैः पुरः सञ्चार्यमाणो महेन्द्रध्वजः प्रसर्पति, तमेव स्तुतिकृदुत्प्रेक्षते । किल नायमिन्द्रध्वजः किन्त्वस्य व्याजादियं जम्भारिणा तर्जनी समुच्छ्रिता, किमर्थं ? आख्यातुं कथयितुम् । किं तदित्याह–यदुतास्मिन् जगत्ययं प्रणयप्रणमदमरनरप्राग्रहरशिरःकिरीटप्रतीष्टशासनो भगवानर्हन्नेव स्वामी नान्यः, कथमुच्छ्रिता ? उच्चैर्जगतोऽपि समक्षं भगवतस्त्वद्वितीयत्वेनेयमुत्प्रेक्षाऽपि स्वभावोक्तिरेवेति ।।४/२।।

ટીકાર્થ :-

किल भगवतामर्हतां ..... स्वभावोक्तिरेवेति ।। ખરેખર અરિહંત ભગવાનના વિહાર આદિમાં સદા જ હજાર યોજન ઊંચો, કાંતકાર્ત્તસ્વરના દંડના આધારવાળો, આકાશમાંથી ઊતરતી ગંગાનદીના પ્રવાહની જેમ સુંદર આ ઈન્દ્રધ્વજ છે એમ અન્વય છે. વળી, ચારેબાજુ સ્ફુરાયમાન થતા અનેક દિવ્યાંશુકની પતાકાથી પરિકરિત મહેન્દ્રધ્વજ છે. અવાજ કરતી મણિની ઘુઘરીઓના ગણના ધ્વનિથી મુખરિત કરેલ બધી દિશાઓના મુખવાળો મહેન્દ્રધ્વજ છે. વળી, સુર-અસુર વડે ભગવાનની આગળ સંચરણ કરાતો મહેન્દ્રધ્વજ પ્રસર્પણ કરે છે. તેને જ=મહેન્દ્રધ્વજને જ સ્તુતિકારશ્રી ઉત્પ્રેક્ષા કરે છે. ખરેખર આ ઈન્દ્રધ્વજ નથી. પરંતુ આના વ્યાજથી=મહેન્દ્રધ્વજના બહાનાથી, ઈન્દ્ર વડે આ તર્જની આંગળી ઊંચી કરાઈ છે.

શેના માટે ઇન્દ્રએ આંગળી ઊંચી કરી છે. એથી કહે છે 'કહેવા માટે' આંગળી ઊંચી કરી છે. તે શું છે?=ઇન્દ્ર આંગળી ઊંચી કરીને કહે છે, તે શું છે ? એને 'यदुत' કહે છે –

જગતમાં ભક્તિથી નમતા દેવતાઓના અને મનુષ્યોના પ્રાગ્રહર=શ્રેષ્ઠ, એવા મસ્તકના મુગટમાં પ્રતિષ્ઠ શાસનવાળા આ ભગવાન અરિહંત જ સ્વામી છે, અન્ય નહીં. એ પ્રમાણે કહેવા માટે ઇન્દ્રે તર્જની આંગળી ઊંચી ન કરી હોય એવું મહેન્દ્રધ્વજ ભગવાનની આગળ પ્રસર્પણ પામે છે એમ અન્વય છે.

કેવી રીતે ઇન્દ્રની તર્જની આંગળી ઉચ્છ્રિત છે ? તેથી કહે છે –

ઊંચેથી જગતની પણ સમક્ષ ભગવાનનું અદ્વિતીયપણાથી ખ્યાપન કરવા માટે મહેન્દ્રધ્વજ પ્રવર્તે છે. આ ઉત્પ્રેક્ષા પણ સ્વભાવઉક્તિ જ છે=કવિએ કરેલી આ ઉત્પ્રેક્ષા પણ ભગવાનના સ્વામીપણાના સ્વભાવનું જ કથન છે. ॥૪/૨॥

ભાવાર્થ :-

કેવલજ્ઞાન પામ્યા પછી ભગવાન જ્યારે વિહાર કરે છે, ત્યારે ભગવાનની સન્મુખ હજાર યોજન ઊંચો મનોહર ઇન્દ્રધ્વજ દેવતાઓ વડે સંચરણ કરાય છે જે સુંદર રત્નો, સુંદર પતાકાઓથી શોભાયમાન છે. કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે આ ઇન્દ્રધ્વજના બહાનાથી ઇન્દ્ર પોતાની તર્જની આંગળી ઊંચી કરીને લોકોને કહે છે કે આ જગતમાં આપણા બધાના સ્વામી આ એક તીર્થંકર જ છે. અન્ય કોઈ નથી; કેમ કે કર્મના સકંજામાં પડેલા અનેક ઉપદ્રવોથી ઉપદ્રવને પામતા સંસારી જીવોનું રક્ષણ સ્વામી એવા ભગવાન જ કરી શકે છે. અને જેઓ એમને શરણાગત છે તેઓને મહાઉપદ્રવકારી એવાં ઘાતિકર્મો પણ ઉપદ્રવ કરી શકતાં નથી. પરંતુ સુખપૂર્વક સ્વામીની સહાયથી સુરક્ષિત થઈને સ્વામીતુલ્ય થઈ શકે છે. માટે જગતના સર્વ જીવોના આ જ ભગવાન સ્વામી છે. આ પ્રકારની કવિએ ભગવાનના ઇન્દ્રધ્વજની ઉત્પ્રેક્ષા કરી છે તે પણ વસ્તુતઃ ભગવાનના સ્વભાવને વાસ્તવિક કહેનાર કથનરૂપ જ છે; કેમ કે જે જીવો ભગવાનને સ્વામીરૂપે સ્વીકારે છે તેઓ ભગવાનના શાસનથી સુરક્ષિત બને છે. **॥૪/૨॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અન્ય કહે છે –

શ્લોક :-

यत्र पादौ पदं धत्तस्तव तत्र सुरासुराः ।
किरन्ति पङ्कजव्याजाच्छ्रियं पङ्कजवासिनीम् ।।४/३।।

શ્લોકાર્થ :-

જ્યાં=જે ભૂમિમાં, તમારાં બે ચરણ પદને=અવસ્થાનને, કરે છે. ત્યાં=તે ભૂમિમાં, દેવો અને અસુરો કમળના બહાનાથી કમળમાં વસનારી લક્ષ્મીને વેરે છે. ।।૪/૩।।

ટીકા :-

तीर्थकृतो हि किल केवलोत्पत्तेश्चलनाभ्यामिलातलं न स्पृशन्ति, केवलममरगणोपक्लृप्तेषु नवसु कनककमलेषु क्रमन्यासं विदधति, इदमेव स्तुतिकृद् भङ्ग्यन्तरेणाह–हे भगवन् ! यत्र यस्मिन् प्रदेशे तव पादौ चरणौ पदमवस्थानं धत्तः=कुरुतः, तत्र सुरासुरा देवदानवाः श्रियं विकिरन्ति=विक्षिपन्ति, कामित्याह–पङ्कजवासिनीं नलिननिलयाम्, कस्मात्पङ्कजव्याजात् चामीकरारविन्दव्यपदेशात् भवति च त्रिभुवनलक्ष्मीनिवासस्य भगवतश्चरणन्यासादवनेः सश्रीकतेति ।।४/३।।

ટીકાર્થ :-

तीर्थकृतो ..... सश्रीकतेति ।। તીર્થંકરો કેવલજ્ઞાનની ઉત્પત્તિથી ચરણો દ્વારા ભૂમિતલને સ્પર્શતા નથી. કેવલ અમરગણથી રચાયેલા નવ સુવર્ણ-કમલમાં ક્રમન્યાસને=ચરણન્યાસને, કરે છે. આને જ=ભગવાન કેવલજ્ઞાન પછી કમલ ઉપર પગો સ્થાપન કરે છે એને જ, સ્તુતિકારશ્રી ભંગ્યંતરથી કહે છે=અન્ય પ્રકારના વિકલ્પથી કહે છે. હે ભગવન્ ! જે પ્રદેશમાં તમારા બે ચરણો પદને=અવસ્થાનને કરે છે, ત્યાં સુરાસુર એવા દેવ, દાનવો, શ્રિયને=લક્ષ્મીને વિકુર્વે છે.

કોને વિકુર્વે છે ? એથી કહે છે –

કમળોરૂપ લક્ષ્મીને વિકુર્વે છે. શેનાથી વિકુર્વે છે ? પંકજના બહાનાથી=સુવર્ણના કમળના વ્યપદેશથી, કમળોરૂપ લક્ષ્મીને વિકુર્વે છે. એમ અન્વય છે. અને ત્રિભુવનની લક્ષ્મીના નિવાસ એવા ભગવાનના ચરણન્યાસથી પૃથ્વીની સશ્રીકતા છે=લક્ષ્મીયુક્તતા છે=ભગવાનના ચરણો જ જાણે પૃથ્વીની લક્ષ્મી ન હોય તેવા છે. ।।૪/૩।।

ભાવાર્થ :-

ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયને કારણે દેવતાઓ ભગવાન કેવલજ્ઞાન પામે ત્યાર પછી જે પૃથ્વી ઉપર ભગવાન પગ મૂકે છે ત્યાં નવકમળોની રચના કરે છે. ભગવાન તે સુવર્ણનાં કમળો પર પદોને સ્થાપન કરે છે. અને ભગવાન જ્યારે વિહાર કરે છે ત્યારે તે કમળો પણ દેવતાકૃત અતિશયને કારણે ભગવાનની આગળ પ્રસર્પણ કરે છે. **॥૪/૩॥**

અવતરણિકા :-

अपरं च –

અવતરણિકાર્થ :-

દેવતાકૃત બીજો અતિશય કહે છે –

શ્લોક :-

दानशीलतपोभावभेदाद्धर्म्मं चतुर्विधम् ।
मन्ये युगपदाख्यातुं, चतुर्वक्त्रोऽभवद् भवान् ।।४/४।।

શ્લોકાર્થ :-

દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારના ધર્મને એક સાથે કહેવા માટે તમે ચારમુખવાળા થયા એમ હું માનું છું એ પ્રમાણે કવિ ઉત્પ્રેક્ષા કરે છે. ॥૪/૪॥

ટીકા :-

भुवनबान्धवे हि धर्मोपदेशनिमित्तमन्तःसमवसरणममरकल्पितमलङ्कृत्य मृगेन्द्रासनमुपविष्टे प्राङ्मुखे दक्षिणापरोत्तरासु तिसृष्वपि दिक्षु तथास्थितेरेव विरचयन्ति व्यन्तरसुराः स्वामिप्रतिच्छन्दानि, इदमेव स्तुतिकृदुत्प्रेक्षते-हे भुवनस्वामिन्नहमेवं मन्ये, यद्भवानेतदर्थं चतुर्वक्त्रोऽभवत् । किमर्थमित्याह–आख्यातुं कथयितुम्, किं तद्धर्म्मं प्रथमपुरुषार्थम्, किंविशिष्टं ? चतुर्विधं=चतुष्प्रकारम् । चातुर्विध्यमेवाह–दानशीलतपोभावभेदाद् दानशीलतपोभावनारूपम् । नन्वेकरूपोपि भगवांश्चतुर्विधमपि धर्मं पर्यायेण प्ररूपयिष्यति किं चतुर्मुखत्वेनेत्याह–युगपत्समकालं एतच्चतुर्वक्त्रत्वमन्तरेण नोपपद्यत इति ।।४/४।।

ટીકાર્થ :-

भुवनबान्धवे ..... नोपपद्यत इति ।। ધર્મોપદેશના નિમિત્તે દેવોથી રચાયેલા અંદરના સમોવસરણને અલંકૃત કરીને ભુવનબાંધવ પૂર્વદિશામાં સિંહાસન ઉપર બેસે છતે, દક્ષિણ, અપર અને ઉત્તર ત્રણેય પણ દિશામાં=દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરરૂપ ત્રણેય પણ દિશામાં, તે પ્રકારની સ્થિતિથી જ=જે પ્રકારની સ્થિતિથી ભગવાન પૂર્વદિશામાં બેસે છે તે પ્રકારની સ્થિતિથી જ, વ્યંતરદેવો સ્વામીના

પ્રતિચ્છંદોની=ભગવાનના પ્રતિબિંબોની, રચના કરે છે. આને જ=ભગવાનના પ્રતિચ્છંદને દેવતાઓ સ્થાપે છે એને જ, સ્તુતિકારશ્રી ઉત્પ્રેક્ષા કરે છે. હે ભુવનસ્વામિ, હું આ પ્રમાણે માનું છું, જે તમે 'આના માટે' ચારવક્ત્રવાળા થયા.

કયા અર્થ માટે ?='આના માટે' એ શબ્દથી વાચ્ય કયા અર્થ માટે ? તેથી કહે છે. 'કહેવા માટે'. શું કહેવા માટે ? તેથી કહે છે –

તે ધર્મને=પ્રથમ પુરુષાર્થરૂપ ધર્મને=ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થમાં પ્રથમ પુરુષાર્થરૂપ ધર્મને, કહેવા માટે તમે ચાર મુખવાળા થયા છો એમ અન્વય છે.

કેવો વિશિષ્ટ તે ધર્મ છે ? તેથી કહે છે. ચાર પ્રકારવાળો ધર્મ છે. ચાતુર્વિધ્યને જ કહે છે=ધર્મના ચાર પ્રકારને જ કહે છે –

દાન, શીલ, તપ અને ભાવના ભેદથી દાન, શીલ, તપ, ભાવના રૂપ ચાર પ્રકારનો ધર્મ તમે કહેવા માટે ચાર મુખવાળા થયા છો. એમ અન્વય છે. 'નનુ'થી પ્રશ્ન કરે છે કે એક રૂપ પણ ભગવાન ચતુર્વિધ પણ ધર્મને પર્યાયથી=ક્રમથી, પ્રરૂપણા કરશે. ચાર મુખપણાથી શું ? એથી કહે છે –

એક સાથે=સમકાલ, આ=ચાર પ્રકારના ધર્મનું કથન, ચર્તુમુખપણા વગર ઘટતું નથી. ॥૪/૪॥

ભાવાર્થ :-

ભગવાન સમવસરણમાં દેશના આપવા માટે પૂર્વાભિમુખ બેસે છે. ત્યારે ભગવાનની આકૃતિ સદૃશ ત્રણ દિશામાં દેવતાઓ નવી આકૃતિ વિકુર્વે છે. જેથી ભગવાન સમવસરણમાં ચાર મુખવાળા દેખાય છે. તેથી કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે ભગવાન દેશનામાં શ્રોતાની ભૂમિકાનુસાર ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે. તેને જ એક સાથે કહેવા માટે ભગવાન ચાર મુખવાળા થયા છે. એમ હું માનું છું. વસ્તુતઃ ભગવાન જીવોના ઉપકાર અર્થે જે કંઈ ઉપદેશ આપે છે તે ચાર પુરુષાર્થમાંથી અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ રૂપ ચાર પુરુષાર્થમાંથી ધર્મ પુરુષાર્થનો ઉપદેશ આપે છે. તે ધર્મ ભૂમિકાના ભેદથી ચાર પ્રકારનો છે. દાન, શીલ, તપ અને ભાવ. તેથી એ પ્રાપ્ત થાય કે ગુણવાન એવા તીર્થંકર આદિ પ્રત્યે દેવો આદિને ભક્તિ થાય છે. તેથી ઉત્તમદ્રવ્યથી તીર્થંકર આદિની ભક્તિ કરે છે. તે દાનધર્મ છે. અને તે દાનધર્મ શીલાદિ ધર્મનું કારણ છે. તેથી દ્રવ્યસ્તવ રૂપ છે અને દ્રવ્ય શબ્દ કારણવાચી છે. તેથી પિંડઅવસ્થા રૂપ માટી દ્રવ્ય કુંભારના સમ્યગ્ યત્નથી ઘટરૂપે પરિણમન પામે છે. તેમ વિવેકપૂર્વક દાન કરનાર મહાત્મા અર્થાત્ ભગવાનની ભક્તિ કરનાર મહાત્મા ઉત્તમદ્રવ્યોથી ભક્તિ કરવા રૂપ પિંડઅવસ્થાસ્થાનીય પોતાના આત્મદ્રવ્યને સ્વપરાક્રમથી વીતરાગના ગુણોથી ભાવિત કરીને શીલાદિ ભાવસ્તવરૂપ પર્યાય રૂપે પરિણમન પમાડે છે. જેમ કુશળ કુંભાર માટીના પિંડને ઘટરૂપે પરિણમન પમાડે છે, તેમ દાન પરિણામ વિશિષ્ટ પોતાના આત્માને કુશળ શ્રાવક વીતરાગતાને અભિમુખ શીલાદિભાવો રૂપે પરિણમન પમાડે છે. અને અતિકુશળ કુંભાર માટીમાંથી અતિવિશિષ્ટ ઘટને નિષ્પન્ન કરી શકે છે, તેમ નાગકેતુ જેવા અતિકુશળ શ્રાવકો ભગવાનની ભક્તિરૂપ દાન, ધર્મની ક્રિયા દ્વારા પોતાના આત્માને તે રીતે ઉત્તરોત્તર પરિણામ પમાડીને વીતરાગતાભાવ રૂપે

પરિણમન પમાડે છે ત્યારે તેઓનો દાનધર્મ જ ક્રમસર શીલધર્મ, તપધર્મ અને અંતે પ્રકર્ષના ભાવવાળા ભાવધર્મને પ્રાપ્ત કરે છે; ત્યારે ક્ષપકશ્રેણીને પામીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે ચાર પ્રકારના ધર્મને જ ભગવાન સર્વત્ર દેશનામાં કહે છે અને તે ચાર પ્રકારનો ધર્મ જ આખી દ્વાદશાંગીના વિસ્તાર સ્વરૂપ છે. ॥૪/૪॥

અવતરણિકા :-

साम्प्रतं भगवतः परमार्हन्त्यप्रभावप्रेरितैः सुरासुरैः या प्राकारत्रयरचना भक्त्या विधीयते तस्या एव विधाने स्तुतिकृत् कारणान्तरमुद्भावयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે ભગવાનના પરમઆર્હંત્યપ્રભાવથી પ્રેરિત એવા સુર-અસુરો વડે જે ત્રણ ગઢની રચના ભક્તિથી કરાય છે, તેના જ વિધાનમાં=ત્રણ ગઢની રચનાના વિધાનમાં, સ્તુતિકારશ્રી કારણાંતરને બતાવતાં કહે છે –

શ્લોક :-

त्वयि दोषत्रयात् त्रातुं, प्रवृत्ते भुवनत्रयीम् ।
प्राकारत्रितयं चक्रुस्त्रयोऽपि त्रिदिवौकसः ।।४/५।।

શ્લોકાર્થ :-

દોષત્રયથી ભુવનત્રયીને રક્ષણ કરવા માટે તમે પ્રવૃત્ત થયે છતે ત્રણેય પ્રકારના દેવતાઓએ ત્રણ પ્રકારના ગઢની રચનાને કરી. ॥૪/૫॥

ટીકા :-

हे जगच्छरण्य ! वैमानिकभुवनाधिपज्योतिःपतिरूपास्त्रयोपि दिवौकसो देवास्त्वामनु प्राकारत्रितयं मणिस्वर्णरजतमयं विरचयाञ्चक्रुः । क्व सति ? त्वय्यतुलबलपराक्रमे भुवनत्रयीं स्वर्गमर्त्यपातालरूपलक्षणां तत्स्थे तदुपचाराद् भुवनत्रयगतान् भव्यसत्त्वान् त्रातुं=परिरक्षितुं प्रवृत्ते=कृतोपक्रमे सति, कस्माद्दोषत्रयात्त्व-द्विधादपरेणाजय्याद्रागद्वेषमोहरूपात्, न चैकेन प्राकारेण बलवत्तरारातित्रयाक्रान्ता त्रिजगती युगपत्परित्रातुं शक्यते, तत्किलैतदर्थमेव वप्रत्रयनिर्मितिरिति ।।४/५।।

ટીકાર્થ :-

हे जगच्छरण्य ! ..... वप्रत्रयनिर्मितिरिति ।। હે જગત્શરણ્ય ! વૈમાનિક, ભુવનાધિપ, જ્યોતિષ્ક રૂપ ત્રણેય પણ દેવતાઓએ તમને અનુસરીને મણિ, સુવર્ણ અને રજતમય પ્રાકારત્રિતયની વિરચના કરી.

તમે શું કર્યે છતે તમને અનુસરીને ત્રણ ગઢોની રચના દેવતાઓએ કરી ? તેથી કહે છે –

અતુલબલ પરાક્રમવાળા તમે=ઘાતિકર્મોના નાશમાં જેઓનું અતુલબલ અને પરાક્રમ છે એવા તમે, સ્વર્ગ, મર્ત્ય અને પાતાલરૂપ ભુવનત્રયીમાં રહેલ તેના ઉપચારથી ભુવનત્રયગત એવા જીવોને રક્ષણ કરવા માટે પ્રવૃત્ત થયે છતે=કરાયેલા ઉપક્રમવાળા તમે હોતે છતે, દેવતાઓ ત્રણ પ્રાકારની રચના કરે છે એમ અન્વય છે.

શેનાથી ત્રણ જગતને રક્ષણ કરવા માટે ભગવાન પ્રવૃત્ત થયા છે ? તેથી કહે છે –

તમારા જેવાથી અપર વડે અજય કરાયેલા એવા રાગ, દ્વેષ, મોહરૂપ દોષત્રયથી જગતને રક્ષણ કરવા માટે તમે પ્રવૃત્ત થયે છતે દેવતાઓએ ત્રણ ગઢ રચ્યા છે એમ અન્વય છે. અને એક પ્રાકારથી બલવત્તર આરાતિત્રયથી આક્રાંત ત્રિજગતને=અતિબલિષ્ઠ એવી પીડા રૂપ રાગ, દ્વેષ અને મોહત્રયથી આક્રાંત ત્રિજગતને, યુગપત્ પરિત્રાણ કરવું શક્ય નથી. તે કારણથી ખરેખર આના માટે જ=આરાતિત્રયથી આક્રાંત જગતને રક્ષણ કરવા માટે જ, વપ્રત્રયનિર્મિતિ છે. ॥૪/૫॥

ભાવાર્થ :-

ત્રણ જગતના જીવો રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રણ પીડાઓથી સતત આક્રાંત છે. એવા જગતને તારવા માટે જ ભગવાન પ્રવૃત્ત થયા છે. તેથી કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે એક ગઢથી એક સાથે ભવ્યજીવોને આ ત્રણ પ્રકારની પીડાનો નાશ થઈ શકે નહીં. તેથી દેવતાઓએ ત્રણ ગઢની રચના કરી છે. આ પ્રકારે સ્તુતિ કરીને કવિ ભગવાનના દેવતાકૃત ત્રણ ગઢના અતિશયોનું સ્મરણ કરે છે. વળી ભગવાન ત્રણ જગતગત રાગ, દ્વેષ અને મોહની પીડાથી પીડિત યોગ્ય જીવોને રક્ષણ કરવા માટે પ્રવૃત્ત છે તેનું સ્મરણ કરે છે. જેથી ભગવાનના તે પ્રકારના ગુણથી પણ ભગવાનના પ્રત્યેનો પૂજ્યભાવ વૃદ્ધિ પામે, તેથી પોતે પણ ભગવાનના અવલંબનથી રાગ, દ્વેષ અને મોહથી પોતાના આત્માનું રક્ષણ કરી શકે.

વસ્તુતઃ જીવનો સુખ સ્વભાવ છે. તે સુખ સ્વભાવનો નાશ કરનાર રાગ, દ્વેષ અને મોહની પરિણતિ છે; કેમ કે રાગ ઇચ્છારૂપ છે. અને ઇચ્છા સ્વયં સુખાત્મક નથી. પરંતુ ઇચ્છા પૂર્ણ થાય ત્યારે જ જીવને સુખનું વેદન થાય છે. તેથી ઇચ્છાથી આકુળ થયેલો જીવ તે ઇચ્છાની પૂર્તિ માટે શ્રમ કરે છે ત્યારે શ્રમની પીડાને અનુભવે છે. છતાં ઇચ્છાથી પ્રવૃત્તિ થાય છે, તેના કારણે ઇચ્છા શાંત થવાથી સુખ થાય છે. માટે ઇચ્છા પીડારૂપ છે. વળી, જીવને દ્વેષ થાય છે. તે વખતે સ્પષ્ટ જીવ વ્યાકુળ હોય છે તેથી ક્રોધાદિરૂપ દ્વેષ પીડારૂપ જ છે. વળી, તત્ત્વને જોવામાં મૂઢતારૂપ અજ્ઞાન જીવને આત્માના મૂળ સ્વરૂપમાં સ્વસ્થતાથી રહેવા માટે બાધક છે. તેથી સુખનો વ્યાઘાતક હોવાથી પીડારૂપ જ છે. આથી મૂઢતારૂપ મોહને જીતવા અર્થે ચૌદપૂર્વધરો પણ સતત શ્રુતથી આત્માને ભાવિત કરીને આત્માના વીતરાગભાવના સૂક્ષ્મ બોધના બાધક અજ્ઞાનરૂપ મૂઢતાને દૂર કરવા અર્થે સતત યત્ન કરે છે. તેથી અજ્ઞાનરૂપ મૂઢતા પણ આત્મા માટે પીડાકારી છે. અને ભગવાને ઘાતિકર્મોનો નાશ કરેલો હોવાથી રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રણેય દોષો નષ્ટ થયા છે અને ત્રણ જગતના જીવોને તે દોષોની પીડાથી રક્ષણ કરવા માટે સમવસરણમાં બેસીને ભગવાન ધર્મદેશના આપે છે.

તેથી કવિએ ઉત્પ્રેક્ષા કરી છે કે તે ત્રણ દોષોના નાશ અર્થે જ ભગવાન પ્રવૃત્ત થાય છે. ત્યારે દેવતાઓ તેના અર્થે જ ત્રણ ગઢની રચના કરે છે. **॥૪/૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

નવો દેવતાકૃત અતિશય બતાવવા અર્થે 'તથા'થી કહે છે –

શ્લોક :-

अधोमुखाः कण्टकाः स्युर्धात्र्यां विहरतस्तव ।
भवेयुः संमुखीनाः किं, तामसास्तिग्मरोचिषः ।।४/६।।

શ્લોકાર્થ :-

પૃથ્વી ઉપર વિહાર કરતા તમને કાંટાઓ અધોમુખવાળા થાય છે. શું સૂર્યની સન્મુખ અંધકારનો સમૂહ થાય ? અર્થાત્ થાય નહીં. ॥૪/૬॥

ટીકા :-

हे मर्दितकषायकण्टक ! तव धात्र्यां=सकलमङ्गलालिङ्गितायामिलायां, संसारचारकगतान् भव्यसत्त्वान् उन्मोचयितुं विहरतः कण्टका ग्रामराष्ट्रकाष्ठास्थिलोहादिमया, जगतोऽपि निर्निमित्तमेव निर्मितव(त)रमात्मनो मर्मवेधदुःकृतमनुस्मृत्य विश्वजनीनस्य तव स्वं मुखं दर्शयितुमशक्ता इवाधोमुखाः प्रवेष्टुमिव पातालमवाङ्मुखाः स्युर्भवेयुः । अत्रैवार्थान्तरन्यासमाह–युक्तमेवैतत्तामसास्तमसां समूहास्तिग्मरोचिषः=खररश्मेः संमुखीनाः किं क्वचिद्देशे काले वा भवेयुः ? नैवेतिभावः ।।४/६।।

ટીકાર્થ :-

हे मर्दितकषाय ..... नैवेतिभावः ।। હે મર્દિતકષાયકંટક=આત્મામાં રહેલા કષાયરૂપી કાંટાઓ મર્દન કર્યા છે જેમણે એવા હે ભગવાન્ ! પૃથ્વી ઉપર=સકલમંગલથી આલિંગિત એવી પૃથ્વી ઉપર, સંસારરૂપી ચારકમાં રહેલા ભવ્યજીવોને મુકાવવા માટે વિહરતા તમને કાંટાઓ=ગ્રામમાં, રાષ્ટ્રમાં, કાષ્ઠના અસ્થિમાં લોહાદિમય કાંટાઓ, જગતને પણ નિર્નિમિત્ત જ કરેલા પોતાના મર્મવેધ દુષ્કૃતનું અનુસ્મરણ કરીને વિશ્વજનીન=વિશ્વના ઉપકારી, એવા તમને પોતાનું મુખ દેખાડવા માટે અસમર્થની જેમ અધોમુખવાળા પાતાલપ્રવેશ કરવા માટે જાણે ઈચ્છતા ન હોય તેવા અવાઙ્મુખ થાય છે. અહીં જ અર્થાંતરન્યાસને કહે છે=પ્રસ્તુત અતિશયમાં તેના જેવા દૃષ્ટાંતને બતાવવા માટે કહે છે, આ યુક્ત જ છે=વિહરતા એવા ભગવાનને કાંટાઓ અધોમુખ થાય એ યુક્ત જ છે.

કેમ યુક્ત જ છે ? તે બતાવતાં કહે છે –

અંધકારના સમૂહો સૂર્યની સન્મુખ કોઈ દેશમાં કે કોઈ કાળમાં થાય ? અર્થાત્ ન જ થાય એ પ્રકારનો ભાવ છે. ॥૪/૬॥

ભાવાર્થ :-

દેવતાકૃત અતિશય છે કે પૃથ્વી ઉપર ભગવાન વિહરતા હોય ત્યારે તે ભૂમિ ઉપર કોઈક સ્થાને કોઈક વૃક્ષથી પડેલા કાંટા હોય તે જે રીતે પડેલા હોય તે રીતે પગ મૂકનારને પીડાકારી બને, પરંતુ ભગવાનના આગમનને કારણે તે કાંટાઓ પણ અધોમુખવાળા થાય છે. જેથી તેના ઉપર પગ આવે તોપણ તે કાંટાઓ પીડાકારી બને નહીં. જો કે ભગવાન સુવર્ણકમલ ઉપર પગ મૂકે છે. તેથી ભગવાનને કાંટા વાગવાનો પ્રસંગ નથી. તોપણ દેવતાકૃત અતિશયને કારણે તે પ્રકારે કાંટાઓ અધોમુખ થાય છે. જેથી યોગ્ય જીવોને આ લોકોત્તમપુરુષ છે તેવો બોધ થાય છે. તે અર્થે ભગવાન પ્રત્યેની ભક્તિથી દેવતાઓ તે પ્રકારે કરે છે અને ભગવાનના અતિશયને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે. જેમ ગાઢ કિરણોવાળો સૂર્ય ઉદયમાન હોય ત્યારે અંધકારનો સમૂહ શું સૂર્યને સન્મુખ થાય ? અર્થાત્ થાય નહીં. પરંતુ સૂર્યનો ઉદય થાય ત્યારે અંધકારનો સમૂહ દૂર જ થાય છે. તેમ, અત્યંત દયાળુ એવા તીર્થંકરો વિચરતા હોય ત્યારે કાંટાઓ પણ તેઓની સન્મુખ થઈ શકે નહીં તેથી જ અધોમુખવાળા થાય છે. **॥૪/૬॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી, ભગવાનનો નવો અતિશય બતાવે છે –

શ્લોક :-

केशरोमनखश्मश्रु, तवावस्थितमित्ययम् ।
बाह्योऽपि योगमहिमा, नाप्तस्तीर्थकरैः परैः ।।४/७।।

શ્લોકાર્થ :-

કેશ, રોમ, નખ, અને દાઢી તમારે અવસ્થિત છે એ પ્રકારનો બાહ્ય પણ યોગમહિમા બીજા તીર્થને કરનારાઓ વડે પ્રાપ્ત કરાયો નથી. ॥૪/૭॥

ટીકા :-

हे अप्रमेयमहिमन् ! भगवन् ! परैरसर्वज्ञत्वेन त्वद्व्यतिरिक्तैः कुतीर्थकृद्भिरास्तां तावदाभ्यन्तरः सर्वाभिमुख्यतादिर्भामण्डलावसानः पूर्वोपवर्णितस्तव योगमहिमा, यावदयं बाह्योऽपि न प्राप्तः । अथ क इव ? स इत्याह–केशरोमनखश्मश्रु तवावस्थितमिति । केशाः शिरोरुहाः, रोमाण्यङ्गरुहाणि, नखाः

करचरणा-ङ्गुलिप्रभवाः, श्मश्रु कूर्चम् एतच्च तवावस्थितं यावत्प्रमाणं सर्वविरतिप्रतिपत्तिप्रस्तावेऽवस्थापितं तावन्मात्रमेव, न पुनर्न्यूनाधिकम्, अयं चाध्यात्मैकदेशमात्रसाध्यत्वेन बाह्य एव योगमहिमा, किन्तु परैः प्रतिक्षणोपचीय-मानापचीयमानकेशादिकदर्थितैर्न प्राप्तः, कुतः पुनरान्तरस्य त्वद्योगमहिम्नस्तेषां प्राप्तिसम्भावनैव । ननु यदि भगवतो योगमहिम्ना केशादीनां यथावदवस्थानं तत्किमस्यातिशयस्य सुरकृतातिशयेषु भणनं ? न पुनः कर्मक्षयजेषु ?, सत्यम् न खलु भगवद्योगमहिम्ना केशादीनां यथावदवस्थितिः, किन्तु सर्वविरत्यवसरे पुरन्दरप्रेरितदम्भोलिविदलितोद्गतिशक्तीनां तेषामनुद्भव इति सुरकृत एवायमतिशयः, ननु यद्येवं तदा तवायमपि योगमहिमा परैर्नाप्त इति किमर्थं स्तुतिकृताभिदधे ? । उच्यते-यत्किल पौलोमीपतिः परमेशितुः किङ्कर इव केशादिव्यवस्थापनं विधत्ते स भगवत एव योगमहिमेति समञ्जसम् ।।४/७।।

ટીકાર્થ :-

हे अप्रमेयमहिमन् ! ..... समञ्जसम् ।। હે અપ્રમેય મહિમાવાળા ભગવાન=અત્યંત મહિમાવાળા ભગવાન, असर्वज्ञपणाने કારણે તમારાથી વ્યતિરિક્ત એવા પર કુતીર્થિકો વડે सर्वाभिमुख्यता આદિથી માંડીને ભામંડલ અવસાનવાળી પૂર્વમાં વર્ણન કરાયેલી તમારી અભ્યંતર યોગમહિમા દૂર રહો यावद् આ બાહ્ય પણ મહિમા પ્રાપ્ત કરાયો નથી. અર્થાત્ કેશ વગેરે પણ વૃદ્ધિ પામતા નથી એવો બાહ્ય પણ મહિમા પ્રાપ્ત કરાયો નથી.

કયો તે છે ?=બાહ્યમહિમા કયો છે ? એથી કહે છે –

કેશ, રોમ, નખ, દાઢી તમારા અવસ્થિત છે એ બાહ્યમહિમા છે. કેશો મસ્તક ઉપર ઊગનારા છે. રોમો અંગ ઉપર વધનારા છે. નખો કરચરણની અંગુલીથી પ્રભવ છે. શ્મશ્રુ એ દાઢી છે. અને આ= કેશ આદિ, તમારા અવસ્થિત છે=સર્વવિરતિના સ્વીકારના પ્રસ્તાવમાં યાવત્ પ્રમાણ અવસ્થાપિત છે=રહેલા છે, તેટલા માત્ર જ રહેલા છે. પરંતુ ન્યૂનાધિક થતા નથી. અને આ અધ્યાત્મના એક દેશ માત્રથી સાધ્યપણું હોવાને કારણે બાહ્ય જ યોગમહિમા છે=આત્મામાં પ્રગટ થયેલ અધ્યાત્મની પરિણતિજન્ય એવા ઘણા મહિમાઓ છે એમાંથી એક દેશ માત્ર સાધ્ય એવો આ બાહ્યમહિમા છે. પરંતુ પ્રતિક્ષણ ઉપચીયમાન અને અપચીયમાન એવા કેશાદિથી કદર્થિત બીજાઓ વડે પ્રાપ્ત કરાયો નથી=તે અતિશય પ્રાપ્ત કરાયાં નથી. વળી, અંતરંગ તમારા યોગના મહિમાની પ્રાપ્તિની સંભાવના જ તેઓને ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. 'ननु'થી શંકા કરે છે. જો ભગવાનના યોગમહિમાથી કેશાદિનું યથાવદ્ અવસ્થાન છે અર્થાત્ વૃદ્ધિ ન પામે તેમ અવસ્થાન છે, તો આ અતિશયનું દેવતાકૃત અતિશયોમાં કથન કેમ કર્યું ? વળી કર્મક્ષયથી થનારા અતિશયોમાં કથન કેમ ન કર્યું ?

આ પ્રકારની શંકાનો ઉત્તર આપતાં કહે છે –

सत्यं=તારી વાત સાચી છે, ખરેખર ભગવાનના યોગમહિમાથી કેશાદિની યથાવદ્ અવસ્થિતિ નથી. પરંતુ સર્વવિરતિના અવસરમાં ઇન્દ્રથી પ્રેરિત દંભોલી દ્વારા વિદલિત ઉદ્ગમની શક્તિવાળા

એવા કેશાદિનો અનુદ્ભવ છે, એથી સુરકૃત જ આ અતિશય છે. જો આ પ્રમાણે છે તો=દેવતાકૃત આ અતિશય છે એ પ્રમાણે છે તો, "તમારો આ પણ યોગમહિમા બીજા વડે પ્રાપ્ત કરાયો નથી" એ પ્રમાણે સ્તુતિકારશ્રી વડે કેમ કહેવાયું ? તેનો ઉત્તર આપે છે. જે ખરેખર ઈન્દ્ર પરમેશ્વરના કિંકરની જેમ=ભગવાનના સેવકની જેમ, કેશાદિનું વ્યવસ્થાપન કરે છે તે ભગવાનનો જ યોગમહિમા છે. તેથી સમંજસ છે="ભગવાનનો જ યોગમહિમા છે" એમ કહેવું યુક્ત જ છે. ॥૪/૭॥

ભાવાર્થ :-

ભગવાન લોકોત્તમપુરુષ છે. તેથી ભગવાન જ્યારે સંયમ ગ્રહણ કરે છે ત્યારે ભગવાન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને ઇન્દ્ર પોતાની દંભોલી રૂપ શસ્ત્રથી ભગવાનના કેશાદિ વૃદ્ધિ ન પામે તે પ્રમાણે તેની ઉદ્ભવશક્તિનો નાશ કરે છે. આવો અપૂર્વ મહિમા અન્યદર્શનના તીર્થને કરનારાઓ વડે પ્રાપ્ત કરાયો નથી. પરંતુ ભગવાનનો જ તે પ્રકારનો યોગનો મહિમા છે. જેના સ્મરણથી પણ લોકોત્તમપુરુષ પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. જેમ ગૌતમસ્વામીની લબ્ધિને જોઈને ૧૫૦૦ તાપસોને આ જ ગુરુ આશ્રયણીય છે, તે પ્રકારની ભક્તિ થાય છે. તેમ ભગવાનના આ પ્રકારના અતિશયોને જોઈને પણ યોગ્ય જીવોને આ જ લોકોત્તમપુરુષ છે, તેવી મતિ થાય છે. આથી જ તે અતિશયથી પણ સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **॥૪/૭॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

હવે અન્ય દેવકૃત અતિશયને કહે છે –

શ્લોક :-

शब्दरूपरसस्पर्शगन्धाख्याः पञ्च गोचराः ।
भजन्ति प्रातिकूल्यं न, त्वदग्रे तार्किका इव ।।४/८।।

શ્લોકાર્થ :-

તાર્કિકોની જેમ તમારી આગળ શબ્દ, રૂપ, રસ, સ્પર્શ, ગંધ નામના પાંચ ઈન્દ્રિયોના વિષયો પ્રાતિકૂલ્યને ભજતા નથી=ભગવાન જ્યાં વિહરતા હોય ત્યાં વાતાવરણમાં સર્વવિષયો રમ્ય જ ઇન્દ્રિયગોચર થાય તે પ્રકારે દેવો કરે છે. ॥૪/૮॥

ટીકા :-

हे वागगोचरचरित्रपवित्र ! स्वामित्रमी पञ्चापि गोचरास्त्वदग्रे=त्वत्सन्निधौ, प्रातिकूल्यं=प्रतिकूलतां, न भजन्ति, प्रत्युतानुकूलतामेव श्रयन्ते, के त इत्याह–शब्दरूपरसस्पर्शगन्धाख्याः यथाक्रमं श्रोत्रनेत्ररसनस्पर्शन-घ्राणादीन्द्रियविषयाः । किमुक्तं भवति ? यत्र हि त्रिजगद्गुरुर्विहरति तत्र वेणुवीणामृदङ्गमधुरगीतध्वनि-

जयजीवनन्देतिप्रमुखाः सुखदा एव शब्दाः श्रुतिपथमवतरन्ति न पुनः खरकरभकाकरवकरुणक्रन्दितादयः, तथा रूपाण्यपि रमणीयनरनारीनृपतिविभूतिदिव्यविमानप्रासादसफलारामपूर्णसरःपुष्करिणीप्रभृतीन्येव नयनगोचरमवतरन्ति, न पुनर्मलविलीनव्याधितमृतादीनि, तथा रसा अपि मृद्वीकाशर्कराखर्जूरनालिकेरेक्षुसहकारनारङ्गकदलीदाडिमीफलादीनां परिणमन्ति, न पुनः पिचुमन्दघोषातक्यादीनाम्, तथा स्पर्शा अपि मृदुदुकूलपिहितशुचिहंसतूलीललितललनाङ्गावयवादयो, न पुनः खरशर्कराकठिनाश्मकण्टकादीनाम्, तथा गन्धा अपि घनसारागरुमृगमदमलयजमन्दारपारिजातकमलकुवलयचम्पकबकुलकनककेतकमालतीपाटलादीनामेव घ्राणपुटसन्तर्प्पणपटिष्ठा, न पुनर्मृतकलेवरलशुनादीनाम्, एवममी पञ्चापि विषयाः स्वामिसन्निधौ प्रतिकूलतां त्यजन्ति, के इव ? तार्किका इव यथा भगवद्गोचरोपगताः सौगतसाङ्ख्यशैवमीमांसकलोकायताः (नैयायिकाः) पञ्चापि प्रामाणिकाः प्रतिहतप्रातिभत्वेन विगलन्मदाः प्रतिकूलतां मुञ्चन्ति, तद्वदेतेऽपीति भावः ।।४/८।।

ટીકાર્થ :-

હે વાગગોચર ..... तद्वदेतेऽपीति भावः ।। વાણીના અવિષય એવા ચરિત્ર વડે પવિત્ર એવા હે સ્વામી! આ પાંચેય પણ વિષયો=આગળમાં કહે છે તે પાંચેય પણ વિષયો, તમારી આગળમાં=તમારી સન્નિધિમાં, પ્રતિકૂલતાને પામતા નથી. ઊલટું અનુકૂળતાને જ આશ્રય કહે છે.

કયા તે વિષયો છે ? તેથી કહે છે –

શબ્દ, રૂપ, રસ, સ્પર્શ, ગંધ નામના યથાક્રમ શ્રોત્રેન્દ્રિયના, ચક્ષુરિન્દ્રિયના=નેત્રના, રસનેન્દ્રિયના, સ્પર્શેન્દ્રિયના અને ઘ્રાણેન્દ્રિયના વિષયો છે.

શું કહેવાયેલું થાય છે ?=શ્લોકના કથનથી શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે –

જ્યાં=જે ક્ષેત્રમાં, ત્રણ જગતના ગુરુ એવા તીર્થંકર વિચરે છે, ત્યાં=તે ક્ષેત્રમાં, વેણુ, વીણા, મૃદંગના મધુર ગીત, ધ્વનિ, જય જીવનંદા એ વગેરે સુખને દેનારા જ શબ્દો શ્રુતિપથમાં અવતાર પામે છે=સાંભળવામાં આવે છે, પરંતુ ખર, કરભ=ઊંટ, કાગડાનો રવ, કરુણકન્દિત આદિ શબ્દો સાંભળવા મળતા નથી. અને રૂપો પણ રમણીય એવાં નર, નારી, નૃપતિની વિભૂતિ, દિવ્યવિમાન, પ્રાસાદ, સુંદર ફલવાળા બગીચાઓ, પૂર્ણસરોવર, જલથી પૂર્ણ વાવડી વગેરે જ ચક્ષુગોચર પ્રાપ્ત થાય છે. પરંતુ મલથી વિલીન=મલથી વિલીન શરીરવાળા, વ્યાધિવાળા કે મરેલા જીવો દૃષ્ટિપથમાં આવતા નથી. અને મૃદ્વીકા=દ્રાક્ષ, શર્કરા, ખજૂર, નાળિયેર, શેરડી, સહકાર=આંબો, મોસંબી, કેળાં, દાડમનાં ફળોના રસો પણ પરિણમન પામે છે. પરંતુ કડવો લીમડો, આંધેડો વનસ્પતિના રસો પરિણમન પામતા નથી. અને સ્પર્શો પણ મૃદુ દુકૂલથી=મૃદુવસ્ત્રથી, ઢંકાયેલ પવિત્ર હંસતૂલીલલિત=સારા રૂઈથી સુંદર, સુંદર સ્ત્રીઓનાં અંગ અવયવાદિ વર્તે છે. પરંતુ ખર, શર્કરા=કઠિનકાંકરા, કઠિન પત્થર અને

કંડક આદિના સ્પર્શો પ્રાપ્ત થતા નથી. અને ગંધ પણ ધનસાર, અગુરુ, મૃગમદ=કસ્તૂરી, મલયજ=ચંદન, મન્દાર, પારિજાત, કમલ, કુવલય=લીલું કમળ, ચંપક, બકુલ, કનક=નાગકેશર, કેતક=કેવડો, માલતી પાટલા=ગુલાબ આદિની જે ઘ્રાણેન્દ્રિયને તૃપ્ત કરવામાં પટિષ્ઠ=પટુ, એવી ગંધ પણ વર્તે છે. પરંતુ મરેલાં કલેવર, લસણ આદિની ગંધ વર્તતી નથી. આ રીતે પાંચેય પણ વિષયો સ્વામીની સન્નિધિમાં પ્રતિકૂલતાનો ત્યાગ કરે છે. કોની જેમ ? તાર્કિકોની જેમ. જે પ્રમાણે ભગવાનના વિષયોને પામેલા સૌગત=બૌદ્ધ દર્શનવાદી, સાંખ્ય, શૈવ, મીમાંસક, લોકાયત=નાસ્તિક, પાંચેય પણ પ્રામાણિકો= દર્શનવાદીઓ, પ્રતિહત બુદ્ધિપણું હોવાને કારણે, ચાલ્યા ગયેલા મદવાળા પ્રતિકૂલતાને મૂકે છે. તેની જેમ આ પણ=શબ્દાદિ વિષયો પણ, ભગવાનની સન્મુખ પ્રતિકૂલતાનો ત્યાગ કરે છે. ॥૪/૮॥

ભાવાર્થ :-

ભગવાન વિચરે છે ત્યાં ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે દેવતાઓ પાંચેય ઇન્દ્રિયોના વિષયો ઇન્દ્રિયોને આહ્લાદ કરે તે રૂપે પરિણમન પમાડે છે. જેથી ઉત્તમ પુરુષો એવા તીર્થંકરોની આજુબાજુનું વાતાવરણ પાંચે ઇન્દ્રિયોને આહ્લાદ કરે તેવું થવાથી યોગ્ય જીવોને ભગવાન પ્રત્યે ભક્તિ થાય છે અને આ ઉત્તમ પુરુષની ઉત્તમતાનું સૂચક અનુકૂળ વાતાવરણ છે તે પ્રકારે જોવાથી પણ યોગ્ય જીવોને ભગવાન પ્રત્યે અતિશય ભક્તિનો ભાવ થાય છે. તેથી સ્તવનકારશ્રી તે રીતે ભગવાનની સ્તુતિ કરીને પણ ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે. **॥૪/૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

બીજો દેવકૃત અતિશય તથાથી સમુચ્ચય કરતાં કહે છે –

શ્લોક :-

त्वत्पादावृतवः सर्वे, युगपत्पर्युपासते ।
आकालकृतकन्दर्प्पसाहाय्यकभयादिव ।।४/९।।

શ્લોકાર્થ :-

જાણે આકાલ કરેલા કંદર્પના સાહાય્યકના ભયથી સર્વ ઋતુઓ તમારા ચરણમાં એક સાથે પર્યુપાસન કરે છે. ॥૪/૯॥

ટીકા :-

हे विश्वोपास्य ! भगवन् ! त्वत्पादौ=त्वच्चलननलिने, ऋतवः सुरभिग्रीष्मवर्षाशरद्धेमन्तशिशिराख्याः

सर्वे षडपि पर्युपासते=सेवन्ते । ननु ऋतुभिरवसरप्राप्तैर्जगदपि सेव्यत एव, किमधिकं स्वामिनः ? इत्याह, युगपत्समकालम् । साम्प्रतमृतूपासने स्तुतिकृत् कारणमुद्भावयन्नाह–आकालेत्यादि, आकालमासंसारं कृतं निर्मितं भगवन्निग्राह्यस्य कन्दर्प्पस्य कामस्य यत्साहाय्यकं साहाय्यम्, उद्दीपनविभावा हि वसन्तादयः स्मरविकाराणामतस्तद्भयादिव । किमुक्तं भवति ? किल न खलु भक्त्या भगवन्तमृतवः समुपासते, किन्तु यथानेन महामोहोन्माथिना सपदि मन्मथः प्रमथितस्तथा मा नामास्मानपि तद्गृह्यान्निग्रहीष्यतीति भीतभीता इव स्वस्वोचितप्रसूनदलफलपटलोपायनपाणयस्ते स्वामिनमुपासते ।।४/९।।

ટીકાર્થ :-

હે વિશ્વોપાસ્ય ! ..... स्वामिनमुपासते ।। હે વિશ્વને ઉપાસ્ય એવા ભગવાન !=જગતના જીવોને ઉપાસ્ય એવા ભગવાન, તમારા ચરણનલિનમાં=તમારા ચરણકમલમાં, સુરભિ, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર નામની ઋતુઓ સર્વ=છએ પણ, પર્યુપાસના કરે છે. 'ननु'થી શંકા કરે છે. અવસર પ્રાપ્ત એવી રીતે ઋતુઓ વડે જગત પણ સેવાય છે. સ્વામીનું અધિક શું છે ? એથી કહે છે –

એક સાથે=સમકાલ, સેવાય છે. હવે ઋતુની ઉપાસનામાં=ઋતુ ભગવાનની ઉપાસના કરે છે તેમાં, સ્તુતિકારશ્રી કારણના ઉદ્ભાવનને કરતાં કહે છે. આકાલ ઈત્યાદિ. સંસાર છે ત્યાં સુધી ભગવાનથી નિગ્રાહ્ય=નિગ્રહને યોગ્ય, એવા કંદર્પને=કામને જે સાહાય્યક=સાહાય્ય છે, આથી તેના ભયથી જ જાણે પ્રભુના બે ચરણકમલની યુગપદ ઉપાસના કરે છે એમ અન્વય છે. હિ=જે કારણથી, સ્મરવિકારોનો ઉદ્દીપન-વિભાવ વસંતાદિ ઋતુઓ=વસંતાદિ ઋતુઓને પામીને જીવોમાં કામના વિકારોનું ઉદ્દીપન થાય છે અને કામનું વિભાવન થાય છે. આથી તેના ભયથી જ જાણે પ્રભુના ચરણને સેવે છે. એમ કવિએ ઉત્પ્રેક્ષા કરેલ છે.

શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે –

ખરેખર ભક્તિથી ઋતુઓ ભગવાનની ઉપાસના કરતી નથી. પરંતુ યથા=જે પ્રકારે મહામોહનો નાશ કરનારા આના વડે=ભગવાન વડે, તત્કાલમન્મથ=કામ, પ્રમથિત=નાશ કરાયો, તથા=તે પ્રકારે કામના પક્ષવાળા અમારો પણ નિગ્રહ ન કરે એથી અત્યંત ભય પામેલી જેવી જાણે ઋતુઓ પોતપોતાને ઉચિત પ્રસૂન=ફૂલ, દલ, ફલના પટલના ભેટણાના હાથવાળી એવી તે=ઋતુઓ, સ્વામીની ઉપાસના કરે છે. ।।૪/૯।।

ભાવાર્થ :-

છએ ઋતુઓ હંમેશાં સંસારી જીવોને તે તે પ્રકારના કામને ઉદ્દીપિત કરે છે. તેથી આકાલ બધી ઋતુઓએ કામને સહાય કરી છે. અર્થાત્ જગતના જીવોમાં કામને ઉત્પન્ન કરવામાં સહાય કરી છે. તેથી કામને સેવીને લોકોએ જે પાપો બાંધ્યાં છે, તેનાથી તેઓ જે કદર્થના પામશે તેમાં સહાય કરનાર પોતે હોવાથી પોતાનો પણ આ ભગવાન નિગ્રહ કરશે. માટે અનર્થોની પ્રાપ્તિ થશે. તે પ્રકારના ભયથી જાણે

બધી ઋતુઓ પોતપોતાની ઋતુમાં પ્રગટ થતા ઉત્તમ ફલ આદિ રૂપ ભેટણાને ગ્રહણ કરીને એક સાથે સ્વામીના ચરણોમાં સેવા માટે ઉપસ્થિત થયેલ છે. અર્થાત્ ભગવાન જ્યારે વિચરે છે, ત્યારે છએ ઋતુઓના અનુકૂળ ભાવો એક સાથે પ્રગટ થાય છે. જેથી બધી ઋતુનો આહ્લાદ એ વખતે જીવોને ઉત્પન્ન થાય છે. ॥૪/૯॥

અવતરણિકા :-

તથા યત્ર કિલાર્હદવસ્થાનં ભવતિ તત્ર ત્રિદશાઃ સુરભિસલિલં પ્રસૂનપટલં ચ મુઞ્ચન્તીત્યેતદેવ સ્તુતિકૃદ્ ભઙ્ગ્યન્તરેણાહ –

અવતરણિકાર્થ :-

અને જ્યાં ખરેખર ભગવાનનું અવસ્થાન છે ત્યાં દેવતાઓ સુગંધી પાણી અને પ્રસૂનના પટલને= પુષ્પોના પટલને, મૂકે છે એને જ સ્તુતિકારશ્રી ભંગ્યંતરથી=બીજા વિકલ્પથી, કહે છે –

શ્લોક :-

सुगन्ध्युदकवर्षेण, दिव्यपुष्पोत्करेण च ।
भावित्वत्पादसंस्पर्शां, पूजयन्ति भुवं सुराः ।।४/१०।।

શ્લોકાર્થ :-

સુગંધી ઉદકની વર્ષાથી અને દિવ્યપુષ્પોના સમૂહથી ભવિષ્યમાં તમારા પગને સ્પર્શનારી ભૂમિને દેવતાઓ પૂજે છે. ॥૪/૧૦॥

ટીકા :-

हे स्वामिन् ! सुराः सुधाभुजस्तावदास्तामम्मर्त्यपतिपूजितं भवन्तम्, यावद् भुवमपि पूजयन्त्यर्चयन्ति, केन ? सुगन्धिनः सौरभ्यसम्भृतघ्राणपुटस्योदकस्य सलिलस्य वर्षणं वर्षः सेकस्तेन, तथा दिव्यानि मन्दारपारि-जातादीनि पुष्पाणि सुमनांसि तदुत्करेण=प्रकरेण, कां भुवमित्याह–भावित्वत्पादसंस्पर्शां भावी भविष्यँस्त्वत्पाद-संस्पर्शो यस्यां सा तथा । अयमाशयः किल 'यदध्यासितमर्हद्भिस्तद्धि तीर्थं प्रचक्षत' इतिन्यायाद् भगवदध्यासिता भूस्तीर्थं तदर्चनीयैवेत्यहो ! त्रिदशानां भगवति भक्त्यतिशयः ।।४/१०।।

ટીકાર્થ :-

हे स्वामिन् ! ..... भक्त्यतिशयः ।। હે સ્વામી, દેવતાઓ=સુધાનું પાન કરનારા દેવતાઓ, યાવત્ ભૂમિને પણ પૂજન કરે છે=અમર્ત્યપતિથી પૂજિત તમે દૂર રહો યાવદ્ ભૂમિને પણ પૂજન કરે છે.

શેનાથી પૂજન કરે છે ? તેથી કહે છે –

સુગંધિ=સૌરભ્યથી સંભૃત ઘ્રાણપુટવાળા ઉદક=જલ, તેનું વર્ષણ=સેક, તેનાથી=વર્ષાથી, પૃથ્વીને

પૂજે છે. અને મંદારપારિજાતાદિ દિવ્યપુષ્પો તેના ઉત્કરણથી=પ્રકરણથી ભૂમિને પૂજે છે.

કઈ ભૂમિને પૂંજે છે ? તેથી કહે છે –

ભાવિમાં તમારા પાદના સંસ્પર્શવાળી=ભવિષ્યમાં તમારા પાદના સંસ્પર્શો છે જેમાં તે તેવી છે= ભાવિ તમારા પાદસંસ્પર્શવાળી છે. તેને=તે ભૂમિને પૂજે છે. એમ અન્વય છે. આ આશય છે. ખરેખર જે અરિહંત દ્વારા અધ્યાસિત ભૂમિ છે=સ્પર્શાયેલી ભૂમિ છે, તેને તીર્થ કહેવાય છે. એ ન્યાયથી ભગવાન દ્વારા સ્પર્શાયેલી ભૂમિ તીર્થ છે. તે અર્ચનીય જ છે. અહો ! દેવતાઓનો ભગવાનમાં ભક્તિનો અતિશય. ॥૪/૧૦॥

ભાવાર્થ :-

ભગવાન અત્યંત ગુણસંપન્ન પૂર્ણ પુરુષ છે. જેમના દેહથી સ્પર્શાયેલી ભૂમિ પણ તીર્થ સ્વરૂપ છે. આથી જ તેવી ઉત્તમ ભૂમિમાં ભગવાનના ચરણના રજને ગ્રહણ કરીને મહાત્માઓ મસ્તક ઉપર મૂકે છે; કેમ કે ઉત્તમ પુરુષના ચરણને સ્પર્શાયેલી માટી પણ કલ્યાણનું કારણ બને છે. અને ભગવાન પ્રત્યે દેવતાઓને ભક્તિનો અતિશય છે. તેથી ભગવાન જે ભૂમિમાં પગનો સ્પર્શ કરવાના છે તે ભૂમિ પણ પૂજનીય છે. તેમ માનીને સુગંધી પાણીની વર્ષા દેવતાઓ કરે છે. તેથી ભગવાનના ભાવિમાં સ્પર્શવાળી ભૂમિને પણ અમે પૂજીએ તેવો ઉત્તમ અધ્યવસાય દેવતાઓને થાય છે અને ત્યારપછી દિવ્યપુષ્પોથી તે ભૂમિને ઉત્કરણ કરે છે અર્થાત્ દિવ્યપુષ્પો ત્યાં વિકુર્વે છે. જેના દ્વારા તે ભૂમિને પૂજીને મહાનિર્જરાની પ્રાપ્તિ કરે છે; કેમ કે ગુણવાન પ્રત્યેની ભક્તિ તેઓ દ્વારા સ્પર્શ થનારી ભૂમિ પ્રત્યે પણ ભક્તિ ઉત્પન્ન કરે છે. **॥૪/૧૦॥**

અવતરણિકા :-

તથા ભગવન્તમવનૌ વિહરન્તં પક્ષિણઃ પ્રદક્ષિણયન્તીત્યેતદેવ યુક્ત્યા સ્તુતિકૃદાહ –

અવતરણિકાર્થ :-

અને પૃથ્વી ઉપર વિહાર કરતા ભગવાનને પક્ષીઓ પ્રદક્ષિણા આપે છે. એને જ યુક્તિથી સ્તુતિકારશ્રી કહે છે –

શ્લોક :-

जगत्प्रतीक्ष्य ! त्वां यान्ति, पक्षिणोऽपि प्रदक्षिणम् ।
का गतिर्महतां तेषां, त्वयि ये वामवृत्तयः ।।४/११।।

શ્લોકાર્થ :-

હે જગત્પ્રતીક્ષ્ય=જગત માટે પૂજનીય ! પક્ષીઓ પણ તમને પ્રદક્ષિણા આપે છે. તમારા ઉપર જે વામવૃત્તિવાળા છે=દ્વેષવાળા છે, મહાન એવા તેઓની શું ગતિ થશે ? અર્થાત્ ખરાબ ગતિ થશે. ॥૪/૧૧॥

ટીકા :-

हे जगत्प्रतीक्ष्य !=भुवनमहनीय ! भवन्तमासतां सुरासुरनराः, किन्तु पक्षिणः शकुना अपि प्रदक्षिणीकृत्य यान्ति=व्रजन्ति ये तु पक्षिणामपेक्षया मनुष्यजन्मना स्पष्टेन्द्रियतया ज्ञानविज्ञानशालितया च महान्तोऽपि जगद्वत्सले त्वय्यपि वामवृत्तयः प्रतिकूलाचरणास्तेषां का गतिः ? । इदमत्र हृदयम्-किल नरकगतिस्तावत्सर्व-जघन्या, परं तत्रापि गतानां त्वत्प्रातिकूल्यकारिणां तस्मादेनसो मुक्तिरसम्भाव्या, न चान्या तदधिका दुर्गतिरस्तीत्यहो तेषामधमत्वम् ।।४/११।।

टीकार्थ :-

हे जगत्प्रतीक्ष्य ! ..... तेषामधमत्वम् ।। हे जगत्प्रतीक्ष्य=भुवनथी पूजनीय ! सुरअसुरनरो दूर रहो. परंतु पक्षीओ=शकुन आदि पक्षीओ, प्रदक्षिणा आपीने जाय छे. वळी पक्षीओनी अपेक्षाओ मनुष्यजन्म होवाथी, स्पष्ट ईन्द्रियपणुं होवाने कारणे=भगवाननी ते प्रकारनी पुण्यप्रकृतिओने कारणे थता बाह्य वैभवने जोवा माटे समर्थ एवी स्पष्ट ईन्द्रिय होवाने कारणे, अने ज्ञान-विज्ञान-शालिपणुं होवाने कारणे, महान पण जगतवत्सल एवा तमारामां पण जेओ वामवृत्तिवाळा= प्रतिकूल आचरणवाळा, छे तेओनी कई गति थशे ? आ अहीं=प्रस्तुत अतिशयमां, तात्पर्य छे. खरेखर नरकगति सर्वथी जघन्य छे. परंतु तमने प्रातिकूल्य करनारा त्यां पण गयेलाओने=नरकमां पण गयेलाओने, ते पापथी=तमारी प्रतिकूल आचरणाथी थयेला ते पापथी, मुक्ति असंभाव्य छे. अने अन्य तेनाथी अधिक दुर्गति नथी. एथी आश्चर्यकारी तेओनुं अधमपणुं छे. ।।४/११।।

भावार्थ :-

ભગવાન ત્રણેય ભુવનમાં પૂજનીય છે; કેમ કે પુણ્યના પ્રકર્ષવાળા છે, ગુણના પ્રકર્ષવાળા છે અને જગતના જીવોનો પ્રકર્ષથી ઉપકાર કરે છે. આથી જ ભગવાનની દેશના આદિને પામીને કે ભગવાનની ભક્તિ કરીને ઘણા જીવો દુર્ગતિની કદર્થનાથી સુરક્ષિત બને છે. અને ભગવાન જગતપૂજ્ય છે. આથી જ ભગવાન વિહાર કરતા હોય ત્યારે પક્ષીઓ ભગવાનને પ્રદક્ષિણા આપીને ભગવાનની જ મહત્તાને બતાવે છે. છતાં કેટલાક મનુષ્યભવને પામેલા, સ્પષ્ટ ઇન્દ્રિયો દ્વારા ભગવાનની અતિશયિતાને જોઈ શકનારા, અને જ્ઞાન-વિજ્ઞાનથી અતિશયવાળા હોવાથી પક્ષીઓ કરતાં મહાન છે. છતાં દુષ્ટ કર્મના વિપાકને કારણે દુર્બુદ્ધિવાળા છે તેઓ ભગવાન પ્રત્યે પ્રતિકૂળ આચરણા કરનારા છે. અર્થાત્ ગુણવાનની નિંદા કરનારા છે. આ ઇન્દ્રજાળી છે, લોકોને ઠગે છે ઇત્યાદિ કહીને ભગવાનના મહિમાને નહીં સહન કરવાથી પોતાની ક્ષુદ્ર વૃત્તિઓનું પ્રકાશન કરે છે. સ્તવનકારશ્રી કહે છે કે તેઓની કઈ ગતિ થશે ? તે કહી શકાય તેમ નથી. અર્થાત્ અધમાધમ તેઓ નરકગતિને પામશે. આ પ્રમાણે કહીને પણ ભગવાનની જગતપૂજ્યતાની જ સ્તુતિ કરે છે અને અનાભોગથી પણ ભગવાન પ્રત્યે વિપરીત બુદ્ધિવાળા જીવો ન થાય તેવો ઉપદેશ આપે છે. **॥४/११॥**

અવતરણિકા :-

તથા ભગવતો હિ વિહરતઃ પવનઃ પૃષ્ઠપ્રતિષ્ઠ એવ સઞ્ચરતીત્યેતદેવ ભઙ્ગ્યાઽભિદધાતિ –

અવતરણિકાર્થ :-

અને વિહાર કરતા ભગવાનને પવન પૃષ્ઠપ્રતિષ્ઠ જ સંચાર કરે છે=અનુકૂળતાથી જ સંચાર કરે છે. એને જ વિકલ્પથી બતાવે છે –

શ્લોક :-

पञ्चेन्द्रियाणां दौःशील्यं, क्व भवेद् भवदन्तिके ।
एकेन्द्रियोऽपि यन्मुञ्चत्यनिलः प्रतिकूलताम् ।।४/१२।।

શ્લોકાર્થ :-

તમારી પાસે પંચેન્દ્રિયનું દુઃશીલપણું ક્યાં થાય ? જે કારણથી એકેન્દ્રિય પણ પવન પ્રતિકૂલતાને મૂકે છે. ।।૪/૧૨।।

ટીકા :-

हे निर्म्मलन्यायनिलय ! भगवन् ! भवदन्तिके=त्वदुपान्ते हेयोपादेयकृत्याकृत्यविचारविशेषपुष्यद्-हृषीकपाटवानां पञ्चेन्द्रियाणां तिर्यग्नरामराणां दौःशील्यं दुःशीलता प्रातिकूल्यं क्व भवेत्कथं जायेत ? यद्यस्मादेकेन्द्रियत्वेनैव विशिष्टविचारविकलोऽनिलोऽपि प्रतिकूलतां=सम्मुखापातित्वं, मुञ्चति=परिहरति । किमुक्तं भवति ? किल येन भगवत्प्रभावेणैकेन्द्रिया अपि विनयं ग्राह्यन्ते तस्य पञ्चेन्द्रियप्रातिकूल्यत्याजनं समीचीनमेव ।।४/१२।।

ટીકાર્થ :-

हे निर्म्मल ..... समीचीनमेव ।। હે નિર્મલ ન્યાયનિલય ભગવાન !=નિર્મલ કોટિના ઉચિતપ્રવૃત્તિ કરવાના સ્થાન એવા ભગવાન, તમારી પાસે હેય, ઉપાદેય, કૃત્યાકૃત્યના વિચારવિશેષને પોષતા એવા ઈન્દ્રિયોના પાટવવાળા પંચેન્દ્રિય, તિર્યંચ, નર અને દેવતાઓની દુઃશીલતા=પ્રાતિકૂલ્ય, કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહીં. જે કારણથી એકેન્દ્રિયપણાને કારણે જ વિશિષ્ટ વિચારવિકલ એવો પવન પણ પ્રતિકૂલતાને=સન્મુખ આવવારૂપ પ્રતિકૂલતાને મૂકે છે.

શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે –

ખરેખર જે ભગવાનના પ્રભાવથી એકેન્દ્રિય પણ વિનયને ગ્રહણ કરાવાય છે. તેનું=તે ભગવાનનું, પંચેન્દ્રિયના પ્રાતિકૂલ્યનું ત્યાજન સમીચીન જ છે. ।।૪/૧૨।।

ભાવાર્થ :-

ભગવાન જ્યારે વિચરે છે ત્યારે ભગવાનને સન્મુખ પવનના સુસવાટા પણ આવતા નથી. પરંતુ મંદગતિથી પવન સહજ રીતે ભગવાનને અનુકૂળ થઈને જાય છે. તેથી ભગવાનના પ્રભાવથી પવનનો પણ તે પ્રકારનો પ્રતિકૂલ રીતે વર્તવાનો સ્વભાવ દૂર થાય છે. તો ભગવાનની પાસે પંચેન્દ્રિય જીવો તો અવશ્ય પોતાનું ભગવાનને પ્રતિકૂલ થવા રૂપ દુઃશીલપણું ત્યાગ કરે. આ પ્રકારનો ભગવાનનો અતિશય છે. જેના સ્મરણથી પણ ઉત્તમ પુણ્યપ્રકૃતિઓ જગતમાં કઈ રીતે તેમની ઉત્તમતાને વ્યક્ત કરે છે તેવો બોધ થાય છે. અને આ કારણે ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય છે. **॥૪/૧૨॥**

અવતરણિકા :-

तथा भगवति विहरति दिव्यप्रभावात्तरवः शिरो नमन्तीत्येतदेव युक्त्या व्यनक्ति –

અવતરણિકાર્થ :-

અને ભગવાન વિહરતે છતે દિવ્યપ્રભાવથી વૃક્ષો મસ્તકને નમાવે છે. એને જ યુક્તિથી વ્યક્ત કરે છે=સ્તુતિકારશ્રી અભિવ્યક્ત કરે છે –

શ્લોક :-

मूर्ध्ना नमन्ति तरवस्त्वन्माहात्म्यचमत्कृताः ।
तत्कृतार्थं शिरस्तेषां, व्यर्थं मिथ्यादृशां पुनः ।।४/१३।।

શ્લોકાર્થ :-

તમારા માહાત્મ્યથી ચમત્કારને પામેલાં વૃક્ષો મસ્તકથી નમે છે. તે=તમને નમન કરતું, વૃક્ષોનું મસ્તક કૃતાર્થ છે. વળી, મિથ્યાદૃષ્ટિઓ એવા તેઓનું શિર વ્યર્થ છે, જેઓ તમને નમસ્કાર કરતા નથી. ॥૪/૧૩॥

ટીકા :-

हे भुवनमूर्द्धन्य ! स्वामिन्नासतां विकस्वरविवेकाः सुरनरादयः, किन्तु मुकुलितविशिष्टचैतन्यास्तरवः=पादपा अपि, मूर्ध्ना=उत्तमाङ्गेन, प्रस्तावाद् भवन्तं नमन्ति=प्रणमन्ति । उत्प्रेक्षते, तव सम्बन्धिना लोकोत्तरेण माहात्म्येन परमार्हन्त्यलक्षणेन चमत्कृता विस्मेरविस्मया इव, अतस्तेषामीषद्विवेकानामपि तत्त्रिभुवन-प्रणते त्वयि प्रणतिपरं शिरः कृतार्थं नमस्यनमस्करणादेव कृतकृत्यम्, मिथ्यादृशां=मिथ्यात्वमोहोपहतमतीनां पुनस्त्वय्युत्तानितशिरसां तद्व्यर्थं निरर्थकमेव, वनपादपेभ्योऽपि निर्विवेकास्ते मुधैव मस्तकशून्या भुवि भ्राम्यन्ति ।।४/१३।।

ટીકાર્થ :-

હે ભુવનમૂર્દ્ધન્ય ! ..... भ्राम्यन्ति ।। હે ભુવનમૂર્દ્ધન્ય !=હે જગતમાં સર્વશ્રેષ્ઠ પુરુષ એવા સ્વામી, વિકસ્વર વિવેકવાળા સુરનરાદિ દૂર રહો. પરંતુ મુકુલિત-વિશિષ્ટ ચૈતન્યવાળાં=તિરોધાન થયેલા વિશિષ્ટ ચૈતન્યવાળાં, વૃક્ષો પણ મસ્તકથી=ઉત્તમ અંગથી પ્રસ્તાવને કારણે=તમારા ગમનના પ્રસ્તાવને કારણે, તમને નમસ્કાર કરે છે. કવિ ઉત્પ્રેક્ષા કરે છે. જાણે તમારા સંબંધી પરમ આર્હંત્ય લક્ષણ લોકોત્તર માહાત્મ્યથી ચમત્કાર પામેલાં=હર્ષથી વિસ્મય પામેલાની જેમ વૃક્ષો તમને નમસ્કાર કરે છે. આથી, ઈષદ્ વિવેકવાળા પણ તેઓનું ત્રિભુવનથી નમાયેલા તમારા વિષે પ્રણતિપર એવું શિર= નમસ્કાર કરતું એવું વૃક્ષનું શિર, કૃતાર્થ છે=નમન કરવા યોગ્યના નમસ્કારથી જ કૃતકૃત્ય છે. વળી, મિથ્યાદૃષ્ટિઓનું=મિથ્યાત્વમોહથી ઉપહત મતિવાળાઓનું=તમારામાં ઉત્તાનિત-શિરવાળાઓનું, તે વ્યર્થ છે=મસ્તક નિરર્થક જ છે, વનનાં વૃક્ષોથી પણ નિર્વિવેકવાળા એવા તેઓ ફોગટ જ મસ્તકશૂન્ય ભૂમિમાં ભટકે છે. ॥૪/૧૩॥

ભાવાર્થ :-

ભગવાનના માહાત્મ્યથી ચમત્કારને પામેલાં વૃક્ષો ભગવાનને નમસ્કાર કરે છે એ પ્રકારે કવિ ઉત્પ્રેક્ષા કરે છે. વસ્તુતઃ ભગવાન પ્રત્યેની ભક્તિથી દેવતાઓ તે પ્રકારે પ્રયત્ન કરે છે. જેથી ભગવાન વિહાર કરતા હોય ત્યારે એકેન્દ્રિય વૃક્ષો પણ ભગવાનને નમે છે. જેને જોઈને ભગવાનની લોકોત્તમતા આશ્ચર્યકારી છે તેવી પ્રતીતિ થાય છે. અને તે રીતે વૃક્ષને નમતા જોઈને યોગ્ય જીવોને સહજ બુદ્ધિ થાય છે કે આ અત્યંત ઉત્તમ પુરુષ છે. ભક્તિપાત્ર છે કે જેને અલ્પ ચેતનાવાળાં એવાં વૃક્ષો પણ નમે છે અને જેનાથી તેઓ પણ ભગવાનને નમીને કૃતાર્થ થાય છે. વળી, જેઓની દૃષ્ટિમાં અત્યંત વિપર્યાસ છે, તેઓ આ પ્રકારનો ભગવાનનો અત્યંત અદ્ભુત મહિમા જોવા છતાં ભગવાન પ્રત્યે પૂજ્યભાવવાળા થતા નથી, તેથી ભગવાનને ભક્તિથી નમસ્કાર કરતા નથી, તેઓનું મસ્તક વ્યર્થ છે; કેમ કે સામાન્ય વિચારક હોય અને માર્ગાનુસારીબુદ્ધિ હોય તો દેવતાઓથી પૂજાતા, એકેન્દ્રિયથી પૂજાતા અને પક્ષીઓથી પણ પ્રદક્ષિણા આપવા દ્વારા પૂજાતા ભગવાનને જોઈને અવશ્ય આ ઉત્તમ પુરુષ જગતપૂજ્ય છે તેવી બુદ્ધિ થાય છે, પરંતુ જેઓમાં ગાઢ વિપર્યાસ છે, તેવા મૂઢ જીવો જ ભગવાન પ્રત્યે ભક્તિવાળા થતા નથી. માટે તેઓનું મસ્તક વ્યર્થ છે. **॥૪/૧૩॥**

શ્લોક :-

जघन्यतः कोटिसङ्ख्यास्त्वां सेवन्ते सुरासुराः ।
भाग्यसम्भारलभ्येऽर्थे, न मन्दा अप्युदासते ।।४/१४।।

શ્લોકાર્થ :-

જઘન્યથી કોટિ સંખ્યાવાળા સુર અને અસુરો તમને સેવે છે. ભાગ્યના સંભારથી લભ્ય એવા

ભગવાન રૂપ અર્થમાં=અત્યંત પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા ભગવાન રૂપ અર્થમાં, મંદ પણ જીવો=અલ્પબુદ્ધિવાળા જીવો, ઉદાસીન થતા નથી. ।।૪/૧૪।।

ટીકા :-

हे भुवनमहनीय ! यदि वा पवनानुकूल्यतरुप्रणामादिकं त्वयि कियदेतत्, यतः सुरासुरा ऊर्द्ध्वाधस्तिर्यग्लोकवासिनोऽपि त्वां सरभसं सेवन्ते, कियन्त इत्याह–कोटिसङ्ख्याः कोटिपरिमिताः, कथं ? जघन्यतः सामान्यतोऽपि, विशेषे तु कोटाकोटिप्रमिता अप्यमर्त्यास्त्वामुपासते । अत्रैवार्थान्तरमाह-भाग्य इत्यादि, भाग्यसम्भारलभ्ये=अगण्यपुण्यप्रचयप्राप्ये, अर्थे=प्रयोजने तावदासतामतिनिपुणमतयः, किन्तु मन्दाः स्वल्पमेधसोऽपि नोदासते, विरचितसुकृतसन्ततिप्राप्यं च भगवदुपासनमतस्तत्र भाविभूरिभद्रः क इवोदास्त इति ।।४/१४।।

इति श्रीवीतरागस्तोत्रे सुरकृतातिशयवर्णनस्य चतुर्थप्रकाशस्य पदयोजना।

ટીકાર્થ :-

हे भुवनमहनीय ! ..... इवोदास्त इति ।। હે ભુવનમહનીય ભગવાન !=ભુવનમાં વર્તતા સર્વજીવોથી પૂજનીય એવા ભગવાન, જો વળી તમારા વિષયમાં પવન અનુકૂલ, વૃક્ષોનું પ્રણામ આદિ આ કેટલું છે. અર્થાત્ અલ્પ છે; કેમ કે તેઓ બુદ્ધિમાન નથી કે જેથી બુદ્ધિપૂર્વક નમસ્કાર કરે. તેથી તેઓનો નમસ્કાર અલ્પ છે. જે કારણથી સુર-અસુર=ઊર્ધ્વ, અધઃવાસી, તિર્યંગ્લોકવાસી એવા દેવો પણ ભક્તિથી તમને સેવે છે. અર્થાત્ જેઓ બુદ્ધિના નિધાન છે તેઓ પણ તમને સેવે છે.

કેટલા દેવો તમને સેવે છે ? તેથી કહે છે –

કોટિસંખ્યા=કરોડો સંખ્યાથી ગણના કરાયેલા દેવો તમને સેવે છે.

કોટિસંખ્યા કેવી છે ? એથી કહે છે –

જઘન્યથી=સામાન્યથી પણ કોટિસંખ્યાથી સેવે છે. વળી, વિશેષમાં તો કોટાકોટિ પ્રમિત દેવતાઓ= કોડોકોડો પણ દેવતાઓ તમારી ઉપાસના કરે છે. આમાં જ=ભગવાનની ઉપાસનાના વિષયમાં જ, અર્થાંતરને બતાવે છે=વિશેષતાને બતાવે છે. ભાગ્યસંભારથી લભ્યમાં=અગણ્યપુણ્ય-પ્રચયથી પ્રાપ્યમાં= ભગવાનની પ્રાપ્તિરૂપ અર્થમાં=પ્રયોજનમાં મંદમતિવાળા પણ=અતિ નિપુણમતિવાળા તો દૂર રહો પરંતુ અલ્પબુદ્ધિવાળા પણ, ઉદાસ થતા નથી. અને વિરચિત સુકૃતની સંતતિથી પ્રાપ્ય એવી=જીવે પૂર્વમાં કરેલાં સુકૃતોની પરંપરાથી પ્રાપ્ય એવી, ભગવાનની ઉપાસના છે. આથી ત્યાં=સુકૃતની સંતતિથી પ્રાપ્ત ભગવાનની ઉપાસનામાં, ભાવિમાં ઘણો ભદ્ર થવાનો છે એવો કયો જીવ ઉદાસીન રહે ? અર્થાત્ મંદબુદ્ધિવાળો પણ ઉદાસીન રહે નહીં. તેવી મહામતિવાળા એવા કોટાકોટિ દેવો

ભગવાનની ઉપાસના કરે છે. ॥૪/૧૪॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં સુરકૃત અતિશયના વર્ણનરૂપ ચતુર્થ પ્રકાશની પદયોજના છે.

ભાવાર્થ :-

ભગવાન ગુણના પ્રકર્ષરૂપ છે. આથી જ જગતપૂજ્ય છે. વળી, ભગવાન લોકોનો ઉપકાર કરીને દુરંત સંસારસાગરમાંથી તારનારા છે માટે ઉપકારકરૂપે પણ ભગવાન જગતપૂજ્ય છે. તેથી ભગવાન કેવલજ્ઞાન પામે છે, ત્યારપછી બુદ્ધિના નિધાન એવા દેવતાઓ પણ જઘન્યથી ક્રોડોની સંખ્યામાં ભગવાનની ઉપાસના કરે છે. અને વિશેષથી તો સંખ્યાતીત ક્રોડોક્રોડો પ્રમાણમાં દેવતાઓ ઉપાસના કરે છે; કેમ કે ભગવાનને ઉત્તમ પુરુષરૂપે જાણ્યા પછી કોણ બુદ્ધિમાન પુરુષ તેમની ઉપાસનામાં ઉપેક્ષા કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન પુરુષ કરે નહીં; કેમ કે સામાન્યથી ઘણા ભવો સુધી કંઈક સુંદર બુદ્ધિ થવા રૂપ સુકૃતોની સંતતિથી પ્રાપ્ય એવી ભગવત્ ઉપાસના છે. આથી જ ગાઢ મિથ્યાદૃષ્ટિ જીવો પણ અથડાતા-કૂટાતા કંઈક ક્યારેક શુભભાવો કરે છે. અને તે શુભભાવો અનેક વખત થાય છે. ત્યારે તેઓનો કંઈક ભાવમલ અલ્પ થાય છે. અને તેના કારણે તેઓને કંઈક માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે. ત્યારે જ તે જીવો મંદબુદ્ધિવાળા હોય તોપણ ભગવાનને જોઈને ભગવાન પ્રત્યે તેઓને ભક્તિ થાય છે. તેથી જેમનું ભાવિમાં ઘણું ભદ્ર થવાનું છે તેવા મંદબુદ્ધિવાળા પણ જીવો ભગવાનની ઉપાસનામાં ઉદાસીન રહેતા નથી. તો વળી જેઓ બુદ્ધિના નિધાન છે તેવા દેવતાઓ તીર્થંકરોની ઉપાસનામાં કેમ ઉપેક્ષા કરે ? અર્થાત્ પોતાના પુણ્યથી પ્રાપ્ત ભગવાનની ઉપાસનામાં તેઓ ક્યારેય ઉપેક્ષા કરે નહીં. મૂઢમતિવાળા જીવો જ ઉત્તમ પુરુષને પામીને પણ પોતાના હિતની ઉપેક્ષા કરે છે. **॥૪/૧૪॥**

અવતરણિકા :-

एवं कतिचित्सुरकृतातिशयानभिधाय पुनः प्रातिहार्यरूपाँस्तानेवाभिधित्सुः पञ्चमप्रकाशं प्रस्तावयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=ચોથા પ્રકાશમાં વર્ણન કર્યું એ રીતે, કેટલાક દેવકૃત અતિશયોને કહીને ફરી પ્રાતિહાર્ય રૂપ તેઓને જ=દેવતાઓના અતિશયોને જ, કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી પાંચમા પ્રકાશને પ્રસ્તાવન કરતાં કહે છે –

શ્લોક :-

गायत्रिवालिविरुतैर्नृत्यन्निव चलैर्दलैः ।
त्वद्गुणैरिव रक्तोऽसौ, मोदते चैत्यपादपः ।।५/१।।

શ્લોકાર્થ :-

ભમરાઓના અવાજથી જાણે ગાતો હોય, ચાલતાં એવાં પાંદડાંઓથી જાણે નૃત્ય કરતો હોય, અને તમારા ગુણોથી જાણે રક્ત હોય એવો અશોકવૃક્ષ શોભે છે. ।।૫/૧।।

ટીકા :-

किल त्रिविष्टपसदो विष्टपत्रयपतेः पूजार्थमष्टौ प्रातिहार्याणि सङ्घटयन्ति, तेषु चाशोकतरुः पुरःसरः, स च जम्बूरिव जम्बूद्वीपस्य भवभयार्त्तसत्त्वशरणस्य समवसरणस्य मध्येऽर्हद्देहायामाद् द्वादशगुणायामः, परिमण्डलाकारेणायोजनं विष्वग् विस्तृतः समवसृतिलक्ष्मीलीलानीलातपत्रमिव व्यन्तरामरैर्विरच्यते । तमेवाह– हे समुद्भूतसंश्रितसत्त्वास्तोकशोक ! स्वामिंस्त्वदुपरि सुरविरचितोऽसावशोकपादपः कङ्केल्लितरुर्मोदते कुतः ? किलायमेव भगवांस्तावत्कषायतपनोपतप्तदुरन्तसंसृतिकान्तारपरिभ्रान्तिश्रान्तानां भव्यसत्त्वानामाश्रमतरुर्यदि वाऽहमस्यापि क्षणमाश्रमद्रुमतामाकलयामि ततः किमितोप्यधिकं जगति प्रार्थयितव्यमित्युत्कर्षाद्धर्षप्रकर्षमुद्वहति । ननु किमस्य भवद्भिः प्रमोदचिह्नमुपलब्धम् ?, उच्यते–गीतनृत्यानुरागप्रकटनानि हि प्रमोदचिह्नानि, तानि चास्य स्फुटान्युद्भासन्ते । तथाहि–किं कुर्व्वन्नसौ मोदत इत्याह-गायत्रिवालिविरुतैः= अलिविरुतैः सौरभलोभोद्भ्रान्तभ्रमद्भ्रमरमधुरझंकृतैस्त्वद्गुणान् गायत्रिव, तथा मृदुपवनप्रेङ्खोलनचलैर्दलैस्त्वत्पुरो नृत्यन्निव, तथा यदि निसर्गत एव रक्तस्तथापि सम्भाव्यते, त्रिजगज्जनमनोरङ्गजीवातुभिस्त्वद्गुणैरिव रक्तः समुचितं चास्य त्रिजगदुपरिवर्तिनस्तवाप्युपरि वर्त्तमानस्य प्रमोदमेदुरत्वम् ।।५/१।।

ટીકાર્થ :-

किल त्रिविष्टपसदो ..... प्रमोदमेदुरत्वम् ।। ખરેખર દેવતાઓ ત્રણ જગતના પતિ એવા તીર્થંકરોની પૂજા માટે આઠ પ્રાતિહાર્યનું સંઘટન કરે છે=આઠ પ્રાતિહાર્યો પ્રગટ કરે છે. અને તેઓમાં=આઠ પ્રાતિહાર્યોમાં, અશોકવૃક્ષ મુખ્ય છે. અને તે જંબૂદ્વીપના જંબૂની જેમ ભવભયથી આર્ત્ત જીવોના શરણરૂપ સમવસરણના મધ્યમાં અરિહંતના દેહની લંબાઈથી બાર ગુણો લાંબો, પરિમંડલ આકારથી એક યોજન ચારે બાજુથી પહોળો, સમવસરણની લક્ષ્મીની લીલાના નીલ આતપત્રની જેમ વ્યંતરદેવતાઓ વડે રચાય છે. તેને જ સ્તવનકારશ્રી કહે છે=અશોકવૃક્ષને સ્તવનકારશ્રી કહે છે, સમુદ્ધૃત કર્યો છે સંશ્રિત એવા જીવોનો ઘણો શોક જેણે એવા હે સ્વામિન્=સંસારીજીવો ચાર ગતિઓની વિડંબનાથી વિડમ્બિત થઈ રહ્યા છે તેથી શોકથી આકાંત છે, પરંતુ જેઓ ભગવાનનો આશ્રય કરે છે તેવા જીવોના ઘણા શોકોનો ભગવાન ઉદ્ધાર કરે છે; કેમ કે ભગવાનનો આશ્રય કરીને જેઓ જીવે છે તેઓને સુદેવત્વ, અને સુમાનુષત્વ પ્રાપ્ત થાય છે. તેથી ઘણા વિડંબના કારણીભૂત શોકોનો સમુદ્ધાર કરનારા ભગવાન છે તેવા ભગવાનને ઉદ્દેશીને ટીકાકારશ્રી કહે છે. હે સમુદ્ધૃત સંશ્રિત જીવોના અસ્તોક શોકવાળા ભગવાન ! તમારા ઉપર સુર દ્વારા રચાયેલો આ અશોકવૃક્ષ=કંકેલિતરુ, આનંદ પામે છે.

શેનાથી આનંદ પામે છે ? તેથી કહે છે –

ખરેખર કષાયરૂપી સૂર્ય એનાથી ઉપતપ્ત થયેલા એવા દુરંત સંસારરૂપી જંગલમાં પરિભ્રમણથી શ્રાંત થયેલા એવા ભવ્યજીવોના આશ્રમ-તરુ આ જ ભગવાન છે=આશ્રય કરવા યોગ્ય વૃક્ષ જેવા આ જ ભગવાન છે. વળી, જો હું આમની પણ=ભગવાનની પણ, ક્ષણ આશ્રમવૃક્ષતાને પ્રાપ્ત કરું=ભગવાન મારા નીચે રહેલા છે તેથી હું ભગવાનની આશ્રમદ્રુમતાને ક્ષણભર પ્રાપ્ત કરું, તો આનાથી પણ અધિક જગતમાં શું પ્રાર્થના કરવાયોગ્ય છે, એ પ્રકારના ઉત્કર્ષથી હર્ષના પ્રકર્ષને વહન કરે છે= અશોકવૃક્ષ હર્ષનું વહન કરે છે. 'ननु' શંકા કરે છે. આનું=અશોકવૃક્ષનું, તમારા વડે=ગ્રંથકારશ્રી વડે, પ્રમોદનું ચિહ્ન શું પ્રાપ્ત કરાયું ? ઉત્તર આપે છે. ગીત, નૃત્ય અને અનુરાગને પ્રગટ કરનારાં પ્રમોદનાં ચિહ્નો છે. અને તે=ગીત, નૃત્ય અને અનુરાગ, આના=અશોકવૃક્ષના, સ્પષ્ટ ઉદ્ભાસન થાય છે.

તે આ પ્રમાણે – શું કરતો આ=અશોકવૃક્ષ આનંદિત થાય છે ? તેથી કહે છે –

ભમરાઓના અવાજથી જાણે ગાતો હોય=સૌરભના લોભથી ઉદ્ભ્રાંત થવાને કારણે=અશોકવૃક્ષની સૌરભના લોભથી ઉદ્ભ્રાંત થવાના કારણે, ભમતા ભ્રમરના મધુર ઝંકારકૃત અવાજથી જાણે તમારા ગુણ ગાતો ન હોય. અને મૃદુ પવનના=મંદ મંદ પવનના, વાવાને કારણે ચાલતાં પાંદડાંઓથી તમારી આગળ જાણે નૃત્ય ન કરતો હોય. અને જોકે નિસર્ગથી જ રક્ત છે=સ્વભાવથી જ અશોકવૃક્ષ રક્ત છે, તોપણ સંભાવના કરાય છે. શું સંભાવના કરાય છે ? તે કહે છે – ત્રણ જગતના જીવોના મનના રંગને=આનંદને, જીવાતુ=જીવાડનાર, એવા તમારા ગુણો વડે જાણે રક્ત ન હોય. અને ત્રિજગત ઉપરિવર્તિ એવા તમારા પણ ઉપરમાં વર્તમાન એવા આનું=અશોકવૃક્ષનું પ્રમોદમેદુરપણું સમુચિત છે=પ્રમોદથી હર્ષિતપણું, સમુચિત છે=સંગત છે. ।।૫/૧।।

ભાવાર્થ :-

જગતના જીવો કષાયોના તાપથી સંતપ્ત થઈને ખરાબ અંતવાળા સંસારરૂપી જંગલમાં ભટકી રહ્યા છે. પરંતુ તેમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ દેખાતો નથી. તેથી પરિભ્રમણથી થાકેલા તેવા ભવ્યજીવોને આશ્રય આપનાર વૃક્ષ ભગવાન છે. જેમ, તડકામાં પરિભ્રમણથી શ્રાંત થયેલા જીવો વૃક્ષનો આશ્રય કરે છે, તેમ ભવ્યજીવો ભગવાનનો આશ્રય કરે છે. વળી, સંસારના તાપથી શ્રાંત થયેલા જીવોના આશ્રમનું સ્થાન ભગવાન છે તેવા ભગવાન પણ ક્ષણભર પોતાનો આશ્રય કરે છે એમ જાણીને અશોકવૃક્ષ હર્ષમાં આવી જાય છે. એ પ્રકારની કવિ ઉત્પ્રેક્ષા કરે છે.

અશોકવૃક્ષ ઉત્તમ પુરુષોને આશ્રયસ્થાન થવાથી હર્ષવાળું છે તેની અભિવ્યક્તિ કઈ રીતે થઈ શકે તે બતાવતાં કહે છે –

જેમ કોઈ જીવને કોઈક વસ્તુને જોઈને હર્ષ થાય ત્યારે તે ગીત ગાય છે, નાચે છે, અને મુખ પર હર્ષની અભિવ્યક્તિ કરનારા ભાવો વર્તે છે. તેમ, કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે અશોકવૃક્ષની સુગંધથી આવર્જિત થયેલા જે ભમરાઓ ત્યાં ગુંજારવ કરે છે, તે જાણે અશોકવૃક્ષ હર્ષમાં આવીને ગીત ગાતું ન હોય તેવું જણાય છે. વળી, સમવસરણમાં વાતા મંદ મંદ પવનથી અશોકવૃક્ષનાં પાંદડાંઓ ડોલી રહ્યાં છે. તે જાણે હર્ષમાં આવીને અશોકવૃક્ષ નાચતું ન હોય તેવું જણાય છે. વળી, અશોકવૃક્ષ સ્વભાવથી રક્ત વર્ણવાળું છે. તે જાણે પોતાના હર્ષને અભિવ્યક્ત કરતું રક્ત વર્ણવાળું થયું ન હોય તેવું જણાય છે. અને ભગવાનની અષ્ટપ્રાતિહાર્યની શોભા દેવો ભક્તિથી કરે છે. તે અષ્ટપ્રાતિહાર્યના એક અંગભૂત રમ્ય દેખાતું અશોકવૃક્ષ છે. જેનાથી પણ તીર્થંકરોની પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિ જગતના જીવોને ઉપકારનું કારણ છે. તેનું સૂચન થાય છે; કેમ કે બાહ્યસમૃદ્ધિથી જ આકર્ષાઈને કેટલાક ભદ્રકપ્રકૃતિવાળા જીવો ભગવાન પ્રત્યે ભક્તિવાળા થાય છે અને દેશના સાંભળીને સન્માર્ગમાં સ્થિર પરિણામવાળા થાય છે. **॥૫/૧॥**

અવતરણિકા :-

द्वितीयप्रातिहार्यमाह –

અવતરણિકાર્થ :-

બીજા પ્રાતિહાર્યને કહે છે –

શ્લોક :-

आयोजनं सुमनसोऽधस्तान्निक्षिप्तबन्धनाः ।
जानुदघ्नीः सुमनसो, देशनोर्व्यां किरन्ति ते ।।५/२।।

શ્લોકાર્થ :-

નીચે નિક્ષિપ્ત કર્યાં છે બંધનો જેમનાં એવાં પુષ્પો=પગમાં ખૂંચે એવા ભાગો નીચે કર્યા છે

જેમનાં એવાં પુષ્પો, એક યોજન તમારી દેશનાભૂમિમાં જાનુપ્રમાણ સુમનસવાળા એવા દેવતાઓ વેરે છે. ।।૫/૨।।

ટીકા :-

હે ત્રિભુવનમહનીય ! તે=તવ, દેશનોર્વ્યાં=સમવસરણભુવિ, સુમનસો=દેવાઃ, સુમનસઃ=પુષ્પાણિ કિરન્તિ= વિક્ષિપન્તિ, યદિ પુનઃ પુરોભાગ એવ ભગવત ઇત્યાહ-આયોજનં યોજનપ્રમાણં ધર્મદેશનાવનીમભિવ્યાપ્ય, તર્હિ વિરલવિરલા એવ વિસ્તારિતા ભવિષ્યન્તીત્યાહ-જાનુદઘ્નીર્જાનૂત્સેધાઃ, એવમપિ કઠિનવૃન્તઘટ્ટિતપદતલાઃ સ્યુરિત્યાહ-અધસ્તાત્રિક્ષિપ્તબન્ધનાઃ ઉપરિ પ્રેઙ્ખોલદ્દલપટલા ન્યક્કૃતવૃન્તાશ્ચ ન ચ તાવત્પ્રમાણાનામપિ તાસાં કોટાકોટિપ્રમિતસ્વચ્છન્દસઞ્ચરદમરનરપાદોપમર્દનવેદના મનાગપિ ભવતીત્યહો પ્રભાવાતિશયઃ પ્રભોરિતિ ।।૫/૨।।

ટીકાર્થ :-

હે ત્રિભુવનમહનીય ! ..... પ્રભોરિતિ ।। હે ત્રિભુવન મહનીય ભગવાન !=ત્રણ ભુવનમાં પૂજનીય એવા ભગવાન, તમારી દેશનાભૂમિમાં=સમવસરણની ભૂમિમાં, સુંદર મનવાળા એવા દેવો સુમનસ એવાં પુષ્પો=અત્યંત સુગંધમય એવાં પુષ્પો વિક્ષેપ કરે છે=પાથરે છે.

જો વળી, ભગવાનના આગળના ભાગમાં જ પુષ્પો પાથરે છે એવી શંકા થાય ? એથી કહે છે –

માત્ર આગળના ભાગમાં પુષ્પો પાથરતા નથી. પરંતુ આયોજન=યોજનપ્રમાણ ધર્મદેશનાની પૃથ્વીને અભિવ્યાપ્ય=વ્યાપીને પુષ્પોને પાથરે છે=એક યોજનની ધર્મદેશનાની ભૂમિ છે. તે સર્વ ભૂમિમાં સુગંધી પુષ્પો પાથરે છે.

તો, વિરલ વિરલ જ વિસ્તારિત થશે=એક યોજન વિસ્તૃત ભૂમિમાં કોઈક કોઈક સ્થાને વિસ્તારિત તે પુષ્પો થશે. એથી કહે છે –

જાનુની દઘ્ની=પગના ઢીંચણ સુધી, ઊંચાં પુષ્પો વિકુર્વે છે.

આ રીતે પણ કઠિનવૃંત્તથી ઘટ્ટિત=કઠણ ડીંટાંથી ઘટિત પદતળવાળાં એવાં પુષ્પો થાય. એથી કહે છે.

નીચે નિક્ષિપ્ત કર્યાં છે બંધનો જેમનાં તેવાં પુષ્પો વેરે છે=ઉપરમાં કર્યા છે પ્રેંખલ દલ પટલવાળા=ઉપર હીંચકા ખાતો છે પાંદડાનો સમૂહ જેમાં એવા, અને નીચે કર્યાં છે વૃંત=ડીંટાં, એવાં પુષ્પો જાનુપ્રમાણ વિકુર્વ્યાં છે. અને એટલા પ્રમાણવાળાં પણ તેઓને=પુષ્પોને, કોટિ કોટિ પ્રમિત સ્વચ્છંદ સંચાર કરતા દેવતાઓના અને મનુષ્યના પાદના ઉપમર્દનની વેદના થોડી પણ થતી નથી એ અહો ! પ્રભુના પ્રભાવનો અતિશય. ।।૫/૨।।

ભાવાર્થ :-

ભગવાન પ્રત્યે દેવતાઓને જે ભક્તિનો અતિશય છે તેનાથી અષ્ટપ્રાતિહાર્યની રચના કરે છે. તેમાં

ભગવાન પ્રત્યેની ભક્તિને અતિશય કરવા અર્થે જાનુપ્રમાણ પુષ્પો દેશનાની ભૂમિમાં વિકુર્વે છે. જેનાથી તે દેશનાભૂમિ સુગંધમય વાતાવરણવાળી બને છે. અને ત્યાં આવનારા યોગ્યજીવોના ચિત્તને આલ્લાદ કરનાર બને છે અને ભગવાનની ભક્તિ કરીને દેવતાઓ પુષ્પો વિકુર્વવા દ્વારા નિર્જરાની પ્રાપ્તિ કરે છે. યોગ્યજીવોને પણ તે પ્રકારના મઘમઘતા વાતાવરણને જોઈને અને દેવતાઓની ભગવાન પ્રત્યેની ભક્તિને જોઈને ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ જે પ્રકારે અતિશયિત થાય છે, તે પ્રકારે સકામનિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. અને ભગવાનનો તે પ્રકારનો અતિશય છે કે જેથી સચિત્ત પણ તે પુષ્પો હોવા છતાં લોકોના પાદના ઉપમર્દનથી તે પુષ્પોના જીવોને કોઈ વેદના થતી નથી. આ સર્વ શ્રદ્ધાનપૂર્વક શાસ્ત્રવચનથી જાણીને જેઓ ભગવાનની સ્તુતિ કરે છે તેઓને પણ ભગવાનના યોગના પ્રભાવથી થયેલા અતિશય પ્રત્યે અને તેના કારણે ભગવાન પ્રત્યે ઓઘથી પણ બહુમાન થાય છે. તેઓ પણ પુણ્યાનુબંધી પુણ્ય અને સકામનિર્જરાને પ્રાપ્ત કરે છે. **॥૫/૨॥**

અવતરણિકા :-

तथा धर्मोपदेशावसरे हि भगवान् स्वभावसुभगंभविष्णुना श्रोतृजनश्रोत्रपुटप्रविशत्पीयूषकुल्यातुल्येन निरायासप्रवृत्तेनैव स्वरेण देशनां विधत्ते, किन्तु वृत्तिकृत इव सूत्रं सुरास्तमेव स्वरमायोजनं विष्वग् विस्तारयन्ति, अतो देवकृतत्वात्स दिव्यध्वनिरभिधीयते । तमेवाह –

અવતરણિકાર્થ :-

ધર્મઉપદેશના અવસરમાં ભગવાન સ્વભાવથી જ સુંદરસુભગ થવાના સ્વભાવવાળા, શ્રોતાજનના કાનમાં પ્રવેશ પામતા અમૃતની નીક તુલ્ય, નિરાયાસપ્રવૃત્ત જ એવા=શ્રમ વગરના સહજ યત્નથી પ્રવૃત્ત જ એવા સ્વરથી દેશના આપે છે. પરંતુ વૃત્તિકાર જેમ સૂત્રને વિસ્તારિત કરે છે તેમ દેવતાઓ તે જ સ્વરને એક યોજન સુધી ચારે બાજુ વિસ્તારિત કરે છે. અર્થાત્ સૂત્રનો અર્થ વૃત્તિકાર સ્પષ્ટ કરીને બોધ કરાવે છે, તેમ દેવતાઓ ભગવાનની દેશના દ્વારા નીકળેલા તે સ્વરને એક યોજન સુધી ચારે બાજુ વિસ્તારિત કરે છે. આથી દેવતાકૃતપણું હોવાને કારણે તે દિવ્યધ્વનિ કહેવાય છે. તેને જ= ભગવાનના દિવ્યધ્વનિને જ, કહે છે –

શ્લોક :-

मालवकैशिकीमुख्यग्रामरागपवित्रितः ।
तव दिव्यो ध्वनिः पीतो, हर्षोद्ग्रीवैर्मृगैरपि ।।५/३।।

શ્લોકાર્થ :-

માલવકૈશિકી નામના રાગથી મુખ્ય એવા ગ્રામરાગથી પવિત્ર થયેલ એવો તમારો દિવ્યધ્વનિ હર્ષથી ઊંચી કરાયેલી ડોકવાળાં હરણો વડે પણ પિવાયો છે. ॥૫/૩॥

ટીકા :-

હે મધ્વાસ્રવમુનિમૂર્દ્ધન્ય ! ભગવંસ્તવ સમ્બન્ધી દિવ્યોઽમાનવો ધ્વનિર્મન્થાચલપ્રમથ્યમાનદુગ્ધજલધિધ્વાનધીરો ધર્મદેશનાનાદસ્તાવદાસ્તામમન્દાનન્દકન્દલિતમનોભિરમરનરનિકરૈઃ, કિન્તુ નિસ્તુષસુખોત્કર્ષનિમીલિત-નેત્રત્રિભાગૈર્મૃગૈરપિ પીતઃ=સસ્પૃહમાકર્ણિતઃ, કિંવિશિષ્ટૈર્હર્ષોદ્ગ્રીવૈઃ=પ્રીત્યુત્કન્ધરૈઃ, તથા શ્રવણે હેતુમાહ-માલવેત્યાદિ, માલવકૈશિકી મુખ્યો યેષાં તે માલવકૈશિકીમુખ્યાસ્તે ચ તે ગ્રામરાગાશ્ચ માલવકૈશિકી-મુખ્યગ્રામરાગાસ્તૈઃ પવિત્રિતઃ પૂતઃ સંવલિતઃ, અત એવ સસ્પૃહસર્વસત્ત્વસાધારણેઽપિ તત્પાને "મૃગૈઃ પીત" ઇત્યુક્તં વિશેષેણ ગીતપ્રિયત્વાત્ મૃગજાતેઃ ।।૫/૩।।

ટીકાર્થ :-

હે મધ્વાસ્રવમુનિ ..... ગીતપ્રિયત્વાન્મૃગજાતેઃ ।। હે મધુઆશ્રવમુનિમૂર્દ્ધન્ય!=જેના વચનથી કાનમાં મધનો આશ્રવણ થાય તેવા લબ્ધિવાળા જે મુનિઓ છે તેમાં અગ્રેસર એવા હે ભગવાન ! તમારા સંબંધી દિવ્ય=અમાનવ, એવો ધ્વનિ=મેરુપર્વતથી પ્રમથ્યમાન ક્ષીરસમુદ્રના અવાજ જેવો ધીર=ગંભીર, એવો ધર્મદેશનાનો નાદ, મૃગલાંઓ વડે સસ્પૃહ પિવાયો છે. અર્થાત્ અમંદ આનંદના કંદલિત મનવાળા અમર, નરના સમૂહ વડે તો દૂર રહો પરંતુ નિસ્તુષ સુખના ઉત્કર્ષથી નિમીલિત થયેલા નેત્ર-ત્રિભાગવાળાં મૃગલાંઓ વડે પણ પિવાયું છે=સસ્પૃહ સંભળાયું છે.

કેવાં વિશિષ્ટ મૃગલાંઓ વડે ભગવાનની વાણી પિવાઈ છે ? તેથી કહે છે –

હર્ષથી ઉદ્ગ્રીવાવાળાં=પ્રીતિથી ઊંચી કરેલી ડોકવાળાં, એવાં હરણો વડે ભગવાનની વાણી પિવાઈ છે. તે પ્રકારના શ્રવણમાં=હર્ષથી ઊંચી ડોક કરીને મૃગલાંઓ ભગવાનની વાણી સાંભળે છે તે પ્રકારના શ્રવણમાં, હેતુને કહે છે. માલવકૈશિકી રાગ છે મુખ્ય જેમાં તે માલવકૈશિકી મુખ્યા છે. અને તે=માલવકૈશિકી મુખ્યા છે જેમાં એવો તે, એવા ગ્રામરાગ, માલવકૈશિકી મુખ્ય ગ્રામરાગ છે તેનાથી પવિત્રિત=પવિત્રતાથી સંવલિત. આથી જ સસ્પૃહ સર્વ જીવો સાધારણ તેનું પાન હોવા છતાં પણ, મૃગલાંઓ વડે પિવાયું છે. એ પ્રમાણે કહેવાયું; કેમ કે મૃગજાતિનું વિશેષથી ગીતપ્રિયપણું છે. ।।૫/૩।।

ભાવાર્થ :-

ભગવાન જ્યારે દેશના આપે છે ત્યારે માલકોશરાગમાં દેશના આપે છે. અને તે દેશના માલકોશ છે મુખ્ય જેમાં એવા ગ્રામરાગથી પવિત્ર હોય છે. અને તે ધ્વનિ ભગવાન સહજ સ્વભાવથી બોલે છે. તેથી એક યોજન સુધી તે ધ્વનિ જઈ શકે નહીં અને તે રીતે એક યોજનના સમવસરણમાં બધા જીવોને સંભળાય નહીં. પરંતુ ભગવાન પ્રત્યેની ભક્તિથી દેવતાઓ ભગવાનના ધ્વનિને એક યોજન વિસ્તૃત કરે છે. તેથી, ભગવાનની બોલાયેલી વાણીને દિવ્યધ્વનિ કહેવાય છે. અને તે ધ્વનિ માલકોશરાગથી યુક્ત ગ્રામરાગમાં હોવાને કારણે બધા શ્રોતાને અત્યંત પ્રીતિ કરે તેવી છે. તોપણ મૃગજાતિ સંગીત પ્રત્યે અત્યંત આવર્જિત

હોય છે. તેથી ભગવાનની તે વાણીને મૃગલાંઓ ઊંચે ડોક કરીને હર્ષથી પીએ છે. આ પ્રકારે સ્તુતિ કરીને ભગવાનની વાણી જેમ યોગ્યજીવોને સન્માર્ગની પ્રાપ્તિનું કારણ છે, તેમ અત્યંત કર્ણપ્રિય પણ છે. તેથી સાંભળનાર શ્રોતાના કાનમાં મધનું શ્રવણ થાય છે. અર્થાત્ સાક્ષાત્ મધ ઝરતું હોય અને જે પ્રકારે તેના સ્વાદથી આનંદ ઉત્પન્ન થાય તેમ મધ જેવા સુંદર શબ્દોમાં શ્રોતાને તે વાણી શ્રવણ થાય છે. આ પ્રકારે ભગવાનના અતિશયોનું ભાવન કરવાથી લોકોત્તમપુરુષ પ્રત્યે તે પ્રકારની ભક્તિ થાય છે. અને લોકોત્તમપુરુષનું તે પ્રકારનું વાસ્તવિક સ્વરૂપ છે તેથી તેવા વાસ્તવિક સ્વરૂપથી તેમની સ્તુતિ કરીને સ્તુતિકારશ્રી પોતાના આત્માને કર્મના વિગમનથી નિર્મળ કરે છે. **॥૫/૩॥**

અવતરણિકા :-

तथा भगवान् समवसरणोपविष्टः क्षितितलविहारी च सुरासुरैर्निरन्तरं चामरैर्वीज्यत इत्येतदेवाह –

અવતરણિકાર્થ :-

અને ભગવાન સમવસરણમાં બેઠેલા અને પૃથ્વીતલમાં વિહાર કરનાર સુર-અસુર દ્વારા નિરંતર ચામરોથી વીંઝાય છે એને કહે છે –

શ્લોક :-

तवेन्दुधामधवला, चकास्ति चमरावली ।
हंसालिरिव वक्त्राब्जपरिचर्यापरायणा ।।५/४।।

શ્લોકાર્થ :-

તમારી આગળ ચંદ્રના પ્રકાશ જેવી સફેદ, ચામરોની આવલી, ભગવાનના મુખરૂપી કમળની પરિચર્યામાં પરાયણ=સેવામાં તત્પર, હંસોની શ્રેણી જેવી શોભે છે. ।।૫/૪।।

ટીકા :-

हे जगत्साम्राज्यदीक्षित ! स्वामिंस्तव पुरः सुरासुरैः सरभसं दोधूयमाना चमरावलिर्वालव्यजनपद्धतिश्चकास्ति शोभते । किंविशिष्टा ? इन्दुधामधवला शरच्छशधरकरप्रकरगौरा, केव ? हंसालिरित्यादि, तत्र कोमल-कण्ठनालोपेतत्वेन ललिताधरदलपरिकलितत्वेन दशनांशुकेशरराजिविराजितत्वेन अङ्करोलम्बपरिचुम्बितत्वेन स्वभावसुरभित्वेन लक्ष्मीनिवासत्वेन च भगवद्वक्त्रमब्जमिवाब्जं तस्य परिचर्यापरायणा=समुपास्तितत्परा हंसालिरिव=मरालमण्डलीव, समुचिता च सितपत्रिणां शतपत्रसेवा ।।५/४।।

ટીકાર્થ :-

हे जगत्साम्राज्य ..... शतपत्रसेवा ।। હે જગતસામ્રાજ્ય દીક્ષિત સ્વામિન્ !=જગતના જીવોને ઉત્તમ સામ્રાજ્ય આપવા માટે કૃતનિશ્ચયવાળા સ્વામી, તમારી આગળ સુર-અસુર એવા દેવો વડે સરભસ= ભક્તિથી શીઘ્ર, વીંઝાતા ચામરોની આવલી=વાલના પંખાની પદ્ધતિ, શોભે છે.

કેવી વિશિષ્ટ ચામરોની આવલી છે ? તેથી કહે છે –

ચંદ્રના ધામ જેવી ઉજ્જ્વલ=શરદઋતુના ચંદ્રનાં કિરણોના સમૂહ જેવી ગૌરવર્ણવાળી.

કોના જેવી ચમરાવલી શોભે છે ? તેથી કહે છે –

हंसालिरित्यादि ત્યાં કોમલ કંઠનાલથી ઉપેતપણું હોવાને કારણે, સુંદર અધરદલથી પરિકલિતપણું હોવાને કારણે અને દાંતરૂપી કિરણોના કેશરની રાજિથી શોભિતપણું હોવાને કારણે, અંકરૂપી=ચિહ્નરૂપી, ભમરાથી પરિચુંબિતપણું હોવાને કારણે, સ્વભાવથી સુરભિપણું હોવાને કારણે, લક્ષ્મીનું નિવાસપણું હોવાને કારણે, ભગવાનના મુખરૂપી કમળના જેવું કમળ તેની પરિચર્યામાં પરાયણ=ઉપાસના કરવામાં તત્પર, હંસની હારમાળા જેવી, ચમરાવલી શોભે છે. અને સિતપત્રિઓને શતપત્રની સેવા સમુચિત છે=સિતપત્રિઓને અર્થાત્ હંસો જેવા ચામરોને શતપત્રની અર્થાત્ કમળ જેવા ભગવાનના મુખરૂપી કમળની સેવા સમુચિત છે. ॥૫/૪॥

ભાવાર્થ :-

ભગવાન જ્યારે વિહાર કરે છે કે સમવસરણમાં બેઠા હોય ત્યારે ભગવાનની ભક્તિ કરીને દેવતાઓ પોતાના આત્માને પવિત્ર કરવા અર્થે ભગવાનના મુખની બંને બાજુમાં ચામરોની હારમાળાઓ લઈને વીંઝતા હોય છે. જે ચામરો શરદઋતુના ચંદ્રનાં કિરણો જેવા શ્વેત હોય છે. અને દેવતાઓ ભક્તિથી ભગવાનની બંને બાજુએ ચામરો વીંઝે છે એ કેવા સ્વરૂપવાળા છે તેની ઉપસ્થિતિ કરવા માટે કવિ ઉત્પ્રેક્ષા કરે છે. ભગવાનના મુખરૂપી કમળની સેવામાં પરાયણ જાણે હંસની હારમાળા ન હોય તેવી હંસની હારમાળા જેવી ચામરોની હારમાળા ભગવાનની બંને બાજુ શોભી રહી છે. તેથી દેવતાઓ આ રીતે ભગવાનની ભક્તિ કરીને નિર્જરાની પ્રાપ્તિ કરે છે. સ્તુતિકારશ્રી તેની અનુમોદના કરીને નિર્જરાની પ્રાપ્તિ કરવા યત્ન કરે છે. યોગ્ય શ્રોતા પણ ભગવાનના તે પ્રકારના અતિશયવાળા પ્રાતિહાર્યને પ્રસ્તુત શ્લોકના સાંભળવા દ્વારા હર્ષિત થાય અને ભગવાનના તે પ્રકારના પ્રાતિહાર્યયુક્ત સ્વરૂપને સ્મૃતિમાં લાવે તો તેને પણ ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે; કેમ કે ઉત્તમ પુરુષના નામસ્મરણથી પણ ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૫/૪॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

દેવતાકૃત અન્ય અતિશય 'किञ्च'થી બતાવે છે –

શ્લોક :-

मृगेन्द्रासनमारूढे, त्वयि तन्वति देशनाम् ।
श्रोतुं मृगाः समायान्ति, मृगेन्द्रमिव सेवितुम् ।।५/५।।

શ્લોકાર્થ :-

મૃગેન્દ્રના=સિંહના, આકારવાળા સિંહાસન ઉપર આરૂઢ થયેલા, દેશનાને વિસ્તારતા તમે હોતે છતે સિંહને સેવવા માટે જાણે મૃગલાઓ આવ્યા ન હોય તેમ સાંભળવા માટે=ભગવાનની દેશનાને સાંભળવા માટે, મૃગલાઓ આવે છે. ॥૫/૫॥

ટીકા :-

हे प्रमदकुवादिकरीन्द्रपारीन्द्र ! स्वामिंस्त्वयि मृगेन्द्रासनं=सिंहासनमारूढे देशनां=भवविरागेपरमपदानुराग-जननीं धर्मकथां, प्रथयति विशुद्धतत्त्वावबोधसमृद्धमेधसो यदमर्त्त्यमर्त्त्याः श्रोतुमुपनमन्ति तत्र चित्रम्, यत्तु तद्विलक्षणा मृगाः पशवोऽपि तां श्रोतुं मृगेन्द्रासनोपविष्टत्वेन च स्वस्वामिनं मृगेन्द्रमिव भवन्तमुपासितुं समायान्ति, स तवैव भुवनाद्भुतप्रभावपरिमल इति ॥५/५॥

ટીકાર્થ :-

हे प्रमदकुवादि ..... प्रभावपरिमल इति ॥ હે પ્રમદ એવા કુવાદિરૂપી હાથીઓને માટે સિંહ સમાન સ્વામી ! તમે મૃગેન્દ્રના આસન=સિંહાસન ઉપર આરૂઢ થયે છતે (અને) ભવવિરાગના પરમપદના અનુરાગને ઉત્પન્ન કરનારી ધર્મકથા રૂપ દેશનાનો વિસ્તાર કરાયે છતે, વિશુદ્ધતત્ત્વના અવબોધથી સમૃદ્ધ મેધાવાળા જે અમર્ત્ય અને મર્ત્ય=દેવતાઓ અને મનુષ્યો, સાંભળવા માટે ઉપસ્થિત થાય છે તે ચિત્ર નથી=તે આશ્ચર્યકારી નથી. પરંતુ તેનાથી વિલક્ષણ=બુદ્ધિમાન એવા દેવતાઓ આદિથી વિલક્ષણ, મૃગલારૂપી પશુઓ પણ તેને=દેશનાને, સાંભળવા માટે મૃગેન્દ્રના આસન ઉપર બેઠેલા હોવાને કારણે પોતાના સ્વામી એવા સિંહ જેવા જ તમને જે સેવા માટે જાણે આવ્યા ન હોય તે તમારો જ ભુવનમાં અદ્‌ભુત પ્રભાવપરિમલ છે. ॥૫/૫॥

ભાવાર્થ :-

ભગવાન સિંહના આકારવાળા સિંહાસન ઉપર બેસીને દેશના આપી રહ્યા છે તે વખતે તેઓની સ્તુતિ કરતાં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે ભગવાન સિંહાસન ઉપર આરૂઢ હોવાથી મૃગેન્દ્ર જેવા જ છે. અને મૃગલાઓ પોતાના સ્વામી એવા મૃગેન્દ્ર ભગવાનને સેવવા માટે જ દેશના સાંભળવા માટે આવ્યા છે. એ અદ્‌ભુત-આશ્ચર્ય છે; કેમ કે સિંહથી અત્યંત ભય પામનારા એવા મૃગલાઓ ક્યારેય પણ સિંહ પાસે જતા નથી છતાં ભગવાન પ્રત્યેની ભક્તિના કારણે દેશના સાંભળવા માટે આવ્યા છે તે આશ્ચર્ય છે. આ પ્રકારે ભગવાન સિંહાસન ઉપર બેસીને જે દેશના આપે છે. તેની જ સ્તુતિ સ્તવનકારશ્રી કરે છે. **॥૫/૫॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અને બીજું –

શ્લોક :-

भासां चयैः परिवृतो, ज्योत्स्नाभिरिव चन्द्रमाः ।
चकोराणामिव दृशां, ददासि परमां मुदम् ।।५/६।।

શ્લોકાર્થ :-

જ્યોત્સ્ના વડે ચંદ્રમાની જેમ ભાસાના ચયોથી=કાંતિના સમૂહથી, પરિવૃત એવા હે સ્વામિન્ ! તમે ચકોરની જેમ દૃષ્ટિઓને=ત્રણ જગતના જીવોનાં નેત્રોને, પરમ આનંદ આપો છો. ।।૫/૬।।

ટીકા :-

हे निरुपमलवणिमजलनिलय ! स्वामिंस्त्वं दृष्टमात्र एव त्रिभुवनजनदृशां परमां=वागगोचरामनुभवैकगम्यां मुदं ददासि=प्रीतिं प्रयच्छसि, किंविशिष्टः ? भासां चयैः परिवृतः, प्रतिप्रतीकं समुल्लसदुद्वेललवणिम-जलोत्पीलपरिप्लुतः, क इव ? चन्द्रमा इव, यथा चन्द्रमाः सुधाकरश्चकोरपक्षिणां ज्योत्स्नाजीवातूनां मुद-मुदञ्चयति । किंविशिष्टः ? ज्योत्स्नाभिः परिवृतः कौमुदीभिः कन्दलितस्तद्वत्त्वमपीति भावः ।।५/६।।

ટીકાર્થ :-

हे निरुपमलवणिम ..... द्वत्त्वमपीति भावः ।। હે નિરુપમ લવણિમ જલનિધિ સ્વામી !=નિરુપમ લાવણ્યરૂપી સમુદ્રના સ્વામી, તમે દૃષ્ટિમાત્રમાં જ ત્રણ ભુવનના લોકોની દૃષ્ટિઓને વાગ્-અગોચર અનુભવ એક ગમ્ય એવી પરમ મુદને આપો છો=પ્રીતિને આપો છો. અર્થાત્ વાણીથી કહી ન શકાય પરંતુ સાક્ષાત્ જેઓએ ભગવાનને જોયા છે તેઆના એક અનુભવથી જાણી શકાય તેવી પરમ પ્રીતિને આપો છો.

કેવા પ્રકારના વિશિષ્ટ ભગવાન છે ? તેથી કહે છે –

ભાસાના ચયથી પરિવૃત=કાંતિના સમૂહથી પરિવૃત, દરેક અંગે ઉલ્લાસ પામતા અને ઊછળતા લાવણ્યરૂપી જલના પ્રવાહથી પરિપ્લુત એવા તમે કોની જેમ ? ચંદ્રમાની જેમ લોકોની દૃષ્ટિને આનંદ આપો છો એમ અન્વય છે. જે પ્રમાણે સુધાનાં કિરણવાળો ચંદ્રમા જ્યોત્સ્નાજીવાતુ એવાં ચકોર પક્ષીઓને=જ્યોત્સ્ના છે જીવાડનાર જેઓને એવાં ચકોર પક્ષીઓને, આનંદ આપે છે.

કેવા પ્રકારના વિશિષ્ટ ભગવાન ? તેથી કહે છે –

જ્યોત્સ્નાથી પરિવૃત=કૌમુદી વડે કંદલિત, તેની જેમ તમે પણ=ચંદ્રમા જેમ ચકોર પક્ષીને આનંદ આપે છે તેમ તમે પણ, ત્રિભુવનના લોકોની દૃષ્ટિને આનંદ આપો છો. એ પ્રકારનો ભાવ છે. ।।૫/૬।।

ભાવાર્થ :-

જેમ ચંદ્રમા પૂર્ણિમાના દિવસે ખીલેલ હોય ત્યારે જ્યોત્સ્નાથી પરિવૃત હોય છે. તેમ ભગવાન પોતાનાં કાંતિરૂપી કિરણોથી પરિવૃત છે. તેથી જીવોને આલ્લાદ ઉત્પન્ન થાય છે. વળી, ચંદ્રમા પૂર્ણિમામાં ખીલે ત્યારે

જ તેનાં કિરણો ચકોર પક્ષીને આલ્લાદ આપે છે. તેમ ભગવાનના લાવણ્યને જોવા માટે જેઓની દૃષ્ટિ ચકોર છે તેઓને ભગવાનનું લાવણ્ય અદ્‌ભુત આનંદ આપે છે. તેથી જેમ, ચંદ્રમા જ્યોત્સ્નાથી પરિવૃત હોય છે ત્યારે ચકોર પક્ષીને આલ્લાદ આપે છે તેમ ભગવાનના લાવણ્યને જોવાને અનુકૂળ ચકોર દૃષ્ટિવાળા જીવોને ભગવાનનું લાવણ્ય અદ્‌ભુત આનંદ આપે છે. આ રીતે ભગવાનના લાવણ્યનું સ્વરૂપ ભાવન કરવાથી પણ લોકોત્તમપુરુષ સાક્ષાત્ નહીં દેખાવા છતાં તેઓના પારમાર્થિક સ્વરૂપનો બોધ થવાથી તેઓ પ્રત્યે જે પ્રમાણે ભક્તિનો અતિશય થાય છે તે પ્રમાણે નિર્જરા દ્વારા તત્તુલ્ય થવાને અનુકૂળ ગુણસંપત્તિ પ્રાપ્ત થાય છે. **॥૫/૬॥**

અવતરણિકા :-

તથા ભગવતઃ સમવસૃતૌ વિહારાવસરે ચ દેવાઃ સદૈવ દિવિ દેવદુન્દુભિં વાદયન્ત્યેતદેવ ભઙ્ગ્યન્તરેણાહ–

અવતરણિકાર્થ :-

તથા ભગવાનના સમવસરણના બેસવાના અવસરમાં અને વિહારના અવસરમાં દેવો સદા જે આકાશમાં દેવદુંદુભિને વગાડે છે એને જ ભંગ્યંતરથી=અન્ય વિકલ્પથી, સ્તુતિકારશ્રી કહે છે –

શ્લોક :-

दुन्दुभिर्विश्वविश्वेश ! पुरो व्योम्नि प्रतिध्वनन् ।
जगत्याप्तेषु ते प्राज्यं, साम्राज्यमिव शंसति ।।५/७।।

શ્લોકાર્થ :-

હે વિશ્વવિશ્વેશ ભગવાન ! આગળમાં=તમારી આગળમાં, આકાશમાં દુંદુભિઓથી પ્રતિધ્વનિ કરતો એવો નાદ જાણે આપ્તપુરુષોમાં તમારા પ્રાજ્ય સામ્રાજ્યને જગતમાં કહી રહ્યો છે. ॥૫/૭॥

ટીકા :-

हे विश्वविश्वेश ! समग्रभुवनस्वामिंस्ते=तव पुरोभागे दुन्दुभिर्व्योम्नि=वियति सरभसत्रिदशकरतलताडितः प्रतिध्वनन् वाचालितरोदोन्तरालं नादमुद्‌गिरन्नुत्प्रेक्ष्यते, जगति=विश्वे आप्तानां आसन्ननिर्वृतिपुरप्रवेशत्वेन त्वच्छासनमुद्वहतां तव सम्बन्धि प्राज्यं=परिपूर्णं, साम्राज्यं=धर्मचक्रवर्त्तित्वं, शंसति=कथयतीव, तदाकर्णने हि तेषाममन्दानन्दोत्पत्तेः न च दुन्दुभिनादमन्तरेण जगज्जनानां युगपदभीष्टार्थकथनं शक्यमिति ।।५/७।।

ટીકાર્થ :-

हे विश्वविश्वेश ! ..... शक्यमिति ।। હે વિશ્વવિશ્વેશ ! ભગવાન ! સમગ્ર ભુવનના સ્વામી, તમારી આગળના ભાગમાં દુંદુભિઓથી આકાશમાં સહસા દેવોના કરતલથી તાડિત અવાજ કરતો, વાચાલિત આકાશના અંતરાલવાળા=ધ્વનિમય આકાશના અંતરાલવાળા, એવા નાદને ઉદ્‌ગિર ન કરતો હોય

એ પ્રમાણે ઉત્પ્રેક્ષા કરે છે=આ નાદ કહી રહ્યો છે એ પ્રકારની ઉત્પ્રેક્ષા કરે છે. કેવા પ્રકારની ઉત્પ્રેક્ષા કરે છે ? તે સ્પષ્ટ કરે છે – જગતમાં=વિશ્વમાં, આપ્તજીવોને=આસન્ન નિર્વૃતિ પુરપ્રવેશના હોવાને કારણે તમારા શાસનને વહન કરનારા જીવોને, તમારા સંબંધી પ્રાજ્ય=પરિપૂર્ણ સામ્રાજ્ય, રૂપ ધર્મચક્રવર્તિપણું જાણે કહે છે; કેમ કે તેના આકર્ણનમાં=દુંદુભિના શ્રવણમાં, તેઓને અમંદ આનંદની ઉત્પત્તિ છે. અને દુંદુભિનાદ વગર જગતના જીવોને એકસાથે અભીષ્ટાર્થનું કથન શક્ય નથી=ધર્મચક્રવર્તી આવી રહ્યા છે એ રૂપ અભીષ્ટાર્થનું કથન શક્ય નથી. ॥૫/૭॥

ભાવાર્થ :-

ભગવાન કેવલજ્ઞાન પામે છે ત્યારપછી વિહારમાં હોય કે સમવસરણમાં બેઠા હોય ત્યારે ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે દેવતાઓ હર્ષના અતિરેકથી દુંદુભિ વગાડે છે. તેની કવિ ઉત્પ્રેક્ષા કરતાં કહે છે. જેઓ આપ્તપુરુષો છે તેઓ ભગવાનને પામીને ભગવાનના શાસનને સ્વીકારશે અને તેના બળથી અલ્પકાળમાં મોક્ષને પામશે તેવા જીવોને આ દુંદુભિનો નાદ જાણે સૂચન કરતો ન હોય કે ભગવાન પ્રાજ્ય સામ્રાજ્યવાળા છે. અને તેઓના તે પ્રકારના ધર્મચક્રવર્તીપણાના સૂચનને સાંભળીને ભગવાનના શાસનને સ્વીકારનારા અર્થી જીવોને અત્યંત આનંદ ઉત્પન્ન થાય છે; કેમ કે ભગવાન સર્વજ્ઞ વીતરાગ થયા છે તેનું સૂચક આ દુંદુભિ છે તેથી હવે, આપણે ભગવાનનું શરણું સ્વીકારીને સુખપૂર્વક દુરંત એવા સંસારસમુદ્રથી પારને પામશું. આ પ્રકારે ભગવાનના દુંદુભિનાદના અતિશયનું ભાવન કરવાથી ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. જેનાથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૫/૭॥**

અવતરણિકા :-

તથા પરમાર્હન્ત્યપદમધિતસ્થુષઃ સ્વામિનઃ શિરસિ સુરાઃ શ્વેતાતપત્રત્રયીં ધારયન્તીત્યેતદેવાષ્ટમપ્રાતિહાર્યં સ્તુતિકૃદ્ યુક્ત્યા વ્યનક્તિ –

અવતરણિકાર્થ :-

અને પરમ આર્હંત્ય પદને પામેલા સ્વામીના મસ્તક ઉપર દેવતાઓ શ્વેતછત્રત્રયને ધારણ કરે છે. એ પ્રકારના આ જ આઠમા પ્રાતિહાર્યને સ્તુતિકારશ્રી યુક્તિથી વ્યક્ત કરે છે –

શ્લોક :-

तवोद्‌र्ध्वमूद्‌र्ध्वं पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी ।
छत्रत्रयी त्रिभुवनप्रभुत्वप्रौढिशंसिनी ।।५/८।।

શ્લોકાર્થ :-

તમારા ઊર્ધ્વ ઊર્ધ્વ પુણ્યર્દ્ધિના ક્રમ સબ્રહ્મચારિણી=સમાન, એવી છત્રત્રયી ત્રિભુવનના પ્રભુત્વના પ્રૌઢિને કહેનારી છે. ॥૫/૮॥

ટીકા :-

હે ત્રિભુવનમૌલિમાણિક્ય ! પ્રભો ! તવ મૌલૌ છત્રત્રયી શોભતે, કથમ્ ? ઊર્દ્ધ્વમૂર્દ્ધ્વં=ઉપર્યુપરિ વ્યવસ્થિતા અત એવ પુણ્યર્દ્ધિક્રમસબ્રહ્મચારિણી તવૈવ પુણ્યસમ્પત્પ્રકર્ષસદૃશી । તથાહિ–પ્રથમં સમ્યક્ત્વપ્રતિપત્તિસ્તતો દેશવિરતિરનન્તરં સર્વવિરતિસ્તતશ્ચાર્હદાદિસ્થાનાસેવનમનન્તરં તથાત્વેનોત્પત્તિઃ, પુનઃ સમયે સર્વવિરતિઃ ક્રમાદપૂર્વકરણક્રમેણ ક્ષપકશ્રેણિસ્તતઃ શુક્લધ્યાનમિતો ઘાતિકર્મક્ષયસ્તતઃ કેવલોત્પત્તિરનન્તરં પરમાર્હન્ત્ય-સમ્પદુપભોગસ્તતઃ સનાતનપદાવાપ્તિરિત્યુત્તરોત્તરસ્તે પુણ્યર્દ્ધિક્રમસ્તદ્દાતપત્રત્રયી, પુનઃ કિંવિશિષ્ટા ? ત્રિભુવનેત્યાદિ ભૂર્ભુવઃસ્વઃસ્વરૂપં ત્રિભુવનં તસ્ય પ્રભુત્વપ્રૌઢિઃ પ્રાભવોત્કર્ષસ્તાં શંસતીત્યેવંશીલા । કિમુક્તં ભવતિ ? યઃ કિલૈકસ્ય ભુવનસ્ય પ્રભુસ્તસ્યૈકમાતપત્રમ્, યસ્તુ ભુવનદ્વયસ્ય તસ્ય દ્વે, ભગવતસ્તુ ભુવનત્રયસ્વામિભિઃ સરભસમુપાસ્યમાનત્વેન વિશ્વત્રયપતેઃ સમુચિતૈવ શિરસિ શ્વેતાતપત્રત્રયીતિ ।।૫/૮।।

ટીકાર્થ :-

હે ત્રિભુવન ..... શ્વેતાતપત્રત્રયીતિ ।। હે ત્રિભુવનમૌલિમાણિક્ય !=ત્રણ ભુવનના મસ્તકને વિષે માણિક્ય, એવા હે પ્રભુ ! તમારા મસ્તક ઉપર ત્રણ છત્ર શોભે છે. કેવી રીતે શોભે છે ? ઊર્ધ્વ ઊર્ધ્વ= ઉપર ઉપર રહેલા, શોભે છે. આથી જ પુણ્યર્દ્ધિક્રમ સબ્રહ્મચારિણી=પુણ્યની ઋદ્ધિના ક્રમ સમાન એવી તમારી જ પુણ્યસંપત્તિના પ્રકર્ષ સદૃશી છે. તે આ પ્રમાણે પ્રથમ સમ્યક્ત્વની પ્રતિપત્તિ=સમ્યક્ત્વનો સ્વીકાર, ત્યારપછી દેશવિરતિ, ત્યારપછી સર્વવિરતિ, ત્યારપછી અરિહંત આદિ સ્થાનના આસેવન પછી તથાત્વથી ઉત્પત્તિ=તીર્થંકરપણા રૂપે ઉત્પત્તિ. વળી, સમયમાં=ઉચિત સમયમાં, સર્વવિરતિના ક્રમથી અપૂર્વકરણના ક્રમ વડે ક્ષપકશ્રેણી, ત્યારપછી શુક્લધ્યાન, એનાથી=શુક્લધ્યાનથી, ઘાતિકર્મનો ક્ષય, તેનાથી કેવલની ઉત્પત્તિ, અનંતર=પછી, પરમ આર્હંત્યસંપત્તિનો ઉપભોગ. ત્યારપછી સનાતનપદની પ્રાપ્તિ=શાશ્વત એવા મોક્ષસ્થાનની પ્રાપ્તિ. એ પ્રકારે ઉત્તરોત્તર તમારા પુણ્યઋદ્ધિનો ક્રમ તેની જેમ છત્રત્રયી છે. વળી, કેવી વિશિષ્ટ છે ? 'ત્રિભુવનેત્યાદિ' ભૂર્ભુવઃ, સ્વઃ, સ્વરૂપ=ભૂર્ અર્થાત્ તિર્છાલોક ભૂવસ્=અધોલોકના દેવો, સ્વસ્=દેવલોક, તે સ્વરૂપ ત્રિભુવન, તેના પ્રભુત્વ પ્રૌઢિ=પ્રાભવોત્કર્ષ=પ્રભુત્વનો ઉત્કર્ષ, તેને કહે છે. એવા પ્રકારના સ્વભાવવાળી છત્રત્રયી છે. શું કહેવાયેલું થાય છે ? ખરેખર જે એક ભુવનનો પ્રભુ છે તેનું એક આતપત્ર છે. જે વળી ભુવન દ્વયનો સ્વામી છે તેને બે આતપત્ર છે. વળી, ભુવનત્રયના સ્વામી વડે સરભસ્=સહસા ઉપાસ્યમાનપણું હોવાને કારણે, વિશ્વત્રયીના પતિના મસ્તક ઉપર શ્વેતઆતપત્રત્રયી સમુચિત છે. ।।૫/૮।।

ભાવાર્થ :-

ભગવાન કેવલજ્ઞાન પામે છે ત્યારે દેશનાકાલમાં ભગવાનના મસ્તક ઉપર ત્રણ શ્વેત છત્રો દેવતાઓ ધારણ કરે છે. ત્યાં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે ભગવાનની ક્રમસર પુણ્યઋદ્ધિની પ્રાપ્તિને જ આ ત્રણ છત્રો બતાવે છે. અર્થાત્ તીર્થંકરના જીવો પ્રથમ ભૂમિકામાં સમ્યક્ત્વના ક્રમથી તીર્થંકરનામકર્મ બાંધે છે. તે વખતે

તેમનામાં પુણ્યની સમૃદ્ધિ પ્રગટ થાય છે. જેથી ઉત્તમ એવા મનુષ્યભવ અને દેવભવને પામનારા છે. અને તે ભવમાં પણ કષાયોને ક્ષીણ કરીને આત્મના બ્રહ્મસ્વરૂપમાં ચરનારા બને છે. અર્થાત્ જે જે અંશથી કષાયો ક્ષીણ થાય છે તે તે અંશથી કષાયોથી અનાકુળ એવા જ્ઞાનના સ્વરૂપ રૂપ બ્રહ્મમાં ચરનારા ભગવાન બને છે. અને તે પુણ્યઋદ્ધિના ક્રમસર બ્રહ્મમાં ચરવાની ક્રિયા ચરમભવમાં કેવલજ્ઞાન પરાકાષ્ઠા છે. તેને બતાવનાર એવા ત્રણ છત્રો જ છે અને તે છત્રો ભગવાન ત્રણ ભુવનના પ્રભુ છે તેવી કથાને કહેનારા છે. આ પ્રકારે કવિ ઉત્પ્રેક્ષા કરીને કવિ ભગવાનના આઠમા પ્રાતિહાર્યથી ભગવાનની સ્તુતિ કરે છે જેથી પ્રાતિહાર્યના સ્મરણના બળથી ભગવાનની અંતરંગ ગુણસમૃદ્ધિનું પણ પ્રતિસંધાન થાય છે. જેથી, ભગવાનની તે પ્રકારની ગુણસંપત્તિને કારણે પ્રવર્ધમાન ભગવાન પ્રત્યેનો બહુમાનનો ભાવ મહાનિર્જરાનું કારણ બને છે. **॥૫/૮॥**

અવતરણિકા :-

एवं प्रातिहार्याण्यभिधाय तद्वक्तव्यतामुपसंहरन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે પ્રાતિહાર્યોને કહીને=ભગવાનના આઠ પ્રાતિહાર્યને કહીને, તેની વક્તવ્યતાના ઉપસંહારને કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

एतां चमत्कारकरीं, प्रातिहार्यश्रियं तव ।
चित्रीयन्ते न के दृष्ट्वा, नाथ मिथ्यादृशोऽपि हि ? ॥५/९॥

શ્લોકાર્થ :-

તમારી આ ચમત્કાર કરનારી પ્રાતિહાર્યલક્ષ્મીને જોઈને હે નાથ ! મિથ્યાદૃષ્ટિઓ પણ કોણ આશ્ચર્ય પામતા નથી ? ॥૫/૯॥

ટીકા :-

हे केवलश्रीसनाथ ! नाथ ! तव सम्बन्धिनीमेतां पूर्वोपवर्णितस्वरूपां चमत्कारकरीमलौकिकाश्चर्यचर्याकारिणीं प्रातिहार्यश्रियमशोकादिलक्षणां लक्ष्मीं दृष्ट्वा=विलोक्य, तावदासतां सुदृशः, किन्तु मिथ्यादृशोऽपि तत्त्वदर्शनं प्रति विपरीतदृष्टयोऽपि के नाम न चित्रीयन्ते ! नाश्चर्यमुद्वहन्ति ! । इदमत्र हृदयम्-किल यद्यपि तेषामज्ञानोपहतत्वेन भगवतो यथावद्वीतरागतादिरहस्यानवबोधस्तथापि भुवनाद्भुतप्रातिहार्यदर्शनाद्विस्मेरविस्मयानाममन्दानन्दपीयूषपानमनागुपशान्तमिथ्याविषाणां भवत्येव बोधेराभिमुख्यमित्यहो स्वामिनः सर्वोपकारितेति ॥५/९॥

इति श्रीवीतरागस्तोत्रे पञ्चमस्य प्रातिहार्यस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

હે કેવલશ્રીસનાથ ! ..... સર્વોપકારિતેતિ ।। હે કેવલશ્રીસનાથ !=કેવલજ્ઞાનની લક્ષ્મીથી જીવોને માટે નાથ થયેલા એવા ભગવાન ! તમારા સંબંધી પૂર્વમાં વર્ણન કરાયેલ સ્વરૂપવાળી, આ ચમત્કારને કરનારી અલૌકિક આશ્ચર્યની ચર્યાને કરનારી પ્રાતિહાર્યની લક્ષ્મીને=અશોકાદિ રૂપ લક્ષ્મીને, જોઈને સુદૃષ્ટિવાળા દૂર રહો. મિથ્યાદૃષ્ટિઓ પણ=તત્ત્વ પ્રત્યે વિપરીત દૃષ્ટિવાળા પણ, કોણ આશ્ચર્યને વહન કરતા નથી. અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવો પણ ભગવાનની બાહ્ય લક્ષ્મીને પામીને આશ્ચર્યને વહન કરે છે. અહીં=પ્રસ્તુત શ્લોકના કથનમાં, આ હૃદય છે=આ તાત્પર્ય છે. જો કે તેઓનું=મિથ્યાદૃષ્ટિ જીવોનું, અજ્ઞાન ઉપહતપણું હોવાને કારણે ભગવાનના યથાવદ્વીતરાગતા આદિનાં રહસ્યોનો અનવબોધ છે, તોપણ ભુવનમાં અદ્ભુત પ્રાતિહાર્યના દર્શનથી વિસ્મયથી વિસ્મિતિ થયેલા અમંદ આનંદરૂપી અમૃતના પાનથી થોડાક ઉપશાંત થયેલા મિથ્યાત્વરૂપી વિષવાળા એવા જીવોનું બોધિને આભિમુખ્ય થાય જ છે, એથી આશ્ચર્યકારી સ્વામીની સર્વોપકારિતા છે. ॥૫/૯॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં પંચમ પ્રાતિહાર્યસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

ભગવાનની ચમત્કારને કરનારી આઠ પ્રાતિહાર્યની શોભા જગતના જીવોને આશ્ચર્ય કરનારી છે. તેઓમાં પણ જેઓને વિવેક છે તેઓ તો જાણે છે કે ભગવાન ગુણના સમુદ્ર છે. તેથી ગુણના પ્રકર્ષવાળા પુરુષની ભક્તિ બુદ્ધિના નિધાન એવા દેવો કરે તેમાં કંઈ આશ્ચર્ય નથી; કેમ કે જેઓ પાસે નિર્મળબુદ્ધિ છે તેઓ અવશ્ય ઉત્તમ પુરુષની ભક્તિ કરે છે અને ઉત્તમ પુરુષની દેવોથી કરાયેલી ભક્તિ રૂપ જ આ ચમત્કારને કરનાર અષ્ટ પ્રાતિહાર્યો છે. વળી, જેઓનું મિથ્યાત્વ કંઈક મંદ થયેલું છે તેઓ ભગવાનની આ ચમત્કારને કરનારી પ્રાતિહાર્યની લક્ષ્મીને જોઈને કંઈક તત્ત્વશ્રવણને અભિમુખ પરિણામવાળા થાય છે. તેથી તે નિમિત્તને પામીને જ તેઓને પણ સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે ભગવાનની સર્વ જીવોને ઉપકાર કરે એવી આ ઉત્તમપ્રકૃતિ છે. ફક્ત ગાઢ મિથ્યાત્વવાળા જીવો જ આવા ઉત્તમ પુરુષની પ્રાતિહાર્યની શોભાને જોઈને પણ અને ભગવાનના ઉપદેશને સાંભળીને પણ લેશ પણ તત્ત્વને પ્રાપ્ત કરતા નથી. **॥૫/૯॥**

પ્રકાશ-૬

અવતરણિકા :-

એવં ભાવાર્હદ્રૂપસ્ય પરમાત્મનો ભુવનાતિશયહેતૂનતિશયાનભિધાય સામ્પ્રતં તદતિશયલેશેનાપિ વઞ્ચિતાનચિદ્રૂપાન્ દેવાભાસાંસ્તત્તુલાયામારોપ્ય તસ્મિન્ ભગવતિ યે વિપક્ષતામુપક્ષિપન્તિ તાન્નિરસિસિષુર્વિપક્ષનિરાસસ્તવં સ્તુતિકૃદાહ—

અવતરણિકાર્થ :-

આ રીતે ભાવઅરિહંતરૂપ પરમાત્માનું=પૂર્વ પ્રકાશમાં કહ્યું એ રીતે ભાવઅરિહંતરૂપ પરમાત્માનું, ભુવનના અતિશયના હેતુ એવા અતિશયોને કહીને=ભુવનવર્તી જીવોમાં ભગવાન અતિશયવાળા છે તેને બતાવનારા અતિશયોને કહીને, હવે તે અતિશય લેશથી પણ વંચિત અચિદ્રૂપદેવાભાસને=ભગવાનના જેવા અતિશયોમાંથી અતિશય લેશથી પણ રહિત મૂઢ એવા અન્યદર્શનના મહાદેવ આદિ દેવાભાસ દેવોને, તેમની તુલનામાં આરોપણ કરીને=ભગવાનની તુલનામાં આરોપણ કરીને, તે ભગવાનમાં જે વિપક્ષતાનું ઉપક્ષિપન કરે છે તેઓને નિરાસ કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી વિપક્ષ નિરાસના=ભગવાનનો કોઈ પ્રતિપક્ષી છે એ રૂપ વિપક્ષના નિરાકરણના, સ્તવનને સ્તુતિકારશ્રી કહે છે —

શ્લોક :-

लावण्यपुण्यवपुषि, त्वयि नेत्रामृताञ्जने ।
माध्यस्थ्यमपि दौःस्थ्याय, किम्पुनर्द्वेषविप्लवः ? ।।६/१।।

શ્લોકાર્થ :-

નેત્રને અમૃતના અંજન જેવા લાવણ્યથી પવિત્ર દેહવાળા તમારા વિષે મધ્યસ્થપણું પણ=સર્વ દર્શનકારના ઉપાસ્યદેવ સમાન છે એ પ્રમાણેનું મધ્યસ્થપણું પણ, મહા અનર્થ માટે છે. વળી, દ્વેષના વિપ્લવનું શું કહેવું ? અર્થાત્ પોતાના ઈષ્ટદેવના રાગને કારણે તેમના પ્રતિપક્ષભૂતના આપના પ્રત્યે જેઓને દ્વેષનો ઉપ્લવ છે તે તો અત્યંત અનર્થ માટે છે. ।।૬/૧।।

ટીકા :-

हे जगदानन्दकन्द ! भगवंस्त्वयि लावण्यपुण्यवपुषि=निरुपाधिमधुरनिसर्गलवणिमगुणपवित्रगात्रे, तत एव नेत्रामृताञ्जने=सकललोकलोचनामृतवर्त्तिप्रतिमे, यत् कैश्चिदनभिगृहीतमिथ्यात्वमुकुलितविशेष-विचारैर्माध्यस्थ्यमितरदेवसाधारणा देवबुद्धिर्ध्रियते=तदपि तावत्त्वद्गुणज्ञानां दृष्टं श्रुतं च महते दौःस्थ्याय= मनःखेदाय, जायते यत्तु तेभ्योऽप्यतिमूढैः कैश्चित्त्वय्यपि विश्वजनीने द्वेषविप्लवो मत्सरोपप्लवः प्रतन्यते

स त्वदशेषविशेषविदुषां सुतरामरुन्तुदः, यदि वा त्वयि पूर्वोपवर्णितस्वरूपे ये किलानभिगृहीतमिथ्यात्वोन्मथित-सदसद्विवेका माध्यस्थ्यमौदासीन्यमाकलयन्ति तेषां त्वय्यौदासीन्यधारणमेव तावद् दौःस्थ्याय महतेऽनर्थाय द्वेषविप्लवोपप्लुतत्वं त्वनन्तभवभ्रमणहेतुत्वेन सुतरां दौःस्थ्यनिबन्धनमितिभावः ।।६/१।।

ટીકાર્થ :-

હે जगदानन्दकन्द ! ..... बन्धनमितिभावः ।। હે જગતઆનંદના કંદ ! ભગવાન ! તમારો લાવણ્ય-પુણ્ય દેહ હોતે છતે=નિરુપાધિ મધુર સ્વાભાવિક લાવણ્યગુણથી પવિત્ર ગાત્ર હોતે છતે, તેથી નેત્રને માટે અમૃતના અંજન જેવા તમારા વિષે=સકલલોકના લોચનમાં અમૃતને વરસાવનાર એવા તમારા વિષે, જે અનભિગૃહીત મિથ્યાત્વથી મુકુલિત વિશેષ વિચારવાળા એવા કોઈક વડે=અનભિગૃહીત મિથ્યાત્વને કારણે વિશેષ વિચાર જેઓમાં પ્રગટ થયો નથી તેવા કોઈક જીવો વડે, માધ્યસ્થ્ય=અન્ય દેવ સાધારણ દેવબુદ્ધિ કરાય છે=મહાદેવ આદિ જેમ દેવ છે તેમ તીર્થંકરો પણ દેવ છે એ પ્રકારે સામાન્ય બુદ્ધિ કરાય છે. તમારા ગુણોને જાણનારા સમ્યગ્દૃષ્ટિ વગેરેને તદપિ=પરમાત્મા અન્ય દેવ સાધારણ છે તે પણ, જોવાયેલું કે સંભળાયેલું મહાન દુઃખને માટે=મનના ખેદને માટે, થાય છે. જે વળી તેઓથી પણ=અનભિગૃહીત મિથ્યાદૃષ્ટિ કરતાં પણ, અતિમૂઢ કેટલાક જીવો વડે વિશ્વજનીન એવા તમારામાં પણ=વિશ્વના ઉપકારી એવા તમારામાં પણ, દ્વેષનો વિપ્લવ=મત્સરનો ઉપપ્લવ, કરાય છે. તે તમારા અશેષવિશેષના જાણનારાઓને અત્યંત પીડાકારી છે. અથવા પૂર્વે વર્ણન કરાયેલા સ્વરૂપવાળા તમારા વિષે ખરેખર જે અનભિગૃહીત મિથ્યાત્વથી નષ્ટ થયો છે સદ્-અસદ્ વિવેક જેનો એવા તે મિથ્યાદૃષ્ટિ જીવો માધ્યસ્થ્યને=ઔદાસીન્યને, ધારણ કરે છે=તેઓનું તમારા વિષે ઔદાસીન્યનું ધારણ જ દુઃખને માટે=તે મિથ્યાદૃષ્ટિજીવોના દુઃખને માટે, છે=મહાન અનર્થને માટે છે. વળી દ્વેષના વિપ્લવથી ઉપપ્લુતપણું અનંતભવભ્રમણના હેતુપણાને કારણે અત્યંત દૌઃસ્થ્યનિબંધન છે=અનર્થનું કારણ છે. એ પ્રકારનો ભાવ છે. ।।૬/૧।।

ભાવાર્થ :-

ભગવાન શ્રેષ્ઠ કોટિના લાવણ્ય અને પુણ્યના દેહવાળા છે. જેના દર્શન માત્રથી આ ઉત્તમ પુરુષ છે તેવો નિર્ણય વિચારક પુરુષ કરી શકે છે; કેમ કે "આકૃતિ ગુણાન્ કથયતિ" એ પ્રકારનો ન્યાય છે. અને ભગવાન જોનારાના નેત્રને અમૃત જેવી શીતલતાને કરનારા છે. તેથી જોવા માત્રથી પણ તેઓ અન્યદેવો કરતાં ઘણા અતિશયવાળા છે તેવું વિચારક પુરુષ નિર્ણય કરી શકે છે. આમ છતાં, કોઈ દર્શનના પક્ષપાત વગરના અને દેવવિષયક વિશેષ વિચાર જેઓનો પ્રગટ થયો નથી તેવા અનભિગૃહીત મિથ્યાદૃષ્ટિ જીવોને ભગવાન અને અન્ય મહાદેવ આદિ દેવો બધા સમાન રૂપે દેવ જણાય છે. તે પણ તેઓનું દેવવિષયક પારમાર્થિક અજ્ઞાન છે. તેનાથી જ તેવી બુદ્ધિ થાય છે તેથી, તેવું માધ્યસ્થ્ય પણ વિવેકીને ઉચિત નથી. તો વળી જેઓને ભગવાનમાં દ્વેષ છે અર્થાત્ આ વીર ભગવાન એ દેવ નથી, અમારા જ દેવ વાસ્તવિક દેવ છે તેમ માનીને તમારા પ્રત્યે દ્વેષ ધારણ કરે છે, તે અત્યંત અનર્થ માટે છે. **॥૬/૧॥**

અવતરણિકા :-

एवं तावत्त्वयि द्वेषोपप्लवोऽपि जघन्यः, केचित्तु तद्वशादेव सकलजनसामान्यव्यवहृतीनपि देवाँस्त्वत्प्रतिपक्षतया तुलयन्तीत्यतः स्तुतिकृत्तदुद्देशेन साक्षेपमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે તમારામાં દ્વેષનો ઉપપ્લવ પણ જઘન્ય છે=નિંદનીય છે. વળી કેટલાક તેમના વશથી જ=ભગવાનના દ્વેષના વશથી જ, સકલજન સામાન્ય વ્યવહાર કરાતા દેવોને તમારા પ્રતિપક્ષપણાથી તુલના કરે છે. એથી સ્તુતિકારશ્રી તેમના ઉદ્દેશથી=બધા દેવોને તમારા પ્રતિપક્ષપણાથી તુલના કરે છે તેઓના ઉદ્દેશથી, સાક્ષેપ કહે છે –

શ્લોક :-

तवापि प्रतिपक्षोऽस्ति, सोऽपि कोपादिविप्लुतः ।
अनया किंवदन्त्यापि, किं जीवन्ति विवेकिनः ।।६/२।।

શ્લોકાર્થ :-

તમારો પણ પ્રતિપક્ષ છે=સ્પર્ધા કરનાર છે, તે પણ કોપાદિથી વિપ્લુત=ક્રોધાદિ કષાયોથી સંક્લિષ્ટ, આ પ્રકારની કિંવદન્તિથી પણ=આ પ્રકારની લોકોક્તિથી પણ, વિવેકીઓ શું જીવે છે ? અર્થાત્ વિવેકી આવા પ્રકારની ઉક્તિને સ્વીકારતા નથી. ।।૬/૨।।

ટીકા :-

परमकारुणिकत्वेन वीतरागत्वेन सर्व्वज्ञत्वेन परमार्हन्त्यसम्पदुद्भासितत्वेन च जगद्विलक्षणस्य तवापि किं कोऽपि प्रतिपक्षोऽस्ति ? अपि तु सर्वथैवानुपपन्नः, कदाचित्त्वद्विध एव स्यादित्याह-सोऽपि त्वद्विपक्षतया स्थितोऽपि कोपादिभिः क्रोधकामलोभादिभिः प्राकृतजनेभ्योऽप्यतितरां विप्लवमस्वास्थ्यमापादितः, अस्य चार्थस्य साक्षात्करणं तावद् दूरत एव, किन्त्वनया त्वद्विपक्षास्तित्वप्रतिबद्धया किंवदन्त्यापि=विमूढलोकोक्त्यापि विवेकिनस्तव त्वदितरदेवानां च पृथग्भावज्ञाः किं कदापि जीवन्ति ? । किमुक्तं भवति ? किल तथाविधसामग्रीवैकल्यादेवमसमञ्जसप्रलापिनो यदि निग्रहीतुमशक्तास्तत्किं स्वायत्तान् प्राणानपि ते मोक्तुं न क्षमाः ?, अश्रोतव्यार्थश्रवणात् प्राणत्यागः श्रेयानेव । अथ च किंजीवन्ति=कुत्सितं जीवन्ति, किलायौक्तिकप्राणप्रहाणादाततायित्वशङ्किताः सहसैव यद्यपि जीवितमुन्मोक्तमक्षमास्तथापि सशल्यं प्राणधारणेन निन्दितं प्राणन्तीतिभावः ।।६/२।।

ટીકાર્થ :-

परमकारुणिकत्वेन ..... प्राणन्तीतिभावः ।। પરમકારુણિકપણું હોવાને કારણે, વીતરાગપણું હોવાને કારણે, સર્વજ્ઞપણું હોવાને કારણે, પરમઆર્હત્યસંપત્તિથી ઉદ્ભાસિતપણું હોવાને કારણે=પ્રકૃષ્ટ

પૂજાયોગ્ય છે તેને બતાવનારી સંપદાથી શોભાયમાનપણું હોવાને કારણે, જગદ્વિલક્ષણ એવા તમારો પણ કોઈ પ્રતિપક્ષ શું છે ? પરંતુ સર્વથા અનુપપન્ન છે=ભગવાનની સાથે સ્પર્ધા કરનારો પ્રતિપક્ષ અનુપપન્ન છે. કદાચિત્ તમારા જેવો જ પ્રતિપક્ષ થાય=જેમ વીર ભગવાન પૂર્ણ ગુણસ્વરૂપ છે. તેમ, ઋષભદેવ ભગવાન પણ પૂર્ણ ગુણસ્વરૂપ છે. માટે વીર ભગવાન જેવા જ ઋષભદેવ ભગવાન હોવાથી પ્રતિપક્ષ રૂપે જ થાય. તેથી કહે છે. તે પણ=તમારો પ્રતિપક્ષપણ, તમારા વિપક્ષપણાથી રહેલો પણ કોપાદિથી=ક્રોધ, કામ, લોભાદિથી, પ્રાકૃત લોકોથી પણ અતિતર=અતિશય, વિપ્લવરૂપ અસ્વાસ્થ્યને પામેલ થાય. અર્થાત્ અન્યદર્શનના દેવો ભક્તિ કરનારા પ્રત્યે તોષ પામનારા અને અભક્તિ કરનાર પ્રત્યે રોષ પામનારા અને સ્ત્રીના સંગવાળા ઇત્યાદિ ભાવોવાળા તેઓ સામાન્ય જીવોથી પણ વધારે કષાયોથી અસ્વાસ્થ્યને પામેલા છે તે પણ તમારા પ્રતિપક્ષ થાય એમ કહેવું અત્યંત અસમંજસ છે, તે બતાવતાં કહે છે. અને આ અર્થનું=કોપાદિ વિપ્લવવાળા ભગવાનના પ્રતિપક્ષ થાય એ અર્થનું સાક્ષાત્કરણ દૂર જ છે=સાક્ષાત્ ક્યારે તેઓ ભગવાનતુલ્ય છે તેવું દેખાય નહીં, અર્થાત્ ભગવાન ભાવથી ગુણના સમૃદ્ધિવાળા છે અને અન્યદેવો કોપાદિ વિપ્લવવાળા હોવાથી ભાવથી દરિદ્ર છે. તેથી ભગવાનના તેઓ વિપક્ષ છે એ પ્રકારે સાક્ષાત્કરણ અસંભવ છે. પરંતુ તમારા વિપક્ષના અસ્તિત્વથી પ્રતિબદ્ધ એવી આ કિંવદન્તીથી પણ=વિમૂઢ લોકોની ઉક્તિથી પણ, વિવેકીઓ=તમારા અને તમારાથી ઇતર દેવોના પૃથગ્ ભાવને જાણનારા એવા વિવેકીઓ, શું ક્યારે પણ જીવે છે ? અર્થાત્ તમારા અને ઇતર દેવના પૃથક્ ભાવને જાણનારા વિવેકીઓ ક્યારેય પણ આ કિંવદન્તીને પ્રમાણ રૂપે સ્વીકારતા નથી.

શું કહેવાયેલું થાય છે ?=શ્લોકના કથનથી શું કહેવાયેલું થાય છે ? તે બતાવતાં કહે છે –

ખરેખર તેવા પ્રકારની સામગ્રીના વૈકલ્યથી=વીતરાગના પ્રતિપક્ષ કોપાદિ વિપ્લવવાળા મહાદેવ આદિને સ્વીકારનારા મૂઢ લોકોને સમજાવી શકાય કે ભિખારી અને શ્રીમંત પરસ્પર પ્રતિપક્ષ છે તેમ કહેવું અત્યંત અસમંજસ છે તેવી સામગ્રીના વૈકલ્યથી, આ રીતે અસમંજસ પ્રલાપીઓને=વીતરાગને અને કોપાદિ વિપ્લવાળા મહાદેવ આદિને સમાન રૂપે દેવ કહે એ પ્રકારે અસમંજસ પ્રલાપીઓને, જો નિગ્રહ કરવા અશક્ત છે તો શું પોતાને આધીન પ્રાણો પણ તેઓ ત્યાગ કરવા સમર્થ નથી ? અર્થાત્ અશ્રોતવ્ય અર્થના શ્રવણથી પ્રાણત્યાગ શ્રેય છે જ. અર્થાત્ ભગવાન વીતરાગ સર્વજ્ઞ છે અને અન્ય દેવો કોપાદિ વિપ્લવવાળા છે તેને સમાન કહેનારી કિંવદન્તી અશ્રોતવ્ય છે; કેમ કે તે સાંભળવા માત્રથી પણ પાપની પ્રાપ્તિ છે. અને હવે શું જીવે છે ?=વિવેકીપુરુષો ભગવાનના પ્રતિપક્ષની કિંવદન્તીથી જીવે છે તો કુત્સિત જીવે છે અર્થાત્ તે કિંવદન્તી સાંભળવા છતાં પોતાનો પ્રાણત્યાગ કરતા નથી. પરંતુ સહજભાવથી સાંભળે છે તેવું કુત્સિત જીવે છે. ખરેખર અયૌક્તિક પ્રાણના ત્યાગના કારણે આતતાયિત્વથી શંકિત એવા તેઓ=આ રીતે પોતાના પ્રાણ ત્યાગ કરવા આપઘાતતુલ્ય છે એ પ્રકારે શંકાને પામેલા એવા તેઓ, સહસા જ જો કે જીવનનો નાશ કરવા માટે અસમર્થ છે તોપણ સશલ્ય પ્રાણધારણથી નિંદિત પ્રાણ ધારણ કરે છે. એ પ્રમાણે ભાવ છે. ॥૬/૨॥

ભાવાર્થ :-

ભગવાન જગતના જીવમાત્ર પ્રત્યે પરમકરુણાવાળા છે આથી જ જગતના જીવોને દુર્ગતિથી પડતાં રક્ષણ કરવા અર્થે તેના ઉપાયભૂત સદ્ધર્મનું સ્થાપન કરે છે અર્થાત્ દુર્ગતિથી રક્ષણના ઉપાયભૂત સદ્ધર્મનું સ્થાપન કરે છે. જેથી યોગ્યજીવો તેનું સેવન કરીને પોતાના આત્માનું દુર્ગતિઓથી રક્ષણ કરે છે. વળી, ભગવાન સ્વયં વીતરાગ છે. તેથી કોઈના પ્રત્યે રાગ નથી, કોઈના પ્રત્યે દ્વેષ નથી, તેથી કોઈની ભક્તિથી ખુશ થઈને તેનું સારું કરે છે અને કોઈની અભક્તિથી નાખુશ થઈને તેનું અહિત કરે છે તેવા નથી. પરંતુ સર્વ જગતના ભાવો સાથે સંશ્લેષ વગરના વીતરાગ છે. વળી સર્વજ્ઞ હોવાથી કોઈ પ્રકારની મૂઢતા નથી તેથી જગતની વ્યવસ્થાને યથાર્થ જાણીને તેનું યથાર્થ સ્વરૂપ જગતને બતાવે છે. તેથી તેને જાણીને યોગ્યજીવો પોતાનું હિત કરી શકે છે. વળી, ભગવાનનો પૂજા અતિશય હોવાને કારણે દેવોથી પૂજાય છે. તેથી ભગવાન પરમઆર્હંત્ય સંપત્તિથી શોભાયમાન છે. તેથી તેમના તુલ્ય જગતમાં સર્વથા કોઈ નથી. ફક્ત તેમના તુલ્ય જો કોઈ છે તે તેમના જેવા જ છે. જેમ જેવા ગુણવાળા વીર ભગવાન છે તેવા જ ગુણવાળા ઋષભદેવ ભગવાન છે. માટે તેઓ બંને વચ્ચે પ્રતિપક્ષભાવ છે. અર્થાત્ સમાનભાવ છે. પરંતુ અન્યદર્શનકારો પોતપોતાના દેવોને દેવ તરીકે માને છે. અને તે દેવો તેઓની માન્યતા અનુસાર જ કોપાદિ વિપ્લવવાળા છે. આથી જ તેઓની માન્યતા અનુસાર જ દુષ્ટ એવા કંસનો નાશ કરવા કૃષ્ણે જન્મ લીધો તેમ તેઓ માને છે. તેથી એવા કોપાદિ વિપ્લવવાળા ક્યારેય ભગવાનના પ્રતિપક્ષ છે તેમ કહી શકાય નહીં. આમ છતાં, મૂઢ લોકની ઉક્તિથી એવી કિંવદન્તી લોકમાં પ્રવર્તે છે કે આ લોકોના ઉપાસ્ય વીર ભગવાન છે. તેવા જ અમારા ઉપાસ્ય દેવ કૃષ્ણાદિ છે. વસ્તુતઃ જેવું વીર ભગવાનનું સ્વરૂપ જૈનો સ્વીકારે છે તદ્સદૃશ કૃષ્ણનું સ્વરૂપ અન્યદર્શનવાળા સ્વીકારતા નથી. પરંતુ દુષ્ટના નિગ્રહ કરનારા તરીકે સ્વીકારે છે, છતાં મૂઢતાને કારણે વીતરાગને અને કોપાદિવાળા ભગવાનને સમાન કહે છે. તેઓની કિંવદન્તીને કોઈ વિવેકીજીવો સાંભળે ? અર્થાત્ સાંભળે નહીં. જો તેઓનો નિગ્રહ કરવા સમર્થ ન હોય અર્થાત્ તેમને પારમાર્થિક સ્વરૂપ સમજાવવા સમર્થ ન હોય અને તેઓને મન-દુઃખ ન થાય માટે અશ્રોતવ્યવહારને પણ સાંભળે છે. અર્થાત્ અમારા અને તમારા ભગવાન સમાન છે, એવા અશ્રોતવ્ય અર્થને સાંભળે તેના કરતાં તેઓએ પોતાના પ્રાણનો ત્યાગ કરવો શ્રેયકારી છે અને જેઓ ભગવાનના વિશેષને જાણે છે છતાં તેવા મૂઢ લોકોની ઉક્તિને તેઓને ખરાબ ન લાગે તે અર્થે સાંભળે છે તેઓ પોતાનું નિંદિત જીવન જીવે છે. આ પ્રકારે બતાવીને લોકોત્તમ એવા તીર્થંકરોની સાથે અન્ય એવા તુચ્છ દેવોની તુલના કરવી એ અત્યંત અસમંજસ છે, એમ બતાવવા દ્વારા સ્તવનકારશ્રી લોકોત્તમપુરુષની લોકોત્તમતાને જ ભાવન કરે છે. તેથી ભગવાન પ્રત્યેની ભક્તિનો અતિશય થાય. **॥૬/૨॥**

અવતરણિકા :-

પૂર્વોક્તમેવાર્થં પુનર્દૃષ્ટાન્તેન સ્પષ્ટયન્નાહ –

અવતરણિકાર્થ :-

પૂર્વોક્ત અર્થને ફરી દૃષ્ટાંતથી સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

विपक्षस्ते विरक्तश्चेत्स त्वमेवाथ रागवान् ।
न विपक्षो विपक्षः किं, खद्योतो द्युतिमालिनः ? ।।६/३।।

શ્લોકાર્થ :-

તમારો વિપક્ષ જો વિરક્ત છે તો તે તમે જ છો. જો રાગવાળો છે તો વિપક્ષ નથી=ભગવાન સાથે સમાન સમૃદ્ધિવાળો પક્ષ નથી, શું સૂર્યની સાથે ખદ્યોત વિપક્ષ થાય ? અર્થાત્ થઈ શકે નહીં. ।।૬/૩।।

ટીકા :-

हे प्रक्षीणान्तरविपक्ष ! प्रेक्षावद्भिर्निपुणमपि निरीक्ष्यमाणैस्त्वद्विपक्षः क्वापि न प्रैक्षि । तथाहि–यदि तावत्ते विपक्षो विरक्तस्तदा नूनं न विपक्षः, किन्तु वीतरागत्वेन स त्वमेव । अथ रागवाँस्तथाप्यवीतरागत्वेनैव त्वत्तोऽत्यन्तविसदृशत्वान्न विपक्षः, समानशीलपराक्रमयोरेव प्रायः सपक्षविपक्षतोपपत्तेः । अथ दृष्टान्तमाह– विपक्षः किं खद्योतो द्युतिमालिनः ? खद्योतः कीटविशेषो, द्युतिमालिनः सहस्रभानोः किं क्वचिद्देशे काले वा विपक्षो भवेत् ? एवं यथा ज्योतिरिङ्गणस्य गभस्तिमालिना तुला दुर्ल्लभा, तथा सरागस्य वीतरागेणेतिभावः ।।६/३।।

ટીકાર્થ :-

हे प्रक्षीणा ..... वीतरागेणेतिभावः ।। હે પ્રક્ષીણ આંતરવિપક્ષવાળા=જેમનો આન્તર=રાગાદિ શત્રુઓ રૂપ વિપક્ષ કોઈ નથી તેવા હે ભગવાન્ ! નિપુણ રીતે પણ અવલોકન કરનારા વિચારકો વડે તમારો વિપક્ષ ક્યાંય પણ જોવાયો નથી. તે આ પ્રમાણે – જો તમારો વિપક્ષ વિરક્ત છે તો ખરેખર વિપક્ષ નથી=નામમાત્રથી વીર ભગવાન અને ઋષભદેવ ભગવાન વિપક્ષ કહી શકાય પરંતુ વિપક્ષ નથી પણ વીતરાગપણાથી તે તમે જ છો=જે ઋષભદેવ ભગવાન છે તે જ વીતરાગપણાથી વીર ભગવાન છે. હવે, વિપક્ષ રાગવાળા છે તોપણ અવીતરાગપણાને કારણે તમારાથી અત્યંત વિસદૃશ હોવાને કારણે વિપક્ષ નથી; કેમ કે સમાનશીલમાં અને સમાનપરાક્રમમાં જ પ્રાયઃ સપક્ષ, વિપક્ષતાની ઉપપત્તિ છે. હવે દૃષ્ટાંતને કહે છે. શું સૂર્યનો વિપક્ષ ખદ્યોત થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. ખદ્યોત=કીટવિશેષ છે. દ્યુતિમાલિન સહસ્રભાનુ છે. શું કોઈ દેશમાં અને કોઈ કાલમાં દ્યુતિમાલિન અને ખદ્યોત વિપક્ષ થાય ? અર્થાત્ થાય નહીં. આ રીતે જ્યોતિને વિસ્તારતા ખદ્યોતની ગભસ્તિમાલિની સાથે=સૂર્યની સાથે, તુલના દુર્લભ છે=તુલના થઈ શકે નહીં. તે પ્રમાણે સરાગી એવા જીવની વીતરાગની સાથે તુલના થઈ શકે નહીં. ।।૬/૩।।

ભાવાર્થ :-

ભગવાન નિસ્તરંગ સમુદ્ર જેવા નિર્વિકલ્પ ઉપયોગમાં સ્થિર થઈને સંપૂર્ણ વિકલ્પથી અતીત એવા વીતરાગભાવને પામેલા જ છે. તેથી સંપૂર્ણ જગતના પદાર્થો સાથે સંશ્લેષ વગરના છે. આથી જ વીતરાગને ભવ અને મોક્ષ પણ સમાન હોય છે. અને તેવા વીતરાગ જ ભગવાનના વિપક્ષ છે એમ કહેવામાં આવે તો તે તમે જ છો. અર્થાત્ ભિન્ન જીવ સ્વરૂપે અન્ય હોય પરંતુ અંતરંગ સ્વરૂપથી તો તમે જ છો. જેમ, ઋષભદેવ ભગવાન જેવા સ્વરૂપવાળા છે તેવા જ સ્વરૂપવાળા વીર ભગવાન છે. તેથી નામ માત્રથી અને વ્યક્તિ માત્રથી તેમનો ભેદ છે. પરંતુ સ્વરૂપમાં કોઈ ભેદ નથી. તેથી ઋષભદેવ પણ જે સ્વરૂપે ઉપાસ્ય છે તે સ્વરૂપથી જ ઉપાસ્ય એવા વીર ભગવાન છે. અને વિપક્ષ જો રાગવાળો છે તો તે વિપક્ષ નથી; કેમ કે અત્યંત વિસદૃશ તેમનો વિપક્ષ થાય નહીં. જેમ, ખદ્યોત સૂર્યનો વિપક્ષ થાય નહીં. તેથી, અન્યદર્શનના ઉપાસ્ય દેવોનું સ્વરૂપ જે રીતે અન્યદર્શનવાળા સ્વીકારે છે તે સ્વરૂપે જ એમને સ્વીકારીને કહીએ કે ભગવાનના વિપક્ષ જેવા જ આ કૃષ્ણ, હરિ આદિ છે. તો તેઓ જે પ્રકારે તેઓનું સ્વરૂપ સ્વીકારે છે, તે સ્વરૂપથી તેઓ ભગવાનના વિપક્ષ બની શકે નહીં. **॥૬/૩॥**

અવતરણિકા :-

ननु योगोपनिषन्निषेवणाद् भगवतस्तावदेवं महिमा ततस्तदभ्यसनेन परेऽपि तथा भविष्यन्तीत्याशङ्क्याह–

અવતરણિકાર્થ :-

યોગ ઉપનિષદ્ના સેવનથી ભગવાનના આ પ્રકારનો મહિમા છે. તેથી તેના અભ્યાસથી=યોગના અભ્યાસથી, પર=બીજા પણ, તેવા પ્રકારના થશે=ભગવાન તુલ્ય થશે, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

स्पृहयन्ति त्वद्योगाय, यत्तेऽपि लवसप्तमाः ।
योगमुद्रादरिद्राणां, परेषां तत्कथैव का ? ।।६/४।।

શ્લોકાર્થ :-

જે કારણથી તે પણ લવસપ્તમા દેવો તમારા યોગની સ્પૃહા કરે છે, તે કારણથી યોગમુદ્રાથી દરિદ્ર એવા પરને=અન્યદર્શનના દેવોને, તેની કથા પણ=યોગની કથા પણ, ક્યાંથી હોય ? ॥૬/૪॥

ટીકા :-

हे सिद्धाद्भुतयोग ! भगवंस्त्वद्योगाय=तव योगोपनिषदे, आसतामणिमादिमहर्द्धयः, किन्तु तेऽपि परमपदोपकण्ठप्रतिष्ठा लवसप्तमा अनुत्तरसुराः स्पृहयन्ति, यदुताहो मन्दभाग्यानामस्माकं सप्तलवन्यूने

पूर्वभवायुषि वीतरागोपमा योगसमृद्धिर्न सङ्घटिता कदा पुनरिमां प्राप्स्याम इत्यहरहः स्पृहामावहन्ति, तस्यैवंविधस्य त्वद्योगस्य परेषां कथापि=वार्त्तापि, का=कौतस्कुती ?, किंविशिष्टानां ? बहिर्देहसंस्थानरूपया योगस्य मुद्रया दरिद्राणां निःस्वानाम्, तथा चायमेव स्तुतिकृत् स्तुत्यन्तरे प्राह–

'वपुश्च पर्यङ्कशयं श्लथं च, दृशौ च नासानियते स्थिरे च ।

न शिक्षितेयं परतीर्थनाथैर्जिनेन्द्र ! मुद्राऽपि तवान्यदास्ताम् ।।१।।' **इति ।**

एवं योगमुद्रयापि दरिद्राणां तेषां तपस्विनां कुतस्त्वद्विपक्षतेति ।।६/४।।

ટીકાર્થ :-

हे सिद्धाद्भुतयोग ! ..... कुतस्त्वद्विपक्षतेति ।। હે સિદ્ધ અદ્‌ભુત યોગવાળા ભગવાન !=સિદ્ધ થયો છે પરાકાષ્ઠાનો યોગ જેમને એવા ભગવાન ! તમારા યોગ માટે=તમારા યોગના ઉપનિષદ્ માટે, તેઓ પણ પરમપદના ઉપકંઠમાં રહેલા લવસપ્તમા દેવો સ્પૃહા કરે છે. અર્થાત્ અણિમાદિઋદ્ધિઓ તો દૂર રહો, પરંતુ તમારા વીતરાગતાના ભાવરૂપ યોગના રહસ્યને અનુત્તરના દેવો પણ સ્પૃહા કરે છે. તે 'यदुत'થી બતાવે છે. મંદભાગ્યવાળા એવા અમને=વીતરાગતાની પ્રાપ્તિમાં યત્ન કરવા છતાં સર્વકર્મનો ક્ષય કરી શકીએ એવા ભાગ્યના અભાવવાળા એવા અમને, સાતલવવ્યૂન પૂર્વભવના આયુષ્યમાં વીતરાગની ઉપમાવાળી યોગસમૃદ્ધિ પ્રાપ્ત થઈ નહીં. વળી, ક્યારે ફરી આ પ્રાપ્ત થશે=વીતરાગની ઉપમાવાળી યોગસમૃદ્ધિ પ્રાપ્ત થશે, એ પ્રકારે પ્રતિદિન સ્પૃહાને વહન કરે છે. તેની=આવા પ્રકારના તમારા યોગની, વાર્તા પણ=કથા પણ, પરને=અન્યદર્શનના દેવોને, ક્યાંથી હોય.

કેવા પ્રકારના પરને યોગની વાર્તા ન હોય ? તેથી કહે છે –

બાહ્યદેહના સંસ્થાનરૂપ એવી યોગમુદ્રાથી દરિદ્ર એવા બીજાને તમારા યોગની કથા પણ ક્યાંથી હોય ? અને તે રીતે આ જ=યોગમુદ્રાથી દરિદ્ર એવા બીજાને યોગની વાર્તા નથી એ રીતે આ જ, સ્તુતિકારશ્રી સ્તુતિ અંતરમાં કહે છે. "અને શરીર, પર્યંક આસનવાળું અને શિથિલ અને ચક્ષુ-નાસિકામાં નિયત અને સ્થિર આ તારી મુદ્રા પણ હે જિનેન્દ્ર ! પરતીર્થનાથ વડે શિખાવાઈ નથી. અન્ય દૂર રહો." **આ રીતે યોગમુદ્રાથી પણ દરિદ્ર એવા તે તપસ્વીઓને કઈ રીતે તમારી વિપક્ષતા થાય. અર્થાત્ થાય નહીં. ।।૬/૪।।**

ભાવાર્થ :-

લવસપ્તમદેવો બુદ્ધિના નિધાન છે, મોક્ષપ્રાપ્તિની આસન્ન ભૂમિકાવાળા છે. તેઓ પણ સતત ભગવાનના વીતરાગતા આદિ યોગોની સ્પૃહા કરે છે; કેમ કે પ્રાજ્ઞ એવા તે દેવોને વીતરાગતામાં જ સુખ દેખાય છે અને અવીતરાગ અવસ્થા જ ક્લેશકારી દેખાય છે. તેથી તે ઉત્તમ દેવો સ્વયં ઘણી ઉચ્ચભૂમિકામાં હોવા છતાં તેઓની પણ સ્પૃહાનો વિષય ભગવાનનું સ્વરૂપ જ છે. અને જેઓ યોગમુદ્રામાં દરિદ્ર છે તેવા અન્યદર્શનવાળા દેવો બાહ્યથી પણ સ્ત્રી આદિના સંગવાળા કે શસ્ત્ર આદિના સંગવાળા તે તે દર્શનવાળા સ્વીકારે છે. તેઓને

ભગવાનના સ્વરૂપની વાર્તા પણ ક્યાંથી હોઈ શકે ? અર્થાત્ તેઓ ભગવાનના તુલ્ય છે તેમ ક્યારે કહી શકાય નહીં.

વસ્તુતઃ લવસપ્તદેવો વીતરાગતાની અતિઆસન્ન ચિત્તવાળા છે. તેથી ઉપશાંત વીતરાગ છે. તોપણ તેઓ વીતરાગતાની સ્પૃહા કરનારા છે. જ્યારે અન્યદર્શનના દેવો તો સ્ત્રી આદિના સંગવાળા કે શત્રુને નાશ કરવા અર્થે શસ્ત્રને ધારણ કરનારા છે. તેઓને ભગવાનના સદૃશ વિપક્ષ રૂપે કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહીં. **॥૬/૪॥**

અવતરણિકા :-

एवं च स्थिते यद्विधेयं तदाह –

અવતરણિકાર્થ :-

અને આ પ્રમાણે સ્થિત હોતે છતે=લવસપ્તદેવો પણ તમારી સ્પૃહા કરે છે એ પ્રમાણે સ્થિત હોતે છતે, જે કર્તવ્ય છે તેને કહે છે –

ભાવાર્થ :-

વીતરાગતાની આસન્ન અતિ ઉચ્ચભૂમિકાને પામેલા લવસપ્તદેવો પણ ભગવાનના યોગની સ્પૃહા કરે છે. તેથી, ભગવાનના પ્રતિપક્ષ અન્ય કોઈ દેવો નથી. જે કોઈ પ્રતિપક્ષ છે તે ભગવાન જ છે. આ પ્રમાણે સ્થિત હોતે છતે વિવેકીપુરુષોએ શું કરવું જોઈએ એને કહે છે.

શ્લોક :-

त्वां प्रपद्यामहे नाथं, त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः किमु कुर्महे ।।६/५।।

શ્લોકાર્થ :-

તમને અમે નાથ સ્વીકારીએ છીએ, તમારી સ્તુતિ કરીએ છીએ, તમારી જ ઉપાસના કરીએ છીએ, હિ=જે કારણથી, તમારાથી અન્ય ત્રાતા નથી=આ સંસારમાં શત્રુઓથી રક્ષણ કરનાર તમારા સિવાય બીજો કોઈ નથી. અમે શું બોલીએ ? અર્થાત્ સ્તુતિ સિવાય શું બોલીએ ? અમે શું કરીએ ? અર્થાત્ તમારી ઉપાસના સિવાય અમે શું કરીએ ? ॥૬/૫॥

ટીકા :-

अत्राद्यपदत्रयमुत्तरपदत्रयेण यथाक्रमं योज्यम् । तथाहि–हे विश्ववत्सल ! यत एतदेवमतो वयमान्तरारातिपरित्रस्तास्त्वामेव यथार्थं नाथं प्रपद्यामहे शरणमिति शेषः, यस्मादस्मिन् जगति अस्माद् भयात्त्वदपरः कोऽपि न परित्राता इत्युत्तरेण योगः, तथा त्वामेव समस्तस्तुत्यगणाग्रेगण्यमन्वर्थाभिः स्तुतिभिः स्तुमः, अत एव तव स्तवादधिकं किमन्यद् ब्रूमस्तन्मात्रफलत्वाद्वाग्मित्वस्य, तथा त्वामेव विश्वोपास्यैरपि सरभसमुपास्यं

वयमुपास्महे, अत एव सकलसत्कर्म्ममौलिभूतत्वात्त्वदुपासनस्यैतद्व्यतिरिक्तं किमन्यत् कुर्महे, कृतेऽस्मिन् कृतान्येव निखिलान्यपि सत्कर्माणि अत्र च शरणार्थितावकोपासकानां बहुत्वात्तदुक्तौ बहुवचनम्, भगवतस्त्व-द्वितीयत्वेन त्वामित्येकवचनं स्तुतिकर्त्तुर्नौचितीं मुञ्चति । एवमन्यत्राऽपि द्रष्टव्यम् ।।६/५।।

ટીકાર્થ :-

अत्राद्य ..... द्रष्टव्यम् ।। અહીં=પ્રસ્તુત શ્લોકમાં, आद्यपदत्रय=શ્લોકના પૂર્વાર્ધમાં રહેલાં ત્રણ કથનો, ઉત્તરપદત્રય સાથે=શ્લોકના ઉત્તરાર્ધમાં રહેલાં ત્રણ કથનો સાથે, યથાક્રમ યોજન કરવાં. તે આ પ્રમાણે હે વિશ્વવત્સલ ! જે કારણથી આ આમ છે=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ આમ છે. આથી અંતરશત્રુઓની પીડાથી, પરિત્રસ્ત એવા અમે તમને જ યથાર્થ નાથ રૂપે સ્વીકારીએ છીએ=શરણ રૂપે સ્વીકારીએ છીએ. જે કારણથી આ જગતમાં આ ભયથી=આંતરશત્રુઓના ચારે બાજુઓના ત્રાસરૂપ ભયથી, તમારાથી બીજો કોઈ પણ પરિત્રાતા નથી, એ પ્રમાણે ઉત્તરની સાથે યોગ છે અને તમને જ=સમસ્ત સ્તુત્યગણ અગ્રેગણ્ય એવા તમને જ, અન્વર્થ એવી સ્તુતિઓથી=તમારા ગુણોના સ્વરૂપને અભિવ્યક્ત કરે એવી સ્તુતિઓથી, સ્તુતિ કરીએ છીએ. આથી જ તમારા સ્તવથી અધિક શું અન્ય અમે બોલીએ; કેમ કે વાણીનું તન્માત્ર ફલપણું છે=બોલવાની શક્તિરૂપ વાણી પ્રાપ્ત થઈ છે તેનું ગુણવાન એવા પુરુષોના ગુણોની સ્તુતિ કરવી એ જ એનું સફલપણું છે, અને વિશ્વના ઉપાસ્યોથી પણ સહસા ઉપાસ્ય એવા તમારી જ અમે ઉપાસના કરીએ છીએ=વિશ્વથી ઉપાસ્ય મહાશક્તિશાળી એવા દેવો છે તેઓથી પણ ભક્તિથી ઉપાસ્ય એવા તમારી જ અમે ઉપાસના કરીએ છીએ. આથી જ તમારી ઉપાસનાનું સકલ સત્કર્મનું મૌલિભૂતપણું હોવાથી=ભગવાનની ઉપાસના સર્વ ઉત્તમ કૃત્યોમાં શ્રેષ્ઠ ઉત્તમ કૃત્યરૂપ હોવાથી, આનાથી વ્યતિરિક્ત=તમારી ઉપાસનાથી વ્યતિરિક્ત, અન્ય અમે શું કરીએ. આ કરાયે છતે=ભગવાનની ઉપાસના કરાયે છતે, બધાં પણ સત્કર્મો કરાયેલાં છે. અર્થાત્ જેઓ સતત ભગવાનના વચનનું સ્મરણ કરીને તેના અનુસાર પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત કૃત્યો કરે છે તે સર્વ સત્કર્મોનું ફલ પ્રાપ્ત કરે છે અને અહીં=સંસારમાં, શરણાર્થી એવા તમારા ઉપાસકોનું બહુપણું હોવાથી તેની ઉક્તિમાં=ઉપાસકોની ઉક્તિમાં, બહુવચન છે. વળી, ભગવાનનું અદ્વિતીયપણું હોવાને કારણે 'त्वाम्' એ પ્રમાણે એકવચન સ્તુતિકર્તાની ઔચિતીને ત્યાગ કરતો નથી. એ પ્રમાણે અન્યત્ર પણ જાણવું=અન્ય શ્લોકોમાં પણ જાણવું. ।।૬/૫।।

ભાવાર્થ :-

જગતમાં યોગમાર્ગની શ્રેષ્ઠભૂમિકાને પામેલા લવસપ્તદેવો પણ જેમની સ્પૃહા કરે છે. તેથી નક્કી થાય છે કે યોગમુદ્રાથી દરિદ્ર એવા પર દેવો ભગવાનની સાથે પ્રતિપક્ષરૂપ નથી. માટે બુદ્ધિમાન પુરુષે ભગવાનનું શરણ સ્વીકારવું જોઈએ; કેમ કે સંસારવર્તી જીવો આંતરશત્રુઓથી સતત પરિત્રસ્ત છે. આથી જ અંદરમાં વર્તતાં ઘાતિકર્મો સર્વજીવોને પીડા કરનારાં છે. તેનાથી રક્ષણ ભગવાન સિવાય અન્ય કોઈ કરી શકે તેમ

નથી. વળી, જે મનુષ્યજન્મમાં વચનયોગ મળ્યો છે તે ભગવાનની વાસ્તવિક ગુણોના સ્મરણપૂર્વક સ્તુતિ કરવાથી જ સફળ છે. આથી જ ઉપયોગપૂર્વક ભગવાનના ગુણોની સ્તુતિ કરવાથી ચિત્ત ભગવાનના ગુણોથી રંજિત થવાને કારણે ભગવાન તુલ્ય થવાને અનુકૂળ બલસંચય કરે છે. વળી, ભગવાનની ઉપાસના કરવી જોઈએ એ સિવાય અન્ય કંઈ કરવા જેવું નથી. અને ભગવાનની ઉપાસના ભગવાનની આજ્ઞાના પાલનથી થાય છે. તેથી, અપ્રમાદસાર એવી ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને સદા એ પ્રકારે યત્ન કરવાથી મનુષ્યજન્મ સફલ થાય છે. **॥૬/૫॥**

અવતરણિકા :-

एवं स्वामिनः शरणगमनस्तवनोपासनैः स्वयं कृतकृत्योऽपि स्तुतिकृत् कुतीर्थिककदर्थ्यमानं जगदवलोक्य सनिर्वेदमिदमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૫માં કહ્યું એ રીતે, સ્વામીનું શરણ ગમન, સ્તવન અને ઉપાસના વડે સ્વયં કૃતકૃત્ય પણ સ્તુતિકારશ્રી=સ્વયં ઉચિત કૃત્યો કરેલ હોવા છતાં પણ સ્તુતિકારશ્રી, કુતીર્થિકથી કદર્થના કરાતું જગત અવલોકન કરીને નિર્વેદ સહિત અર્થાત્ ખેદ સહિત આ કહે છે –

શ્લોક :-

स्वयं मलीमसाचारैः, प्रतारणपरैः परैः ।
वञ्च्यते जगदप्येतत्, कस्य पूत्कुर्महे पुरः ? ।।६/६।।

શ્લોકાર્થ :-

સ્વયં મલિન આચારવાળા, બીજાને ઠગવામાં તત્પર એવા પર વડે આ જગત પણ ઠગાય છે. કોની આગળ અમે પોકાર કરીએ ? ॥૬/૬॥

ટીકા :-

हे कृपाकूपार ! परैरसर्वज्ञोपज्ञकदागमविप्लावितमतिभिः (न तावत् केवलमात्मैव वञ्चितः, किन्त्वेतज्जगदपि,) आत्मा तावद्वञ्चित एव केवलमेतज्जगदपि, तत्स्थे तदुपचारादयं जगज्जनोऽपि कापथप्रवर्त्तनेन वञ्च्यते यदि पुनस्ते स्वयं सदाचारा भविष्यन्तीत्याह स्वयं मलीमसाचारैः=स्वयमात्मना पापप्रवृत्त्या मलिनचेष्टितैः, तथाविधा अपि कदाचिदाश्रितान् सदाचारे नियोजयेयुरित्याह प्रतारणपरैः सञ्चितविचित्रवञ्चनप्रपञ्चैरेवंविधैस्तैर्जगदिदं वञ्च्यते इदं च जगद्वञ्चनासमञ्जसं परमकारुणिकं सर्ववेदिनं च भवन्तमन्तरेण वयमन्यस्य कस्य पुरः पूत्कुर्महे ? । अद्य श्वो वा भव्याङ्गिवर्गोऽयं त्वयैव कुमतपङ्कादुद्धर्त्तव्यस्तत्किमुपेक्षस इतिभावः ।।६/६।।

ટીકાર્થ :-

હે કૃપાકૂપાર ! ..... इतिभावः ।। હે કૃપાના કૂપાર=કૃપાના નિધિ ! અસર્વજ્ઞ ઉપજ્ઞ એવા કદાગમથી વિપ્લાવિત મતિવાળા પર વડે કેવલ આત્મા જ વંચિત નથી, પરંતુ આ જગત પણ વંચિત છે. 'આ જગત પણ' એમ કહેવાથી તેમાં રહેલા જીવોમાં તેના ઉપચારથી=જગતના ઉપચારથી, આ જગતજન પણ કુત્સિતપથના પ્રવર્તનથી ઠગાય છે. જો વળી તેઓ સ્વયં સદાચારવાળા હશે, એથી કહે છે. સ્વયં મલીમસ આચારવાળા એવા પર વડે=સ્વયં પોતાની એવી પાપપ્રવૃત્તિથી મલિન ચેષ્ટાવાળા એવા પર વડે, જગત ઠગાય છે. એમ અન્વય છે. તેવા પ્રકારના પણ=મલિન આચારવાળા પણ, કદાચ આશ્રિતોને સદાચારમાં નિયોજન કરે, એથી કહે છે. પ્રતારણાપર એવા તેઓ વડે=સંચિત વિચિત્ર વંચન-પ્રપંચવાળા એવા પ્રકારના તેઓ વડે=યુક્તિઓ દ્વારા અનેક પ્રકારે બીજાને ઠગવાના પ્રપંચોનો સંચય કર્યો છે જેમણે એવા પ્રકારના તેઓ વડે, આ જગત ઠગાય છે. અને પરમકારુણિક, સર્વને જાણનારા એવા તમારા વગર જગતના વંચનરૂપ અસમંજસ એવા આનો અમે કોની આગળ પોકાર કરીએ ?

કેમ ભગવાનની આગળ પોકાર કરે છે ? તેથી કહે છે –

આજે કે કાલે આ ભવ્યાંગી વર્ગ=ભવ્યજીવોનો સમુદાય, તમારા વડે જ કુમતરૂપ કાદવથી ઉદ્ધાર કરવા યોગ્ય છે, તે કારણથી તમે હે ભગવાન ! કેમ ઉપેક્ષા કરો છો. એ પ્રકારનો ભાવ છે. ॥૬/૬॥

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા જેઓ મૂઢતાથી સ્વદર્શન પ્રત્યે રાગવાળા છે, પોતાના દર્શનના મલિન આચારોને સેવનારા છે, બીજાને ઠગવામાં તત્પર છે અને મૂઢતાથી સ્વદર્શનનો રાગ હોવાથી તત્ત્વને જાણવા તત્પર નથી, તેઓ વડે આ આખા જગતવર્તી જીવો પણ ઉપદેશ દ્વારા ઠગાય છે. તે જોઈને ખેદ પામેલા સ્તુતિકારશ્રી કહે છે કે હે ભગવંત ! આ પ્રકારની જગતને ઠગવાની પ્રવૃત્તિને જોઈને અમે કોની આગળ પોકાર કરીએ. વળી, અન્યદર્શનમાં પણ જે લોકો તત્ત્વના અર્થી છે, કદાગ્રહથી મૂઢમતિવાળા નથી પરંતુ પોતાના દર્શનમાં રહેલા યમ, નિયમ આદિ શુદ્ધ આચારોને સ્વબોધ અનુસાર સેવે છે, મોક્ષના અર્થી છે, તેઓ કંઈક અજ્ઞાનને કારણે મલિન આચારવાળા હોવા છતાં, કંઈક તત્ત્વના અર્થી હોવાને કારણે મોક્ષને અનુકૂળ યમ, નિયમનું સેવન કરે છે. તેઓનું સ્વરૂપ શુદ્ધઅનુષ્ઠાન હોવાથી તેઓ પણ કંઈક સુંદર આચારવાળા છે. અને જે અંશમાં તેઓને માર્ગાનુસારી બુદ્ધિ છે, તે અંશથી તેઓ સન્માર્ગની પણ પ્રરૂપણા કરે છે. જેમ પતંજલિ આદિ ઋષિઓ. પરંતુ જેઓ સ્વદર્શનમાં અત્યંત મૂઢ છે, તત્ત્વાતત્ત્વનો વિચાર કરનારા નથી, તેઓ કોઈપણ દર્શનમાં રહેલા હોય તોપણ મલિન આચારવાળા છે અને સ્વદર્શનના રાગથી અસત્ પ્રરૂપણાઓ કરે છે. તેથી બીજાને ઠગવામાં તત્પર છે. તેઓથી જ આ જગત ઠગાય છે. **॥૬/૬॥**

અવતરણિકા :-

न चायं जगज्जनः परैः परिभूयेत यद्यन्तश्चेतनो भवेदित्याह –

અવતરણિકાર્થ :-

આ જગત્જન પર વડે=મિથ્યાદેવો વડે, ઠગાય નહીં જો, અંદરમાં ચેતનવાળો=વિવેકવાળો હોય, એને કહે છે –

શ્લોક :-

नित्यमुक्तान् जगज्जन्मस्थेमक्षयकृतोद्यमान् ।
वन्ध्यास्तनन्धयप्रायान्, को देवाँश्चेतनः श्रयेत् ? ।।६/७।।

શ્લોકાર્થ :-

નિત્યમુક્ત, જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને ક્ષયને કરવામાં ઉધમવાળા, વંધ્યાપુત્રતુલ્ય દેવોને કોણ ચેતન આશ્રય કરે ? ।।૬/૭।।

ટીકા :-

हे स्वामिन्नेवंविधान् देवान् चेतनो=विशिष्टचित्तचैतन्यवान् पुमान् निःश्रेयसकामः कः श्रयेत् ?, किं विशिष्टान् ? नित्यमुक्तान्, विशिष्टयमनियमप्राणायामतपःकष्टादिभिर्दुष्कर्म्मजालमनुन्मूल्यापि नित्यमुक्तान् स्वभावमुक्तस्वरूपान् इत्येकं तावद्दुर्घटम्, एवंविधा अपि यदि निरुपाधिमधुरा एव भवेयुस्तदा कियदपि घटेतापीत्याह-जगज्जन्मस्थेमक्षयकृतोद्यमान् जगतश्चराचरस्य जन्मस्थेमक्षयेषु सृष्टिपालनप्रलयेषु कृतोद्यमान् किलैकः कश्चिज्जगत्सृजत्यन्यः पालयत्यपरः संहरतीत्याद्याविष्कृतवैकृतान् । अतो यदि ते नित्यमुक्तास्तत्कथं जगज्जन्मादिविप्लवपराः, अथ जगत्कर्त्तृतादिकण्डूलमनसस्तर्हि नित्यमुक्ताः कथम् ?, मुक्ता ह्येकस्वभावास्तेषां च यथाक्रमं रजःसत्त्वतमोगुणोल्बणोदयानां जगतः सर्गस्थितिसंहृतिप्रयतत्वेन सुव्यक्तैव भिन्नस्वभावतेति यत्किञ्चिदेतत् यथा च जगत्कर्त्तृत्वाद्यप्रामाणिकं तथा सर्वं जगत्कर्त्तृत्वनिरासस्तवे पुरस्ताद्विस्तरतो व्याख्यास्यते, अत एव वन्ध्यास्तनन्धयप्रायान् सर्वथैवायौक्तिकत्वेन वन्ध्यासुतोपमान्, साभिप्रायं च स्तनन्धयपदोपादानम्, यतो वन्ध्यानां पालितकादिपुत्रसद्भावेऽपि स्तनन्धयत्वमनुपपन्नम् एवंविधांश्च देवाभासान् सचेतनः क इव भजेन्न कोऽपीतिभावः ।।६/७।।

ટીકાર્થ :-

हे स्वामिन्नेवं ..... कोऽपीतिभावः ।। હે સ્વામિન્ ! વિશિષ્ટ ચિત્તચૈતન્યવાળો પુરુષ=બુદ્ધિપૂર્વક પદાર્થના સ્વરૂપને અવલોકનાર, નિઃશ્રેયસની કામનાવાળો કોણ ચેતન આવા પ્રકારના દેવોનો આશ્રય કરે ?

કેવા વિશિષ્ટ એવા તે દેવોનો આશ્રય બુદ્ધિમાન પુરુષ કરે નહીં ? તેથી કહે છે –

નિત્ય મુક્તને=વિશિષ્ટ યમ, નિયમ, પ્રાણાયામ, તપ, કષ્ટાદિ વડે દુષ્કર્મના જાલને ઉન્મૂલન કર્યા વગર પણ નિત્યમુક્તને, સ્વભાવમુક્ત સ્વરૂપવાળા=સ્વભાવથી મુક્ત સ્વરૂપવાળા, દેવોને કોણ બુદ્ધિમાન

પુરુષ આશ્રય કરે ? એમ અન્વય છે. એ પ્રકારે એક કથન દુર્ઘટ છે=સાધના કરીને મુક્ત થયા ન હોય એ પ્રકારનું કથન દુર્ઘટ છે=ઉપાસ્ય રૂપે સ્વીકારવા સંગત નથી. આવા પ્રકારના પણ જો નિરુપાધિ મધુર જ હોય=રાગાદિ ભાવો વગરના વીતરાગ જેવા મધુર જ હોય, તો કાંઈ પણ ઘટે, પણ એથી કહે છે રાગાદિ રહિત હોવાને કારણે ઉપાસ્ય છે એમ સ્વીકારી પણ શકાય, પરંતુ તેવા નથી એને કહે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને ક્ષયને કરવામાં ઉદ્યમવાળા એવા તેઓને કોણ બુદ્ધિમાન આશ્રય કરે ? એમ અન્વય છે. જગતના ઉત્પત્તિ વિનાશ આદિને કરનારાઓનો અર્થ સ્પષ્ટ કરે છે. ચરાચર જગતના જન્મ, સ્થેમ અને ક્ષયમાં=સર્જન, પાલન અને પ્રલયમાં કરાયેલા ઉદ્યમવાળા, ખરેખર એક કોઈ જગતનું સર્જન કરે છે. અન્ય પાલન કરે છે અને અપર સંહાર કરે છે ઇત્યાદિ પ્રગટ કરેલી વિકૃતિવાળા દેવોને કોણ આશ્રય કરે=કોણ બુદ્ધિમાન આશ્રય કરે અર્થાત્ કરે નહીં. આથી જો તે= દેવો, નિત્યમુક્ત હોય તો કેવી રીતે જગતના જન્માદિ વિપ્લવને કરનારા થાય. અને જગતના કર્તૃત્વ આદિ ખણજના મનવાળા છે તો નિત્યમુક્ત કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહીં. મુક્ત જીવો એક સ્વભાવવાળા છે. અને યથાક્રમ રજસ્, સત્ત્વ, અને તમોગુણના ઉલ્બણઉદયવાળા એવા તેઓનો જગતનું સર્જન, સ્થિતિ, અને સંહાર કરવાનો પ્રયત્ન હોવાને કારણે જ સુવ્યક્ત જ ભિન્નસ્વભાવતા છે, એથી આ=નિત્યમુક્ત જગતના કર્તા આદિ છે એ, યતકિંચિત્ છે અર્થાત્ પરસ્પર વિરુદ્ધ છે અને જે રીતે જગતનું કર્તૃત્વાદિ અપ્રમાણિક છે તે પ્રમાણે સર્વ જગત્કર્તૃત્વના નિરાસસ્તવમાં આગળમાં વિસ્તારથી વ્યાખ્યાન કરાશે. આથી જ=નિત્યમુક્ત કહેવું અને જગત્કર્તા કહેવું એ પરસ્પર વિરુદ્ધ છે આથી જ, વંધ્યાપુત્ર જેવા તેઓને કોણ બુદ્ધિમાન આશ્રય કરે ? વંધ્યાપુત્રનો અર્થ સ્પષ્ટ કરે છે. સર્વથા જ અયૌક્તિકપણું હોવાને કારણે વંધ્યાપુત્રના ઉપમાનવાળા છે અને સાભિપ્રાય સ્તનંધયપદનું ગ્રહણ છે=વંધ્યાપુત્ર ન કહેતાં સ્તનંધયપદનું ગ્રહણ અભિપ્રાયપૂર્વક સ્તવનકારશ્રીએ કર્યું છે. જે કારણથી વંધ્યાસ્ત્રીનો પાલિકાદિ પુત્રના સદ્ભાવમાં પણ સ્તનંધયપણું અનુપપન્ન છે. અર્થાત્ કોઈ વંધ્યાસ્ત્રી પુત્ર તરીકે કોઈકનું પાલન કરે અથવા દત્તકગ્રહણ કરે તો તેવા પુત્રનું સદ્ભાવ છે. તોપણ પુત્રને ધાવણ પિવડાવવાની ક્રિયાનો અભાવ છે. અને આવા પ્રકારના દેવાભાસોને અર્થાત્ લોકમાં ઉપાસ્ય રૂપે ભાસતા દેવોને કોણ બુદ્ધિમાન ભજે ? અર્થાત્ કોઈપણ બુદ્ધિમાન ભજે નહીં. ॥૬/૭॥

ભાવાર્થ :-

કેટલાક સંસારીજીવો મોક્ષની કામનાવાળા છે છતાં સ્વ-સ્વદર્શનની રુચિમાં મૂઢતાથી સ્વદર્શનનો પક્ષપાત કરે છે. અને પોતાના દર્શનની અસંબદ્ધ માન્યતાને અસંબદ્ધ રૂપે જોવાને પણ અભિમુખ થતા નથી. પરંતુ મૂઢતાને વશ તર્ક અને યુક્તિથી તેને સંગત કરવા યત્ન કરે છે. તેઓ પોતાના ઈશ્વરને નિત્યમુક્ત માને છે. તેથી, તેઓ કહે છે કે સંસારવર્તી જીવોએ મુક્ત થવા અર્થે વિશિષ્ટ પ્રકારના યમ, નિયમ આદિનું પાલન કરવું જોઈએ, જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય અને ઉપાસ્ય દેવને નિત્યમુક્ત માને છે. વસ્તુતઃ ઉપાસ્યની ઉપાસના કરીને તદ્સદૃશ થવા માટે જ યત્ન કરાય છે. તેથી જો ઉપાસ્ય દેવ નિત્યમુક્ત હોય તો તેમની ઉપાસનાથી પોતે તદ્સદૃશ ક્યારેય નિત્યમુક્ત થઈ શકે નહીં; કેમ કે જો પોતે નિત્યમુક્ત હોય તો ઉપાસના

કરવાની આવશ્યકતા રહે નહીં. અને પોતે મુક્ત નથી અને ઉપાસના કરીને મુક્ત થવું છે, તેથી જેઓ મહાપરાક્રમ કરીને કર્મોથી મુક્ત થયા છે તેવા દેવોની ઉપાસના કરવાથી તેમના સદૃશ મહાપરાક્રમ પોતાનામાં પ્રગટે.

વળી, અન્યદર્શનવાળા પોતાના ઈશ્વરને નિત્યમુક્ત માન્યા પછી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને ક્ષયને કરનારા માને છે. અને તેમ સ્વીકારીએ તો જેઓને જગતની ઉત્પત્તિ આદિ ક્રીડા કરવામાં રસ છે તેઓ રાગાદિ રહિત નથી અને રાગાદિ રહિત નથી માટે કર્મોથી મુક્ત નથી, તેથી પરમાર્થથી વન્ધ્યાના પુત્ર જેવા તેઓ છે. અર્થાત્ જેમ વન્ધ્યા સ્ત્રીને પુત્ર હોય નહીં તેમ નિત્યમુક્ત હોય અને જગતની ઉત્પત્તિ આદિમાં યત્ન કરનારા હોય તેવા કોઈ દેવ નથી. માત્ર સ્વકલ્પનાથી મૂઢ લોકો તેવા દેવોની કલ્પના કરે છે. માટે વન્ધ્યાપુત્ર જેવા કાલ્પનિક દેવોની કોણ બુદ્ધિમાન પુરુષ ઉપાસના કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન પુરુષ કરે નહીં. કેવલ મૂઢલોકો જ તેવા દેવનો આશ્રય કરે. આ પ્રકારે સ્તવના કરીને સ્તવનકારશ્રી પારમાર્થિક દેવ કેવા હોવા જોઈએ તેનું સ્વરૂપ જ ઉપસ્થિત કરીને તેમના પ્રત્યેની ભક્તિ અભિવ્યક્ત કરે છે. **॥૬/૭॥**

અવતરણિકા :-

ये तु मोहोपहतमतित्वेन तानपि देवान् प्रतिपद्य तदन्यानिह्नवनेन च कृतमौना एव तिष्ठन्ति तेऽपि वरम्, परं तदपि दुर्धियो न विदधतीत्याह –

અવતરણિકાર્થ :-

વળી, જેઓ મોહથી ઉપહતમતિપણું હોવાને કારણે તેવા પણ દેવોને=વન્ધ્યાપુત્ર જેવા કાલ્પનિક પણ તે દેવોને સ્વીકારીને, અને તેનાથી અન્ય એવા લોકોત્તમદેવના અનપલાપથી કૃતમૌનવાળા જ રહે છે. તેઓ પણ સારા છે. પરંતુ દુર્બુદ્ધિવાળા મનુષ્યો તે પણ કરતા નથી=લોકોત્તમ એવા દેવનો અપલાપ કરવાનું છોડીને મૌનધારણ પણ કરતા નથી, અને કહે છે –

શ્લોક :-

कृतार्था जठरोपस्थदुःस्थितैरपि दैवतैः ।
भवादृशान्निह्नुवते, हाहा ! देवास्तिकाः परे ।।६/८।।

શ્લોકાર્થ :-

જઠર, ઉપસ્થથી દુઃસ્થિત એવા પણ દેવતાઓ વડે કૃતાર્થ એવા પર દેવાસ્તિકો હા, ખેદની વાત છે કે તમારા જેવા દેવોનો અપલાપ કરે છે. ॥૬/૮॥

ટીકા :-

हे भगवन् ! परे कुमतग्लपिततत्त्वधियो जठरोपस्थदुःस्थितैरनर्गलरसनस्पर्शनादीन्द्रियविकारविडम्बितैरपि दैवतैः कृतार्थाः कुतकृत्यमात्मानं मन्यमाना, हाहा इति खेदे, भवादृशान् समूलोन्मूलितसकलेन्द्रियविकार-

मूलबीजमहामोहानत एव चिदानन्दरूपे परमे ब्रह्मणि विलीनानपि निह्नुवते, न किञ्चिदमीभिरिति सोत्प्रासहासं प्रलपन्ति । एतदप्युचितं स्वीकृतसमस्तदुष्कृतानां नास्तिकानाम्, एते तु हताशास्तैरेव देवैर्देवास्तिकास्त्वादृशान्निह्नुवत इत्यहो मोहविलसितम् ।।६/८।।

ટીકાર્થ :-

હે ભગવન્ ! ..... મોહવિલસિતમ્ ।। હે ભગવાન્ ! કુમતથી ગળેલી તત્ત્વબુદ્ધિવાળા=પોતાને પ્રાપ્ત થયેલા કુમત પ્રત્યે મૂઢ રાગને કારણે ઉપાસ્યદેવના પારમાર્થિક સ્વરૂપ વિષયક ઊહ કરવાની માર્ગાનુસારી બુદ્ધિ નાશ થયેલી છે જેમની એવા, પર=અન્યદર્શનવાળા, જઠર ઉપસ્થથી દુઃસ્થિત એવા દેવો વડે= ઘણા રસેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય આદિ ઇન્દ્રિયોના વિકારથી વિડંબિત પણ દેવો વડે, કૃતાર્થ=પોતાને કૃતકૃત્ય માનતા, હા હા=ખેદની વાત છે કે, તમારા જેવા દેવોનો અપલાપ કરે છે=મૂલ સહિત ઉન્મૂલન કર્યું છે સકલ ઇન્દ્રિયના વિકારના મૂલબીજ એવા મહામોહને જેમણે એવા તમારા જેવા દેવોનો અપલાપ કરે છે એમ અન્વય છે. આથી જ=મહામોહનું ઉન્મૂલન કર્યું છે એવા તમે છો આથી જ, ચિદાનન્દરૂપ પરમ બ્રહ્મમાં વિલીન પણ તમારા જેવાનો અપલાપ કરે છે. આમના વડે કાંઈ નથી=આવા દેવો વડે કોઈ પ્રયોજન નથી, એ પ્રમાણે તેઓ=તમારો અપલાપ કરનારાઓ ઉત્પ્રાસહાસ સહિત પ્રલાપ કરે છે=ભગવાન જેવા દેવોનો ઉપહાસ સહિત પ્રલાપ કરે છે. સ્વીકારાયું છે સમસ્ત દુષ્કૃત જેમના વડે એવા નાસ્તિકોનું આ પણ ઉચિત છે=તમારા જેવા દેવોનો અપલાપ કરે એ પણ ઉચિત છે. વળી, હણાયેલી આશાવાળા આ દેવાસ્તિકો તે જ દેવો વડે=મોહથી વિલાસ કરનારા દેવો વડે, તમારા જેવા દેવોનો અપલાપ કરે છે એ આશ્ચર્યજનક મોહવિલસિત છે. ॥૬/૮॥

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા પોતપોતાના દેવોને ભોગવિલાસવાળા સ્વીકારે છે અને ઉપાસના કરનારની ઉપાસનાથી પ્રસન્ન થઈને તે દેવો તેઓનું=ઉપાસકનું કલ્યાણ કરે છે, એમ માને છે. વળી, અમે દેવને સ્વીકારનારા છીએ માટે દેવાસ્તિક છીએ અને પોતાની સ્વકલ્પનાથી કલ્પિત એવા વિલાસી દેવોને પામીને પોતે કૃતાર્થ થયા છે તેમ માને છે. વળી જગતમાં પ્રસિદ્ધ રાગાદિથી પર એવા વીતરાગદેવનો દેવ તરીકે તેઓ અપલાપ કરે છે અને કહે છે કે જે દેવ ઉપાસનાથી પ્રસન્ન થઈને ભક્તોનું હિત કરે નહીં તેવા દેવને દેવ રૂપે કોણ બુદ્ધિમાન સ્વીકારે ? માટે આવા દેવોથી અમારે કોઈ પ્રયોજન નથી, એમ કહીને વીતરાગદેવને દેવ રૂપે સ્વીકારવું અનુચિત છે તેમ માને છે. તેને સામે રાખીને સ્તવનકારશ્રી કહે છે કે તમારા જેવા સર્વોત્તમ દેવનો અપલાપ કરીને કષાયોવાળા દેવોને દેવ રૂપે સ્વીકારે છે તે અત્યંત ખેદની વાત છે. આ પ્રકારે કહીને અર્થથી સ્તવનકારશ્રી કહે છે કે ખરેખર રાગ-દ્વેષ અને અજ્ઞાનથી રહિત એવા જ દેવ ઉપાસ્ય હોઈ શકે અને તેવા દેવની ઉપાસના કરનારા જ દેવાસ્તિક છે તેમ કહી શકાય. રાગાદિથી યુક્ત દેવોની ઉપાસના કરનારા દેવાસ્તિક નથી તેમ જ સ્વીકારવું ઉચિત છે. **॥૬/૮॥**

અવતરણિકા :-

परमतानि च प्रायः सर्वाण्यसदुत्प्रेक्षणपराण्यप्रामाणिकानि च केवलं धृष्टतयैव गलगर्ज्जितं कुर्वन्तीत्याह –

અવતરણિકાર્થ :-

સર્વ પરમતવાળા પ્રાયઃ અસત્ ઉત્પ્રેક્ષણમાં તત્પર અને અપ્રમાણિક છે, કેવલ ધૃષ્ટપણાથી જ ગલગર્જ્જિતને=સ્વવચનથી અમે ઉત્તમદેવને સ્વીકારીએ છીએ એ પ્રકારના ગળાની ગર્જનાને, કરે છે, એમ સ્તુતિકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

જેઓ વીતરાગને દેવ રૂપે સ્વીકારતા નથી અને રાગી, દ્વેષી દેવોને દેવ રૂપે સ્વીકારે છે તેવા સર્વ પરમતો સ્વકલ્પનાથી ઉત્પ્રેક્ષણ કરાયેલા દેવને માનનારા છે અને અપ્રમાણિક મતો છે; કેમ કે તેમના મતાનુસાર પ્રવૃત્તિઓ કરવાથી સદ્ગતિઓની પરંપરારૂપ સુખની પ્રાપ્તિ થાય નહીં. છતાં પોતાની તુચ્છબુદ્ધિના કારણે ધૃષ્ટપણાથી જ પોતાના મતના માનનારાઓ વચ્ચે ગર્જના કરે છે કે આપણે સુંદર દેવને પામેલા છીએ. વસ્તુતઃ વાસ્તવિક દેવના સ્વરૂપથી તદ્દન અનભિજ્ઞ અને સ્વકલ્પનાથી કલ્પિત દેવની ઉપાસના કરીને તેઓ પોતાનો મનુષ્યભવ પ્રાયઃ નિષ્ફળ કરે છે.

શ્લોક :-

खपुष्पप्रायमुत्प्रेक्ष्य, किञ्चिन्मानं प्रकल्प्य च ।
सम्मान्ति देहे गेहे वा, न गेहेनर्द्दिनः परे ।।६/९।।

શ્લોકાર્થ :-

આકાશકુસુમ જેવાની ઉત્પ્રેક્ષા કરીને=આકાશકુસુમ જેવા દેવની ઉત્પ્રેક્ષા કરીને, અથવા આકાશકુસુમ જેવા સ્વમતની ઉત્પ્રેક્ષા કરીને, કંઈક પ્રમાણની કલ્પના કરીને=પોતાના મતને પ્રામાણિક રીતે સ્થાપન કરવા માટે કંઈક પ્રમાણની કલ્પના કરીને, ઘરમાં જ ગાજનારા એવા અન્યદર્શનવાળા દેહમાં કે પોતાના ઘરમાં સમાતા નથી=ગર્વથી ફુલાય છે કે અમે ઉત્તમધર્મને પામ્યા છીએ. ।।૬/૯।।

ટીકા :-

हे जगदीश ! परे=त्वदाज्ञावज्ञानपराः, किञ्चित् प्रत्यक्षानुमानहेतुदृष्टान्तानामगोचरमत एव खपुष्प-प्रायमाकाशकुशेशयसदृशमुत्प्रेक्ष्य=स्वचेतसैव संवाद्य, यथा-'एक एव हि भूतात्मा देहे देहे व्यवस्थित' इत्यादि, तस्यैव च साधकं तद्विधमेव द्वित्र्यवयवादिकं मानं प्रमाणमुपकल्प्य, यथा–'एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत्' इत्यादि, तेनैव च स्वमतिप्रत्ययेनोत्तानशिरसः साध्वस्माभिरेवेदं तत्त्वमुपलब्धमिति

प्रमोदान्न स्वदेहे न च गेहे सम्मान्ति, केवलमसकलज्ञक्लृप्तकदागमविमुग्धा गेहेनर्दिन एव ते, नतु चतुरङ्गवादविजयगर्जद्यशसः ।।६/९।।

ટીકાર્થ :-

हे जगदीश ! ..... विजयगर्जद्यशसः ।। હે જગદીશ ! પર=તમારી આજ્ઞામાં અવજ્ઞા કરવામાં તત્પર એવા પર, પ્રત્યક્ષના, અનુમાનના, હેતુના અને દૃષ્ટાંતોના અગોચર, આથી જ આકાશકુસુમ જેવા કોઈ પ્રમાણની ઉત્પ્રેક્ષા કરીને=સ્વચિત્તથી જ સંવાદ સ્વીકારીને, જે આ પ્રમાણે – એક જ ભૂતાત્મા દરેક દેહમાં રહેલો છે અને તેને જ સાધક=એક જ ભૂતાત્મા છે તેને જ સાધક, તેવા પ્રકારના જ બે-ત્રણ અવયવ આદિ માનને=પ્રમાણને, કલ્પના કરીને, જે આ પ્રમાણે – એક પ્રકારે જ કે બહુ પ્રકારે જલચંદ્રની જેમ દેખાય છે=એક જ આત્મા જલમાં પ્રતિબિંબિત થયેલા ચંદ્રની જેમ એક પ્રકારે અથવા અનેક પ્રકારે દેખાય છે, ઈત્યાદિ, અને તે જ પોતાની મતિના પ્રત્યયથી ઉત્તાન મસ્તકવાળા=પોતાની સ્વમતિથી પોતે સૂક્ષ્મ પદાર્થને જોનારા છે તે પ્રકારના ગર્વિષ્ઠ મસ્તકવાળા, અમારા વડે જ આ તત્ત્વ સુંદર પ્રાપ્ત કરાયું છે, એ પ્રકારે પ્રમોદથી પોતાના દેહમાં સમાતા નથી અને પોતાના ઘરમાં=પોતાની માન્યતાને સ્વીકારનારા તેવા લોકોના સમુદાયમાં, સમાતા નથી, અર્થાત્ ગર્વથી ફુલાય છે. ફક્ત અસકલજ્ઞથી કલ્પ્ત એવા પ્રગટ કરાયેલા એવા કદાગમથી વિમુગ્ધ થયેલા તેઓ ઘરમાં જ નાચનારા છે. અર્થાત્ પોતાના પક્ષવાળા જીવો આગળ જ માનથી ફુલાવનારા છે. પરંતુ ચતુરંગવાદના વિજયથી થયેલા ગર્જતા યશવાળા નથી. ।।૬/૯।।

ભાવાર્થ :-

કેટલા દર્શનકારો સ્વ-સ્વદર્શનની કલ્પના અનુસાર બ્રહ્મા, મહેશ્વર આદિ દેવોના સ્વરૂપની કલ્પના કરે છે ઉપાસ્ય સ્વરૂપે તેવા દેવ વાસ્તવિક કોઈ નથી. પરંતુ તેઓના પુરાણશાસ્ત્રમાં બતાવેલ વર્ણનાનુસાર આકાશકુસુમ જેવા તે દેવો છે. તેવા દેવોને દેવ રૂપે સ્વીકારવા માટે કોઈક પ્રમાણની તે તે દર્શનવાદીઓ કલ્પના કરે છે. અને તે રીતે કલ્પના કરીને પોતે તત્ત્વને જાણનારા છે તેમ માનીને પરદર્શનવાદીઓ પોતાના દેહમાં અને પોતાના પક્ષરૂપી ઘરમાં સમાતા નથી અને લોકોને કહે છે કે આપણને પ્રાપ્ત થયેલા દેવ જ પારમાર્થિકદેવ છે. અન્યદર્શનવાદીઓને આવા ઉત્તમ દેવની પ્રાપ્તિ થઈ નથી, માટે જ બ્રહ્માદિની ઉપાસના કરીને પોતાનો મનુષ્યભવ સફળ કરી શકતા નથી. આ સર્વ તે તે દર્શનકારોની મિથ્યાકલ્પના છે તેમ બતાવીને ગ્રંથકારશ્રી એ બતાવે છે કે પરમાર્થથી તો વીતરાગદેવ જ ઉપાસ્ય સ્વીકારી શકાય; કેમ કે સર્વત્ર દૃષ્ટ વ્યવસ્થા અનુસાર પ્રતીતિ છે કે કારણથી જ કાર્ય થાય છે, વગર કારણે કાર્ય થતું નથી. તે નિયમ અનુસાર જેઓ વીતરાગને વીતરાગ સ્વરૂપે સ્મૃતિમાં લાવીને તેઓની ઉપાસના કરે છે, તેઓનું ચિત્ત વીતરાગના ગુણોથી રંજિત બને છે અને તે ઉત્તમ અધ્યવસાયથી પુણ્યપ્રકૃતિઓ બંધાય છે. વળી વીતરાગના રાગથી કરાયેલી વીતરાગની ભક્તિના કારણે મોહનો ભાવ અલ્પ, અલ્પતર થાય છે. જેથી સાધનાના ક્રમથી તે જીવ પણ વીતરાગતુલ્ય બને છે. આ પ્રકારની કાર્યકારણભાવની વ્યવસ્થાનુસાર વસ્તુને સ્વીકારીને

ઉપાસ્યદેવને વીતરાગ સ્વીકારવામાં આવે તો વીતરાગની ઉપાસનાથી સર્વકલ્યાણની પરંપરા થાય છે તે યુક્તિસંગત બને છે.

વળી, અહીં ટીકાકારશ્રીએ ખપુષ્પ પ્રાયઃ શબ્દથી અન્યદર્શનના મતને ગ્રહણ કરેલ છે. તે પ્રમાણે જેઓ એક આત્મા સ્વીકારે છે અને તેના માટે યુક્તિ આપે છે કે જેમ એક જ ચંદ્ર જલમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે એક પ્રકારે પણ દેખાય છે અને ઘણા પ્રકારે પણ દેખાય છે. તેમ જગતમાં એક જ આત્મા છે તે પોતાના શરીરમાં એક પ્રકારે દેખાય છે અને જુદા જુદા શરીરોમાં અનેક પ્રકારે દેખાય છે. આ પ્રકારે જલમાં પ્રતિબિંબિત થતા ચંદ્રના દૃષ્ટાંતથી આકાશકુસુમ જેવા એક આત્માને સ્વીકારીને અને જલ-ચંદ્રના દૃષ્ટાંતને પ્રમાણ રૂપે સ્વીકારીને પોતાના ઘરમાં ગર્વ કરનારા એવા પરદર્શનવાળા પોતાના દેહમાં કે ઘરમાં સમાતા નથી. વાસ્તવિક રીતે તેઓ પારમાર્થિક તત્ત્વને પામ્યા નથી. **॥૬/૯॥**

અવતરણિકા :-

यदि वा –

અવતરણિકાર્થ :-

અથવા –

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા સ્વ-સ્વકલ્પનાથી ખપુષ્પ જેવા બ્રહ્મા, સૂર્ય વગેરે દેવોને દેવરૂપે સ્વીકારીને ઉપાસના કરે છે. વાસ્તવિક કોઈ તેવા દેવો નથી કે જેઓ તે ઉપાસના કરનારના કલ્યાણનું કારણ બને, છતાં તે તે દર્શનવાળા સ્વકલ્પિત દેવોની ઉપાસના કેમ કરે છે, તે બતાવવા અર્થે અન્ય સર્વ રાગ કરતાં પણ દૃષ્ટિરાગનો ઉચ્છેદ દુષ્કર છે, તે કહે છે –

શ્લોક :-

कामरागस्नेहरागावीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ।।६/१०।।

શ્લોકાર્થ :-

કામરાગ અને સ્નેહરાગ ઉચ્છેદ કરવા સુકર છે. વળી, પાપી એવો દૃષ્ટિરાગ સત્પુરુષોને પણ દુરુચ્છેદ છે. ॥૬/૧૦॥

ટીકા :-

हे स्वामित्रमी परदर्शनिनो मुधैवास्माभिरुपालभ्यन्ते, यतो न खल्वमीषामसमञ्जसप्रवृत्तिः स्वायत्ता, किन्तु रागायत्ता रागश्च त्रिविधः, कामरागः स्नेहरागो दृष्टिरागश्च, तत्र दम्पत्योः परस्परं भावबन्धना प्रीतिः कामरागः, अपत्यादिषु पित्रोरत्यन्तवत्सलता स्नेहरागः, अनादौ भवेऽभ्यावृत्त्याऽभ्यस्तेषु सौगतादिदर्शनेषु

गाढाभिष्वङ्गो दृष्टिरागः, येनोन्मत्तकरसेनेवान्तःपरिणतेन लेष्टुकाष्ठादिषु कनकबुद्धिरिवातत्त्वेषु तत्त्वबुद्धिरुपजायते । तत्रादिमौ कामस्नेहरागौ अनित्यतैकत्वान्यत्वादिशुभभावनाभ्याससमुल्लसिताद्भुतज्ञानगर्भवैराग्यबलविदलितममत्त्वैः पुम्भिरीषत्करनिवारणौ=सुकरोच्छेदौ, अयं तु दृष्टिरागो यौक्तिकानेकहेतुदृष्टान्तविवेचिततत्त्वातत्त्वानां सतामपि मनसो दुरुच्छेदो दुर्निर्वास्यः, अत एव पापप्रवृत्त्यङ्गभूतत्वात् पापीयानेवंविधेन दृष्टिरागेण म्लेच्छकन्देनेव दुर्वासिते मनसि कथमर्हदुपदेशपरिमलः प्रतिष्ठताम् ।।६/१०।।

ટીકાર્થ :-

હે સ્વામિન્નમી ..... પ્રતિષ્ઠતામ્ ।। હે સ્વામિન્ ! પરદર્શનવાળા એવા આમને વ્યર્થ જ અમારા વડે ઉપાલંભ અપાય છે જે કારણથી આમની=પરદર્શનવાળાઓની, અસમંજસ પ્રવૃત્તિ=દેવતાના સ્વીકાર વિષયક અસમંજસ પ્રવૃત્તિ, સ્વાયત્ત નથી પરંતુ રાગને આધીન છે. અને રાગ ત્રણ પ્રકારનો છે. કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ. તેમાં=ત્રણ પ્રકારના રાગમાં, દંપતીની=પતિ-પત્નીની, પરસ્પર ભાવબંધનવાળી પ્રીતિ કામરાગ છે. પુત્રાદિમાં પિતાની અત્યંત વત્સલતા સ્નેહરાગ છે. અનાદિ ભવમાં અભ્યાવૃત્તિથી=પરાવૃત્તિથી, અભ્યસ્ત તે તે સૌગતાદિ દર્શનોમાં ગાઢ અભિષ્વંગ દૃષ્ટિરાગ છે. અર્થાત્ અનાદિ ભવોમાં જે જે દર્શનમાં જન્મ થાય તે તે દર્શનની પરાવૃત્તિથી અભ્યસ્ત એવા તે તે સૌગતાદિ દર્શનોમાં ગાઢરાગ દૃષ્ટિરાગ છે. જેના વડે=જે દૃષ્ટિરાગ વડે, અંતર્પરિણત એવા ઉન્મત્તક રસ વડે જ ઢેફાં, કાષ્ઠાદિમાં સુવર્ણની બુદ્ધિ જે પ્રમાણે થાય છે, એ પ્રમાણે અતત્ત્વોમાં તત્ત્વબુદ્ધિ થાય છે. ત્યાં=ત્રણ પ્રકારના રાગમાં, પ્રથમના બે કામરાગ અને સ્નેહરાગ અનિત્ય, એકત્વ, અન્યત્વાદિ શુભભાવનાઓના અભ્યાસથી સમુલ્લસિત અદ્ભુતજ્ઞાનગર્ભવૈરાગ્યના બલથી વિદલિત મમત્વવાળા પુરુષ વડે ઈષત્કર નિવારણીય છે=સહેલાઈથી ઉચ્છેદ થાય એવા છે, વળી આ દૃષ્ટિરાગ યુક્તિવાળા અનેક હેતુ, દૃષ્ટાંતથી વિવેચિત=જાણ્યું છે તત્ત્વાતત્ત્વ જેમણે એવા સત્પુરુષોને પણ મનથી દુરુચ્છેદ છે=દુઃખે કરીને વારણ થઈ શકે તેવો છે, આથી જ=દૃષ્ટિરાગ સત્પુરુષોને પણ ઉચ્છેદ કરવો દુષ્કર છે આથી જ, પાપપ્રવૃત્તિના અંગભૂત હોવાને કારણે પાપી એવો દૃષ્ટિરાગ છે. મ્લેચ્છકંદ વડે=લસણ વડે, જાણે દુર્વાસિત ન હોય તેની જેમ આવા પ્રકારના દૃષ્ટિરાગ વડે દુર્વાસિત એવા મનમાં ભગવાનના ઉપદેશનો પરિમલ=ભગવાનના ઉપદેશની સુગંધ, કેવી રીતે પ્રતિષ્ઠાને પામે ? અર્થાત્ પામે નહીં. ।।૬/૧૦।।

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા ભગવાનના સ્વરૂપને જાણવા માટે કેમ સમર્થ નથી અથવા તો સ્થૂલથી ભગવાનના શાસનને સ્વીકારનારા પણ પરમાર્થથી ભગવાનના વચનના પરમાર્થને કેમ પ્રાપ્ત કરી શકતા નથી ? તેથી કહે છે – ભગવાનને વીતરાગ રૂપે માનતા હોય તોપણ જેવો વીતરાગ થવાનો ઉપાય ભગવાને કહ્યો નથી તેવા ઉપાયને વીતરાગતુલ્ય થવાનો ઉપાય માને છે તે દૃષ્ટિરાગનું જ કાર્ય છે; કેમ કે પોતાની દૃષ્ટિ જ્યાં

પ્રવર્તે છે ત્યાં જ તેમને તત્ત્વ દેખાય છે. પરંતુ તત્ત્વના અત્યંત અર્થીપણાથી સર્વજ્ઞના વચનાનુસાર તત્ત્વને જોવા માટે પ્રવર્તે તેવી દૃષ્ટિને બાધક એવી સ્વરુચિ અનુસાર પ્રવર્તતો દૃષ્ટિરાગ છે. તેથી તે દૃષ્ટિરાગવાળા જીવો ભગવાનને પરમાર્થથી પ્રાપ્ત કરી શકતા નથી. આથી જ જેમ અન્યદર્શનવાળા પોતપોતાના દૃષ્ટિરાગના બળથી ઉપાસ્યદેવનું વિકૃત સ્વરૂપ માને છે અને તેવા દેવની ઉપાસના કરે છે, તેમ સ્થૂલથી જિનપ્રતિમાની ઉપાસના કરનારા પણ દૃષ્ટિરાગવાળા જીવો પોતાની રુચિ અનુસાર ધર્મને સ્વીકારીને, આ ધર્મ ભગવાનથી ઉપદિષ્ટ છે તેમ માનીને, તેવા વિકૃતધર્મના ઉપદેશક ભગવાન છે તે સ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ કરીને ભગવાનની ઉપાસના કરે છે. તેથી તેવા વિપરીત પ્રરૂપક અવીતરાગની જ તેઓ ઉપાસના કરે છે. તેને સામે રાખીને સ્તવનકારશ્રી કહે છે કે ત્રણ પ્રકારના રાગ છે. કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ. તેમાંથી કામરાગ, સ્નેહરાગનું વારણ અલ્પ પ્રયત્નથી થઈ શકે છે; કેમ કે જેઓ અનિત્યભાવના, એકત્વભાવના, અન્યત્વભાવના આદિભાવનાઓથી આત્માને ભાવિત કરે છે તેઓને તે રાગ દૂર થાય છે. તેથી કામની વૃત્તિ કે સ્વજન આદિ પ્રત્યે સ્નેહની વૃત્તિ નષ્ટ થાય છે. તેથી સંયમ ગ્રહણ કરે છે. તપ-ત્યાગાદિ કરે છે. તોપણ તેવા મહાત્માઓને પણ પાપી એવો દૃષ્ટિરાગ દુરુચ્છેદ છે=દુઃખે કરીને દૂર થઈ શકે તેવો છે. આથી જ, અન્યદર્શનમાં પણ મૂઢતાથી સ્વમતિ અનુસાર પોતાના દેવના સ્વરૂપની કલ્પના કરનારા છે તેઓ ત્યાગી હોવા છતાં દૃષ્ટિરાગનો ઉચ્છેદ કરી શકતા નથી. અને જૈનદર્શનને પામેલા પણ જિનવચનથી વિપરીત રુચિ રૂપ દૃષ્ટિરાગનો ઉચ્છેદ કરવા સમર્થ બનતા નથી. આથી જ, પાપી એવા દૃષ્ટિરાગના બળથી ભગવાનના શાસનના તત્ત્વને પામેલા પણ મરીચિ સ્વદર્શન પ્રત્યેનો રાગ કરીને ઉત્સૂત્રભાષણ કર્યું ત્યારે પાપી એવા દૃષ્ટિરાગથી જ કોટાકોટિ સાગરોપમ સંસારની વૃદ્ધિ કરી. તેથી, સંયમ ગ્રહણ કરીને પણ, તપ-ત્યાગાદિ કરીને પણ જેઓ જિનવચનના પરમાર્થને જાણવાને પણ અભિમુખ નથી, સ્વકલ્પિત સર્વજ્ઞકથિત આચારોને મોક્ષના કારણ રૂપે સ્વીકારીને તપ-ત્યાગાદિમાં પ્રવૃત્તિ કરે છે તેઓ પણ દૃષ્ટિરાગથી દૂષિત મતિવાળા હોવાથી પરમાર્થથી ભગવાનને પ્રાપ્ત કરી શકતા નથી. **॥૬/૧૦॥**

અવતરણિકા :-

ननु यदि तेषां दृष्टिरागेणान्तरिता विचारदृष्टिर्भगवतो वीतरागतादिरहस्यं न पश्यति तत्किं स्थूलार्थदर्शिनी चर्मदृष्टिरपि तदीय बहिस्तत्त्वमात्रमपि न पश्यति येन ते तस्मिन्नुदासत इत्येतदेवाह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે. જો તેઓની દૃષ્ટિરાગથી અંતરિત વિચારદૃષ્ટિ ભગવાનના વીતરાગતા આદિના રહસ્યને જોતી નથી, તો સ્થૂલ અર્થને જોનારી ચર્મદૃષ્ટિ પણ=સન્મુખ દેખાતા પદાર્થને જોનારી બાહ્યચક્ષુ પણ, તેમના બહિસ્તત્ત્વમાત્રને પણ=ભગવાનના પ્રતિમામાં દેખાતા બાહ્ય સ્વરૂપ માત્રને પણ, શું જોતી નથી ? જે કારણથી તેઓ=અન્યદર્શનવાળા, તેમાં=ભગવાનના દેખાતા વીતરાગતાના દર્શક સ્વરૂપમાં, ઉદાસીન રહે છે. એથી એને જ કહે છે –

શ્લોક :-

प्रसन्नमास्यं मध्यस्थे, दृशौ लोकम्पृणं वचः ।
इति प्रीतिपदे बाढं, मूढास्त्वय्यप्युदासते ।।६/११।।

શ્લોકાર્થ :-

પ્રસન્નમુખ છે, બે લોચનો મધ્યસ્થ છે, લોકને આનંદ આપનાર વચન છે. એ પ્રકારે પ્રીતિને દેનારા તમારામાં પણ અત્યંત મૂઢ જીવો ઉદાસીન રહે છે. ।।૬/૧૧।।

ટીકા :-

हे स्वामिंस्तव तावत्सुकृतिनां नेत्रयोः प्रथमप्रियातिथिप्रतिममास्यमाननं प्रसन्नं कोपादिकेतुरहितम्, तथा दृशौ=नीलोत्पलदलदीर्घे लोचने, मध्यस्थे=अरक्तद्विष्टे, तथा पञ्चत्रिंशद्गुणोपेतं सर्वभाषापरिणतं समग्रसंशयहरं च तव वचोऽपि लोकम्पृणं=भव्याङ्गभाजामन्तःकरणप्रीणनपटिष्ठम्, इत्युक्तप्रकारेण प्रीतिपदे विश्वानन्ददायिनि प्राकृतजनवत्त्वय्यपि केचिदुदासते, यतो बाढमत्यर्थं तेनैव दृष्टिरागेण मूढा=मोहितमनसः, यच्च तेषां भगवत्यौदासीन्यं तद्दिवाभीतानां भास्वददर्शनमिव तद्व्यतिरेकेण कस्यान्यस्य क्षतिं विधत्ते ? ।।६/११।।

ટીકાર્થ :-

हे स्वामिंस्तव ..... विधत्ते ? ।। હે સ્વામી, તમારું મુખ કોપાદિ કેતુથી રહિત છે=પ્રસન્ન છે.

તે મુખ કેવું છે ? તે બતાવતાં કહે છે –

તેટલી સુકૃતિવાળા જીવોનાં બે નેત્રોને પ્રથમ પ્રિય અતિથિ પ્રાપ્ત થાય તેના સમાન તમારું મુખ છે. અને તે પ્રસન્નમુખ કોપાદિના વિકારોથી રહિત છે અને બે દૃષ્ટિઓ=નીલઉત્પલદલથી દીર્ઘ એવાં બે લોચનો, મધ્યસ્થ છે=તમારાં બે લોચનો રાગ-દ્વેષ વગરનાં છે અને પાંત્રીસ ગુણોથી યુક્ત સર્વભાષામાં પરિણત અને સમગ્ર સંશયને હરનાર તમારું વચન પણ લોકને પ્રીતિ કરનાર છે=ભવ્યજીવોના અંતઃકરણને પ્રીતિ કરાવવામાં પટિષ્ઠ છે=જે જીવોને વીતરાગનું સ્વરૂપ સાંભળીને પ્રીતિ થાય તેવા યોગ્યજીવોને ભગવાનનાં દરેક વચનો વીતરાગતુલ્ય થવાના ઉપાયને બતાવનારાં હોવાથી પ્રીતિને કરનારાં છે. એથી પૂર્વમાં કહ્યું એ પ્રકારે પ્રીતિને દેનારા=પ્રાકૃતજનની જેમ વિશ્વને આનંદને દેનારા, તમારામાં પણ કેટલાક ઉદાસ રહે છે. જે કારણથી અત્યંત તે દૃષ્ટિરાગથી મૂઢ=મોહિત મનવાળા છે, અને તેઓનું=દૃષ્ટિરાગવાળા જીવોનું, ભગવાનમાં જે ઔદાસીન્ય છે તે ઔદાસીન્ય તેના વ્યતિરેકથી=પોતાને છોડીને અન્ય કોને ક્ષતિ કરે ? અર્થાત્ પોતાની ક્ષતિને કરે છે. જેમ દીવાથી ભય પામેલા સૂર્યના દર્શનને કરતા નથી તેઓને પોતાને જ ક્ષતિની પ્રાપ્તિ થાય છે. ।।૬/૧૧।।

ભાવાર્થ :-

ભગવાન સર્વથા રાગ-દ્વેષ રહિત છે. તેથી કષાયોના સંશ્લેષ વગરના હોવાથી ભગવાનનું મુખ પ્રસન્નતાને અભિવ્યક્ત કરે છે. વળી, ભગવાનનાં બે લોચનો મધ્યસ્થભાવવાળાં છે. અને ભગવાનનું વચન જગતના

ભાવોનું યથાર્થ પ્રકાશન કરે તેવું શુદ્ધ-વિશુદ્ધ વાણી સ્વરૂપ છે. આવા, ભગવાન જોતાંની સાથે પ્રીતિ ઉત્પન્ન કરે તેવા છે. તેથી સ્તવનકારશ્રી કહે છે કે બધા વિચારકોને પ્રીતિ ઉત્પન્ન કરે તેવા પણ ભગવાનમાં મૂઢ જીવો અત્યંત ઉદાસીન રહે છે. અર્થાત્ તત્ત્વને જોવામાં અત્યંત સંમૂર્ચ્છિમ જેવા છે તેઓને જ ભગવાનનું આવું રમ્ય સ્વરૂપ પ્રત્યક્ષથી દેખાતું હોય છતાં તેના પ્રત્યે આકર્ષણ થતું નથી. પરંતુ મૂઢની જેમ ભગવાનના સ્વરૂપને જોવા છતાં તે સ્વરૂપ પ્રત્યે ઉદાસીનભાવને ધારણ કરે છે. **॥૬/૧૧॥**

અવતરણિકા :-

અથવા –

અવતરણિકાર્થ :-

અથવા=ઉત્તમ પુરુષો પ્રત્યે મૂઢ જ જીવો ઉદાસીન રહે છે અથવા, મૂઢ જીવોને રાગાદિગ્રસ્ત તુચ્છ દેવો ઉપાસ્ય જણાય છે. તે ઉચિત નથી તે બતાવવા અર્થે 'અથવા'થી કહે છે –

શ્લોક :-

तिष्ठेद्वायुर्द्रवेदद्रिर्ज्वलेज्जलमपि क्वचित् ।
तथापि ग्रस्तो रागाद्यैर्नाप्तो भवितुमर्हति ।।६/१२।।

શ્લોકાર્થ :-

ક્યારેક વાયુ સ્થિર થઈ જાય, પર્વત ક્યારેક ઓગળી જાય, જલ પણ ક્યારેક અગ્નિની જેમ બળે તોપણ રાગાદિથી ગ્રસ્ત આપ્ત થવા માટે=ભગવાન થવા માટે, યોગ્ય નથી. ॥૬/૧૨॥

ટીકા :-

हे विश्वैकमित्र ! कियद्वा परगतातत्त्वचिन्ताचक्रारोपणेन स्वान्तःकरणमकरुणैरिव खेदनीयम्, यतः सम्यगुपलब्ध एवायं विनिश्चयो यदुत क्वचिद्देशे काले वा अविसंवादिसद्गुरूपदेशस्वभ्यस्तशारीरमरुत्सञ्चार-क्रमपरिपक्त्रिमाभ्यासस्य कस्यचिद्योगिनः कुम्भनशक्त्या विद्यादिबलेन वा वायुः सततगतिरपि तिष्ठेत् निश्चलतामाकलयेत् तथा तथाविधातिप्रबलवीर्यमहौषधप्रयोगात् स्वाराधितदेवतादिप्रभावाद्वा अद्रिर्गिरिरपि द्रवेत्=द्रव्यरूपतामापद्येत, तथा अचिन्त्यमहिममणिमन्त्रादिमाहात्म्यात्तीर्थमहिम्ना वा कदाचिज्जलं सलिलमपि ज्वलेत्=ज्वालामालाकुलमालोक्येत तथाऽपि दुर्घटवर्गेऽस्मिन् घटितेऽपि रागाद्यै=रागद्वेषमोहैर्ग्रस्तः स्वस्वरूपं त्याजितः प्राणी नाप्तो भवितुमर्हति=उपायशतैरप्याप्तत्वं न भजते । इयमत्र भावना महाबलस्खलनादद्रिद्रावणा-ज्जलज्वालनादपि रक्तद्विष्टमूढपूर्वकुग्राहिताः सत्येऽप्याप्तवचने प्रत्याययितुं दुष्कराः । श्रूयते च–

'जिनजैमिनिकणभक्षाक्षपादवन्दाक(वेदान्ति)कपिलसुरगुरुभिः ।
जगदेकमतीकर्त्तुं न पार्यते वहतु किमनेनेति ।।१।।' **।।६/१२।।**

इति श्रीवीतरागस्तोत्रे विपक्षनिरासषष्ठप्रकाशपदयोजना ।

ટીકાર્થ :-

હે વિશ્વૈકમિત્ર ! ..... किमनेनेति ।। હે વિશ્વએકમિત્ર ! ભગવાન, અથવા પરગતઅતત્ત્વના ચિંતા રૂપ ચક્રના આરોપણથી સ્વઅંતઃકરણને અકરુણપુરુષોની જેમ કેટલો ખેદ ઉત્પન્ન કરાવવો ? અર્થાત્ ખેદ કરાવવો ઉચિત નથી. જે કારણથી સમ્યગ્ ઉપલબ્ધ જ આ વિનિશ્ચય છે.

શું વિનિશ્ચય છે ? તે યદુતથી બતાવે છે –

કોઈક દેશમાં અથવા કોઈક કાલમાં અવિસંવાદી સદ્ગુરુના ઉપદેશથી સુઅભ્યસ્ત શરીર સંબંધી પવનના સંચારના ક્રમમાં પરિપક્વ અભ્યાસવાળા કોઈક યોગીને કુમ્ભન શક્તિથી અથવા વિદ્યા આદિ બલથી સતત ગતિવાળો પણ વાયુ સ્થિર થાય=નિશ્ચલતાને પ્રાપ્ત કરે, અને તેવા પ્રકારના અતિપ્રબલવીર્યથી કે મહાઔષધના પ્રયોગથી અથવા પોતાનાથી આરાધિત દેવતા આદિના પ્રભાવથી દ્રવે નહીં એવો પર્વત પણ દ્રવરૂપતાને પામે અને અચિંત્ય મહિમાવાળા મણિમંત્રાદિના માહાત્મ્યથી અથવા તીર્થના મહિમાથી ક્યારેક પાણી પણ જ્વાલાના સમૂહથી આકુળ દેખાય છે. તોપણ દુર્ઘટના સમૂહ રૂપ આ ઘટિત હોવા છતાં પણ=વાયુ સ્થિર થાય ઈત્યાદિ આ દુર્ઘટ વર્ગ ઘટિત હોવા છતાં પણ, રાગાદિ વડે=રાગ-દ્વેષ અને અજ્ઞાન વડે, ગ્રસ્ત સ્વ-સ્વરૂપને ત્યાગ કરાયેલો પુરુષ આપ્ત થવા માટે યોગ્ય નથી=સેંકડો ઉપાયો વડે આપ્તપણાને પામતો નથી. અહીં=પ્રસ્તુત શ્લોકમાં આ ભાવના છે. મહાબલના સ્ખલનથી અદ્રિના દ્રાવણથી=પર્વતના દ્રાવણથી, જલના જ્વાલનથી પણ રક્તદ્વિષ્ટ મૂઢ પૂર્વ કુગ્રાહિતા=રાગ-દ્વેષવાળા મૂઢ અને પૂર્વમાં કુગ્રહ પામેલા જીવો, સત્ય પણ આપ્તવચનમાં બોધ કરાવવા માટે દુષ્કર છે. અને સંભળાય છે. જિન, જૈમિની, કણભક્ષ, અક્ષપાદ, વેદાંતિ, કપિલ સુરગુરુ વડે જગતને એક મતિ કરવા માટે સમર્થ થવાતું નથી. શું આના વડે વહન કરાવો ?=જગત એક મતિ વહન કરાવો ? ॥૬/૧૨॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં વિપક્ષનિરાસ નામના છઠ્ઠા પ્રકાશની પદયોજના છે.

ભાવાર્થ :-

સામાન્યથી વાયુ ગતિમાન જ હોય છે, તેને સ્થિર કરવો અશક્ય હોય છે. છતાં કોઈ વિશિષ્ટ શક્તિ દ્વારા કોઈ વાયુને સ્તંભિત કરે તે સંભવે. પર્વત ક્યારેય પ્રવાહીપણાને પ્રાપ્ત થાય નહીં; છતાં કોઈ પુરુષ વિશિષ્ટ શક્તિથી પર્વતને પ્રવાહી કરે. પાણીમાં ક્યારેય જ્વાળા પ્રાપ્ત થાય નહીં; છતાં કોઈ પુરુષ વિશિષ્ટ શક્તિથી પાણીમાં જ્વાળા પ્રગટ કરે તે સંભવે; પરંતુ રાગ-દ્વેષ અને મોહથી યુક્ત જીવ ક્યારેય ઉપાસ્યપુરુષ થઈ શકે નહીં. માટે કલ્યાણના અર્થીએ રાગાદિ રહિત દેવ કોણ છે, તેનો તેમના વચનની પરીક્ષા કરીને નિર્ણય કરવો જોઈએ. વીતરાગ તેવા દેવની ઉપાસના કરવી જોઈએ, તેમના વચન અનુસાર પ્રવૃત્તિ કરવાથી જ સર્વકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. વીતરાગ સર્વજ્ઞના વિપક્ષ કોઈ દેવ નથી. જે વિપક્ષ છે, તે ભગવાન જ છે. **॥૬/૧૨॥**

અવતરણિકા :-

इह हि केचिन्महामोहोपहतमतयः पुण्यपापैरस्पृष्टानशरीरिणः स्वयम्भुवः स्वभावमुक्तस्वरूपान् किल स्वयं कृतकृत्यानपि भुवनजनानुग्रहाय हितोपदेशकान्निजाप्तान्मन्यन्ते तच्च स्तुतिकृत् प्रत्यक्षानुपपत्त्या विसंवादयन्नाह –

અવતરણિકાર્થ :-

અહીં=સંસારમાં, મહામોહથી હણાયેલી મતિવાળા કેટલાક દર્શનવાદીઓ પુણ્ય-પાપથી અસ્પૃષ્ટ, અશરીરવાળા, સ્વયંભૂ, સ્વભાવથી જ મુક્ત સ્વરૂપવાળા, ખરેખર સ્વયં કૃતકૃત્ય પણ લોકોના અનુગ્રહ માટે, હિતઉપદેશક એવા પોતાના આપ્તોને માને છે. અને તેને=પૂર્વમાં કહેલા કથનને, સ્તુતિકારશ્રી પ્રત્યક્ષથી અનુપપત્તિ દ્વારા વિસંવાદને કરતાં કહે છે –

ભાવાર્થ :-

વર્તમાનના જગતમાં કેટલાક દર્શનવાદીઓ દર્શનના વાસ્તવિક સ્વરૂપને જોવામાં વ્યાઘાત કરનાર મહામોહવાળા છે. તેથી તેમની મતિ વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોવા માટે અસમર્થ છે. તેથી પોતાના દેવને અન્ય પ્રકારે માને છે.

કેવા પ્રકારના માને છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

તેઓના દેવ પુણ્ય-પાપથી રહિત છે. તેથી સર્વ કર્મ વગરના છે અને કર્મ વગરના હોવાથી શરીર વગરના છે. અને શરીર વગરના હોવાથી સ્વયંભૂ છે=પોતાના સ્વરૂપમાં રહેનારા છે, આ પ્રકારનું સ્વરૂપ જૈનો પણ સિદ્ધના જીવોનું સ્વીકારે છે તેવું જ તેઓ પણ ઈશ્વરનું સ્વીકારે છે. તોપણ, તેઓ માને છે કે ઈશ્વર સ્વભાવથી જ મુક્ત સ્વરૂપવાળા છે. અને સ્વયં કૃતકૃત્ય હોવાથી તેઓને કોઈ સાધના કરવાની આવશ્યકતા નથી. છતાં લોકોના ઉપકાર માટે હિતના ઉપદેશને કરનારા છે તેમ, તેઓ માને છે. વસ્તુતઃ તેવા દેવો કર્મ વગરના હોય, શરીર વગરના હોય અને પોતાના સ્વરૂપમાં રહેનારા હોય તો તેઓ અશરીરી હોવાથી લોકોના હિતના ઉપદેશમાં પ્રવર્તે છે. તે પ્રકારનું તેઓનું કથન પ્રત્યક્ષ વિરુદ્ધ છે. તે બતાવીને હિતોપદેશને કરનારા સર્વજ્ઞ વીતરાગ પુણ્યથી યુક્ત શરીરધારી જ હોઈ શકે તે બતાવવા અર્થે કહે છે–

શ્લોક :-

धर्माधर्मौ विना नाङ्गं, विनाङ्गेन मुखं कुतः ।
मुखाद्विना न वक्तृत्वं, तच्छास्तारः परे कथम् ? ।।७/१।।

શ્લોકાર્થ :-

ધર્મ-અધર્મ વગર શરીર નથી. શરીર વગર મુખ ક્યાંથી હોય ? મુખ વગર વક્તૃત્વ નથી. તે કારણથી પર=અન્યદર્શનના અભિમતદેવ, શાસ્તાર કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. ।।૭/૧।।

ટીકા :-

हे विदितसमस्ततत्त्व ! भगवन् ! विमुक्तविपक्षविक्षेपोऽहमपक्षपातेन स्वामिनं विज्ञपयामि, यदुतामी तावदास्तिकदर्शनिनः सर्वेऽपि दुर्मोच्यमपि गृहवासपाशमुच्छिद्य कुगतिपातभीरवः परमपदाध्वनि स्वस्वागमप्रामाण्येन प्रवर्त्तन्ते, आगमाश्चाप्तोक्तयः ये च तैराप्तत्वेन प्रतिपन्नास्तेषामागमप्रणेतृत्वमनुपपन्नम् । कुतः ? आगमा हि वचनरूपाः, वचनानि च वक्तारमन्तरेण न सम्भवन्ति, वक्तुश्च वक्तृत्वं वदनाविनाभूतम्, वदनं चाङ्गसङ्गतमङ्गं च धर्माधर्मौ विना नोपपद्यते, ततस्ते यद्यादित एव पुण्यपापविनिर्मुक्तास्तदा ध्रुवमशरीरिणः, शरीरविरहिताश्च नियतममुखाः, निर्मुखाश्च स्तम्भकुम्भाम्भोरुहादिवन्न परोपदेष्टारः इति यत्किञ्चिदेतत् ।।७/१।।

ટીકાર્થ :-

हे विदितसमस्ततत्त्व ! ..... यत्किञ्चिदेतत् ।। હે વિદિતસમસ્તતત્ત્વવાળા ભગવાન ! વિમુક્ત વિપક્ષના વિક્ષેપવાળો એવો હું=છોડી દીધો છે વિપક્ષનો વિક્ષેપ અર્થાત્ ખેદ એવો હું, અપક્ષપાતથી=કોઈ દર્શનના પક્ષ વગર મધ્યસ્થતાથી, સ્વામીને વિજ્ઞાપન કરું છું.

શું વિજ્ઞાપન કરું છું ? તે 'यदुत'થી બતાવે છે –

આ આસ્તિકદર્શનવાળા સર્વ પણ દુઃખે કરીને મૂકી શકાય એવા ગૃહવાસના પાસને ઉચ્છેદ કરીને=સંસારના ભોગવિલાસના બંધનનો ત્યાગ કરવો દુષ્કર છે તે બંધનનો ઉચ્છેદ કરીને, કુગતિના પાતના ભીરુ=જો આ ભોગાદિમાં આસક્ત રહીશું તો કુગતિમાં જવું પડશે તેથી ગૃહવાસને છોડીને દુર્ગતિઓના પાતથી ભય પામેલા, પરમપદના માર્ગમાં સ્વ-સ્વઆગમના પ્રામાણ્યથી પ્રવર્તે છે=પોતપોતાને જે આગમ પ્રાપ્ત થયું છે તેની પરીક્ષા કર્યા વગર તેને પ્રમાણ સ્વીકારીને પ્રવર્તે છે, અને આગમો આપ્તની ઉક્તિ રૂપ છે=આપ્તપુરુષોના વચન સ્વરૂપ છે, અને તેઓ વડે આપ્તપણા રૂપે જે ઈશ્વર સ્વીકારાયા=અન્યદર્શનવાદીઓ વડે ઈશ્વર સ્વીકારાયા, તેઓનું આગમ પ્રણેતૃપણું અનુપપન્ન છે. અર્થાત્ જે પ્રકારના દેવો તે સ્વીકારે છે તે દેવો શરીર વગરના હોવાથી આગમને કહેનારા છે તે સંગત થાય નહીં.

કેમ તેઓના દેવમાં આગમપ્રણેતૃત્વ અનુપપન્ન છે ? તેથી કહે છે –

આગમો વચન રૂપ છે. અને વચનો વક્તા વગર સંભવતા નથી અને વક્તાનું વક્તૃપણું મુખની સાથે અવિનાભૂત છે, અને મુખ દેહથી યુક્ત છે, અને દેહ ધર્માધર્મ વગર ઘટતો નથી. તેથી તેઓ જો

આદિથી જ=ઉપદેશ આપે છે ત્યારથી જ, પુણ્ય-પાપથી રહિત છે તો નક્કી શરીર વગરના છે, અને શરીર વગરના છે તો નક્કી મુખ વગરના છે, મુખ વગરના ભગવાન સ્તમ્ભ, કુંભ, કે કમળ આદિની જેમ પરઉપદેશ દેનારા નથી. તેથી, આ=પરનું ઈશ્વર વિષયક કથન, અર્થ વગરનું છે. ॥૭/૧॥

ભાવાર્થ :-

કેટલાક દર્શનકારો ઉપાસ્ય દેવને સર્વ કર્મ રહિત, શરીર રહિત પોતાની સ્વાભાવિક પ્રકૃતિવાળા સ્વીકારે છે જે સિદ્ધઅવસ્થાતુલ્ય તેઓનું સ્વરૂપ છે અને તેમ સ્વીકાર્યા પછી તેવા કૃતકૃત્ય પણ ભગવાન જગતના જીવોને અનુગ્રહ માટે ઉપદેશ આપે છે તેમ સ્વીકારે છે. તેઓનું તે વચન યુક્તિથી સંગત નથી તેમ બતાવીને તીર્થંકરો વાસ્તવિક સર્વ કર્મ રહિત નથી પરંતુ મુક્ત થવાની તૈયારીવાળા છે, તે બતાવવા અર્થે સ્તવનકારશ્રી તે સ્વરૂપે ભગવાનની સ્તુતિ કરતાં કહે છે. ધર્મ-અધર્મ વગર=પુણ્ય-પાપ વગર, દેહ સંભવી શકે નહીં અને દેહ વગર મુખ સંભવી શકે નહીં. અને મુખ વગર ઉપદેશ સંભવી શકે નહીં. માટે પરદર્શનકારો શાસ્તારને=ઉપદેશ આપનારા ભગવાનને, સ્વીકારતા હોય તો તેઓએ સ્વીકારવું જોઈએ કે ઉપદેશકાળમાં ભગવાન સંપૂર્ણ કર્મ વગરના નથી. પરંતુ જીવને અત્યંત અનર્થકારી અને જીવના પરમ શત્રુભૂત ઘાતિકર્મોનો ભગવાને નાશ કર્યો છે. અને અવશિષ્ટ અઘાતિકર્મોવાળા છે. અને જગતના જીવોને ઉપકારનું કારણ બને તેવા નિરવદ્ય પુણ્યના ઉદયવાળા છે. તેથી, જગતના ઉપકાર અર્થે જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી સમ્યક્ પ્રયત્ન કરીને ઉપદેશ આપે છે. અને અંતે સર્વ કર્મોનો નાશ કરીને અશરીરવાળા થાય છે. ત્યારે કોઈ ઉપદેશ આપતા નથી. **॥૭/૧॥**

અવતરણિકા :-

तथास्य जगतः सृष्टिसंहारावपि पुरुषविशेषकर्तृकाविति केचित् ब्रुवते च–ब्राह्म्येण मानेन वर्षशतान्ते वर्त्तमानस्य ब्रह्मणोऽपवर्गकाले संसारे खिन्नानां प्राणिनां निशि विश्रामार्थं सकलभुवनपतेर्महेश्वरस्य सञ्जिहीर्षासमकालं शरीरेन्द्रियमहाभूतोपनिबन्धकानां सर्वात्मगतानामदृष्टानां वृत्तिनिरोधे सति महेश्वरेच्छाणुसंयोगजकर्म्मभ्यः शरीरेन्द्रियकारणाणुविभागेभ्यस्तत्संयोगनिवृत्तौ तेषामापरमाण्वन्तो विनाशः तथा पृथिव्युदकज्वलनपवनानामपि महाभूतानामनेनैव क्रमेणोत्तरस्मिन्नुत्तरस्मिन् सति पूर्वस्य पूर्वस्य विनाशः, ततः प्रविभक्ताः परमाणवोऽवतिष्ठन्ते, धर्माधर्मसंस्कारानुविद्धाश्चात्मानस्तावन्तमेव कालम्, ततः प्राणिनां भोगभुक्तये महेश्वरस्य सिसृक्षानन्तरं सर्वात्मगतवृत्तिलब्धादृष्टापेक्षेभ्यस्तत्संयोगेभ्यः पवनपरमाणुषु कर्मोत्पत्तौ तेषां परस्परसंयोगेभ्यो द्व्यणुकादिप्रक्रमेण महान् वायुः समुत्पन्नो नभसि दोधूयमानस्तिष्ठति । तदनन्तरं तस्मिन्नेव, आप्येभ्यः परमाणुभ्यस्तेनैव क्रमेण महान् सलिलनिधिरुत्पन्नः पोप्लूयमानस्तिष्ठति । तदनन्तरं तस्मिन्नेव पार्थिवेभ्यः परमाणुभ्यो द्व्यणुकादिक्रमेण महापृथ्वी समुत्पन्ना संहताऽवतिष्ठते । तस्मिन्नेव महोदधौ तैजसेभ्यः परमाणुभ्यो द्व्यणुकादिक्रमेणोत्पन्नो महांस्तेजोराशिर्देदीप्यमानस्तिष्ठति । एवं समुत्पन्नेषु चतुर्षु महाभूतेषु महेश्वरस्याभिध्यानमात्रात्तैजसेभ्योऽणुभ्यः पार्थिवपरमाणुसहितेभ्यो महदण्डमारभ्यते, तस्मिंश्चतुर्वदनकमलं सर्वलोकपितामहं

ब्रह्माणं सर्वभुवनसहितमुत्पाद्य प्रजासर्गे विनियुङ्क्ते स च महेश्वरेण विनियुक्तो ब्रह्मातिशयधर्म्मज्ञान-वैराग्यैश्वर्यसम्पन्नः प्राणिनां कर्मविपाकं विदित्वा कर्मानुरूपज्ञानभोगायुषः स्वसुतान् प्रजापतीन्मानसांश्च मनुष्यदेवर्षिपितृगणान्मुखबाहूरुपादतश्चतुरो वर्णानन्यानि चोच्चावचानि भूतानि सृष्ट्वा आशयानुरूपैर्धर्मज्ञान-वैराग्यैश्वर्यैः संयोजयतीति तदेतत्सर्वमसङ्गतं, कथमित्याह—

અવતરણિકાર્થ :-

તથા આ જગતના સૃષ્ટિ અને સંહાર પણ પુરુષવિશેષકર્તૃક છે=પુરુષવિશેષ આ જગતની સૃષ્ટિ કરે છે અને પુરુષવિશેષ આ જગતનો સંહાર કરે છે. તે પ્રમાણે કેટલાક દર્શનકારો માને છે. અને કહે છે. "બ્રાહ્મ્યમાનથી ૧૦૦ વર્ષના અંતે વર્તમાન બ્રહ્માના અપવર્ગકાલમાં, સંસારમાં ખિન્ન પ્રાણીઓને રાત્રિમાં વિશ્રામ માટે સકલભુવનપતિ એવા મહેશ્વરની સંહાર કરવાની ઇચ્છાના સમકાલ, શરીર, ઇન્દ્રિય, મહાભૂતના ઉપનિબંધક એવા સર્વ આત્મગત અદૃષ્ટોની વૃત્તિનો નિરોધ થયે છતે, મહેશ્વરની ઇચ્છા અને અણુના સંયોગથી જન્ય કર્મથી, શરીર અને ઇન્દ્રિયના કારણ એવા અણુના વિભાગથી, તેના સંયોગની નિવૃત્તિ થયે છતે=જીવોના શરીર અને ઇન્દ્રિયની સાથે સંયોગની નિવૃત્તિ થયે છતે, તેઓનો આ પરમાણુ સુધી વિનાશ છે અને પૃથ્વી, પાણી, જ્વલન, પવન રૂપ પણ મહાભૂતોનું આ જ ક્રમથી ઉત્તરોત્તર હોતે છતે પૂર્વ પૂર્વનો વિનાશ થશે. તેથી છૂટા પડેલા પરમાણુઓ જ રહેશે, અને ધર્મ, અધર્મના સંસ્કારથી અનુવિદ્ધ આત્માઓ તેટલા કાળ સુધી રહેશે. ત્યારપછી પ્રાણીઓના ભોગની ભુક્તિ માટે મહેશ્વરની સર્જન કરવાની ઇચ્છા પછી સર્વ આત્મગત વૃત્તિથી પ્રાપ્ત અદૃષ્ટની અપેક્ષાથી, તેના સંયોગોથી પવન પરમાણુઓમાં=વાયુના પરમાણુઓમાં, કર્મોની ઉત્પત્તિ થયે છતે તેઓનો=વાયુના પરમાણુઓનો, પરસ્પર સંયોગ થવાથી દ્વિઅણુકાદિના ક્રમથી મહાન વાયુ ઉત્પન્ન થયેલો આકાશમાં ડોલાયમાન થતો રહે છે. ત્યારપછી તેમાં જ=આકાશમાં જ, પાણીના પરમાણુઓથી તે જ ક્રમ વડે મોટો દરિયો ઉત્પન્ન થયેલો ગાજતો રહે છે. ત્યારપછી તેમાં જ પાર્થિવ પરમાણુઓથી દ્વ્યણુક આદિના ક્રમથી મહાપૃથ્વી ઉત્પન્ન થયેલી સંહત રહે છે. તેમાં જ=તે જ મહાન ઉદધિમાં, તૈજસ પરમાણુઓથી દ્વ્યણુકાદિના ક્રમથી ઉત્પન્ન થયેલી મહાન તેજોરાશિ દેદીપ્યમાન થાય છે. આ રીતે સમુત્પન્ન થયેલ ચાર મહાભૂતોમાં મહેશ્વરના અભિધ્યાનમાત્રથી તૈજસના અણુઓથી પાર્થિવ પરમાણુ સહિતથી મોટો દંડ આરંભ થાય છે. તેમાં ચાર મુખવાળા સર્વ લોકોના પિતામહ બ્રહ્માને સર્વ ભુવન સહિત ઉત્પાદન કરીને પ્રજાના સર્ગમાં નિયોજન કરે છે=મહેશ્વર બ્રહ્માને પ્રજાનું સર્જન કરવાનું કામ સોંપે છે. અને તે મહેશ્વરથી વિનિયોજન કરાયેલ તે=બ્રહ્મા, બ્રહ્મના અતિશયરૂપ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યથી સંપન્ન. પ્રાણીઓના કર્મવિપાકને જાણીને કર્મને અનુરૂપ જ્ઞાન, ભોગ આયુષ્યવાળા પોતાના પુત્રો, પ્રજાપતિ, અને માનસ એવા મનુષ્યોને, દેવર્ષિને, પિતૃગણને, મુખ, બાહુ, ઉરુપાદથી=સાથળ, પગમાંથી ચાર વર્ણોને અને અન્ય પણ ઊંચાનીચા ભૂતોને સર્જન કરીને આશયને અનુરૂપ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વડે સંયોજન કરે છે, તે આ સર્વ અસંગત છે. કેવી રીતે ? એથી કહે છે—

શ્લોક :-

अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरपि नोचिता ।
न च प्रयोजनं किञ्चित्, स्वातन्त्र्यान्न पराज्ञया ।।७/२।।

શ્લોકાર્થ :-

અદેહવાળાની જગતના સર્જનમાં પ્રવૃત્તિ પણ ઉચિત નથી, અને કોઈ પ્રયોજન નથી=જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત એવા મહેશ્વરને જગત સર્જનમાં કોઈ પ્રયોજન નથી, અને પ્રયોજન નહીં હોવા છતાં પરાજ્ઞાથી કોઈ પ્રયત્ન કરે છે તેમ મહેશ્વર પણ પરાજ્ઞાથી કરે છે એવા ભ્રમના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે. સ્વતંત્રપણું હોવાથી મહેશ્વર પરાજ્ઞાથી જગતના સર્જનમાં પ્રવૃત્ત નથી. ।।૭/૨।।

ટીકા :-

यः किलास्य जगतो निर्माता स तावत्परैरशरीरित्वेनाभ्युपगतः, तस्य च स्वयमदेहस्य जगत्सर्गे=विश्वनिर्माणे, प्रवृत्तिरेव तावन्नोचिता, न हि स्वयमसिद्धः परान् साधयितुमलम्, न चैवं वाच्यम्, यदस्य भगवतः सर्वत्राप्रतिहता इच्छैव जगन्निर्माणे क्षमा, किमन्तर्गडुना देहेनेति, यतः इच्छा ह्यभिलाषरूपा, सा च शरीरवत एवात्मनः समीचीना, सकलेच्छाजालविलये चाशरीरता, तस्मादसङ्गतमङ्गविरहितस्यास्य जगन्निर्माणम् । ननु यदि पुनः किमपि प्रयोजनमधिकृत्यासौ जगत्सर्गे प्रवर्त्तते ! नैवम्, प्रेक्षावत्प्रवृत्तिरिष्टाधिगमार्था वा स्यादनिष्टपरिहारार्था वा, न चेष्टानिष्टप्राप्तिपरिहारावीश्वरे प्राप्तसमस्तकामे सम्भवतस्ततः किमस्य प्रयोजनम् । ननु कृतकृत्यस्यास्य माभूत् प्रयोजनम्, न चासौ क्वचिदपि पराज्ञया प्रवर्त्तते, केवलमस्खलितमस्य जगति प्रभुत्वमतः "प्रभुः स्वातन्त्र्यमापन्नो यदिच्छति करोति तत्" ततः स्वातन्त्र्यादसौ जगत्सर्गसंहारैः क्रीडतीति ।।७/२।।

ટીકાર્થ :-

यः किलास्य ..... क्रीडतीति ।। જે ખરેખર આ જગતના નિર્માતા છે તે પર વડે=અન્યદર્શનવાળા વડે, અશરીરીપણાથી સ્વીકારાયો છે, અને સ્વયં અદેહવાળા એવા તેની જગતના સર્જનમાં=વિશ્વના નિર્માણમાં, પ્રવૃત્તિ જ ઉચિત નથી.

કેમ ઉચિત નથી ? તેથી કહે છે –

સ્વયં અસિદ્ધ પરને સાધવા માટે સમર્થ થતો નથી=શરીર રૂપે મહેશ્વર સ્વયં અસિદ્ધ છે. તેથી શરીર વગર પર એવા જગતને સાધવા માટે સમર્થ થતો નથી, અને આ પ્રમાણે ન કહેવું.

શું ન કહેવું ? તેથી કહે છે –

જે કારણથી આ ભગવાનની સર્વત્ર અપ્રતિહત ઇચ્છા જ જગતના નિર્માણમાં સમર્થ છે, અંતર્ગડુ એવા દેહ વડે શું ?=મહેશ્વર સ્વયં દેહ રૂપે સિદ્ધ નથી. પરંતુ મહેશ્વરની સર્વ જગતના નિર્માણમાં

કોઈનાથી હણી ન શકાય તેવી ઈચ્છા જ જગતના નિર્માણમાં સમર્થ છે. તેથી, દેહધારી હોય તે જ નિર્માણ કરી શકે તેમ કહેવાની આવશ્યકતા નથી. એ પ્રમાણે ન કહેવું એમ અન્વય છે.

કેમ ન કહેવું ? તેથી કહે છે –

જે કારણથી અભિલાષ રૂપ ઈચ્છા છે, અને તે શરીરવાળા જ આત્માને સમુચિત છે. અને સકલ ઈચ્છાના સમૂહનો વિલય થયે છતે અશરીરતા છે, તે કારણથી અંગ રહિત એવા આનું=મહેશ્વરનું, જગતનિર્માણ અસંગત છે. 'ननु'થી પૂર્વપક્ષી કહે છે. જો વળી કોઈપણ પ્રયોજનને આશ્રયીને આ= મહેશ્વર, જગત્ સર્ગમાં પ્રવર્તે છે, એમ ન કહેવું. વિચારકની પ્રવૃત્તિ ઈષ્ટના પ્રાપ્તિ અર્થવાળી થાય અથવા અનિષ્ટના પરિહારાર્થવાળી થાય અને ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો પરિહાર, પ્રાપ્ત સમસ્તકામવાળા ઈશ્વરમાં=પ્રાપ્ત થયા છે સમસ્ત ઈચ્છિત જેને એવા ઈશ્વરમાં, સંભવતાં નથી. તેથી આનું=જગતનિર્માણનું, શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી. 'ननु'થી કહે છે. કૃતકૃત્ય એવા મહેશ્વરનું કોઈ પ્રયોજન ન હો=જગતના નિર્માણમાં કોઈ પ્રયોજન ન હો, અને આ=મહેશ્વર, ક્યારે પણ પરાજ્ઞાથી પ્રવર્તતા નથી. કેવલ આમનું=મહેશ્વરનું, જગતમાં અસ્ખલિત પ્રભુત્વ છે. આથી "સ્વાતંત્ર્ય પામેલા પ્રભુ જે ઈચ્છે છે તે કરે છે" તેથી આ ઈશ્વર સ્વતંત્ર હોવાથી જગતના સર્જન અને સંહાર વડે ક્રીડા કરે છે. ॥૭/૨॥

ભાવાર્થ :-

કેટલાક દર્શનકારો ઈશ્વરને દેહ વગરના સ્વીકારે છે તેથી જગતમાં તેઓ વિદ્યમાન રૂપે ચક્ષુથી ઉપલબ્ધ થતા નથી. છતાં તે ઈશ્વર જગતના સર્જનમાં પ્રવૃત્તિ કરે છે તેમ માને છે. તેનું નિરાકરણ કરતાં સ્તવનકારશ્રી કહે છે. દેહ વગરનાની જગતના સર્જનમાં પ્રવૃત્તિ છે એમ પણ કહેવું ઉચિત નથી; કેમ કે દેહધારી કુંભાર જ ઘટને નિષ્પન્ન કરતો દેખાય છે તે પ્રમાણે જગતના સર્જનની પ્રવૃત્તિ કોઈ કરતું હોય તો તે સર્જન કરનાર દેહધારી છે તેમ જ સ્વીકારવું અનુભવ અનુસાર યુક્ત જ છે; કેમ કે જગતમાં જે જે કાર્યો કરતા જીવો દેખાય છે તે સર્વ દેહધારી છે તેવી પ્રત્યક્ષ વ્યાપ્તિ દેખાય છે. છતાં દેહ વગરના એવા ઈશ્વરની જગતના સર્જનની પ્રવૃત્તિ છે તે કહેવું યુક્તિયુક્ત નથી. વળી, કદાચ સ્વીકારીએ કે દેહ વગરના પણ કોઈક પુરુષ જગતનું સર્જન કરે છે. તોપણ તે પ્રકારની પ્રવૃત્તિ કરવાનું ઈશ્વરને કોઈ પ્રયોજન નથી. અને વિચારક જીવ હંમેશાં પ્રયોજન અનુસાર પ્રવૃત્તિ કરે છે. જેમ સંસારીજીવો પણ સુખના પ્રયોજનથી સુખના ઉપાયોમાં પ્રવૃત્તિ કરે છે. અથવા દુઃખથી આત્માનું રક્ષણ કરવા દુઃખના નિવર્તનના ઉપાયોમાં પ્રવૃત્તિ કરે છે. જ્યારે ઈશ્વરને જગતના નિર્માણનું કોઈ પ્રયોજન નથી. માટે નિષ્પ્રયોજન પ્રવૃત્તિ ઈશ્વર કરે છે તેમ સ્વીકારવું ઉચિત નથી. વળી, સંસારમાં કોઈક પ્રવૃત્તિનું પોતાને પ્રયોજન ન હોય તોપણ બીજાની આજ્ઞા પોતે ઉલ્લંઘન કરી શકે તેમ ન હોય ત્યારે બીજાની આજ્ઞાથી નિષ્પ્રયોજન પ્રવૃત્તિ કરતા પણ જીવો દેખાય છે. પરંતુ ઈશ્વરની જગતના સર્જનમાં પરની આજ્ઞાથી પ્રવૃત્તિ છે તેમ પણ સ્વીકારવું ઉચિત નથી; કેમ કે ઈશ્વર કોઈને પરતંત્ર નથી. પરંતુ સ્વતંત્ર છે. આથી જ કર્મને પરતંત્ર જીવો પોતાની ઇચ્છા ન હોય તોપણ નરકાદિમાં

જન્મે છે. તેથી નરકાદિમાં જન્મને અનુકૂળ પ્રવૃત્તિ કર્મને પરતંત્ર તેઓને સંભવે છે. જ્યારે અન્ય દર્શનકારો વડે કલ્પના કરાયેલ ઈશ્વર તો કર્મને પરતંત્ર પણ નથી, માટે જગતના સર્જનમાં પરતંત્રતાથી પણ તેની પ્રવૃત્તિ સંગત થાય નહીં. માટે તેવા દેવ ઉપાસ્ય સ્વીકારી શકાય નહીં. આથી પૂર્વપક્ષી કહે છે કે અમારા ઈશ્વર સ્વતંત્ર છે તેથી જે ઇચ્છા થાય તે પ્રમાણે ઈશ્વર કરે છે માટે જગતનાં સર્જન અને સંહાર કરે છે. તેનો ઉત્તર આગળના શ્લોકમાં આપે છે. **॥૭/૨॥**

અવતરણિકા :-

आचार्यः –

અવતરણિકાર્થ :-

આચાર્ય કહે છે –

ભાવાર્થ :-

જે ઇચ્છા કરે છે તે કરે છે, એવું ઈશ્વરનું સ્વરૂપ છે. તેથી સ્વતંત્ર હોવાને કારણે આ=ઈશ્વર, જગતના સર્જન અને સંહારથી ક્રીડા કરે છે. અર્થાત્ જેમ બાળક ક્રીડા કરીને આનંદ લે છે, તેમ, શરીર વગરના પણ ઈશ્વર ક્રીડાથી જ જગતનું સર્જન અને સંહાર કરે છે. તેનું નિરાકરણ કરતાં આચાર્યો કહે છે –

શ્લોક :-

क्रीडया चेत्प्रवर्त्तेत, रागवान् स्यात् कुमारवत् ।
कृपयाथ सृजेत्तर्हि, सुख्येव सकलं सृजेत् ।।७/३।।

શ્લોકાર્થ :-

ક્રીડાથી=ઈશ્વરને જગતના સર્જનમાં કોઈ પ્રયોજન નથી તોપણ ક્રીડાથી, પ્રવર્તે છે. એમ અન્યદર્શનકારો જો કહે તો ગ્રંથકારશ્રી કહે છે. કુમારની જેમ રાગવાળા થાય=નાના બાળકની જેમ તમારા ઈશ્વર રાગવાળા થાય. હવે પૂર્વપક્ષી કહે કે કૃપાથી સર્જન કરે છે=જગતના જીવો પ્રત્યે કરુણાથી ઈશ્વર જગતનું સર્જન કરે છે, તો સુખી જ સકલનું સર્જન કરે=સકલ સંસારીજીવોને સુખી જ સર્જન કરે. ॥૭/૩॥

ટીકા :-

हंहो ! यद्यसौ भुवनसृष्टिसंहारेषु क्रीडया=विनोदमात्रेण प्रवर्त्तते तदा नियतं रागवान् स्यात्, क्रीडन-विनोदनादीनि हि रागनिबन्धनान्येव, किंवत् ? कुमारवत् । यथाहि बालाः प्रावृट्कालादौ शैवलिनीपुलिनादिषु जलक्लिन्नवालुकाभिः प्राकारप्रासादमन्दिरारामादीनि विरचय्य क्षणं प्रमुदितमनसः क्रीडन्ति, कालान्तरे च स्वयमेव सर्वमुपसंहृत्य यथागतं यान्ति, न च तत्प्रवृत्तिः प्रेक्षावतामभिमता, एवं भवदाप्तस्यापीति ।

પરઃ-યદ્યેવં નાસૌ ક્રીડયા જગન્તિ સૃજતિ, કિન્તુ કૃપયા ।

આચાર્યઃ–

ભોઃ ! પર ! ઇદમપિ ભવદ્વિકલ્પિતં ન પ્રમાણપદવીમાસાદયતિ । પશ્ય ! યદ્યસૌ પરમકારુણિકઃ કૃપયા=કરુણયા, સૃજતિ તદા જગદપ્યમન્દલક્ષ્મીપરિસ્પન્દસમ્પદ્યમાનસકલમનોભિલષિતાર્થસાર્થસુસ્થિતં સુખ્યેવ કિં ન સૃજેત્ ? । નચૈતદેવમ્ ।।૭/૩।।

ટીકાર્થ :-

હંહો ! યદ્યસૌ ..... નચૈતદેવમ્ ।। હંહોથી ટીકાકારશ્રી દેહ વગરના જગતના સર્જન કરનાર ઈશ્વરને માનનારા પૂર્વપક્ષીને સન્મુખ કરે છે અને કહે છે. જો આ=ઈશ્વર, જગતના સૃષ્ટિ અને સંહારમાં ક્રીડાથી=વિનોદ માત્રથી, પ્રવર્તે છે તો નિયત રાગવાળા થાય. અર્થાત્ ભોગવિલાસ કરવાના રાગવાળા નથી, પરંતુ ક્રીડા કરવાને અનુકૂળ નિયત રાગવાળા થાય. હિ=જે કારણથી, ક્રીડન, વિનોદ આદિ રાગનિબંધન જ છે. અર્થાત્ ક્રીડનને અનુકૂળ રાગથી જ ક્રીડન આદિની પ્રવૃત્તિ થાય છે.

કોની જેમ રાગવાળા છે ? તેથી કહે છે –

કુમારની જેમ=નાના બાળકની જેમ, જે પ્રમાણે બાળકો વર્ષાકાલ આદિમાં શૈવલિની-પુલિન આદિમાં=નદીના કિનારા આદિમાં, જલથી ભીંજાયેલી રેતી વડે કિલ્લા, પ્રાસાદ, મંદિર, બગીચા આદિ રચીને ક્ષણ પ્રમુદિત મનવાળા ક્રીડા કરે છે અને કાલાંતરમાં સ્વયં જ સર્વનો નાશ કરીને જે પ્રમાણે આવ્યા હોય તેમ જાય છે, અને તે પ્રવૃત્તિ પ્રેક્ષાવાનને=વિચારકને ઈષ્ટ નથી, એ રીતે તમારા આપ્તની પણ=તમારા ઈશ્વરની પણ, એ પ્રકારની પ્રવૃત્તિ=જગતનું સર્જન કરવું અને ત્યારપછી વિસર્જન કરવું તે, ઈષ્ટ નથી. પર કહે જો આમ છે=ક્રીડા માટે કરે છે, એમ સ્વીકારીએ તો બાળક જેવા રાગવાળા છે એમ કહેવાય. આ=ઈશ્વર, ક્રીડાથી જગતનું સર્જન કરતા નથી. પરંતુ કૃપાથી કરે છે. તેને આચાર્ય કહે છે. હવે, કૃપાથી સર્જન કરે છે તો સકલ જગતને સુખી જ સર્જન કરે.

તેને સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે. ભો પર !=હે પરદર્શનવાદી, આ પણ તમારું વિકલ્પિત=કૃપાથી સર્જન કરે છે એ પણ તમારું વિકલ્પિત, પ્રમાણપદવીને પ્રાપ્ત કરતું નથી=પ્રમાણભૂત બનતું નથી.

કેમ બનતું નથી ? તે બતાવવા માટે ટીકાકારશ્રી પૂર્વપક્ષીને કહે છે –

પશ્ય=તું જો ! જો આ=તમારા ઈશ્વર, પરમકારુણિક, કૃપાથી=કરુણાથી, સર્જન કરે છે. તો જગત પણ અમંદ લક્ષ્મીથી=વિપુલ લક્ષ્મીના પરિસ્પંદથી, સંપદ્યમાન સકલ મનના અભિલષિત અર્થના સમુદાયથી સુસ્થિત સુખી જ કેમ ન સર્જન કરે ? અર્થાત્ વિપુલ લક્ષ્મીની સંપત્તિથી પ્રાપ્ત થતા બધા મનના અભિલષિત અર્થના સમુદાયથી યુક્ત જગતને સુખી જ કેમ સર્જન કરતા નથી ? અને આ એ પ્રમાણે નથી=જગતનું સર્જન સકલ સુખી જ છે એ પ્રમાણે નથી. માટે તમારા ઈશ્વર પ્રમાણ રૂપ નથી. ।।૭/૩।।

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા દેહરહિત ઈશ્વર જગતનું સર્જન કરે છે તેમ માને છે, અને તે પ્રવૃત્તિ પ્રયોજન વગરની હોવાથી નિરર્થક છે. તેમ સ્તવનકારશ્રીએ પૂર્વ શ્લોકમાં કહ્યું ત્યાં પૂર્વપક્ષી કહે કે ઈશ્વરની આ લીલા છે. અર્થાત્ જગતનું સર્જન કર્યું અને વિસર્જન કર્યું એ ઈશ્વરની એક પ્રકારની ક્રીડા છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. જો ક્રીડાથી ઈશ્વર જગતનું સર્જન અને વિસર્જન કરે છે તો નાના બાળકની જેમ ઈશ્વર રાગવાળા થાય. તેથી, જેમ બાળક માટીમાં ઘર આદિનું નિર્માણ કરીને તેનું વિસર્જન કરે છે, તેમ તમારા ઈશ્વર જગતનું સર્જન કરવાની ક્રીડા કરે છે અને ત્યારપછી વિસર્જનની ક્રીડા કરે છે. તેથી નાના બાળકના જેવી ક્રીડા કરવામાં રાગવાળા દેવ વિવેકીને માટે ઉપાસ્ય સ્વીકારી શકાય નહીં. પરંતુ બાળક જેવા મૂર્ખ છે તેમ સ્વીકારવું પડે. આ આપત્તિના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે કે જગતના જીવો પ્રત્યે કરુણાથી ઈશ્વરે આ જગતનું સર્જન કર્યું છે. તેને સ્તવનકારશ્રી કહે છે કે જો ઈશ્વરની જગતના જીવો પ્રત્યે કરુણા હોય તો જગતના સર્વ જીવોને આનંદ પ્રાપ્ત થાય તેવી ઉત્તમસંપત્તિથી યુક્ત એવું જગત નિર્માણ કેમ કર્યું નથી ? જેથી જગતના બધા જીવો સુખી હોય અને તેવું જગત દેખાતું નથી માટે ઈશ્વરે કરુણાથી જગતનું સર્જન કર્યું છે તેમ માનવું ઉચિત નથી. માટે જગતના સર્જન કરનારા દેવ ઉપાસ્ય છે તેમ સ્વીકારી શકાય નહીં. પરંતુ વીતરાગ જ ઉપાસ્ય દેવ છે તેમ સ્વીકારી શકાય. **॥૭/૩॥**

અવતરણિકા :-

ततश्च –

અવતરણિકાર્થ :-

-અને તેથી=આખું જગત સુખી નથી પરંતુ ઉપદ્રવવાળું છે તેથી, તેવા જગતને સર્જન કરનારા ઈશ્વર કૃપાળુ કહી શકાય નહીં. એ બતાવતાં કહે છે –

શ્લોક :-

दुःखदौर्गत्यदुर्योनिजन्मादिक्लेशविह्वलम् ।
जनं तु सृजतस्तस्य, कृपालोः का कृपालुता ? ।।७/४।।

શ્લોકાર્થ :-

દુઃખ, દૌર્ગત્ય, દુર્યોનિ, જન્માદિ કલેશથી વિહ્વલ લોકોને સર્જન કરતા કૃપાલુ એવા તેની=કૃપાલુ એવા ઈશ્વરની, કૃપાલુતા શું છે ? અર્થાત્ કૃપાલુતા નથી, નિર્દયતા જ છે. ॥૭/૪॥

ટીકા :-

तत्र दुःखं कायवाङ्मानसम्, दौर्गत्यं=दरिद्रता, दुर्योनिः तिर्यग्नारकादिका, जन्ममरणसमये च दुरन्तो वेदनासमुद्घात इत्यादिभिः क्लेशैर्विह्वलं विवशम्, जनं भुवनलोकम्, कृपालोरपि तस्य सृजतः का नाम कृपालुता ? प्रत्युत निर्निमित्तं निर्दयत्वमेवेति ।।७/४।।

ટીકાર્થ :-

तत्र दुःखं ..... निर्दयत्वमेवेति ।। ત્યાં=શ્લોકમાં કહેલા જનના વિશેષણમાં, દુઃખ એ કાય, વાણી અને માનસિક છે. દૌર્ગત્ય એ દરિદ્રતા છે. દુર્યોનિ એ તિર્યંચ, નારકાદિ છે. જન્મ, મરણના સમયમાં અત્યંત વેદનાનો સમુદ્‌ઘાત છે=વેદનાની વિહ્વળતા છે, ઇત્યાદિ ક્લેશથી વિહ્વળ=વિવશ, એવા જનને=ભુવનના લોકોને, સર્જન કરતા કૃપાલુ પણ તેની=ઈશ્વરની, કઈ કૃપાલુતા છે ? ઊલટું નિર્નિમિત્ત નિર્દયપણું છે. અર્થાત્ કોઈ જીવોએ ઈશ્વરનો કોઈ ગુનો કર્યો નથી, છતાં એવા નિમિત્ત વગર નિર્દય એવા ઈશ્વરે ક્લેશકારી જગતનું સર્જન કર્યું છે તેમ માનવું પડે. ॥૭/૪॥

ભાવાર્થ :-

અન્યદર્શનકારો ઈશ્વરને કૃપાળુ માને છે. અને જગતનું સર્જન કરનારા માને છે. તેથી, ગ્રંથકારશ્રી કહે છે કે જો ઈશ્વર કૃપાળુ હોય તો તેનાથી સર્જન કરાયેલા જીવો કાય, વાણી અને માનસિક દુઃખવાળા પ્રત્યક્ષથી ઘણા દેખાય છે, ઘણા દરિદ્રો દેખાય છે, ઘણા તિર્યંચ નારકાદિમાં જન્મ્યા છે અને જગતના જીવ માત્રને જન્મ-મરણ સમયે અત્યંત વેદના થાય છે. તેથી, ઈશ્વરના સર્જન કરાયેલા બધા જીવો કોઈક ને કોઈક પ્રકારે દુઃખી પ્રાપ્ત થાય છે. માટે તેવા દુઃખથી વિહ્વલ જીવોને સર્જનાર ઈશ્વર કૃપાળુ છે તેમ કહી શકાય નહીં. પરંતુ જગતના જીવોને દુઃખી કરવાના સ્વભાવવાળા છે એમ જ માનવું પડે અને તેવા ઈશ્વરને ઉપાસ્ય દેવ કહી શકાય નહીં. પરંતુ પોતાનાં કર્મોથી વિડંબના પામતા જગતના જીવો જેમની ઉપાસનાથી કર્મની વિડંબનાથી મુક્ત થાય તેવા જ વીતરાગ સર્વજ્ઞ ઉપાસ્ય દેવ છે તેમ સ્વીકારવું ઉચિત છે. અને તેવા દેવની જ ઉપાસના કરીને સંસારના સર્વ ઉપદ્રવોથી આત્માનું રક્ષણ કરવું જોઈએ એ જ વિવેકી પુરુષનો વિવેક છે. **॥૭/૪॥**

અવતરણિકા :-

परः-नन्वसावपि प्राणिनां धर्माधर्मावपेक्ष्य कर्मानुरूपमेव फलं प्रदातुमलम्, न पुनर्न्यूनाधिकम् । आचार्यः –

અવતરણિકાર્થ :-

પર=પૂર્વપક્ષી કહે છે, આ પણ=અમારા ઈશ્વર પણ, જીવોને ધર્માધર્મની અપેક્ષાએ=જીવો ધર્મ કરે અને અધર્મ કરે એવી અપેક્ષા રાખીને, કર્મને અનુરૂપ જ ફલને=સંસારી જીવોએ જે પ્રકારનું કર્મ કર્યું હોય એને અનુરૂપ જ ફલને, આપવા માટે સમર્થ છે. પરંતુ ન્યૂન-અધિક ફલ આપવા સમર્થ નથી. તેને આચાર્ય કહે છે –

ભાવાર્થ :-

પૂર્વપક્ષી ઈશ્વરને જગતનું સર્જન કરનારા માને છે અને જગતના જીવો અનાદિના છે તેમ માને છે. તેથી તે જીવો જે પ્રકારનું વર્તમાનમાં કૃત્ય કરે છે તેનાથી તેઓમાં ધર્મ, અધર્મ પ્રગટ થાય છે અને ઈશ્વર તે જીવોને તેઓનાથી સેવાયેલા ધર્મ, અધર્મને અનુરૂપ જ ફલ આપવા માટે સમર્થ છે. પરંતુ કોઈ જીવે ઘણો

ધર્મ કર્યો હોય તો તેને ન્યૂનફલ આપવું કે અધિક ફલ આપવું ઈશ્વરને આધીન નથી. અને કોઈ જીવે પાપ કર્યું હોય તેને પાપનું ફલ ન આપવું કે ઓછું આપવું ઈશ્વરને આધીન નથી. તેથી જગતના જીવોની પોતાની વિપરીત પ્રવૃત્તિઓને કારણે જ સર્વ વિડંબના છે. ફક્ત તે જીવોનાં તે તે કૃત્યોનાં સુંદર કે અસુંદર ફલ આપવા માટે જ ઈશ્વર પ્રયત્ન કરે છે. એ પ્રકારે પરદર્શનવાદી કહે તો આચાર્ય કહે છે –

શ્લોક :-

कर्मापेक्षः स चेत्तर्हि, न स्वतन्त्रोऽस्मदादिवत् ।
कर्मजन्ये च वैचित्र्ये, किमनेन शिखण्डिना ।।७/५।।

શ્લોકાર્થ :-

કર્મની અપેક્ષાવાળા તે=ઈશ્વર=જગતના જીવોની કર્મની અપેક્ષાવાળા એવા મહેશ્વર, જગતના જીવોને દુઃખ-સુખ આપે છે. એમ જો જગતકર્તૃત્વવાદી કહે તો આપણા આદિની જેમ સ્વતંત્ર નથી=મહેશ્વર સ્વકાર્ય કરવામાં સ્વતંત્ર નથી. અને કર્મજન્ય વૈચિત્ર્ય હોતે છતે=જગતના જીવોનું કર્મજન્ય વૈચિત્ર્ય હોતે છતે આ શિખંડી વડે શું ?=નિરર્થક પ્રવૃત્તિ કરનારા આ ઈશ્વર વડે શું ? ।।૭/૫।।

ટીકા :-

हे सरलस्वभाव ! चेद्यदि सोऽप्यतिशयज्ञानवैराग्यैश्वर्ययुक्तो भवदाप्तः, प्राणिनां शुभाशुभफलदानावसरे कर्मापेक्षः=कर्मणो मुखमीक्षते, तर्हि शश्वत्कर्मपरतन्त्रोऽस्मदादिवन्न स्वतन्त्रः, परायत्तस्य च किमीश्वरत्वम् ? । तदेवमस्मिन् जगति तिर्यग्नारकनरामरसुखितदुःखितसधननिर्धनसुभगदुर्भगस्वामिसेवकादिवैचित्र्ये निखिलेऽपि कर्मजन्ये कर्मोत्पाद्ये, अनेन भवदादृतेनेश्वरादिना शिखण्डिना सर्वथैवाकिञ्चित्करत्वात्तृतीयप्रकृतिना किम् ? न किञ्चिदित्यर्थः एवं च किमन्यान्यगवेषणया ? सर्वत्र स्वातन्त्र्येण व्यवहरतः कर्मणः एव भवत्वप्रतिहतं प्रभुत्वम् । पठन्ति च–

"नमस्यामो देवान्ननु हतविधेस्तेऽपि वशगाः, विधिर्वन्द्यः सोऽपि प्रतिनियतकर्मैकफलदः ।
फलं कर्मायत्तं यदि किममरैः किञ्च विधिना, नमः सत्कर्मभ्यो विधिरपि न येभ्यः प्रभवति ।।१।।" ।।७/५।।

ટીકાર્થ :-

हे सरलस्वभाव ! ..... प्रभवति ।। હે સરલસ્વભાવ ! પૂર્વપક્ષી જો તે પણ અતિશય, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્યથી યુક્ત તમારા આપ્ત પ્રાણીઓને શુભાશુભ ફલના દાનના અવસરે કર્મની અપેક્ષાવાળા છે= કર્મના મુખને જોનારા છે, એમ જો તું માને છે તો અમારા આદિની જેમ નિરંતર કર્મપરતંત્ર છે, સ્વતંત્ર નથી અને પરાયત્તનું ઈશ્વરપણું કેવી રીતે હોય ? અર્થાત્ કર્મને પરાધીન પુરુષનું ઈશ્વરપણું કેવી રીતે હોય ? આ રીતે તિર્યંચ, નારક, અમરના જીવોનું સુખિત-દુઃખિત, સધનવાળું-નિર્ધનવાળું, સુભગવાળું-

દુર્ભગવાળું, સ્વામી-સેવક આદિના વૈચિત્ર્યવાળું નિખિલ પણ આ જગત કર્મજન્ય=કર્મઉત્પાદ્ય, હોતે છતે, આના દ્વારા તમારા વડે સ્વીકારેયલા ઈશ્વર આદિ શિખંડી વડે=સર્વથા અકિંચિત્કરપણું હોવાથી તૃતીય પ્રકૃતિવાળા એવા નપુંસક વડે, શું ? અર્થાત્ કોઈ અર્થ નથી=તેમને સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી અને આ રીતે અન્ય અન્ય ગવેષણાથી શું ?=ઈશ્વર દયાળુ છે માટે જગત કરે છે અથવા જગતના જીવોને કર્મને અનુરૂપ ફળ આપનારા છે, એ પ્રકારે અન્ય અન્ય ગવેષણા વડે શું ? સર્વત્ર સ્વતંત્રપણાથી વ્યવહાર કરનારા કર્મનું જ અપ્રતિહત પ્રભુત્વ હો. અર્થાત્ દરેક જીવોનાં કર્મો ફળ આપવા પ્રત્યે કોઈને પરતંત્ર નથી. પરંતુ સ્વતંત્રપણાથી ફળ આપવાની પ્રવૃત્તિ કરે છે. માટે જગતના સર્જનમાં કર્મનું જ નહીં હણાયેલું પ્રભુત્વ સ્વીકારવું જોઈએ. કર્મને પરતંત્ર તમોને અભિમત એવા ઈશ્વરનું પ્રભુત્વ સ્વીકારી શકાય નહીં. અને કહે છે "ખરેખર દેવોને અમે નમસ્કાર કરીએ છીએ. અર્થાત્ દેવો અચિંત્ય સામર્થ્યવાળા છે માટે અમે તેમને નમસ્કાર કરીએ છીએ. તેઓ પણ=દેવો પણ, હણાયેલી વિધિને વશ છે= હણાયેલા ભાગ્યને વશ દેવો છે, તેથી વિધિ વન્દ્ય છે=ભાગ્ય વન્દ્ય છે, અને તે પણ=વિધિ પણ, પ્રતિનિયત એવા કર્મના એક ફલને દેનારી છે=જે પ્રકારનું પ્રતિનિયત કર્મ હોય તેને અનુરૂપ જ વિધિ ફલને દેનારી છે, માટે વિધિ પણ કર્મને આધીન છે, જો ફલ કર્મને આધીન છે તો દેવો વડે શું ? વિધિ વડે શું ? સત્કર્મોને નમસ્કાર થાઓ=ફલ આપવા માટે સમર્થ એવાં કર્મોને નમસ્કાર થાઓ. વિધિ પણ જેનાથી પ્રભવ પામતી નથી=સત્કર્મોથી અધિક કાર્ય કરવા સમર્થ બનતી નથી. પરંતુ સત્કર્મને આધીન જ વિધિ પ્રવર્તે છે." **॥૭/૫॥**

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું છે કે જો ઈશ્વર દયાળુ હોય તો જગતને સુખી જ સર્જન કરવું જોઈએ અને જગતને દુઃખી સર્જન કર્યું છે તેથી ઈશ્વરને દયાળુ સ્વીકારી શકાય નહીં. તેના સમાધાન રૂપે જગતનું સર્જન કરનાર ઈશ્વરને માનનાર વાદી કહે કે જગતના જીવોની કર્મની અપેક્ષાએ ઈશ્વર જીવોને ફલ આપે છે. માટે જગતમાં જે જીવોને દુઃખો પ્રાપ્ત થાય છે તે તેઓનાં દુષ્ટકર્મોનું જ ફળ છે. ઈશ્વર તો દયાળુ સ્વભાવવાળા છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે જેમ અમે કર્મને પરતંત્ર છીએ તેમ તમારા ઈશ્વર પણ કર્મને પરતંત્ર છે તેમ સિદ્ધ થાય માટે તેને ઈશ્વર સ્વીકારી શકાય નહીં. ફક્ત અમે સંસારીજીવો પોતાના સર્જન કરાયેલા કર્મને પરતંત્ર છીએ. તેથી કર્મ અનુસાર સુખ-દુઃખને પ્રાપ્ત કરીએ છીએ, જ્યારે તમારા ઈશ્વર તો સંસારીજીવોના કર્મને પરતંત્ર જગતના જીવોને સુખ-દુઃખ આપવાની નિરર્થક ક્રિયામાં વ્યાપારવાળા થાય છે. માટે કર્મને પરતંત્ર જેઓ છે તેને ઈશ્વર સ્વીકારી શકાય નહીં. વળી, આખા જગતના જીવો કર્મજન્ય વૈચિત્ર્યવાળા હોય તો કર્મથી જ તે કાર્ય થાય છે તેમ સ્વીકારવું ઉચિત છે. પરંતુ જગના જીવોને કર્મનાં ફળ આપવા માટે ઈશ્વરને સ્વીકારવાનું કોઈ પ્રયોજન નથી; કેમ કે નિરર્થક ક્રિયા કરનારા છે. આશય એ છે કે સંસારીજીવો પોતાના સુખના પ્રયોજનથી ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે. સિદ્ધના જીવો પૂર્ણ સ્વસ્થ હોવાથી અક્રિયસ્વભાવમાં વર્તે છે. જ્યારે જગતને ફળ આપવામાં વ્યાપારવાળા ઈશ્વર પોતાના સુખના પ્રયોજનથી પણ જગતના જીવોને ફળ આપવામાં વ્યાપારવાળા નથી. તેથી

નિરર્થક ચેષ્ટા કરીને પોતાની વિડંબના કરનારા છે. તેવા ઈશ્વરને સ્વીકારવા કરતાં કર્મને જ જગતના સર્જનમાં અપ્રતિહત શક્તિવાળું સ્વીકારવું ઉચિત છે. ॥૭/૫॥

અવતરણિકા :-

પરઃ—ननु किमनेन पृथग्जनोचितेनालापचापलेन ? स हि भगवान्महेशस्ततोऽस्य विश्वनिर्माणादिका वृत्तिश्चेष्टा अवितर्क्या, कथं किंनिमित्तं वा जगन्त्यसौ सृजतीति न वितर्कणीया, कुतः ? स्वभावतः, जगत्कृतिसंहृतिरूपः स्वभाव एवास्य, स च न पर्यनुयोगमर्हतीति । आचार्यः —

અવતરણિકાર્થ :-

પર કહે છે— આ સામાન્ય જનને ઉચિત એવા આલાપના ચાપલ્યથી શું ?=સામાન્ય પુરુષ પોતાની મતિ અનુસાર જે તે આલાપ કરીને જગતના સર્જન કરનારા ઈશ્વરનો અપલાપ કરે છે તેવા જીવોના આલાપ વડે શું ? અર્થાત્ તે આલાપ નિરર્થક છે. હિ=જે કારણથી, તે ભગવાન મહેશ છે. તેથી આની વિશ્વના નિર્માણને કરનારી વૃત્તિ રૂપ ચેષ્ટા અવિતર્ક્ય છે=મહેશ્વર વિશ્વનું નિર્માણ કેમ કરે છે અથવા કયા નિમિત્તથી આ=મહેશ્વર, જગતનું સર્જન કરે છે એ વિતર્ક કરવા યોગ્ય નથી. કયા કારણથી ? કયા કારણથી આ મહેશ્વર વિશ્વનિર્માણ કરે છે ? એથી કહે છે – સ્વભાવ હોવાથી=મહેશ્વરનો તેવો સ્વભાવ હોવાથી, તે સર્જન કરે છે. આનો=મહેશ્વરનો, જગતની કૃતિ અને સંહૃતિરૂપ સ્વભાવ છે=મહેશ્વરનો જગતના સર્જનરૂપ કૃતિનો સ્વભાવ છે અને જગતના વિસર્જન કરવા રૂપ સંહૃતિ સ્વભાવ છે, અને તે=મહેશ્વરનો સ્વભાવ, પ્રશ્ન કરવાને માટે યોગ્ય નથી. અર્થાત્ આવો સ્વભાવ કેમ છે ? એ પ્રશ્ન કરવા માટે યોગ્ય નથી. એને આચાર્ય કહે છે –

શ્લોક :-

अथ स्वभावतो वृत्तिरवितर्क्या महेशितुः ।
परीक्षकाणां तर्ह्येष, परीक्षाक्षेपडिण्डिमः ।।७/६।।

શ્લોકાર્થ :-

હવે મહેશ્વરની વૃત્તિ સ્વભાવથી હોવાને કારણે અવિતર્ક્ય છે. તો પરીક્ષકોને=પરીક્ષા કરીને પ્રવૃત્તિ કરનારા બુદ્ધિમાનોને, આ પરીક્ષાક્ષેપનો ડિંડિમ છે=બુદ્ધિમાન પુરુષોએ કોઈ વસ્તુની પરીક્ષા કરવી જોઈએ નહીં પરંતુ મૂઢતાથી જ તેનો સ્વીકાર કરવો જોઈએ એ પ્રકારે સૂચન કરનાર પૂર્વપક્ષીનું વચન છે. ॥૭/૬॥

ટીકા :-

हंहो ! साधु समर्थमुत्तरं दत्तवानसि, परोपरुद्धानां हि दुर्बलवादिनां स्वभावोक्तिमन्तरेण किमन्यदपयानद्वारम् । एवं भवदाप्तनिश्चिताप्तत्वपरीक्षकाणामेष तत्स्वभावोक्तिलक्षणः परीक्षाक्षेपडिण्डिमः, केनाप्यस्य परीक्षा

न विधेयेति प्रतिषेधार्थं पटहघोष इव, स च तत्त्वतोऽकीर्त्तिपटहघोष एव, कुतः ? यत्किलैहिकाल्पप्रयोजनमात्रसाधकं कनकाद्युपादीयते तदपि तदर्थिभिः कषतापताडनच्छेदादिपरीक्षापूर्वकमेव, यस्माच्च सर्वोत्तमा परमपदावाप्तिरिष्यते, स कथं प्रेक्षापूर्वकारिभिरपरीक्षितः परिगृहीष्यत इति यत्किञ्चिदेतत् ।।७/६।।

ટીકાર્થ :-

हंहो ! साधु ..... यत्किञ्चिदेतत् ।। 'हंहो'થી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને સન્મુખ કરે છે, સુંદર સમર્થ ઉત્તર તું આપે છે=મહેશ્વર સ્વભાવથી જ જગતનું સર્જન અને વિસર્જન કરે છે એ સુંદર ઉત્તર તેં આપ્યો છે. 'हि'=જે કારણથી, પરથી ઉપરુદ્ધ એવા દુર્બલવાદીઓને=પ્રતિવાદી જ્યારે અનેક યુક્તિઓથી પોતાના પક્ષનું નિરાકરણ કરે ત્યારે જવાબ આપવામાં અસમર્થ હોય એવા દુર્બલવાદીઓને, સ્વભાવની ઉક્તિ વગર અન્ય અપયાન દ્વાર શું છે ?=પ્રતિવાદીના કથનને દૂર કરવાનો માર્ગ સ્વભાવઉક્તિ સિવાય અન્ય નથી. આ રીતે, તમારા આપ્તના નિશ્ચિત આપ્તત્વના પરીક્ષકોને તેમના સ્વભાવના ઉક્તિલક્ષણ આ=મહેશ્વરનો તેવો સ્વભાવ છે એ, પરીક્ષાક્ષેપની ડિંડિમ છે. અર્થાત્ કોઈએ ચણ આપ્તત્વની પરીક્ષા કરવી જોઈએ નહીં. એ પ્રકારે પ્રતિષેધ માટે પટહના ઘોષ જેવો છે અને તે= પરીક્ષા નહીં કરવાનો પટહ, તત્વથી અકીર્તિનો પટહઘોષ જ છે=તમારા મહેશ્વરની અકીર્તિને પ્રગટ કરવાનો પટહઘોષ જ છે.

ક્યા કારણથી ?=ક્યા કારણથી મહેશ્વરની અકીર્તિ છે ? એથી કહે છે –

જે કારણથી ખરેખર આ લોકના અલ્પ પ્રયોજન માત્ર સાધક સુવર્ણાદિ ગ્રહણ કરાય છે તે પણ તેના અર્થી વડે કષ, તાપ, તાડન, છેદ આદિ પરીક્ષાપૂર્વક જ ગ્રહણ કરાય, અને જેનાથી સર્વોત્તમ પરમપદની પ્રાપ્તિ ઈચ્છાય છે=જે દેવની ઉપાસનાથી સર્વોત્તમ એવા મોક્ષપદની પ્રાપ્તિ ઈચ્છાય છે. કેવી રીતે પ્રેક્ષાપૂર્વક પ્રવૃત્તિ કરનારા વડે અપરીક્ષિત એવા તે=ઉપાસ્ય એવા દેવ, ગ્રહણ કરાશે. એથી આ=મહેશ્વરનો તેવો સ્વભાવ છે એ ઉત્તર, યત્કિંચિત્ છે=અર્થ વગરનો છે. ।।૭/૬।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જગતનું સર્જન કરનાર મહેશ્વર છે, તેમ સ્વીકારવું સંગત નથી તે યુક્તિથી સ્થાપન કર્યું. તેથી જગતના સર્જન કરનાર, મહેશ્વરને સ્વીકારનારા વાદી કહે કે મહેશ્વરનો તેવો જ સ્વભાવ છે કે જગતનું સર્જન કરે અને સંહાર કરે.

માટે સ્વભાવ તેવો કેમ છે ? એ પ્રકારના પ્રશ્ન કરી શકાય નહીં તેને ગ્રંથકારશ્રી કહે છે –

મહેશ્વરની સ્વભાવથી જ તેવી પ્રવૃત્તિ છે. માટે ત્યાં પ્રશ્ન કરી શકાય નહીં. એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે દેવ કેવા હોવા જોઈએ તેની પરીક્ષા કરીને દેવને સ્વીકારનારા જીવોએ દેવની પરીક્ષા કરવી જોઈએ નહીં. એ પ્રકારના પ્રતિષેધનો આ તમારો પટહઘોષ છે. વસ્તુતઃ સંસારના અલ્પ પ્રયોજન માત્રના સાધક એવા સુવર્ણ આદિને પણ વિચારકો પરીક્ષા કરીને ગ્રહણ કરે છે. તો જેની ઉપાસનાથી સર્વોત્તમ એવા પરમપદને

પ્રાપ્ત કરવું છે તે દેવ કેવા સ્વરૂપવાળા હોવા જોઈએ જેથી તે દેવની ઉપાસનાથી તેની પ્રાપ્તિ થાય તેની પરીક્ષા કર્યા વગર કોઈ વિચારક કઈ રીતે તે દેવને ગ્રહણ કરી શકે અર્થાત્ મૂઢજીવ જ પરીક્ષા વગર તેવા દેવને સ્વીકારે. પરમાર્થથી તો પરમપદની પ્રાપ્તિ કરવાના માટે જે દેવની ઉપાસના કરવાથી પરમપદ પ્રાપ્ત થાય છે તે દેવ તેવા સ્વરૂપવાળા છે કે નહીં તેનો નિર્ણય કરવો આવશ્યક છે; કેમ કે પરમપદની પ્રાપ્તિનો ઉપાય બતાવનારા દેવ સ્વયં પરમપદને પામેલા ન હોય તો તેમની ઉપાસનાથી કઈ રીતે પરમપદની પ્રાપ્તિ થઈ શકે ? **॥૭/૬॥**

અવતરણિકા :-

एवं च यौक्तिकोक्तिनिरुत्तरः परोऽभ्युपगमकाम इवाचार्यमाह–साधु भगवन्नविसंवादसुन्दरेयं भवद्भणितिरेनमेव चार्थमस्मद्वर्ग्या अपि पठन्ति –

'अत एव निरीक्ष्य दुर्घटम्, जगतो जन्मविनाशडम्बरम् ।

न कदाचिदनीदृशं जगत्, कथितं नीतिरहस्यवेदिभिः ।।१।।' **इति,**

तस्मादिदमिह रहस्यम् यत् किलास्मत्प्रभुर्न खलु जगन्ति सृजति, किन्तु विशिष्टज्ञानबलाद्विश्वविश्वतत्त्वं जानीते ।

અવતરણિકાર્થ :-

અને આ રીતે=પ્રસ્તુત પ્રકાશમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, યુક્તિયુક્ત કથનથી નિરુત્તર કરાયેલો પર સ્વીકારવાની કામનાવાળાની જેમ આચાર્યને કહે છે– હે ભગવન્, અવિસંવાદથી સુંદર આ તમારી ભણિતિ છે=તમારું કથન છે, અને આ જ અર્થને અમારા વર્ગવાળા પણ કહે છે. "આથી જ જગતના દુર્ઘટ જન્મ-વિનાશના આડમ્બરને જોઈને નીતિનાં રહસ્યોને જાણનારાઓ વડે ક્યારેય પણ અનીદૃશ જગત કહેવાયું નથી=જન્મ-મરણના ઉપદ્રવ વગરનું જગત ક્યારેય કહેવાયું નથી". **તે કારણથી આ અહીં રહસ્ય છે. જે ખરેખર અમારા પ્રભુ જગતનું સર્જન કરતા નથી પરંતુ વિશિષ્ટ જ્ઞાનના બલથી વિશ્વવિશ્વના તત્ત્વને જાણે છે=સંપૂર્ણ વિશ્વના સ્વરૂપને જાણે છે. તેને આચાર્ય કહે છે –**

શ્લોક :-

सर्वभावेषु कर्तृत्वं, ज्ञातृत्वं यदि सम्मतम् ।
मतं नः सन्ति सर्व्वज्ञा, मुक्ताः कायभृतोऽपि च ।।७/७।।

શ્લોકાર્થ :-

સર્વભાવોમાં કર્તૃત્વ=ઈશ્વરનું કર્તૃત્વ, જો જ્ઞાતૃત્વ સંમત છે, તો સર્વજ્ઞો, મુક્ત અને કાયભૃત પણ છે એ પ્રમાણેનો અમારો મત છે. ॥૭/૭॥

ટીકા :-

साधु भोः ! सत्यमसि प्रेक्षापूर्वकारी ? ततो यदि भूभूधरादिषु सर्वेष्वपि चराचरेषु भावेषु भवतो निजाप्तस्य ज्ञातृत्वमेव कर्तृत्वं संमतम्, ततोऽस्माकमेवमेतत्सुतरां संमतम्, यतोऽस्मदाप्ता अपि भगवन्तो विमलकेवलालोक-दर्प्पणसंक्रान्तविश्वविश्वस्वरूपावलोकित्वेन सन्ति सर्वज्ञाः, भवबीजाङ्कुरजनकरागाद्यत्यन्ताभावेन च मुक्ताः, तथाविधभवोपग्राहिकर्मचतुष्टयपारतन्त्र्यात् कञ्चित्कालं कायभृतश्चेति न किञ्चिदसङ्गतम् ।।७/७।।

ટીકાર્થ :-

साधु भोः ! सत्यमसि ..... किञ्चिदसङ्गतम् ।। ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે. સુંદર હે ! પ્રેક્ષાપૂર્વકારી તું સત્ય છે ? તેથી જો ભૂમિ, પર્વત આદિ સર્વ પણ ચરાચરભાવોમાં તમારા નિજ આપ્તનું જ્ઞાતૃત્વ જ કર્તૃત્વ સંમત છે=જગતના બધા પદાર્થોના પર્યાયનું જ્ઞાતૃત્વ છે તે જ કર્તૃત્વ સંમત છે, તો અમોને આ રીતે આ=અમારા ભગવાનનું જ્ઞાતૃત્વ રૂપે કર્તૃત્વ છે એ રૂપે એ, અત્યંત સંમત છે. જે કારણથી અમારા આપ્ત પણ ભગવાનને વિમલ એવા કેવલજ્ઞાનરૂપી દર્પણમાં સંક્રાંત વિશ્વવિશ્વના=પરિપૂર્ણવિશ્વના, સ્વરૂપના અવલોકિપણાથી સર્વજ્ઞ છે. ભવબીજના અંકુરના જનક રાગાદિના અત્યંત અભાવને કારણે મુક્ત છે, અને તેવા પ્રકારના ભવોપગ્રાહી કર્મચતુષ્ટય પારતંત્ર્યથી કેટલો કાળ કાયને ધારણ કરનારા છે. તેથી કંઈક અસંગત નથી=સર્વજ્ઞ મુક્ત હોવા છતાં શરીરધારી અમારા ઈશ્વર છે, એ પ્રકારનું કથન અસંગત નથી. ।।૭/૭।।

ભાવાર્થ :-

ભગવાન જગતના સર્જન કરનારા છે તે વચન સર્વથા યુક્તિ રહિત છે, તોપણ ભગવાન કેવલજ્ઞાનમાં જગતના સર્વપદાર્થો જે કાળે જે સ્વરૂપે જે ક્ષેત્રમાં જે રીતે થાય છે તે સર્વ પર્યાયને જાણે છે. તેથી ભગવાનમાં સર્વજ્ઞેયનું જ્ઞાતૃત્વ છે, અને ભગવાનના જ્ઞાનમાં જે પ્રકારે જગતના પદાર્થો દેખાય છે, તે પ્રકારે જ તે તે કાળમાં તે તે પદાર્થો તે તે સ્વરૂપે થાય છે. માટે ભગવાનમાં રહેલું જ્ઞાતૃત્વ જ ઉપચારથી તે પદાર્થોનું કર્તૃત્વ છે. એમ જો પૂર્વપક્ષી સ્વીકારે તો અમને તેવું કર્તૃત્વ સંમત છે; કેમ કે અમારો મત છે કે તીર્થંકરો સર્વજ્ઞ છે. તેથી જગતના ત્રણેય કાળવર્તી સર્વ પદાર્થોના પર્યાય જાણે છે. અને ઘાતિકર્મોથી મુક્ત છે તે અપેક્ષાએ ભગવાન સર્વથા મુક્ત નહીં હોવા છતાં અમે મુક્ત સ્વીકારીએ છીએ. અને ભવોપગ્રાહીકર્મ વિદ્યમાન હોવાથી અમે કાયને ધારણ કરનારા પણ સ્વીકારીએ છીએ તેથી, ભગવાન શરીરધારી હોવાને કારણે જગતમાં સન્માર્ગ બતાવે છે, તે કથન પણ અમારા મતે સંગત થાય છે અને ભગવાનનું ઉપચારથી કર્તૃત્વ સ્વીકારવામાં કોઈ દોષની પ્રાપ્તિ નથી. પરંતુ જેઓ જગતને ઉત્પન્ન અને સંહાર કરનારા ભગવાન છે તેમ સ્વીકારે છે તેઓને પૂર્વમાં બતાવ્યા તે સર્વદોષોની પ્રાપ્તિ છે. વળી ભગવાનના ઉપચારથી જગતકર્તા સ્વીકારવા માત્રથી ભગવાનને રાગ-દ્વેષ સ્વીકારવાની આપત્તિ નથી; કેમ કે જગતનું સર્જન કરે છે અને

વિસર્જન કરે છે. તેમ સ્વીકારીએ તો જ જગતનું સર્જન કરવામાં અને વિસર્જન કરવામાં રાગ-દ્વેષવાળા સ્વીકારવાની આપત્તિ આવે. જ્યારે જીવનો જ્ઞાન સ્વભાવ છે તેથી ભગવાન જગતના સર્વ પદાર્થોના પર્યાય જાણે છે તેમ સ્વીકારવાથી ભગવાનને રાગી-દ્વેષી સ્વીકારવાની આપત્તિ નથી. **॥૭/૭॥**

અવતરણિકા :-

एवं स्तुतिकृद् भगवदनुग्रहादुन्मीलदमलविवेकानभ्युपपत्तिपरान्परानाधाय प्रकृते वीतरागस्तवे योजयन्नाह–

અવતરણિકાર્થ :-

આ રીતે સ્તુતિકારશ્રી ભગવાનના અનુગ્રહથી પ્રગટ થતા અમલ વિવેકવાળા અભ્યુપપત્તિમાં તત્પર એવા પરને=ભગવાનના વચનને સ્વીકારવામાં તત્પર એવા પરને કરીને, પ્રકૃત એવા વીતરાગસ્તવમાં યોજન કરતાં કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં સૃષ્ટિવાદનું નિરાકરણ કર્યું એ રીતે સ્તુતિકારશ્રી ભગવાનના સ્વરૂપનો બોધ કરાવીને યોગ્ય જીવોને ભગવાનના અનુગ્રહથી પ્રગટ થયેલા નિર્મળ વિવેકવાળા કરીને ભગવાનને પારમાર્થિક સ્વરૂપે સ્વીકારવામાં તત્પર યોગ્ય જીવોને કરે છે તેથી તે રીતે કરીને તેઓને પ્રકૃત એવા વીતરાગસ્તવમાં યોજન કરતાં કહે છે.

શ્લોક :-

सृष्टिवादकुहेवाकमुन्मुच्येत्यप्रमाणकम् ।
त्वच्छासने रमन्ते ते, येषां नाथ प्रसीदसि ।।७/८।।

શ્લોકાર્થ :-

સૃષ્ટિવાદ કુહેવાક છે, એથી અપ્રમાણિક છે. એનો ત્યાગ કરીને તમારા શાસનમાં તેઓ રમે છે. હે નાથ ! તમે જેઓની ઉપર પ્રસાદ કરો છો. ॥૭/૮॥

ટીકા :-

हे विहितकुमतप्रमाथ ! नाथ ! पूर्वोक्तप्रकारेण पुरुषविशेषकृतायाः सृष्टेर्वादः=सृष्टिवादः, स एवासद्ग्रहरूपत्वेन कुहेवाकः कदभिनिवेशस्तमुन्मुच्य=परित्यज्य, किमित्याह-इति प्रागुक्तयुक्त्या, अप्रमाणकं=प्रमाणानुपपन्नम्, प्रमाणोपपन्नश्चतुर्दशरज्ज्वात्मकस्यापि लोकस्यायमेव वादो, यदुत–

"निष्पादितो न केनापि, न धृतः केनचिच्च सः ।
स्वयंसिद्धो निराधारो, गगने किन्त्ववस्थितः ।।१।।" **इति ।**

एवंविधे च त्वच्छासने=त्वत्प्रवचने, त एव रमन्ते-इदमेव तत्त्वमिति स्वहृदा संवाद्य त एव मोदन्ते, येषां

सुकृतप्राप्यप्रसादस्त्वं प्रसीदसि=प्रसादसुमुखो भवसि इयता च सर्वात्मना त्वत्प्रसादलभ्या एव शुभसम्पदो भव्याङ्गभाजामित्यर्थापतितम् ।।७/८।।

इति श्रीवीतरागस्तोत्रे जगत्कर्तृत्वनिरासस्य सप्तमप्रकाशस्य पदयोजना ।

ટીકાર્થ :-

हे विहितकुमतप्रमाथ ! ..... मित्यर्थापतितम् ।। કર્યો છે કુમતનો પ્રમાથ જેમણે એવા હે નાથ !=કુમતનું પ્રમથ જેમણે કર્યું છે એવા ભગવાન ! પૂર્વોક્ત પ્રકારથી પુરુષવિશેષકૃત એવો સૃષ્ટિનો વાદ=જગત-સર્જનનો વાદ છે. તે જ અસદ્ગ્રહરૂપપણું હોવાને કારણે કુહેવાક છે=કદભિનિવેશ છે, તેનો ત્યાગ કરીને=સૃષ્ટિવાદના કુહેવાકનો ત્યાગ કરીને, તેઓ તમારા શાસનમાં રમે છે એમ અન્વય છે. કયા કારણથી તેનો ત્યાગ કરે છે ? એથી કહે છે – આ રીતે પૂર્વમાં કહેલી યુક્તિથી અપ્રમાણક છે= પ્રમાણઅનુપપન્ન છે=સૃષ્ટિવાદ પ્રમાણથી અનુપપન્ન છે.

કેમ પ્રમાણઅનુપપન્ન છે ? તે સ્પષ્ટ કરે છે –

પ્રમાણ ઉપપન્ન ચતુર્દશ રજ્જુ આત્મક લોકનો પણ આ જ વાદ છે. જે 'यदुत'થી બતાવે છે. "આ લોક કોઈના દ્વારા પણ નિષ્પાદન કરાયો નથી, કોઈનાથી તે ધારણ કરાયેલો નથી. અર્થાત્ આ લોક કોઈનાથી ધારણ કરાયેલો નથી. સ્વયં સિદ્ધ છે, નિરાધાર છે, પરંતુ આકાશમાં અવસ્થિત છે." **અને આવા પ્રકારના તમારા શાસનમાં=પ્રમાણઉપપન્ન લોકનો વાદ કેવો છે તે ઉદ્ધરણના શ્લોકથી બતાવ્યું તેવા સ્વરૂપને બતાવનાર તમારા પ્રવચનમાં, તેઓ જ રમે છે="આ જ તત્ત્વ છે" એ પ્રકારે સ્વહૃદયથી નિર્ણય કરીને તેઓ જ આનંદિત થાય છે, સુકૃતપ્રાપ્ય પ્રસાદવાળા એવા તમે જેઓને પ્રસાદ કરો છો=હે ભગવન્! તમે તેવા જીવોના પ્રસાદને સુમુખ થાઓ છો. ઇયતા=આટલા પ્રસાદને અભિમુખ થવા વડે સર્વાત્મના=સર્વ પ્રકારે તમારા પ્રસાદથી મેળવવા યોગ્ય જ શુભસંપત્તિઓ યોગ્ય જીવોને પ્રાપ્ત થાય છે એ પ્રકારે અર્થ પ્રાપ્ત થયો=જગતની વ્યવસ્થા કેવા સ્વરૂપવાળી છે એ પ્રકારની મર્યાદા સર્વ સ્વરૂપે તમારા પ્રસાદથી જ લભ્ય છે. અને તેવી મર્યાદાનો બોધ ભવ્યજીવોની શુભસંપત્ છે એ અર્થથી પ્રાપ્ત છે. ।।૭/૮।।**

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં જગત્કર્તૃત્વનિરાસ નામના સાતમા પ્રકાશની પદયોજના છે.

ભાવાર્થ :-

ઈશ્વર જગતનું સર્જન કરનારા છે, અને વિસર્જન કરનારા છે. એ પ્રકારનો સૃષ્ટિવાદ કુહેવાક છે. આમ છતાં નૈયાયિક આદિ દર્શનકારો સ્વદર્શનથી વાસિત મતિવાળા હોવાથી સૃષ્ટિવાદને જ સર્વ યુક્તિઓથી સ્થાપન કરવા યત્ન કરે છે. વસ્તુતઃ તે સૃષ્ટિવાદ કુહેવાક છે એથી અપ્રમાણિક છે, અને તેનો ત્યાગ કરીને તેઓ જ ભગવાનના શાસનમાં રતિને ધારણ કરનારા છે. જેઓના ઉપર ભગવાનનો પ્રસાદ વર્તે છે અર્થાત્ જેઓને ભગવાનની વીતરાગતાનો યથાર્થ બોધ થયો છે, તેઓ ઉપર ભગવાનનો પ્રસાદ વર્તે છે, અને

જેઓને ભગવાનની વીતરાગતાનો યથાર્થ બોધ થયો હોય તેઓ ક્યારેય પણ વીતરાગને જગતનું સર્જન કરનારા છે તેમ સ્વીકારી શકે નહીં; કેમ કે વીતરાગને જગતનું સર્જન કરવું અને જગતનું વિસર્જન કરવું તેમાં કોઈ પ્રયોજન નથી તે પ્રકારે સ્વનિર્મળ પ્રજ્ઞાથી જ પ્રતિભાસમાન થાય છે. તેવા જીવોને આ જગતની વ્યવસ્થા સ્વાભાવિક અનાદિની તેવી જ છે તેવો નિર્ણય ભગવાનના વચનના બળથી અને પોતાની માર્ગાનુસારી બુદ્ધિના બળથી થાય છે. તેથી શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર તેઓ પદાર્થને વિચારનારા છે. તેથી, તેઓને ભગવાનના વચન અનુસાર જ યુક્તિથી નિર્ણય થાય છે કે ઉપાસ્ય દેવ સંપૂર્ણ કલા વગરના છે. અને જેઓ કલા વગરના છે તેઓ જ સુખી છે, અને જગતનું સર્જન કરવાની કલાવાળા ઈશ્વર વ્યર્થ શ્રમ કરીને દુઃખી થનારા છે. માટે ભગવાન જેવા નિષ્કલાવાળા થવા માટે ભગવાનના વચનના પરમાર્થને જાણીને તેમની ઉપાસના કરવી જોઈએ. એ પ્રકારની નિર્મળમતિ ભગવાનના પ્રસાદથી ભવ્યજીવોને થાય છે. **॥૭/૮॥**

પ્રકાશ-૮

શ્લોક :-

सत्त्वस्यैकान्तनित्यत्वे, कृतनाशाकृतागमौ ।
स्यातामेकान्तनाशेऽपि, कृतनाशाकृतागमौ ।।८/१।।

શ્લોકાર્થ :-

સત્ત્વના એકાંત નિત્યત્વમાં કૃતનાશ અને અકૃત આગમ રૂપ દોષોની પ્રાપ્તિ થાય. એકાંત નાશમાં પણ=સત્ત્વના એકાંત નાશમાં પણ, કૃતનાશ અને અકૃત આગમ દોષની પ્રાપ્તિ છે. ।।૮/૧।।

ભાવાર્થ :-

જે દર્શનકારો આત્માને એકાંત નિત્ય માને છે. તેઓના મતાનુસાર આત્મામાં લેશ પણ પરિવર્તન થતું નથી. પરંતુ તેઓના મતે આત્મા સદા એક સ્વરૂપવાળો છે. તેથી તે પ્રમાણે આત્માને એકાંત નિત્ય સ્વીકારીએ તો પોતાનો આત્મા જે જે કૃત્યો કરે છે, તે કૃત્યોના ફલને પ્રાપ્ત કરતો નથી તેમ માનવું પડે; કેમ કે આત્મામાં કોઈ પણ પરાવર્તન ન હોય તો તે આત્મા જે જે કૃત્યો કરે છે તે જ અવસ્થાની સદા પ્રાપ્તિ થાય. પરંતુ કૃત્યના ફળ રૂપ અન્ય અવસ્થા તેને પ્રાપ્ત થાય નહીં. તેથી તેના કૃત્યનું ફળ તે ભોગવનાર નથી. પરંતુ માત્ર સદા કૃત્ય કરે છે. તેમ માનવું પડે તેથી તેના કૃત્યની ચેષ્ટા નિરર્થક ચેષ્ટા છે એમ પ્રાપ્ત થાય. અથવા જેઓ આત્માને એકાંત નિત્ય માને છે તેઓના મતાનુસાર ફળને ભોગવનાર એકાંત નિત્ય આત્મા છે તેમ પ્રાપ્ત થાય. તેથી પોતે જે કૃત્ય કર્યું છે તેનું ફળ તેને મળ્યું નથી. પરંતુ અકૃત ક્રિયાનું ફળ તેને પ્રાપ્ત થયું છે, અને સદા અકૃત ક્રિયાના ફળને તે ભોગવનાર છે તેમ પ્રાપ્ત થાય, તેથી અકૃત આગમ રૂપ દોષની પ્રાપ્તિ છે.

વળી, જેઓ એકાંત નાશ સ્વીકારે છે=આત્મા એક ક્ષણ રહેનારો છે તેમ કહીને ક્ષણિક મતને સ્થાપન કરે છે, તેઓના મતે દરેક ક્ષણનો આત્મા નાશ પામે છે અને તેનાથી ઉત્તરનો અન્ય આત્મા જન્મે છે. તેથી, આત્માની સંતતિ દેખાય છે. તોપણ પૂર્વનો આત્મા બીજી ક્ષણમાં સર્વથા નાશ પામે છે. તેના મતમાં પણ કૃતનાશ અને અકૃત આગમ દોષની પ્રાપ્તિ થાય છે; કેમ કે જે ક્ષણના આત્માએ જે કૃત્ય કર્યું તે કૃત્યનું ફળ તેને પ્રાપ્ત થતું નથી. તેથી તેનાથી કરાયેલા કૃત્યનું ફળ તે ભોગવનાર નથી. માટે કૃતનાશ નામના દોષની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ કૃત એવું કાર્ય ફળ આપ્યા વગર નાશ પામ્યું. વળી, ઉત્તરના આત્માને જે ફળ પ્રાપ્ત થયું તે તેના કૃત્યનું ફળ નથી પરંતુ પૂર્વના આત્માના કૃત્યનું ફળ છે. તેથી, અકૃતના આગમની પ્રાપ્તિ થાય છે.

આ રીતે એકાંત નિત્યપક્ષ અને એકાંત અનિત્યપક્ષ યુક્ત નથી, પરંતુ આત્મા આદિ પદાર્થો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે, અને તેવા પદાર્થને કહેનારા ભગવાન જ યથાર્થવાદી છે, તેથી તે સ્વરૂપે સ્તુતિકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **॥૮/૧॥**

શ્લોક :-

आत्मन्येकान्तनित्ये स्यान्न भोगः सुखदुःखयोः ।
एकान्तानित्यरूपेऽपि, न भोगः सुखदुःखयोः ।।८/२।।

શ્લોકાર્થ :-

એકાંત નિત્ય આત્મા હોતે છતે સુખ-દુઃખનો ભોગ થાય નહીં. એકાંત અનિત્ય રૂપ પણ આત્મા હોતે છતે સુખ-દુઃખનો ભોગ થાય નહીં. ॥૮/૨॥

ભાવાર્થ :-

સંસારમાં સર્વ લોકોને સ્વપ્રતીતિથી જણાય છે કે હું ક્યારેક સુખનો ભોગ કરું છું, ક્યારેક દુઃખનો ભોગ કરું છું અને આત્માને એકાંત નિત્ય માનવામાં આવે તો સુખ-દુઃખનો ભોગ સંગત થાય નહીં. પરંતુ એકાંત નિત્ય આત્મા હોય તો સુખનો અનુભવ તેને હોય તો સદા સુખનો જ અનુભવ થવો જોઈએ અને દુઃખનો અનુભવ હોય તેને સદા દુઃખનો જ અનુભવ થવો જોઈએ. પરંતુ, સંસારમાં જીવોને સુખ-દુઃખના ભોગનો ક્રમસર અનુભવ છે. તેની સંગતિ કરવી હોય તો આત્માને આત્મા રૂપે નિત્ય અને સુખ-દુઃખના અનુભવ રૂપ પર્યાયથી અનિત્ય સ્વીકારવો જોઈએ.

- એકાંત અનિત્ય આત્મા સ્વીકારવામાં આવે તોપણ આત્માને સુખ-દુઃખનો ભોગ ઘટતો નથી; કેમ કે સુખને ભોગવનારો ક્ષણિક આત્મા અન્ય છે અને દુઃખને ભોગવનારો ક્ષણિક આત્મા બીજો છે તેમ પ્રાપ્ત થાય. જ્યારે સંસારી જીવોને સ્વસંવેદનથી પ્રતીત છે કે પૂર્વમાં હું સુખી હતો, હમણાં હું દુઃખી છું અથવા પૂર્વમાં હું દુઃખી હતો, હમણાં હું સુખી છું. તેથી એક જ આત્માને ક્રમસર સુખ-દુઃખનો અનુભવ થતો દેખાય છે તે કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય આત્મા સ્વીકારવાથી સંગત થાય છે; કેમ કે નિત્ય એવો આત્મા સુખ પર્યાયનો ત્યાગ કરીને દુઃખ પર્યાયોને પામ્યો અથવા દુઃખ પર્યાયનો ત્યાગ કરીને સુખ પર્યાયોને પામ્યો તે સંગત થાય છે. આથી જ દુઃખને પામેલા જીવ દુઃખના ત્યાગ અર્થે અને સુખની પ્રાપ્તિ અર્થે સમ્યગ્ પ્રયત્ન કરીને સુખને પ્રાપ્ત કરતા દેખાય છે તે આત્માને નિત્યાનિત્ય સ્વીકારવાથી સંગત થાય છે.

આ રીતે એકાંત નિત્યવાદ અને એકાંત અનિત્યવાદ અસંબદ્ધ છે. તેમ બતાવીને સ્યાદ્વાદને સ્થાપન કરનારા ભગવાન જ યથાર્થવાદી છે એ પ્રકારે સ્તુતિકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **॥૮/૨॥**

શ્લોક :-

पुण्यपापे बन्धमोक्षौ, न नित्यैकान्तदर्शने ।
पुण्यपापे बन्धमोक्षौ, नानित्यैकान्तदर्शने ।।८/३।।

શ્લોકાર્થ :-

નિત્ય એકાંત દર્શનમાં પુણ્યપાપ અને બંધમોક્ષ સંભવે નહીં. અનિત્ય એકાંત દર્શનમાં પુણ્યપાપ અને બંધમોક્ષ સંભવે નહીં. ।।૮/૩।।

ભાવાર્થ :-

આત્માને એકાંત નિત્ય માનનારા મતાનુસાર વિચારીએ તો આત્મા પુણ્યપાપ બાંધે છે તે સંગત થાય નહીં; કેમ કે પુણ્ય બાંધનાર આત્મા અને પાપ બાંધનાર આત્માનો કથંચિત્ ભેદ સ્વીકારીએ તો કહી શકાય કે શુભ અધ્યવસાયવાળો આત્મા પુણ્ય બાંધે છે તે જ આત્મા જ્યારે અશુભ અધ્યવસાયવાળો થાય છે ત્યારે પાપ બાંધે છે. અને પુણ્યબંધ અને પાપબંધ કરનારા આત્મા એક ક્ષણમાં સંભવે નહીં, તેથી જે ક્ષણમાં પુણ્યબંધ કરે છે તે ક્ષણવાળા આત્મા કરતાં પાપબંધ ક્ષણવાળા આત્મામાં કંઈક વિલક્ષણતા સ્વીકારીએ તો આત્મામાં પુણ્યની અને પાપની સંગતિ થાય તેમ સ્વીકારવાથી આત્મા આત્મા રૂપે કથંચિત્ નિત્ય છે અને પુણ્યબંધની પરિણતિવાળો અને પાપબંધની પરિણતિવાળો આત્મા ભિન્ન અધ્યવસાયવાળો હોવાથી કથંચિત્ અનિત્ય છે તેમ પ્રાપ્ત થાય, માટે દ્રવ્યથી આત્માને નિત્ય સ્વીકારવાથી અને પુણ્યબંધના અધ્યવસાયરૂપ તથા પાપબંધના અધ્યવસાયરૂપ પર્યાયથી આત્માને અનિત્ય સ્વીકારવાથી પુણ્યપાપની સંગતિ થાય. વસ્તુતઃ અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવવાળો આત્મા છે, એમ એકાંત નિત્ય દર્શનવાળા માને છે. અને પુણ્યપાપના અધ્યવસાયો ક્રમસર થાય છે તેમ સ્વીકારીએ તો અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવવાળો આત્મા ઘટે નહીં; કેમ કે પાપના અધ્યવસાયથી પુણ્યના અધ્યવસાયમાં જ્યારે આત્મા જાય છે ત્યારે પાપના અધ્યવસાયથી પ્રચ્યુત થાય છે. અને પુણ્યના અધ્યવસાય રૂપે ઉત્પન્ન થાય છે. તેથી, નિત્ય એકાંત દર્શનવાદીના મતે પુણ્યપાપની સંગતિ થાય નહીં.

વળી, સ્યાદ્વાદીના મતે "તદ્ભાવ અવ્યયં નિત્યં" એ પ્રકારનું તત્ત્વાર્થ સૂત્રનું વચન છે. તે પ્રમાણે આત્માનો આત્મારૂપ ભાવનો વ્યય ન થાય તેવું નિત્યનું લક્ષણ સ્વીકારીએ તો, "અર્પિતથી અનર્પિતની સિદ્ધિ છે" એ સૂત્ર અનુસાર નિત્યરૂપે અર્પિત પણ આત્મા પુણ્યપાપ પર્યાયથી અનર્પિત છે તેનો સ્વીકાર હોવાથી પુણ્યપાપ રૂપ પર્યાયની પણ આત્માને પ્રાપ્તિ છે. તેથી, પુણ્યપાપના અધ્યવસાય રૂપે આત્મા અનિત્ય છે અને આત્માના આત્મભાવ રૂપે આત્મા નિત્ય છે તેમ માનવું ઉચિત છે, તો જ પુણ્યપાપની સંગતિ થાય.

વળી, એકાંત નિત્યદર્શનમાં બંધમોક્ષની પણ સંગતિ થાય નહીં; કેમ કે બંધવાળા આત્મામાં બંધનો પર્યાય છે અને કર્મથી મુક્ત આત્મામાં મોક્ષનો પર્યાય છે તેથી, તેમ સ્વીકારીએ તો બંધપર્યાયવાળો આત્મા અને મોક્ષપર્યાયવાળો આત્મા કથંચિત્ અનિત્ય છે, અને આત્મારૂપે નિત્ય છે, તેમ પ્રાપ્ત થાય. પરંતુ એકાંત નિત્ય આત્મા સ્વીકારવાથી બંધપર્યાય અને મોક્ષપર્યાય ભિન્ન કાળમાં વર્તનારા જીવના પર્યાયો પરસ્પર વિલક્ષણ સ્વરૂપવાળા છે, તેની સંગતિ થાય નહીં.

વળી, જેઓ આત્માને એકાંત અનિત્ય માને છે. તેમના મતે પણ પુણ્યપાપની સંગતિ થાય નહીં; કેમ કે

એકાંત અનિત્ય આત્મા સ્વીકારવાથી પ્રતિક્ષણનો આત્મા ભિન્ન ભિન્ન છે, તેથી વર્તમાન ક્ષણનો આત્મા પુણ્ય અને પાપ એક સાથે બાંધી શકે નહીં; કેમ કે પુણ્ય અને પાપ વિરુદ્ધ પરિણામોથી થાય છે અને એમ કહેવામાં આવે કે પુણ્ય અને પાપ ક્રમસર બાંધે છે, તો એ પ્રાપ્ત થાય કે પુણ્ય અને પાપ બાંધનાર એક આત્મા ભિન્ન ભિન્ન ક્ષણમાં અનુગત છે, તેથી કથંચિત્ આત્મા નિત્ય છે તેમ પ્રાપ્ત થાય, પરંતુ એક જ આત્મા પુણ્ય અને પાપ બાંધે છે તે એકાંત ક્ષણિક પક્ષમાં સંગત થાય નહીં. પરંતુ પર્યાય રૂપે અનિત્ય અને આત્મા રૂપે આત્માને નિત્ય સ્વીકારવામાં આવે તો પુણ્યબંધ કરનાર અને પાપબંધ કરનાર આત્મા એક છે અને ક્રમસર પુણ્યબંધના અને પાપબંધના અધ્યવસાયથી તે તે ભાવ રૂપે પરિણમન પામે છે તે કથન સંગત થાય. વળી, એકાંત અનિત્ય આત્માને સ્વીકારવામાં આવે તો બંધમોક્ષની સંગતિ થાય નહીં; કેમ કે પૂર્વમાં બંધપર્યાયવાળો આત્મા હતો તે જ સાધના કરીને મુક્ત થાય છે, અને તે મોક્ષપર્યાયવાળો બને છે તેમ સ્વીકારીએ તો આત્મા આત્મા રૂપે નિત્ય છે અને બંધપર્યાયવાળો આત્મા મોક્ષપર્યાયવાળો આત્મા ભિન્ન છે તે સંગત થાય. માટે સૂક્ષ્મપ્રજ્ઞાથી વિચારવું જોઈએ કે આત્મા દ્રવ્ય રૂપે નિત્ય છે, પર્યાય રૂપે અનિત્ય છે. અને શુભ પરિણામ દ્વારા પુણ્ય બાંધે છે, અશુભ પરિણામ દ્વારા પાપ બાંધે છે તેથી, કર્મબંધનાં કારણો સેવીને બંધપર્યાયને પ્રાપ્ત કરે છે અને કર્મના ઉચ્છેદના ઉપાયોને સેવીને મુક્ત થાય છે. માટે સુખના અર્થી જીવે સુખના કારણીભૂત પુણ્યબંધમાં અને પૂર્ણ સુખના ઉપાયભૂત મુક્ત પર્યાયના કારણને સેવવા યત્ન કરવો જોઈએ. **॥૮/૩॥**

શ્લોક :-

क्रमाक्रमाभ्यां नित्यानां, युज्यतेऽर्थक्रिया न हि ।
एकान्तक्षणिकत्वेऽपि, युज्यतेऽर्थक्रिया न हि ।।८/४।।

શ્લોકાર્થ :-

નિત્ય એવા આત્મામાં ક્રમ અને અક્રમ દ્વારા અર્થક્રિયા ઘટતી નથી જ. એકાંત ક્ષણિકત્વમાં પણ ક્રમ અને અક્રમ દ્વારા અર્થક્રિયા ઘટતી નથી જ. ॥૮/૪॥

ભાવાર્થ :-

અર્થક્રિયાકારિત્વ એ વસ્તુનું લક્ષણ છે, અને દરેક પદાર્થો સતત કોઈક કાર્ય રૂપે પરિણમન પામે છે. તેથી, પોતે જે પર્યાયમાં છે તેના ઉત્તર પર્યાયને કરે તે અર્થક્રિયા છે. આત્મા એકાંત નિત્ય હોય તો ઉત્તરની અર્થક્રિયા આત્મામાં સંગત થાય નહીં અને પુદ્ગલ પણ એકાંત નિત્ય હોય તો ઉત્તર ઉત્તરના પર્યાયને કરે છે તે સંગત થાય નહીં; કેમ કે નિત્ય પદાર્થ તેમાં થતી અર્થક્રિયાઓને ક્રમસર કરે છે કે અક્રમ કરે છે તેમ બે વિકલ્પો થાય અને તે બંને વિકલ્પોથી નિત્ય પદાર્થોમાં અર્થક્રિયા ઘટે નહીં.

આશય એ છે કે દરેક પદાર્થોમાં તે તે કાર્ય કરવાની શક્તિ છે. અને જે જે પદાર્થોમાં જે જે કાર્યો કરવાની શક્તિઓ છે તે સર્વ શક્તિઓ તે તે કાર્યોને ક્રમસર કરે છે કે અક્રમથી કરે છે તેમ બે વિકલ્પો થાય.

અને નિત્ય પદાર્થ પોતાના કાર્યને કરવાની શક્તિથી ક્રમસર કાર્ય કરે છે તેમ સ્વીકારીએ તો પ્રતિક્ષણ ભિન્ન ભિન્ન કાર્ય કરે છે તેથી અનિત્યત્વની પ્રાપ્તિ થાય અને અક્રમસર=યુગપત્ કરે છે એમ સ્વીકારીએ તો એક ક્ષણમાં સર્વ કાર્યો કરે છે તેથી પછીની ક્ષણોમાં તે કોઈ કાર્ય કરતું નથી તેમ સ્વીકારવાની આપત્તિ આવે. તેથી એક સાથે સર્વ ક્રિયાઓ કરે છે તેમ સ્વીકારીને પણ પદાર્થને એકાંત નિત્ય સ્વીકારી શકાય નહીં અને ક્રમસર અર્થક્રિયા કરે છે તેમ સ્વીકારીને પણ પદાર્થને એકાંત નિત્ય સ્વીકારી શકાય નહીં. અર્થક્રિયા દરેક પદાર્થોમાં પ્રત્યક્ષ સિદ્ધ છે. વળી, સર્વ દર્શનવાળા અર્થક્રિયાકારિત્વ વસ્તુનું લક્ષણ સ્વીકારે છે તેની સંગતિ કરવા માટે પદાર્થને એકાંત નિત્ય સ્વીકારવું ઉચિત નથી.

વળી, એકાંત ક્ષણિક પક્ષમાં પણ અર્થક્રિયા ઘટતી નથી. આશય એ છે કે ક્ષણિકવાદી બૌદ્ધ છે અને તે કહે છે કે દરેક પદાર્થો ઉત્તરોત્તર ક્ષણનાં કાર્યોને કરે છે તે પદાર્થનું અર્થક્રિયાકારિત્વ સ્વરૂપ છે. આથી જ દરેક પદાર્થો વર્તમાન ક્ષણમાં છે તે નાશ થાય છે અને ઉત્તરની સંતાનને ઉત્પન્ન કરે છે તેમ માને છે. પરંતુ તે સર્વ ક્ષણોના સંતાનમાં અનુગત એક આત્મદ્રવ્ય ન હોય તો ઉત્તરની ક્ષણમાં પૂર્વની ક્ષણ વિદ્યમાન નથી તેથી પૂર્વની ક્ષણ ઉત્તરની ક્ષણમાં કાર્ય કરે છે તેમ સ્વીકારી શકાય નહીં. પરંતુ પૂર્વની ક્ષણમાં કાર્યની શક્તિ રૂપે વિદ્યમાન દ્રવ્ય જ ઉત્તરની ક્ષણના કાર્યરૂપે પરિણમન પામે છે. તેમ સ્વીકારીએ તો અનુગત દ્રવ્યમાં તે તે કાર્ય રૂપે અર્થક્રિયાકારિપણું છે તે સંગત થાય. **॥૮/૪॥**

શ્લોક :-

यदा तु नित्यानित्यत्वरूपता वस्तुनो भवेत् ।
यथात्थ भगवन्नेव, तदा दोषोऽस्ति कश्चन ।।८/५।।

શ્લોકાર્થ :-

હે ભગવંત ! જે પ્રમાણે તમે કહ્યું છે તે પ્રમાણે જ્યારે વસ્તુની નિત્યાનિત્યત્વરૂપતા થાય ત્યારે કોઈ દોષ નથી. ।।૮/૫।।

ભાવાર્થ :-

ભગવાનની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે હે ભગવંત ! તમે જે પ્રમાણે કહ્યું છે અર્થાત્ ભગવાને "ઉપનેઇ વા, વિગમેઇ વા, ધૂવેઇ વા" દ્વારા જે પ્રમાણે વસ્તુને નિત્યાનિત્ય રૂપે કહી છે, તે પ્રમાણે જો કોઈ વસ્તુની નિત્યાનિત્યત્વરૂપતા સ્વીકારે તો પદાર્થના વાસ્તવિક સ્વરૂપનો બોધ થાય છે ત્યારે કોઈ દોષ નથી, પરંતુ વસ્તુની એકાંત નિત્યરૂપતા કે એકાંત અનિત્યરૂપતા સ્વીકારે અથવા જે સ્વરૂપે પદાર્થ નિત્ય છે તેનાથી અન્ય સ્વરૂપે નિત્ય સ્વીકારે કે જે સ્વરૂપે અનિત્ય છે તેનાથી અન્ય સ્વરૂપે અનિત્ય સ્વીકારે તો પદાર્થના વાસ્તવિક સ્વરૂપનું કથન નહીં હોવાથી તે વચનમાં દોષની પ્રાપ્તિ છે. વળી દ્રવ્ય રૂપે આત્મા નિત્ય છે તે સ્વરૂપે આત્માને નિત્ય સ્વીકારીને નિત્ય આત્માના સુખના અર્થી જીવો પ્રવૃત્તિ કરે તો હિતની પ્રાપ્તિ થાય અને જે રીતે સંસારના સર્વ ભાવો અનિત્ય છે તે સ્વરૂપે જ અનિત્યને સ્વીકારે તો અનિત્ય પદાર્થોનો

અનિત્ય સ્વરૂપે બોધ થવાથી તેના નાશમાં પણ ક્લેશ થતો નથી અને આ પદાર્થ નિત્ય છે તેમ વિચારીને તેમાં જે સંશ્લેષની બુદ્ધિ થાય છે તે પણ થતી નથી અને વસ્તુના પર્યાયના પરિવર્તન સ્વીકારને કારણે સંસાર, મોક્ષ, પુણ્ય, પાપ ઇત્યાદિ સર્વ સંગત થાય છે. **॥૮/૫॥**

શ્લોક :-

गुडो हि कफहेतुः स्यान्नागरं पित्तकारणम् ।
द्वयात्मनि न दोषोऽस्ति, गुडनागरभेषजे ।।८/६।।

શ્લોકાર્થ :-

ગુડ કફના હેતુવાળો થાય, સૂંઠ પિત્તનું કારણ છે, ગુડ અને સૂંઠ ભેષજ દ્વય સ્વરૂપમાં દોષ નથી=કફનો હેતુરૂપ દોષ નથી અને પિત્તનો હેતુરૂપ પણ દોષ નથી. ॥૮/૬॥

ભાવાર્થ :-

એકાંત નિત્યવાદી યુક્તિ અને અનુભવ અનુસાર ક્ષણિકવાદીને પદાર્થ નિત્ય નહીં સ્વીકારવામાં દોષો આપે છે; કેમ કે પદાર્થ નિત્યાનિત્ય હોવા છતાં એકાંત ક્ષણિકવાદી પદાર્થને નિત્ય સ્વીકારતો નથી અને પદાર્થને નિત્ય નહીં સ્વીકારવાને કારણે દેખાતા અનુભવને વિરુદ્ધ અનિત્યવાદીનું વચન છે તે યુક્તિથી નિત્યવાદી બતાવે છે. વળી, નિત્યવાદી પણ પદાર્થને એકાંતે નિત્ય સ્વીકારે છે. તેથી પદાર્થમાં રહેલા અનિત્યત્વ અંશને આશ્રયીને તેના અપલાપથી જે દોષોની પ્રાપ્તિ છે તે અનિત્યવાદી નિત્યવાદીને આપે છે. તેથી, એકાંત-નિત્યવાદ અને એકાંતે અનિત્યવાદ બંને પક્ષમાં દોષોની પ્રાપ્તિ છે અને પદાર્થને નિત્યાનિત્ય સ્વરૂપ સ્વીકારવાથી બંને પક્ષના દોષોની પ્રાપ્તિ થતી નથી તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જેમ સૂંઠથી પૃથક્ રહેલો ગુડ કફનો હેતુ છે. તેથી કફની પ્રાપ્તિરૂપ ગુડમાં દોષ છે અને ગુડથી પૃથક્ રહેલ સૂંઠ પિત્તનો હેતુ છે. તેથી સૂંઠમાં પિત્તકારકતા દોષ છે. પરંતુ ગુડ અને સૂંઠ બંને લોલીભૂત કરવામાં આવે તો તે ઉભયના સેવનથી કફ પણ થતો નથી અને પિત્તની પ્રાપ્તિ પણ થતી નથી. તેમ એકાંત નિત્યપક્ષમાં જે દોષોની પ્રાપ્તિ હતી તેનાથી અન્ય પ્રકારના એકાંત ક્ષણિકપક્ષમાં દોષ પ્રાપ્ત થાય છે અને સ્યાદ્વાદી પદાર્થ નિત્યાનિત્ય સ્વરૂપ છે તે સ્વરૂપે જ સ્વીકારે છે. તેથી, એકાંત નિત્ય સ્વીકારવાથી જે દોષોની પ્રાપ્તિ હતી તે કથંચિત્ અનિત્ય સ્વીકારવાથી નિવર્તન પામે છે. એકાંત ક્ષણિક સ્વીકારવાથી જે દોષોની પ્રાપ્તિ હતી તે કથંચિત્ નિત્ય સ્વીકારવાથી નિવર્તન પામે છે. તેથી પદાર્થને ઉભય રૂપે સ્વીકારવાથી પદાર્થના વાસ્તવિક સ્વરૂપનું યથાર્થ કથન થાય છે. તેથી, તે પ્રકારના પક્ષમાં એક પણ દોષની પ્રાપ્તિ નથી. **॥૮/૬॥**

શ્લોક :-

द्वयं विरुद्धं नैकत्रासत्प्रमाणप्रसिद्धितः ।
विरुद्धवर्णयोगो हि, दृष्टो मेचकवस्तुषु ।।८/७।।

શ્લોકાર્થ :-

એક વસ્તુમાં બે વિરુદ્ધ=નિત્ય-અનિત્ય રૂપ બે વિરુદ્ધ, નથી; કેમ કે અસત્ પ્રમાણની પ્રસિદ્ધિ છે=એક વસ્તુમાં બેનો વિરોધ સ્વીકારવામાં સત્ પ્રમાણની પ્રસિદ્ધિ નથી. પરંતુ સત્ પ્રમાણ અપ્રાપ્ત થાય છે. હિ=જે કારણથી, મેચકવસ્તુમાં વિરુદ્ધ વર્ણનો યોગ જોવાયો છે. ॥૮/૭॥

ભાવાર્થ :-

એકાંત દર્શનવાદી પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોયા વગર સ્થૂલ દૃષ્ટિથી વિચારે છે અને કહે છે કે જે વસ્તુ નિત્ય હોય તે વસ્તુ અનિત્ય છે તેમ કહી શકાય નહીં; કેમ કે નિત્યત્વ-અનિત્યત્વ ધર્મનો પરસ્પર વિરોધ છે. તેથી એક વસ્તુમાં બંનેની પ્રાપ્તિ થઈ શકે નહીં. જેમ ચેતનત્વ અને અચેતનત્વ એક વસ્તુમાં પ્રાપ્ત થતા નથી; કેમ કે વિરોધ છે તે રીતે સ્યાદ્વાદી જગતના સર્વ પદાર્થોને નિત્યત્વ અને અનિત્યત્વ ધર્મવાળા કહે છે તે વચન વિરુદ્ધ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. એક વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વરૂપ બે ધર્મો વિરુદ્ધ નથી.

કેમ વિરુદ્ધ નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

સત્ પ્રમાણની પ્રસિદ્ધિનો અભાવ છે=એક વસ્તુમાં નિત્યત્વાનિત્યત્વનો વિરોધ છે તેના સાધક સત્ પ્રમાણની પ્રસિદ્ધિનો અભાવ છે. કેમ તે બેના વિરોધના સાધક સત્ પ્રમાણની પ્રસિદ્ધિનો અભાવ છે ? તેમાં દૃષ્ટાંત બતાવે છે. ચિત્રવર્ણવાળી જે મેચકવસ્તુઓ છે તેમાં રક્ત, શ્વેતત્વાદિ વિરુદ્ધ વર્ણો એક જ વસ્તુઓમાં રહેલા દેખાય છે. અર્થાત્ તે મેચકવસ્તુના કોઈ એક દેશાવચ્છેદેન રક્તવર્ણ અને અન્યદેશાવચ્છેદેન શ્વેતવર્ણ પ્રત્યક્ષથી પ્રાપ્ત થાય છે. તે રીતે જીવાદિ દ્રવ્યોમાં દ્રવ્યાવચ્છેદેન નિત્યત્વ અને પર્યાયાવચ્છેદેન અનિત્યત્વ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૮/૭॥**

શ્લોક :-

विज्ञानस्यैकमाकारं, नानाकारकरम्बितम् ।
इच्छंस्तथागतः प्राज्ञो, नानेकान्तं प्रतिक्षिपेत् ।।८/८।।

શ્લોકાર્થ :-

વિજ્ઞાનના અનેક આકારોથી કરમ્બિત=મિશ્ર, એક આકારને ઇચ્છતો પ્રાજ્ઞ એવો તથાગત=બૌદ્ધ, અનેકાંતનો પ્રતિક્ષેપ કરતો નથી. ॥૮/૮॥

ભાવાર્થ :-

સામાન્યથી બૌદ્ધમત ક્ષણિકવાદી છે તેથી પદાર્થને એકાંતે અનિત્ય સ્વીકારે છે અને કહે છે કે જે વસ્તુ અનિત્ય છે, તેને નિત્ય કહી શકાય નહીં. અને પદાર્થ પ્રતિક્ષણ અન્ય અન્ય સ્વરૂપે પ્રત્યક્ષથી દેખાય છે તેથી પદાર્થને અનિત્ય જ સ્વીકારવો જોઈએ, વળી સ્યાદ્વાદી પદાર્થને નિત્યાનિત્ય રૂપે સ્વીકારે છે તે કથન અત્યંત

વિરુદ્ધ છે. તેમ કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે. પ્રાજ્ઞ એવા બુદ્ધ પણ કોઈક સ્થાને પદાર્થને અનુભવ અનુસાર બોલે છે તેથી તેને અનેક વર્ણોથી મિશ્ર એવું એક આકારવાળું પટાદિ દેખાય તેના જ્ઞાનને તે બૌદ્ધ પણ કહે છે કે જ્ઞાન જ્ઞાનસ્વરૂપે એક છે, તોપણ તેમાં અનેક આકારના રૂપથી યુક્ત એવું તે જ્ઞાન છે તેથી, જ્ઞાનને જ્ઞાન સ્વરૂપે એક આકારવાળું અને તેમાં વર્તતા શ્વેત, કૃષ્ણાદિ અનેક આકારોથી મિશ્ર તે જ્ઞાન છે તેમ સ્વીકારે છે. તેથી તેના મતે પણ જ્ઞાન જ્ઞાન સ્વરૂપે એક અને શ્વેત, કૃષ્ણાદિ વર્ણના આકાર સ્વરૂપે અનેક રૂપ છે તેમ સ્વીકારે છે, તેથી તે સ્થાનમાં તેને પણ એક અનેકનો પરસ્પર વિરોધ જણાતો નથી, પરંતુ અનુભવ અનુસાર અનેકાંતને સ્વીકારે છે. તે રીતે આત્મા પણ દ્રવ્ય રૂપે એક છે અને તેમાં વર્તતા તે તે પર્યાયો રૂપે અનેક છે. એમ સ્વીકારવામાં વિરોધ નથી તેમ બૌદ્ધદર્શનવાદીએ સ્વીકારવું જોઈએ. **॥૮/૮॥**

શ્લોક :-

चित्रमेकमनेकं च, रूपं प्रामाणिकं वदन् ।
योगो वैशेषिको वापि, नानेकान्तं प्रतिक्षिपेत् ।।૮/૯।।

શ્લોકાર્થ :-

ચિત્ર એક અને અનેક રૂપને પ્રામાણિક બોલતો=ચિત્રવર્ણવાળા પટને જોઈને તે પટમાં નીલ, પીતાદિ રૂપ અનેક સ્વરૂપવાળું તે ચિત્ર એક રૂપ છે તેમ પ્રામાણિક બોલતો, યોગદર્શનવાળો અથવા વૈશેષિક દર્શનવાળો અનેકાંતનો પ્રતિક્ષેપ કરતો નથી. ॥૮/૯॥

ભાવાર્થ :-

વૈશેષિક દર્શન અને નૈયાયિક દર્શન સ્યાદ્વાદીને અસંબદ્ધ બોલનાર તરીકે કહે છે અને કહે છે કે એક જ વસ્તુને સ્યાદ્વાદીઓ નિત્ય કહે છે અને તે જ વસ્તુને અનિત્ય કહે છે તે તેઓનું વચન અસંબદ્ધ છે. વસ્તુતઃ ચિત્રવર્ણવાળા પટને જોઈને નૈયાયિક દર્શનવાળા અને વૈશેષિક દર્શનવાળા પણ તેના રૂપને આ ચિત્ર એક રૂપ છે તેમ કહે છે અને તેમાં પ્રતીત થતા અનેક વર્ણોને અનેક આકાર રૂપે સ્વીકારે છે તેથી પ્રતીતિ અનુસાર એક જ રૂપને એક-અનેક સ્વરૂપે જોનારાં નૈયાયિક દર્શન અને વૈશેષિક દર્શન પણ અનેકાંતનો પ્રતિક્ષેપ કરતાં નથી. તે રીતે સર્વત્ર પ્રતીતિ અનુસાર અનેકાંત તેઓએ સ્વીકારવો જોઈએ. **॥૮/૯॥**

શ્લોક :-

इच्छन् प्रधानं सत्त्वाद्यैर्विरुद्धैर्गुम्फितं गुणैः ।
साङ्ख्यः सङ्ख्यावतां मुख्यो, नानेकान्तं प्रतिक्षिपेत् ।।૮/૧૦।।

શ્લોકાર્થ :-

સત્ત્વાદિ વિરુદ્ધ ગુણોથી ગુમ્ફિત પ્રધાનને ઇચ્છતો બુદ્ધિમાનોમાં મુખ્ય એવો સાંખ્ય અનેકાંતને પ્રતિક્ષેપ કરતો નથી. ॥૮/૧૦॥

ભાવાર્થ :-

સાંખ્યદર્શન કપિલથી પ્રવૃત્ત છે, કપિલ દર્શનવાળા પ્રકૃતિ અને પુરુષ એમ બે વસ્તુ સ્વીકારે છે, પ્રકૃતિમાંથી અન્ય તત્ત્વો ઉત્પન્ન થાય છે એમ તે સ્વીકારે છે અને પ્રકૃતિને સાંખ્યદર્શનવાળા સત્ત્વ, રજસ્, તમસ્ ગુણથી ગુમ્ફિત=યુક્ત સ્વીકારે છે. તેથી પ્રકૃતિ રૂપે એક છે અને સત્ત્વાદિ ત્રણ ગુણ રૂપે અનેક છે. તેથી બુદ્ધિમાનમાં મુખ્ય એવો સાંખ્ય પ્રકૃતિના વાસ્તવિક સ્વરૂપને જોવામાં અનેકાંતનો પ્રતિક્ષેપ કરતો નથી. તે રીતે સર્વત્ર અનુભવ અનુસાર અનેકાંતને તેણે સ્વીકારવું જોઈએ. **॥૮/૧૦॥**

શ્લોક :-

विमतिः सम्मतिर्वापि, चार्वाकस्य न मृग्यते ।
परलोकात्ममोक्षेषु, यस्य मुह्यति शेमुषी ।।८/११।।

શ્લોકાર્થ :-

જેની=જે ચાર્વાકની, પરલોક, આત્મા, અને મોક્ષમાં બુદ્ધિ મોહ પામે છે તે ચાર્વાકની અનેકાંતમાં વિમતિ અથવા સંમતિ વિચારાતી નથી. ॥૮/૧૧॥

ભાવાર્થ :-

જે દર્શનવાદીઓ પરલોકને માને છે, આત્માને માને છે અને મોક્ષ અર્થે યોગમાર્ગનો ઉપદેશ આપે છે તેવા બૌદ્ધાદિ એકાંત દર્શનવાદીઓ કયા કયા સ્થાને સ્યાદ્વાદને માને છે તે ઉપરના શ્લોકોમાં બતાવ્યું. હવે, જે ચાર્વાક દર્શનવાદી આત્માને માનતો નથી, પરલોકને માનતો નથી, મોક્ષને માનતો નથી તેથી આત્માના હિતની વિચારણામાં જેની બુદ્ધિ વ્યામોહ પામે છે તેવા ચાર્વાક દર્શનવાદી સ્યાદ્વાદને માને છે કે નહીં તેની વિચારણા કરવા જેવી નથી; કેમ કે તે સ્યાદ્વાદને માને તોપણ ઉન્મત્ત વચન બોલનાર છે અને સ્યાદ્વાદને ન માને તોપણ ઉન્મત્ત વચન બોલનાર છે. તેથી, સર્વથા તે અપ્રમાણિક છે, જ્યારે આત્મા, પરલોકાદિ માનનારા વિચારકો આત્મહિત અર્થે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા છે. તેઓ પણ કોઈક સ્થાને સ્યાદ્વાદને સ્વીકારે છે તેથી તેઓની કોઈ દૃષ્ટિથી સ્યાદ્વાદમાં સંમતિ છે, તે રીતે નિપુણતાથી સર્વત્ર તે દર્શનવાદીઓ પદાર્થને જોવા યત્ન કરે તો વ્યાપક યથાર્થ સ્યાદ્વાદની પ્રાપ્તિ થાય. **॥૮/૧૧॥**

શ્લોક :-

तेनोत्पादव्ययस्थेमसम्भिन्नं गोरसादिवत् ।
त्वदुपज्ञं कृतधियः, प्रपन्ना वस्तु वस्तुसत् ।।८/१२।।

શ્લોકાર્થ :-

તે કારણથી કૃતબુદ્ધિવાળા ગોરસાદિની જેમ ઉત્પાદ, વ્યય, સ્થૈર્ય જેવું તમારા વડે કહેવાયેલ વસ્તુ વસ્તુ રૂપે સત્ સ્વીકારે છે. ॥૮/૧૨॥

ભાવાર્થ :-

અત્યાર સુધી અનેકાંત જ યુક્તિયુક્ત રૂપ છે તેમ સ્થાપન કર્યું. તે કારણથી બુદ્ધિમાન પુરુષો ભગવાને કહેલ વસ્તુને અનેકાંત આત્મક વસ્તુ રૂપે સત્ સ્વીકારે છે. જેમ ગોરસ દૂધ અને દહીંમાં અનુગત છે અને દૂધ અને દહીં સ્વરૂપે પરસ્પર પૃથક્ છે તેથી મારે ગોરસનું ભોજન કરવું એવી પ્રતિજ્ઞાવાળો પુરુષ દૂધ, દહીંનું જ માત્ર ભોજન કરે છે, અન્ય કરતો નથી. દૂધનું જ ભોજન કરવું તેવી પ્રતિજ્ઞાવાળો દહીંનું ભોજન કરતો નથી અને દહીંનું જ માત્ર ભોજન કરવું તેવી પ્રતિજ્ઞાવાળો દૂધનું ભોજન કરતો નથી. તેથી સિદ્ધ થાય છે કે દૂધ, દહીંમાં ગોરસ અનુગત છે અને દૂધ, દહીં સ્વરૂપે પૃથક્ છે. એમ પદાર્થ દ્રવ્ય રૂપે અનુગત છે અને તે તે પર્યાય રૂપે ઉત્પાદ, વ્યય સ્વરૂપ છે. અને ભગવાને પદાર્થને તે સ્વરૂપે જ બતાવેલ છે તેથી બુદ્ધિમાન પુરુષો જગત્વર્તી સર્વ વસ્તુઓને તે જ સ્વરૂપે સ્વીકારે છે. **॥૮/૧૨॥**



અવતરણિકા :-

एवमेकान्तमततिमिरनिरसनप्रवणानेकान्तामृताञ्जनविशददृशः समस्तास्तिकदर्शनिनो विधाय स्तुतिकृत् प्रस्तुतामेव वीतरागस्तुतिं कलिकालोपबृंहणद्वारेण प्रस्तावयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે સમસ્તઆસ્તિકદર્શનિઓને એકાંત મતના અંધકારના નિરસનમાં તત્પર અનેકાંત અમૃતના અંજન રૂપ વિશદ દૃષ્ટિવાળા કરીને સ્તુતિકારશ્રી પ્રસ્તુત જ વીતરાગસ્તુતિને કલિકાલના ઉપબૃંહણ દ્વારા પ્રસ્તાવન કરતાં કહે છે –

ભાવાર્થ :-

આઠમા પ્રકાશમાં ગ્રંથકારશ્રીએ એકાંતવાદ નિરાસ કરીને અનેકાંતનું સ્થાપન કર્યું, જેનાથી બધા આસ્તિકદર્શનવાળાઓને બોધ થાય કે અનેકાંતને સ્વીકાર્યા વગર પુણ્ય-પાપ આદિ સર્વ વ્યવસ્થા સંગત થાય તેમ નથી. માટે અનેકાંતને જ સ્વીકારવું ઉચિત છે એ પ્રમાણે બતાવીને સ્તુતિકારશ્રી પ્રસ્તુત એવી વીતરાગસ્તુતિને એ રીતે બતાવે છે કે જેથી કલિકાળ વિષમ હોવા છતાં ભગવાનના શાસનની પ્રાપ્તિથી સફલ છે.

શ્લોક :-

यत्राल्पेनापि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ।।९/१।।

શ્લોકાર્થ :-

જ્યાં=જે કાલમાં, અલ્પ પણ કાલથી તમારી ભક્તિનું ફલ પ્રાપ્ત કરાય છે, તે કલિકાલ એક હો, કૃતયુગાદિ વડે સર્યું=સુષમાદિકાલથી સર્યું. ।।૯/૧।।

ટીકા :-

हे कलिकालदर्प्पदलन ! स्वामिन् ! अस्मिन् जगति स एवैकः कलिर्दुःषमाख्यः कालः समयोऽस्तु, कृतयुगादिभिः सुषमादिभिस्तु कृतं पर्याप्तम्, किमित्याह-यत्रेत्यादि । यत्र=यस्मिन् कलौ, त्वद्भक्तेः सम्यग्ज्ञानदर्शनचारित्रासेवनरूपायाः फलमनन्तरितं स्वर्गादि परम्परितमपवर्गोऽवाप्यते, ननु कृतयुगादिष्वपि समानमेतदित्याह-अल्पेनापि कालेन स्वल्पेनापि समयेन, किमुक्तं भवति ? किल सुषमादौ त्वद्भक्तेर्यावन्मात्रं

फलं पूर्वकोटिप्रमितेनायुषा प्राप्यते दुःषमायां तत्कालप्रमितं त्वद्भक्तेः फलं वर्षशतप्रमाणेनाप्यायुषा लभ्यत इति कृतयुगादिभ्यः कथं कलिर्न स्पृहणीय इति ।।९/१।।

ટીકાર્થ :-

हे कलिकालदर्प्पदलन ! ..... स्पृहणीय इति ।। હે કલિકાલદર્પને દલન કરનારા સ્વામી ! આ જગતમાં તે જ એક દુઃષમા નામનો કલિકાલ સમય હો. કૃતયુગાદિ વડે=સુષમાદિ વડે સર્યું.

કેમ ? એથી કહે છે –

જે કલિકાલમાં તમારી ભક્તિથી=સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્રના આસેવન રૂપ ભક્તિથી, અનંતરિત સ્વર્ગાદિ ફલ અને પરંપરિત અપવર્ગ પ્રાપ્ત કરાય છે. 'ननु'થી શંકા કરે છે. કૃતયુગાદિમાં પણ=સુષમાદિમાં આ સમાન છે. અર્થાત્ તમારી ભક્તિથી ફલ પ્રાપ્ત થાય છે. એથી કૃતયુગાદિથી સર્યું. કલિકાલ જ હો એમ ગ્રંથકારશ્રીએ કેમ કહ્યું ?

એથી કહે છે –

અલ્પ પણ કાલથી=સ્વલ્પ પણ સમયથી, તમારી ભક્તિથી ફલ પ્રાપ્ત કરાય છે, માટે કલિકાલ જ શ્રેષ્ઠ છે. કૃતયુગાદિથી સર્યું એમ યોજન છે. શું કહેવાયેલું થાય છે ? ખરેખર સુષમાદિમાં તમારી ભક્તિથી જેટલું માત્ર ફલ પૂર્વકોટિપ્રમિત આયુષ્યથી પ્રાપ્ત કરાય છે તેટલું દુઃષમામાં તત્કાલપ્રમિત તમારી ભક્તિનું ફલ ૧૦૦ વર્ષ પ્રમાણવાળા આયુષ્યથી પણ પ્રાપ્ત થાય છે, તેથી કૃતયુગાદિથી કલિ કેમ સ્પૃહણીય નથી અર્થાત્ સુષમાદિ કાલ કરતાં કલિ અધિક સ્પૃહણીય છે. ।।૯/૧।।

ભાવાર્થ :-

સામાન્યથી યુગની આદિને કરનાર સુષમાદિકાલ છે જેમાં પ્રથમના ત્રણ આરામાં યુગલાદિઓ થાય છે. જે ભદ્રકપ્રકૃતિને કારણે સુખપૂર્વક જીવીને દેવગતિમાં જાય છે. તે અપેક્ષાએ તેમનો મનુષ્યજન્મ કંઈક સારો છે અને ત્રીજા આરાના અંતે પ્રથમ તીર્થંકર થાય છે ત્યારથી ધર્મ પ્રવર્તે છે, અને ચોથા આરામાં પણ તે ધર્મ સારા પ્રમાણમાં પ્રવર્તે છે. જ્યારે પાંચમા આરામાં કંઈક ધર્મ પ્રવર્તે છે. તોપણ તેને કલિકાલ કહેવામાં આવે છે=કજિયાનો કાલ કહેવામાં આવે છે. આથી જ પાંચમા આરામાં જીવોને ગૃહસ્થઅવસ્થામાં પણ અનેક પ્રકારના ક્લેશો વર્તે છે અને ધર્મના ક્ષેત્રમાં પણ ધર્મના અર્થી જીવો જડ અને વક્ર હોવાથી અનેક પ્રકારના ક્લેશોને પામે છે. તેથી, કલિકાલ ચોથા આરાની દૃષ્ટિથી સ્પૃહણીય નથી. તોપણ ભગવાનના શાસનની પ્રાપ્તિથી કલિકાલ પણ સ્પૃહણીયતાને પ્રાપ્ત કરે છે. તે દૃષ્ટિને સામે રાખીને કલિકાલની સ્તુતિ કરવા દ્વારા પરમાર્થથી ભગવાનની સ્તુતિ કરે છે; કેમ કે ભગવાનના શાસનની પ્રાપ્તિથી જ પ્રાપ્ત થયેલો કલિકાલ પણ હિતનું કારણ બને છે. તે બતાવવા અર્થે વ્યંગ્ય ભાષામાં સ્તુતિકારશ્રી કહે છે. જે કલિકાલમાં અલ્પ પણ કાળથી તમારી ભક્તિનું ફલ પ્રાપ્ત થાય છે તે કલિકાલ જ અમારા માટે શ્રેયકારી એક હો ! કૃતયુગાદિથી સર્યું. આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનની આજ્ઞા શક્તિને ગોપવ્યા વગર અને શક્તિનું ઉલ્લંઘન કર્યા

વગર સ્વભૂમિકાનું ઉચિત અનુષ્ઠાન છે, અને તે અનુષ્ઠાન જે પ્રકારે ભગવાને કહ્યું છે તે પ્રકારે તે અનુષ્ઠાનના પરમાર્થને જાણીને જેઓ સેવે છે. તેઓ ભગવાનની ભક્તિ કરે છે અને વર્તમાનકાળમાં, અલ્પકાળમાં પણ જેઓ શક્તિના પ્રકર્ષથી સ્વભૂમિકાનુસાર ભગવાનની ભક્તિ કરે છે, તેઓને ભગવાનની ભક્તિના ફળ રૂપે સંસાર પરિમિત થાય તેવા ઉત્તરોત્તરના સુંદર જન્મની પ્રાપ્તિ થાય છે. તેથી સ્તવનકારશ્રીને પોતાને ભગવાનના શાસનની પ્રાપ્તિ થઈ છે તેને સામે રાખીને કહે છે કે અમારા માટે તો આ એક કલિકાલ જ સ્પૃહણીય છે. આ પ્રકારે ભગવાનના શાસનની પ્રાપ્તિથી મહત્ત્વને પામેલ કલિકાલની સ્તુતિ કરીને પરમાર્થથી સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **॥૯/૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

सुषमातो दुःषमायां, कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौ हि, श्लाघ्या कल्पतरोः स्थितिः ।।९/२।।

શ્લોકાર્થ :-

સુષમાથી દુઃષમામાં તમારી કૃપા ફલવાળી છે. મેરુથી=મેરુપર્વતથી, મરુભૂમિમાં કલ્પવૃક્ષની સ્થિતિ શ્લાઘ્ય છે. ॥૯/૨॥

ટીકા :-

हे प्रक्षीणाशेषदुःख ! भगवन् ! सुषमातः=सुषमारकात्, दुःषमायां=दुःषमारके, तव सम्बन्धिनी कृपा=सर्वसत्त्वसाधारणी करुणा, फलवती=सविशेषफला भवति, अत्रार्थान्तरमाह-कल्पतरोः=कल्पपादपस्य, स्थितिरवस्थानं मेरुतः=सुरभूधरात्, मरुभूमौ=जाङ्गलावनितले, श्लाघ्या=प्रशस्या । इदमुक्तं भवति– भूरिभूधरे हि सर्वत्रापि सुलभसुरभूरुहि नः कल्पविटपिनोऽवस्थानं न तथा विस्मयं जनयति यथा करीरकर-वीरादिभिरपि विरहिते मरुस्थले, एवं सुषमादौ पदे पदे सुलभेषु विशिष्टज्ञानभानुषु पुरुषेषु भगवत्कृपा धर्मतीर्थप्रवर्त्तनादिरूपा न तथोपयोगिनी यथा सर्वातिशयशून्ये दुःषमासमय इति ।।९/२।।

ટીકાર્થ :-

हे प्रक्षीणाशेषदुःख ! ..... दुःषमासमय इति ।। હે પ્રક્ષીણ અશેષ દુઃખ છે જેમનાં એવા ભગવાન ! સર્વ દુઃખોના બીજભૂત ઘાતિકર્મોનો નાશ કરેલો હોવાથી બધાં દુઃખો જેમનાં ચાલ્યાં ગયાં છે એવા ભગવાનને સંબોધીને કહે છે. સુષમાકાલથી દુઃષમા કાલમાં=દુઃષમા આરામાં, તમારા સંબંધી કૃપા=

સર્વ જીવ સાધારણ કરુણા ફલવાળી છે=સવિશેષ ફલવાળી થાય છે, આમાં=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એમાં, અર્થાંતરને=દૃષ્ટાંતને કહે છે, કલ્પવૃક્ષની સ્થિતિ=અવસ્થાન, મેરુથી=મેરુપર્વતથી, મરુભૂમિમાં= ઉજ્જડ ભૂમિમાં, શ્લાઘ્ય છે. આ કહેવાયેલું થાય છે – મેરુપર્વતમાં સર્વત્ર પણ સુલભ એવું કલ્પવૃક્ષનું અવસ્થાન તે પ્રકારે વિસ્મય પેદા કરાવતું નથી, જે પ્રકારે બાવળનાં વૃક્ષોથી પણ વિરહિત એવા મરુસ્થલમાં કલ્પવૃક્ષનું અવસ્થાન વિસ્મય કરે છે. એ રીતે સુષમાદિમાં પદે પદે=સ્થાને સ્થાને, સુલભ એવા વિશિષ્ટજ્ઞાનરૂપ પ્રકાશવાળા પુરુષો હોતે છતે ધર્મતીર્થના પ્રવર્તનરૂપ ભગવાનની કૃપા તે પ્રકારની ઉપયોગી નથી જે પ્રમાણે સર્વ અતિશય શૂન્ય દુઃષમા સમયમાં છે. ॥૯/૨॥

ભાવાર્થ :-

વસ્તુતઃ કલિકાલ ક્લેશ કરાવનારો કાળ છે છતાં, કાલ ક્લેશમાં નિમિત્ત માત્ર છે. જીવ કાલના નિમિત્તને પામીને ક્લેશ કરે છે અને જેઓને ભગવાનના શાસનની પરમાર્થથી પ્રાપ્તિ થઈ છે, તેઓ તો હંમેશાં વીતરાગનાં વચનો કઈ રીતે જીવને વીતરાગ થવાનો માર્ગ બતાવે છે તેના પરમાર્થને જાણનારાઓ બને છે. તેથી સુષમાકાલ કરતાં પણ દુઃષમાકાલમાં જેઓને ભગવાનની કૃપા પ્રાપ્ત થઈ છે, તેઓ તો ભગવાનના વચનના બળથી સુખપૂર્વક ક્લેશનાશના ફલને પ્રાપ્ત કરે છે. માટે સુષમાકાલમાં ભગવાનની કૃપા છે તેના કરતાં પણ દુઃષમાકાલમાં પ્રાપ્ત થયેલી ભગવાનની કૃપા વિશેષ પ્રકારે શ્લાઘ્ય છે. જેમ મેરુપર્વત ઉપર તો સર્વત્ર કલ્પવૃક્ષો સુલભ છે તેથી, ત્યાં રહેનારાને તો સદા તે કલ્પવૃક્ષો પ્રાપ્ત થાય છે. પરંતુ ઉજ્જડભૂમિમાં કલ્પવૃક્ષ પ્રાપ્ત થાય ત્યારે તે અતિ પ્રશંસાપાત્ર બને છે. તેમ, ભગવાનની કૃપાની પ્રાપ્તિ જ્યાં અતિ દુષ્કર છે તેવા કલિકાલમાં પણ જેઓને ભગવાનના શાસનમાં પરમાર્થની પ્રાપ્તિ થઈ છે તે અત્યંત પ્રશંસનીય છે. આ પ્રકારે ભગવાનની ફલવાળી કૃપાના બળથી ફલવાળા થતા કલિકાલની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યે જ પોતાની ભક્તિ અતિશયિત કરે છે. **॥૯/૨॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

શ્લોક :-

श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।
त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि ।।९/३।।

શ્લોકાર્થ :-

હે ભગવાન ! જો શ્રાદ્ધ શ્રોતા, સુંદર બુદ્ધિવાળા વક્તા પરસ્પર ભેગા થાય તો કલિકાલમાં પણ તમારા શાસનનું એકછત્ર સામ્રાજ્ય છે. ॥૯/૩॥

ટીકા :-

હે જગદીશ ! त्वच्छासनस्य=तवाप्रमेयप्रभावस्य प्रवचनस्य, कलौ=दुःषमायामपि, साम्राज्यं=चक्रवर्त्तित्वं जायेत, किंविशिष्टं ? एकच्छत्रमेकातपत्रम्, यदि किं ? यदि युज्येयातां=युक्तौ भवेताम्, कौ ? श्रोता वक्ता च, किंविशिष्टः श्रोता ? श्राद्धः=निरुपाधिविशुद्धश्रद्धाबन्धुरान्तःकरणः, वक्ता तु सुधीः=शोभना समस्तशास्त्रार्थरहस्यनिस्यन्दावगाहविशदा धीस्तत्त्वानुगामिनी मतिर्यस्य स तथा, दुर्लभश्च प्रायेणैवंविधयोः श्रोतृवक्त्रोर्योगः, यदि च दैवात्संयुज्येयातां तदा नियतमर्हच्छासनस्य साम्राज्यमेकच्छत्रं रचयेताम् इदं च स्तुतिकर्तुरनुभवसुभगं वचः, तथाहि–निरवधिनयविक्रमवशंवदीकृतसकलक्ष्मापालचक्रवालः श्रीकुमारपालदेवः श्राद्धः श्रोता, युगान्तर्वर्त्तिसकलवाङ्मयपारावारपारीणमतिः श्रीहेमचन्द्रसूरिः सुधीर्वक्ता, तथाविधविधि-योगाच्चानयोः समजनि संयोगः, कृतं च कलावपि श्रीजिनशासनसाम्राज्यमाभ्यामिति स्थाने स्वानुभव-सुभगमिदमुदीरितमिति ।।९/३।।

ટીકાર્થ :-

હે જગદીશ ! ..... मुदीरितमिति ।। હે જગતના ઈશ=સ્વામી ! કલિમાં=દુઃષમામાં, પણ તમારા શાસનનું=તમારા અપ્રમેયપ્રભાવવાળા પ્રવચનનું, સામ્રાજ્ય=ચક્રવર્તિપણું થાય છે.

કેવું વિશિષ્ટ સામ્રાજ્ય થાય છે ? તેથી કહે છે –

એકછત્ર=એક આતપત્રવાળું=ચોથા આરાને પાંચમા આરામાં સાધારણ એવું એકછત્રવાળું સામ્રાજ્ય કલિકાલમાં થાય છે.

જો શું ? જો શું થાય તો એકછત્ર સામ્રાજ્ય થાય ? એથી કહે છે –

જો કોઈ શ્રોતા અને વક્તા યોજાઓ=પરસ્પર સંયોગવાળા થાઓ, તો તમારું એકછત્ર સામ્રાજ્ય થાય છે. એમ અન્વય છે.

કેવા વિશિષ્ટ શ્રોતા અને વક્તા પરસ્પર સંબંધિત થાય તો એકછત્ર સામ્રાજ્ય થાય ? તે બતાવતાં કહે છે –

શ્રોતાશ્રાદ્ધ=નિરુપાધિ વિશુદ્ધ શ્રદ્ધાથી મનોહર અંતઃકરણવાળો, હોય=સ્વમતિ પ્રમાણે ચાલવાના રાગરૂપ ઉપાધિથી રહિત કલ્યાણના આશય રૂપ વિશુદ્ધ શ્રદ્ધાથી મનોહર અંતઃકરણવાળો શ્રોતા હોય. વળી, વક્તા સુંદર બુદ્ધિવાળો હોય=સમસ્ત શાસ્ત્રાર્થના રહસ્યના નિસ્યંદના અવગાહને કરનારી નિર્મળ એવી સુંદર બુદ્ધિને=તત્ત્વને અનુસરનારી મતિ છે જેને તે તેવા છે=સુંદર બુદ્ધિવાળા વક્તા છે. અને પ્રાયઃ કરીને આવા પ્રકારના શ્રોતા અને વક્તાનો યોગ દુર્લભ છે, અને જો ભાગ્યથી=શ્રોતાના તે પ્રકારના પુણ્યના યોગથી, સંયોજન પામે=સુંદર વક્તા સાથે સંયોજન પામે, તો નિયત અરિહંત શાસનનું સામ્રાજ્ય એકછત્ર રચના કરે=તે શ્રોતા અને વક્તા જે ભગવાનને પોતાના અસ્તિત્વકાલમાં કહ્યું તે સામ્રાજ્યને વર્તમાનમાં પણ તેઓ પ્રાપ્ત કરે. અને આ સ્તુતિકારશ્રીનો અનુભવ સુભગ વચન

છે=સ્વાનુભવસિદ્ધ વચન છે. તે આ પ્રમાણે – નિરવધિનયવિક્રમવશંવદીમાં કરાયેલા સકલ પૃથ્વીના પાલનમાં ચક્રવાલ શ્રી કુમારપાલદેવ શ્રાદ્ધ શ્રોતા હતા. યુગના અંતર્વર્તિસકલ વાઙ્મય=વાણીમય, સમુદ્રને પરિણમન પમાડે એવી મતિવાળા હેમચંદ્રસૂરિ સુધી વક્તા હતા, તેવા પ્રકારના વિધિના યોગથી આ બેનો સંયોગ થયો=કુમારપાલરાજા અને હેમચંદ્રસૂરિનો સંયોગ થયો. અને કલિકાલમાં પણ આમના દ્વારા=કુમારપાલરાજા અને હેમચંદ્રસૂરિ દ્વારા, શ્રીજિનશાસનનું સામ્રાજ્ય કરાયું, એથી સ્થાનમાં=ઉચિત સ્થાનમાં, પોતાના અનુભવને સુંદર આ ઉદીરિત છે=પ્રસ્તુત શ્લોકમાં કહ્યું એ હેમચંદ્રસૂરિ દ્વારા કહેવાયું છે. ॥૯/૩॥

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરતાં ભગવાનને સંબોધીને કહે છે. હે જગતના ઈશ એવા સ્વામી ! કલિકાલમાં પણ કોઈ શ્રોતા સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાને નિર્મળપ્રજ્ઞાવાળા થયેલ હોય તેથી, સંસારથી ભય પામીને સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણવાની ઇચ્છારૂપ પારમાર્થિક તત્ત્વની જિજ્ઞાસાવાળા હોય, તેવા શ્રદ્ધાળુ જીવોને ભગવાનના વચનના પરમાર્થને કહેનારા સુંદર વક્તાનો યોગ થાય, તો તે સુંદર વક્તા પણ સર્વજ્ઞએ પ્રરૂપેલ તે માર્ગ તે યોગ્ય શ્રોતાને સ્વ-સ્વભૂમિકા પ્રમાણે સમ્યક્ પ્રાપ્ત થાય તે પ્રકારે જ કહે છે. તે બેના યોગથી તમારા શાસનનું એકછત્ર સામ્રાજ્ય=જેમ તીર્થંકર આદિ ઉત્તમ પુરુષોનું સુષમાકાળમાં વિદ્યમાન હતું તેમ કલિકાલમાં પણ તમારા શાસનનું સામ્રાજ્ય, વર્તે છે; કેમ કે તીર્થંકર આદિ ઉત્તમ પુરુષો પણ યોગ્ય જીવોને જ સન્માર્ગ બતાવીને આત્મહિતમાં પ્રવર્તાવે છે. તેનાથી જ ભગવાનનું શાસન પ્રવર્તે છે. તેમ ભગવાને પ્રરૂપેલા સન્માર્ગના યથાર્થ પરમાર્થને જાણનારા સુંદર વક્તા પણ વર્તમાનકાળના જે કોઈ યોગ્ય જીવો છે તેઆને તમારા શાસનનો યથાર્થ બોધ કરાવે તો તમારા શાસનને પામીને ચોથા આરામાં જીવો આત્મહિત સાધી શકતા હતા તેમ વર્તમાનમાં પણ તમારા શાસનને પામીને અવશ્ય તે આત્મહિત સાધી શકે છે. માટે તમારા શાસનના સામ્રાજ્યની પ્રાપ્તિમાં યોગ્ય જીવોને સુંદર વક્તા સાથેનો યોગ જ કારણ છે. **॥૯/૩॥**

અવતરણિકા :-

કિઞ્ચ –

અવતરણિકાર્થ :-

વળી –

શ્લોક :-

युगान्तरेऽपि चेन्नाथ ! भवन्त्युच्छृङ्खलाः खलाः ।
वृथैव तर्हि कुप्यामः, कलये वामकेलये ।।९/४।।

શ્લોકાર્થ :-

હે નાથ ! જો યુગાંતરમાં પણ=કલિકાલ કરતાં શ્રેષ્ઠ કાળ વર્તે છે એવા ઉત્તમ પુરુષોના યોગવાળા એવા યુગાંતરમાં પણ, ઉચ્છૃંખલ ખલ જીવો થાય છે, તો વક્રતાની કેલિને કરનારા કલિકાલને વૃથા જ અમે કોપ કરીએ છીએ. અર્થાત્ ભગવાનના શાસનમાં ઉચ્છૃંખલ જીવોને જોઈને કલિકાળ ઉપર વૃથા જ અમે કોપ કરીએ છીએ. ।।૯/૪।।

ટીકા :-

હે પ્રણયપ્રણમદમરનાથ ! વયમિયન્તિ દિનાનિ કલિયુગેન સમં કલિકામા ઇવ સાસૂયમવસ્થિતાઃ, કુતઃ ? કિલૈતદ્બલલબ્ધસામર્થ્યૈઃ કુતીર્થિભિસ્તીર્થનાથાદિવિરહાદનાથા ઇવ વયં કદર્થ્યામહે, સામ્પ્રતં ત્વાન્તરદૃશા વિમૃશતામસ્માકમિદમવસ્થિતં હૃદિ, યદુત યુગાન્તરે સાક્ષાદર્હદ્વિહારાદિવિક્ષિપ્તવિપક્ષે સુષમાદાવપિ ચેદ્યદિ મઙ્ખલિસુતાદયઃ ખલા=ઉચ્છૃઙ્ખલા=ઉન્મર્યાદાઃ, સઞ્જજ્ઞિરે, તદ્વયમસ્મૈ વામકેલયે પ્રકૃતિપ્રતિકૂલવિલસિતાય કલયે દુઃષમાસમયાય વૃથૈવ નિરર્થકમેવ કુપ્યામઃ, સર્વથા ન કશ્ચિત્ કલેરપરાધઃ, કેવલં પરગુણાસહિષ્ણૂનાં પ્રકૃતિરેવેયં સ્વભાવદુઃશીલાનાં ખલાનામિતિ ।।૯/૪।।

ટીકાર્થ :-

હે પ્રણયપ્રણમદમરનાથ ! ..... ખલાનામિતિ ।। પ્રણયથી પ્રણામ કરાતા અમરના નાથ એવા ભગવાન ! અમે આટલા દિવસો સુધી કલિયુગની સાથે કજિયો કરવાની કામનાવાળાની જેમ સાસૂય અવસ્થિત છીએ=ઈર્ષ્યાથી યુક્ત અવસ્થિત છીએ=કલિકાલના જીવોની અનુચિત પ્રવૃત્તિ જોઈને તેઓ પ્રત્યે દ્વેષ કરતાં અવસ્થિત છીએ.

ક્યા કારણથી દ્વેષ કરતાં રહેલા છીએ ? તેથી કહે છે –

ખરેખર આના બલથી લબ્ધસામર્થ્યવાળા=કલિકાલના બળથી પ્રાપ્ત થયેલા સામર્થ્યવાળા, કુતીર્થિકો વડે=અન્યદર્શનવાળા વડે કે સ્વદર્શનમાં પણ કુત્સિત પ્રરૂપણા કરનારા જીવો વડે, તીર્થનાથ આદિના વિરહના કારણે=તીર્થંકરો, પૂર્વધરો આદિના વિરહના કારણે, અનાથની જેમ અમે કદર્થના પામીએ છીએ. આ પ્રકારે વિચારીને કલિયુગ સાથે કજિયો કરવા માટે અમે તત્પર થયા છીએ એમ પૂર્વની સાથે યોજન છે. વળી, હવે અંતરદૃષ્ટિથી વિચાર કરતાં અમને હૃદયમાં આ અવસ્થિત છે=અમને હૃદયમાં આ નિર્ણય થયો છે.

શું નિર્ણય થયો છે ? તે 'યદુત'થી બતાવે છે –

યુગાંતરમાં પણ સાક્ષાદ્ અરિહંતના વિહાર આદિથી વિક્ષિપ્ત થયો છે વિપક્ષ જેમાં એવા સુષમાદિમાં પણ=જે કાળના સાક્ષાદ્ તીર્થંકરો આદિના વિહારાદિને કારણે ભગવાનના વચનથી વિપરીત બોલનારાઓ જેમાં દૂર ફેંકાયા છે તેવા સુષમાદિમાં પણ, જો મંખલિપુત્રાદિ ખલો=ઉચ્છૃંખલ=ઉન્મર્યાદાવાળા=મર્યાદા રહિત, થયા. તે કારણથી આ વામકેલિ એવા=પ્રકૃતિથી પ્રતિકૂલ વિલસિત એવા, કલિને=દુઃષમકાલને,

અમે વૃથા જ=નિરર્થક જ, કોપ કરીએ છીએ. સર્વથા કલિનો કોઈ અપરાધ નથી, કેવલ પરગુણના અસહિષ્ણુ એવા જીવોની, સ્વભાવથી દુઃશીલ એવા ખલોની આ પ્રકૃતિ જ છે; કેમ કે આવા જીવો જેમ કલિમાં થાય છે તેમ સુષમાકાલમાં પણ થાય છે, માટે કંઈક અંશથી કલિનો અપરાધ છે, પરંતુ સર્વથા કલિકાલનો અપરાધ નથી. ॥૯/૪॥

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરતાં પોતાની હૈયાની સ્થિતિને અભિવ્યક્ત કરતાં કહે છે. વર્તમાનનો કાલ કલિકાલ છે અને કલિકાલનો સ્વભાવ જ છે કે જીવોને વક્ર બનાવે. આથી આ કાળના દોષને કારણે ભગવાનના શાસનની આરાધના કરનારા જીવો પણ વક્ર સ્વભાવને કારણે જ ભગવાનના માર્ગથી અન્યથા સ્વમતિ અનુસાર પ્રવર્તે છે, અને ભગવાનના શાસનની આરાધના અમે કરીએ છીએ તેમ માને છે, તેથી તેને જોઈને સ્તવનકારશ્રીને તેવા સ્વયં ઠગાયેલા અને બીજાને ઉન્માર્ગમાં પ્રવર્તક તે જીવોને જોઈને કલિ ઉપર કોપ થાય છે અને વિચાર થાય છે કે ખરેખર આ કલિકાલે જ આ રીતે ધર્મના નામે જગતમાં યોગ્ય જીવોના પણ વિનાશનું સર્જન કર્યું છે. છતાં વિવેકદૃષ્ટિવાળા સ્તવનકારશ્રી પરમાર્થને જોવાની દૃષ્ટિથી વિચારે છે ત્યારે તેઓને જણાય છે કે સાક્ષાદ્ તીર્થંકરો આદિ વિચરતા હતા તેવા કાલમાં પણ ઉચ્છૃંખલ ખલજીવો થાય છે. તેથી તે ખલજીવો ઘણા યોગ્ય જીવોને ઉન્માર્ગમાં પ્રવર્તાવે છે. માટે આ કલિકાલનો દોષ નથી. પરંતુ તે જીવોની તેવા પ્રકારની પ્રકૃતિઓ જ તેઓને ઉન્માર્ગમાં પ્રવર્તાવે છે. માટે કલિકાલ ઉપર કોપ કરવો વ્યર્થ છે અને વિચારવું જોઈએ કે કર્મના પ્રાચુર્યના કારણે જગતમાં તેવા સ્વમતિ અનુસાર ચાલનારા ઉચ્છૃંખલ જીવો થાય છે. જેઓ સ્વ-પરનો વિનાશ કરે છે. આ પ્રકારે પોતાના હૈયાને વ્યક્ત કરીને સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિને જ અભિવ્યક્ત કરે છે. **॥૯/૪॥**

અવતરણિકા :-

अपरं च –

અવતરણિકાર્થ :-

અને બીજું કલિવિષયક કહે છે –

શ્લોક :-

कल्याणसिद्ध्यै साधीयान्, कलिरेव कषोपलः ।
विनाग्निं गन्धमहिमा, काकतुण्डस्य नैधते ।।૯/૫।।

શ્લોકાર્થ :-

કલિ જ=કલિકાલ જ, કલ્યાણની સિદ્ધિ માટે શ્રેષ્ઠ કસોટીનો પત્થર છે. અગ્નિ વગર કાકતુંડનો=કૃષ્ણાગુરુનો, ગંધમહિમા વિસ્તાર પામતો નથી. ॥૯/૫॥

ટીકા :-

હે अतुल्यकल्याणनिलय ! भगवन्नेदंयुगीनभव्याङ्गिनां कल्याणसिद्ध्यै=शुभसम्भारसमृद्ध्यै, कलिर्दुःषमैव साधीयान्=प्रधानतमः, कषोपलः=कषपाषाणः, किमुक्तं भवति ? किल सकलशुभसामग्रीसंवर्गितेषु सुषमादियुगेषु भव्यानां सुकरैव सुकृतसंसिद्धिः, येषां तु सामग्रीविरहेऽपि कल्याणकृत्संसिद्धिनिमित्तमुपक्रमस्तेषां सत्त्वकाञ्चनपरीक्षायां कलिरेव कषोपलः अथ च कल्याणस्य=सुवर्णस्यापि सिद्धिः=परीक्षा, कषपाषाणाधीनैव । अत्रैवार्थान्तरमाह-विनेत्यादि । काकतुण्डस्य=कृष्णागुरोर्गन्धमहिमा=परिमलप्रभावोऽग्निं=वैश्वानरं विना नैधते=न वृद्धिमुपयाति, अतो यथा कृष्णागुरुपरिमलमग्निरेधते तथा सत्त्ववतां सत्त्वप्रकर्षं कलिरुत्कर्षयतीतिभावः ।।९/५।।

ટીકાર્થ :-

हे अतुल्य ..... कलिरुत्कर्षयतीतिभावः ।। હે अतुल्यकल्याणनिलय ભગવાન !=જીવના સર્વ પ્રકારના કલ્યાણના નિવાસસ્થાન એવા ભગવાન !, આ કાળના ભવ્યજીવોના કલ્યાણની સિદ્ધિ માટે=શુભસંભારની સમૃદ્ધિને માટે=કર્મનાશને અનુકૂળ ઉચિત પ્રયત્નની વૃદ્ધિ માટે, કલિ જ=દુઃષમકાળ જ, શ્રેષ્ઠ=પ્રધાનતમ, કસોટી પત્થર છે.

શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે –

ખરેખર સકલ શુભ સામગ્રીથી સંવર્ગિત એવા સુષમાદિમાં=બધી શુભ સામગ્રીથી યુક્ત સુષમાદિ કાળમાં, ભવ્યજીવોના સુકૃતની સંસિદ્ધિ સુકર જ છે=સુકૃતનું સેવન સહજ રીતે થાય છે. વળી, જેઓને સામગ્રીનો વિરહ હોવા છતાં કલ્યાણને કરનાર સંસિદ્ધિના નિમિત્તનો ઉપક્રમ છે=કલ્યાણને કરનાર સંસિદ્ધિના નિમિત્તનું ગ્રહણ છે, તેઓને સત્ત્વરૂપી સુવર્ણની પરીક્ષામાં=તે જીવોમાં સત્ત્વ કેવું છે તેનો નિર્ણય કરવામાં, કલિ જ કસોટી પત્થર છે અને કલ્યાણ રૂપ સુવર્ણની પણ સિદ્ધિ=પરીક્ષા, કષપાષાણ આધીન જ છે. અહીં જ=શ્લોકના પૂર્વાર્ધમાં કલિકાલને કસોટી પત્થર કહ્યો એમાં જ, અર્થાંતરને કહે છે=દૃષ્ટાંતને કહે છે. કાકતુંડની=કૃષ્ણાગુરુની, ગંધનો મહિમા=પરિમલનો પ્રભાવ, અગ્નિ વગર વૃદ્ધિને પામતો નથી. આથી જે પ્રમાણે કૃષ્ણાગુરુની સુગંધને અગ્નિ જ વિસ્તારે છે તે પ્રમાણે સત્ત્વશાળી જીવોના સત્ત્વના પ્રકર્ષને કલિ ઉત્કર્ષ કરે છે. તે પ્રકારનો ભાવ છે. ।।૯/૫।।

ભાવાર્થ :-

જે જીવો સંસારથી અત્યંત ભય પામેલા છે, અહીં સંસારના નિસ્તારનો ઉપાય "ભગવાનનું વચન છે" એવો સ્થિર નિર્ણય કર્યા પછી આત્મવંચના કર્યા વગર પૂર્વના મહાપુરુષોનાં વચનોના તાત્પર્યને જાણવા માટે સૂક્ષ્મબુદ્ધિપૂર્વક સદા યત્ન કરે છે, તેઓ કલિકાલમાં હોવા છતાં સુખપૂર્વક ભગવાનના વચનને પામીને આત્મહિત સાધી શકે છે. છતાં વિષમકાળમાં તેવા જીવો બહુ અલ્પ જ મળવાના છે; કેમ કે ઉત્તમકાળમાં ઉત્તમ જીવોના સહવાસથી અને તીર્થંકર આદિના અવલંબનથી સુખપૂર્વક માર્ગની પ્રાપ્તિ થાય છે. આમ છતાં જે કાળ અત્યંત વિષમ છે, જેમાં સન્માર્ગની પ્રાપ્તિ ઘણી દુષ્કર છે, છતાં નિપુણપ્રજ્ઞાપૂર્વક ભગવાનના

વચનના રહસ્યને જાણીને જેઓ આત્મહિત સાધી શકે છે, તેઓની કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ કાલ તે કસોટીના પત્થર જેવો કલિકાળ જ છે; કેમ કે અત્યંત વિષમકાળમાં પણ સ્વપરાક્રમથી દુષ્કર એવા ભગવાનના માર્ગના રહસ્યને પામ્યા છે તે તેઓની ઉત્તમતાનું સૂચક છે. જેમ કૃષ્ણાગુરુ ધૂપ સામાન્યથી સુગંધવાળો હોય છે, તેમ ભવ્યજીવો પણ સામાન્યથી આત્મકલ્યાણના અર્થી હોય છે. છતાં અગ્નિના સંયોગ વગર કૃષ્ણાગુરુની ગંધનો મહિમા વિસ્તાર પામતો નથી. તેમ જે ભવ્યજીવો અગ્નિ જેવા કલિકાલના સંયોગને પામ્યા છે અને પોતાની સુગંધને વિસ્તારે છે, તેઓ જ કલિકાલના વિષમ સંયોગમાં પણ પોતાની ઉત્તમતા જાળવે છે. **॥૯/૫॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અને અન્ય કહે છે –

શ્લોક :-

निशि दीपोम्बुधौ द्वीपं, मरौ शाखी हिमे शिखी ।
कलौ दुरापः प्राप्तोऽयं, त्वत्पादाब्जरजःकणः ।।९/६।।

શ્લોકાર્થ :-

રાત્રિમાં દીવો, સમુદ્રમાં દ્વીપ, મરુભૂમિમાં ઘટાદાર વૃક્ષ, બરફમાં અગ્નિની પ્રાપ્તિ દુષ્કર છે તેમ કલિમાં દુઃખેથી પ્રાપ્ત એવી આ તમારા ચરણરૂપી કમલની રજકણ મારા વડે પ્રાપ્ત છે. ॥૯/૬॥

ટીકા :-

हे विश्वैकवत्सल ! कलौ=कलियुगेऽयं त्वत्पादाब्जरजःकणस्त्वच्चरणसरोजनिश्छद्मसेवालवः कथङ्कथमपि मया प्राप्तः, यतो दुरापः=अगण्यपुण्यप्रचयमन्तरेण दुर्लभः । अमुमेवार्थं दृष्टान्तचतुष्टयेन स्पष्टयति । निशीत्यादि । यथा केनचित्कार्यार्थिना निशि तमस्विन्यां प्रदीपः प्राप्यते, यथा च कस्यचिदगाधजलधिमध्यपतितस्य द्वीपः सङ्घटते, यथा केनचिन्मरुपान्थेन खरतरखरांशुकरालांशुजालज्वलितगात्रेण शाखाशतस्फीतः शाखी लभ्यते, यथा च हिमे महति हिमानीसम्पाते केनचिच्छिखी ज्वलनः प्राप्यते, तथा मया कलौ त्वत्पादाब्जरजःकणः प्राप्त इति । समुचिता सेयं दृष्टान्तचतुष्टयी स्वामिनः, तथाहि–मिथ्यात्वनिश्यज्ञानान्धतमसि मोहितमनसां केवलालोकप्रदीपो भगवान्, भवाब्धौ च निमज्जतामाश्वासनाद्द्वीपः, आन्तरारातितपनोपतप्तानां च विश्रामशाखी, निबिडतममोहजडिमग्लपितानां च शिखी चेति समञ्जसम् ।।९/६।।

ટીકાર્થ :-

હે વિશ્વૈકવત્સલ ! ..... સમઞ્જસમ્ ।। હે વિશ્વએકવત્સલ ! કલિમાં=કલિયુગમાં, આ તમારા ચરણકમલના રજકણ=તમારા ચરણકમલની નિષ્છદ્મ સેવાલવ=ભગવાનના ચરણકમલની આત્મવંચન કર્યા વગરની અલ્પ સેવા, કોઈક કોઈક રીતે મારા વડે પ્રાપ્ત કરાઈ. જે કારણથી દુરાપ=અગણ્ય, પુણ્યના પ્રચય વગર દુર્લભ એવી સેવા મારા વડે પ્રાપ્ત કરાઈ છે=ઘણાં કર્મોની લઘુતાથી પ્રગટ થયેલી જીવની નિર્મળતા રૂપ ઘણા પુણ્યના પ્રચયથી દુર્લભ એવી સેવા મારા વડે પ્રાપ્ત કરાઈ છે. આ જ અર્થને ચાર દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જે પ્રમાણે – કાર્યના અર્થી એવા કોઈક દ્વારા રાત્રિમાં પ્રદીપ પ્રાપ્ત કરાય છે, તેમ મોક્ષરૂપ કાર્યના અર્થી એવા મારા વડે દુર્લભ એવી તમારા ચરણની સેવારૂપ તત્ત્વનો પ્રકાશ પ્રાપ્ત કરાયો છે, એમ અન્વય છે. અને જે પ્રમાણે અગાધ સમુદ્રમાં પડેલા કોઈકને દ્વીપનો સંયોગ થાય છે તે પ્રમાણે અગાધ એવા સંસારસમુદ્રમાં પડેલા મને પારમાર્થિક ભગવાનના શાસનની પ્રાપ્તિરૂપ દ્વીપનો સંયોગ પ્રાપ્ત થયો છે, એમ અન્વય છે. જે પ્રમાણે અત્યંત ખરતર સૂર્યનાં ભયંકર કિરણોથી જ્વલિત ગાત્રવાળા કોઈક વડે હજાર શાખાઓથી સ્ફીત એવું વૃક્ષ પ્રાપ્ત થાય છે, તે પ્રમાણે મરુભૂમિ જેવા કલિકાલમાં અતિદુર્લભ એવા ભગવાનના શાસનના પારમાર્થિક બોધરૂપ વૃક્ષ મારા વડે પ્રાપ્ત કરાયું છે, એમ અન્વય છે. અને જે પ્રમાણે મોટા બરફના સંપાતવાળા હિમરૂપી પર્વતમાં કોઈક વડે અગ્નિ પ્રાપ્ત થાય છે તે પ્રમાણે મારા વડે કલિકાલમાં તમારા ચરણકમલની રજનો કણ પ્રાપ્ત થયો છે. તે આ ભગવાન સંબંધી ચાર દૃષ્ટાંતો સમુચિત છે. તે આ પ્રમાણે મિથ્યાત્વરૂપી રાત્રિમાં અજ્ઞાનરૂપી અંધકારમાં મોહિતમનવાળા જીવોને કેવલાલોકના પ્રદીપ જેવા ભગવાન છે, અને ભવરૂપી સમુદ્રમાં ડૂબતા જીવોને આશ્વાસન હોવાથી દ્વીપ ભગવાન છે, અંતરંગ પીડારૂપી સૂર્યથી ઉપતપ્તજીવોને વિશ્રામશાખી ભગવાન છે, નિબિડતમ એવા મોહરૂપી ઠંડીથી ક્ષીણ થયેલા શરીરવાળા જીવોને શિખી=અગ્નિ, ભગવાન છે. એથી ભગવાનમાં ચાર દૃષ્ટાંતનું યોજન સમુચિત છે. ।।૯/૬।।

ભાવાર્થ :-

કલિકાલમાં પારમાર્થિક ભગવાનના ચરણની સેવા અત્યંત દુર્લભ છે; કેમ કે કાળના દોષને કારણે જડ અને વક્ર જીવો હોવાથી તત્ત્વના અર્થી જીવોને પણ વીતરાગ વીતરાગસ્વરૂપે પ્રાયઃ પ્રાપ્ત થતા નથી. બહુલતાએ કુલાચારથી ધર્મ કરનારા જીવો હોય છે. તત્ત્વના જિજ્ઞાસુ પ્રાયઃ હોતા નથી અને તત્ત્વના જિજ્ઞાસુ જીવોને પણ સન્માર્ગના દેશકની પ્રાપ્તિ અતિદુષ્કર છે. છતાં સ્તવનકારશ્રીને કલિકાલમાં ભગવાનના ચરણની સેવારૂપી અંશ પ્રાપ્ત થયો છે. જે અતિદુષ્કર છે તે ચાર દૃષ્ટાંતથી બતાવે છે. જેમ ગાઢ અંધકારમાં દીવાની પ્રાપ્તિ દુર્લભ હોય છે તેમ સંસારીજીવોમાં જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી ગાઢ અંધકાર વર્તે છે. તે અંધકારમાં દીવાને પ્રગટાવનાર ભગવાનનું શ્રુતજ્ઞાન છે. છતાં પ્રચુર કર્મોને કારણે મોટાભાગના જીવોમાં શ્રુતરૂપી દીવો પ્રગટ થતો નથી તેથી ભગવાનના પારમાર્થિક સ્વરૂપનો બોધ થતો નથી, અને પોતાને તે

ભગવાનના પારમાર્થિક સ્વરૂપનો કંઈક બોધ થયો, તેથી રાત્રિમાં દીપકની જેમ સન્માર્ગની પ્રાપ્તિ થઈ, તેના હર્ષની અભિવ્યક્તિથી ભગવાનની સ્તુતિ કરે છે. વળી, કોઈક પુરુષ સમુદ્રમાં પડેલ હોય તેને દ્વીપની પ્રાપ્તિ અતિદુષ્કર છે તેમ ચારગતિઓના પરિભ્રમણરૂપ સંસારમાં ચારિત્રરૂપ દ્વીપ જીવનું રક્ષણ કરે છે. પરંતુ કલિકાલમાં ભગવાનના શાસનમાં પારમાર્થિક ચારિત્રના બોધપૂર્વક ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ચારિત્રની પ્રાપ્તિ અતિદુર્લભ છે અને સ્તવનકારશ્રીને કંઈક તેવા ચારિત્રનો અંશ પ્રાપ્ત થયો છે. તેથી કહે છે કે કલિકાલમાં જેની પ્રાપ્તિ દુર્લભ છે એવા દ્વીપતુલ્ય તમારા ચરણની સેવાનો અંશ મને પ્રાપ્ત થયો છે. તેના હર્ષની અભિવ્યક્તિથી ભગવાનની સ્તુતિ કરે છે. વળી, મરુભૂમિમાં વૃક્ષના પાંદડા માત્રની પણ પ્રાપ્તિ દુર્લભ છે. તેમ ચારગતિના પરિભ્રમણરૂપ સંસારમાં જીવોને યોગમાર્ગની પ્રાપ્તિરૂપ માર્ગાનુસારી બુદ્ધિનો અંશ માત્ર દુર્લભ છે. તેથી જીવો કોઈક રીતે મનુષ્યભવ પામે છે તોપણ મોહાંધ થઈને નિષ્ફળ કરે છે, અને મરુભૂમિ જેવા કલિકાલમાં જ્યારે ઘટાદાર વૃક્ષ જેવું ભગવાનનું શાસન પોતાને પ્રાપ્ત થયું છે તેથી કલિની પણ સ્તુતિ કરીને ભગવાનની પાસે પોતાની ભક્તિની અભિવ્યક્તિ કરે છે. વળી, અતિ હિમના પર્વતો હોય જેમાં ઠંડીથી જીવ અત્યંત વિલ્વળ હોય તે વખતે અગ્નિની પ્રાપ્તિ અત્યંત દુર્લભ હોય છે. તેમ વિષયોની લાલસાથી કલિકાલમાં જીવો અતિ વિલ્વળ છે, અને તે કાળમાં ભગવાનના વચનના પરમાર્થની પ્રાપ્તિ રૂપ શીતતાને દૂર કરનાર અગ્નિની પ્રાપ્તિ પોતાને થઈ છે. તેથી કલિકાલ પણ પોતાને માટે ફલવાન થયો છે. તેમ બતાવીને ભગવાનની સ્તુતિ કરે છે. **॥૯/૬॥**

અવતરણિકા :-

तथा स्वकार्यतात्पर्येण हि प्रायः पर्यवस्यत एव सदसद्विचारस्तत एव स्तुतिकृन्निरुपकारियुगान्तरपरिहारेणोपकारिणं कलिमुपच्छन्दयन्नाह –

અવતરણિકાર્થ :-

તથા સ્વકાર્યના તાત્પર્યથી પ્રાયઃ સદ્-અસદ્ વિચાર પર્યવસાન પામે જ છે=પોતાના મોક્ષમાર્ગની પ્રાપ્તિરૂપ પ્રયોજનની પ્રાપ્તિરૂપ તાત્પર્યથી આ કાળ સારો છે અને આ કાળ ખરાબ છે એ પ્રકારનો વિચાર પ્રગટે છે, તેથી સ્તુતિકારશ્રી નિરુપકારિ યુગાંતરના પરિહારથી=તીર્થંકરો આદિના કાળમાં પણ જન્મીને પોતાને ઉપકાર ન થયો તેવા યુગાંતરના પરિહારથી, ઉપકારી એવા કલિની સ્તુતિ કરતાં સ્તવનકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પ્રાયઃ કરીને વિચારક જીવો જ્યાંથી પોતાના કાર્યની પ્રાપ્તિ થતી હોય તેને જ સારો ગણે છે, અને જ્યાંથી પોતાના કાર્યની સિદ્ધિ ન થતી હોય તેને ખરાબ કહે છે. આથી જ કોઈક વૈદ્ય અનિપુણ હોય, લોકમાં તેની પ્રસિદ્ધિ સારી ન હોય છતાં પોતાના રોગને દૂર કરવામાં તે સમર્થ બને છે. ત્યારે તે રોગી હંમેશાં તે વૈદ્યની જ પ્રશંસા કરે છે; કેમ કે પોતાના કાર્યની સિદ્ધિ થઈ તેથી તેને તે વૈદ્ય સુંદર જણાય છે,

અને જેના પાસેથી કાર્યની સિદ્ધિ ન થઈ તેવો નિપુણ પણ વૈદ્ય તેને સુંદર જણાતો નથી. તેમ સ્તુતિકારશ્રીને યુગાંતર કરતાં ઉપકારી કલિકાલ જણાય છે. તે બતાવતાં કહે છે –

શ્લોક :-

युगान्तरेषु भ्रान्तोऽस्मि, त्वद्दर्शनविनाकृतः ।
नमोऽस्तु कलये यत्र, त्वद्दर्शनमजायत ।।९/७।।

શ્લોકાર્થ :-

તમારા દર્શન કર્યા વગર યુગાંતરમાં પણ હું ભમ્યો છું. જ્યાં=જે કલિકાલમાં, તમારું દર્શન મને થયું તે કલિકાલને, નમસ્કાર થાઓ. ।।૯/૭।।

ટીકા :-

हे विश्वजनीन ! कृतधियस्तत्तद्गुणोपबृंहणेन सुषमादियुगानां गौरवमारोपयन्तु, मम तु कलिव्यतिरिक्तेषु युगान्तरेषु उदासीनमेव मनः । किमित्याह-यतस्तेष्वहमनन्तमनेहसं भ्रान्तः पर्यटितोऽस्मि, किम्भूतः ? त्वद्दर्शनविनाकृतः=तव सम्बन्धि दर्शनं त्वदुक्ततत्त्वरुचिरूपं त्वद्दर्शनं तेन विनाकृतो=वञ्चितः, अतः कृतयुगादिभिः परविभूतिपरिस्पन्दैरिव सुमनोहरैरप्यनुपयोगिभिः किं ? यद्वा आस्तां तावत्तव सेवाफलम्, किन्तु त्वद्दर्शनमात्रमपि मम नोपपन्नम्, अस्मै तु कलये सकलदोषकलुषायापि नमोऽस्तु=नमस्कारोऽस्तु, यत्र=यस्मिन्, भवशतसहस्रदुर्लभं सुकृतशतप्राप्यं मम त्वद्दर्शनमजायत । अयमाशयः किल यदि युगान्तरेषु मम त्वद्दर्शनमभविष्यत् तदा न खल्वहमियन्तं कालं भवभ्रमणमकरिष्यमिदानीं तु प्राप्ते त्वद्दर्शने दत्तो दीर्घभवभ्रमणाय मया जलाञ्जलिरिति ।।९/७।।

ટીકાર્થ :-

हे विश्वजनीन ! ..... जलाञ्जलिरिति ।। હે વિશ્વજનીન, કૃતબુદ્ધિવાળા ભગવાન !=જગતના ઉપકારી કૃતાર્થ બુદ્ધિવાળા ભગવાન !, તે તે ગુણોના ઉપબૃંહણથી સુષમાદિ યુગોનું ગૌરવ આરોપણ કરો, પરંતુ મારું મન કલિકાલથી વ્યતિરિક્ત એવા યુગાંતરોમાં ઉદાસીન જ છે.

કેમ યુગાંતરોમાં ઉદાસીન મન છે ? તેથી કહે છે –

જે કારણથી તેઓમાં=યુગાંતરોમાં, અનંત અનેહસ=કાળ, ભમેલો=પર્યટન કરાયેલો, હું છું.

કેવા પ્રકારનો હું છું ? તેથી કહે છે –

તમારાં દર્શન કર્યા વગરનો હું છું=તમારા સંબંધી દર્શન અર્થાત્ તમારા વડે કહેવાયેલા તત્ત્વની રુચિરૂપ તમારું દર્શન તેનાથી વિનાકૃત=વંચિત, એવો હું છું. આથી પરની વિભૂતિના પરિસ્પંદન દ્વારા સુમનોહર પણ જાણે અનુપયોગી એવા કૃતયુગાદિ વડે શું ?=તીર્થંકરો, ઋષિઓ આદિથી સુમનોહર

પણ પોતાને માટે અનુપયોગી એવા કૃતયુગાદિ વડે શું ? અર્થાત્ વિભૂતિથી યુક્ત પણ તે કાળ પોતાને માટે નિરર્થક છે. અથવા તમારી સેવાનું ફલ દૂર રહો, પરંતુ તમારું દર્શન માત્ર પણ મને પ્રાપ્ત ન થયું તેવા મનોહર યુગાદિ વડે શું ? વળી, સકલ દોષથી કલુષ પણ આ કલિકાલને નમસ્કાર થાઓ જેમાં હજારો લાખો ભવોથી દુર્લભ, હજારો સુકૃતથી પ્રાપ્ય એવું તમારું દર્શન મને થયું. તે કલિકાલને નમસ્કાર થાઓ.

આ આશય છે – જો યુગાંતરમાં મને તમારું દર્શન થયું હોય તો ખરેખર હું આટલો કાળ ભવભ્રમણ કરત નહીં. હમણાં તમારા દર્શનની પ્રાપ્તિ થયે છતે દીર્ઘભવભ્રમણને મારા વડે જલાંજલિ અપાઈ છે. ॥૯/૭॥

ભાવાર્થ :-

તીર્થંકરો વિચરતા હોય તે સુંદર કાળ હતો છતાં પોતાના આત્મામાં કર્મની પ્રચુરતાને કારણે તે કાળમાં અનેક વખત બાહ્યથી તીર્થંકરોની, ઋષિઓની, મહર્ષિઓની પ્રાપ્તિ થઈ તોપણ વીતરાગનું વચન જે સ્વરૂપે વીતરાગે બતાવ્યું છે તેનો અંશ પણ પોતાને પ્રાપ્ત થયો નથી. તેથી તમારા દર્શન વગરનો હું તે યુગાંતરમાં ભમ્યો છું, તેથી મારા આત્મા માટે તે કાલ કોઈ પ્રકારના કલ્યાણ માટે થયો નહીં. વસ્તુતઃ કૃતયુગાદિથી અધિક છે માટે કલિ ઇચ્છનીય છે એમ નથી, પરંતુ ભગવાનથી=ભગવાનના શાસનની પ્રાપ્તિથી, કલિ કમનીય છે=ઇચ્છનીય છે. એ પ્રકારે સ્તવનકારશ્રી કહીને કલિકાલમાં પોતાને ભગવાનનાં દર્શન થયાં તેથી હર્ષની અભિવ્યક્તિ રૂપે કહે છે કે પારમાર્થિક વીતરાગને વીતરાગ સ્વરૂપે જાણીને તમારાં દર્શનની પ્રાપ્તિનું કારણ આ કલિકાલ મારા માટે થયો માટે હું કલિકાલને નમસ્કાર કરું છું. યુગાંતરને નમસ્કાર કરતો નથી; કેમ કે આ કલિકાલ જ તમારા દર્શનના બળથી મારા માટે સર્વકલ્યાણનું એક કારણ છે. **॥૯/૭॥**

અવતરણિકા :-

ન ચ કૃતયુગાદિભ્ય એવ કલિઃ કમનીયઃ, કિન્તુ ભગવતોઽપીતિ સોપહાસમાહ–

અવતરણિકાર્થ :-

કૃતયુગાદિથી જ કલિ કમનીય નથી=કૃતયુગાદિ પોતાના સ્વરૂપે શ્રેષ્ઠ છે. કલિ પોતાના સ્વરૂપે શ્રેષ્ઠ નથી પણ હીન છે. તો શેના કારણે કલિ કૃતયુગાદિઓથી શ્રેષ્ઠ છે ? એથી કહે છે – ભગવાનથી=ભગવાનના શાસનની પ્રાપ્તિથી, કલિ કમનીય છે. એ પ્રકારે સોપહાસ=કલિનો કંઈક ઉપહાસ કરીને કલિની કમનીયતાને કહે છે –

શ્લોક :-

बहुदोषो दोषहीनात्त्वत्तः कलिरशोभत ।
विषयुक्तो विषहरात्, फणीन्द्र इव रत्नतः ।।९/८।।

શ્લોકાર્થ :-

બહુદોષોવાળો કલિ=ઘણા દોષવાળો કલિકાલ, દોષહીન એવા તમારાથી=સંપૂર્ણ દોષથી રહિત એવા તમારાથી, શોભે છે. જેમ, વિષયુક્ત ફણીન્દ્ર વિષને હરનારા રત્નથી શોભે છે. ।।૯/૮।।

ટીકા :-

हे जगल्ललाम ! त्वं तावज्जगत्यपि सर्वोत्तमत्वेन शोभसे अयं तु कलिस्त्वत्तोऽप्यशोभत यदि पुनर्गुणाधिकः स्यादित्याह-बहुदोषो निखिलदोषास्पदम् । त्वत्तः किंविशिष्टात् ? दोषहीनाद्दोषाणुनाप्यस्पृष्टात्, दोषोत्कर्षेणैव च तस्य त्वत्तः समुत्कर्षः, इदमेव दृष्टान्तेन स्पष्टयति-विषेत्यादि । यथा फणीन्द्रः=पन्नगपतिः शोभते, किंविशिष्टो ? विषयुक्तः=प्रबलगरलकलितः, कस्मात् ? रत्नतः स्वमौलिमणेः, किंविशिष्टात् ? विषहरात् विषदोषनिग्राहकात् न च फणमणेः फणी कदाचिदप्यधिकः, तथैव त्वत्तः कलिः, केवलमस्मिंस्त्वद्दर्शनलाभो ममाभूदिति निर्गुणस्याप्युपकारिणोऽस्य प्रशंसा विदधे व्यतिरेके तु कृतघ्नत्वं स्यात् । एतत्पक्षपातहेतुविचारणायां च स्तुतिकर्तुस्तत्त्वतो भगवद्गुणपक्षपात एवेति समञ्जसम्, यदि वा बहुदोषोऽपि त्वत्त एव हेतुभूतात् कलिरशोभत, यतः किम्भूतात्त्वत्तः ? दोषहीनात् दोषकालुष्यविनिर्मुक्तात्, यथा फणवान् विषयुक्तोऽपि तद्दोषनिग्राहकान्निजमौलिमणेरेव शोभत इति ।।९/८।।

इति श्रीवीतरागस्तोत्रे नवमस्य कलिस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

हे जगल्ललाम ! ..... शोभत इति ।। હે જગતલલામ !=જગતના તિલકભૂત હે ભગવાન ! તમે જગતમાં પણ સર્વોત્તમપણાથી શોભો છો. વળી, આ કલિ=કલિકાલ, તમારાથી પણ શોભત અર્થાત્ સ્વતઃ શોભતો નથી પરંતુ તમારા સાન્નિધ્યથી શોભત. જો વળી ગુણાધિક હોય, જો વળી અન્ય યુગો કરતાં ગુણાધિક હોય, વસ્તુતઃ અન્ય યુગો કરતાં ગુણાધિક નથી એથી કહે છે, બહુદોષવાળો છે=બધા પ્રકારના દોષનું સ્થાન કલિ છે.

કેવા વિશિષ્ટ એવા તમારાથી શોભે છે ? એથી કહે છે –

દોષહીન એવા તમારાથી=દોષના અણુથી પણ અસ્પૃષ્ટ એવા તમારાથી કલિ શોભે છે એમ અન્વય છે. અને દોષના ઉત્કર્ષને કારણે જ તેનું=કલિનું, તમારાથી સમુત્કર્ષ છે દોષના ઉત્કર્ષ કલિમાં છે છતાં તમારાથી તેનો ઉત્કર્ષ છે એને જ=ઘણા દોષવાળો કલિ પણ ભગવાનથી શોભે છે એને જ, દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જે પ્રમાણે ફણીન્દ્ર=નાગનો પતિ, શોભે છે.

કેવો વિશિષ્ટ વિષયુક્ત=પ્રબલ ઝેરથી કલિત, એવો ફણીન્દ્ર શોભે છે ? શેનાથી શોભે છે ? એથી કહે છે –

રત્નથી=પોતાના મસ્તકમાં રહેલા મણિથી, શોભે છે.

કેવા વિશિષ્ટ રત્નથી શોભે છે ? એથી કહે છે –

વિષને હરણ કરનાર=વિષના દોષના નિગ્રાહક, એવા રત્નથી શોભે છે. અને ફણમણિથી ફણી ક્યારેય પણ અધિક નથી, તે પ્રમાણે તમારાથી કલિ ક્યારેય અધિક નથી. કેવલ આમાં=કલિમાં= કલિકાલમાં, તમારા દર્શનનો લાભ મને થયો એથી નિર્ગુણ પણ ઉપકારી એવા આની=કલિકાલની, પ્રશંસા કરાય છે. વળી, વ્યતિરેકમાં=પ્રશંસાને બદલે કલિકાલની નિંદામાં, વળી કૃતઘ્નપણું થાય. આના પક્ષપાતના હેતુની વિચારણામાં=કલિકાલના પક્ષપાતના હેતુની વિચારણામાં, સ્તુતિકર્તાનો તત્ત્વથી ભગવાનના ગુણમાં પક્ષપાત જ છે એથી સમંજસ છે=કલિની સ્તુતિ યુક્ત છે. અથવા બહુદોષવાળો પણ હેતુભૂત એવા તમારાથી કલિ શોભે છે.

જે કેવા પ્રકારના તમારાથી કલિ શોભે છે ? એથી કહે છે –

દોષહીન=દોષકાલુષ્યથી રહિત, એવા તમારાથી શોભે છે, જે પ્રમાણે ફણાવાળો વિષયુક્ત પણ સર્પ તેના દોષના નિગ્રાહક=વિષનિગ્રાહક એવા પોતાના મસ્તક ઉપર મણિથી જ શોભે છે. ॥૯/૮॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં નવમા કલિસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

સામાન્યથી કલિકાલ તીર્થંકરો, અતિશય જ્ઞાનીઓના વિરહવાળો છે. તેથી સન્માર્ગની પ્રાપ્તિ યોગ્ય જીવોને પણ દુર્લભ છે; કેમ કે અતીન્દ્રિય પદાર્થો ચક્ષુગોચર નથી તેથી છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી. ફક્ત સર્વજ્ઞના વચનથી જ અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય થઈ શકે છે, અને તેના બળથી જ આત્મહિતની પ્રવૃત્તિ થઈ-શકે છે. વળી, કલિકાલમાં જીવોની મતિની દુર્લભતા છે. વિશિષ્ટ જ્ઞાનીઓનો વિરહ છે. યોગ્ય પણ જીવોમાં કલિના દોષને કારણે વક્રતા અને જડતા છે. તેથી કંઈક માર્ગ પામે તેવા પણ જીવોને માર્ગની પ્રાપ્તિમાં કલિકાલ વિઘ્નભૂત છે. તેથી કલિકાલ બહુદોષવાળો છે. આમ છતાં બહુદોષવાળા પણ કલિકાલમાં સર્વદોષ રહિત ભગવાન જિનપ્રતિમા રૂપે અને શ્રુતવચન રૂપે વિદ્યમાન છે; કેમ કે વિવેકીને જિનપ્રતિમા જોઈને સર્વદોષથી રહિત જિનનું સ્મરણ થાય છે. અને માર્ગાનુસારી મતિવાળા જીવોને જિનવચનથી જિનના સ્વરૂપનો બોધ થાય છે. તેથી દોષ રહિત એવા પરમાત્માથી દોષવાળો પણ કલિકાલ શોભાયમાન થાય છે. આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જેમ ફણીધર સાપ વિષયુક્ત હોય છે. તેથી, જીવોને માટે વિનાશનું જ કારણ છે. તોપણ તે વિશિષ્ટ પ્રકારના ફણીધરના મસ્તક ઉપર વિષને હણનાર મણિ હોય છે. જે મણિ લોકોને ઉપકાર કરનાર હોવાથી તે મણિથી તે ફણીધર શોભે છે. તેમ, મોહરૂપી વિષ જેવો કલિકાલ પણ મોહરૂપી વિષના નાશને કરનારા ભગવાનના વચન અને ભગવાનની પ્રતિમાથી શોભે છે. **॥૯/૮॥**

પ્રકાશ-૧૦

અવતરણિકા :-

જગત્પ્રતિકૂલમપ્યેવં ભગવદ્દર્શનદાનેનાનુકૂલં કલિમુપશ્લોક્યાદ્‌ભુતસ્તવં સ્તુતિકૃત્ પ્રસ્તાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

આ રીતે જગતને પ્રતિકૂલ પણ એવા કલિને ભગવાનના દર્શનના દાનથી અનુકૂલ છે એને ઉપશ્લોકન કરીને=પ્રશંસા કરીને, સ્તુતિકારશ્રી અદ્‌ભુત સ્તવને પ્રસ્તાવન કરતાં કહે છે –

શ્લોક :-

मत्प्रसत्तेस्त्वत्प्रसादस्त्वत्प्रसादादियं पुनः ।
इत्यन्योन्याश्रयं भिन्धि, प्रसीद भगवन्मयि ।।१०/१।।

શ્લોકાર્થ :-

મારી પ્રસત્તિથી=મારી તમારા પ્રત્યેની ભક્તિની પ્રસત્તિથી=આશક્તિથી, તમારો પ્રસાદ છે=તમારો મારા પ્રત્યેનો પ્રસાદ છે, અને તમારા પ્રસાદથી વળી, આ છે=મારી પ્રસત્તિ છે. એ પ્રકારના અન્યોન્યાશ્રયને દૂર કરો. હે ભગવન્ ! તમે મારા ઉપર પ્રસાદ કરો. ।।૧૦/૧।।

ટીકા :-

हे भगवन् ! परमैश्वर्यसम्पन्न ! किल यस्मादैहिकमल्पमात्रमपि फलमिष्यते सोऽपि तदर्थिभिराभिमुख्यमानीय प्रसाद्यते, मया तु त्वत्तः सर्वोत्तमं परमपदमभिलषता त्वं सविशेषं प्रसादनीयः, स च त्वत्प्रसादः प्रथमं मत्प्रसत्तिमपेक्षते, किल यदाहमरक्तद्विष्टेन परमसमभावभावितेन मनसा त्वदाज्ञां सम्यगाराधयामि तदा त्वं प्रसीदसि, सा च परमसाम्यरूपा मत्प्रसत्तिस्त्वत्प्रसादानुभाविनी त्वय्येव प्रसन्ने भवति, एवं चेतरेतराश्रयदोषः, स चानुगृहीतो निरङ्कुशं प्रसरन्नुभयोरप्यभावाय प्रभवति, तस्माद् भुवनवत्सल ! त्वमेनमन्योन्याश्रयं भिन्धि=व्यपनय, तदपनयने उपायमाह-प्रसीद मयीति । किमुक्तं भवति ? महेच्छतुच्छयोर्मतङ्गजमशक्योरिव सुदूरमन्तरम्, ततस्त्वं महेच्छतया निसर्गकारुणिकत्वेन च तुच्छां मत्प्रसत्तिमवगणय्य प्रथममेव प्रसादसुमुखो भव, प्रसन्ने च त्वय्यवश्यम्भाविनी मत्प्रसत्तिरेवं चान्योन्याश्रयोऽपि दूरादपास्त इति न किञ्चिदचतुरस्रम् ।।१०/१।।

ટીકાર્થ :-

हे भगवन् ! ..... किञ्चिदचतुरस्रम् ।। હે ભગવન્ ! પરમઐશ્વર્યસંપન્ન !=મિથ્યાત્વ, અવિરતિ,

પ્રમાદ, કષાય અને યોગરૂપ ભાવમલથી રહિત હોવાને કારણે આત્માની નિર્મલતારૂપ પરમઐશ્વર્યથી સંપન્ન ભગવાન ! ખરેખર જે કારણથી ઐહિક અલ્પમાત્ર પણ ફલ ઇચ્છાય છે તે પણ તેના અર્થી વડે=ફલના અર્થી વડે, આભિમુખ્યને લાવીને=જેના પ્રસાદથી ફલ પ્રાપ્ત કરવું છે તે પુરુષને આભિમુખ્ય લાવીને, પ્રસાદ પ્રાપ્ત કરાય છે. વળી, તમારાથી સર્વોત્તમ પરમપદને અભિલષતા એવા મારા વડે તમે સવિશેષ પ્રસાદનીય છો=સામાન્ય ફલના અર્થી વડે રાજા આદિ પ્રસાદનીય છે, તેની અપેક્ષાએ તમારા પાસેથી સર્વોત્તમ એવા મોક્ષપદને અભિલષતા મારા વડે તમે તમારી પૂર્ણ આજ્ઞાનું પાલન કરીને પ્રસાદનીય છો, અને તે તમારો પ્રસાદ પ્રથમ મત્પ્રસત્તિની અપેક્ષા રાખે છે=પ્રથમ હું ભક્તિથી તમારે અભિમુખ થાઉં તેવી મારી પ્રસત્તિની અપેક્ષા રાખે છે. ખરેખર જ્યારે હું અરક્તદ્વિષ્ટપણાથી પરમસમભાવથી ભાવિત મનથી તમારી આજ્ઞાની સમ્યગ્આરાધના કરું છું ત્યારે તમે પ્રસાદ કરો છો, અને તે પરમ સામ્યરૂપ મારી પ્રસત્તિ તમારા પ્રસાદની અનુભાવિની છે=તમારા પ્રસાદના બળથી થવાની છે=તમે પ્રસન્ન થયે છતે થાય છે, અને આ રીતે ઇતરેતરા આશ્રયદોષ છે. અર્થાત્ મારા ચિત્તની પ્રસત્તિમાં તમારો પ્રસાદ કારણ છે, અને તમારા પ્રસાદમાં મારી ચિત્તની પ્રસત્તિ કારણ છે. એ પ્રકારનો પરસ્પર આશ્રયરૂપ દોષ છે. અને તે=અન્યોન્યાશ્રયદોષ, અનુગૃહીત=અનુગ્રહ કરાવેલો, નિરકુંશ પ્રસાર પામતો ઉભયના અભાવ માટે થાય છે=બંનેની નિષ્પત્તિના અભાવ માટે થાય છે. અર્થાત્ જેમ પિતા પુત્રનો જનક છે તેમ પુત્ર પિતાનો જનક હોય તો પુત્રની નિષ્પત્તિ વગર પિતા થઈ શકે નહીં અને પિતાની નિષ્પત્તિ વગર પુત્ર થઈ શકે નહીં, તેથી બંનેના અભાવની જ પ્રાપ્તિ થાય, તેમ મારી પ્રસત્તિ અને તમારા પ્રસાદ વચ્ચે બંનેનો પરસ્પર કારણભાવ સ્વીકારવામાં આવે તો ઉભયના અભાવની પ્રાપ્તિ થાય છે. તે કારણથી ભુવનવત્સલ એવા હે ભગવાન ! તમે આ અન્યોન્યાશ્રયને દૂર કરો. અન્યોન્યાશ્રયના અપનયનમાં ઉપાયને કહે છે – મારા ઉપર પ્રસાદ કરો અર્થાત્ મારી તમારા પ્રત્યેની પ્રસત્તિનો વિચાર કર્યા વગર મારા પ્રત્યે પ્રસાદ કરો, જેથી તમારા પ્રસાદથી મારામાં તમારા પ્રત્યે ભક્તિ પ્રગટ થાય.

શું કહેવાયેલું થાય ? તેથી કહે છે –

મહેચ્છનું અને તુચ્છનું=મહાન ઇચ્છાવાળા એવા તમારું અને તુચ્છ એવા મારું, હાથી અને મચ્છરની જેમ સુદૂર અંતર છે તેથી તમે મહેચ્છાપણાથી અને નિસર્ગકારુણિકપણાને કારણે તુચ્છ એવી મારી પ્રસત્તિની અવગણના કરીને પ્રથમ જ પ્રસાદ સુમુખ થાઓ અને તમે પ્રસન્ન થયે છતે તમારામાં અવશ્ય ભાવિની મારી પ્રસત્તિ છે. આ રીતે=મારી પ્રસત્તિની અપેક્ષા રાખ્યા વગર તમે પ્રસાદ કરો એ રીતે, અન્યોન્યાશ્રય પણ દૂરથી અપાસ્ત છે=દૂર કરાયેલો છે, એથી કાંઈ અસમંજસ નથી. ॥૧૦/૧॥

ભાવાર્થ :-

સામાન્ય નિયમ પ્રમાણે જીવ ભગવાનના પ્રસાદને પામે છે ત્યારે ભગવાનના અભિમુખભાવને પ્રાપ્ત કરે છે. આથી જ ચરમાવર્ત બહારના જીવો ભગવાનના પ્રસાદને પામતા નથી. તેથી ભગવાનને અભિમુખ થતા

નથી. અને જીવ ભગવાનને અભિમુખ થાય અર્થાત્ ભગવાનના વચનનો યથાર્થ તાત્પર્યથી ગ્રહણ કરવાને અભિમુખ થાય ત્યારે જ ભગવાનનો પ્રસાદ તે જીવ ઉપર થાય છે. તે રીતે વિચારીએ તો જીવ ઉપર ભગવાનનો પ્રસાદ જીવના આભિમુખ્યભાવ વગર થતો નથી અને જીવ ભગવાનને અભિમુખ પરિણામવાળો થાય નહીં ત્યાં સુધી ભગવાનનો પ્રસાદ જીવ ઉપર થાય નહીં. આ પ્રકારે અન્યોન્યાશ્રયદોષ આવે છે. અને અન્યોન્યાશ્રયદોષ હોય ત્યાં કાર્યકારણભાવની સંગતિ થાય નહીં. જેમ પિતાથી પુત્રની ઉત્પત્તિ થાય છે, તેમ પુત્ર પ્રત્યે પિતાને કારણ સ્વીકારવા પછી પિતા પ્રત્યે પુત્ર કારણ છે તેમ કહીએ તો પિતાની ઉત્પત્તિ પ્રત્યે પુત્ર કારણ છે અને પુત્રની ઉત્પત્તિ પ્રત્યે પિતા કારણ છે તેમ સ્વીકારવું પડે. અને તેમ સ્વીકારીએ તો પિતા ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પુત્ર ઉત્પન્ન ન થઈ શકે અને પુત્ર ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પિતાને ઉત્પન્ન કરી શકે નહીં; કેમ કે પુત્ર વિદ્યમાન ન હોય તો કઈ રીતે પિતાનો જનક થાય માટે તે પ્રકારના કાર્યકારણભાવને સ્વીકારી શકાય નહીં. માટે ગ્રંથકારશ્રી ભગવાનની ભક્તિ કરવા અર્થે કહે છે કે મારા આભિમુખ્યભાવ પછી તમે પ્રસાદ કરો અને તમે પ્રસાદ કરો પછી હું તમારે અભિમુખ થાઉં એ પ્રકારનો અન્યોન્યાશ્રયદોષનો ભેદ કરીને તમે જ મારા ઉપર પ્રસાદ કરો. આ પ્રકારે ભગવાનને ભક્તિથી કહીને ભગવાનના આલંબનથી સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યેનો પોતાનો આભિમુખ્યભાવ અતિશયિત કરે છે; કેમ કે ભગવાનની આજ્ઞાના પાલનથી જ ભગવાન પ્રત્યેનો આભિમુખ્યભાવ પ્રગટ થાય છે, અને ભગવાનની આજ્ઞા છે કે સ્વશક્તિ અનુસાર ગુણવાન પુરુષોનું અવલંબન લઈને તે પુરુષોના ગુણોથી આત્માને વાસિત કરો જેથી ગુણવાન પુરુષને અભિમુખ થઈને તમે પણ અંતે તેવા જ પૂર્ણ ગુણવાળા થાઓ. આથી જ જે જીવો ભગવાનના પારમાર્થિક ગુણોનો અલ્પ પણ બોધ કરીને તેમના ગુણોથી ચિત્તરંજિત થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક તેમની સ્તુતિ કરે છે કે ભક્તિ કરે છે ત્યારે તે મહાત્માનો ઉપયોગ સાંસારિક પદાર્થ વિષયક રાગાદિની આકુલતાથી પર છે, અને વીતરાગભાવ પ્રત્યે રાગના પરિણામવાળો છે. જે સમભાવના જ બીજ સ્વરૂપ છે. અને તે સમભાવનું બીજ જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પરમ સામ્યભાવને પામે છે અને પ્રકર્ષને પામીને તે મહાત્માનો ઉપયોગ વીતરાગતામાં વિશ્રાંત પામશે. આથી જ ભગવાનની ભક્તિના ઉપયોગમાં લીન થયેલા નાગકેતુને ભગવાનની પૂજા કરતાં કરતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. **॥૧૦/૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

ભગવાનના અન્યોન્યાશ્રયદોષને ભેદવા વિષયક અદ્‌ભુત કહીને ભગવાનનું અન્ય અદ્‌ભુત કહે છે–

શ્લોક :-

निरीक्षितुं रूपलक्ष्मीं, सहस्राक्षोऽपि न क्षमः ।
स्वामिन् सहस्रजिह्वोऽपि, शक्तो वक्तुं न ते गुणान् ।।१०/२।।

શ્લોકાર્થ :-

સહસ્ત્રચક્ષુવાળો પણ રૂપલક્ષ્મીને જોવા માટે હે સ્વામી ! સમર્થ નથી. સહસ્ત્રજિહ્વાવાળો પણ તમારા ગુણોને કહેવા માટે સમર્થ નથી. ।।૧૦/૨।।

ટીકા :-

हे स्वामिन् ! सर्वाद्भुतनिधान ! तव किमेकमद्भुतं वर्ण्यताम् ?, तथाहि–तव रूपलक्ष्मीमनुत्तरसुरैरपि स्पृहणीयां सर्वोत्तमामनुपाधिमधुरां शरीरशोभामासतां तावद् द्विनयनीदुःस्थाः सुरासुरनरादयः, किन्तु सहस्राक्षः सहस्रलोचनः शक्रोऽपि निरीक्षितुं यथावत्परिच्छेत्तुं न क्षमो=न समर्थः, निरुपमत्वात्तस्याः, श्रूयते चाप्तोक्तिषु

"सव्वसुरा जइ रूवं, अंगुट्ठपमाणयं विउव्विज्जा ।

जिणपायंगुट्ठं पइ, न सोहए तं जहिंगालो ।।१।।" **इति (आव० नि० गा० ५६९) ।**

तथा तव सम्बन्धिनो लोकोत्तरज्ञानदर्शनवैराग्यैश्वर्यप्रमुखान् गुणानास्तामेकजिह्वः, किन्तु सहस्रजिह्वो दशशतरसनोऽपि वक्तुं=निःशेषतया वर्णयितुं परिमातुं वा न शक्तः, निरवधित्वात् तेषाम् । पठन्ति च–

"यदि त्रिलोकी गणनापरा स्यात्, तस्याः समाप्तिर्यदि नायुषः स्यात् ।

पारेपरार्द्ध्यं गणितं यदि स्यात्, गणेयनिःशेषगुणोऽपि स स्यात् ।।१।।" **इति ।।१०/२।।**

ટીકાર્થ :-

हे स्वामिन् ! ..... इति ।। હે સ્વામિન્ ! સર્વ અદ્‌ભુતના નિધાન ! તમારા એક અદ્‌ભુતનું શું વર્ણન કરું- ? અર્થાત્ તમારા ઘણા અદ્‌ભુત છે. તે આ પ્રમાણે – તમારી રૂપલક્ષ્મીને=અનુત્તરસુરો વડે સ્પૃહણીય, સર્વોત્તમ અનુપાધિથી મધુર શરીર શોભાને, જોવા માટે કોણ સમર્થ છે એમ અન્વય છે. બે નયનવાળા દુઃસ્થ સુરાસુરનરાદિ=બે ચક્ષુવાળા સુર, અસુર, નરાદિ, તમારું રૂપ જોવા માટે અસમર્થ છે એ દૂર રહો, પરંતુ હજાર આંખવાળો શક્ર પણ જોવા માટે=યથાવત્ નિર્ણય કરવા માટે=તમારી રૂપલક્ષ્મીને યથાવત્ નિર્ણય કરવા માટે, સમર્થ નથી; કેમ કે તેનું=તમારી રૂપલક્ષ્મીનું નિરુપમપણું છે. અને આપ્ત ઉક્તિમાં સંભળાય છે. "બધા સુરો જો અંગુષ્ઠ પ્રમાણ રૂપને વિકુર્વે તો ભગવાનના પાદના અંગૂઠા આગળ શોભતા નથી તે અંગારા જેવા છે, અર્થાત્ ભગવાનના રૂપ આગળ નિઃસાર છે. અર્થાત્ ભૂતકાળમાં પ્રકર્ષથી સેવાયેલા ધર્મના ફળરૂપે કોઈનાથી નિર્માણ ન કરી શકાય તેવા સર્વોત્તમ રૂપલક્ષ્મીવાળા ભગવાન છે." **અને તમારા સંબંધી લોકોત્તર જ્ઞાન, દર્શન, વૈરાગ્ય, ઐશ્વર્ય વગેરે ગુણોને એક જિહ્વાવાળો દૂર રહો, પરંતુ હજાર જિહ્વાવાળો પણ નિઃશેષપણાથી કહેવા માટે=વર્ણન કરવા માટે અથવા નિર્ણય કરવા માટે સમર્થ નથી; કેમ કે તેઓનું=તમારા ગુણોનું, નિરવધિપણું છે. અને કહે છે.** "જો ત્રણેય લોકોના જીવો ગણનાપર થાય=ભગવાનના ગુણોને ગણવા માટે તત્પર થાય, તેના આયુષ્યની સમાપ્તિ જો ન થાય, જો પારેપરાર્દ્ધ્ય એવું ગણિત હોય તો ગણવા યોગ્ય નિઃશેષગુણવાળો પણ તે થાય." **।।૧૦/૨।।**

ભાવાર્થ :-

ભગવાન પ્રત્યેની ભક્તિના પ્રકર્ષ અર્થે સ્તવનકારશ્રી કહે છે કે હે ભગવન્, તમે ભૂતકાળમાં સમ્યગ્ ધર્મ તે રીતે પ્રકર્ષવાળો સેવ્યો છે કે જેના પ્રકર્ષને કારણે ચરમભવમાં તમને ઉત્તમરૂપ લક્ષ્મી મળી છે. તે રૂપલક્ષ્મીને બે ચક્ષુથી જોનારા તો પરિમિત જોઈ શકે, પરંતુ હજાર ચક્ષુવાળો ઇન્દ્ર પણ પૂર્ણ જોવા માટે સમર્થ નથી; કેમ કે ઉત્તમપુણ્યના ઉદયથી દેવોને શ્રેષ્ઠરૂપ પ્રાપ્ત થયું છે તે સર્વ કરતાં પણ પ્રકૃષ્ટ પુણ્યવાળા એવા તીર્થંકરોને પ્રકૃષ્ટ રૂપની પ્રાપ્તિ થઈ છે. જે દેહના સૌદર્યરૂપ જ તમારામાં વર્તતા ઉત્તમગુણોને બતાવનાર છે; કેમ કે તેવા ઉત્તમયોગમાર્ગના સેવન વગર ક્યારેય આવું ઉત્તમરૂપ પ્રાપ્ત થાય નહીં. વળી, ભગવાનમાં અપરિમિત ઉત્તમગુણો છે જેથી હજાર જિલ્વાવાળો પણ તે બધા ગુણોને કહેવા માટે યત્ન કરે તોપણ ભગવાનના તે ગુણોને સંપૂર્ણ કહી શકતો નથી, તેથી ગુણના નિધાન એવા તમારા ગુણોને આ રીતે સ્મરણ કરીને જ હું મારા આત્માને કૃતકૃત્ય કરું છું એ પ્રકારનો સ્તવનકારશ્રીનો આશય છે. **॥૧૦/૨॥**

અવતરણિકા :-

तेषां गुणानामेव वर्णिकामात्रमुपक्षिपन्नाह –

અવતરણિકાર્થ :-

તેઓના ગુણોના જ વર્ણિકામાત્રને=સામાન્ય વર્ણનને, જ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

संशयान्नाथ ! हरसेऽनुत्तरस्वर्गिणामपि ।
अतः परोऽपि किं कोऽपि, गुणः स्तुत्योऽस्ति वस्तुतः ।।१०/३।।

શ્લોકાર્થ :-

હે નાથ ! અનુત્તરસ્વર્ગિઓના પણ સંશયોને તમે હરણ કરો છે. આનાથી પર પણ=શ્રેષ્ઠ પણ, વસ્તુતઃ કોઈ પણ સ્તુત્ય ગુણ શું છે ? અર્થાત્ નથી. ॥૧૦/૩॥

ટીકા :-

हे सुरासुरनरनाथ ! नाथ ! यदि त्वमीषदूनसप्तरज्जुप्रमितक्षेत्रस्थितानामप्यनुत्तरस्वर्गिणां=पञ्चोत्तरसुराणामिह स्थित एव संशयान् जीवादितत्त्वगोचरान् सन्देहान् हरसे=व्यपनयसि, श्रूयते हि किलानुत्तरसुराः समुत्पन्नसंशयास्तत्रस्था एव मनसा स्वामिनं पृच्छन्ति, भगवांस्तु विमलकेवलालोकादवधार्य तदनुग्रहाय स्वमनसि तदुत्तरं धारयति, ते च सम्भिन्नां लोकनालिमप्रतिबद्धेनावधिना पश्यन्तः स्वामिनो रूपिमनोगतमुत्तरं प्रतिपद्य प्रमोदमेदुराः सम्पद्यन्ते, अतस्त्वामन्तरेण कस्यापरस्येयमनुत्तरसुरसन्देहव्यपोहलक्षणजगद्विलक्षणा शक्तिः, कश्चातः परोऽपि तव गुणो वस्तुतः परमार्थतः स्तुत्यः ?, अस्यैव सर्वोत्तमत्वादिति ।।१०/३।।

ટીકાર્થ :-

હે સુરાસુરનરનાથ ! ..... સર્વોત્તમત્વાદિતિ ।। હે સુર, અસુર, નરના નાથ એવા નાથ ! જો તમે કંઈક ન્યૂન સપ્તરજ્જુથી પ્રમિત ક્ષેત્રમાં સ્થિત પણ અનુત્તરદેવોના=પાંચ ઉત્તર એવા દેવોના, અહીં રહેલા જ તમે જીવાદિતત્ત્વોવિષયક સંશયોને હરણ કરો છો. હિ=જે કારણથી, ખરેખર સંભળાય છે કે અનુત્તરસુરો સમુત્પન્નસંશયવાળા ત્યાં રહેલા જ=પોતાના નિવાસસ્થાનમાં જ રહેલા, મન દ્વારા સ્વામીને પૂછે છે. વળી, ભગવાન વિમલકેવલાલોકથી અવધારણ કરીને=દેવોના પ્રશ્નોનો નિર્ણય કરીને, તેના અનુગ્રહ માટે પોતાના મનમાં તેના ઉત્તરને ધારણ કરે છે. અને તેઓ=અનુત્તરવાસિદેવો, સંભિન્ન લોકનાલિકાને કંઈક ન્યૂન ત્રસનાડીને, અપ્રતિબદ્ધ એવા અવધિ વડે જોતા સ્વામીના રૂપી મનોગત ઉત્તરને પ્રાપ્ત કરીને પ્રમોદના અતિશયવાળા થાય છે. આથી તમારા વગર અપર કોની આ અનુત્તરદેવોના સંદેહને દૂર કરવા સ્વરૂપ જગદ્વિલક્ષણ શક્તિ છે. અર્થાત્ તમારા સિવાય કોઈનામાં પણ તે પ્રકારની શક્તિ નથી. આનાથી પર પણ=અનુત્તરદેવોના સંદેહને દૂર કરવાની શક્તિથી અન્ય પણ, કયો તમારો ગુણ પરમાર્થથી સ્તુત્ય છે. અર્થાત્ આ જ તમારો ગુણ અત્યંત સ્તુત્ય છે; કેમ કે આનું જ=સર્વ જીવોના સંદેહને દૂર કરે એવા ગુણનું જ, સર્વોત્તમપણું છે. ।।૧૦/૩।।

ભાવાર્થ :-

સંસારમાં કેટલાક પરિમિત જીવો જ ચારબુદ્ધિના નિધાન હોય છે. તેમાં પણ દેવો વિશિષ્ટબુદ્ધિના નિધાન હોય છે તેથી દેવોને વિબુધ કહેવાય છે. વળી, દેવોમાં પણ વૈમાનિકદેવો વિશિષ્ટ પ્રકારના ચારબુદ્ધિના નિધાનો હોય છે. તે સર્વ કરતાં પણ અતિશય નિર્મળકોટિના બુદ્ધિના નિધાન અનુત્તરવાસી દેવો હોય છે અને તેઓ પાસે નિર્મળકોટિનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. પ્રાયઃ કરીને તેઓ જીવાદિ નવ તત્ત્વોના જ સૂક્ષ્મ, સૂક્ષ્મતરભાવો જોવા માટે સતત પ્રયત્ન કરતા હોય છે. જીવાદિ નવ તત્ત્વના જ સૂક્ષ્મ વિસ્તાર આત્મક દ્વાદ્વશાંગી રૂપ ચૌદપૂર્વ છે. તેથી, તે અનુત્તરવાસી દેવો પણ તે સૂક્ષ્મતત્ત્વને ભાવન કરીને પોતાનો વીતરાગતાને અભિમુખભાવ સદા પુષ્ટ, પુષ્ટતર કરતા હોય છે. જેનાથી તેઓનું ચિત્ત અત્યંત મોહના સંશ્લેષ વગરનું થવાથી સુખની વૃદ્ધિ થાય છે. તેવા બુદ્ધિના નિધાન પણ અનુત્તરવાસી દેવોને જીવાદિ નવ તત્ત્વના સૂક્ષ્મપદાર્થ વિષયક ક્યાંય સંશય થાય ત્યારે મન દ્વારા જ તીર્થંકરોને પ્રશ્ન કરે છે. ભગવાન પણ કેવલજ્ઞાનના બળથી પોતાને પુછાયેલા પ્રશ્નને જાણે છે. અને તેના ઉત્તર રૂપે જ મનોવર્ગણાના પુદ્ગલને ગ્રહણ કરીને પોતાના મન દ્વારા જ તેઓને ઉત્તર આપે છે. નિર્મળકોટિના અવધિજ્ઞાનના બળથી તે અનુત્તરવાસી દેવો ભગવાનના ઉત્તરને પ્રાપ્ત કરીને પોતાને પ્રગટ થયેલ સંશયને દૂર કરે છે. તેથી એ ફલિત થાય કે જેઓ પાસે સર્વ જીવોમાં શ્રેષ્ઠકોટિની નિર્મળમતિ છે તેઓના પણ સંશયને હરનારા ભગવાન છે. માટે આનાથી અધિક ભગવાનનો કયો ગુણ સ્તુતિપાત્ર બને ? અર્થાત્ જગતના સર્વજ્ઞેયને યથાર્થ જાણનારા હોવાથી સર્વ જીવોના સંશયને છેદ કરનારા પરમગુરુ ભગવાન છે એ રૂપે જ ભગવાનની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે. **॥૧૦/૩॥**

અવતરણિકા :-

કિञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

શ્લોક :-

इदं विरुद्धं श्रद्धत्तां, कथमश्रद्दधानकः ।
आनन्दसुखसक्तिश्च, विरक्तिश्च समं त्वयि ।।१०/४।।

શ્લોકાર્થ :-

અશ્રદ્ધાને કરનારા આ વિરુદ્ધ કેવી રીતે શ્રદ્ધા કરે, શું વિરુદ્ધ તે સ્પષ્ટ કરે છે. આનંદરૂપ સુખમાં સક્તિ અને વિરક્તિ તમારામાં સાથે છે. ।।૧૦/૪।।

ટીકા :-

हे श्रद्धेयसकलाद्भुतचरित्र ! स्वामिन् ! इदं वक्ष्यमाणमश्रद्दधानकः=श्रद्धावन्ध्यहृदयः, कथं=केन प्रकारेण, श्रद्धत्तां=तथेति प्रतिपद्यताम्, यतो विरुद्धमयौक्तिकमिव तदेवाह-आनन्देत्यादि । त्वयि विषये आनन्दसुखसक्तिर्विरक्तिश्च, तत्र सुखसक्तिः सङ्गरूपा विरक्तिश्च सङ्गत्यागरूपा, एतयोश्च परस्परविरुद्धयोः शितभानुभानुप्रभयोरिव कथमेकत्र वासः ?, यदि पुनः पर्यायेण भविष्यत इत्याह-समं युगपत्, अथ च परानन्दरूपे सुखे सक्तिर्ज्ञानगर्भवैराग्यरूपा च विरक्तिर्भगवति वीतरागे युगपदवस्थितैवेति न कश्चिद्विरोधः, एवमप्यश्रद्दधानान्निजेनाबोधेनैव निहतांस्तपस्विनः कः प्रत्याययतु ।।१०/४।।

ટીકાર્થ :-

हे श्रद्धेयसकला ..... प्रत्याययतु ।। હે શ્રદ્ધેય સકલ અદ્‌ભુત ચરિત્રવાળા સ્વામી ! આ=શ્લોકના ઉત્તરાર્ધમાં કહેવાશે એ, અશ્રદ્ધાને કરનારા=તત્ત્વની રુચિથી વંધ્ય હૃદયવાળા જીવો, કયા પ્રકારે શ્રદ્ધા કરે='તે પ્રકારે છે' એ પ્રમાણે સ્વીકારે="વિરક્ત જીવોને જ આનંદ છે અને સુખની સક્તિ છે" તે પ્રકારે કેવી રીતે સ્વીકારે ? જે કારણથી અયૌક્તિકની જેમ વિરુદ્ધ તેઓને ભાસે છે. અર્થાત્ ભગવાનના પારમાર્થિક સ્વરૂપમાં જેઓને રુચિ નથી તેઓને વિરક્તમાં આનંદના સુખનું સંવેદન દેખાતું નથી. પરંતુ વિષયોની લાલસાવાળા જીવોમાં જ આનંદના સુખનું સંવેદન દેખાય છે. તેને જ કહે છે=અશ્રદ્ધાનવાળા જીવોને જે વિરુદ્ધ દેખાય છે તેને જ કહે છે, તમારા વિષયમાં આનંદસુખમાં સક્તિ અને વિરક્તિ કેવી રીતે એક સાથે રહી શકે તેમ આગળ અન્વય છે. ત્યાં=આનંદસુખસક્તિમાં સુખસક્તિ સંગરૂપ છે અને વિરક્તિ સંગત્યાગરૂપ છે, પરસ્પર વિરુદ્ધ એવા આ બેનું શીતભાનુ અને ભાનુપ્રભાની જેમ=ચંદ્ર અને સૂર્યની પ્રભાની જેમ કેવી રીતે એકત્ર વાસ હોય ? જો વળી

પર્યાયથી=ક્રમસરથી થશે, એથી કહે છે. એક સાથે કેવી રીતે રહી શકે ? અર્થાત્ રહી શકે નહીં. તેનો ઉત્તર આપતાં કહે છે. પરાનંદરૂપ સુખમાં સક્તિ અને જ્ઞાનગર્ભવૈરાગ્યરૂપ વિરક્તિ વીતરાગ ભગવાનમાં એક સાથે અવસ્થિત જ છે. એથી કોઈ વિરોધ નથી. આમ હોવા છતાં પણ અશ્રદ્ધાનવાળા પોતાના અબોધથી જ નિહત થયેલા તપસ્વીઓને કોણ વિશ્વાસ કરાવે ? અર્થાત્ કોઈ ન કરાવી શકે. ॥૧૦/૪॥

ભાવાર્થ :-

જે જીવો પ્રચુર મિથ્યાત્વવાળા છે તે જીવોને સુખ વિષયના સંપર્કમાં થાય છે અને વિષયના અભાવમાં સુખ નથી એ પ્રકારની જ પ્રતીતિ છે. તેથી વીતરાગ જ આત્માનું પારમાર્થિક સ્વરૂપ છે, તે જ સુખાત્મક છે, તેવી શ્રદ્ધા તે જીવોને થઈ શકે નહીં. એવા જીવોને આ વિરુદ્ધની કેવી રીતે શ્રદ્ધા કરી શકે ? અર્થાત્ કરી શકે નહીં.

કયા વિરુદ્ધની શ્રદ્ધા કરી શકે નહીં ? તે બતાવતાં કહે છે –

આનંદના સુખની સક્તિ અને વિરક્તિ બંને ભગવાનમાં એક સાથે છે તે શ્રદ્ધા કરી શકે નહીં. વસ્તુતઃ મોહથી અનાકુળ જીવમાં બાહ્યપદાર્થો પ્રત્યે વિરક્તભાવ છે. અને આત્મામાં નિરાકુળ ભાવનો જે આનંદ છે તેના સુખનું વેદન છે. તે જોવા માટે જેની દૃષ્ટિ પ્રગટ થઈ નથી તેઓને આનંદના સુખનો સંગ વિષયોમાં જ દેખાય છે. અને વિરક્ત જીવો વિષયોમાં અપ્રવૃત્ત હોવાથી સુખી નથી તેમ જ દેખાય છે. પરમાર્થથી વિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી. પરંતુ વિરક્ત જીવો પોતાની સ્વસ્થ અવસ્થામાં હોવાથી સુખનું વેદન કરે છે. અને વિષયોના રાગી જીવો વિષયોની ઇચ્છાથી આકુળ હોવાને કારણે આકુળતાભૂત અસ્વસ્થતાનું વેદન કરે છે. **॥૧૦/૪॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી ભગવાનની અન્ય અદ્‌ભુતતા બતાવે છે –

શ્લોક :-

नाथेयं घट्यमानापि, दुर्घटा घटतां कथम् ।
उपेक्षा सर्वसत्त्वेषु, परमा चोपकारिता ।।१०/५।।

શ્લોકાર્થ :-

હે નાથ ! આ=આગળમાં કહે છે એ, ઘટ્યમાન પણ=યુક્તિઓથી સંગત થતી પણ, સ્થૂલબુદ્ધિથી દુર્ઘટ કેવી રીતે ઘટે ? અર્થાત્ સ્થૂલબુદ્ધિથી સંગત થાય નહીં.

શું સ્થૂલબુદ્ધિથી સંગત થાય નહીં ? તે કહે છે –

સર્વ જીવોમાં ઉપેક્ષા અને પરમ ઉપકારિતા તમારામાં છે તે સ્થૂલબુદ્ધિથી ઘટે નહીં. ।।૧૦/૫।।

ટીકા :-

હે ત્રિજગતીનાથ ! નાથ ! इयमपि द्वयी विविधविधिभिर्घट्यमानापि त्वदपरस्मिन् पात्रे कथं केन प्रकारेण घटतां=संवदतु यतोदुर्घटा=अर्वाग्दृष्ट्या विसंवादिनी, तामेवाह-उपेक्षेत्यादि । उपेक्षा उपकारिता च तत्र उपेक्षा औदासीन्यं उपकारिता प्रियकारित्वम्, अतो यः किलोपेक्षकः स कथमुपकारीति दुर्घटत्वम्, प्रकृते तु भगवतां श्रीमदर्हतां वीतरागत्वस्वभावादेवोपकार्यनुपकार्यादिषु सर्वेष्वपि सत्त्वेषु रागद्वेषाभावेन माध्यस्थ्यमुपेक्षा, धर्मतीर्थप्रवर्त्तनेन च तेष्वेव परमा सर्वोत्तमा भावोपकाररूपा उपकारिता, न चैतत्तेष्वनुपपन्नमिति ।।૧૦/૫।।

ટીકાર્થ :-

હે ત્રિજગતીનાથ ! ..... पपन्नमिति ।। હે ત્રણ જગતના નાથ ! નાથ ! આ પણ બંને=સર્વજીવો ઉપર ઉપેક્ષા અને સર્વજીવો પ્રત્યે પરમ ઉપકારિતા, વિવિધ-વિધિ વડે ઘટ્યમાન પણ તમારાથી અપર પાત્રમાં કયા પ્રકારે ઘટે=શ્રદ્ધાનો વિષય બને, જે કારણથી દુર્ઘટ છે=છદ્મસ્થદૃષ્ટિથી વિસંવાદિની છે= બે અવસ્થા એક સાથે છદ્મસ્થને અસંગત જણાય છે. તેને જ=દુર્ઘટ એવી બે અવસ્થા ભગવાનમાં છે તેને જ, કહે છે, ઉપેક્ષા અને ઉપકારિતા, ત્યાં ઉપેક્ષા-ઔદાસીન્ય છે. અને ઉપકારિતા એ પ્રિયકારીપણું છે. આથી જે ખરેખર ઉપેક્ષક છે, તે કેવી રીતે ઉપકારી થાય ? અર્થાત્ થાય નહીં, એથી દુર્ઘટપણું છે=એક જ વ્યક્તિમાં ઉપેક્ષાપણું અને ઉપકારીપણું દુર્ઘટ છે. વળી, પ્રકૃતમાં ભગવાન અરિહંતનો વીતરાગપણાનો સ્વભાવ હોવાથી જ ઉપકારી અનુપકારી સર્વ પણ જીવોમાં રાગ-દ્વેષનો અભાવ હોવાથી માધ્યસ્થ્ય=ઉપેક્ષા છે. અને ધર્મતીર્થ પ્રવર્તનથી તેઓમાં જ=જીવોમાં જ, પરમ=સર્વોત્તમ ભાવઉપકારરૂપ ઉપકારિતા છે. અને આ=ઉપેક્ષા અને ઉપકારિતા સમકાલ છે એ, તેઓમાં=ભગવાનમાં અનુપપન્ન નથી. ।।૧૦/૫।।

ભાવાર્થ :-

સામાન્યથી ઉપેક્ષા હોય ત્યાં ઉપકારિતા સંભવે નહીં. પરંતુ જીવો પ્રત્યે કંઈક હિતને અનુકૂળ લાગણી હોય ત્યારે જ જીવોના હિત માટે યત્ન થાય છે. તેને સામે રાખીને કહે છે કે ભગવાનમાં ઘટ્યમાન પણ પરમ ઉપેક્ષા, અને પરમ ઉપકારિતા દુર્ઘટ ભાસતી કેવી રીતે ઘટે. અર્થાત્ સામાન્યથી તે બે ભાવો એક સાથે દુર્ઘટ છે. તોપણ ભગવાને સંપૂર્ણ મોહનો નાશ કર્યો છે તેથી જગતના સર્વભાવો પ્રત્યે પરમ ઉપેક્ષા છે. આથી જ કેવલજ્ઞાનમાં નારકીઓનું સ્વરૂપ પણ પ્રત્યક્ષ દેખાય છે. જેને જોઈને ભગવાનનું હૃદય દ્રવિત પણ થતું નથી કે કઠોર પણ થતું નથી. સ્વર્ગની અપ્સરાઓ પણ સાક્ષાત્ દેખાય છે. છતાં તેના રૂપાદિને જોઈને કે તેવા પ્રકારના હાવભાવ આદિને જોઈને કોઈ વિકાર થતો નથી. પરંતુ આત્માના નિરાકુળ ભાવમાં સ્થિર

હોવાથી સર્વભાવો પ્રત્યે પરમ ઉપેક્ષા વર્તે છે. છતાં કેવલજ્ઞાન પામ્યા પછી ભગવાન જગતના જીવોને તારવાને અનુકૂળ ઉચિત સન્માર્ગ બતાવીને પરમ ઉપકાર કરે છે. તેથી, ભગવાનમાં સર્વભાવો પ્રત્યે પરસ્પર ઉપેક્ષા હોવા છતાં જીવો પ્રત્યે પરમ ઉપકારિતા પણ ઘટે છે. આ રીતે સ્તુતિ કરીને ભગવાનની પરમ ઉપેક્ષા અને પરમ ઉપકારિતાના હાર્દને જાણવા માટે સમજવા માટે અને તેને જ પ્રાપ્ત કરવા માટે સ્તવનકારશ્રી સ્તુતિ દ્વારા યત્ન કરે છે. **॥૧૦/૫॥**

અવતરણિકા :-

अपरं च –

અવતરણિકાર્થ :-

વળી, બીજું કહે છે –

શ્લોક :-

द्वयं विरुद्धं भगवंस्तव नान्यस्य कस्यचित् ।
निर्ग्रन्थता परा या च, या चोच्चैश्चक्रवर्त्तिता ।।१०/६।।

શ્લોકાર્થ :-

હે ભગવન્, તમારું બંને વિરુદ્ધ છે, અન્ય કોઈનું નથી.

શું બંને વિરુદ્ધ છે ? તે બતાવે છે –

- જે પરા નિર્ગ્રંથતા અને જે ઉચ્ચકોટિની ચક્રવર્તિતા એ બંને વિરુદ્ધ છે, એમ અન્વય છે. ॥૧૦/૬॥

ટીકા :-

हे अप्रमेयमहिमन् ! भगवन् ! इदमपि द्वयं विरुद्धं स्थूलदृष्ट्या परस्परविसदृशं तवैव दृश्यते, न पुनरन्यस्य त्वद्विधादितरस्य कस्यचिदपि, किं तदित्याह-निर्ग्रन्थतेत्यादि । या परा निर्ग्रन्थता या चोच्चैश्चक्रवर्त्तिता । तत्र निर्ग्रन्थता सर्वसङ्गपरित्यागेनाकिञ्चन्यं चक्रवर्त्तिता च धर्मसम्राट्पदवी, अतो यस्यैव यदैव निर्ग्रन्थता तस्यैव तदैव कथं चक्रवर्त्तितेति विरुद्धम्, परिहारे तु स्वामिनः सर्वविरतिप्रतिपत्तिप्रस्तावे पटप्रान्तविश्रान्ततृणवदवगणितधनधान्यकलत्रपुत्रराज्यराष्ट्रदेशकोशादिपरिग्रहस्य सामर्थ्यलभ्यैव निर्ग्रन्थता, तथा वीतरागत्वेन विलीनप्रभुत्वाभिलाषस्यापि परमार्हन्त्यप्रभावादुपनतश्वेतातपत्रत्रयचामरमृगेन्द्रासनकनक-कमलधर्मचक्रमहेन्द्रध्वजकोटाकोटिप्रमितसुरासुरनरोपास्तिव्यक्ता धर्मचक्रवर्त्तितापि भगवतः सङ्गतैव, केवलमरतिरतिकारणयोर्निर्ग्रन्थत्वचक्रवर्त्तितयोः सद्भावेऽपि स्वामिनः सैव परमसाम्यलीलेति न किञ्चिद-समीचीनम् ।।१०/६।।

ટીકાર્થ :-

હે અપ્રમેયમહિમન્ ! ..... સમીચીનમ્ ।। હે અપ્રમેય મહિમાવાળા ભગવાન !=ભગવાનનો મહિમા કોઈ રીતે બતાવી ન શકાય તેવો અપ્રમેય મહિમા છે તેવા મહિમાવાળા ભગવાન ! આ પણ બંને વિરુદ્ધ=સ્થૂલદૃષ્ટિથી પરસ્પર વિસદૃશ, તમારું જ દેખાય છે. પરંતુ અન્યનું નહીં=તમારા જેવાથી ઇતર કોઈનું પણ નહીં.

શું તે છે ?=શું તે બે વિરુદ્ધ વસ્તુ છે ? એને કહે છે –

જે પરા નિર્ગ્રંથતા અને જે ઉચ્ચૈશ્ચક્રવર્તિતા છે, તે બંને વિરુદ્ધ તમારામાં છે. એમ અન્વય છે. ત્યાં=નિર્ગ્રંથતા અને ચક્રવર્તિતામાં, નિર્ગ્રંથતા સર્વ સંગના પરિત્યાગથી આકિંચન્યરૂપ છે=પદાર્થ માત્ર પ્રત્યે સંશ્લેષ નહીં હોવાથી આત્માના સ્વરૂપ સિવાય ન કિંચન=કાંઈ જ નહીં એ રૂપ અકિંચનનો ભાવ તે આકિંચન્ય છે. અને ચક્રવર્તિતા ધર્મસમ્રાટની પદવી છે=ભગવાન ધર્મના સામ્રાજ્યને વહન કરનારા છે એ પ્રકારની પદવી છે. આથી જેને જ જ્યારે જ નિર્ગ્રંથતા છે તેને જ ત્યારે જ કેવી રીતે ચક્રવર્તિતા થાય એ પ્રકારે વિરુદ્ધ છે. વળી પરિહારમાં=પરસ્પર નિર્ગ્રંથતા અને ચક્રવર્તિતાના વિરોધના પરિહારમાં, સ્વામીના સર્વવિરતિના પ્રતિપત્તિના પ્રસ્તાવકાળમાં=ભગવાને સંયમ ગ્રહણ કર્યું તે વખતે, પટના પ્રાંતમાં વિશ્રાંત તૃણની જેમ=વસ્ત્રના છેડે વિશ્રાંત થયેલા તૃણની જેમ, અવગણના કરાયેલા ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, રાજ્ય, રાષ્ટ્ર, દેશ, કોશાદિ પરિગ્રહવાળા ભગવાનની સામર્થ્યલભ્ય જ નિર્ગ્રંથતા છે=તૃણની જેમ આ સર્વનો ત્યાગ કર્યો તેના સામર્થ્યથી લભ્ય જ નિર્ગ્રંથતા છે. અને વીતરાગપણાને કારણે વિલીન થયેલા પ્રભુત્વના અભિલાષવાળા પણ ભગવાનના પરમ આર્હંત્ય પ્રભાવથી પ્રાપ્ત શ્વેત આતપત્રત્રય, ચામર, સિંહાસન, સુવર્ણના કમલ, ધર્મચક્ર, મહેન્દ્રધ્વજ, કોડોકોડોથી પ્રમિત સુર, અસુર અને નરની ઉપાસ્તિથી=સ્તુતિથી, વ્યક્ત ધર્મચક્રવર્તિતા પણ સંગત જ છે, કેવલ અરતિ-રતિનાં કારણ નિર્ગ્રંથત્વ અને ચક્રવર્તિતાના સદ્ભાવમાં પણ સ્વામીની તે જ પરમ સામ્યલીલા છે=તે જ પરમ સામ્યભાવનો વિલાસ છે. એથી કંઈ અસમીચીન=અયથાર્થ નથી. ।।૧૦/૬।।

ભાવાર્થ :-

સામાન્યથી નિર્ગ્રંથતા બાહ્ય ત્યાગ સ્વરૂપ છે. અને પરમાર્થથી નિર્ગ્રંથતા જગતના બાહ્યપદાર્થો સાથે અસંશ્લેષવાળી અવસ્થા સ્વરૂપ છે. અને બાહ્યપદાર્થના ત્યાગરૂપ નિર્ગ્રંથતા અને ચક્રવર્તિતા બે પરસ્પર અત્યંત વિરુદ્ધ છે; કેમ કે બાહ્ય સર્વ વસ્તુનો જેને અભાવ હોય તેઓની તે નિર્ગ્રંથતા અરતિનું જ કારણ બને છે. આથી જ ભિખારી પાસે કંઈ ન હોવાથી તેને અરતિ થાય છે. ફક્ત, મહાસાત્ત્વિક સાધુઓ બાહ્ય ત્યાગ કરીને પણ અંતરંગ નિર્ગ્રંથતા તરફ પ્રસ્થિત છે. અર્થાત્ નિર્ગ્રંથ થયા નથી, પરંતુ થઈ રહ્યા છે. તેવા મહાત્માઓને સંયમના ઉપકરણરૂપે આહાર આદિની પ્રાપ્તિ કે વસ્ત્રાદિની પ્રાપ્તિ ન થાય તોપણ અરતિ થતી નથી. પરંતુ વિચારે છે કે આહારાદિની પ્રાપ્તિ થશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહીં મળે તો તપની વૃદ્ધિ થશે. તેથી, તેવા સાધુઓ બાહ્યથી સર્વ સંગ ત્યાગ કરીને અંતરંગ નિર્ગ્રંથતા પ્રત્યે પ્રસ્થિત છે છતાં તે

અવસ્થામાં ચક્રવર્તીનું સામ્રાજ્ય તેઓમાં નથી અને જો ભગવાન જેવું ચક્રવર્તીપણું તેઓને પ્રાપ્ત થાય તો તેઓનું નિર્ગ્રંથભાવ પ્રત્યેનું પ્રસ્થાન પણ પ્રાયઃ અવરોધ પામે છે; કેમ કે બાહ્ય ત્યાગના સામર્થ્યથી જ લભ્ય અંતરંગ પરિણામ રૂપ નિર્ગ્રંથતા છે. તેથી, નિર્ગ્રંથતા અને ચક્રવર્તિતા વીતરાગ થયા પૂર્વે પ્રાયઃ સાથે સંભવતી નથી. તેથી તે બંનેનો પરસ્પર વિરોધ છે. પરંતુ ભગવાન સામર્થ્યલભ્ય-નિર્ગ્રંથતાના બળથી વીતરાગ થાય છે ત્યારે અષ્ટપ્રાતિહાર્ય પ્રગટે છે, ક્રોડોક્રોડો દેવતાઓ, મનુષ્ય વગેરે તેમની સ્તુતિ કરે છે. તે રૂપ ચક્રવર્તીપણું ભગવાનમાં વિદ્યમાન હોવા છતાં અંતરંગ પરિણામરૂપ નિર્ગ્રંથતા પણ સાથે રહે છે. પરંતુ ચક્રવર્તિતા સાથે નિર્ગ્રંથતાનો કોઈ વિરોધ પ્રાપ્ત થતો નથી. આ પ્રકારનો પરસ્પર અવિરોધ ભગવાન સિવાય અન્ય કોઈમાં પ્રાપ્ત થતો નથી. આ રીતે ભગવાનની નિર્ગ્રંથતા અને ચક્રવર્તિતાનું સ્મરણ કરીને સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. જેના દ્વારા ભગવાનના નિર્ગ્રંથભાવ પ્રત્યે દૃઢ પક્ષપાત થાય અને ઉપસ્થિતિ થાય કે ચક્રવર્તી જેવું મહાસામ્રાજ્ય પણ ભગવાનના નિર્ગ્રંથભાવવાળા ચિત્તમાં લેશ પણ સંશ્લેષ પામતું નથી. તે જ ભગવાનની પારમાર્થિક વીતરાગતા છે અને તેની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી તદ્તુલ્ય થવા યત્ન કરે છે. **॥૧૦/૬॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અને બીજું કહે છે –

શ્લોક :-

नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ।।१०/७।।

શ્લોકાર્થ :-

જેમનાં કલ્યાણપર્વોમાં નારકો પણ પ્રમોદને પામે છે, તેમના પવિત્ર ચારિત્રને કોણ વર્ણન કરવા સમર્થ છે ? અર્થાત્ તેમનું પવિત્ર ચારિત્ર વર્ણનને અગોચર છે. ।।૧૦/૭।।

ટીકા :-

हे सकलाश्चर्यचर्यानिलय ! यस्य तव कल्याणपर्वसु गर्भावतारजन्मनिष्क्रमणज्ञाननिर्वाणोत्सवेषु तावदासतां सम्भाव्यसुखानुभवाः सुरनरादयः, किन्तु निरन्तरदुर्वारदारुणवेदनोदयार्दिता नारका अपि मोदन्ते सुखलवानुभवेन मुदमुद्वहन्ति, तस्य विश्वैकमित्रस्य पवित्रमनुस्मरणमात्रेणैव पावनं चारित्रं भुवनाद्भुतं चरित्रातिशयं को नाम सहजनिजप्रज्ञावज्ञातवाचस्पतिमतिविभवोऽपि वर्णयितुमुपस्तोतुं क्षमः समर्थः ? न कोऽपीति भावः ।।१०/७।।

ટીકાર્થ :-

હે સકલાશ્ચર્ય ..... कोऽपीति भावः ।। હે સકલ આશ્ચર્યચર્યાના નિલય ભગવાન !=સર્વ આશ્ચર્યના ધામ ભગવાન !, જે તારાં કલ્યાણપર્વોમાં ગર્ભઅવતાર, જન્મ, નિષ્ક્રમણ, જ્ઞાન, નિર્વાણના ઉત્સવમાં નારકીઓ પણ આનંદ પામે છે=સંભાવ્ય સુખના અનુભવવાળા સુરાદિ તો દૂર રહો ! પરંતુ નિરંતરદુર્વારદારુણ વેદનાના ઉદયથી પીડિત થયેલા નારકીઓ પણ સુખના અનુભવ દ્વારા આનંદને વહન કરે છે, તે વિશ્વના એક મિત્રના=જેના કલ્યાણના પર્વમાં નારકીઓ આનંદ પામે છે વિશ્વના એક મિત્ર એવા તે ભગવાનના, પવિત્ર=અનુસ્મરણમાત્રથી જ પાવન, એવું ચારિત્ર= ભુવનમાં અદ્‌ભુત ચારિત્રનો અતિશય, કોણ વર્ણન કરવા માટે સમર્થ છે ?=સહજ નિજ પ્રજ્ઞાથી અવજ્ઞાત કર્યો છે વાચસ્પતિના મતિના વિભવને જેણે એવા પણ, કોણ વર્ણન કરવા માટે સમર્થ થાય ? અર્થાત્ કોઈ થાય નહીં. ॥૧૦/૭॥

ભાવાર્થ :-

ભગવાનનું ચારિત્ર અદ્‌ભુત છે. જેથી ભગવાનનાં કલ્યાણકોમાં પણ જગતના સર્વ જીવોને સુખની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં પણ જ્યાં સુખની ગંધ પણ નથી એવા નારકીઓને પણ ભગવાનનાં કલ્યાણકોમાં ક્ષણભર સુખ થાય છે. તેથી ફલિત થાય છે કે ભગવાને ઉત્તમચારિત્રને તે રીતે પાલન કર્યું છે જેથી પોતાના ચિત્તના સ્વાસ્થ્યરૂપ સુખ તો તેઓને પ્રાપ્ત છે, પરંતુ અન્ય જીવોના સુખ પ્રત્યે પણ તેઓની ઉત્તમ આચરણા કારણ બને છે. તેથી, પવિત્ર એવું ભગવાનનું ચારિત્ર તેવું સર્વશ્રેષ્ઠ છે કે તેનું વર્ણન કરવા માટે કોઈ સમર્થ નથી. વર્ણનની શક્તિથી પર એવું લોકોત્તમ પુરુષનું ચારિત્ર છે. **॥૧૦/૭॥**

અવતરણિકા :-

एवं च –

અવતરણિકાર્થ :-

અને આ રીતે=પૂર્વમાં અત્યાર સુધી વર્ણન કર્યું કે ભગવાનનું સર્વ અદ્‌ભુત છે. તેનું વર્ણન થાય તેમ નથી, એ રીતે –

શ્લોક :-

शमोऽद्‌भुतोऽद्‌भुतं रूपं, सर्वात्मसु कृपाद्‌भुता ।
सर्वाद्‌भुतनिधीशाय, तुभ्यं भगवते नमः ।।૧૦/૮।।

શ્લોકાર્થ :-

શમ અદ્‌ભુત છે. અદ્‌ભુત રૂપ છે. સર્વ જીવોમાં કૃપા અદ્‌ભુત છે. સર્વ અદ્‌ભુત નિધિના ઈશ્વર એવા હે ભગવાન ! તમને નમસ્કાર કરું છું. ॥૧૦/૮॥

ટીકા :-

હે સમસ્તાદ્‌ભુતભવન ! ભગવન્ ! કિયદ્વા તવાદ્‌ભુતમસ્માભિરભિધીયતે, યતસ્તાવત્ત્રિજગતાપ્યતુલિતે બલે સત્યપિ ઉપદ્રવત્સુ ચ ક્ષુદ્રાત્મસુ સમ્પરાયપરાજયજન્મા મિથ્યાભિનિવેશોપશમસમુત્થશ્ચ તવ શમઃ પ્રશમોઽદ્‌ભુતઃ સર્વાતિશાયી । તથા રૂપં સ્વાભાવિકં શરીરસૌન્દર્યં તદપિ પ્રાગુક્તયુક્ત્યૈવાદ્‌ભુતં નિરુપમમ્ । તથા સર્વેષ્વપ્યાત્મસુ ચરાચરેષ્વપક્ષપાતેન સાધારણા કૃપા કરુણાપ્યદ્‌ભુતા લોકોત્તરા । એવંપ્રકારાણામન્યેષામપિ કલ્યાણરૂપાણાં સર્વાદ્‌ભુતાનાં યે નિધયઃ સેવધયસ્તેષામીશાય સ્વામિનેઽત એવ ભગવતે પરમૈશ્વર્યનિલયાય તુભ્યં ભુવનોત્તમાય નમો=નમસ્કારોઽસ્તુ, ત્વાં પ્રતિ ત્રિકરણશુદ્ધ્યા પ્રયતઃ પ્રણમામીતિ ।।૧૦/૮।।

ઇતિ શ્રીવીતરાગસ્તોત્રે દશમસ્યાદ્‌ભુતસ્તવસ્ય પદયોજના ।

ટીકાર્થ :-

હે સમસ્તાદ્‌ભુતભવન ! ..... પ્રણમામીતિ ।। હે સમસ્ત અદ્‌ભુતના ભવન એવા ભગવાન ! કેટલું તમારું અદ્‌ભુત અમારા વડે કહેવાય. જે કારણથી ત્રણ જગતની સાથે પણ અતુલિતબલ હોવા છતાં પણ ઉપદ્રવ કરનાર ક્ષુદ્ર જીવોમાં સંપરાયના પરાજયથી જન્મવાળો=સંપરાયકષાયના પરાજયથી ઉત્પન્ન થનારો, અને મિથ્યાભિનિવેશના ઉપશમથી ઉત્પન્ન થનારો તમારો શમ=પ્રશમ, અદ્‌ભુત છે= સર્વાતિશયી છે. અર્થાત્ ભગવાન ત્રણ જગતમાં અતુલબળવાળા છે, છતાં તુચ્છ એવા જીવો ભગવાનને ઉપદ્રવો કરે છે તોપણ ભગવાન સાધનાકાળમાં સંપરાયકષાયો છે તેના પરાજયથી ઉત્પન્ન થનાર શમના પરિણામવાળા છે. અને બાહ્ય ઉપદ્રવો ઉપદ્રવકારી છે એવા પ્રકારના મિથ્યાભિનિવેશનો ભગવાનમાં ઉપશમ છે તેથી, અંતરંગ ઘાતિકર્મો જ પોતાને ઉપદ્રવકારી છે, તે પ્રકારનો પારમાર્થિક તત્ત્વનો અભિનિવેશ હોવાને કારણે ભગવાનનો સમભાવનો પરિણામ સર્વાતિશાયી છે, અને રૂપ=સ્વાભાવિક શરીરસૌંદર્ય, તે પણ પૂર્વમાં વર્ણન કરેલી યુક્તિથી અદ્‌ભુત છે=નિરુપમ છે. અને સર્વ પણ ચરાચર જીવોમાં અપક્ષપાતથી સાધારણ કૃપા=કરુણા પણ, અદ્‌ભુત છે=લોકોત્તર છે. આવા પ્રકારના=પૂર્વમાં સમાધિની અદ્‌ભુતતા બતાવી એવા પ્રકારના, અન્ય પણ કલ્યાણરૂપ સર્વ અદ્‌ભુતોના જે નિધિ છે, તે જ અવધિવાળા છે. તેઓના ઈશ=સ્વામી, આથી જ ભગવાન=પરમ ઐશ્વર્યના નિવાસસ્થાન, એવા તમને=ભુવન ઉત્તમ એવા તમને, નમસ્કાર થાઓ=તમારા પ્રત્યે ત્રિકરણશુદ્ધિથી=મન, વચન, કાયાની શુદ્ધિથી, પ્રયત્નવાળો એવો હું પ્રણામ કરું છું. ।।૧૦/૮।।

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં દશમા અદ્‌ભુતસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

મહાત્માઓ તત્ત્વનું ભાવન કરીને જગતના ભાવો પ્રત્યે સમભાવ કેળવે છે. તે સમભાવની પરાકાષ્ઠાને પામેલા તીર્થંકરો છે. તેથી, ભગવાનનો સમભાવ અદ્‌ભુત છે. આથી જ, છદ્મસ્થઅવસ્થામાં પણ અતુલબલવાળા તીર્થંકરો હોવા છતાં સંયમકાળમાં તુચ્છ જીવો તેઓને ઉપદ્રવ કરે છે ત્યારે પણ કોઈ પ્રકારનો ક્ષોભ પામ્યા

વગર પોતાના સમભાવમાં જ સહજ રીતે પ્રતિષ્ઠિત રહી શકે તેવો અદ્‌ભુત શમનો પરિણામ તીર્થંકરોમાં હોય છે. વળી, જગતમાં પુણ્યશાળી જીવોને દેહનું રૂપ સુંદર મળેલું હોય છે. તે સર્વ કરતાં અતિશાયી પુણ્યના પ્રકર્ષને કારણે તીર્થંકરોને ચરમભવમાં અદ્‌ભુત રૂપ પ્રાપ્ત થાય છે. જેના દર્શન માત્રથી જગતમાં પુણ્યના પ્રકર્ષનું કેવું કાર્ય છે તેનો બોધ થાય છે. વળી, જગતના જીવો પ્રત્યે અદ્‌ભુત કૃપા તીર્થંકરોની છે. સામાન્યથી મહાત્માઓ જગતના જીવોના હિતની કાંક્ષાવાળા હોય છે, તેથી જ કોઈ જીવને પીડા ન થાય તે રીતે ષટ્‌કાયનું પાલન કરે છે અને કોઈક પ્રકારના શિષ્યાદિની પ્રાપ્તિના સ્વાર્થ વગર કેવલ યોગ્ય જીવોને સન્માર્ગ કેમ પ્રાપ્ત થાય એવા સુવિશુદ્ધ આશયથી પોતાના શ્રમનો વિચાર કર્યા વગર જગતના જીવોના હિત અર્થે સર્વ પ્રકારનો ઉદ્યમ કરે છે. તેથી જીવો પ્રત્યે કૃપાદૃષ્ટિવાળા મહાત્માઓ હોય છે. પરંતુ તીર્થંકરોની કૃપાદૃષ્ટિ તે સર્વમાં અતિશયવાળી છે. આથી જ ચંડકૌશિક જીવને સંસારસમુદ્રથી તારવાના આશયથી વીર ભગવાને તેના દ્વારા પોતાને જે ઉપદ્રવ થશે તેની અવગણના કરીને પણ ચંડકૌશિકનો નિસ્તાર કર્યો, તેથી અદ્‌ભુત કૃપાવાળા તીર્થંકરો છે. અધિક શું કહેવું ? સર્વ પ્રકારની અદ્‌ભુતતાના નિધાન તીર્થંકરો છે. તે સ્વરૂપે તેમને ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી તેમને નમસ્કાર કરે છે. જેથી તેમના જેવું ઉત્તમ સત્ત્વ પોતાનામાં પણ પ્રગટ થાય. **॥૧૦/૮॥**

અવતરણિકા :-

એવમદ્‌ભુતસ્તવમભિધાય સામ્પ્રતં યન્મૂલાન્યમૂન્યદ્‌ભુતાનિ તદેવ પરમાત્મનો માહાત્મ્યં મહિમસ્તવેન પ્રસ્તાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

આ રીતે અદ્‌ભુત સ્તવન કહીને=પૂર્વના પ્રકાશમાં ભગવાનની અદ્‌ભુતતાને બતાવનારું સ્તવન કહીને, હવે જેના મૂલવાળાં આ અદ્‌ભુતો છે=જેના કારણે આ પ્રકારનાં અદ્‌ભુતો ભગવાનમાં પ્રગટ થાય છે, તે જ પરમાત્માના માહાત્મ્યને મહિમાસ્તવનથી પ્રસ્તાવના કરતાં કહે છે –

શ્લોક :-

निघ्नन् परीषहचमूमुपसर्गान् प्रतिक्षिपन् ।
प्राप्तोऽसि शमसौहित्यं, महतां कापि वैदुषी ।।११/१।।

શ્લોકાર્થ :-

પરિષહરૂપી શત્રુઓને હણતા, ઉપસર્ગોનો પ્રતિક્ષેપ કરતા શમ-સૌહિત્યને પામેલા તમે છો. મોટા પુરુષોની ચતુરાઈ કોઈક છે. ।।૧૧/૧।।

ટીકા :-

हे स्वामिन् ! असि भवान् शमसौहित्यं प्राप्तः=प्रशमामृततृप्तिमवाप्तवान् । ननु तथाविधविपक्षविक्षेपमन्तरेणानुदीर्णसम्परायाणां सुलभमेव शमसौहित्यमित्याह निघ्नित्रित्यादि, किं कुर्वन् शमं प्राप्तः ? परीषहचमूं निघ्नन् परि सामस्त्येन त्रिकरणशुद्ध्या सह्यन्ते मुमुक्षुभिरिति परीषहाः, क्षुदादयो द्वाविंशतिसङ्ख्यास्तेषां चमूं=श्रेणीं, निघ्नन्=विनाशयन्, सर्वोत्तमयाऽधिसहनशक्त्या विफलोदयां कुर्वन्, तथा उपसर्गान् प्रतिक्षिपन्, उपसृज्यते सत्पथात् प्रच्याव्यते कातराणामन्तःकरणमेभिरित्युपसर्गाः प्रतिकूलानुकूलाः सुरासुरनरतिर्यगादिजनिता यातनाविशेषाः, यश्च कञ्चित्रिहन्ति प्रतिक्षिपति वा तस्य कथं शमसौहित्यम् ? भगवतश्च परीषहोपसर्गविजयेनैव तत्फलरूपं शमसौहित्यमजायत, तस्मादहो महतां महिमवतां कापि लोकोत्तरा वैदुषी, इदं हि महदेव वैदुष्यम्, यद्‌विपक्षविक्षेपश्च विधीयते, चण्डोऽयमित्यात्मनो विगानं च गोपाय्यते, अतः स्वामिनः परीषहोपसर्गवर्गविजयेऽपि शममुपेयुषः स्थाने वैदुष्यमिति ।।११/१।।

ટીકાર્થ :-

હે સ્વામિન્ ! અસિ ભવાન્ ..... વૈદુષ્યમિતિ ।। હે સ્વામિન્ ! શમસૌહિત્યને પ્રાપ્ત કરેલ તમે છો=પ્રશમ-અમૃતની તૃપ્તિને પામેલા છો. તેવા પ્રકારના વિપક્ષના વિક્ષેપ વગર અનુદીર્ણસંપરાય કષાયવાળા જીવોને સુલભ જ શમસૌહિત્ય છે એથી કહે છે. 'નિઘ્નન્' ઇત્યાદિ, શું કરતાં એવા ભગવાને શમને પ્રાપ્ત કર્યો છે ? પરિષહ શત્રુઓને હણતાં=પરિ અર્થાત્ સામસ્ત્યથી ત્રિકરણ શુદ્ધિ દ્વારા મુમુક્ષુઓ વડે સહન કરાય છે એ પરિષહો, ક્ષુદાદિ બાવીશ સંખ્યાવાળા, તેઓની ચમૂ=શ્રેણી, તેને નાશ કરતાં=વિનાશન કરતાં=સર્વોત્તમ એવી અધિસહન શક્તિથી વિફલ ઉદયને કરતાં=માત્ર પરિષહોને સહન કરીને પરિષહોના આપાદકકર્મોના ઉદયને વિફલ કરતા નથી, પરંતુ પરિષહો ચિત્તને સ્પર્શી ન શકે તેવા નિરાકુલભાવમાં ચિત્તને વિશ્રાંત કરી શકે તેવી સર્વોત્તમ અધિસહનની શક્તિથી પરિષહના આપાદકકર્મના ઉદયને વિફલ ઉદયવાળા કરતાં, અને ઉપસર્ગોનો પ્રતિક્ષેપ કરતાં અર્થાત્ સત્પથથી ઉપસર્જન કરાય છે=કાતર પુરુષોના અંતઃકરણ પ્રચ્યાવન કરાય છે, એનાથી એ ઉપસર્ગો છે, અને તે ઉપસર્ગો પ્રતિકૂલ અને અનુકૂલ બે પ્રકારે છે. સુર, અસુર, નર, તિર્યંચ આદિ જનિત યાતનાવિશેષ છે અને જે ઉપસર્ગ કોઈકને=કોઈક પુરુષને, હણે છે અથવા જે ઉપસર્ગ કોઈક પુરુષનો પ્રતિક્ષેપ કરે છે તે પુરુષને શમસૌહિત્ય=સમભાવનું સુહિતપણું કેવી રીતે હોય. તેથી કહે છે. અને ભગવાનને પરિષહ અને ઉપસર્ગના વિજયથી જ તેના ફલરૂપ શમસૌહિત્ય થયું છે=પરિષહ અને ઉપસર્ગ શમ-સૌહિત્યનો નાશ કરનાર છે અને ભગવાને તેનો વિજય કર્યો છે તેનાથી જ તેના ફલરૂપ શમસૌહિત્ય થયું છે. તે કારણથી=ભગવાને અદ્‌ભુત પરાક્રમ કરીને ઉપસર્ગોને અને પરિષહોને દૂર કર્યા તે કારણથી, મહાપુરુષોની=મહિમાવાળા એવા ભગવાનની, અહો ! કોઈપણ લોકોત્તર વૈદુષી છે=ચાતુર્ય છે. હિ=જે કારણથી, આ મહાન વૈદુષ્ય છે=ચાતુર્ય છે. જે વિપક્ષનો વિક્ષેપ કરાય છે. અને 'ચંડ આ છે' એ પ્રકારનું આત્માનું વિગાન=વિપરીત કથન, ગોપવાય છે. આથી પરિષહઉપસર્ગના વિજયમાં પણ શમને પામેલા એવા સ્વામીના વૈદુષ્ય સ્થાને છે=યોગ્ય છે. ।।૧૧/૧।।

ભાવાર્થ :-

ભગવાન આત્માના ગુણના વિઘાત કરવાના પ્રબલકારણીભૂત એવા પરિષહ અને ઉપસર્ગોરૂપી શત્રુઓને નાશ કરે છે. જેના કારણે શમપરિણામના સુખને પામે છે. વસ્તુતઃ આત્માના શમસુખને વ્યાઘાત કરનાર ઘાતિકર્મો છે. અને ઘાતિકર્મોને કારણે જ જીવનો શમભાવનો પરિણામ વિકૃતદશાને પામેલો છે. ઘાતિકર્મોને વિપાકમાં લાવવા માટે પ્રબળ કારણ ઉપસર્ગો અને પરિષહો છે. આથી જ મોક્ષના અર્થી જિનવચનાનુસાર ઉચિત પ્રયત્ન કરીને સંયમની ક્રિયા કરનારા મહાત્મા સ્વભૂમિકાનુસાર શમભાવના પરિણામમાં વર્તતા હોય ત્યારે તે મહાત્માના શમભાવના પરિણામના ઉપયોગને પરિષહો અને ઉપસર્ગો સ્ખલના કરીને અતિચારની પ્રાપ્તિ કરાવે છે. અને જો તે મહાત્મા પરિષહોનો અને ઉપસર્ગોનો જય ન કરી શકે તો શમભાવના પરિણામનો નાશ પણ થાય છે. તેથી પરમાર્થથી આત્માના શત્રુ જેમ ઘાતિકર્મો છે તેમ ઘાતિકર્મોને

વિપાકમાં લાવવામાં પ્રબળ નિમિત્ત કારણ ઉપસર્ગો અને પરિષહો હોવાથી ઉપસર્ગ અને પરિષહ પણ આત્માના પરમ શત્રુ છે. ભગવાને સ્વપરાક્રમના બળથી ઉપસર્ગોને અને પરિષહોને ઘાતિકર્મના ઉદયની પ્રાપ્તિ કરવામાં નિષ્ફળ કર્યાં. તેથી ભગવાનના પરાક્રમથી પરાસ્ત થયેલા ઉપસર્ગો અને પરિષહો હોવાથી ભગવાને શમસૌખ્યને પ્રાપ્ત કર્યું. તે ભગવાનનું મહાચાતુર્ય છે; કેમ કે સામાન્યથી કોઈ શત્રુને હણતો હોય તેને શમસુખ હોય નહીં પરંતુ શત્રુ પ્રત્યે દ્વેષ હોવાથી અસમભાવ જ છે તેમ પ્રાપ્ત થાય. પરંતુ મહાન પ્રાજ્ઞ એવા ભગવાન શમભાવના બાધક એવા પરિષહના અને ઉપસર્ગના વિજયથી શમભાવના સુખને પામ્યા તે તેમની મહાનબુદ્ધિમત્તા છે. **॥૧૧/૧॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

ભગવાનનો અન્ય પ્રકારનો મહિમા 'तथा'થી કહે છે –

શ્લોક :-

अरक्तो भुक्तवान् मुक्तिमद्विष्टो हतवान् द्विषः ।
अहो महात्मनां कोऽपि, महिमा लोकदुर्लभः ।।११/२।।

શ્લોકાર્થ :-

અરક્ત=રાગ વગરના છતાં મુક્તિને ભોગવનારા, અદ્વેષવાળા છતાં શત્રુને હણનારા ભગવાન છે. આશ્ચર્ય છે કે મહાત્માઓનો લોકદુર્લભ=લોકોને ન સમજાય તેવો કોઈક મહિમા છે. ।।૧૧/૨।।

ટીકા :-

हे भुवनमहनीय ! स्वामिन् ! त्वं मुक्तिं भुक्तवान् निर्वृतिनितम्बिनीं सेवितवान्, कथम्भूतः ? अरक्तो विगतरागाभिष्वङ्गः तथा द्विषो भावशत्रून्निहतवान् किंविशिष्टः ? अद्विष्टो द्वेषकालुष्यरहितः, यश्चारक्तः स कथं कामिनीं कामयते ? यश्चाद्विष्टः स कथं द्विषो हन्ति ? भगवांश्च यत एवारक्तद्विष्टो भावारिगणं निजग्राह तत एव मुक्तिसीमन्तिनीमभजत । अत्रार्थान्तरमाह-अहो इत्यादि । अहो इति विस्मये, यतो महतां=भुवनमहनीयमहसां, कोऽपि वाग्गोचरातिक्रान्तो महिमा=प्रभावस्तत एव लोकदुर्लभः पृथग्जनदुष्प्रापः, कथमन्यथा स्वामिना नीरागेण मुक्तिरुपभुज्यते निर्द्वेषेण चान्तरद्विषो विक्षिप्यन्त इति ।।११/२।।

ટીકાર્થ :-

हे भुवनमहनीय ! ..... विक्षिप्यन्त इति ।। હે ભુવનમહનીય સ્વામી !=ભુવનના લોકોથી પૂજનીય એવા ભગવાન ! તમે મુક્તિને ભોગવનારા છો=નિર્વૃતિ નામની સ્ત્રીને ભોગવનારા છો.

કેવા પ્રકારના છો ? એથી કહે છે –

રાગ વગરના છો=ચાલ્યો ગયો છે રાગરૂપી અભિષ્વંગ જેમાંથી તેવા છો, અને શત્રુઓને=ભાવશત્રુઓને, હણનારા છો. કેવા વિશિષ્ટ છો ? અદ્વેષવાળા છો=દ્વેષના કાલુષ્યથી રહિત છો. અને જે રાગ વગરનો છે તે કેવી રીતે સ્ત્રીની કામના કરે ? અને જે દ્વેષ વગરના છે તે કેવી રીતે શત્રુને હણે ? અને જે કારણથી જ અરાગ અને અદ્વેષવાળા ભગવાને ભાવશત્રુઓનો નિગ્રહ કર્યો તેથી જ મુક્તિરૂપી સ્ત્રીને પામ્યા. અહીં જ અર્થાંતર કહે છે. અહો એ વિસ્મય અર્થમાં છે. જે કારણથી મહાપુરુષોની= ભુવનમાં પૂજનીય એવા મહાત્માઓની, વાગ્ગોચરથી અતિક્રાંત કોઈક મહિમા છે=પ્રભાવ છે. તેથી જ લોકદુર્લભ છે=પૃથગ્ લોકોથી દુષ્પ્રાપ એવો મહિમા છે=સામાન્ય જીવો જેને પ્રાપ્ત કરી ન શકે તેવો મહિમા છે, અન્યથા નીરાગ એવા સ્વામી વડે કેવી રીતે મુક્તિનો ભોગ થઈ શકે ? અર્થાત્ લોકદુર્લભ મહિમા હોવાને કારણે નીરાગ એવા સ્વામી મુક્તિને ભોગવી શકે છે. અને નિર્દ્વેષથી અંતરશત્રુઓને દૂર ફેંકી શકે છે. ॥૧૧/૨॥

ભાવાર્થ :-

વળી, ભગવાન સાંસારિક ભાવોથી વિરક્ત છે. એટલું જ નહીં પણ મોક્ષ પ્રત્યે પણ રાગવાળા નથી. છતાં, મુક્તિના સુખને ભોગવનારા છે; કેમ કે સંપૂર્ણ રાગનો નાશ થાય તો જ નવા કર્મની પ્રાપ્તિ ન થાય અને ભગવાન સાધનાકાળમાં પ્રથમ વિષયોથી વિરક્ત થયા અને અંતે ભવ અને મોક્ષ બંને પ્રત્યે તુલ્યવૃત્તિવાળા થઈને મોક્ષ પ્રત્યે પણ રાગ વગરના થયા. છતાં, કર્મથી મુક્ત થવાને કારણે મુક્તિના સુખને ભોગવે છે. વળી, ભગવાન આદ્યભૂમિકાના પોતાના શત્રુ એવાં ઘાતિકર્મો પ્રત્યે દ્વેષવાળા હતા, પરંતુ બાહ્યશત્રુ પ્રત્યે અદ્વેષવાળા હતા. બાહ્યશત્રુઓ પ્રત્યે અને બાહ્ય પ્રતિકૂળ નિમિત્તો પ્રત્યે અદ્વેષને પ્રગટ કરીને અંતે અંતરંગ શત્રુ પ્રત્યે પણ અદ્વેષવાળા થયા. છતાં પોતાના અંતરંગશત્રુ એવાં ઘાતિકર્મોને ભગવાને હણ્યાં; કેમ કે અંતરંગ ઘાતિકર્મો જીવને રાગ-દ્વેષ પેદા કરાવીને જીવની વિડંબના કરે છે. પણ ભગવાન રાગ-દ્વેષ વગરના થવાથી અંતરંગ ઘાતિકર્મોરૂપી શત્રુઓનો નાશ થયો. આશ્ચર્ય છે કે મહાત્માઓનો લોકદુર્લભ કોઈક મહિમા હોય છે; કેમ કે સંસારીજીવોને રાગથી જ સ્ત્રીના ભોગની પ્રાપ્તિ છે. અને દ્વેષથી જ શત્રુઓના નાશની પ્રવૃત્તિ છે. તે પ્રકારે અનુભવની પ્રાપ્તિ છે. જ્યારે લોકોત્તમપુરુષ એવા ભગવાનનો તેવો અદ્ભુત મહિમા છે કે જે મહિમાને લોકો ક્યારેય પ્રાપ્ત કરી શકે નહીં. ભગવાનતુલ્ય જે થાય તેઓ જ ભગવાન જેવા મહિમાને પ્રાપ્ત કરી શકે. **॥૧૧/૨॥**

અવતરણિકા :-

કિઞ્ચ –

અવતરણિકાર્થ :-

વળી ભગવાનનો અન્ય પ્રકારનો મહિમા કહે છે –

શ્લોક :-

सर्वथा निर्जिगीषेण, भीतभीतेन चागसः ।
त्वया जगत्त्रयं जिग्ये, महतां कापि चातुरी ।।११/३।।

શ્લોકાર્થ :-

સર્વથા નહીં જીતવાની ઇચ્છાવાળા અને પાપથી અત્યંત ભીત એવા તમારા વડે ત્રણેય જગત જિતાયાં. મોટા પુરુષોની કોઈક ચાતુરી છે. ।।૧૧/૩।।

ટીકા :-

किल यो हि यस्य देशस्याधिपतिं जयति स तस्य देशमपि जयतीति व्यक्तमेव, अतः स्वामिंस्त्वया त्रिभुवनैकमल्लं मोहमल्लमुन्मूल्य तद्भुज्यमानं जगत्त्रयं जिग्ये शिरसि शासनं निधाय सेवां कारितम्, किंविशिष्टेन सता ? सर्वथा मनोवाक्कायैर्निर्जिगीषेण=निःस्पृहेण, पुनः किंविशिष्टेन ? आगसः=अपराधात् वाच्यताया इति यावत्, भीतभीतेन=चकितचकितेन यश्च निःस्पृहो भीरुश्च भवति स कथं जगन्ति जयति भगवांश्च यत एव निःस्पृहः पापभीरुश्च तत एव जगद्विलक्षणैः स्वगुणैर्जगदजैषीत्, तस्मादहो महतां भुवनगुरूणां कापि लोकोत्तरा चातुरी=दक्षत्ता, विना हि चातुर्यं कथं निःस्पृहैर्भीरुभिश्च भुवनं जीयत इति ।।११/३।।

ટીકાર્થ :-

किल यो हि यस्य देशस्या ..... जीयत इति ।। ખરેખર જે=રાજા, જે દેશના અધિપતિને જય કરે છે, તે તેના દેશને પણ જીતે છે એ પ્રમાણે વ્યક્ત જ છે. આથી, હે સ્વામિન્ ! તમારા વડે ત્રિભુવનના એક મલ્લ એવા મોહમલ્લને ઉન્મૂલન કરીને તેનાથી ભોગવાતા જગત્ત્રયને જિતાયું=મસ્તક ઉપર ભગવાનના શાસનને ગ્રહણ કરીને સેવા કરાવાઈ.

કેવા વિશિષ્ટ છતાં તમારા વડે જગત્ત્રય જિતાયું ? તેથી કહે છે –

સર્વથા મન, વચન, કાયાથી નહીં જીતવાની ઇચ્છાવાળા=નિઃસ્પૃહ એવા તમારા વડે જગત્ત્રય જિતાયું.

વળી, કેવા વિશિષ્ટ એવા તમારા વડે જગત્ત્રય જિતાયું ? તેથી કહે છે –

આગસથી=અપરાધથી=વાચ્યતાથી, ભીતભયવાળા=ચકિતચકિત એવા તમારા વડે=અત્યંત ભય પામેલા એવા તમારા વડે, જગત્ત્રય જિતાયું. અને જે નિઃસ્પૃહ અને ભીરુ છે તે કેવી રીતે જગતને જીતે ? અને ભગવાન જે કારણથી જ નિઃસ્પૃહ અને પાપભીરુ છે તે કારણથી જ જગતના વિલક્ષણ એવા સ્વગુણો વડે જગતને જીત્યું. તે કારણથી આશ્ચર્ય છે કે મહાનપુરુષ એવા ભુવનગુરુની કોઈ લોકોત્તર ચાતુરી=દક્ષતા, છે. જે કારણથી ચાતુર્ય વગર નિઃસ્પૃહ અને ભીરુ વડે કેવી રીતે ભુવન જિતાય. ।।૧૧/૩।।

ભાવાર્થ :-

ભગવાન વીતરાગ થવા માટે મહાપરાક્રમ કરનારા હતા ત્યારે જગત્ત્રયને જીતવાની ઇચ્છાવાળા ન હતા. પરંતુ મોહમલ્લને જ જીતવાની ઇચ્છાવાળા હતા. અને અપરાધથી=પાપરૂપ અપરાધથી અત્યંત ભય પામેલા હતા. તેથી, કોઈને પીડાકારી થાય તેવા વચનપ્રયોગને પણ ભગવાન કરનારા ન હતા. છતાં, ભગવાને મોહમલ્લને જીતીને ત્રણેય જગતને જીતી લીધું; કેમ કે ત્રણેય જગતમાં સર્વશ્રેષ્ઠ આધિપત્યવાળા ઇન્દ્રો છે અને અનુત્તરવાસી દેવો છે. તેઓ પણ ભગવાનની આજ્ઞાને મસ્તકે ધારણ કરે છે. તેથી સર્વ જગતના સ્વામી એવા ઇન્દ્રો કે અનુત્તરવાસી દેવો પણ ભગવાનની આજ્ઞાને મસ્તકે ધારણ કરનાર હોવાથી ભગવાને ત્રણ જગતને પોતાની સેવા કરતાં કર્યાં છે. તેથી, ભગવાનનું આ જ લોકોત્તર ચાતુર્ય છે કે જગતને જીતવાની ઇચ્છા નહીં હોવા છતાં અને કોઈને પીડાકારી લેશ પણ પાપ કરવાથી અત્યંત ભય પામેલા હોવા છતાં વગર આયાસે સુખપૂર્વક ત્રણેય જગતના સ્વામીપણાને પ્રાપ્ત કર્યું. **॥૧૧/૩॥**

અવતરણિકા :-

अपरं च –

અવતરણિકાર્થ :-

અને બીજું કહે છે –

શ્લોક :-

दत्तं न किञ्चित्कस्मैचिन्नात्तं किञ्चित् कुतश्चन ।
प्रभुत्वं ते तथाप्येतत्कला कापि विपश्चिताम् ।।११/४।।

શ્લોકાર્થ :-

કંઈક કોઈને અપાયું નથી, કંઈક કોઈના પાસેથી ગ્રહણ કરાયું નથી. તોપણ, તમારું પ્રભુત્વ છે. બુદ્ધિમાનોની કોઈક આ કલા છે. ॥૧૧/૪॥

ટીકા :-

इह हि लोके प्रभुत्वं तस्यैव भवति यस्य आशा आशङ्का वा स्यात्, तत्रायमिदं मह्यं दास्यतीत्याशा, अयमिदं मत्तो हठेन ग्रहीष्यतीत्याशङ्का, त्वया तु जगद्गुरो ! किञ्चिद्धनधान्यादिकं कस्मैचिदाश्रिताय न दत्तं निर्ग्रन्थत्वात् । तथा किञ्चन धनादिकं कुतश्चन=कुतोऽपि, हि वा नात्तं=न गृहीतं, निःस्पृहत्वात् तथाप्येवं सत्यपि तवास्मिन् जगति अप्रतिहतं प्रभुत्वम्, अत एव विपश्चितां भवद्विधानां काप्यनन्यसदृशी कला, विना हि लोकोत्तरं कलाकौशलमनुपकारिभिरनिग्रहपरैर्वा न जगति प्रभुत्वमुपलभ्यत इति ।।११/४।।

ટીકાર્થ :-

इह हि ..... लभ्यत इति ।। અહીં લોકમાં પ્રભુપણું તેનું જ થાય છે જેની આશા અથવા આશંકા

થાય. ત્યાં આ=પુરુષ, इदं=આ વસ્તુને, મને આપશે એ આશા છે. આ=આ પુરુષ, आने=આ વસ્તુને, મારાથી હઠ દ્વારા ગ્રહણ કરશે તે આશંકા છે. વળી, હે જગતગુરુ ! તમારા વડે કંઈ ધન, ધાન્યાદિ કોઈ આશ્રિતને અપાયું નથી; કેમ કે નિર્ગ્રંથપણું છે. અને કંઈક ધનાદિક કોઈકના પાસેથી ગ્રહણ કરાયું નથી; કેમ કે નિઃસ્પૃહપણું છે. તોપણ આ રીતે હોવા છતાં પણ=તમે કોઈને આપ્યું નથી અને કોઈની પાસેથી કંઈ ગ્રહણ કર્યું નથી એમ હોતે છતે પણ, તમારું આ જગતમાં અપ્રતિહત પ્રભુત્વપણું છે. આથી જ બુદ્ધિમાન એવા તમારા જેવાઓની કોઈક પણ અનન્યસદૃશ કલા છે= અસાધારણ કલા છે. હિ=જે કારણથી, લોકોત્તર કલાકૌશલ્ય વગર અનુપકારી દ્વારા અથવા અનિગ્રહપર દ્વારા જગતમાં પ્રભુત્વ પ્રાપ્ત થતું નથી. ॥૧૧/૪॥

ભાવાર્થ :-

સામાન્યથી લોકમાં પ્રસિદ્ધ છે કે જે સંપત્તિ ઉપર જેનું પ્રભુત્વ હોય તે બીજાને આપે છે અથવા કોઈકના પ્રભુત્વવાળી સંપત્તિ કોઈક ઝૂંટવી લે છે ત્યારે કહેવાય છે, આ વસ્તુ ઉપર તેનું પ્રભુત્વ હતું. હવે તે ઝૂંટવી લેનાર જીવનું તે સંપત્તિ ઉપર પ્રભુત્વ છે. આથી જ કોઈ રાજા અન્યના રાજ્યને જીતે છે ત્યારે તેનું પ્રભુત્વ થાય છે પરંતુ ભગવાન્ સંયમ ગ્રહણ કર્યા પછી સંપૂર્ણ નિર્ગ્રંથ છે. અર્થાત્ પોતાના આત્માના પરિણામથી અતિરિક્ત દેહમાં પણ સ્વત્વબુદ્ધિ રૂપ ગ્રંથથી બંધાયેલા નથી. તેથી કોઈ વસ્તુ કોઈને આપતા નથી અને કોઈ વસ્તુ કોઈની પાસેથી ગ્રહણ કરતા નથી. અર્થાત્ પોતાના પરાક્રમના બળથી ઝૂંટવી લેતા નથી; કેમ કે નિઃસ્પૃહ છે. તોપણ જગતના સર્વ પદાર્થો પ્રત્યે ભગવાનનું કોઈક અદ્ભુત પ્રભુત્વ છે કે જેથી સદા આત્માની મહાસમૃદ્ધિને ભોગવનારા છે. સામાન્યથી જીવો ઘણી ભોગસામગ્રી પ્રત્યે કે ધનાદિ પ્રત્યે પ્રભુત્વ હોય તો તે ધનાદિ બીજાને આપે છે કે બીજા પાસેથી તેને ગ્રહણ કરીને તે વસ્તુનું પ્રભુત્વ કરે છે. પરંતુ ભગવાન નિર્ગ્રંથ હોવાથી બાહ્યવસ્તુ કોઈને આપતા નથી અને કોઈના પાસેથી કોઈ વસ્તુ ગ્રહણ કરતા નથી. સંયમના અંગ રૂપે આહારાદિ ગ્રહણ કરે છે. તેના ઉપર પણ તેઓ પોતાની સ્વામીત્વબુદ્ધિને ધારણ કરતા નથી પરંતુ કર્મથી અનાવૃત શુદ્ધ ચેતના ઉપર પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરીને સદા મહાસમૃદ્ધિના સુખને અનુભવનારા છે. તેથી મહાબુદ્ધિમાન એવા ભગવાનની કોઈક અદ્ભુત આ કલા છે. **॥૧૧/૪॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

શ્લોક :-

यद्देहस्यापि दानेन, सुकृतं नार्जितं परैः ।
उदासीनस्य तन्नाथ ! पादपीठे तवालुठत् ।।११/५।।

શ્લોકાર્થ :-

બીજા દર્શનવાદીઓ વડે દેહના પણ દાનથી જે સુકૃત પ્રાપ્ત કરાયું નથી, હે નાથ ! ઉદાસીન એવા તમારા પાદપીઠમાં તે=સુકૃત, આળોટે છે. ।।૧૧/૫।।

ટીકા :-

हे विहितान्तरारातिप्रमाथ ! नाथ ! परैः सम्यक्सुकृतोपायपरिज्ञानवन्ध्यैः=बोधिसत्त्वादिभिरास्तां विविधतपोऽध्यात्मादिविधानेन किन्तु देहस्यापि दानेन, यत्सुकृतं सकलक्लेशजालसमूलोन्मूलनलक्षणं नार्जितं=न स्वायत्तीकृतम्, तत्तव पादपीठे=त्वच्चरणसरसिजोपान्ते, स्वयमप्रार्थितमेव लुलोठ, यदि पुनस्तदर्थं तव सुगतादिभ्योऽपि महानुपक्रमो भविष्यतीत्याह । कथम्भूतस्य तव ? उदासीनस्य=अपुनर्भवे भवे च तुल्यमनसः, श्रूयते हि–क्षुधाविधुरितशरीरायाः केशरिण्याः पुरः परमकारुणिकतया कृमिकुलाकुलं स्वकलेवरममुच्यत सुगतेन न च सा पारमार्थिकी करुणा, अतस्तथाविधस्वदेहोपहारसाहसेनापि यत्तेषां सुकृतं दुरापम्, तत्तवाप्रार्थितमेवोपनतमित्यहो त्वन्महिमातिशयः ।।११/५।।

ટીકાર્થ :-

हे विहितान्तरारातिप्रमाथ ! ..... त्वन्महिमातिशयः ।। હે વિહિત અંતર આરાતિ પ્રમાથ !=અંદરના શત્રુઓનું પ્રમાથન કર્યું છે જેણે એવા નાથ ! પર વડે=સમ્યક્ સુકૃતોના ઉપાયના પરિજ્ઞાનમાં વંધ્ય એવા બોધિ સત્ત્વાદિ વડે, દેહના પણ દાનથી અર્થાત્ વિવિધ તપ અધ્યાત્મ આદિ વિધાનથી તો દૂર રહો, પરંતુ દેહના પણ દાનથી, જે સુકૃત=સકલ ક્લેશજાલને મૂલ સહિત ઉન્મૂલન રૂપ સુકૃત, અર્જન કરાયું નથી=સ્વાધીન કરાયું નથી, તે સુકૃત તમારા પાદપીઠમાં=તમારા ચરણકમળમાં, સ્વયં અપ્રાર્થિત જ આળોટે છે. જો વળી, તેના માટે=સુકૃત માટે, સુગતાદિથી પણ તમારો મહાન ઉપક્રમ થશે=અધિક પ્રયત્ન થશે, જેથી સુકૃત મળે છે એ પ્રકારની કોઈને શંકા થાય એથી કહે છે – કેવા પ્રકારના તમને? ઉદાસીન=અપુનર્ભવમાં કે ભવમાં તુલ્યમનવાળા ભગવાનના ચરણમાં સુકૃત આળોટે છે=અપુનર્ભવરૂપ મોક્ષમાં અને ચારગતિના પરિભ્રમણરૂપ ભવમાં તુલ્યમનવાળા ભગવાન હોવાથી, સર્વત્ર ઉદાસીન છે તેથી, સુકૃતને પ્રાપ્ત કરવા અર્થે સુગતાદિથી પણ અધિક પરાક્રમ ભગવાને કોઈ કર્યું નથી, છતાં પણ ભગવાનના ચરણમાં સુગતાદિએ જે સુકૃત પ્રાપ્ત કર્યું નથી તે સુકૃત ભગવાનના ચરણમાં આળોટે છે, જે કારણથી સંભળાય છે. ક્ષુધાથી વિધુરિત શરીરવાળા એવા સિંહની આગળ પરમકારુણિકપણાને કારણે કૃમિના સમૂહથી આકુલ એવા પોતાના ક્લેવરને=દેહને, સુગત વડે અપાયો. અને તે પારમાર્થિકી કરુણા નથી. અર્થાત્ વ્યાવહારિક કરુણા હોવા છતાં પારમાર્થિક કરુણા નથી. આથી તેવા પ્રકારના સ્વદેહના ઉપહારના સાહસથી પણ=ભૂખ્યા સિંહને પોતાના દેહના દાનના સાહસથી પણ, તેઓને=સુગતને, જે સુકૃત દુરાપ છે=પ્રાપ્ત થઈ શકે તેમ નથી, તે સુકૃત અપ્રાર્થિત જ તમને ઉપનત છે. એથી અહો=આશ્ચર્યકારી, તમારો મહિમા અતિશય છે. ।।૧૧/૫।।

ભાવાર્થ :-

બૌદ્ધદર્શનના મતાનુસાર તેઓના ભગવાન સુગત અતિકરુણાવાળા છે. તેથી, ક્ષુધાથી ક્ષીણ થયેલા શરીરવાળા સિંહને જોઈને પોતાના દેહનું દાન કર્યું અને તે દાન દ્વારા તેઓ માને છે કે અમારા ભગવાન પરમ કરુણાવાળા છે. વસ્તુતઃ પારમાર્થિકી કરુણા દેહના દાનથી થતી નથી. પરંતુ પોતાના શત્રુભૂત ઘાતિકર્મોથી પોતાનું રક્ષણ કરવાને કારણે જ પોતાના આત્માની પારમાર્થિક કરુણા થાય છે. અને ઘાતિકર્મોથી પોતાના આત્માનું રક્ષણ કરવા અર્થે ભગવાને નિર્વિકલ્પ ઉપયોગ રૂપ સામાયિકના પરિણામનો સ્વીકાર કર્યો જેથી ભગવાન સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ, સર્વભાવો પ્રત્યે પરમ ઉદાસીન ભાવને ધારણ કરનારા બન્યા. ભગવાનના તે ઉદાસીન ભાવરૂપ સામાયિકના પરિણામની સ્તુતિ કરતાં સ્તવનકારશ્રી કહે છે કે સુગત પોતાના દેહના દાનથી જે સુકૃત પ્રાપ્ત કરી શક્યા નથી અર્થાત્ સંપૂર્ણ ક્લેશના નાશ રૂપ સુંદર કૃત્ય પ્રાપ્ત કરી શક્યા નથી, તે સુકૃત પરમ ઉદાસીન ભાવવાળા ભગવાનના ચરણમાં સ્વયં આવીને આળોટે છે; કેમ કે નિર્વિકલ્પ ઉપયોગથી સર્વ પ્રકારના ક્લેશોનો સ્વતઃ જ નાશ થાય છે. **॥૧૧/૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

रागादिषु नृशंसेन, सर्वात्मसु कृपालुना ।
भीमकान्तगुणेनोच्चैः, साम्राज्यं साधितं त्वया ।।११/६।।

શ્લોકાર્થ :-

રાગાદિમાં નૃશંસ અને સર્વ આત્મામાં કૃપાલુ એવા ભીમ અને કાંત ગુણવાળા તમારા વડે અત્યંત સામ્રાજ્ય પ્રાપ્ત કરાયું. ।।૧૧/૬।।

ટીકા :-

हे त्रिभुवनपते ! त्वया साम्राज्यं धर्मचक्रवर्त्तित्वं साधितं=वशीकृतम्, किंविशिष्टेन ? भीमकान्तगुणेन, भीमा अधृष्यत्वहेतवः प्रतापपराक्रमादयः, कान्ताश्चाभिगम्यत्वहेतवः क्षमादयादयस्ते च ते गुणाश्च भीमकान्त-गुणास्ते विद्यन्ते यस्य स तथा तेन, तानेव विषयविभागेन व्यनक्ति । किंविशिष्टेन त्वया ? रागादिषु रागद्वेषमोहप्रभृतिषु नृशंसेन=निर्दयहृदयेन, मुक्तिपथप्रतिपन्थित्वेन दण्डसाध्यत्वात्तेषाम्, तथा सर्वात्मसु= सर्वसत्त्वेषु, कृपालुना=निष्कृत्रिमकरुणारसपेशलमनसा, भवभयार्दितत्वेन तेषामनुकम्प्यत्वात् एवं त्वया उच्चैः सर्वाद्भुतं साम्राज्यमर्जितम् भवन्ति च सम्राजोऽपि भीमकान्तगुणाः ।।११/६।।

ટીકાર્થ :-

હે ત્રિભુવનપતે ! ..... भीमकान्तगुणाः ।। હે ત્રિભુવનપતિ !=હે ત્રિભુવનસ્વામી ! તમારા વડે સામ્રાજ્ય=ધર્મચક્રવર્તીપણું સાધિત છે=વશીકૃત છે.

કેવા વિશિષ્ટ એવા તમારા વડે સામ્રાજ્ય સાધિત છે ? તેથી કહે છે –

ભીમ અને કાંત ગુણથી સામ્રાજ્ય સાધિત છે એમ અન્વય છે. ભીમ અર્થાત્ અધૃષ્યત્વના હેતુ એવા પ્રતાપ અને પરાક્રમ આદિ અને કાંત અર્થાત્ અભિગમ્યત્વના હેતુ ક્ષમાદયાદિ, તે એવા તે ગુણો=ભીમ અને કાંત એવા તે ગુણો ભીમ-કાંત ગુણો, તે વિદ્યમાન છે જેમને તે તેવા છે=ભીમ-કાંત ગુણોવાળા છે, તેમના વડે સામ્રાજ્ય સાધિત છે. તેઓને જ વિષયવિભાગથી વ્યક્ત કરે છે=ભીમ અને કાંત ગુણને જ વિષયવિભાગથી વ્યક્ત કરે છે.

કેવા વિશિષ્ટ એવા તમારા વડે સામ્રાજ્ય સાધિત છે ? તેથી કહે છે –

રાગાદિમાં=રાગ, દ્વેષ મોહ વગેરેમાં નૃશંસપણાથી=નિર્દયપણાથી, તમારા વડે સામ્રાજ્ય સાધિત છે એમ અન્વય છે; કેમ કે તેઓનું=રાગાદિનું, મુક્તિપંથના પ્રતિપંથિપણાને કારણે, દંડથી સાધ્યપણું છે=રાગાદિ જીવને મુક્ત થવામાં વિઘ્નકારી છે તેથી તેઓને પ્રત્યે ક્રૂર થઈને જ તેઓનું નિવારણ કરી શકાય છે અને સર્વ આત્મામાં=સર્વ જીવોમાં, કૃપાલુ=નિષ્કૃત્રિમ કરુણારસથી પેશલ મનવાળા એવા તમારા વડે, સામ્રાજ્ય સાધ્યું છે એમ અન્વય છે; કેમ કે ભવભયથી આર્દિતપણું હોવાને કારણે=સંસારીજીવો ભવભયથી પીડિત હોવાને કારણે તેઓનું=સંસારીજીવોનું, અનુકંપ્યપણું છે. આ રીતે તમારા વડે અત્યંત સર્વ અદ્‌ભુત સામ્રાજ્ય સાધિત છે અને સમ્રાજ પણ=રાજાઓ પણ, ભીમ-કાંત ગુણવાળા હોય છે. ॥૧૧/૬॥

ભાવાર્થ :-

કોઈ મોટા રાજવી હોય તેઓ પણ દુર્જનો પ્રત્યે ભીમ ગુણવાળા હોય છે=કઠોરભાવવાળા હોય છે. અને પ્રજા પ્રત્યે કૃપાલુ હોય છે અર્થાત્ કાંત ગુણવાળા હોય છે અને તેવા જ રાજાં સુંદર રાજા તરીકેની ખ્યાતિ પામે છે; કેમ કે દુર્જનો પ્રત્યે કઠોર થઈને પ્રજાને ઉપદ્રવોથી મુક્ત કરે છે અને પ્રજાને સુખશાંતિથી જીવવાને અનુકૂળ ઉચિત યત્ન કરે છે. એમ ભગવાન પોતાના આત્મામાં વર્તતા રાગાદિ ભાવો પ્રત્યે અત્યંત કઠોર હતા, તેથી અપ્રમાદ ભાવના બળથી ઉપદ્રવકારી એવા રાગાદિ ભાવોને હણી નાંખ્યા અને જગતના જીવો પ્રત્યે ભગવાન અત્યંત કૃપાલુ હતા તેથી ભગવાન કાંત ગુણવાળા હતા; કેમ કે જગતના જીવો કર્મોથી સતત ઉપદ્રવો પામે છે. તેથી તેઓના રક્ષણ માટે ભગવાને સન્માર્ગ સ્થાપન કરીને તેઓની ભાવઅનુકંપા કરેલ છે અને ભગવાને આ ભીમ અને કાંત ગુણના બળથી જ ધર્મચક્રવર્તીપણાનું સામ્રાજ્ય અત્યંત પ્રાપ્ત કર્યું. **॥૧૧/૬॥**

અવતરણિકા :-

અપરં च –

અવતરણિકાર્થ :-

અને બીજું કહે છે –

શ્લોક :-

सर्वे सर्वात्मनाऽन्येषु, दोषास्त्वयि पुनर्गुणाः ।
स्तुतिस्तवेयं चेन्मिथ्या, तत्प्रमाणं सभासदः ।।११/७।।

શ્લોકાર્થ :-

સર્વ સ્વરૂપે અન્યોમાં સર્વ દોષો છે. તમારામાં વળી ગુણો છે=અન્યોને અભિમત દોષો જ ગુણોરૂપે છે. તમારી આ સ્તુતિ જો મિથ્યા છે, તો સભાસદ પ્રમાણ છે=બંને પક્ષમાં મધ્યસ્થ, તત્ત્વને વિચારનાર એવા સભાસદ પ્રમાણ છે. ।।૧૧/૭।।

ટીકા :-

हे भुवनाद्भुतचरित्रपात्र ! भगवन् ! सर्वेऽप्येवंप्रकारा भावा अन्येषु त्वद्विधादपरेषु कुतीर्थिकदैवतेषु ये दोषास्त एव त्वयि सर्वात्मना गुणाः । तथाहि–यैव क्षमा परैः परिभवहेतुत्वेन कापुरुषचेष्टितमियमिति दोषतया प्रत्युक्ता सैव जगद्ध्वंसनरक्षणक्षमपराक्रमेणापि त्वया दुर्द्धरक्रोधयोधविध्वंसनावन्ध्यप्रहरणमिदमिति सविशेषमादृता यैव च निर्ग्रन्थता परैर्भिक्षुकवृत्तिरियमिति त्रपाहेतुत्वेन तिरस्कृता सैव निःस्पृहशिरोमणिना त्वया इयमेव सङ्गत्यागस्य मूलकारणमिति सादरं पुरस्कृता, यदेव चोपकार्यपकारिषु प्रसादाप्रसादाकरणमगुणज्ञत्वमिदमिति परैर्दूरादपास्तम्, तदेव त्वया इदमेव वीतरागत्वस्य मूलबीजमिति सुतरामुररीकृतम्, एवं य एवान्येषु दोषास्त एव त्वयि गुणतया परिणमन्ति इयं च स्तुतिः सद्भूतवस्तुतत्त्वप्रकटनेन यद्यपि यथार्था, तथापि केषाञ्चिन्महामोहोपहतमतीनां मिथ्येयमितिचेन्मतिमुत्पादयति, तदा तन्मतेन वयं दृष्टिरागरक्ता इत्यप्रमाणम्, अस्मन्मतेन च ते मत्सरिणः पूर्वव्युद्ग्राहिता द्विष्टा इत्यप्रमाणम्, केवलं कुलजाः क्षमावन्तः पक्षद्वयसम्मताः प्रेक्षापूर्वकारिणः सकलशास्त्रार्थरहस्यनिःस्यन्दनिष्णातमतयस्तुलासमानाः सभासदः सभ्या एवात्रार्थे प्रमाणम्, मध्यस्थपरीक्षया हि जात्यकाञ्चनात् युक्तिकनकं पृथग् भवत्येव ।।११/७।।

ટીકાર્થ :-

हे भुवनाद्भुत ..... भवत्येव ।। હે ભુવન અદ્ભુત ચરિત્રના પાત્ર ભગવાન !=જગતમાં અદ્ભુત આચરણના પાત્ર એવા ભગવાન ! સર્વ પણ આવા પ્રકારના ભાવોરૂપ જે દોષો અન્યમાં છે=તમારા કરતાં અપર કુતીર્થિક દેવતાઓમાં છે. તે જ સર્વ પ્રકારે તમારામાં ગુણો છે. તે આ પ્રમાણે – જે જ

ક્ષમા બીજા વડે પરિભવના હેતુપણાથી કાયરપુરુષથી ચેષ્ટિત આ છે એ પ્રમાણે દોષપણાથી પ્રત્યુક્ત છે તે જ=તે જ ક્ષમા, જગતના ધ્વંસનમાં અને રક્ષણમાં સમર્થ પરાક્રમવાળા એવા પણ તમારા વડે દુર્ધર એવા ક્રોધરૂપી યોધાના વિધ્વંસન માટે અવંધ્યપ્રહરણ આ છે=ક્ષમા છે, એથી સવિશેષથી આદર કરાઈ છે. અર્થાત્ ભગવાન જગતનો ધ્વંસ કરી શકે તેવી શક્તિવાળા છે અને જગતનું રક્ષણ કરી શકે તેવી શક્તિવાળા છે છતાં ક્રોધરૂપી યોધાના નાશ માટેના અવંધ્યપ્રહરણ એવી ક્ષમાનો આશ્રય કરેલ છે. અને જે જ નિર્ગ્રંથતા બીજાઓ વડે ભિક્ષુકવૃત્તિ આ છે. એથી લજ્જાના હેતુપણાથી તિરસ્કાર કરાય છે, તે જ નિઃસ્પૃહશિરોમણિ એવા તમારા વડે આ જ નિર્ગ્રંથતા સર્વ ત્યાગનું મૂલ કારણ છે, એથી આદરપૂર્વક સ્વીકારાઈ છે અને જે ઉપકારીમાં અને અપકારીમાં પ્રસાદ અને અપ્રસાદનું અકરણ એ અગુણજ્ઞત્વ છે=ઉપકારીમાં પ્રસાદ અને અપકારીમાં અપ્રસાદ ન કરવામાં આવે એ ગુણનું અજ્ઞાન છે, એથી પર વડે દૂરથી અપાસ્ત છે=ત્યાગ કરાયુ છે, તે જ=પ્રસાદ-અપ્રસાદનું અકરણ તમારા વડે 'આ જ પ્રસાદ-અપ્રસાદનું અકરણ' વીતરાગત્વનું મૂલબીજ છે એ પ્રકારે સ્વીકાર કરાયું છે. વીતરાગત્વનું મૂલબીજ છે એ પ્રમાણે અત્યંત સ્વીકાર કરાયું છે. આ રીતે જે જ અન્યોમાં દોષો છે તે જ તારામાં ગુણરૂપે પરિણમન પામે છે. અને આ સ્તુતિ સદ્‌ભૂત વસ્તુતત્ત્વના પ્રકટનથી જોકે યથાર્થ છે તોપણ કેટલાક મહામોહથી ઉપહતમતિવાળાઓને આ મિથ્યા છે એ પ્રમાણે મતિને ઉત્પાદન કરે છે. તો, તેમના મતથી અમે દૃષ્ટિરાગરક્ત છીએ એથી અપ્રમાણ છીએ અને અમારા મતથી મત્સરીય એવા તેઓ પૂર્વવ્યુદ્‌ગ્રાહિત દ્વેષવાળા છે એથી અપ્રમાણ છે. કેવલ કુલમાં ઉત્પન્ન થયેલા, ક્ષમાવાળા, બંને પક્ષને સંમત, પ્રેક્ષાપૂર્વક કરનારા, સકલશાસ્ત્રાર્થના રહસ્યના નિઃસ્યંદનમાં નિષ્ણાત મતિવાળા, તુલા સમાન=ત્રાજવા સમાન, સભાસદ એવા સભ્ય જ આ અર્થમાં પ્રમાણ છે. હિ=જે કારણથી, મધ્યસ્થની પરીક્ષાથી જાત્યસુવર્ણથી=સત્યસુવર્ણથી, યુક્તિ સુવર્ણ=નકલી સુવર્ણ પૃથગ્ થાય જ છે. ॥૧૧/૭॥

ભાવાર્થ :-

અન્યદર્શનમાં રહેલા જીવો કે સ્વદર્શનમાં રહેલા જીવો પણ અવ્યુત્પન્ન હોય તેઓને જે વસ્તુ દોષ રૂપે જણાય તે ભગવાનના ગુણ સ્વરૂપે છે. જેમ, કોઈ વ્યક્તિ નિષ્કારણ પોતાને દબડાવે ત્યારે તેનો પ્રતિકાર કરવામાં ન આવે તો આ પુરુષ અસમર્થ છે તેમ લોકમાં કહેવાય છે. વસ્તુતઃ ક્ષમાના પરિણામવાળા મુનિઓ તે પ્રકારના પરિભવનો પ્રતિકાર કરતા નથી. જેને અન્યદર્શનવાળા કે અવ્યુત્પન્ન મતિવાળા દોષ રૂપે કહે છે તે જ બીજા દ્વારા કરાયેલા પરિભવનો પ્રતિકાર કર્યા વિના ક્ષમાગુણને ધારણ કરવું તેને ભગવાન ગુણ કહે છે. વળી, સર્વ સંગનો ત્યાગ કરનારા સુસાધુઓ પાસે જીવન જીવવાનાં સાધનો ન હોય, રહેવાનું સ્થાન ન હોય, ભિક્ષા મળે તો જીવનનિર્વાહ થાય, અન્યથા ક્ષુધાતુર રહેવું પડે એવી નિર્ગ્રંથતા બીજાઓને ભિક્ષુવૃત્તિ જણાય છે, તેથી લજ્જા રૂપે માને છે. અર્થાત્ આ પ્રકારે ભીખ માંગીને જીવવું તે લજ્જાસ્પદ છે તેમ માને છે. પરંતુ નિઃસ્પૃહશિરોમણિ એવા ભગવાને તો એવી ભિક્ષુવૃત્તિ સંગત્યાગના મૂલ કારણ તરીકે સ્વીકારી છે. તેથી અન્યદર્શનવાળા કે સ્થૂલબુદ્ધિવાળા જીવોને જે સર્વ પ્રવૃત્તિઓ દોષ રૂપ જણાય છે, તે સર્વ પ્રવૃત્તિઓ તમારા માટે ગુણ રૂપ છે. આ પ્રકારે સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. ત્યાં વિચારકને

પ્રશ્ન થાય કે અન્યદર્શનવાળા જીવો પણ જે જે પ્રવૃત્તિઓને દોષ કહે છે તે તે પ્રવૃત્તિ તેઓની દૃષ્ટિથી દોષ રૂપ જણાવા છતાં તમારી દૃષ્ટિથી તે ગુણ રૂપ હોય. તેમાં પ્રમાણ શું છે ? અર્થાત્ તમારી સ્વમતિ જ પ્રમાણ છે. માટે સ્વમતિથી તે પ્રકારના દોષોને પણ ગુણો કહીને તેના દ્વારા ભગવાનની સ્તુતિ કરી તે ઉચિત નથી. તેને સ્તવનકારશ્રી કહે છે કે આ સ્તુતિ મિથ્યા છે, એવું કોઈને જણાય ત્યાં પદાર્થની વાસ્તવિકતાને વિચારણા કરનારા મધ્યસ્થ એવા સભાસદ જ પ્રમાણ છે. અર્થાત્ કોઈ મધ્યસ્થ પુરુષ પ્રામાણિક રીતે વિચારે તો બાહ્યપદાર્થો પ્રત્યે નિરપેક્ષ થવાને અનુકૂળ જે નિઃસ્પૃહ મુનિઓની પ્રવૃત્તિઓ છે, તે જ ગુણરૂપ કહી શકાય. પરંતુ પોતે અન્યનો પ્રતિકાર કરવા માટે અસમર્થ છે તેવો કોઈને ભ્રમ થાય માટે "કોઈની અનુચિત પ્રવૃત્તિનો પ્રતિકાર કરવો જોઈએ" ઇત્યાદિ વચનોને પ્રમાણ કહીને પોતાની નિઃસ્પૃહતાની બુદ્ધિમાં વ્યાઘાત કરે તેવી પ્રવૃત્તિને ગુણરૂપે કહેવું તે અત્યંત અનુચિત છે. **॥૧૧/૭॥**

અવતરણિકા :-

एवं च –

અવતરણિકાર્થ :-

અને આ રીતે –

શ્લોક :-

महीयसामपि महान्महनीयो महात्मनाम् ।
अहो मे स्तुवतः स्वामी, स्तुतेर्गोचरमागमत् ।।११/८।।

શ્લોકાર્થ :-

મોટાઓમાં પણ મહાન, મહાત્માઓને પણ મહનીય=પૂજનીય, એવા સ્વામી અહો સ્તુતિ કરતા એવા મારી સ્તુતિના વિષયને પામ્યા. ।।૧૧/૮।।

ટીકા :-

एवं ममायं स्वामी स्तुतेर्गोचरमियाय, किंविशिष्टः ? तिर्यग्नराद्यपेक्षया सुरासुरपतिप्रभृतिदेवानां महीयसामपि मध्ये देवाधिदेवत्वेन महान्=सर्वोत्कृष्टः, तथा महात्मनामन्तर्मुहूर्त्तं पदत्रयाधारेण विरचितद्वादशाङ्गानां गणभृतां तदन्येषामपि विविधलब्धिमतां मुनीनामपि, गुणाधिकत्वेन महनीयः=पूजनीयः । अहो इति विस्मये, सोऽप्येवंविधः स्वामी=परमात्मा पुरन्दरस्यापि गिरामगोचरस्तुतिः, ममापि मन्दमेधसः स्तुवतः=स्तोतुमुपक्रान्तस्य, केनापि चिरसञ्चितसुकृतवशेन स्तुतेः स्तवनस्य गोचरं विषयमागमदवततारेत्यहो ममाप्यगण्यपुण्यतेति ।।११/८।।

इति श्रीवीतरागस्तोत्रे एकादशस्य महिमस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

एवं ममायं ..... ममाप्यगण्यपुण्यतेति ।। આ રીતે આ સ્વામી મારી સ્તુતિનો વિષય થયા.

કેવા વિશિષ્ટ સ્વામી છે ? એથી કહે છે –

તિર્યંચ, નર આદિની અપેક્ષાથી સુર-અસુરના પતિ વગેરે દેવો મોટા છે તે મોટાઓના પણ મધ્યમાં દેવાધિદેવપણાને કારણે મહાન=સર્વોત્કૃષ્ટ અને મહાત્માઓને=અંતર્મુહૂર્તમાં પદત્રયના આધારથી અર્થાત્ ઉપમેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા રૂપ પદત્રયના આલંબનથી, રચના કરી છે દ્વાદશાંગીની જેમણે એવા ગણધરોને અને તેનાથી અન્યો પણ વિવિધ લબ્ધિવાળા મુનિઓને પણ, ગુણાધિકપણાને કારણે મહનીય=પૂજનીય, ભગવાન છે. 'અહો' એ વિસ્મયના અર્થમાં છે. તે પણ આવા પ્રકારના સ્વામી=મોટાઓને પણ મહાન અને મહાત્માને પણ મહનીય એવા તે આવા પ્રકારના સ્વામી=પરમાત્મા, પુરંદરની પણ વાણીના અગોચર સ્તુતિવાળા, સ્તુતિ કરનારના=સ્તુતિ કરવા માટે ઉપકાંત એવા, મારા પણ મંદ મેધાવાળાના કોઈક રીતે ચિરસંચિત સુકૃતના વશથી સ્તુતિના=સ્તવનના, ગોચરને=વિષય-વિભાગને, પામ્યા=અવતાર પામ્યા. એથી 'અહો' મારી પણ અગણ્ય પુણ્યતા છે=અસાધરણ પુણ્યતા છે. ।।૧૧/૮।।

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં અગિયારમા મહિમસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

જગતમાં દેવેન્દ્રો મોટા પુરુષો કહેવાય છે. આથી જ ઇન્દ્રોને દેવતાઓ પણ મહાન તરીકે પૂજે છે. તે સર્વ કરતાં પણ ભગવાન મહાન છે; કેમ કે ઇન્દ્રો પણ ભગવાનના ગુણોથી આવર્જિત થઈને ભગવાનના ચરણમાં મસ્તક નમાવે છે. એટલું જ નહીં પણ અનુત્તરવાસી દેવો પણ સદા ત્યાં રહેલા પણ ભગવાનને નમસ્કાર કરે છે. તેથી જગતમાં જે કોઈ મોટા પુરુષો છે તે સર્વથી મહાન ભગવાન છે; કેમ કે મહાસત્ત્વના બળથી અંતરંગ શત્રુ એવાં ઘાતિકર્મોનો નાશ કર્યો છે. તેથી સત્ત્વના પ્રકર્ષવાળા ભગવાન સર્વ મોટા પુરુષોમાં પણ મહાન છે. વળી, જે યોગીઓ છે તેઓ યોગના બળથી અનેક લબ્ધિઓને પામેલા છે. જગતમાં જેના બળથી મહાત્મા તરીકે પૂજાય છે, એવા સર્વ મહાત્માઓને પણ પૂજનીય ભગવાન છે; કેમ કે તીર્થંકરનામકર્મના ઉદયને કારણે અપાયાપગમ આદિ ચાર અતિશયોથી સંપન્ન છે. તેથી મહાત્માઓને પણ પૂજનીય છે. અને તેવા સ્વામીની સ્તુતિ કરવી અતિદુષ્કર છે. તોપણ સ્તવનકારશ્રી આશ્ચર્ય અભિવ્યક્ત કરતાં કહે છે કે સ્તુતિ કરતા એવા મારી સ્તુતિનો વિષય સ્વામી થયા એ મારું અદ્‌ભુત પુણ્ય છે. અર્થાત્ ભૂતકાળમાં કોઈક તેવા પ્રકારનું પુણ્ય ઉપાર્જન કર્યું છે કે જેથી ભગવાનના પારમાર્થિક ગુણોને સ્પર્શી શકે તેવી માર્ગાનુસારી નિર્મળમતિ મને પ્રાપ્ત થઈ છે, જેના બળથી લોકોત્તમ એવા સ્વામીની સ્તુતિને કરવા તેઓ સમર્થ બન્યા. **॥૧૧/૮॥**

અવતરણિકા :-

એવં મહિમસ્તવમભિધાય સામ્પ્રતં યન્મૂલેયમર્હતાં વીતરાગત્વખ્યાતિસ્તદેવ વૈરાગ્યં વૈરાગ્યસ્તવેન સ્તુતિકૃત્ પ્રસ્તૌતિ –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વ પ્રકાશમાં કહ્યું એ રીતે, મહિમાવાળા સ્તવનને કહીને હવે, જેના મૂલવાળી આ અરિહંતોની વીતરાગત્વની ખ્યાતિ છે=જે વૈરાગ્યના મૂલવાળી અરિહંતોને વીતરાગત્વની ખ્યાતિ છે, તે જ વૈરાગ્યને વૈરાગ્યના સ્તવનથી સ્તુતિકારશ્રી સ્તુતિ કરે છે –

શ્લોક :-

પટ્વભ્યાસાદરૈઃ પૂર્વં, તથા વૈરાગ્યમાહરઃ ।
યથેહ જન્મન્યાજન્મ, તત્સાત્મીભાવમાગમત્ ।।૧૨/૧।।

શ્લોકાર્થ :-

પટુ અભ્યાસના આદરથી પૂર્વમાં=પૂર્વભવોમાં, તે પ્રકારે વૈરાગ્યને તમે સેવન કર્યું. જે પ્રમાણે આ જન્મમાં તે=વૈરાગ્ય, જન્મથી માંડીને અંત સુધી સાત્મીભાવને પામ્યો. ।।૧૨/૧।।

ટીકા :-

હે અભઙ્ગુરવૈરાગ્યસુભગ ! ભગવન્ ! ત્વં પૂર્વં પ્રાગ્ભવેષુ પટુભિરનાવિલૈરભ્યાસાદરૈરાસેવનસાતત્યૈસ્તથા કથમપિ વૈરાગ્યં વિરાગતાપ્રકર્ષમાહરઃ સમ્યગાત્મન્યુપનીતવાન્, યથેહ જન્મન્યર્હદ્ભવલક્ષણે તદ્વૈરાગ્યં સાત્મીભાવમાગમત્ શૈલીમુપેયાય, અત એવાજન્મ જન્મનઃ પ્રભૃતિ, 'યત્સહોત્પદ્યતે તદેવ સાત્મ્યમ્' । ઇદમુક્તં ભવતિ-કિલ દ્વિવિધો હિ ગુણઃ, ઔપાધિકઃ સહોત્થશ્ચ, તત્રૌપાધિકો યથા-તિલતૈલજલાદિષુ પરગુણાધાનેન સૌરભ્યમુદ્ભાવ્યતે સહોત્થશ્ચ યથા મલયજસ્ય શૈત્યં સૌરભ્યં ચ, એવં ભગવતોઽપિ વૈરાગ્યં ન ખલ્વૌપાધિકમ્, કિન્તુ જન્મનઃ પ્રભૃતિ સહોત્થમેવેતિ સાત્મ્યમુપાગમદિત્યુક્તમ્ ।।૧૨/૧।।

ટીકાર્થ :-

હે અભઙ્ગુરવૈરાગ્યસુભગ ! ..... દિત્યુક્તમ્ ।। હે અભંગુર વૈરાગ્યથી સુભગ એવા ભગવાન !=આત્મામાં પ્રગટ થયેલો વૈરાગ્ય ક્યારેય નાશ ન પામે એવા સ્થિર વૈરાગ્યવાળા ભગવાન ! તમે પૂર્વભવમાં પટુ=

અનાવિલ, અભ્યાસના આદર વડે=આસેવનના સાતત્ય વડે, તે પ્રકારે કોઈક રીતે પણ વૈરાગ્યને= વીતરાગતાના પ્રકર્ષને, સમ્યગ્ આત્મામાં ઉપનીત કર્યું, જે પ્રમાણે અર્હદ્લક્ષણ આ જન્મમાં=ચરમભવમાં, તે વૈરાગ્ય સાત્મીભાવને પામ્યો=પર્વતની જેમ સ્થિરભાવને પામ્યો. આથી જ આજન્મ=જન્મથી માંડીને, જે સાથે ઉત્પન્ન થાય છે, તે જ સાત્મ્ય થાય છે. આ કહેવાયેલું થાય છે. ખરેખર બે પ્રકારનો ગુણ છે ઔપાધિક અને સહોત્થ=સાથે ઊઠેલો, ત્યાં=બે પ્રકારના ગુણમાં, ઔપાધિક જે પ્રમાણે તિલ, તેલ, જલાદિમાં પરગુણના આધાન દ્વારા સૌરભ્યનું ઉદ્ભાવન કરાય છે અને સાથે ઊઠેલો ગુણ જે પ્રમાણે ચંદનનું શીતલપણું અને સુગંધપણું. એ રીતે ભગવાનનો વૈરાગ્ય પણ ખરેખર ઔપાધિક નથી પરંતુ જન્મથી માંડીને સાથે ઊઠેલો જ છે. એથી સાત્મ્ય પામેલું એ પ્રમાણે કહેવાયું છે. ॥૧૨/૧॥

ભાવાર્થ :-

પૂર્વભવોમાં ભગવાને નિપુણબુદ્ધિપૂર્વક વૈરાગ્યનો અભ્યાસ કર્યો, જેથી તે વૈરાગ્ય અત્યંત સ્થિરભાવને પામેલ અર્થાત્ નિપુણપ્રજ્ઞાપૂર્વક પૂર્વભવોમાં સંસારનું વાસ્તવિક સ્વરૂપ, મોહનું વાસ્તવિક સ્વરૂપ અને મોહથી રહિત નિરાકુળ આત્માનું વાસ્તવિક સ્વરૂપ, સૂક્ષ્મ પ્રજ્ઞાથી પુનઃ પુનઃ અવલોકન કરીને સંસારના તુચ્છ પદાર્થોની અસારતાને આત્મામાં સ્થિર ભાવન કરી. વળી, આત્માની વિરક્ત અવસ્થા એ નિરાકુળ અવસ્થા છે પરંતુ ઉદ્વેગવાળી અવસ્થા નથી તે રીતે ભાવન કરીને વૈરાગ્યભાવને જ અત્યંત સ્થિર, સ્થિરતર પૂર્વભવોમાં ભગવાને કરેલ છે. જેના કારણે આ જન્મમાં જન્મથી માંડીને તે વિરક્તભાવ પ્રકૃતિગત બનેલ છે. સામાન્યથી વૈરાગ્યગુણ બે ભૂમિકાવાળો છે. (૧) ઔપાધિક અને (૨) સ્વાભાવિક. સંસારીજીવોને આદ્યભૂમિકામાં ઔપાધિક વૈરાગ્ય પ્રગટે છે. જેમ કેટલાક જીવોને સંસારના બાહ્યભાવોમાં સુખની પ્રતીતિ સ્વસંવેદન છે છતાં સંસારના ચારગતિઓના પરિભ્રમણના સ્વરૂપનું ભાવન કરે છે ત્યારે ક્ષણભર વિષયોથી વિરક્તભાવ થાય છે, જે ભાવ પ્રકૃતિ રૂપે થયેલ નથી પરંતુ જ્યારે જ્યારે સંસારના સ્વરૂપનું ભાવન કરે છે ત્યારે ત્યારે તે ભાવનના બળથી કંઈક કંઈક વિરક્તભાવ થાય છે. જે તે પ્રકારની ભાવનની ક્રિયા રૂપ ઉપાધિથી જન્ય છે તેવા જીવો જ્યારે જ્યારે સંસારના સ્વરૂપનું ભાવન કરે છે ત્યારે કંઈક કંઈક વિરક્તભાવ સ્પર્શે છે તોપણ સંસારના વિષયો સાથે સંબંધ થાય છે ત્યારે તે તે નિમિત્તો અનુસાર મોહના પરિણામો પણ થાય છે. આથી જ અભ્યાસદશાવાળા મહાત્માઓ બાર ભાવનાઓ નિપુણતાપૂર્વક ભાવન કરે છે ત્યારે તેઓનું ચિત્ત સાંસારિક ભાવોથી વિરક્ત થઈને દશવિધ યતિધર્મને અભિમુખ પરિણામવાળું થાય છે. તોપણ સંસારનાં નિમિત્તોમાં જ્યારે પ્રવૃત્તિ કરે છે ત્યારે તે તે સંસારના ભાવોને અનુરૂપ વિષયોના સંશ્લેષવાળા પણ બને છે અને જેઓએ ઘણા ભવો સુધી નિપુણતાપૂર્વક તત્ત્વનું ભાવન કરીને વૈરાગ્યને સ્થિર, સ્થિરતર કર્યો છે તેઓનો વૈરાગ્ય જીવની પ્રકૃતિ રૂપે બને છે. પરંતુ ભાવનાઓના ભાવનરૂપ ઔપાધિકની ક્રિયાને આધીન તે વૈરાગ્ય નથી. જેમ, ચંદનમાં શીતલતા અને સુગંધ સ્વાભાવિક હોય છે તેમ, તે મહાત્માઓને સંસારનું સ્વરૂપ જ તે પ્રકારે સહજ નિઃસાર જણાય છે. જેથી, તત્ત્વના ભાવનના બળથી વૈરાગ્યને પ્રગટ

કર્યા વગર પણ વિષયોમાં અસંશ્લેષવાળું ચિત્ત વર્તે છે. અને ભગવાને વૈરાગ્યગુણ તે પ્રકારે જ પૂર્વભવમાં સ્થિર કરેલ છે કે જેથી ચંદનના ગંધની જેમ કોઈ પ્રયત્ન કર્યા વગર પણ સહજ તેઓનું ચિત્ત વિષયોમાં અસંશ્લેષવાળું રહે છે. **॥૧૨/૧॥**

અવતરણિકા :-

તથાત્ર જગતિ કિલેયં વ્યવહૃતિર્યદિષ્ટવિપ્રયોગાનિષ્ટસંયોગબાન્ધવધનાદિભ્રંશાદિષુ દુઃખહેતુષૂપનતેષુ વૈરાગ્યમાવિર્ભવતિ સુખહેતુષુ તુ રાગ એવોજ્જાગરતામેતિ ભગવતસ્તુ જગદ્વિલક્ષણસ્ય વિપરીતમિદમ્ । તથાહિ–

અવતરણિકાર્થ :-

તે પ્રમાણે આ જગતમાં ખરેખર આ વ્યવહૃતિ છે=આ પ્રકારનો વ્યવહાર છે, જે ઇષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગ, બાંધવ, ધનાદિના ભ્રંશાદિ રૂપ દુઃખહેતુઓ પ્રાપ્ત થયે છતે વૈરાગ્ય પ્રગટે છે અને સુખહેતુઓમાં રાગ જ ઉજ્જાગરતાને પામે છે=પ્રગટ થાય છે. વળી જગતવિલક્ષણ એવા ભગવાનનું આ વિપરીત છે. તે આ પ્રમાણે –

શ્લોક :-

दुःखहेतुषु वैराग्यं, न तथा नाथ ! निस्तुषम् ।
मोक्षोपायप्रवीणस्य, यथा ते सुखहेतुषु ।।१२/२।।

શ્લોકાર્થ :-

હે નાથ ! દુઃખના હેતુઓમાં તે પ્રકારનો નિર્વ્યાજ વૈરાગ્ય નથી. જે પ્રકારે મોક્ષના ઉપાયમાં પ્રવીણ એવા તમોને સુખના હેતુઓમાં વૈરાગ્ય છે. ॥૧૨/૨॥

ટીકા :-

हे वैराग्यभङ्गीसनाथ ! नाथ ! तव दुःखहेतुषु पूर्वोदितेषु, तथा=तेन प्रकारेण, निस्तुषं=निर्व्याजम्, न वैराग्यम्, यथा सुखहेतुषु पूर्वोक्तविपरीतेषु स्वाधीनेष्वपि सुतरामुल्लसति, तथात्वे हेतुमाह-यतः किंविशिष्टस्य तव ? मोक्षोपायप्रवीणस्य=परमपदोपायप्रपञ्चनप्रवीणस्य । अयमाशयः 'किल दुःखहेतूद्भवे यद्वैराग्यं तद्वानर-वैराग्यमिव क्षणिकमेव, यत्तु सुखहेतूनामेकान्तानित्यत्वोद्भावनेन दृढतरं वैराग्यमुद्भवति मोक्षाङ्गत्वेन तदेव प्रशस्यमिति भावः' ।।१२/२।।

ટીકાર્થ :-

हे वैराग्यभङ्गीसनाथ ! ..... प्रशस्यमिति भावः' ।। હે વૈરાગ્યભંગી સનાથ એવા નાથ !=વૈરાગ્યના પ્રવાહથી યુક્ત એવા નાથ ! પૂર્વ ઉદિત એવા દુઃખના હેતુઓમાં તે પ્રકારે નિસ્તુષ=નિર્વ્યાજ, તમારો વૈરાગ્ય નથી. જે પ્રમાણે સુખહેતુઓમાં=પૂર્વમાં કહેવાયેલા જે દુઃખના હેતુઓ છે તેનાથી વિપરીત

સ્વાધીન પણ સુખહેતુઓમાં, અત્યંત ઉલ્લાસ પામે છે=તમારો વૈરાગ્ય અત્યંત ઉલ્લાસ પામે છે. તથાપણામાં=ભગવાનના દુઃખહેતુઓમાં વૈરાગ્ય કરતાં સુખના હેતુઓમાં વૈરાગ્ય અતિશય છે તે રૂપ તથાપણામાં, હેતુને કહે છે.

જે કારણથી કેવા વિશિષ્ટ એવા તમને તેવા પ્રકારનો વૈરાગ્ય છે ? એથી કહે છે –

મોક્ષના ઉપાયમાં પ્રવીણ=પરમ પદના ઉપાયના સેવનમાં કુશળ, એવા તમોને તેવા પ્રકારનો વૈરાગ્ય છે એમ અન્વય છે. આ આશય છે – ખરેખર દુઃખના હેતુના ઉદ્‌ભવમાં જે વૈરાગ્ય છે તે વાનરના વૈરાગ્યની જેમ ક્ષણિક જ છે. વળી સુખહેતુઓના એકાંત અનિત્યત્વના ઉદ્‌ભાવનથી જે દૃઢતર વૈરાગ્ય મોક્ષના અંગપણાથી ઉદ્‌ભવે છે તે જ પ્રશસ્ય છે એ પ્રકારનો ભાવ છે. ॥૧૨/૨॥

ભાવાર્થ :-

સામાન્યથી સંસારીજીવોને ઇન્દ્રિયોને ઇષ્ટપદાર્થોની પ્રાપ્તિમાં સુખબુદ્ધિ અને અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં દુઃખબુદ્ધિ સ્થિર હોય છે. તેથી, સંસારીજીવો ઇન્દ્રિયોના ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિ માટે સદા ઉદ્યમ કરે છે અને અનિષ્ટના સંયોગના પરિહાર માટે સદા પ્રયત્નશીલ રહે છે. પરંતુ તેઓને સંસાર પ્રત્યે વિરક્તભાવ થતો નથી. વળી, કોઈક જીવને સંસારનાં દુઃખોને જોઈને ક્ષણભર સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય છે તોપણ ક્ષણિક ઊભરા જેવો તે વૈરાગ્ય હોય છે. જ્યારે ફરી ઇષ્ટ સંયોગો મળે ત્યારે ઇષ્ટપદાર્થો પ્રત્યેનું જ તેનું આકર્ષણ રહે છે. વળી, કેટલાક જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોનારા હોય છે. તેથી સંસારના ઉચ્છેદના અર્થી હોય છે તોપણ અનાદિકાળથી વિષયોનું સેવન કરીને જ તેનાથી આનંદ પ્રાપ્ત કરવાનો સ્વભાવ પણ સર્વથા નષ્ટ થયો નથી. તેથી વિષયોના આકર્ષણને કારણે તેઓને સંયમને અભિમુખ પરિણામ થતો નથી. વળી, તેવા પણ જીવો સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા હોવાથી સંયમ જ સર્વકલ્યાણનું કારણ છે તેમ તેઓને ભાસે છે. તોપણ વિષયો પ્રત્યે તે પ્રકારનો વિરક્તભાવ થતો નથી જેથી સંયમને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય તેવા જીવોને કોઈક વિશિષ્ટ પ્રકારનાં દુઃખોની પ્રાપ્તિ થાય ત્યારે સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય છે. જેમ સનતકુમાર ચક્રવર્તીને દેવના કથનથી બોધ થયો કે આ દેહનું રૂપ હવે નાશ પામ્યું છે અને તેમાં રોગનો ઉદ્‌ભવ થયો છે તે નિમિત્તને પામીને દેહ પ્રત્યે વિરક્તભાવ થયો. ત્યારે ભગવાને તો ઘણા ભવો સુધી સંસારના વાસ્તવિક સ્વરૂપનું અત્યંત ભાવન કર્યું છે. તેથી, દુઃખના હેતુઓમાં તો તેઓને વૈરાગ્ય છે જ, તેના કરતાં પણ અધિક સુખના હેતુઓમાં પણ તેઓને સહજ વૈરાગ્ય વર્તે છે. આથી જ કોઈ દુઃખનું નિમિત્ત ઉત્પન્ન થયા વગર બધી અનુકૂળતાની વચમાં તેમનાં ભોગકર્મો પૂર્ણ થાય છે કે તરત જ સંયમને અનુકૂળ મહાવીર્ય ઉલ્લસિત થાય છે. તેનાથી તે ફલિત થાય કે સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાની તેમની નિર્મળ પ્રજ્ઞા તે પ્રકારની અતિશયવાળી છે જેથી બાહ્ય વિષમ સંયોગના નિમિત્ત વગર પણ સંસારથી તેઓનું વિરક્ત ચિત્ત સહજ વર્તે છે.

કેમ તેઓનું ચિત્ત સંસારના અનુકૂળ ભાવોમાં પણ વિરક્ત રહે છે ? તેમાં હેતુ કહે છે –

મોક્ષના ઉપાયોને સેવવામાં ભગવાન પ્રવીણ છે=કુશળ છે. તેથી મોક્ષના ઉપાયભૂત જીવની અસંગપરિણતિને

પ્રગટ કરવામાં જ અતિનિપુણ એવા ભગવાનને કોઈ નિમિત્ત વગર પણ સંસારીભાવો પ્રત્યે વિરક્ત ચિત્ત વર્તે છે. **॥૧૨/૨॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

શ્લોક :-

विवेकशाणौ वैराग्यशस्त्रं शातं तथा त्वया ।
यथा मोक्षेऽपि तत्साक्षादकुण्ठितपराक्रमम् ।।१२/३।।

શ્લોકાર્થ :-

વિવેકરૂપી શાણ ઉપર વૈરાગ્યરૂપી શસ્ત્ર તમારા વડે તે રીતે તીક્ષ્ણ કરાયું. જે રીતે તે વૈરાગ્યરૂપી શસ્ત્ર મોક્ષમાં પણ સાક્ષાત્ અકુંઠિત પરાક્રમવાળું થયું=મોક્ષમાં પણ તમે વિરક્ત થયા. ॥૧૨/૩॥

ટીકા :-

હે સમગ્રોપાયપ્રવીણ ! સ્વામિન્ ! ત્વયા, વિવેકલક્ષણાસુ શાણાસુ, વૈરાગ્યમેવોગ્રરાગનિગ્રહે નિરવગ્રહં શસ્ત્રમ્, તથા કથમપિ શાતં=તીક્ષ્ણતામાપાદિતમ્, યથા તત્તાવદાસ્તામન્યત્ર કિન્ત્વત્યન્તદુર્ભેદે સાક્ષાન્મોક્ષે મહાનન્દેઽપ્યકુણ્ઠિતપરાક્રમમપ્રતિહતસામર્થ્યમજાયત અથવાન્યદપિ શસ્ત્રં યત્કેનાપિ નિપુણેન શાણાસુ તીક્ષ્ણીકૃતં ભવતિ તદસકૃન્મોક્ષણેઽપિ કુણ્ઠતાં નાપદ્યત ઇતિ ।।૧૨/૩।।

ટીકાર્થ :-

હે સમગ્રોપાયપ્રવીણ ! ..... નાપદ્યત ઇતિ ।। હે સમગ્ર ઉપાયમાં પ્રવીણ સ્વામિ !=પોતાનું હિત સાધવા માટે જે કંઈ ઉપાયો છે તે સર્વમાં નિપુણ એવા સ્વામિ ! તમારા વડે વિવેકરૂપી શાણમાં=પદાર્થના વાસ્તવિક સ્વરૂપના વિવેચનરૂપી શાણમાં, વૈરાગ્ય જ ઉગ્રરાગના નિગ્રહમાં નિરવગ્રહવાળા શસ્ત્રને તે પ્રકારે કોઈક રીતે પણ તીક્ષ્ણતાને પ્રાપ્ત કરાવ્યું. જે પ્રકારે તે=વૈરાગ્યરૂપી શસ્ત્ર, અત્યંત દુર્ભેદ એવા સાક્ષાત્ મોક્ષમાં પણ=અન્યત્ર અર્થાત્ સંસારના બાહ્યપદાર્થોમાં દૂર રહો પરંતુ અત્યંત દુર્ભેદ એવા સાક્ષાત્ મહા આનંદમાં પણ, અકુંઠિત પરાક્રમવાળું=અપ્રતિહત સામર્થ્યવાળું થયું અર્થાત્ મોક્ષમાં પણ ભગવાનને વૈરાગ્ય થયો. અથવા બીજું પણ શસ્ત્ર=લોકમાં પ્રસિદ્ધ એવું છરી આદિ શસ્ત્ર, કોઈ પણ નિપુણ પુરુષ વડે શાણ ઉપર જે તીક્ષ્ણ કરાયેલું થાય છે તે=શસ્ત્ર, અસકૃત્=વારંવાર, મોક્ષણમાં

પણ=બંધન આદિને તોડવામાં પણ, કુંઠતાને પ્રાપ્ત કરતું નથી. તેમ ભગવાન દ્વારા નિપુણતાપૂર્વક વિવેકરૂપી શાણમાં વૈરાગ્યરૂપી શસ્ત્ર તીક્ષ્ણ કરાયેલું છે તેથી કર્મના બંધનરૂપ ભાવકર્મથી આત્માને મુક્ત કરવામાં પણ કુંઠતાને પ્રાપ્ત કરતું નથી. ॥૧૨/૩॥

ભાવાર્થ :-

શસ્ત્રથી શત્રુઓનો નાશ થાય છે અને તે શસ્ત્ર કુંઠિત હોય તો શત્રુને નાશ કરવા સમર્થ બનતું નથી. તેથી શત્રુને નાશ કરવાનું શસ્ત્ર શાણ ઉપર ઘસીને તીક્ષ્ણ કરવામાં આવે છે. તેમ આત્માના શત્રુભૂત કર્મબંધના કારણ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ રૂપ ભાવમલ છે. જેના કારણે જીવ કર્મના બંધનથી બંધાય છે. અને સંસારની સર્વ વિડંબના પામે છે. તે શત્રુના નાશ કરવા અર્થે વૈરાગ્ય જ કારણ છે. તેથી વૈરાગ્ય શસ્ત્ર છે. પરંતુ સામાન્ય જીવોને વૈરાગ્ય પ્રાપ્ત થવો પણ દુર્લભ હોય છે. ક્વચિત્ સંસારનું વાસ્તવિક સ્વરૂપ વિચારે તો સંસારના પરિભ્રમણના ઉપાયો પ્રત્યે કંઈક વૈરાગ્ય થાય છે. તોપણ તે વૈરાગ્યરૂપી શસ્ત્ર તીક્ષ્ણ ધારવાળું નહીં હોવાથી નિમિત્તોને પામીને સંસારના પરિભ્રમણના ઉપાયોને જ જીવ સેવે છે. તેથી તેઓમાં પ્રગટ થયેલો વૈરાગ્ય તીક્ષ્ણ નહીં હોવાથી વિષયોમાં કુંઠિત પરાક્રમવાળો થાય છે અર્થાત્ વિષયોમાં ચિત્તનું આકર્ષણ થવાને કારણે કર્મનાશમાં શિથિલ થાય છે તેથી સંસારના કારણીભૂત પોતાના શત્રુઓને નાશ કરવા સમર્થ બનતો નથી. અને જેઓ વારંવાર સંસારના પરિભ્રમણની વિડંબનાને સૂક્ષ્મબુદ્ધિથી ભાવન કરે છે તેઓને સંસારના પરિભ્રમણના ઉપાયભૂત રાગાદિ ભાવો પ્રત્યે તે પ્રકારનો તીવ્ર દ્વેષ થાય છે. જેથી બાહ્યનિમિત્તોને પામીને પણ તે રાગાદિ ભાવો પ્રગટ થતા નથી છતાં એવા પણ મહાત્માઓને મોક્ષમાં ઇચ્છા વર્તે છે. તેથી પૂર્ણસુખમય મોક્ષની ઇચ્છાથી સંસારના પરિભ્રમણના ઉપાયો પ્રત્યે દ્વેષ ધારણ કરે છે અને મોક્ષ પ્રત્યે રાગને ધારણ કરે છે. તેથી એવા મહાત્માનો વૈરાગ્ય સંસારના ભાવો પ્રત્યે અકુંઠિત પરાક્રમવાળો હોવા છતાં મોક્ષમાં અકુંઠિતપરાક્રમવાળો નથી. પરંતુ મોક્ષની ઇચ્છા જ મોક્ષના ઉપાયમાં દૃઢ પ્રવૃત્તિ કરાવે છે. વસ્તુતઃ કોઈપણ ઇચ્છા મોહનો પરિણામ છે તેથી મોક્ષની ઇચ્છા પણ જીવની પ્રકૃતિ નથી. તોપણ આદ્યભૂમિકાવાળા મહાત્માઓને મોક્ષની ઉત્કટ ઇચ્છાથી સંસારના ભાવોમાં વૈરાગ્ય વર્તે છે. અને ભગવાને નિપુણતાપૂર્વક વિવેકરૂપી શાણ ઉપર વૈરાગ્યને તે રીતે તીક્ષ્ણ કરેલ કે જેથી ભગવાનને પોતાની મૂળપ્રકૃતિ જે અનિચ્છા રૂપ છે તે જ તત્ત્વરૂપે દેખાય છે અને ઇચ્છા જ જીવની વિકૃતિ છે તેમ દેખાય છે, તેથી અનિચ્છાના અત્યંત અર્થી ભગવાનનું મન વિકલ્પોથી પર નિર્વિકલ્પ ઉપયોગને પ્રાપ્ત કરે છે ત્યારે ભગવાનના ચિત્તમાં સાક્ષાત્ મોક્ષની ઇચ્છા પણ શાંત થાય છે. અને પોતાની મૂળપ્રકૃતિમાં જ વિશ્રાંત થવાના યત્નવાળા ભગવાન બને છે. તેથી ભગવાનનો વૈરાગ્ય મોક્ષની ઇચ્છાના ઉચ્છેદમાં પણ અકુંઠિત પરાક્રમવાળો થયો.

જોકે આદ્યભૂમિકામાં મોક્ષની ઇચ્છાથી જ મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ હોય છે. પરંતુ વિવેક પ્રકર્ષવાળો થાય છે ત્યારે પોતાની મૂળપ્રકૃતિ પ્રત્યે જીવનું અત્યંત વલણ થાય છે. અને જીવની મૂળપ્રકૃતિ ઇચ્છાના અભાવ રૂપ હોવાથી સંપન્ન ભૂમિકાવાળા ભગવાનને મોક્ષ પ્રત્યે પણ ઇચ્છા રહેતી નથી. પરંતુ ભગવાન

કર્મજન્ય પોતાની વિકૃતપ્રકૃતિના ત્યાગપૂર્વક પોતાની સ્વાભાવિક પ્રકૃતિને પ્રગટ કરવા અર્થે નિર્વિકલ્પ ઉપયોગરૂપ સામાયિકના પરિણામમાં વર્તે છે. જે જીવની સ્વભાવભૂત વીતરાગતારૂપ ભાવને પ્રાપ્ત કરવાનું કારણ બને છે. **॥૧૨/૩॥**

અવતરણિકા :-

साम्प्रतं भगवतः सर्वास्ववस्थासु वैराग्यमुद्भावयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે, ભગવાનના સર્વ અવસ્થામાં વૈરાગ્યને ઉદ્ભાવન કરતાં કહે છે –

શ્લોક :-

यदा मरुन्नरेन्द्रश्रीस्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ।।१२/४।।

શ્લોકાર્થ :-

હે નાથ ! જ્યારે તીર્થંકરનામકર્મ બાંધ્યા પછી દેવતાઓની અને નરેન્દ્રોની લક્ષ્મી તમારા વડે ભોગવાય છે. ત્યારે પણ જ્યાં તમને રતિ છે=દેવતાઓની અને નરેન્દ્રની લક્ષ્મીમાં રતિ છે, ત્યાં વિરક્તપણું છે. ॥૧૨/૪॥

ટીકા :-

हे परमार्हन्त्यश्रीसनाथ ! नाथ ! तीर्थकृन्नामकर्मोपनिबन्धबन्धुरस्य नरभवस्यायुषि प्रक्षीणे तथाविध-शुभसम्भारवशादुपनता मरुतां देवानां श्रीर्लक्ष्मीर्यदा त्वयोपभुज्यते, यदा च स्थितिक्षयात्ततश्च्युतेनार्हद्भवे भोग्यफलकर्मोपनीता नरेन्द्रश्रीश्च त्वयोपभुज्यते, तदाप्यस्ति तव विरक्तत्वम्, कथमित्याह-यत्र तत्र रतिर्नाम यत्रैव यथैव स्थितस्तत्रैव तथैव रतिः । किमुक्तं भवति ? मरुन्नरेन्द्रश्रियोरुपभोगावसरेऽपि भगवात्रैवं चिन्तयति, यथा-साध्वियमुपनता श्रीः, यदि कथमपि न वियुज्यते तदा सुन्दरं स्यादिति, केवलमिदमेव विभावयति–'यत्तावदुपस्थितं ममेदं भोग्यफलं कर्म, न च वेदनमन्तरेणेदं क्षीयत' इति रुक्प्रतिकारधिया अनासक्त एव भुङ्क्ते । तथा च पठन्ति–

"नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यम्, कृतं कर्म शुभाशुभम् ।।१।।" **इति,**

अतस्तदाप्यस्त्येव तत्त्वतस्त्रिजगद्गुरोर्वैराग्यमिति ।।१२/४।।

ટીકાર્થ :-

हे परमार्हन्त्य ..... वैराग्यमिति ।। હે પરમ આર્હંત્યશ્રીથી સનાથ એવા નાથ !=પરમ અરિહંતભાવરૂપ

લક્ષ્મીથી યુક્ત એવા નાથ ! તીર્થંકરનામકર્મના નિબંધનમાં બંધુર એવા ભગવાનનું=તીર્થંકરનામકર્મ બાંધવામાં સમર્થ એવા નરભવનું, આયુષ્ય પ્રક્ષીણ થયે છતે તેવા પ્રકારના શુભ-સંભારના વશથી=પૂર્વના ત્રીજાભવમાં તીર્થંકરનામકર્મ બાંધ્યું તે વખતે જે ઉત્તમ પ્રકારની આચરણાઓ અને પરિણતિઓ કરી તેવા પ્રકારના શુભ-સંભારના વશથી, પ્રાપ્ત થયેલ દેવભવની લક્ષ્મી જ્યારે તમારા વડે ભોગવાય છે અને જ્યારે સ્થિતિના ક્ષયથી=દેવભવની સ્થિતિના ક્ષયથી, ત્યાંથી ચ્યુત એવા તમારા વડે અરિહંતના ભવમાં ભોગ્યફલવાળા કર્મથી ઉપનીત રાજ્યની લક્ષ્મી તમારા વડે ભોગવાય છે, ત્યારે પણ તમારું વિરક્તપણું છે=દેવભવમાં અને ચરમભવમાં તમારું વિરક્તપણું છે.

કેવી રીતે દેવની લક્ષ્મી અને રાજ્યલક્ષ્મી ભોગવતાં વિરક્તપણું છે ? એથી કહે છે –

જ્યાં ત્યાં રતિ છે=જ્યાં જ જે પ્રકારે જ સ્થિત છે ત્યાં જ તે પ્રકારે જ રતિ છે, શું કહેવાયેલું થાય છે ?="યત્ર તત્ર રતિ" દ્વારા શું કહેવાયેલું થાય છે ?, તે કહે છે. દેવતાઓની અને નરેન્દ્રોની લક્ષ્મીના ઉપભોગના અવસરમાં પણ ભગવાન આ પ્રમાણે પણ ચિંતવન કરતા નથી. શું ચિંતવન કરતા નથી તે 'યથા'થી બતાવે છે. આ ઉપનતલક્ષ્મી સુંદર છે=આ પ્રાપ્ત થયેલી દેવતાની કે નરેન્દ્રની લક્ષ્મી સુંદર છે, જો કોઈપણ રીતે વિયોગ ન થાય તો સુંદર થાય. કેવલ આ જ ભાવન કરે છે.

શું ભાવન કરે છે ? તેથી કહે છે –

જે કારણથી ઉપસ્થિત મારું આ ભોગ્યફલવાળું કર્મ છે=ભૂતકાળમાં મેં સંયમ પાળેલું છે તેનાથી બંધાયેલું પુણ્યાનુબંધી પુણ્ય તેનાથી ઉપસ્થિત થયેલ=ઉદયમાં આવેલ મારું આ ભોગ્ય સામગ્રીના ઉપભોગના ફલવાળું કર્મ છે. અને વેદન વગર=તે ભોગની પ્રવૃત્તિના વેદન વગર, આ ક્ષય પામતું નથી. એથી રોગના પ્રતિકારની બુદ્ધિથી=ભોગકર્મના ઉદયથી જે અલ્પમાત્રામાં ભોગની ઇચ્છા છે તે રોગના પ્રતિકારની બુદ્ધિથી અનાસક્ત જ ભગવાન ભોગવે છે. અને તે રીતે=અવશ્ય ભોગ આપાદક કર્મ ભોગથી જ ક્ષય પામે છે તે રીતે, કહે છે –

"કોટિ સેંકડો વર્ષોથી પણ નહીં ભોગવાયેલું કર્મ ક્ષય પામતું નથી, કરાયેલું શુભાશુભકર્મ અવશ્ય ભોગવવું પડે છે."

આથી ત્યારે પણ=ભોગો ભોગવે છે ત્યારે પણ, તત્ત્વથી ત્રિજગતગુરુને વૈરાગ્ય છે જ. ॥૧૨/૪॥

ભાવાર્થ :-

ભગવાને ચરમભવથી ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મ બાંધ્યું ત્યારે જે ઉત્તમ ભાવથી આત્માને ભાવિત કર્યો તેના કારણે તુચ્છ બાહ્ય સમૃદ્ધિ પ્રત્યેનો અનાદિનો સંશ્લેષ આત્મામાં વર્તતો હતો તે અત્યંત ક્ષીણ થયો અને આત્માની નિરાકુળ અવસ્થા પ્રત્યેનો રાગ અત્યંત થયો. તેના કારણે જ ઉત્તમ ભોગપ્રાપ્તિના કારણીભૂત પુણ્યાનુબંધી પુણ્ય ભગવાને બાંધ્યું અને જેના ફળ સ્વરૂપે ઉત્તમભોગસામગ્રીથી યુક્ત દેવભવમાં ભગવાન જાય છે. તે ભોગસામગ્રીમાં પણ અન્ય જીવોને જે પ્રકારે આસક્તિ થાય છે તે પ્રકારે ભગવાનને આસક્તિ

નથી પરંતુ ભોગકાળમાં પણ વિરક્તભાવ વર્તે છે. વળી, દેવભવમાંથી ચ્યવીને ચરમભવમાં આવે છે ત્યારે તથાપ્રકારના પુણ્યના વિપાકથી રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. ત્યારે પણ ભગવાનનું ચિત્ત તે ભોગમાં સંશ્લેષ પામતું નથી. પરંતુ ભોગકાળમાં પણ ભગવાનનો વિરક્તભાવ છે.

કેવા પ્રકારનો ભગવાનનો વિરક્તભાવ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ટીકાકારશ્રી કહે છે –

સામાન્ય રીતે જીવોને સુંદર ભોગસામગ્રી મળે ત્યારે તેઓને પરિણામ થાય છે કે આ ભોગસામગ્રી મળી તે સુંદર થયું. અને આ ભોગસામગ્રીનો વિયોગ ન થાય તો સુંદર થાય એ પ્રકારનો જે પરિણામ પ્રાપ્ત થયેલી ભોગસામગ્રીમાં વર્તે છે તે ભોગ પ્રત્યેની આસક્તિ સ્વરૂપ છે. ભગવાનને તે પ્રકારનો પરિણામ ભોગકાળમાં થતો નથી પરંતુ ભગવાનનું ચિત્ત આત્માની સ્વસ્થતાને અભિમુખ છે. તેથી સંયમ પ્રત્યેના બદ્ધરાગવાળા છે. તોપણ તેઓને જણાય છે કે આ ભોગકર્મ મારું એવું છે કે ભોગથી નાશ થાય, તેથી ભોગકર્મના નાશનો ઉપાય ભોગની પ્રવૃત્તિ છે તેવું જ્ઞાન થવાને કારણે જે અલ્પમાત્રમાં ભોગની ઇચ્છા છે તેને વશ થઈને ભોગ દ્વારા તે ઇચ્છાનો નાશ કરે છે. તેથી ભોગકાળમાં ભોગની ઇચ્છાથી પ્રવૃત્તિ હોવા છતાં ભોગમાં આસક્તિનો પરિણામ નહીં હોવાથી ભોગ દ્વારા તે ભોગના સંસ્કારો નાશ થાય અને ભોગકર્મ નાશ થાય ત્યારે જગદ્‌ગુરુ સંયમને અભિમુખ પરિણામવાળા થાય છે. તેથી ભોગકાળમાં પણ તેઓને વૈરાગ્ય છે અને સંયમગ્રહણકાળમાં ભોગની અનિચ્છારૂપ વિશિષ્ટ કોટિનો વૈરાગ્ય છે. **॥૧૨/૪॥**

અવતરણિકા :-

ભગવાન દેવભવમાં હોય છે અને ચરમભવમાં હોય છે ત્યારે તેમનો વૈરાગ્ય કઈ ભૂમિકાનો છે તે શ્લોક-૪માં બતાવ્યું. હવે ભગવાનનો ભોગકર્મ ક્ષય થાય છે ત્યારે ભગવાનને સંયમને અભિમુખ પરિણામ થાય છે તે વખતે ભગવાનનો વૈરાગ્ય કઈ ભૂમિકાનો છે ? તે સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

नित्यं विरक्तः कामेभ्यो, यदा योगं प्रपद्यसे ।
अलमेभिरिति प्राज्यं, तदा वैराग्यमस्ति ते ।।१२/५।।

શ્લોકાર્થ :-

કામોથી નિત્ય વિરક્ત એવા ભગવાન જ્યારે તમે યોગને સ્વીકારો છો ત્યારે "આ ભોગોથી સર્યું" એ પ્રમાણે તમારો પ્રાજ્ય વૈરાગ્ય=વિસ્તૃત વૈરાગ્ય છે. ।।૧૨/૫।।

ટીકા :-

यदा च त्वं भोग्यफलकर्मणः क्षये, नित्यमेकान्ततः, कामेभ्यः पञ्चप्रकारेभ्यो विरक्तो विरागमुपगतः सन्, योगं ज्ञानदर्शनचारित्ररूपं प्रपद्यसे=स्वीकरोषि, तदाप्येभिरत्यन्तदुरन्तविपाकैः कामभोगैरलं पर्याप्तमिति विभावयतस्तवास्त्येव प्राज्यमभङ्गुरं वैराग्यमिति ।।१२/५।।

ટીકાર્થ :-

यदा च त्वं ..... वैराग्यमिति ।। અને જ્યારે ભોગફલવાળા કર્મનો ક્ષય થયે છતે નિત્ય=એકાંતથી, પાંચ પ્રકારનાં કામોથી વિરક્ત=વિરાગને પામેલા છતાં યોગને=જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ યોગને, તમે સ્વીકારો છો ત્યારે પણ આનાથી=અત્યંત દુરંત વિપાકવાળા કામભોગોથી, સર્યું=પર્યાપ્ત છે, એ પ્રકારે વિભાવન કરતાં તમને પ્રાજ્ય=અભંગુર, વૈરાગ્ય છે જ. ॥૧૨/૫॥

ભાવાર્થ :-

ભગવાન ચરમભવમાં જન્મે છે ત્યારથી નિર્મળ મતિશ્રુત, અવધિજ્ઞાનવાળા છે. અને સમ્યક્ પ્રકારનું નિર્મળજ્ઞાન પદાર્થના વાસ્તવિક સ્વરૂપને યથાર્થ બતાવનાર છે. તેથી ભગવાન ભોગની પરિણતિ અસાર છે તેમ પણ સ્પષ્ટ જાણે છે. ભોગ્યપદાર્થમાંથી કોઈ સુખ આવતું નથી, અંતરંગ વિકારને કારણે ભોગ્યસામગ્રીને પામીને ક્ષણભર તૃપ્તિ થાય છે તેમ પણ ભગવાન જાણે છે. વળી ભોગની અનિચ્છામાં જ પરમ સ્વાસ્થ્યરૂપ સુખ છે તેમ પણ ભગવાન જાણે છે. છતાં આત્મામાં અનાદિથી સ્થિર થયેલા ભોગના વિકારો મૂલથી નાશ પામે નહીં ત્યાં સુધી જીવ નિર્વિકારી સુખને અનુભવી શકે નહીં. જેમ આરોગ્યમાં સુખ છે તેમ સ્પષ્ટ બોધ હોવા છતાં રોગકાળમાં રોગના પ્રતિકારથી જ સુખ થાય છે, અન્ય રીતે સુખ થઈ શકે નહીં. તેમ આત્મામાં અનાદિથી સ્થિર થયેલા વિકારો તેની ભોગસામગ્રીની પ્રાપ્તિ દ્વારા તે ભોગની ક્રિયા કરવાથી શાંત થાય છે તેવો બોધ ભગવાનમાં વર્તે છે તેથી ગૃહસ્થ અવસ્થામાં પણ ભગવાનને નિર્વિકારી અવસ્થા જ સુખરૂપ છે તેવો સ્પષ્ટ બોધ હોવાથી ભોગ પ્રત્યે વિરક્તભાવ છે, તોપણ ભોગની ઇચ્છાના શમનનો ઉપાય ભોગક્રિયા છે તેમ જાણીને ભોગ કરે છે. તેથી ભોગકાળમાં વૈરાગ્ય હોવા છતાં ભોગની અલ્પ પણ ઇચ્છાજન્ય પરિણામ હોવાને કારણે પ્રાજ્ય વૈરાગ્ય ભોગકાળમાં નથી. અને જ્યારે ભગવાનનું ભોગકર્મ ક્ષીણ થાય છે અને ભોગના વિકારો પણ નષ્ટપ્રાયઃ થાય છે ત્યારે નિત્ય ભોગોથી વિરક્ત એવા ભગવાન સંયમયોગને ગ્રહણ કરે છે તે વખતે આ ભોગોથી સર્યું. એ પ્રકારનો અધ્યવસાય થવાથી ગૃહસ્થકાળમાં જે ભોગની ઇચ્છા હતી તે પણ શાંત થવાથી ભગવાનનો વૈરાગ્ય સ્થિર પરિણામવાળો થાય છે. અર્થાત્ સંસારના સર્વ પદાર્થો પ્રત્યે અનિચ્છા પ્રગટે છે અને માત્ર વીતરાગ થવાની એક ઇચ્છાથી ભગવાન સંયમકાળમાં નિર્લેપ થઈને સદા નિરાકુળ આત્માને પ્રગટ કરવા અર્થે દૃઢ પ્રયત્નવાળા બને છે ત્યારે ભગવાનને શ્રેષ્ઠ કોટિનો વૈરાગ્ય વિદ્યમાન છે અર્થાત્ અન્ય મહાત્માઓને સંયમકાળમાં વૈરાગ્ય હોવા છતાં ઉપસર્ગ અને પરિષહોના કાળમાં જે સ્ખલના થાય છે તે અંશમાં વૈરાગ્ય ન્યૂન છે, જ્યારે ભગવાનને બાહ્યપદાર્થો પ્રત્યે તે પ્રકારનો વિરક્તભાવ છે કે જેથી દેહ અને ઇન્દ્રિયને પ્રતિકૂળ ભાવો કે અનુકૂળ ભાવો બંને ભગવાન માટે સમાન છે. તેથી જ પ્રતિકૂળ ભાવો રૂપ ઉપસર્ગોમાં અને પરિષહોમાં ભગવાનને દ્વેષ થતો નથી અને ઇન્દ્રિયોને અનુકૂળ ભાવોમાં રાગ થતો નથી. પરંતુ સર્વત્ર વિરક્ત ચિત્ત રહે છે. **॥૧૨/૫॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી, ભગવાન જ્યારે કેવલજ્ઞાન પામે છે ત્યારે ભગવાનનો કેવા પ્રકારનો વૈરાગ્ય છે ? તે સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

सुखे दुःखे भवे मोक्षे, यदौदासीन्यमीशिषे ।
तदा वैराग्यमेवेति, कुत्र नासि विरागवान् ।।१२/६।।

શ્લોકાર્થ :-

સુખમાં, દુઃખમાં, ભવમાં, મોક્ષમાં જ્યારે તમે ઔદાસીન્યને ધારણ કરો છો ત્યારે વૈરાગ્ય જ છે એથી કરીને=જન્મથી માંડીને કઈ અવસ્થામાં તમે વૈરાગ્યવાળા નથી અર્થાત્ સર્વ અવસ્થામાં તમે વૈરાગ્યવાળા છો. ।।૧૨/૬।।

ટીકા :-

यदा च योगप्रतिपत्तेरनन्तरं क्षणे क्षणे विशुद्ध्यमानाध्यवसायः परिपाकोन्मुखे योगसमृद्धिफले सुखे=साते, दुःखे=असाते, भवे=संसारे, मोक्षे=महोदये, औदासीन्यमीशिषे=सुखदुःखभवमोक्षेषु तथा वीतरागत्वस्वभावादेव समानमानसो भवसि, तदा व्यक्तमेव तव वैराग्यमित्येवं कुत्र कस्मिन्नवस्थान्तरे, विरागवान्नासि ? सर्वत्र विरक्त एवेति भावः ।।१२/६।।

ટીકાર્થ :-

यदा च योगप्रतिपत्तेर ..... एवेति भावः ।। અને જ્યારે યોગના સ્વીકારથી અનંતર ક્ષણે ક્ષણે વિશુદ્ધમાન અધ્યવસાયવાળા એવા ભગવાન પરિપાકના ઉન્મુખ યોગસમૃદ્ધિના ફલરૂપ સુખમાં=શાતામાં, દુઃખમાં=અશાતામાં, ભવમાં=સંસારમાં, મોક્ષમાં=મહોદયમાં, મહાન એવી આત્માની અવસ્થામાં, ઔદાસીન્યને તમે ધારણ કરો છો=સુખ-દુઃખ, ભવ, મોક્ષમાં તે પ્રકારનો વીતરાગત્વ સ્વભાવ હોવાથી જ સમાન માનસવાળા તમે છો, ત્યારે તમારો વ્યક્ત જ વૈરાગ્ય છે. આ રીતે=શ્લોક-૪, ૫, ૬માં બતાવ્યું એ રીતે, ક્યાં=કઈ અવસ્થાંતરમાં, વિરાગવાન તમે નથી ? સર્વત્ર=ગૃહસ્થઅવસ્થા, સંયમઅવસ્થા અને કેવલઅવસ્થામાં સર્વત્ર, વિરક્ત જ છો. ।।૧૨/૬।।

ભાવાર્થ :-

ભગવાન સંયમ ગ્રહણ કરે છે ત્યારપછી સતત ક્ષણે ક્ષણે વિશુદ્ધમાન અધ્યવસાયવાળા હોય છે. અને

ક્ષપકશ્રેણીને આરોહણને અભિમુખ બલસંચય થાય તે રીતે જ ત્રણ ગુપ્તિઓથી યુક્ત હોય છે. તે વખતે બહુલતાએ ભગવાન નિર્વિકલ્પ ઉપયોગમાં હોય છે. તેથી, આ સુખ છે, મને ઇષ્ટ છે, આ દુઃખ છે મને પ્રતિકૂળ છે તેવો વિકલ્પ થતો નથી, વળી આ ભવ જીવની વિડંબના છે માટે જીવને પ્રતિકૂળ છે. મોક્ષ જીવની સુંદર અવસ્થા છે માટે અનુકૂળ છે તેવો વિકલ્પ ભગવાનને વર્તતો નથી પરંતુ આત્માના વીતરાગ સ્વભાવ રૂપ પ્રકૃતિમાં વિશ્રાંત થવાને અનુકૂળ દૃઢ પ્રયત્ન પ્રવર્તે છે. તે અવસ્થામાં ભગવાનનું ચિત્ત સુખમાં, દુઃખમાં, ભવમાં અને મોક્ષમાં વૈરાગ્યવાળું છે. તે અવસ્થાને ટીકાકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં ગ્રહણ કરેલ છે. અને શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે આ ત્રીજા પ્રકારનો વૈરાગ્ય કૈવલ્ય અવસ્થામાં છે. તેમ ગ્રહણ કરેલ છે. છતાં તે બે કથનનો કોઈ વિરોધ નથી; કેમ કે થતું હોય તે થયું તે નિયમ પ્રમાણે નિર્વિકલ્પ અવસ્થામાં વીતરાગતા થઈ રહી છે માટે વીતરાગ છે તે પ્રકારનો ઉપચાર કરીને નિર્વિકલ્પદશામાં પણ ભગવાન ભવ અને મોક્ષ પ્રત્યે ઉદાસીન છે તેમ ટીકાકારશ્રીએ કહેલ છે. અને ભગવાન વીતરાગ બને છે ત્યારે ક્યાંય રાગ નથી અને ક્યાંય દ્વેષ નથી તેથી ભવમાં પણ દ્વેષ નથી અને મોક્ષમાં પણ રાગ નથી. માટે ભગવાન ભવ-મોક્ષમાં સમાન ચિત્તવાળા છે એમ હેમચંદ્રસૂરીશ્વરજીએ કહેલ છે.

આ રીતે જન્મઅવસ્થામાં પણ, પ્રથમ ભૂમિકાનો ભગવાનનો વૈરાગ્ય છે, સંયમ અવસ્થામાં પણ પ્રૌઢ વૈરાગ્ય છે અને કેવલ અવસ્થામાં સ્થિર જીવની પ્રકૃતિ સ્વરૂપ વૈરાગ્ય છે. માટે ભગવાનને ક્યાં વૈરાગ્ય નથી ? અર્થાત્ સર્વત્ર વૈરાગ્ય છે. **॥૧૨/૬॥**

અવતરણિકા :-

ननु परपरिगृहीतेष्वपि दैवतेष्वस्त्येव वैराग्यं किमधिकं वीतरागस्येति चेदाह –

અવતરણિકાર્થ :-

પરપરિગૃહીત પણ દેવતાઓમાં=અન્યદર્શનવાળાને સંમત એવા દેવતાઓમાં પણ, વૈરાગ્ય છે. વીતરાગનું અધિક શું છે ? એ પ્રમાણે કોઈ શંકા કરે તેને કહે છે –

શ્લોક :-

दुःखगर्भे मोहगर्भे, वैराग्ये निष्ठिताः परे ।
ज्ञानगर्भं तु वैराग्यं, त्वय्येकायनतां गतम् ।।१२/७।।

શ્લોકાર્થ :-

દુઃખગર્ભમાં કે મોહગર્ભવૈરાગ્યમાં પર=પરદર્શનવાળાને અભિમત એવા બુદ્ધ આદિ દેવતાઓ, નિષ્ઠિત છે=રહેલા છે, વળી તમારામાં જ્ઞાનગર્ભવૈરાગ્ય એકાયનતાને=એકત્વને પામેલું છે. ॥૧૨/૭॥

ટીકા :-

હે निरवग्रहवैराग्यपरभाग ! भगवन् ! परपरिगृहीताप्तानां स्त्रीशस्त्राक्षसूत्ररागाद्यङ्ककलङ्कितवपुषामसंभावनैव वैराग्यस्य, अथैवमप्यभ्युपपद्यते तदा, परे=त्वदितरे देवादयो, दुःखगर्भे मोहगर्भे च वैराग्ये निष्ठिताः, तत्रेष्टवियोगानिष्टयोगादिदुःखहेतूपगमे यत् क्षणिकं वैराग्यं तत् दुःखगर्भम्, यच्च कुशासनप्रणीताध्यात्मलवश्रवणेन केषाञ्चिद्राज्यादिपरिजिहीर्षा यमनियमादिचिकीर्षा च भवति, तदप्यसर्वज्ञोपज्ञत्वेन मुक्तेरहेतुत्वेन च मोहगर्भमज्ञानग्लपितमेव वैराग्यम्, यत्तु सद्भूतवस्तुतत्त्वोद्भावनसमुद्भूतमनित्यतादिशुभभावनानिरुपचितबलं सर्वसङ्गपरित्यागद्विगुणितोत्साहं त्रिभुवनलक्ष्मीसमागमेऽप्यक्षुब्धं ज्ञानगर्भं वैराग्यं तत् त्वय्येव=भगवति श्रीवीतरागे, एकायनतामेकीभावमुपगतम्, एकमेव वीतरागलक्षणमाश्रयमयते इति एकायनस्तस्य भाव एकायनता तां न पुनरन्येष्विति ।।१२/७।।

ટીકાર્થ :-

હે निरवग्रहवैराग्य ..... पुनरन्येष्विति ।। હે નિરવગ્રહવૈરાગ્યપરભાગ એવા ભગવાન !=નિરવધિવૈરાગ્યમાં તત્પર એવા ભગવાન ! પરપરિગૃહીત એવા આપ્તોને=સ્ત્રી, શસ્ત્ર, અક્ષસૂત્ર, રાગાદિ અંકથી કલંકિત શરીરવાળાઓને, વૈરાગ્યની અસંભાવના જ છે. હવે આ રીતે પણ=સ્ત્રી આદિવાળા હોવા છતાં પણ, સ્વીકાર કરાય છે=વૈરાગ્ય સ્વીકાર કરાય છે તો, પર=તમારાથી ઈતર=ભગવાનથી ઈતર એવા દેવાદિ દુઃખગર્ભવૈરાગ્યમાં અને મોહગર્ભવૈરાગ્યમાં રહેલા છે. ત્યાં=દુઃખગર્ભવૈરાગ્યમાં અને મોહગર્ભવૈરાગ્યમાં, ઈષ્ટ વિયોગ અને અનિષ્ટયોગાદિ દુઃખહેતુની પ્રાપ્તિ થયે છતે જે ક્ષણિક વૈરાગ્ય છે તે દુઃખગર્ભિત છે અને જે કુશાસનથી પ્રણીત=કુત્સિતદર્શનથી રચાયેલા, અધ્યાત્મના લવના શ્રવણથી કેટલાકને રાજ્યાદિના ત્યાગની ઈચ્છા અને યમ, નિયમાદિ સેવવાની ઈચ્છા થાય છે, તે પણ=તેવો વૈરાગ્ય પણ, અસર્વજ્ઞ ઉપજ્ઞપણાને કારણે=અસર્વજ્ઞથી રચાયેલાં શાસ્ત્રોથી થયેલો હોવાના કારણે અને મુક્તિનું અહેતુપણું હોવાને કારણે, મોહગર્ભ=અજ્ઞાનથી ગ્લપિત જ=અજ્ઞાનથી આક્રાંત જ, વૈરાગ્ય છે. જે વળી, સદ્ભૂત વસ્તુતત્ત્વના ઉદ્ભાવનથી સમુદ્ભૂત=જગતમાં જે પદાર્થો જે સ્વરૂપે રહ્યા છે તે પદાર્થોના તે સ્વરૂપે થયેલા બોધથી ઉત્પન્ન થયેલો, અનિત્યાદિ શુભભાવનાથી નિરુપચિત બલવાળો= અનિત્યાદિ શુભભાવનાઓથી સંચિત બલવાળો, સર્વસંગના પરિત્યાગથી દ્વિગુણિત ઉત્સાહવાળો= સર્વસંગના ત્યાગરૂપ સર્વવિરતિના સ્વીકારથી અતિશયિત થયેલા ઉત્સાહવાળો, ત્રણ ભુવનની લક્ષ્મીના સમાગમમાં પણ ક્ષોભ નહીં પામેલો, જ્ઞાનગર્ભ એવો તે વૈરાગ્ય તમારામાં=ભગવાન વીતરાગમાં જ, એકાયનતાને=એકી ભાવને પામેલો છે. એકાયનતાનો અર્થ સ્પષ્ટ કરે છે. એક જ વીતરાગલક્ષણનો આશ્રય કરે છે, એથી એકાયન તેનો ભાવ એકાયનતા, તેને=એકાયનતાને, પામે છે, પરંતુ અન્યમાં=ભગવાન સિવાય અન્યમાં, નહીં. ।।૧૨/૭।।

ભાવાર્થ :-

વૈરાગ્ય ત્રણ પ્રકારનો છે – દુઃખગર્ભ, મોહગર્ભ અને જ્ઞાનગર્ભ. જે વૈરાગ્યમાં દુઃખ જ ગર્ભમાં છે અન્ય કંઈ નથી તે દુઃખગર્ભવૈરાગ્ય છે. જે વૈરાગ્યમાં તત્ત્વના વિષયમાં મોહ જ ગર્ભમાં છે અન્ય કંઈ નથી તે મોહગર્ભવૈરાગ્ય છે. અને જે વૈરાગ્યમાં જગતના પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન અને આત્માના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન ગર્ભમાં છે તે વૈરાગ્ય જ્ઞાનગર્ભવૈરાગ્ય છે. જે જીવોને સાંસારિક સુખો પ્રત્યેનું તીવ્ર આકર્ષણ છે પરંતુ ભૂતકાળના પાપના ઉદયથી અનેક પ્રકારના પ્રતિકૂળભાવોની પ્રાપ્તિ છે અને તે દુઃખોને કારણે ક્ષણભર વૈરાગ્ય થાય છે તે દુઃખગર્ભિત છે. વળી, કેટલાક જીવોને વિપુલ ભોગસામગ્રી હોય અને ભોગ પ્રત્યેનો અતિશય રાગ પણ હોય છતાં કોઈ અતિરાગી પાત્રનું મૃત્યુ થાય ત્યારે કોઈ ભોગસામગ્રીમાંથી આનંદની પ્રાપ્તિ થાય નહીં. તે પણ દુઃખગર્ભવૈરાગ્ય છે. તેથી પ્રતિકૂળ સંયોગોને કારણે જે પદાર્થ પ્રત્યે વૈરાગ્ય છે તે દુઃખગર્ભિતવૈરાગ્ય છે અને એકાંતવાદથી જેઓની મતિ વાસિત છે, અનુભવ અનુસાર સર્વજ્ઞએ કહેલા તત્ત્વનું જેઓને જ્ઞાન નથી તેવા અન્યદર્શનવાળા કે સ્થૂલથી જૈનદર્શનને સ્વીકારનારા પણ એકાંતવાસની મતિવાળા અને સ્વ-સ્વમતિ અનુસાર તત્ત્વની કલ્પના કરનારા જીવોને મોહગર્ભવૈરાગ્ય છે.- અને પરદર્શનને અભિમત એવા દેવતાઓ દુઃખગર્ભમાં કે મોહગર્ભવૈરાગ્યમાં જ રહેલા છે. પરંતુ જ્ઞાનગર્ભવૈરાગ્યને લેશ પણ પામ્યા નથી. વળી, ભગવાને તો જગતનું વાસ્તવિક સ્વરૂપ અત્યંત ભાવન કરીને જ્ઞાનગર્ભવૈરાગ્ય તે રીતે આત્મામાં અત્યંત સ્થિર કરેલ છે કે જેથી જીવના વીતરાગભાવના પરમાર્થને જાણીને વીતરાગભાવમાં જ નિષ્ઠાને પામે એવો ભગવાનનો વૈરાગ્ય છે. તેથી, અન્ય સર્વદેવતાઓ કરતાં ભગવાનનો વૈરાગ્ય વિલક્ષણ છે. એકાંતે હિતકારી છે માટે વૈરાગ્યવાળા સર્વદેવો છે તેમ કહીને બધા દેવોને સમાન કહી શકાય નહીં. આ પ્રકારે જ્ઞાનગર્ભવૈરાગ્યથી ભગવાનની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી પણ પોતાનામાં તે વૈરાગ્યને સ્થિર કરવા યત્ન કરે છે. **॥૧૨/૭॥**

શ્લોક :-

औदासीन्येऽपि सततं, विश्वविश्वोपकारिणे ।
नमो वैराग्यनिघ्नाय, तायिने परमात्मने ।।१२/८।।

શ્લોકાર્થ :-

ઔદાસીન્ય હોવા છતાં પણ સતત સમગ્ર વિશ્વના ઉપકારી, વૈરાગ્યની સાથે સમરસવાળા, રક્ષણ કરનારા એવા પરમાત્માને નમસ્કાર કરું છું. ।।૧૨/૮।।

ટીકા :-

एवंविधाय परमात्मने नमोऽस्तु, किंविशिष्टाय ? औदासीन्येत्यादि । यः किलोदासीनः स कथमुपकारी-त्युक्तमेव, भगवतस्तु वीतरागत्वसहचरिते औदासीन्ये=माध्यस्थ्ये सत्यपि, विश्वस्यापि विश्वस्य=कृत्स्नस्यापि जगतो, धर्मतीर्थप्रवर्त्तनेन उपकारिणे=विहितभावोपकाराय, तथा वैराग्यनिघ्नाय=ज्ञानगर्भेण वैराग्येण

सह समरसीभूताय, अत एव तायिने=भवभयार्त्तसत्त्वपालकाय, तुभ्यं भगवते, परमात्मने चिदानन्दस्वरूपाय, नमः=प्रणामोऽस्तु, किमन्यप्रणमनेनेति भावः ।।१२/८।।

इति श्रीवीतरागस्तोत्रे द्वादशस्य वैराग्यस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

एवंविधाय ..... प्रणमनेनेति भावः ।। આવા પ્રકારના=પૂર્વના શ્લોકોમાં વર્ણન કર્યું એવા પ્રકારના, જ્ઞાનગર્ભવૈરાગ્યવાળા પરમાત્માને નમસ્કાર થાઓ.

કેવા વિશિષ્ટ ભગવાન છે ? તેથી કહે છે –

ઔદાસીન્ય આદિ વિશેષણોથી વિશિષ્ટ છે. જે ખરેખર ઉદાસીન છે તે કેવી રીતે ઉપકારી એ કહેવાયું જ છે. અર્થાત્ જે ઉદાસીન હોય તે ઉપકારી છે એ પ્રમાણે પૂર્વમાં કહેલું જ છે. વળી, ભગવાન વીતરાગત્વ સહચરિત ઔદાસીન્યવાળા હોતે છતે=માધ્યસ્થ હોતે છતે પણ, સમગ્ર પણ વિશ્વના=સંપૂર્ણ પણ જગતના, ધર્મતીર્થના પ્રવર્તનથી ઉપકારી છે=કર્યો છે ભાવ ઉપકાર જેમણે એવા છે=જગતના જીવોને સન્માર્ગ આપવા દ્વારા સદ્ગતિઓમાં સ્થાપન કરીને ભાવ ઉપકાર કર્યો છે એવા છે અને વૈરાગ્યનિષ્ઠ એવા ભગવાનને નમસ્કાર થાઓ અર્થાત્ જ્ઞાનગર્ભવૈરાગ્યની સાથે સમરસીભૂત એવા ભગવાનને નમસ્કાર થાઓ. આથી જ તાયિ એવા=ભવભયથી આર્ત્ત જીવોના પાલક એવા, તમને=ભગવાનને, પરમાત્માને=ચિદાનંદ સ્વરૂપને, નમસ્કાર થાઓ=પ્રણામ થાઓ, અન્યને પ્રણામ કરવાથી શું ? અર્થાત્ ભગવાન સિવાય અન્ય કોઈને પ્રણામ કરવા જેવો નથી એ પ્રકારનો ભાવ છે. ।।૧૨/૮।।

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં બારમા વૈરાગ્યસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

ભગવાનના વૈરાગ્યગુણથી ભગવાનની સ્તુતિ સ્તવનકારશ્રીએ પ્રસ્તુત પ્રકાશમાં અત્યાર સુધી કરી. હવે નિગમન રૂપે કહે છે. એવા ભગવાનને નમસ્કાર થાઓ.

કેવા ભગવાન છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભગવાન વૈરાગ્યથી સભર હોવાને કારણે જગતના સર્વભાવો પ્રત્યે ઉદાસીન છે. અને જેઓ જગતના સર્વભાવ પ્રત્યે ઉદાસીન હોય તેઓ પોતાનાથી અતિરિક્ત અન્ય જીવો અર્થે પણ સામાન્યથી કોઈ પ્રવૃત્તિ કરે નહીં. પરંતુ ભગવાન ઔદાસીન્યવાળા હોવા છતાં પણ સતત સમગ્ર વિશ્વના ઉપકારી છે; કેમ કે તીર્થંકરો પૂર્વભવમાં કોઈક તીર્થંકરોના તીર્થને પામે છે ત્યારે તે તીર્થંકરના વચનને પામીને સંસારની વાસ્તવિકતાના બોધવાળા થાય છે અને તે તીર્થંકરના વચનના પરમાર્થને પામીને તેના સેવન દ્વારા જ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે તેથી, સંસારના સર્વભાવો પ્રત્યે પોતે ઔદાસીન્યવાળા હોય છે તોપણ સમગ્ર વિશ્વવર્તી જીવોના કલ્યાણ અર્થે તીર્થને પ્રવર્તાવે છે. જે તીર્થના બળથી ઘણા યોગ્ય જીવો સંસારની અનેક પ્રકારની

વિડંબનાથી મુક્ત બને છે. તેથી જગતના જીવોને સંસારના ઉપદ્રવોથી રક્ષણ કરનારા ભગવાન છે. માટે ભગવાન જગતના ભાવો પ્રત્યે ઔદાસીન્યવાળા હોવા છતાં સમગ્ર વિશ્વના ઉપકારી છે. વળી, ભગવાને જ્ઞાનગર્ભવૈરાગ્યને સેવીને તે વૈરાગ્યને પોતાની પ્રકૃતિ રૂપે પ્રાપ્ત કરેલ છે. આથી જ તેવા સ્વરૂપવાળા ભગવાનનું જે આલંબન લે છે તેઓના માટે ભગવાન તાયિ છે=સંસારસમુદ્રથી તારનારા છે; કેમ કે ભગવાનના જ્ઞાનગર્ભવૈરાગ્યના સ્વરૂપથી તેમની ઉપાસના કરવાને કારણે યોગ્ય જીવોમાં પણ તે જ્ઞાનગર્ભવૈરાગ્યના અંશો પ્રગટ થાય છે જે અંશો પ્રકર્ષને પામીને ભગવાન જેવા જ જ્ઞાનગર્ભવૈરાગ્યનું બીજ થશે. જેમ, પૂર્વના કોઈક તીર્થંકરના શાસનને પામીને ભગવાને તે તીર્થંકરોના વચનનું અવલંબન ગ્રહણ કર્યું તો પોતે પણ તેવા જ પ્રકૃષ્ટ વૈરાગ્યવાળા થયા, તેમ જેઓ તે સ્વરૂપે ભગવાનની સ્તુતિ કરે છે અને ભગવાનના તે સ્વરૂપ પ્રત્યે રાગવાળા થાય છે તેઓમાં કેટલાક કેટલાક અંશથી જ્ઞાનગર્ભવૈરાગ્ય ભગવાનને અવલંબીને પ્રગટ થાય છે, માટે ભગવાન તાયિ છે. ઘાતિકર્મોનો નાશ કરેલો હોવાથી પરમાત્મા છે એવા ભગવાનને નમસ્કાર થાઓ. અન્ય કોઈ નમસ્કાર કરવા જેવા નથી. આ પ્રકારે કહીને ભગવાનના વૈરાગ્યગુણના અવલંબનથી સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય કરે છે. **॥૧૨/૮॥**



અવતરણિકા :-

इह हि सदेवदानवमानवस्य कृत्स्नस्यापि जगतः प्रवृत्तिः प्रायः सहेतुकैव, सैव च फलवती, विपरीता त्वनिष्टफला विफला वा जगद्विलक्षणस्य भगवतः श्रीमदर्हतस्तु प्रवृत्तिः कियत्यपि निर्हेतुका, तथापि सर्वोत्तमफलवती एतदेव स्तुतिकृद्धेतुनिरासस्तवेन प्रस्तावयन्नाह –

અવતરણિકાર્થ :-

અહીં=સંસારમાં, દેવ, દાનવ, માનવ સહિત કૃત્સ્ન પણ જગતની પ્રવૃત્તિ પ્રાયઃ સહેતુક જ છે અને તે જ ફલવાળી છે. વળી, વિપરીત=વિપરીત પ્રવૃત્તિ=નિર્હેતુક પ્રવૃત્તિ, અનિષ્ટફલવાળી છે અથવા વિફલ છે. વળી, જગતથી વિલક્ષણ એવા ભગવાન શ્રીમદ્ અરિહંતની પ્રવૃત્તિ કેટલીક પણ નિર્હેતુક છે તોપણ સર્વોત્તમ ફલવાળી છે. એને જ=સર્વોત્તમ ફલવાળી ભગવાનની પ્રવૃત્તિને જ, સ્તુતિકારશ્રી હેતુના નિરાસવાળા સ્તવનથી=ભગવાનની પ્રવૃત્તિનો કોઈ હેતુ નથી તે બતાવનારા સ્તવનથી, પ્રસ્તાવન કરતાં કહે છે –

ભાવાર્થ :-

સંસારવર્તી જીવોમાં દેવો, દાનવો અને માનવો છે. અને તેઓ પ્રાયઃ કરીને સુખના હેતુથી જ પ્રવૃત્તિ કરે છે અને દુઃખથી આત્માનું રક્ષણ કરવા પ્રવૃત્તિ કરે છે. જેઓ સ્થૂલમતિવાળા છે તેઓ સ્થૂલ એવા શરીરના સુખ અર્થે અને ઇન્દ્રિયોના સુખ અર્થે પ્રવૃત્તિઓ કરે છે અને જેઓ સૂક્ષ્મપ્રજ્ઞાવાળા છે તેઓ આત્માની નિરાકુળ અવસ્થા રૂપ સુખ માટે પ્રવૃત્તિ કરે છે અને આત્માની કષાયકૃત આકુળતાના નિવર્તન અર્થે પ્રવૃત્તિ કરે છે. તે પ્રવૃત્તિથી તેઓ પોતાની પ્રવૃત્તિને અનુકૂળ ફલ મેળવે છે. અને જેઓ નિર્હેતુક પ્રવૃત્તિ કરે છે તેઓને તેનાથી અનિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે અથવા તેઓની પ્રવૃત્તિ વિફલ થાય છે. જેમ કોઈ જીવ કંટકની શાખાનું મર્દન કરે, જેનું કોઈ પ્રયોજન નથી તેવી પ્રવૃત્તિ કરવાથી તેઓને અનિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે અથવા જેનું કોઈ પ્રયોજન નથી તેવી ગમનાગમનની પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિ ફલ વગરની થાય છે. પરંતુ જગતવર્તી જીવો સહેતુક પ્રવૃત્તિ કરનારા હોય છે. જ્યારે ભગવાન સર્વ જગત કરતાં વિલક્ષણ છે. તેથી તેઓની પ્રવૃત્તિ કેટલીક નિર્હેતુક પણ હોય છે, તોપણ તે પ્રવૃત્તિ સર્વોત્તમ ફલવાળી છે. તેને સ્તુતિકારશ્રી પ્રસ્તુત પ્રકાશથી સ્પષ્ટ કરે છે.

શ્લોક :-

अनाहूतसहायस्त्वं, त्वमकारणवत्सलः ।
अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धवः ।।१३/१।।

શ્લોકાર્થ :-

તમે બોલાવ્યા વગર સહાય કરનારા છો, તમે અકારણવત્સલ છો, તમે અભ્યર્થના કર્યા વગરના સાધુ=સજ્જન છો, અસંબંધવાળા જીવોના તમે બંધુ છો. ।।૧૩/૧।।

ટીકા :-

અત્ર च પ્રકાશે પ્રથમશ્લોકે સર્વાણ્યપિ ભગવદ્વિશેષણાનિ પ્રથમૈકવચનાન્તાનિ, દ્વિતીયે દ્વિતીયૈકવચનાન્તાનિ, એવં યાવત્સપ્તમે સપ્તમ્યેકવચનાન્તાનિ । તત્ર પ્રથમં પ્રથમૈકવચનાન્તાન્યાહ–હે જગદીશ ! ત્વમેવાસ્મિન્ જગત્યેવંવિધો નાન્યઃ ? કિંવિધઃ ? ઇત્યાહ-અનાહૂતસહાયઃ કિલ યો યસ્ય યસ્મિન્નર્થે સહાયો ભવતિ, સ પ્રાયસ્તેન સાદરં સમાહૂત એવ સ્યાત્, ત્વં તુ મુક્તિપથપ્રસ્થિતાનાં ભવ્યાઙ્ગિનાં તદુપાયરત્નત્રયોપદર્શનાદનાહૂત એવ સહાયઃ, તદિયં નિર્હેતુકાપિ ભગવત્પ્રવૃત્તિઃ સર્વોત્તમફલૈવ, એવમન્યત્રાપિ યોજ્યમ્, તથા ત્વમસ્ય જગતઃ કારણં વિનૈવ વત્સલઃ, કારણે હિ વત્સલત્વં સ્વાપત્યાદૌ વ્યાઘ્રાદીનામપિ ભવત્યેવ, ભગવાંસ્તુ પરમકારુણિકત્વેના-કારણેઽપિ વત્સલઃ તથા યો હિ યસ્ય વ્યવસાયાદ્યર્થં મૂલનીવીં પ્રયચ્છતિ, સ તસ્ય સાધુઃ, સ च પ્રાયઃ સવિનયમભ્યર્થિત એવ તસ્ય તાં દદાતિ, ત્વં તુ ભવ્યાઙ્ગિનાં પરમપદૈશ્વર્યનિબન્ધનાં જ્ઞાનાદિમૂલનીવીમનભ્યર્થિત એવ દદાનોઽનભ્યર્થિતસાધુઃ તથા બાન્ધવો હિ પ્રાયઃ પિતૃપિતૃવ્યાદિસંબન્ધેન ભવતિ, ત્વં તુ સંબન્ધમન્તરેણૈવ ભુવનજનસ્ય બન્ધુકૃત્યકરણાત્ નિર્બન્ધનબાન્ધવ ઇતિ ।।૧૩/૧।।

ટીકાર્થ :-

અત્ર च પ્રકાશે ..... બાન્ધવ ઇતિ ।। અને આ પ્રકાશમાં=પ્રસ્તુત-૧૩મા પ્રકાશમાં, પ્રથમ શ્લોકમાં સર્વ પણ ભગવાનનાં વિશેષણો પ્રથમ એકવચનના અંતવાળાં છે. બીજા શ્લોકમાં દ્વિતીયા એકવચનના અંતવાળાં છે. એ રીતે યાવદ્ સાતમા શ્લોકમાં સપ્તમી એકવચનના અંતવાળાં છે. ત્યાં પ્રથમ પ્રથમા એકવચન અંતવાળાં વિશેષણોને કહે છે – હે જગદીશ ! તમે જ આ જગતમાં આવા પ્રકારના છો. અન્ય નથી.

કેવા પ્રકારના છો ? તેથી કહે છે –

અનાહૂત સહાય તમે છો. ખરેખર જે જીવ જેને જે અર્થમાં સહાય થાય છે તે પ્રાયઃ તેના દ્વારા= આપત્તિમાં પડેલા જીવ દ્વારા, આદર સહિત બોલાવાયેલો જ હોય છે. વળી, તમે મુક્તિપથમાં પ્રસ્થિત એવા ભવ્યજીવોના તેના ઉપાયરૂપ રત્નત્રયના ઉપદર્શનથી, નહીં બોલાયેલા જ સહાયવાળા છો. તે આ નિર્હેતુક પણ ભગવાનની પ્રવૃત્તિ સર્વોત્તમ ફલવાળી છે. એ રીતે='અનાહૂત સહાયસ્ત્વં' યોજન કર્યું એ રીતે, અન્યત્ર પણ=અકારણ વત્સલ આદિમાં પણ, યોજન કરવું. અને તમે આ જગતના કારણ વગર જ વત્સલ છો. હિ=જે કારણથી, કારણમાં વત્સલપણું પોતાના પુત્ર આદિમાં વાઘાદિનું પણ થાય જ છે પરંતુ ભગવાન પરમકારુણિક હોવાને કારણે અકારણમાં પણ=પોતાના પુત્ર આદિ રૂપ સંબંધ વગરના જીવોમાં પણ વત્સલ છે અને જે જ જેને વ્યવસાયાદિ માટે મૂલનીવીને આપે છે

તે તેનો સાધુ છે=તે જીવને માટે તે સજ્જન છે=અર્થાત્ જે પુરુષ જેને અર્થઉપાર્જન આદિ માટે મૂલ કારણ બતાવે છે તે તેના માટે સુંદર છે અને તે પ્રાયઃ સવિનય અભ્યર્થિત જ તેને=તે જીવને, તેને= મૂલનીવીને, આપે છે. વળી તમે ભવ્યાંગી જીવોને પરમ પદ રૂપ ઐશ્વર્યના કારણ એવી જ્ઞાનાદિ મૂલનીવીને અનભ્યર્થિત જ આપતા અનભ્યર્થિત જ સાધુ છો અને હિ=જે કારણથી, બાંધવ પ્રાયઃ પિતા, કાકાદિના સંબંધથી થાય છે. વળી, તમે સંબંધ વગર જ જગતના લોકોના બંધુકૃત્યના કરણથી=બંધુ જે પ્રકારે બાંધવનું હિત કરે તે પ્રકારે જગતના જીવોના હિતના કરણથી, નિર્બંધ બાંધવ છો=સંબંધ વગરના બાંધવ છો. ॥૧૩/૧॥

ભાવાર્થ :-

સામાન્યથી આપત્તિમાં પડેલ જીવ કોઈને સહાય માટે બોલાવે તો તેની આપત્તિમાંથી દૂર કરવા અર્થે બોલાવાયેલ પુરુષ બોલાવનારને સહાય કરે છે. જ્યારે જગતવર્તીજીવો કર્મને પરતંત્ર હોવાથી અનેક પ્રકારની આપત્તિઓની ગર્તામાં પડેલા છે. વળી, અજ્ઞાનતા અત્યંત વર્તે છે. જેથી, આ આપત્તિમાંથી કાઢનાર કોઈકને પ્રાર્થના કરું કે જેથી હું આપત્તિમાંથી દૂર થાઉં તેને પણ જાણતા નથી. માત્ર મૂઢની જેમ, આપત્તિઓની વૃદ્ધિ થાય તે પ્રકારે યત્ન કરીને સંસારની ચારગતિઓની કદર્થનાને પામે છે. તેવા જીવોને દુઃખી જોઈને સંસારરૂપી ગર્તામાંથી બહાર કાઢવા માટે ભગવાન સહાયભૂત બને છે. તેથી જગતના જીવોએ ભગવાનને પોતાની સહાય માટે બોલાવ્યા નથી છતાં તેઓના બોલાવ્યા વગર ભગવાન તેમને સહાય થનારા છે. તેથી, જેઓ ભગવાનની સહાયકતાનું અવલંબન લે છે તેઓ સંસારની કદર્થનાથી સુખપૂર્વક મુકાય છે. અને સંસારમાં જ્યાં સુધી છે ત્યાં સુધી પણ સર્વ પ્રકારના ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. તેવી સુખસમૃદ્ધિને પ્રાપ્ત કરવામાં ભગવાન જગતના જીવો માટે સહાયભૂત છે.

વળી, ભગવાન અકારણ વત્સલ છે. સામાન્યથી પશુ વગેરે પણ પોતાના પુત્રાદિમાં વાત્સલ્યવાળા હોય છે. પરંતુ ભગવાન તો જગતના સર્વજીવો પ્રત્યે અત્યંત વાત્સલ્યવાળા છે. આથી જ પરમકારુણિક એવા ભગવાને જગતના જીવોનું એકાંત કેમ હિત થાય તેના અર્થે સન્માર્ગનું સ્થાપન કરીને દુર્ગતિમાં પડતા જીવોનો ઉદ્ધાર કર્યો.

વળી, મોટા માણસોને કોઈ અભ્યર્થના કરે તો તેને ધનપ્રાપ્તિ વગેરેના મૂળ ઉપાયો આપે છે. તેથી અભ્યર્થિત જીવો માટે તે પુરુષ સુંદર છે તેમ કહેવાય છે. પરંતુ ભગવાન પાસે જગતના જીવોએ કોઈ પ્રકારની અભ્યર્થના કરી નથી તોપણ જે યોગ્ય જીવો છે તેઓ સંસારમાં સુખની પરંપરા દ્વારા મોક્ષસુખને પામી શકે તેવા ઐશ્વર્યની પ્રાપ્તિના કારણીભૂત રત્નત્રયીને ભગવાન આપે છે તેથી ભગવાન સર્વજીવો માટે સુંદર છે. આ રીતે ભગવાનના લોકોત્તમ ગુણોનું સ્મરણ કરવાથી ભગવાને આપેલા માર્ગ પ્રત્યે બહુમાન ભાવવૃદ્ધિ થાય છે જેથી સુખપૂર્વક તેમણે આપેલો માર્ગ પરિણમન પામે છે. જેથી સર્વ પ્રકારની સદ્ગતિઓની પરંપરાની પ્રાપ્તિ તે જીવો કરે છે.

વળી, સંસારમાં પિતાના કે કાકાના સંબંધથી કે મિત્રતા આદિના સંબંધથી કોઈક કોઈકનો બંધુ બને છે

અને સારો બંધુભાવ જેઓમાં છે તેઓ પોતાના બંધુનું અવશ્ય હિત કરે છે, પરંતુ ભગવાનનો તે પ્રકારનો જગતના જીવો સાથે કોઈ સંબંધ નથી છતાં જગતના જીવોના બંધુનાં કૃત્ય ભગવાને કર્યાં છે. તેથી જ જગતના જીવો સંસારની આ કદર્થનામાંથી કઈ રીતે મુક્ત થાય તેની ઉચિત દિશા જ જગતના જીવોને આપી છે. તેથી ભગવાન જગતના જીવો માટે સંબંધ વગરના હોવા છતાં પણ પરમબંધુ છે.

આ પ્રકારે ભગવાનનું સ્મરણ કરવાથી ભગવાને બતાવેલા હિતકારી માર્ગ પ્રત્યે અત્યંત બહુમાન થાય છે. અને પરમબંધુ એવા ભગવાને બતાવેલો માર્ગ જેમ જેમ પરિણમન પામે છે તેમ તેમ જીવને અનેક પ્રકારની ગુણસમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે અને અંતે પરમ ઐશ્વર્ય રૂપ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. **॥૧૩/૧॥**

અવતરણિકા :-

द्वितीयैकवचनान्तानि विशेषणान्याह –

અવતરણિકાર્થ :-

દ્વિતીયા એકવચનવાળાં વિશેષણોને કહે છે –

શ્લોક :-

अनक्तस्निग्धमनसममृजोज्ज्वलवाक्पथम् ।
अधौतामलशीलं त्वां, शरण्यं शरणं श्रये ।।१३/२।।

શ્લોકાર્થ :-

અનક્ત સ્નિગ્ધમનવાળા=મમત્વના સ્નેહથી નહીં સ્પર્શાયેલા હોવા છતાં સ્નિગ્ધમનવાળા, અમૃજઉજ્જ્વલ વાક્પથવાળા=માર્જન કર્યા વગર સહજ ઉજ્જ્વલ વચનપથવાળા, અધૌત અમલ શીલવાળા=માર્જન કર્યા વગર મલ વગરના શીલવાળા, શરણ્ય એવા તમારું હું શરણ સ્વીકારું છું. ॥૧૩/૨॥

ટીકા :-

हे विश्वजनीन ! त्वामहं शरणं श्रये, किंविशिष्टं त्वाम् ? अनक्तस्निग्धमनसं किल स्नेहाद्यभ्यञ्जनेन प्रायः स्निग्धत्वं भवति, त्वां तु ममत्वरूपस्नेहेन अनक्तमपि स्निग्धमनसं=अरूक्षहृदयम्, श्रये इति सर्वत्र योज्यम् तथा मार्जितमेव वस्तु प्रायेण उज्ज्वलं भवति, त्वां तु मृजां विनैव उज्ज्वलवाक्पथमवदातवाक्सञ्चारम्, तथा धौतं प्रक्षालितमेव वस्त्रादि प्रायेणामलं भवति, त्वां तु अधौतामलशीलमप्रक्षालितनिर्मलस्वभावं श्रये । अयमाशयः-भगवतो मानसं वचनं शीलं च यथाक्रममनक्तममार्जितमधौतमेव निसर्गतः स्निग्धमुज्ज्वलममलं चेति एवंविधं त्वामहमान्तरारातित्रस्तः शरणं श्रये, यतः शरण्यं शरणे साधुमिति ।।१३/२।।

ટીકાર્થ :-

હે વિશ્વજનીન ! ..... સાધુમિતિ ।। હે વિશ્વજનીન ! તમારું હું શરણ સ્વીકારું છું.

કેવા પ્રકારના વિશિષ્ટ તમે છો ? એથી કહે છે –

અનક્ત સ્નિગ્ધમનવાળા છો=મમત્વ વગરના સ્નિગ્ધમનવાળા છો. ખરેખર સ્નેહ આદિના અભ્યંજનથી પ્રાયઃ સ્નિગ્ધપણું થાય છે=ચિત્તમાં કોઈના પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય ત્યારે ચિત્તમાં સ્નિગ્ધપણું થાય છે. વળી, મમત્વ સ્વરૂપ સ્નેહથી અનક્ત પણ તમે સ્નિગ્ધમનવાળા છો=કોઈ જીવો પ્રત્યે મમત્વરૂપી સ્નેહથી સંચિત મનવાળા તમે નથી છતાં સ્નિગ્ધમનવાળા છો=અરુક્ષહૃદયવાળા છો, એવા તમને હું શરણ રૂપે આશ્રય કરું છું. "શ્રયે" શબ્દ સર્વત્ર=સર્વ વિશેષણોમાં યોજન કરવું. અને માર્જન કરાયેલી વસ્તુ પ્રાયઃ ઉજ્જ્વલ થાય છે પરંતુ માર્જન વગર જ તમે ઉજ્જ્વલ વાક્પથવાળા છો=સુંદર વાક્-સંચારવાળા છો, અને ધોવાયેલાં=પ્રક્ષાલિત જ વસ્ત્રાદિ પ્રાયઃ મલ વગરનાં થાય છે. વળી તમે નહીં ધોવાયેલા અમલ શીલવાળા છો=અપ્રક્ષાલિત નિર્મળ સ્વભાવવાળા છો, એવા તમારો હું આશ્રય કરું છું. આ આશય છે. ભગવાનનું મન, વચન અને શીલ યથાક્રમ અનક્ત, અમાર્જિત અને અધૌત જ નિસર્ગથી સ્નિગ્ધ, ઉજ્જ્વલ અને અમલ છે, એથી આવા પ્રકારના તમારું આંતરશત્રુઓથી ત્રસ્ત એવો હું શરણું સ્વીકારું છું. જે કારણથી શરણ કરવા યોગ્યના શરણમાં સુંદર છે. ।।૧૩/૨।।

ભાવાર્થ :-

સામાન્યથી સંસારી જીવોના મન-વચન-કાયાના યોગો નિરર્થક વિચારો, નિરર્થક વચનપ્રયોગો અને નિરર્થક કાયિક ચેષ્ટાઓ કરીને સ્વ-પરના અનર્થને કરનારા વર્તે છે. તેથી સંસારી જીવોનું મન સ્વાર્થ માત્રથી વ્યાપ્ત હોય છે. પોતાના સ્વાર્થ ખાતર અન્યને પીડા કરે તેવું મન હોય છે. પરંતુ યોગીઓ પ્રયત્ન કરીને મનને મૈત્રી આદિ ભાવોથી ભાવિત કરીને જગતના જીવો પ્રત્યે સ્નિગ્ધ કરે છે. તેથી જગતના જીવો પ્રત્યે "આ સર્વ જીવો મારા જ તુલ્ય છે" ઇત્યાદિ ભાવો દ્વારા ચિત્તને વાસિત કરીને અન્ય જીવો પ્રત્યે પોતાના મનને સ્નિગ્ધમનવાળું કરે છે અર્થાત્ પૂર્વમાં જે અન્ય જીવો પ્રત્યે રુક્ષમન હતું તેનો ત્યાગ કરવા યત્ન કરે છે. પરંતુ સ્વભાવથી જ સ્નિગ્ધમનવાળા થવું યોગીઓને પણ દુષ્કર હોય છે, જ્યારે ભગવાન તો વીતરાગ થયા છે તેથી જીવો પ્રત્યે "આ બધા મારા તુલ્ય છે" ઇત્યાદિ ભાવન કરીને મમત્વ રૂપ સ્નેહથી મનને વાસિત કરતા નથી છતાં જગતના જીવ માત્રનું કેમ હિત થાય તેને અનુરૂપ ઉચિત પરિણતિવાળું તેમનું મન છે. પરંતુ કોઈ જીવો પ્રત્યે ઉપેક્ષાનો કે અકલ્યાણ કરવાનો લેશ પણ પરિણામ નથી તેથી ભગવાન અરુક્ષ હૃદયવાળા છે. આવા ઉત્તમ હૃદયવાળા ભગવાન શરણ કરવા યોગ્ય છે. તેથી હું તેમનું શરણું સ્વીકારું છું અર્થાત્ તેમના સ્વરૂપથી મારા ચિત્તને ભાવિત કરીને તેમના જેવું ઉત્તમચિત્ત પ્રગટ કરવા અર્થે યત્ન કરું છું. વળી, સામાન્ય રીતે જીવો નિરર્થક વચનપ્રયોગ કરીને તુચ્છ આનંદ લેવાના સ્વભાવવાળા હોય છે. જેથી, યથાતથા વચનપ્રયોગ કરીને પોતાના આત્માને કલુષિત કરે છે. અન્યને પીડા કરે છે. અને ક્લિષ્ટ કર્મો બાંધીને સ્વનું જ અનર્થ કરે છે. કંઈક વિવેક પ્રગટ થયો છે તેવા યોગીઓ તત્ત્વનું ભાવન કરીને

પોતાના વાક્પથને સતત માર્જન કરે છે જેથી, નિરર્થક બોલવાનો પરિણામ ક્ષીણ, ક્ષીણતર થાય છે. તેવા મહાત્માનો જે ઉજ્જ્વલ વાક્પથ છે તે પણ તત્ત્વના ભાવનના બળથી ઉજ્જ્વલ થાય છે. આથી જ તેવા મહાત્માઓ પણ જ્યારે પ્રમાદવશ હોય છે ત્યારે પૂર્વના અભ્યાસના સંસ્કારોને કારણે નિરર્થક વચનપ્રયોગ સ્વરૂપ મલિન વાક્પથ પણ પ્રગટ થાય છે. પરંતુ ભગવાન વીતરાગ થયેલા હોવાથી યોગ્ય જીવોના ઉપકારના પ્રયોજન સિવાય કોઈ પ્રકારના નિરર્થક વાગ્પ્રયોગ કરતા નથી અને નિરર્થક વાગ્પ્રયોગને અવરોધ કરવા માટે પણ યોગીઓની જેમ કોઈ યત્ન કરતા નથી તેથી માર્જન કર્યા વગર સહજ ઉજ્જ્વલ વાક્પથવાળા ભગવાન છે. તેથી શરણ કરવા યોગ્ય છે અને તેવા ભગવાનનું હું શરણું સ્વીકારું છું અર્થાત્ ભગવાનના તેવા સ્વરૂપથી આત્માને વાસિત કરીને તેમના જેવા થવાને અનુકૂળ બળ સંચય કરવા સ્વરૂપ હું તેમનું શરણું સ્વીકારું છું. વળી, પ્રાયઃ કરીને શરીરને પણ ધોવાથી જ શરીર નિર્મળ થાય છે તેમ કાયાની સર્વ ઉચિત પ્રવૃત્તિથી યોગીઓ આત્માને પુનઃ પુનઃ ભાવન કરીને સંયમરૂપ શીલમાં પ્રવર્તે છે. અને સંસારી જીવોની કાયની પ્રવૃત્તિ તો સતત અશીલવાળી હોવાથી આત્માને મલિન કરનારી હોય છે પરંતુ યોગીઓ પણ ભગવાનના વચનથી ભાવિત ન થાય તો નિરર્થક કાય ચેષ્ટાવાળા થાય છે ત્યારે તેઓનું શીલ મલિન થાય છે. છતાં યોગીઓ સતત જિનવચનરૂપી નિર્મલજલથી પોતાના કાયિક યોગોને પ્રક્ષાલિત કરે છે, આથી જ વારંવાર અતિચારોનું આલોચન કરીને પોતાના કાયયોગને નિર્મળ કરે છે. પરંતુ ભગવાન તો વીતરાગ હોવાથી પોતાના કાયિક યોગને નિર્મળ કરવા અર્થે કોઈક પ્રકારની ભાવનાઓથી ભાવિત કરવા યત્ન કરતા નથી છતાં સ્વાભાવિક મલ વગરના શીલવાળો તેમનો કાયયોગ છે. માટે એવા ભગવાન શરણ સ્વીકારવા યોગ્ય છે. તેથી અંતરંગ શત્રુથી પીડિત એવો હું તેમનું શરણ સ્વીકારું છું. અર્થાત્ ભગવાનના સ્વરૂપનું અવલંબન લઈને હું તે રીતે યત્ન કરું છું જેથી અંતરંગ શત્રુઓ મને ઉપદ્રવ કરવા સમર્થ બને નહીં. **॥૧૩/૨॥**

અવતરણિકા :-

तृतीयैकवचनान्तानि विशेषणान्याचष्टे –

અવતરણિકાર્થ :-

તૃતીયા એકવચનાંત વિશેષણો કહે છે –

શ્લોક :-

अचण्डवीरव्रतिना, शमिना समवर्त्तिना ।
त्वया काममकुट्यन्त, कुटिलाः कर्मकण्टकाः ।।१३/३।।

શ્લોકાર્થ :-

અચંડવીરવૃત્તિવાળા, ઉપશમભાવવાળા, સમભાવવાળા એવા તમારા વડે કુટિલ એવા કર્મરૂપી કંટકો અત્યંત દૂર કરાયા. ॥૧૩/૩॥

ટીકા :-

હે જગદેકવીર ! ત્વયા કર્મકણ્ટકા અકુટ્યન્ત, કિંવિશિષ્ટેન ? અચણ્ડવીરવ્રતિના, વીરવ્રતં=સુભટવૃત્તિઃ, સા વિદ્યતે યસ્ય સ તથા, યશ્ચ વીરવ્રતી સ કથમચણ્ડો ભવતિ, ત્વયા ત્વકોપનેનાપિ નિર્વ્યાજવીરવ્રતિના । પુનઃ કિંવિશિષ્ટેન ? શમિના પ્રશમામૃતસિક્તવિવિક્તચેતસા તથા સમવર્ત્તિના સમતૃણમણિલેષ્ટુકાઞ્ચનેન । યશ્ચાચણ્ડઃ શમી સમદૃષ્ટિ સ કથં કમપિ કુટ્ટયતિ, ત્વયા ત્વેવંવિધેનાપિ કર્માણિ જ્ઞાનાવરણાદીનિ તાન્યેવારુન્તુદત્વેન કણ્ટકા ઇવ કણ્ટકાસ્તે કામમત્યર્થમકુટ્યન્ત સ્વાત્મપ્રદેશેભ્યઃ પૃથગક્રિયન્ત, યતઃ કુટિલાઃ કુટિલવાસનોત્પાદકાઃ, કણ્ટકાશ્ચ ઋજવોઽપિ તાવદુર્મોચ્યાઃ કિંપુનઃ કુટિલાઃ ?, અતઃ સ્થાને જગદ્વીરેણ સ્વામિના અકુટ્યન્તેતિ ।।૧૩/૩।।

ટીકાર્થ :-

હે જગદેકવીર ! ..... અકુટ્યન્તેતિ ।। હે જગતએકવીર !=જગતમાં અન્ય સર્વ વીરો છે તે તેવા નથી જેવા કર્મના નાશ માટે મહાપરાક્રમ કરનારા ભગવાન છે, તેથી જગતમાં એકવીર એવા હે ભગવાન ! તમારા વડે, કર્મરૂપી કાંટાઓ આત્મામાંથી ઉખેડી નખાયા.

કેવા વિશિષ્ટ એવા તમારા વડે કર્મરૂપી કાંટાઓ દૂર કરાયા ? એથી કહે છે –

અચંડવીરવૃત્તિવાળા તમારા વડે કર્મકંટકો દૂર કરાયા એમ અન્વય છે. અચંડવીરવૃત્તિનો અર્થ સ્પષ્ટ કરે છે. વીરવ્રત=સુભટવૃત્તિ તે વિદ્યમાન છે જેને તે તેવા છે=સુભટવૃત્તિવાળા છે. અને જે વીરવૃત્તિ છે તે કેવી રીતે અચંડ હોય અર્થાત્ અચંડ હોય નહીં. વળી, તમારા વડે અકોપથી પણ, નિર્વ્યાજ=સહજ કોપ વગરની પ્રવૃત્તિથી વીરવૃત્તિવાળા એવા તમારા વડે કર્મકંટકો દૂર કરાયા=અકૃત્રિમ એવા જીવના સ્વભાવ રૂપ વીરવૃત્તિવાળા તમારા વડે કર્મકંટકો દૂર કરાયા.

વળી કેવા વિશિષ્ટ એવા તમારા વડે કર્મો દૂર કરાયાં ? એથી કહે છે –

શમી એવા તમારા વડે કર્મકંટકો દૂર કરાયા=પ્રશમ અમૃતથી સિક્ત હોવાને કારણે વિવિક્ત ચિત્તવાળા=પ્રશમ ભાવરૂપી જે અમૃત તેનાથી સિંચાયેલા હોવાને કારણે સંસારના ભાવોથી પૃથકભૂત થયેલા ચિત્તવાળા એવા તમારા વડે કર્મકંટકો દૂર કરાયા એમ અન્વય છે અને સમવર્તિ એવા તમારા વડે કર્મકંટકો દૂર કરાયા. સમાન છે તૃણ, મણિ, ઢેફાં, કાંચન જેઓને એવા તમારા વડે કર્મકંટકો દૂર કરાયા. જે અચંડ શમી અને સમદૃષ્ટિ છે તે કેવી રીતે કોઈને પણ કૂટે ? અર્થાત્ કોઈને કૂટે નહીં. આવા પ્રકારના પણ તમારા વડે=અચંડ આદિ ભાવવાળા પણ તમારા વડે, જ્ઞાનાવરણીયાદિ તે કર્મો જ આરુંતુદત્વ હોવાને કારણે=તે કર્મો જ જીવમાં કાંટાઓની જેમ ખૂંચવાપણું હોવાને કારણે, કંટક જેવા કંટકો છે તેઓને=જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપી કંટકોને, અત્યંત દૂર કરાયા=સ્વઆત્મપ્રદેશોથી પૃથગ્ કરાયા. જે કારણથી કુટિલ છે=કુટિલવાસનાના ઉત્પાદક છે. અને કંટકો ઋજુ હોવા છતાં પણ દુર્મોચ્ય છે. વળી કુટિલ એવાં કર્મોનું શું કહેવું ? અર્થાત્ અત્યંત દુર્મોચ્ય છે. આથી સ્થાનમાં=અત્યંત

દુર્ભોચ્ય એવા કર્મરૂપી સ્થાનમાં, જગતવીર એવા સ્વામી દ્વારા દૂર કરાયા=તેઓને દૂર કરવા માટે યત્ન કરાયો. ॥૧૩/૩॥

ભાવાર્થ :-

ભગવાન અચંડ એવી વીરવૃત્તિવાળા હતા=ક્રોધ કરે તેવી ચંડ વીરવૃત્તિવાળા ન હતા પરંતુ ક્રોધ વગર સ્વાભાવિક કર્મોની પ્રેરણાને ઝીલ્યા વગર સ્વપ્રકૃતિને પ્રગટ કરવાને અનુકૂળ વીરવૃત્તિવાળા હતા. તેથી જ જન્મ્યા ત્યારે ત્રણ જ્ઞાનથી યુક્ત ભગવાન હોવા છતાં તેમનાં ઘાતિકર્મો પણ વિપાકમાં વર્તતાં હતાં અને ઉદયમાન ઘાતિકર્મો સદા જીવને નવા કર્મબંધને અનુકૂળ ભાવોની જ પ્રેરણા કરે છે પરંતુ ભગવાન સંયમ ગ્રહણ કરીને તે કર્મોની પ્રેરણાથી થતા ભાવોને નિષ્ફળ કરવામાં જ મહાપરાક્રમવાળા થયા. તેથી પ્રશમ અમૃતથી સિંચિત મનોવૃત્તિવાળા હતા તેના કારણે સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવો પ્રત્યે અપ્રતિબદ્ધ ચિત્તવાળા હતા. વળી, જગતમાં તૃણાદિ ભાવો પ્રત્યે સમાન પરિણતિવાળા હતા. તેના કારણે ભગવાને કુટિલ એવા કર્મરૂપી કાંટાઓને અત્યંત દૂર કર્યા=અનાદિ કાળથી આત્મામાં અત્યંત સ્થિર થયેલા જેને દૂર કરવા ધીરપુરુષો વડે પણ અત્યંત દુષ્કર છે તેવા કર્મરૂપી કાંટાઓને ભગવાને સમભાવના પરિણામમાં સુદૃઢ વ્યાપાર કરીને સર્વથા આત્મપ્રદેશોથી પૃથક્ કર્યા. તેવા મહાસાત્ત્વિક ભગવાનના ગુણોનું સ્મરણ કરીને સ્તુતિકારશ્રી ભગવાન જેવી અચંડ વીરવૃત્તિને પોતાનામાં પ્રગટ કરવા અભિલાષ કરે છે. **॥૧૩/૩॥**

અવતરણિકા :-

चतुर्थ्येकवचनान्तानि विशेषणानि ब्रूते –

અવતરણિકાર્થ :-

ચતુર્થી એકવચનાંતવાળાં વિશેષણોને કહે છે –

શ્લોક :-

अभवाय महेशायागदाय नरकच्छिदे ।
अराजसाय ब्रह्मणे, कस्मैचिद् भवते नमः ।।१३/४।।

શ્લોકાર્થ :-

અભવ=જેમને ભવ નથી એવા, મહેશ=અંતરંગ અને બહિરંગ સમૃદ્ધિવાળા, અગદ=જન્મથી માંડીને રોગ વગરના, નરકના છેદને કરનારા=યોગ્ય જીવોને ઉપદેશદાન દ્વારા તેઓના નરકના છેદને કરનારા, અરાજસ પ્રકૃતિવાળા=રાગ રહિત પ્રકૃતિવાળા, બ્રહ્મ=પરમ-બ્રહ્મમાં લયને પામેલા એવા કોઈક કોઈક એવા તમને નમસ્કાર થાઓ. ॥૧૩/૪॥

ટીકા :-

एवंविधाय तुभ्यं नमोऽस्तु, किंविशिष्टाय ? अभवाय महेशाय, अमूनि च षडपि पदानि परस्परविरुद्धानीव ।

यः किल महेशस्त्र्यम्बकः स कथमभवः ? तस्य भवशब्दाभिधेयत्वात्, भगवांस्तु भवावतारकारणभूतानां कर्मणामात्यन्तिकक्षयेणाभवः, तथा परमार्हन्त्यपरमैश्वर्यसमुपेतत्वेन च महेशस्तस्मै, तथा अगदाय नरकच्छिदे, यः किल नरकच्छिन्नारायणः स कथमगदः ? गदाधरत्वात्तस्य, भगवांस्तु सहजातिशयमहिम्नैव जन्मनः प्रभृति अगदो=नीरुग्देहः, तथा धर्मतीर्थप्रवर्त्तनेन भव्याङ्गिनां नरकच्छेदी च, तस्मै, तथा अराजसाय ब्रह्मणे, यः किल ब्रह्मा विधिः स कथमराजसः ?, किल रजोगुणजुष्ट एव परमेष्ठी सृष्टिं घटयति, स्वामी तु कर्मरजोऽपगमादराजसः, परमे च ब्रह्मणि लयमुपगतत्वाद् ब्रह्मा, तस्मै, एवंविधाय हरिहरब्रह्मभ्यो व्यतिरिक्ताय, अत एव कस्मैचित् छद्मस्थानामगोचराय परमात्मने भगवते नमोऽस्त्विति ।।१३/४।।

ટીકાર્થ :-

एवंविधाय ..... नमोऽस्त्विति ।। આવા પ્રકારના તમને નમસ્કાર થાઓ=આગળમાં બતાવે છે એવા સ્વરૂપવાળા ભગવાનને નમસ્કાર થાઓ.

કેવા વિશિષ્ટ તમે છો ? તેથી કહે છે –

અભવ, મહેશ અને આ છએ પણ પદો પરસ્પર વિરુદ્ધ જેવાં છે.

કઈ રીતે પરસ્પર વિરુદ્ધ જેવાં છે ? એથી કહે છે –

જે ખરેખર મહેશ ત્રયમ્બક છે તે કેવી રીતે અભવ હોય ? અર્થાત્ હોઈ શકે નહીં; કેમ કે તેનું= મહેશનું, ભવ શબ્દ અભિધેયપણું છે. વળી, ભગવાન ભવના અવતારના કારણભૂત કર્મોના આત્યંતિક ક્ષયના કારણે અભવ છે=ફરી જન્મમરણ નથી અને પરમઆર્હંત્ય અને પરમ ઐશ્વર્યથી સમુપેતપણું હોવાને કારણે=પ્રકૃષ્ટ અંતરંગ સંપત્તિરૂપ પરમાર્હંત્ય અને અષ્ટપ્રાતિહાર્યરૂપ ઐશ્વર્યથી યુક્તપણું હોવાને કારણે, મહેશ છે તેવા ભગવાનને નમસ્કાર થાઓ. અને અગદ અને નરકના છેદને કરનારા=ગદા વગરના અને નરકને છેદનારા.

કેવી રીતે અગદ અને નરકનો છેદ એનો પરસ્પર વિરોધ છે ? તે બતાવે છે –

જે ખરેખર નરકના છેદનાર નારાયણ છે, તે કેવી રીતે અગદ હોય=ગદા વગરના હોય; કેમ કે તેનું ગદાધારીપણું છે=નારાયણનું ગદાધારીપણું છે. વળી, ભગવાન સહજ અતિશય મહિમાથી જ જન્મથી માંડીને અગદ છે=રોગ વગરના દેહવાળા છે. અને ધર્મતીર્થના પ્રવર્તન દ્વારા ભવ્યાંગિઓના નરકના છેદી છે=ભગવાને પ્રવર્તાવેલા ધર્મતીર્થનું અવલંબન લઈને જે ભવ્યજીવો સતત ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તે જીવોના નરકને છેદનારા ભગવાન છે. તેવા ભગવાનને નમસ્કાર થાઓ, અને અરાજસ અને બ્રહ્મ એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

અરાજસ અને બ્રહ્મ એ બે પદોનો પરસ્પર કઈ રીતે વિરોધ છે ? તે બતાવે છે –

જે ખરેખર બ્રહ્મા છે=વિધિ છે=વિધાતા છે, તે કેવી રીતે અરાજસ થાય ? અર્થાત્ થઈ શકે નહીં.

કેમ થઈ શકે નહીં ? તે સ્પષ્ટ કરે છે –

ખરેખર રજોગુણ જુષ્ટ=યુક્ત, જ પરમેષ્ઠી સૃષ્ટિને ઘડે છે. વળી, કર્મરૂપી રજનો અપગમ હોવાથી સ્વામી અરાજસ છે. વળી, પરમબ્રહ્મમાં લયનું ઉપગતપણું હોવાથી બ્રહ્મા છે, તેમને નમસ્કાર થાઓ એમ અન્વય છે. આવા પ્રકારના=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારના, હરિ, હર, બ્રહ્મથી વ્યતિરિક્ત આથી જ કોઈકને=છદ્મસ્થોને અગોચર એવા પરમાત્માને નમસ્કાર હો. ॥૧૩/૪॥

ભાવાર્થ :-

ભગવાને ભવના કારણીભૂત ઘાતિકર્મોનો નાશ કર્યો છે. તેથી મૃત્યુ પામ્યા પછી ફરી સંસારમાં જન્મ લેતા નથી તેથી ભવ વગરના છે. વળી, ભગવાન મહાન ઈશ છે. તેથી મહેશ છે; કેમ કે સર્વ ઘાતિકર્મોનો નાશ કરેલો હોવાને કારણે આત્માની અંતરંગ સંપત્તિને પ્રાપ્ત કરી છે અને ભૂતકાળમાં વિશિષ્ટ પ્રકારના યોગમાર્ગનું સેવન કર્યું છે, જેથી અષ્ટપ્રાતિહાર્ય રૂપ મહા સમૃદ્ધિને પામેલા છે, તેથી ધર્મચક્રવર્તી રૂપ બાહ્ય સમૃદ્ધિવાળા અને અંતરંગ ઘાતિકર્મના ક્ષયથી પ્રગટ થયેલી નિર્મળ સંપત્તિવાળા હોવાથી ભગવાન મહાન ઈશ છે અર્થાત્ મહેશ છે. વળી, ભગવાન જન્મથી માંડીને જ સંપૂર્ણ રોગ વગરના દેહવાળા છે. તેથી અગદ છે. વળી, સંસારી જીવો બાહ્યસંપત્તિમાં મૂર્ચ્છા આદિ કરીને નરકને પ્રાપ્ત કરે છે. અનેક પ્રકારની વિડંબનાઓ પામે છે તેવા જીવોમાંથી જેઓ ભગવાનની આજ્ઞાને ઝીલી શકે તેવા યોગ્ય જીવોના નરકના છેદ કરનારા ભગવાન છે. આથી જ ઓઘથી પણ જેઓને ભગવાનના વચનનો રાગ છે તેઓ ક્યારેય પણ નરકમાં જતા નથી. જે કોઈ જીવો નરકમાં જાય છે તે ભગવાનના વચનના રાગ પૂર્વે ક્લિષ્ટભાવો કરીને નરકનું આયુષ્ય બાંધ્યું છે તેથી, નરકમાં જાય છે. અથવા ઓઘથી ભગવાનના વચનનો રાગ થયા પછી કોઈક રીતે ભગવાનના વચનના વિમુખભાવવાળા થઈને સ્વચ્છંદમતિ થવાને કારણે નરકમાં જાય છે, માટે ભગવાન યોગ્ય જીવોના નરકના છેદને કરનારા છે. વળી, ભગવાન સંપૂર્ણ રાગ રહિત હોવાથી અરાજસ પ્રકૃતિવાળા છે. વળી આત્માનું કર્મથી રહિત શુદ્ધ બ્રહ્મનું સ્વરૂપ છે. તે બ્રહ્મ સ્વરૂપને સંસારી જીવો જોઈ શકતા નથી, જાણી શકતા નથી તેથી જ તેમાં લય થવાનો વિચાર માત્ર પણ પ્રાપ્ત કરતા નથી. પરંતુ તુચ્છ બાહ્ય સંપત્તિમાં જ લય પામેલા રહે છે. જ્યારે ભગવાને તો પોતાના શુદ્ધ બ્રહ્મસ્વરૂપને જાણવા ઉદ્યમ કર્યો અને તે બ્રહ્મસ્વરૂપમાં સાધના દ્વારા લયને પામેલા છે તેથી, ભગવાન બ્રહ્મસ્વરૂપ છે. તેવા, છદ્મસ્થને અગોચર કોઈક ભગવાનને નમસ્કાર થાઓ એ પ્રકારની સ્તુતિ કરીને ગ્રંથકારશ્રી ભગવાનના અભવાદિ ગુણો પ્રત્યે ભક્તિનો અતિશય કરે છે અને તેવા ગુણોનો રાગ કેળવીને પોતાનામાં પણ એવા ગુણો પ્રગટ થાય તેવો જ યત્ન કરે છે. આથી જ જેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક ભગવાનના અભવાદિ ગુણોનું સ્મરણ કરીને ભગવાનની સ્તુતિ કરે છે, તેઓ પણ અલ્પકાળમાં ભગવાનની જેમ જ ભવના ઉચ્છેદને કરનારા થાય છે. **॥૧૩/૪॥**

અવતરણિકા :-

पञ्चम्येकवचनान्तानि विशेषणान्याह –

અવતરણિકાર્થ :-

પંચમી એકવચન અંતવાળાં વિશેષણોને કહે છે –

શ્લોક :-

अनुक्षितफलोदग्रादनिपातगरीयसः ।
असङ्कल्पितकल्पद्रोस्त्वत्तः फलमवाप्नुयाम् ।।१३/५।।

શ્લોકાર્થ :-

સિંચન નહીં કરાયેલાં ફલોથી ઉદગ્ર, નિપાત વગર શ્રેષ્ઠ, સંકલ્પ વગર ફલને આપનારા એવા કલ્પદ્રુમ જેવા તમારાથી હું ફલને પ્રાપ્ત કરું. ।।૧૩/૫।।

ટીકા :-

हे प्रणयिकल्पद्रुम ! त्वत्तः सकलद्रुमधर्मविलक्षणात् कल्पद्रोरहं फलमवाप्नुयाम् । द्रुमधर्मवैलक्षण्यमेवाह- किंविशिष्टात्त्वत्तः ? अनुक्षितफलोदग्रात्, द्रुमा हि निरन्तरोक्षणेन काले फलमात्रं ददति, त्वत्तः पुनरनुक्षितादपि फलैरैहिकामुष्मिकसुखलक्षणैरुदग्रात् परिपूर्णात्, तथा पादपा हि निपातेन गरीयांसो=गुरुभाराः स्युः, त्वत्तस्तु स्वस्वरूपावस्थितादपि गरीयसो गुरुगौरवार्हात्, तथा कल्पतरवः सङ्कल्पिताः किल फलं ददति, त्वत्तः पुनरसङ्कल्पितात्, कल्पद्रोः 'निर्निदाना हि स्वामिनः सेवा सविशेषं फलमालिनी भवति' तदेवं- विधात्त्वत्तोऽहं फलममृतरूपमचिरात् प्राप्नुयां=लभेयमिति ।।१३/५।।

ટીકાર્થ :-

हे प्रणयिकल्पद्रुम ! ..... लभेयमिति ।। હે પ્રણયિકલ્પદ્રુમ !=તમારા પ્રત્યે પ્રીતિવાળા જીવો માટે કલ્પવૃક્ષ જેવા ભગવાન ! સકલવૃક્ષોના ધર્મથી વિલક્ષણ એવા કલ્પદ્રુમ જેવા, તમારાથી હું ફલને પ્રાપ્ત કરું. વૃક્ષના ધર્મના વૈલક્ષણ્યને જ કહે છે.

કેવા વિશિષ્ટ એવા તમારાથી હું ફલને પ્રાપ્ત કરું ? એથી કહે છે –

અનુક્ષિત ફલો વડે ઉદગ્ર એવા ભગવાનથી=વૃક્ષના આરોપણ, સિંચન આદિ ઉક્ષણ વગર ફલોથી પરિપૂર્ણ એવા કલ્પવૃક્ષ જેવા ભગવાનથી, હું ફલને પ્રાપ્ત કરું એમ અન્વય છે. અનુક્ષિત ફલોદગ્ર વિશેષણને જ સ્પષ્ટ કરતાં કહે છે. હિ=જે કારણથી, વૃક્ષો નિરંતર ઉક્ષણથી=જલસિંચન આદિ તેના વૃદ્ધિના ઉપાયના સેવનથી, ઉચિત કાળે ફલમાત્રને આપે છે=સામાન્ય ફલમાત્રને આપે છે, વળી, અનુક્ષિત પણ તમારાથી=તમારું સ્મરણ કર્યા પછી તેની વૃદ્ધિ માટે કોઈ જલસિંચન આદિ કર્યા વગરના પણ તમારાથી, ઐહિક=આમુષ્મિક સુખલક્ષણ ફલોથી=આ લોકના અને પરલોકના સુખ રૂપ ફલોથી, ઉદગ્ર=પરિપૂર્ણ, એવા કલ્પવૃક્ષ જેવા તમારાથી હું ફલને પ્રાપ્ત કરું એમ અન્વય છે અને હિ=જે કારણથી, વૃક્ષો નિપાતથી ગુરુભારવાળાં થાય છે=વૃક્ષોનું છેદન આદિ કરવાથી વૃદ્ધિવાળાં

થાય છે. વળી સ્વરૂપ અવસ્થિત પણ ગરીયસ એવા તમારાથી=અત્યંત ગૌરવ યોગ્ય એવા કલ્પદ્રુમ જેવા તમારાથી, હું ફલને પ્રાપ્ત કરું એમ અન્વય છે. અને કલ્પવૃક્ષો સંકલ્પિત ફલને ખરેખર આપે છે. વળી, અસંકલ્પિત એવા કલ્પદ્રુમ જેવા તમારાથી હું ફલને પ્રાપ્ત કરું એમ અન્વય છે.

કેમ અસંકલ્પિત કલ્પદ્રુમ જેવા ભગવાન છે ? એથી કહે છે –

હિ=જે કારણથી, સ્વામીની નિર્નિદાન સેવા સવિશેષ ફલને આપનારી થાય છે. તે કારણે આવા પ્રકારના તમારાથી હું અમૃતરૂપ ફલને શીઘ્ર પ્રાપ્ત કરું. ॥૧૩/૫॥

ભાવાર્થ :-

ભગવાન કલ્પવૃક્ષ જેવા છે, અપેક્ષાએ કલ્પવૃક્ષ કરતાં પણ ભગવાન વિશેષ છે. તે બતાવવા અર્થે કહે છે. કલ્પદ્રુમ જેવા તમારાથી હું ફલને પ્રાપ્ત કરું. જેમ, કલ્પવૃક્ષ જીવને ઇચ્છિત ફલ આપે છે, તેમ ભગવાનના ગુણો પ્રત્યે પ્રીતિવાળા જીવોને ભગવાન આ લોકનાં અને પરલોકનાં સુખોરૂપી ફલો આપે છે. તેવાં ફલોથી ભગવાન પરિપૂર્ણ છે અને તેવા ભગવાન પાસેથી હું અમૃત જેવા ફલને પ્રાપ્ત કરું એ પ્રકારે સ્તવનકારશ્રી પ્રાર્થના કરે છે. સામાન્યથી વૃક્ષો જલસિંચન આદિ કરવાથી વૃદ્ધિ પામીને કિંચિત્કાળ પછી ઉચિત કાળે ફલોને આપે છે, પરંતુ ભગવાનને જે મહાત્માઓ સ્મરણ કરે છે તેઓને ભગવાન તત્કાલ ફળ આપે છે. તેથી, જલસિંચન આદિ ક્રિયાઓ દ્વારા ફલોથી તમે પરિપૂર્ણ નથી પરંતુ તેવી કોઈક ક્રિયા વગર શ્રેષ્ઠ ફલોથી પરિપૂર્ણ એવા કલ્પવૃક્ષ જેવા ભગવાન છે; કેમ કે ભગવાનના સ્મરણકાળમાં જ ચિત્તમાંથી કષાયોનો સંક્લેશ દૂર થાય છે. તેથી ચિત્તના સ્વાસ્થ્યરૂપ સુખ તત્કાલ ઉત્પન્ન થાય છે. વળી, ભગવાનના ગુણોનું સ્મરણ પ્રણિધાનપૂર્વક કરવામાં આવે તો પૂર્વમાં બંધાયેલી પાપપ્રકૃતિ પુણ્યરૂપે થાય છે અને પૂર્વની બંધાયેલી પુણ્યપ્રકૃતિઓ અતિશયિત થાય છે. તેથી, ભગવાન સ્મરણ માત્ર કાળમાં તત્કાલ જ ઉદગ્ર ફલને આપનારા છે. માટે અન્ય વૃક્ષો કરતાં વિશિષ્ટ કોટિના કલ્પદ્રુમ જેવા છે. વળી, વૃક્ષોને વૃદ્ધિ કરવા અર્થે તેનાં ખરેલાં પાંદડાં આદિ કે દાંડીઓ આદિનો નિપાત કરવો પડે છે જેથી તે ગુરુભારવાળાં થાય છે, પરંતુ ભગવાન તો પોતાના સ્વરૂપમાં અવસ્થિત છે છતાં ગુરુભારવાળા છે=ગૌરવ યોગ્ય છે માટે શ્રેષ્ઠ એવા કલ્પવૃક્ષ જેવા છે. તેથી અન્ય વૃક્ષો કરતાં વિલક્ષણ એવા કલ્પવૃક્ષ જેવા છે. વળી, કલ્પવૃક્ષ પાસે જે પ્રકારના ફલનો સંકલ્પ કરવામાં આવે તે પ્રકારનું ફલ કલ્પવૃક્ષ આપે છે. પરંતુ ભગવાનની સેવા કોઈ પ્રકારના સંકલ્પ વગર કરનારાને શ્રેષ્ઠ ફલ આપે છે. તેથી, કલ્પવૃક્ષ કરતાં પણ તમે શ્રેષ્ઠ કોટિના કલ્પવૃક્ષ જેવા છો અને તેવા તમારી સ્તુતિ કરીને હું ફલને પ્રાપ્ત કરું એ પ્રકારનો ઉલ્લાસ સ્તવનકારશ્રી કરે છે. જેથી, કલ્પવૃક્ષ સ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ કરીને ભગવાનથી જ સર્વકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ પોતાને થશે. તેને અનુકૂળ શ્રેષ્ઠ પરિણામને ભગવાનની સ્તુતિથી જ સ્થિર કરે છે. **॥૧૩/૫॥**

અવતરણિકા :-

षष्ठ्येकवचनान्तानि विशेषणान्याचष्टे –

અવતરણિકાર્થ :-

ષષ્ઠી એકવચન અંતવાળાં વિશેષણોને કહે છે –

શ્લોક :-

असङ्गस्य जनेशस्य, निर्ममस्य कृपात्मनः ।
मध्यस्थस्य जगत्त्रातुरनङ्कस्तेऽस्मि किङ्करः ।।१३/६।।

શ્લોકાર્થ :-

અસંગ, જનના ઈશ=જનના ઈશ્વર, નિર્મમ, કૃપાવાળા, મધ્યસ્થ, જગતના ત્રાતા એવા તમારો ચિહ્ન વગરનો કિંકર હું છું. ।।૧૩/૬।।

ટીકા :-

हे विश्वेश ! अहं तव किङ्करोऽस्मि एतानि चाष्टावपि विभक्त्यन्तपदानि परस्परविरुद्धानीव । कथम् ? इत्याह-किंविशिष्टस्य तव ? असङ्गस्य जनेशस्य, अतो यः किलासङ्गः स कथं जनेशः ? भगवांस्तु सर्वसङ्गपरित्यागादसङ्गः, परमार्हन्त्यप्रभावादकामोऽपि त्रिभुवनजनसेव्यत्वेन जनेशश्च, तस्य । तथा निर्ममस्य कृपात्मनः, यः किलः निर्ममः स कथं कृपात्मा ? जगद्गुरुस्तु वीतरागत्वस्वभावादेव ममत्वरहितः, दुष्कर्म्मनिर्मथ्यमाने च त्रिभुवनजने कृपालुस्तस्य । तथा मध्यस्थस्य जगत्त्रातुः, यः किल मध्यस्थ=उदासीनः स कथं जगत्त्राता ? स्वामी त्वरक्तद्विष्टत्वेन मध्यस्थोऽपि एकान्तहितधर्मोपदेशदानादान्तरारातित्रस्तस्य जगतस्त्राता, अत एवंविधस्य तवाहं किङ्करः=प्रेष्योऽस्मि । किंविशिष्टः ? अनङ्कः, यश्च किङ्करः स कथमनङ्को भवति ? जगद्गुरुस्तु द्विपदादिपरिग्रहरहितो न कमप्यङ्कपातेन स्वीकरोति केवलमहं तत्किङ्करत्वेनैवानङ्कः=कुग्रहकलङ्करहित इति ।।१३/६।।

ટીકાર્થ :-

हे विश्वेश ! ..... कुग्रहकलङ्करहित इति ।। હે વિશ્વના ઈશ=હે વિશ્વના ઈશ્વર ! હું તમારો કિંકર છું અને આ=શ્લોકમાં બતાવાયેલા આઠેય પણ વિભક્તિ અંતવાળાં પદો પરસ્પર વિરુદ્ધ જેવાં છે.

કેવી રીતે વિરુદ્ધ જેવાં છે ? તેથી કહે છે. કેવા વિશિષ્ટ એવા તમારો હું કિંકર છું ? તેથી કહે છે –

અસંગ એવા જનના ઈશ્વર એવા તમારો હું કિંકર થાઉં એમ અન્વય છે. આનાથી=અસંગ અને જનના ઈશ કહેવાથી જે ખરેખર અસંગ હોય તે કેવી રીતે લોકોના ઈશ્વર હોય ? અર્થાત્ લોકોના સંગ વગરના છે માટે અસંગ છે અને જનના ઈશ કહેવાથી લોકોના સ્વામી છે માટે સંગવાળા છે એ પ્રકારે વિરોધ ભાસે. વળી, ભગવાન સર્વ સંગના પરિત્યાગથી અસંગ છે અને પરમઆર્હંત્યના પ્રભાવથી અકામવાળા પણ=લોકો મને પૂજે એ પ્રકારની કામના વગરના પણ, ત્રિભુવનજનસેવ્યપણું હોવાથી જનના ઈશ છે. તેમનો હું કિંકર થાઉં એમ અન્વય છે. અને નિર્મમ છે, કૃપાવાળા છે. તેમનો

હું કિંકર થાઉં એમ અન્વય છે. જે ખરેખર નિર્મમ હોય તે કૃપાવાળા કેમ હોય ? વળી, જગદ્‌ગુરુ વીતરાગત્વ સ્વભાવને જ કારણે મમત્વ રહિત છે અને દુષ્કર્મોથી નિર્મથ્યમાન ત્રિભુવનજનમાં=દુષ્ટકર્મોથી વિડંબના કરાતાં ત્રિભુવનલોકોના વિષયમાં, કૃપાલુ છે, તેમનો હું કિંકર થાઉં એમ અન્વય છે અને મધ્યસ્થ છે, જગત્ત્રાતા છે તેમનો હું કિંકર થાઉં એમ અન્વય છે. જે ખરેખર મધ્યસ્થ=ઉદાસીન હોય તે કેવી રીતે જગતના ત્રાતા થાય ? અર્થાત્ થાય નહીં. વળી, સ્વામી=ભગવાન, અરક્ત દ્વિષ્ટપણાને કારણે મધ્યસ્થ પણ એકાંતહિત એવા ધર્મના ઉપદેશના દાનથી અંતરંગ શત્રુઓથી ત્રસ્ત એવા જગતના ત્રાતા છે=રક્ષણ કરનારા છે. આથી આવા પ્રકારના તમારો હું કિંકર=દાસ છું.

કેવો વિશિષ્ટ એવો હું દાસ છું ? એથી કહે છે – અનંક હું છું.

અને જે કિંકર હોય તે કેવી રીતે અનંક હોય=દાસપણાના ચિહ્ન વગરનો હોય ? એથી કહે છે. દ્વિપદાદિ પરિગ્રહથી રહિત એવા જગદ્‌ગુરુ અંકના પાતથી કોઈને પણ સ્વીકારતા નથી=આ મારો કિંકર છે એવા પ્રકારના ચિહ્નથી સ્વીકારતા નથી, કેવલ હું તેમના કિંકરપણાથી જ અનંક છું=કુગ્રહના કલંકથી રહિત છું=કુત્સિત એવા કદાગ્રહના કલંકથી રહિત છું. ॥૧૩/૬॥

ભાવાર્થ :-

ભગવાન સર્વથા સંગ વગરના છે. તેથી પોતાના આત્માના સ્વાભાવિક પરિણામોથી અતિરિક્ત કોઈ પદાર્થો પ્રત્યે ભગવાનને સંશ્લિત નથી પરંતુ સ્વાભાવિક પોતાની નિરાકુલ પ્રકૃતિમાં સ્થિત છે, છતાં અંતરંગ રીતે મહાસંપત્તિઓથી યુક્ત છે અને બહિરંગ રીતે અષ્ટપ્રાતિહાર્યથી શોભાયમાન છે. માટે ત્રણ ભુવનના ઈશ્વર જેવા દેખાય છે. અર્થાત્ મહા સમૃદ્ધિવાળા દેખાય છે. વળી, ભગવાન સંપૂર્ણ મમતા રહિત છે તેથી હું આ જીવોની કૃપા કરીને મારા પ્રત્યે ભક્તિવાળા કરું ઇત્યાદિ કોઈ પરિણામ નથી. પરંતુ જગતના સર્વભાવો પ્રત્યે નિર્મમ છે તોપણ સંસારવર્તી જીવો દુષ્ટ એવાં કર્મોથી સતત નિર્મથન કરાય છે. અર્થાત્ વિડંબના કરાય છે અને કર્મોથી વિડંબિત થયેલા જીવો જગતમાં અનેક ઉપદ્રવો પ્રાપ્ત કરે છે, તેવા જીવો પ્રત્યે ભગવાન કૃપાલુ છે. આથી જ તેઓને કર્મકૃત વિડંબનાથી મુક્ત થવાના શુદ્ધ માર્ગનું પ્રકાશન કરે છે. વળી, ભગવાન જગતના સર્વભાવો પ્રત્યે મધ્યસ્થ છે. સંસાર પ્રત્યે પણ દ્વેષ નથી અને મોક્ષ પ્રત્યે પણ રાગ નથી પરંતુ કેવલ જગતના પદાર્થો ન સ્પર્શે તેવી નિરાકુલ ચેતનામાં સ્થિત છે. વળી, સન્માર્ગ સ્થાપન કરીને જગતના ત્રાતા છે; કેમ કે કર્મની વિડંબનાથી રક્ષણનો એક ઉપાય તેમણે બતાવેલો સન્માર્ગ છે. તેથી સન્માર્ગનું દાન કરીને ભગવાન જગતના જીવોને કર્મોની વિડંબનાથી રક્ષણ કરે છે, તેવા ભગવાનનો અનંક એવો હું કિંકર છું અર્થાત્ ભગવાન કોઈને કિંકર તરીકે સ્વીકારીને ચિહ્ન કરતા નથી અર્થાત્ અંક કરતા નથી, છતાં સ્વઅભિલાષના બળથી જ ભગવાનના ગુણોથી આવર્જિત થયેલો હું તેમના દાસપણાનો સ્વીકાર કરું છું; કેમ કે ભગવાનના દાસ થઈને પણ જીવો કર્મની વિડંબનાથી કંઈક કંઈક સુરક્ષિત થાય છે. માટે કર્મથી ભય પામેલા સ્તવનકારશ્રી ભગવાનનું કિંકરપણું સ્વીકારે છે. **॥૧૩/૬॥**

અવતરણિકા :-

સપ્તમ્યેકવચનાન્તાનિ વિશેષણાન્યાખ્યાતિ –

અવતરણિકાર્થ :-

સપ્તમી એકવચન અંતવાળાં વિશેષણોને કહે છે –

શ્લોક :-

અગોપિતે રત્નનિધાવવૃતે કલ્પપાદપે ।
અચિન્ત્યે ચિન્તારત્ને ચ, ત્વય્યાત્માઽયં મયાર્પિતઃ ।।૧૩/૭।।

શ્લોકાર્થ :-

અગોપિત એવા રત્નના નિધાન, અવૃત એવા કલ્પવૃક્ષ, અચિંત્ય ચિંતારત્ન એવા તમારામાં મારા વડે આ આત્મા=પોતાનો આત્મા અર્પિત કરાયો છે=તમારી આજ્ઞાના પાલન માટે તત્પર કરાયો છે. ।।૧૩/૭।।

ટીકા :-

एवंविधे त्वयि मया आत्मा समर्पितः । अमून्यपि विरोधछायया पदानि । तथाहि–किंविशिष्टे त्वयि ? रत्ननिधौ, किम्भूते ? अगोपिते, यश्च रत्ननिधिः स कथमगोपितो भवति ? भगवांस्तु ज्ञानादिरत्नानां निधिरक्षीणसेवधिः त्रिभुवनजनप्रकटश्च तस्मिन्, तथा अवृते कल्पपादपे, सामान्योऽपि फलपुष्पप्रधानः शाखी कण्टकादिवृत्याव्रियते किमुत कल्पद्रुः ? स्वामी तु सकलप्रणयिजनमनःसङ्कल्पपादपोऽपि कर्मवृतिभिर्न वृत इत्यवृतः, अथवाऽवृतेऽप्यप्रार्थितेऽपि प्रणयिनां कल्पद्रुकार्यकारिणि तथा अचिन्त्ये चिन्तारत्ने च, यत्किल चिन्तारत्नं तच्चिन्तितमेव फलं वितरतीति कथमचिन्त्यम् ? जगद्गुरुस्तु समस्ताचिन्तितार्थ-विश्रणनचिन्तामणिरपि, अप्रमेयमहिमत्वेन वाक्कायमनसामगोचरत्वेनाचिन्त्यः, यदि वा चिन्तातिक्रान्त-मोक्षफलप्रदत्वेनाचिन्त्यस्तस्मिन् एवंविधे त्वयि विश्वजनीने, मया आत्मा सर्वात्मना समर्पितस्त्वदायत्तः कृत इति ।।१३/७।।

ટીકાર્થ :-

एवंविधे ..... कृत इति ।। આવા પ્રકારના તમારામાં=શ્લોકના ત્રણ પાદ દ્વારા બતાવેલ છે એવા પ્રકારના તમારામાં, મારા વડે આત્મા સમર્પિત છે. આ પણ વિરોધછાયાથી પદો છે=સ્થૂલથી પરસ્પર વિરોધને બતાવનારાં પદો છે, તે આ પ્રમાણે.

કેવા વિશિષ્ટ તમારામાં મારો આત્મા સમર્પિત કરાયો ? તેથી કહે છે –

રત્નની નિધિ એવા તમારામાં, કેવા પ્રકારના રત્નનિધિ એવા તમારામાં એથી કહે છે. અગોપિત

એવા રત્નનિધિમાં મારો આત્મા સમર્પિત કરાયો. રત્નનિધિનું વિશેષણ અગોપિત કઈ રીતે વિરોધી છે ? તે સ્પષ્ટ કરે છે અને જે રત્નનિધિ છે તે કેવી રીતે અગોપિત હોય, અર્થાત્ રત્નનિધિ હંમેશાં જીવો ગુપ્ત જ રાખે છે. અન્યથા રક્ષણ થાય નહીં. વળી ભગવાન જ્ઞાનાદિ રત્નોના નિધિ છે=અક્ષીણસેવધિ છે અને ત્રિભુવનજનમાં પ્રગટ છે અર્થાત્ અગોપિત છે. તેમાં મારા વડે આત્મા સમર્પિત કરાયો એમ અન્વય છે અને અવૃત કલ્પવૃક્ષ એવા તમારામાં મારો આત્મા સમર્પિત કરાયો એમ અન્વય છે. કલ્પવૃક્ષ અને તેનું અવૃત વિશેષણ તે બેનો પરસ્પર વિરોધ સ્પષ્ટ કરે છે. સામાન્ય પણ ફલ, પુષ્પો પ્રધાન એવું વૃક્ષ કંટકાદિ વાળાથી આવરણ કરાય છે અર્થાત્ ફલાદિના રક્ષણ અર્થે કાંટા આદિની વાડોથી રક્ષણ કરાય છે. વળી, કલ્પવૃક્ષનું શું કહેવું ? વળી, સકલ પ્રેમીજનના મનના સંકલ્પ માટે કલ્પવૃક્ષ પણ સ્વામી કર્મવૃત્તિ વડે વૃત નથી=કર્મવૃત્તિથી આવૃત નથી. તેથી અવૃત છે. માટે અવૃત એવા કલ્પવૃક્ષમાં મારો આત્મા સમર્પિત છે એમ અન્વય છે. અથવા અવૃત પણ=અપ્રાર્થિત પણ, ભગવાન પ્રીતિવાળા જીવોનાં કલ્પવૃક્ષોનાં કાર્યોને કરનારા છે, તેમાં મારો આત્મા સમર્પિત કરાયો. અને અચિંત્ય એવા ચિંતામણિરત્નમાં મારો આત્મા સમર્પિત કરાયો. ચિંતામણિરત્નનું અચિંત્ય વિશેષણ પરસ્પર વિરોધી છે તે સ્પષ્ટ કરે છે. જે ખરેખર ચિંતારત્ન છે. તે ચિંતિત જ ફલને આપે છે તેથી કેવી રીતે અચિંત્ય કહેવાય. વળી, જગદ્ગુરુ સમસ્ત અચિંતિત અર્થના વિશ્રાણન=અર્પણ કરનારા, ચિંતામણિ પણ છે. અપ્રમેય મહિમાપણાને કારણે વાણી, કાય અને મનના અગોચરપણા વડે કરીને અચિંત્ય છે=વાણી, કાય અને મનથી અગોચર એવા પણ અચિંત્ય પદાર્થો ભગવાન ઉપાસકોને પ્રાપ્ત કરાવે છે તેથી અપ્રમેય મહિમાવાળા છે. અથવા ચિંતાઅતિકાંત મોક્ષફલને આપનાર હોવાને કારણે અચિંત્ય ચિંતામણિ છે. તેમાં=આવા પ્રકારના વિશ્વજનીન એવા તમારામાં, મારા વડે આત્મા સર્વ આત્માથી=સંપૂર્ણપણાથી, સમર્પિત કરાયો છે=તમારે આધીન કરાયો છે. અર્થાત્ તમારી આજ્ઞાનું સ્મરણ કરીને અપ્રમાદભાવથી તમારી આજ્ઞાના પાલન માટે તત્પર કરાયો છે. ॥૧૩/૭॥

ભાવાર્થ :-

ભગવાન અગોપિત રત્નના નિધાન છે; કેમ કે અંતરંગ સર્વ પ્રકારની ગુણસમૃદ્ધિ કર્મના આવરણનો ભેદ થયેલ હોવાથી પ્રગટ થઈ છે જેમની એવા ભગવાન છે. જોકે આપણો પણ આત્મા અંતરંગ ગુણસમૃદ્ધિવાળો છે તોપણ તે ગુણસમૃદ્ધિ કર્મોથી આવૃત છે. આથી જ ગુણસમૃદ્ધિવાળા હોવા છતાં સંસારી જીવો વિદ્યમાન પણ ગુણસમૃદ્ધિના ફળને પામતા નથી અને સર્વ પ્રકારની કદર્થનાને પ્રાપ્ત કરે છે. જેમ કોઈક પાસે ધન હોય પરંતુ ગુપ્ત સ્થાનમાં છુપાયેલું હોય અને પ્રગટ ન થાય તો ધનાઢ્ય હોવા છતાં ધનના અભાવને કારણે સુખથી વિલાસ કરી શકતો નથી તેમ સંસારી જીવોની પણ પોતાની સંપત્તિ કર્મથી આવૃત હોવાને કારણે દીનપણાથી સંસારની સર્વકદર્થનાઓ પામે છે. જ્યારે ભગવાનમાં રહેલા ગુણોનાં રત્નો કર્મોથી અનાવૃત થયાં છે. અને તેવા ભગવાનમાં પોતાનો આત્મા સમર્પિત કરીને સ્તુતિકારશ્રી પોતાના રત્નનિધિને પ્રગટ કરવા ઇચ્છે છે. તે રત્નનિધિને પ્રગટ કરવાનો ઉપાય ભગવાનની આજ્ઞાનું પાલન છે. જેથી, સ્તુતિકારશ્રી

ભગવાનની આજ્ઞાના પાલન દ્વારા ભગવાનને સમર્પિત થઈને ભગવાનતુલ્ય આત્મામાં રહેલી રત્નની સમૃદ્ધિને પ્રગટ કરવા ઇચ્છે છે. વળી, ભગવાન અવૃત કલ્પવૃક્ષ છે=કર્મોરૂપી વાડથી નહીં ઢંકાયેલા કલ્પવૃક્ષ જેવા છે; કેમ કે જેમ કલ્પવૃક્ષ લોકોને ઇચ્છિત ફળ આપે છે તેમ ભગવાન પ્રત્યે પ્રીતિવાળા લોકોને ભગવાનથી સર્વ પ્રકારનાં ઇચ્છિત ફલરૂપ સદ્ગતિઓની પરંપરા અને અંતે પૂર્ણસુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. વસ્તુતઃ સંસારી જીવોમાં જ્યાં સુધી બાહ્યપદાર્થોની ઇચ્છા છે ત્યાં સુધી બાહ્ય અનુકૂળ પદાર્થોની પ્રાપ્તિથી તેઓને સુખ થાય છે અને જ્યારે સંપૂર્ણ બાહ્યપદાર્થની ઇચ્છા વગરના થાય છે ત્યારે સર્વથા સ્વસ્થતાના સુખને પામે છે. જેઓની ભોગની ઇચ્છા શમી નથી છતાં ભગવાનનો વીતરાગભાવ ગમે છે, તેથી ભોગની ઇચ્છા કંઈક મંદ થઈ છે અને વીતરાગની ઉપાસના કરીને ભોગની ઇચ્છાને મંદ, મંદતર કરે છે તેઓ પણ ભગવાનની ઉપાસનાના ફલરૂપે ઉત્તમ દેવલોક અને ઉત્તમ મનુષ્યભવ પામે છે ત્યારે વિદ્યમાન ભોગની ઇચ્છા તૃપ્ત થાય તેવી ભોગસામગ્રીની વચમાં જન્મે છે અને ફરી વીતરાગ થવાની ઇચ્છાવાળા બને છે. તેથી, ભગવાનની ઉપાસના કરનારને ઉત્તમ ભોગસામગ્રીજન્ય ભૌતિક સમૃદ્ધિનાં સુખો પણ મળે છે અને ક્રમિક કંઈક કંઈક ઇચ્છાશમનને કારણે અંતરંગ સ્વસ્થતા પણ વધે છે. અને જ્યારે સંપૂર્ણ ઇચ્છા વગરના થાય છે ત્યારે વીતરાગતુલ્ય અંતરંગ સમૃદ્ધિના સુખને ભોગવનારા થાય છે. તેથી ભગવાન અવૃત કલ્પવૃક્ષ જેવા છે; કેમ કે ભગવાનની ઉપાસનાથી તેવી સર્વ સુખસમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. તેવા ભગવાનમાં સ્તુતિકારશ્રી પોતાનો આત્મા સમર્પિત કરે છે. જેથી, ભગવાનના આજ્ઞાના પાલનના બળથી સર્વ પ્રકારની સુખસમૃદ્ધિપૂર્વક પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય. વળી, ચિંતારત્ન એટલે ચિંતામણિરત્ન, જે રત્નની ઉપાસના કરવાથી સંસારમાં વર્તમાનના ભવમાં સર્વ અચિંત્ય ભોગોની પ્રાપ્તિ થાય છે, છતાં ચિંતારત્ન ચિંતિત ભોગોને જ આપે છે. જ્યારે ભગવાન તો અચિંત્ય ચિંતારત્ન છે. તેથી, સંસારમાં રહેલા જીવો ભોગની ઇચ્છાવાળા હોય છતાં શ્રેષ્ઠ કોટિના કેવા ભોગો પોતાને જોઈએ છે તેની કલ્પના પણ ન કરી શકે એવા અચિંત્ય ભોગોને ભગવાનની ઉપાસનાથી મેળવે છે. જેમ, સંસારવર્તી જીવોને વીતરાગ પ્રત્યે ભક્તિ થાય છતાં સંપૂર્ણ ભોગની ઇચ્છા વગરના થયા નથી તે વખતે કેવા શ્રેષ્ઠ ભોગ જોઈએ છે તેની કલ્પના પણ પોતે ન કરી હોય તેવા કલ્પનાતીત દેવલોકનાં સુખો ભગવાનના ઉપાસનાના બળથી તેઓ પ્રાપ્ત કરે છે. વળી, ભગવાનની ઉપાસના કરનારને ભગવાનની અંતરંગ સમૃદ્ધિ જ અત્યંત પ્રિય છે. છતાં ભોગની ઇચ્છા શાંત થઈ નથી ત્યાં સુધી ભોગસામગ્રીની પ્રાપ્તિમાં પણ ભોગજન્ય સુખનો અનુભવ કરે છે. અને ભોગની ઇચ્છા મંદ, મંદતર કરીને સ્વસ્થતાના સુખને પ્રાપ્ત કરે છે. અને અંતે સંપૂર્ણ અંતરંગ સમૃદ્ધિને પામે છે ત્યારે વીતરાગતુલ્ય અંતરંગ સ્વસ્થતાના સુખને પામે છે. તે સર્વ અચિંત્ય સુખની પરંપરાને પ્રાપ્ત કરાવનારા ભગવાન હોવાથી ભગવાન અચિંત્ય ચિંતામણિ છે. અને આ સ્વરૂપે ભગવાનનું સ્મરણ કરીને સ્તવનકારશ્રી પોતાનો આત્મા ભગવાનને સમર્પિત કરે છે. જેથી, સતત ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને ભગવાનની આજ્ઞાને અનુસાર સ્વઉચિત પ્રવૃત્તિઓ કરે છે જેના બળથી ભગવાનની જેમ ઉત્તરોત્તર સુખ-સમૃદ્ધિને પામીને અંતે પૂર્ણ સુખમય મોક્ષને પોતે પ્રાપ્ત કરે. **॥૧૩/૭॥**

અવતરણિકા :-

એવમાત્માનં સ્વામિનઃ સ્વાધીનં વિધાય કિઞ્ચિદુચિતં પ્રાર્થયન્નાહ –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે=પૂર્વના શ્લોકમાં કહ્યું એ પ્રમાણે આત્માને=પોતાના આત્માને, સ્વામીને આધીન કરીને કંઈક ઉચિત પ્રાર્થના કરતાં કહે છે –

શ્લોક :-

फलानुध्यानवन्ध्योऽहं, फलमात्रतनुर्भवान् ।
प्रसीद यत्कृत्यविधौ, किङ्कर्त्तव्यजडे मयि ।।१३/८।।

શ્લોકાર્થ :-

ફલના અનુધ્યાનમાં વંધ્ય હું છું, ફલમાત્ર શરીરવાળા તમે છો. જે કૃત્યની વિધિમાં શું કરવું જોઈએ તેના વિષયમાં જડ એવા મારા ઉપર તમે પ્રસાદ કરો. ।।૧૩/૮।।

ટીકા :-

हे जगच्छरण्य ! त्वं मयि प्रसीद, किंविशिष्टस्त्वं ? फलमात्रतनुः फलमात्रा तनुर्यस्य स तथा, किल सङ्गत्यागदुस्तपतपोविधानकर्मनिर्मूलनकेवलोत्पादतीर्थप्रवर्त्तनादीनां सिद्धत्वमेव फलम्, साम्प्रतं च त्वं फलमात्रतनुः केवलज्ञानदर्शनानन्दवीर्यात्मा, अहं तु फलरूपस्य तवानुध्याने वन्ध्यो=विफलप्रयत्नः 'अनुध्यानं हि दृष्टश्रुतानुभूतस्यैव वस्तुनो भवति' त्वं तु निरञ्जनपदस्थः परमात्मस्वरूपः सर्वथैवाविषयो दर्शनादीनाम्, अतः किङ्कर्त्तव्यतायां जडे, अप्राप्तोपाये मयि, यत्कृत्यविधौ यन्मया विधेयं तस्मिन्विधौ प्रकारे प्रसीद, किमुक्तं भवति ? 'अहं तावदवधीरितापरविधेयस्त्वदनुध्यान एव निलीनमानसः, त्वं तु फलमात्रतनुः, फलं च सिद्धत्वम्, तच्च मनोनुध्यानस्यागोचरम्, अतस्तथा कथमपि प्रसीद यथा फलमात्रतनुं त्वामहमालोकयामि, तच्च केवलिन एव सुलभम्, केवलं च कर्मक्षयायत्तम्, तस्मात्तथा सानुग्रहो भव यथा सकलकर्मजाल-महमपि त्वमिव लीलयोन्मूलयामि' इति भावः ।।१३/८।।

इति श्रीवीतरागस्तोत्रे त्रयोदशस्य हेतुनिरासस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

हे जगच्छरण्य ! ..... इति भावः ।। હે જગતશરણ્ય ભગવાન ! તમે મારા ઉપર પ્રસાદ કરો.

કેવા વિશિષ્ટ તમે છો ? એથી કહે છે –

ફલમાત્ર શરીરવાળા છો=ફલમાત્ર શરીર છે જેમને તે તેવા છે=ફલમાત્ર શરીરવાળા છે, ખરેખર સંગત્યાગથી, દુઃખે થઈ શકે એવા તપના વિધાનથી, કર્મના નિર્મૂલનના કારણે=ઘાતિકર્મોના નિર્મૂલનને

કારણે, કેવલજ્ઞાનનો ઉત્પાદ અને તીર્થપ્રવર્તન આદિનું સિદ્ધપણું જ ફલ છે, અને વર્તમાનમાં તમે ફલમાત્રના શરીરવાળા છો=કેવલજ્ઞાન, કેવલદર્શન, આનંદ અને વીર્ય સ્વરૂપ છો. વળી હું ફલ સ્વરૂપ એવા તમારા અનુધ્યાનમાં વંધ્ય છું=વિફલ પ્રયત્નવાળો છું, હિ="જે કારણથી, દૃષ્ટ શ્રુત અને અનુભૂત જ વસ્તુનું અનુધ્યાન થાય છે." વળી, તમે નિરંજનપદમાં રહેલા પરમાત્મા રૂપ સર્વથા જ દર્શન આદિના અવિષય છો. તેથી તમારું અંતરંગ સ્વરૂપ દેખાતું નથી, શાસ્ત્રથી તમારું અંતરંગ સ્વરૂપ અર્થને સ્પર્શે તે પ્રકારે સંભળાતું નથી. અને નિરંજનસ્વભાવનો સ્વને અનુભવ નથી. તેથી તમારું સ્વરૂપ અનુભૂત નથી. અને જે સ્વરૂપનું દર્શન ન હોય, જે સ્વરૂપ સંભળાતું ન હોય અને જે સ્વરૂપનો અનુભવ ન થતો હોય તેનું અનુધ્યાન થઈ શકે નહીં. તેથી તમારા સ્વરૂપના અનુધ્યાનમાં વિફલ પ્રયત્નવાળો છું. આથી, કિંકર્તવ્યતામાં જડ જેવા મારામાં=શું કરું એ વિષયમાં નિર્ણય કરવામાં જડ એવા મારામાં=અપ્રાપ્ત ઉપાયવાળા એવા મારામાં, જે કૃત્યની વિધિમાં=જે મારા વડે વિધેય છે તે વિધિમાં=તે કૃત્ય કરવાના પ્રકારમાં, તમે પ્રસાદ કરો.

શું કહેવાયેલું થાય છે ? તે કહે છે –

હું અવધીરિત અપર વિધેયવાળો તમારા અનુધ્યાનમાં જ નિલીન માનસવાળો છું=સંસારના ભાવો રૂપ જે અપર વિધેય છે તેની અવગણના કરનારો અને તમારા અનુધ્યાન કરવામાં જ નિલીન માનસવાળો છું=યત્ન કરવાના માનસવાળો છું, વળી, તમે ફલમાત્ર શરીરવાળા છો=સાધનાજન્ય ફલમાત્ર શરીરવાળા છો, અને ફલ સિદ્ધપણું છે=સર્વ પ્રયોજનનું સિદ્ધપણું છે. અને તે=સિદ્ધપણું, મનના અનુધ્યાનનું અગોચર છે=મન દ્વારા ચિંતવનનું અવિષય છે. આથી તે પ્રમાણે કોઈક રીતે પ્રસાદ કરો, જે રીતે ફલમાત્ર શરીરવાળા તમને હું અવલોકન કરું અને તે=ફલમાત્ર શરીરવાળા તમારું અવલોકન, કેવલીને જ સુલભ છે અને કેવલ=કેવલજ્ઞાન, કર્મક્ષયને આધીન છે. તે કારણથી તે પ્રકારે અનુગ્રહવાળા તમે થાઓ=મારા પ્રત્યે તે પ્રકારે અનુગ્રહવાળા તમે થાઓ, જે પ્રકારે સકલકર્મ જાલને હું પણ તમારી જેમ લીલાપૂર્વક ઉન્મૂલન કરું. ॥૧૩/૮॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં તેરમા હેતુનિરાસસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

સંસારી જીવો મોહકૃત સર્વ પ્રકારની કદર્થના પામે છે. તે કદર્થનામાં ઘાતિકર્મો પ્રબલ કારણ છે અને ભગવાને સાધના કરીને ઘાતિકર્મોનો સર્વથા નાશ કર્યો તેથી સાધનાના ફળરૂપ ઘાતિકર્મોની પરિણતિથી રહિત શુદ્ધઆત્માની પરિણતિરૂપ ફલમાત્ર સ્વરૂપવાળા ભગવાન છે. અને ભગવાન જેવા થવાનો ઉપાય ફલમાત્ર શરીરવાળા પરમાત્માનું અનુધ્યાન છે. આથી જ જેઓ પરમાત્માના પારમાર્થિક સ્વરૂપમાં લીન થાય છે તેઓ તત્ક્ષણ ઘાતિકર્મોનો નાશ કરીને પરમાત્માની જેમ જ ફલમાત્ર શરીરવાળા થાય છે. આથી જ ભગવાનની પુષ્પપૂજા કરતાં નાગકેતુ સાધનાના ફલમાત્ર શરીરવાળા ભગવાનના સ્વરૂપમાં લીન થયા

તો ઘાતિકર્મોનો નાશ કરીને ભગવાન જેવા જ વીતરાગ સર્વજ્ઞ થયા. તેવા જ ફલની પ્રાપ્તિની ઇચ્છાવાળા સ્તવનકારશ્રી કહે છે, હું ફલ સ્વરૂપ તમારા શરીરનું ધ્યાન કરવા માટે વંધ્ય શક્તિવાળો છું. તેથી તમારા સ્વરૂપમાં હું લીન થઈ શકતો નથી. અને અનુધ્યાનની શક્તિ સંચય કરવા માટે જે કૃત્ય મારા વડે કર્તવ્ય છે તેના વિષયમાં મારે કેવો પ્રયત્ન કરવો જોઈએ તે વિષયમાં મારામાં જડતા વર્તે છે; કેમ કે સુવિશુદ્ધ શક્તિ અનુસાર ભગવાનની આજ્ઞાના પાલનથી ભગવાનના અનુધ્યાનને અનુકૂળ શક્તિનો સંચય થાય છે. પરંતુ શક્તિ અનુસાર ભગવાનની આજ્ઞાના પાલનમાં હું જડ છું તેથી તે કરવા સમર્થ થતો નથી. માટે હે ભગવાન ! તમે પ્રસાદ કરો જેથી તમારા પ્રસાદથી હું સુવિશુદ્ધ તમારી આજ્ઞાનું પાલન કરીને. ફલ અનુધ્યાનમાં જે વંધ્યતા છે તેને દૂર કરીને સાધનાના ફલરૂપ એવું તમારું ધ્યાન કરીને તમારા તુલ્ય થાઉં. આ પ્રકારે અભિલાષ કરીને સ્તવનકારશ્રી ભગવાનની સુવિશુદ્ધ આજ્ઞાપાલનને અનુકૂળ બળનો સંચય પ્રસ્તુત પ્રાર્થનાથી કરે છે. **॥૧૩/૮॥**

અવતરણિકા :-

અધુના યન્મૂલેયમર્હતાં જગતિ વિખ્યાતિસ્તમેવ યોગં યોગશુદ્ધિસ્તવેન સ્તુતિકૃદુપસ્તૌતિ –

અવતરણિકાર્થ :-

હવે, જેના મૂલવાળી આ અરિહંતની જગતમાં વિખ્યાતિ છે યોગશુદ્ધિના સ્તવનથી સ્તુતિકારશ્રી તે જ યોગની સ્તુતિને કરે છે –

શ્લોક :-

मनोवचःकायचेष्टाः, कष्टाः संहत्य सर्वथा ।
श्लथत्वेनैव भवता, मनःशल्यं वियोजितम् ।।१४/१।।

શ્લોકાર્થ :-

કષ્ટકારી એવી મન, વચન, કાયાની ચેષ્ટા સર્વથા સંહરણ કરીને શિથિલપણાથી જ તમારા વડે મનરૂપી શલ્યનું વિયોજન કરાયું=આત્માથી પૃથગ્ કરાયું. ।।૧૪/૧।।

ટીકા :-

हे योगोपनिषदुपायप्रवीण ! भगवन् ! त्वया मनःशल्यं वियोजितम्, किं कृत्वा ? मनोवचःकायानां चेष्टा बहिर्व्यापाररूपाः, संहत्य=प्रतिषिध्य, किं सर्वा अपि ? नेत्याह-कष्टाः कष्टहेतुत्वात् कष्टाः सावद्याः, कथं ? सर्वथा=सर्वात्मना, यदि पुनः क्वाप्यालम्बने मनो नियोज्य वियोजितमित्याह-श्लथत्वेनैव=श्लथभावेनैव, यतो विपरीतशिक्षिताश्चवन्नियन्त्र्यमाणं मनः सुतरां प्रसरति, श्लथमुक्तं तु स्वयमेवावतिष्ठते, क्रमेण च निरिन्धनो वह्निरिव निर्विषयं मनः स्वयमेव विलीयते । यदाह भगवान् जिनभद्रः–

"ओसारिइंधणभरो जह परिहाइ कमसो हुयासो वा ।
थोविंधणाऽवसेसो निव्वाइ तओऽवणीओ य ।।१।।"

"तह विसयंधणहीणो मणोहुयासो कमेण तणुयंमि ।
विसइंधणावसेसो निव्वाइ तओवणीओ य ।।२।।"

एवं च–

"तोयमिव नालियाए तत्तायसभायणोदरत्थं वा ।
परिहाइ कमेण जहा तह जोगिमणोजलं जाण ।।१।।"

सर्वथा मनोविलयश्च केवलिनो व्युपरतक्रियस्य शैलेशीसमय एव भवति, तदेवं त्वया मनोरूपं शल्यं वियोजितमात्मनः सकाशात् पृथक्कृतं, निरुपयोगित्वेन सदप्यसदिव विहितम्, अन्योऽपि यः शरीरात्राराचादिशल्यं वियोजयति स बाह्यचेष्टानिरोधेन विश्लथाङ्गो भवति तथास्थितस्य च संदंशादिप्रयोगेणेषत्करं शल्य-वियोजनमिति ।।१४/१।।

ટીકાર્થ :-

हे योगोपनिषदु ..... शल्यवियोजनमिति ।। હે યોગ ઉપનિષદ્ ઉપાયમાં પ્રવીણ ભગવાન !=મોક્ષના સાધક એવા જે પરિણામો છે તે રૂપ યોગ તેમાં રહસ્યભૂત એવું ઉપનિષદ્ ઉપાય છે તેને બતાવવામાં સમર્થ એવા ભગવાન ! તમારા વડે મનરૂપી શલ્યને વિનિયોજન કરાયું=દેહમાં જેમ શલ્ય હોય અને કોઈ પુરુષ નિપુણતાપૂર્વક તે કાંટાને દૂર કરે તેમ આત્મામાં ક્ષયોપશમ ભાવના મતિજ્ઞાનના ઉપયોગ રૂપ મનશલ્ય છે, જે સતત આત્મામાં કાંટાની જેમ ખૂંચે છે. જેથી આત્મા પોતાના નિરાકુળ સ્વરૂપનું વેદન કરી શકતો નથી અને નિપુણતાપૂર્વક ભગવાને તે મનશલ્યને આત્મામાંથી સદા માટે દૂર કર્યું. તેથી ક્ષાયિકભાવ રૂપ કેવલજ્ઞાનની પરિણતિમાં સુસ્થિર થયા.

શું કરીને મનશલ્યને ભગવાને દૂર કર્યું ? તેથી કહે છે –

मन, वचन, कायानी चेष्टा बहिर्व्यापाररूप छे. तेने संहरण करीने=बहिर्व्यापारनो निरोध करीने, शुं सर्व पण बहिर्व्यापारनो निरोध कर्यो ? नहीं ए प्रमाणे कहे छे.

તો કઈ ચેષ્ટાનો નિરોધ કર્યો ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

कष्टवाळी चेष्टा=कष्टनुं हेतुपणुं होवाथी कष्टवाळी चेष्टा, सावद्यवाळी चेष्टा छे, तेनो निरोध करीने एम अन्वय छे.

કેવી રીતે કષ્ટવાળી ચેષ્ટાનો નિરોધ કરીને ? એથી કહે છે –

सर्वथा=सर्व आत्माना=सर्व स्वरूपथी निरोध करीने, जो वळी कोईपण आलंबनमां मनने नियोजन करीने वियोजित छे=वियोग करायो छे. एथी कहे छे. श्लथपणाथी ज=श्लथभावथी ज, मनने वियोजित कर्युं छे. जे कारणथी विपरीत शिक्षाने पामेला अश्वनी जेम नियंत्रण करातुं मन अत्यंत प्रसर पामे छे. वळी ढीलुं मुकायेलुं स्वयं ज रहे छे. अने क्रमथी ईन्धन वगरना वह्निनी जेम=बळतण वगरना अग्निनी जेम निर्विषयवाळुं मन स्वयं ज विलीन पामे छे. जेने=नियंत्रण करायेलुं मन अत्यंत विषयो तरफ जाय छे अने ढीलुं मुकायेलुं मन विषयोमां जतुं नथी एम पूर्वमां कह्युं ए रूप जेने, भगवान जिनभद्रगणि कहे छे –

"અપસારિત ઇંધણવાળો અગ્નિ જે પ્રમાણે ક્રમસર પરિહાનિને પામે છે. થોડા ઇંધણ અવશેષવાળો અગ્નિ ત્યારપછી અપનીત ઇંધણવાળો બુઝાઈ જાય છે."

તે પ્રમાણે વિષયરૂપી ઇંધણથી હીન એવો મનરૂપી અગ્નિ ક્રમથી દેહમાં પરિહાનિને પામે છે. વિષયરૂપી ઇંધણથી અવશેષવાળો અને ત્યારપછી અપનીત ઇંધણવાળો નિર્વાણ પામે છે. **જિનભદ્રગણિ ક્ષમા શ્રમણ કહે છે કે અગ્નિને ઇંધણ આપવાનું બંધ કરવામાં આવે તો ક્રમસર અગ્નિ અલ્પ, અલ્પતર થાય છે અને જ્યારે અત્યંત અલ્પ અગ્નિ થયો હોય ત્યારે અવશેષ ઇંધણને દૂર કરવામાં આવે તો અગ્નિ બુઝાઈ જાય છે. તેમ, વિષયરૂપી ઇંધણથી હીન એવો મનરૂપી અગ્નિ ક્રમસર અલ્પપણામાં પરિહાનિને પામે છે. અર્થાત્ જેમ જેમ ઇન્દ્રિયોના વિષયોથી મનને દૂર કરવામાં આવે તેમ તેમ મનરૂપી અગ્નિ અલ્પ અલ્પતર થાય છે. જેમ જે જીવો માંસ આદિ જે જે પદાર્થોનો તે રીતે ત્યાગ કરીને પરિભાવિત મનવાળા થયા છે, તેઓનું મન માંસ ખાવાના વિષયમાં ક્યારેય જતું નથી. તેમ જે જીવો તત્ત્વના ભાવન દ્વારા મનના વિષયોને અલ્પ, અલ્પતર કરે છે તેઓનું મન તે તે વિષયમાં જતું બંધ થાય છે. તેથી, મનરૂપી અગ્નિ તેટલા અંશમાં અલ્પ બને છે. અર્થાત્ વિષયને પામીને જે કષાયની પરિણતિ પ્રગટ થતી હતી તે અગ્નિની જેમ આત્માને બાળનાર હોવાથી પીડાકારી છે તે મનરૂપી અગ્નિ અત્યંત અલ્પ થાય છે. આથી જ, જે જીવોએ સાધના કરીને તે રીતે ચિત્તને સંવૃત્ત કર્યું છે તેઓનું ચિત્ત વિષયરૂપી ઇંધણથી પરિહાનિને પામેલું હોવાથી કષાયના પ્રજ્વલન રૂપ મનનો પરિણામ નષ્ટપ્રાયઃ થાય છે અને જ્યારે તે અગ્નિના વિષયભૂત ઇંધણ અલ્પ રહે છે તેને દૂર કરવામાં આવે તો અગ્નિ ઓલવાઈ જાય છે. તેમ સાધકનું ચિત્ત માત્ર મોક્ષની ઇચ્છાવાળું બને છે. અન્ય સર્વ વિષયોથી નિવૃત્ત થાય છે ત્યારે જે અલ્પ માત્રાનો મનરૂપી અગ્નિ છે તે પણ જ્યારે તે ઇચ્છાના વિષયભૂત ઇંધણને દૂર કરવામાં આવે ત્યારે મનરૂપી અગ્નિ ઓલવાઈ જાય છે. અર્થાત્ મન વગરના કેવલી બને છે; કેમ કે કેવલજ્ઞાન વખતે વીતરાગને જ્ઞેયના જાણવાના વિષયમાં કોઈ ઇચ્છા નથી, જ્ઞાન નિરાવરણ હોવાથી જ્ઞેયનું સ્વતઃ જ્ઞાન થાય છે. અને આ રીતે અન્ય ઉદાહરણ બતાવે છે.**

"નાલિકાથી પાણીની જેમ તપ્ત લોખંડના ભાજનના ઉદરમાં રહેલું પાણી જે પ્રમાણે ક્રમસર પરિહાનિ પામે છે, તે પ્રમાણે યોગીનું મનરૂપી જલ જાણવું."

કોઈક ભાજનમાં નાલિકાથી પાણી નીકળતું હોય તો ક્રમસર તે ભાજન જલ રહિત બને છે અથવા તપાવેલા લોખંડના ભાજનના ઉદરમાં રહેલું પાણી બળીને ક્રમસર હાનિને પામે છે. તેમ યોગીનું મનરૂપી જલ ક્રમસર નાશ પામે છે; કેમ કે જેમ અગ્નિ પાણીને બાળી નાખે તેમ યોગી પરમાત્માના ધ્યાનથી મનરૂપી જલને ક્રમસર ધ્યાનરૂપી અગ્નિથી બાળે છે.

અને સર્વથા મનનો વિલય વ્યુપરતક્રિયાવાળા કેવલીને શૈલેશી સમયમાં જ થાય છે. આ રીતે, તમારા વડે મનરૂપી શલ્ય વિયોજન કરાયું=આત્મામાંથી પૃથક્ કરાયું=નિરુપયોગીપણું હોવાને કારણે વિદ્યમાન હોવા છતાં પણ અસદ્ની જેવું કરાયું. અર્થાત્ કાર્ય ન કરે તેવું કરાયું. અર્થાત્ કેવલજ્ઞાન કાળમાં કેવલીને મનનો કોઈ ઉપયોગ નહીં હોવાથી તેને કાર્ય વગરનું નિષ્ક્રિય કરાયું. ફક્ત અનુત્તરવાસી દેવોને સંદેહના ઉત્તર આપવા અર્થે ભગવાન ક્યારેક દ્રવ્યમનનો ઉપયોગ કરે છે. એ સિવાય આત્મા

માટે મન નિરુપયોગી હોવાથી મનઃપર્યાપ્તિ રૂપે મન સદ્ હોવા છતાં પણ દ્રવ્યમનનો ઉપયોગ ભગવાન કરતા નથી. માટે અસદ્ જેવું કરાયું. અન્ય પણ જે જીવ શરીરમાંથી નારાચાદિ શલ્યને=બાણ, કાંટા આદિ શલ્યને, વિયોજન કરે છે=બહાર કાઢે છે, તે બાહ્યચેષ્ટાના નિરોધથી શિથિલ અંગવાળો થાય છે અને તથાસ્થિતને=બાહ્યચેષ્ટાથી શિથિલ થયેલા એવા તેને સંદંશાદિના પ્રયોગથી ઈષત્કર= સહેલાઈથી શલ્યનું વિયોજન છે. ॥૧૪/૧॥

ભાવાર્થ :-

મતિજ્ઞાનના ક્ષયોપશમભાવરૂપ ભાવમન છે અને દ્રવ્યમન મનઃવર્ગણાના પુદ્ગલ સ્વરૂપ છે. સંસારી જીવોને મતિજ્ઞાનનો ઉપયોગ દ્રવ્યમનના અવલંબનથી સતત પ્રવર્તે છે અને તે મતિજ્ઞાનના ઉપયોગરૂપ મન મિથ્યાત્વ, અવિરતિ, કષાયના પરિણામથી યુક્ત છે. તેથી જીવમાં સતત મન, વચન, કાયાની ચેષ્ટાઓ પ્રવર્તે છે. તે ચેષ્ટાઓ જીવને કષ્ટરૂપ છે; કેમ કે કર્મબંધ દ્વારા સર્વ પ્રકારનાં કષ્ટોનો હેતુ છે. એથી જ સર્વ પ્રકારની વિડંબના સંસારવર્તી જીવો પામે છે, તેવી કષ્ટકારી મન, વચન, કાયાની ચેષ્ટા ભગવાને સંયમ ગ્રહણ કર્યું ત્યારે સર્વથા સંહરણ કર્યું. તેથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ વગરનું તેઓનું મતિજ્ઞાનનાં ઉપયોગરૂપ ભાવમન ક્ષાયિકભાવને પ્રાપ્ત કરવા માટે વ્યાપારવાળું બને છે. સંસારની સર્વ પ્રવૃત્તિમાં સંહરણ કરેલું હોય છે. અને જ્યારે ભગવાન વીતરાગ બને છે ત્યારે તે મન અત્યંત શિથિલ થયેલું હોય છે, તેથી ગમનક્રિયા સર્વથા બંધ હોય છે પરંતુ આત્માના નિરાકુલભાવમાં સ્થિર હોય છે. આ રીતે મનને શિથિલ કર્યા પછી ભગવાન કેવલજ્ઞાન પામે છે ત્યારે મતિજ્ઞાનના ઉપયોગરૂપ મનઃશલ્યને સર્વથા આત્મામાંથી વિયોજિત કરે છે. તેથી જ અમનસ્ક કેવલી બને છે અને દ્રવ્યમન નિરર્થક હોવાથી અવ્યાપારવાળું રહે છે. ફક્ત અનુત્તરવાસી દેવોને ઉત્તર આપવા અર્થે ક્યારેક ભગવાન દ્રવ્યમનનો ઉપયોગ કરે છે અને અંતે યોગનિરોધ કરીને દ્રવ્યમન અને ભાવમન વગરના કેવલજ્ઞાનની પરિણતિ રૂપ ભગવાનનો આત્મા સર્વ ઉપદ્રવોથી રહિત બને છે. આ પ્રકારે ભગવાને પોતાના આત્મામાંથી મનરૂપી કાંટાને વિયોજન કર્યું. કઈ રીતે વિયોજન કર્યું તેનું સ્મરણ કરીને તે ગુણથી ભગવાનની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી સ્વયં તેમની જેમ જ મનઃશલ્યના વિયોજનના અત્યંત અર્થી બને છે. **॥૧૪/૧॥**

અવતરણિકા :-

एवं मनोजयमभिधाय इन्द्रियजयमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે મનોજયને કહીને ઇન્દ્રિયજયને કહે છે –

શ્લોક :-

संयतानि न चाक्षाणि, नैवोच्छृङ्खलितानि च ।
इति सम्यक्प्रतिपदा, त्वयेन्द्रियजयः कृतः ।।१४/२।।

શ્લોકાર્થ :-

ઇન્દ્રિયોને સંયત કરી નથી અને ઉચ્છૃંખલિત કરી નથી એ પ્રમાણે સમ્યક્ જ્ઞાનથી તમારા વડે ઇન્દ્રિયજય કરાયો છે. ।।૧૪/૨।।

ટીકા :-

हे भगवन् ! त्वया इन्द्रियजयः कृतः, कथमित्याह-संयतानि न चाक्षाणि=अक्षाणि स्पर्शनादीन्द्रियाणि स्वस्वविषयेषु प्रवर्त्तमानानि न नियन्त्रितानि, विषयेभ्यश्च स्वयमेव व्यावृत्तानि नैव उच्छृङ्खलितानि उपेत्यापि न प्रवर्त्तितानि, किमुक्तं भवति ? यदि किल विषयोन्मुखान्येवाक्षाणि बलात्संयम्यन्ते तदा अदृष्टविषयस्वरूपाणि सकौतुकानि सस्पृहाणि च न प्रतिपद्यन्त एव नियन्त्रणाम्, यदा तु कियत्कालमुच्छृङ्खलं विषयेषु व्यापार्यन्ते तदा विज्ञातविषयस्वरूपाणि निवृत्तकौतुकानि कृतकृत्यानि स्वयमेव निवर्त्तन्ते, न च भूयो विकृतिमुपयान्ति । श्रूयते च–

"येन संवत्सरो दृष्टः, सकृत् कामश्च सेवितः ।
तेन विश्वमिदं दृष्टं, पुनरावर्त्तते जगत् ।।१।।" **इति ।**

अयं च सावशेषकर्मणां चरमदेहानामेव इन्द्रियजयप्रकारः, गुरुकर्मभिः पुनरक्षविकारविक्षेपार्थं सादरं सेव्या एव दमोपायाः एवं च त्वया इन्द्रियजयोपायं सम्यक्प्रतिपदा=यथावत्प्रतिपेदानेन, हृषीकवशीकारः कृत इति ।।१४/२।।

ટીકાર્થ :-

हे भगवन् ! त्वया इन्द्रियजयः ..... कृत इति ।। હે ભગવન્ ! તમારા વડે ઇન્દ્રિયનો જય કરાયો.

કેવી રીતે ઇન્દ્રિયનો જય કરાયો ? એથી કહે છે –

ઇન્દ્રિયોને સંયમિત કરી નથી. અક્ષો=સ્પર્શાદિ ઇન્દ્રિયો સ્વસ્વવિષયોમાં પ્રવર્તતી નિયંત્રિત કરી નથી. વિષયોથી સ્વયં જ વ્યાવૃત્ત થયેલી ઉચ્છૃંખલિત કરી નથી જ=જાણીને પણ પ્રવર્તાવી નથી=વિષયોમાં પ્રવર્તાવી નથી.

શું કહેવાયેલું થાય છે ? તે કહે છે –

જો ખરેખર વિષયોને ઉન્મુખ જ એવી ઇન્દ્રિયો=વિષયોને સન્મુખ જ એવી ઇન્દ્રિયો, બલથી સંયમ કરાય છે ત્યારે અદૃષ્ટવિષયના સ્વરૂપવાળી સકૌતુક સસ્પૃહ એવી ઇન્દ્રિયો નિયંત્રણાને સ્વીકારતી નથી જ, જ્યારે વળી, કેટલોક કાળ વિષયોમાં ઇન્દ્રિયો ઉચ્છૃંખલ વ્યાપારવાળી કરાય છે. ત્યારે વિજ્ઞાતવિષય સ્વરૂપવાળી, નિવૃત્ત થયેલા કૌતુકવાળી, કૃતકૃત્ય એવી ઇન્દ્રિયો સ્વયં જ નિવર્તન પામે છે. અને ફરી વિકૃતિને પામતી નથી. અને સંભળાય છે–

"જેના વડે વર્ષ સુધી જોવાયું અને એક વખત કામ સેવાયું, તેના વડે આ વિશ્વ જોવાયું. જગત વળી પુનરાવર્તન પામે છે."

અર્થાત્ કોઈ વ્યક્તિએ એક વર્ષ જોયું તે વર્ષમાં સર્વ ઋતુઓ ક્રમસર પરાવર્તન પામે છે તે રીતે સર્વ વર્ષોમાં પરાવર્તન થાય છે. તેથી તેણે સર્વ વર્ષોનું સ્વરૂપ જાણી લીધું છે. એક વખત જે કામનું સેવન કર્યું છે તેવું જ કામનું સ્વરૂપ બીજી વખત પણ અનુભૂત થાય છે. તેથી વિચારકને બધાં કામોનો અને બધાં વર્ષોનો યથાર્થ બોધ થઈ જાય છે; કેમ કે આખું જગત પુનરાવર્તિત થાય છે. તેથી કેટલો કાળ વિષયોમાં ઇન્દ્રિયો ઉચ્છૃંખલ રીતે પ્રવર્તાવી હોય અને જ્યારે વિવેકચક્ષુ પ્રગટે છે ત્યારે તે મહાત્માને વિષયોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ જાય છે તેથી તે વિષયોને ફરી જોવાનું કૌતુક થતું નથી. અને બોધ થાય છે કે મારી ઇન્દ્રિયો બધા વિષયોને ભોગવીને કૃતકૃત્ય થઈ ગઈ છે, તેથી તે ઇન્દ્રિયો વિષયોથી સ્વયં જ નિવર્તન પામે છે. ફરી વિષયોમાં પ્રવર્તતી નથી. આ પ્રકારનો ઇન્દ્રિયોનો જય ભગવાને કર્યો છે એમ અન્વય છે. અને આ સાવશેષકર્મોવાળા ચરમદેહવાળાના જ ઇન્દ્રિયોના જયનો પ્રકાર છે. ભારે કર્મવાળા જીવો વડે વળી, ઇન્દ્રિયોના વિકારના વિક્ષેપ માટે દમનના ઉપાયો આદરપૂર્વક સેવવા જોઈએ અને આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, તમારા વડે ઇન્દ્રિયજયના ઉપાયને સમ્યગ્ પ્રતિપદથી=યથાવત્ પ્રતિપેદાનથી=સમ્યગ્જ્ઞાનથી, ઇન્દ્રિયોનો વશીકાર કરાયો. ॥૧૪/૨॥

ભાવાર્થ :-

ભગવાને ચરમભવમાં કઈ રીતે ઇન્દ્રિયોનો જય કર્યો છે ? તે સ્પષ્ટ કરે છે. અનાદિ કાળથી જીવો જે વિષયો ભોગવે છે તે જ વિષયો ફરી ફરી દરેક ભવોમાં ભોગવે છે. છતાં, જે જીવોને આ વિષયો મારા વડે જોવાયા નથી તેવો બોધ વર્તે છે, તેથી તે વિષયોમાં કૌતુક થાય છે અર્થાત્ જોવામાં કૌતુક થાય છે અને તે વિષયોને જોવા માટે તેની ઇન્દ્રિયો સસ્પૃહ થાય છે. ત્યારે તેના ઉપર બળાત્કારથી નિયંત્રણ મૂકવામાં આવે તોપણ તે વિષયોની ઇચ્છા શાંત થતી નથી. જ્યારે ભગવાને ઘણાં વર્ષોથી સંયમ સેવી સેવીને પદાર્થના વાસ્તવિક સ્વરૂપનું તે રીતે ભાવન કરેલું છે તેથી સંયમ ગ્રહણ કરવા પૂર્વે જે ઇન્દ્રિયોના વિષયોમાં અલ્પઉત્સુકતા હતી તે નષ્ટપ્રાયઃ જેવી હતી, ત્યારે ભગવાને તેના ઉપર નિયંત્રણ મૂકીને ત્યાગમાર્ગ અપનાવ્યો નથી. તેથી ભગવાને ઇન્દ્રિયોને સંયમિત કરી નથી. વળી, જ્યારે વિષયોમાંથી આનંદ લેવાની કૌતુકવૃત્તિ શાંત થાય છે ત્યારે ઇન્દ્રિયો સ્વાભાવિક વિષયોથી પરાઙ્મુખ થાય છે. તેથી ભગવાને ઇન્દ્રિયોને ઉચ્છૃંખલ પણ કરી નથી. પરંતુ નિર્વિકારી અવસ્થામાં સ્વસ્થ રહેવાની પોતાની પ્રકૃતિ સહજ સાધેલ હોવાથી ઇન્દ્રિયો ઉપરના સંયમ વગર પણ ઇન્દ્રિયો વિકારને પ્રગટ કરતી ન હતી. એથી સમ્યક્ પ્રતિપદથી=સમ્યક્ જ્ઞાનથી, તમે ઇન્દ્રિયોનો જય કર્યો છે. અર્થાત્ સામાન્ય જીવોને ઇન્દ્રિયોના સાન્નિધ્યમાં સુખ થાય છે તેવું પણ જ્ઞાન વિદ્યમાન હોય છે. પરંતુ નિર્વિકારી ઇન્દ્રિયવાળી અવસ્થા સુખાત્મક છે તેવું જ્ઞાન જ્યાં સુધી અત્યંત જીવની પ્રકૃતિ રૂપે સ્થિર થાય નહીં ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ઇન્દ્રિયોથી થતા સુખને સુખ રૂપે કંઈક જોનારા હોય છે. તેથી, સુખના અર્થી એવા તેઓ ભોગાદિની પ્રવૃત્તિ કરે છે. પરંતુ ભગવાને ઘણા ભવોના અભ્યાસના બળથી સર્વથા નિર્વિકારી સુખ જ પારમાર્થિક સુખ છે, તે પ્રકારનો સ્પષ્ટ બોધ અત્યંત સ્થિર કરેલ છે. જેથી ઇન્દ્રિયો ઉપર નિયંત્રણા મૂક્યા વગર સહજ ઇન્દ્રિયો પોતાની ઉચ્છૃંખલતાનો ત્યાગ

કરે છે, જે ઇન્દ્રિયાર્થના ઉન્મનીભાવ સ્વરૂપ છે. તેવો ઇન્દ્રિયોનો જય ભગવાને કર્યો છે. તેથી વિષયોનો સંપર્ક પણ વિકાર ઉત્પન્ન કરી શકતો નથી. **॥૧૪/૨॥**

અવતરણિકા :-

एवं मनोऽक्षविजयानन्तरं किलाष्टाङ्गयोगप्रवृत्तिरित्यपि व्यवहृतिमात्रमेवेति दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે મનના અને ઇન્દ્રિયોના વિજયના અનંતર=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે ભગવાને, મનનો વિજય કર્યો અને ઇન્દ્રિયોનો વિજય કર્યો તે બતાવ્યા પછી, ખરેખર અષ્ટાંગયોગની પ્રવૃત્તિ છે એ પણ=ભગવાનને અષ્ટાંગયોગની પ્રવૃત્તિ છે એ પણ, વ્યવહૃતિ માત્ર જ છે=વ્યવહાર કરવા માત્ર રૂપ જ છે એ બતાવતાં કહે છે –

શ્લોક :-

योगस्याष्टाङ्गता नूनं, प्रपञ्चः कथमन्यथा ।
आबालभावतोप्येष, तव सात्म्यमुपेयिवान् ।।१४/३।।

શ્લોકાર્થ :-

યોગની અષ્ટાંગતા ખરેખર પ્રપંચ છે=વિસ્તાર માત્ર છે, અર્થાત્ અન્ય યોગીઓ માટે તે ક્રમ ઉપયોગી છે પરંતુ ભગવાન માટે તે પ્રપંચ સેવવાની આવશ્યકતા નથી. અન્યથા=ભગવાનને માટે યોગની અષ્ટાંગતા પ્રપંચના જેવી ન હોય તો કેવી રીતે બાલ્યભાવથી જ તમારો આ=યોગ, સાત્મ્યભાવને=સ્થિરભાવને, પ્રાપ્ત કરે. ॥૧૪/૩॥

ટીકા :-

हे योगसागरपारीण ! भगवन् ! येयं योगशास्त्रादिषु योगस्याष्टाङ्गता यम, नियम, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान, समाधि, लक्षणा श्रूयते, सापि निपुणं निरूप्यमाणा प्रपञ्च इव प्रक्रियागौरवमिव प्रतिभाति, किमित्याह-कथमन्यथा, अन्यथा=प्रपञ्चाभावे, एष योगस्तव कथं सात्म्यं शैलेशीमुपेयिवान् । कुतः प्रभृतीत्याह-आबालभावतः आशैशवात् । अयमाशयः—भगवतो हि गर्भावतारात्प्रभृति ज्ञानत्रयधरस्य सहचर एव योगः, या चेयमष्टाङ्गता सा सामान्ययोगिजनापेक्षया, जगन्नाथस्तु योगिनाथः ततस्तस्य सात्म्यमेव योगस्येति न किञ्चिदसङ्गतम् ।।१४/३।।

ટીકાર્થ :-

हे योगसागर ..... किञ्चिदसङ्गतम् ।। હે યોગસાગરપારીણ ભગવાન !=યોગરૂપી સમુદ્રના પારને પામેલા ભગવાન ! જે આ યોગશાસ્ત્રોમાં યોગની અષ્ટાંગતા સંભળાય છે=યમ, નિયમ, આસન,

પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ લક્ષણ અષ્ટાંગનાં સંભળાય છે, તે પણ નિપુણ રીતે વિચારાતી પ્રપંચની જેમ=પ્રક્રિયાના ગૌરવની જેમ પ્રતિભાસે છે.

કેમ યોગની અષ્ટાંગતા પ્રક્રિયા ગૌરવની જેમ ભાસે છે ? એથી કહે છે –

'કેવી રીતે અન્યથા' અન્યથા=પ્રપંચના અભાવમાં=યમનિયમાદિના સમૂહના અભાવમાં, તમારો યોગ કેવી રીતે સાત્મ્યભાવને=શૈલેશીને=સ્થિરભાવને, પામ્યો. ક્યારથી માંડીને એથી કહે છે=ક્યારથી માંડીને ભગવાનને યોગનાં આઠ અંગો સાત્મ્યભાવને પામ્યાં એથી કહે છે. આ બાલભાવથી=શૈશવકાલથી, યોગનાં આઠ અંગો સ્થિરભાવને પામ્યાં છે. આ આશય છે. ગર્ભના અવતારથી માંડીને જ્ઞાનત્રયના ધારણ કરનારાના ભગવાનનો સહચર જ યોગ છે અને જે આ આઠ અંગતા છે=યોગની આઠ અંગતા છે, તે સામાન્ય યોગીજનની અપેક્ષાએ છે. વળી, જગતના નાથ યોગીઓના નાથ છે તેથી તેઓને યોગનું સાત્મ્ય જ છે=યોગનો સ્થિરભાવ જ છે. તેથી કંઈ અસંગત નથી. ॥૧૪/૩॥

ભાવાર્થ :-

મોક્ષની પ્રાપ્તિનું કારણ બને તેવી જીવની પરિણતિને અનુકૂળ ઉચિત આચરણા યોગ છે. અને તેનાં આઠ અંગો છે. જેને ક્રમસર સેવીને યોગીઓ તે આઠ અંગોમાં નિપુણ બને છે. તે યોગનાં આઠ અંગો ખરેખર વિસ્તાર જેવાં છે=લાંબી પ્રક્રિયાવાળાં પ્રતિભાસે છે એ પ્રમાણે સ્તુતિકારશ્રી કહે છે. કેમ યોગનાં તે આઠ અંગો દીર્ઘ પ્રક્રિયા જેવાં સ્તુતિકારશ્રીને જણાય છે તેમાં જ યુક્તિ આપે છે. જો તે યોગનાં આઠ અંગો દીર્ઘ પ્રક્રિયા જેવાં ન હોય તો ભગવાનને જન્મથી માંડીને જ તે યોગ સ્થિરભાવને કેમ પ્રાપ્ત થયો. ભગવાને જન્મથી માંડીને યોગનો સ્થિરભાવ પ્રાપ્ત કર્યો તે જ બતાવે છે કે ભગવાનના માટે તેવી દીર્ઘ પ્રક્રિયામાં જવાની જરૂર રહી નહીં. પરંતુ તત્કાલ યોગને પામી શક્યા અને જેઓ ભગવાનની જેમ યોગના સ્થિરભાવને પામી શકે તેવા નથી તેવા યોગીઓ માટે જ યોગનાં આઠ અંગ ક્રમસર પ્રાપ્ત કરવાની પ્રક્રિયા રૂપ ગૌરવ આશ્રય કરવા જેવો છે. પરંતુ ભગવાન માટે તો તેવી પ્રક્રિયા-ગૌરવ નિરર્થક છે. આથી જ ગર્ભથી માંડીને નિર્મલકોટિના જ્ઞાનવાળા ભગવાને યોગભાવને સ્થિરભાવ રૂપે પ્રાપ્ત કર્યો. **॥૧૪/૩॥**

અવતરણિકા :-

न च योगप्राप्तिक्रम एव तवालौकिकः किन्त्विदमपीत्याह –

અવતરણિકાર્થ :-

યોગની પ્રાપ્તિનો ક્રમ જ તમારો અલૌકિક નથી. પરંતુ આ પણ અલૌકિક છે –

ભાવાર્થ :-

શ્લોક-૩માં કહ્યું કે યોગીઓ ક્રમસર યોગનાં આઠ અંગોને પ્રાપ્ત કરે છે. પરંતુ ભગવાને તે ક્રમ વગર યોગની પ્રાપ્તિ કરી તેથી ભગવાનનો યોગની પ્રાપ્તિનો ક્રમ તો અલૌકિક છે. પરંતુ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે એ પણ અલૌકિક છે.

શ્લોક :-

विषयेषु विरागस्ते, चिरं सहचरेष्वपि ।
योगे सात्म्यमदृष्टेऽपि, स्वामिन्निदमलौकिकम् ।।१४/४।।

શ્લોકાર્થ :-

ચિરકાળથી સહચરિત પણ વિષયોમાં તમારો વિરાગ છે, પૂર્વમાં નહીં જોવાયેલા પણ યોગમાર્ગમાં સાત્મ્ય છે=એકીભાવ છે. હે સ્વામી આ અલૌકિક છે. ।।૧૪/૪।।

ટીકા :-

हे स्वामिन् ! तवेदमप्यलौकिकम्, किमित्याह-यद्विषयेषु शब्दादिष्वुत्तमेषूपनतेष्वपि निसर्गत एव विरागः, यदि पुनः पूर्वमपरिचितास्ते भविष्यन्तीत्याह-चिरं सहचरेष्वपि=चिरमनादिभववासात्प्रभृति सहचरेषु प्रतिभवोपलालितेष्वपि विरक्तिर्भवहेतुत्वात्तेषां, योगे चादृष्टे पूर्वमपरिचिते सद्यः सङ्घटितेऽपि सात्म्यमेकीभावस्तस्यैव मोक्षाङ्गत्वादित्येतदपि तवालौकिकं=लोकोत्तरमिति ।।१४/४।।

ટીકાર્થ :-

हे स्वामिन् ! ..... लोकोत्तरमिति ।। હે સ્વામી ! તમારું આ પણ અલૌકિક છે.

શું અલૌકિક છે ? તેથી કહે છે –

ઉપનત પણ=પ્રાપ્ત પણ, ઉત્તમ એવા શબ્દાદિ વિષયોમાં નિસર્ગથી જ જે વિરાગ છે એ અલૌકિક છે એમ અન્વય છે. જો વળી, તે વિષયો પૂર્વમાં અપરિચિત હશે એથી વૈરાગ્ય છે, એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે. ચિરકાળ સહચરવાળા પણ વિષયોમાં=ચિર અર્થાત્ અનાદિ ભવવાસથી માંડીને સહચરવાળા દરેક ભવોમાં ઉપલાલિત પણ વિષયોમાં=દરેક ભવમાં પ્રીતિપૂર્વક સેવાયેલા પણ વિષયોમાં, વિરક્તિ છે; કેમ કે તેઓનું ભવનું હેતુપણું છે=વિષયોનું ભવનું હેતુપણું છે. અને અદૃષ્ટ એવા યોગમાં=અનંતકાળમાં પૂર્વમાં અપરિચિત તત્કાલ સંઘટિત પણ યોગમાં=અનંતકાળમાં પૂર્વે ક્યારેય સેવ્યો નથી અને તત્કાલ પ્રાપ્ત થયો છે એવા મોક્ષમાર્ગમાં, સાત્મ્યભાવ=ભગવાનનો એકીભાવ છે; કેમ કે તેનું જ મોક્ષાંગપણું છે=યોગમાર્ગનું જ મોક્ષાંગપણું છે. આ પણ તમારું અલૌકિક=લોકોત્તર છે. ।।૧૪/૪।।

ભાવાર્થ :-

સંસારી જીવો અનંતકાળથી દરેક ભવોમાં બાહ્યભોગોમાં જ વિલાસ કરનારા છે. અને ભગવાનનો આત્મા પણ તે જ રીતે અનંતકાળથી ભોગમાં વિલાસ કરનારા હતો. તેથી બાહ્ય સુંદર ભોગસામગ્રીને પામીને તેમાંથી આનંદનો અનુભવ કરવો એ જીવ માટે સહજ પ્રકૃતિ બનેલી છે. તેથી વિષયોમાં પ્રાયઃ જીવોને વિરાગ થતો નથી. પરંતુ ભોગવિલાસમાં જ જીવો પ્રાપ્ત થયેલા ભવને નિષ્ફળ કરે છે, તે રીતે

ભગવાનના આત્માએ પણ પૂર્વમાં અનંતકાળમાં તે રીતે ભોગવિલાસમાં ઘણા ભવો પસાર કર્યા હતા. ભોગમાંથી આનંદ લેવાની વૃત્તિ અત્યંત સ્થિર કરેલી હતી છતાં જ્યારે ભગવાનને યથાર્થ બોધ થયો કે આ વિષયોમાં સંશ્લેષનો પરિણામ ભવભ્રમણનો હેતુ છે ત્યારે ભગવાનને તે વિષયોમાં અત્યંત વિરક્તભાવ થયો. અને પૂર્વમાં અનંતકાળમાં ક્યારેય યોગમાર્ગને પોતે સેવ્યો નથી પરંતુ જ્યારે ભગવાનને સમ્યક્ બોધ થયો કે આ યોગમાર્ગનું સેવન જ વર્તમાનમાં સુખનો હેતુ છે, આગામી સુખની પરંપરાનો હેતુ છે અને મોક્ષમાં અર્થાત્ પૂર્ણ સુખમય એવી આત્માની અવસ્થામાં, વિશ્રાંત થનારો છે. તેથી તે યોગમાર્ગ પ્રત્યે ભગવાનનું ચિત્ત સાત્મ્યભાવવાળું થયું અર્થાત્ અત્યંત પરિચિત એવા વિષયોમાં વિરક્ત થયું અને અપરિચિત એવા યોગમાર્ગમાં ચિત્ત અત્યંત સ્થિર થયું. જેથી કર્મનું ઉન્મૂલન કરીને ભગવાન વીતરાગ સર્વજ્ઞ થયા. તેની સ્તુતિ કરતાં સ્તવનકારશ્રી કહે છે– હે સ્વામી ! તમારું આ અલૌકિક છે; કેમ કે અત્યંત પરિચિત એવા વિષયોમાં લોકો વિરક્ત થતા નથી અને યોગમાર્ગમાં સ્થિર ચિત્તવાળા જીવો પ્રાયઃ થઈ શકતા નથી. જ્યારે તમે તે પ્રકારે સહજભાવથી કર્યું છે તે તમારું અલૌકિક ચરિત્ર છે. **॥૧૪/૪॥**

અવતરણિકા :-

तथा भगवतः केवलोत्पत्तेरनन्तरं परिपक्वित्रमयोगफलस्य समुचितैव समशत्रुमित्रता, किन्तु छद्मस्थस्य परिपच्यमानयोगफलस्यापि लोकोत्तरैव समतेत्युपदर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

અને પરિપક્વિમ યોગફલવાળા ભગવાનની કેવલ ઉત્પત્તિ પછી સમશત્રુમિત્રતા સમુચિત જ છે. પરંતુ પરિપચ્યમાન યોગફલવાળા પણ છદ્મસ્થ એવા ભગવાનની લોકોત્તર સમતા છે. એ બતાવતાં સ્તવનકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ભગવાને યોગમાર્ગની સાધનાનો પ્રારંભ કર્યો ત્યારે યોગ જીવની પરિપક્વ ભૂમિકાવાળો ન હતો પરંતુ પરિપચ્યમાન ભૂમિકાવાળો હતો. ભગવાન જ્યારે સાધનાના બળથી વીતરાગ સર્વજ્ઞ બને છે ત્યારે યોગ પરિપક્વ ભૂમિકાવાળો બને છે. વળી યોગ પરિપક્વ ભૂમિકાવાળો બને ત્યારે ભગવાનને જગતના સર્વભાવો પ્રત્યે સમભાવના પરિણામરૂપ સમશત્રુમિત્રતા સંભવી શકે છે, પરંતુ હજી યોગમાર્ગનું સેવન નિષ્ઠા સુધી પહોંચ્યું નથી તેવી છદ્મસ્થ અવસ્થામાં ભગવાન યોગમાર્ગનું સેવન કરીને યોગમાર્ગની નિષ્ઠા સુધી જવા માટે યત્ન કરી રહ્યા છે ત્યારે પણ તેઓમાં વર્તતો સમતાનો પરિણામ લોકોત્તર જ છે. સામાન્ય લોકોમાં તેવી સમતાનો સંભવ નથી તે બતાવવા અર્થે કહે છે.

શ્લોક :-

तथा परे न रज्यन्त, उपकारपरे परे ।
यथाऽपकारिणि भवानहो सर्वमलौकिकम् ।।१४/५।।

શ્લોકાર્થ :-

ઉપકારપરમાં=ઉપકારમાં તત્પર એવા બીજા જીવોમાં, પર=અન્યદર્શનવાળા, તે પ્રમાણે પ્રીતિ કરતા નથી, જે પ્રમાણે અપકારી એવા પરમાં=પોતાના ઉપર ઉપસર્ગ કરનારા એવા પરમાં, તમે પ્રીતિને વહન કરો છો. અહો ! સર્વ અલૌકિક છે=તમારું સર્વ કૃત્ય અલૌકિક છે. ।।૧૪/૫।।

ટીકા :-

हे लोकोत्तरचरित्रोद्भासित ! भगवन् ! परे=योगरहस्यविश्रान्तिशून्याः कुतीर्थिनः, परेऽन्यस्मिन्नुपकारपरे प्रवर्त्तितोपकारेप्यधिकाधिकोपकृतिस्पृहया, तथा=तेन प्रकारेण, न रज्यन्ते=न प्रीतिमुद्वहन्ति, यथाऽपकारिणि सङ्घटितदुर्गोपसर्गेऽपि-अहो साधु कर्मक्षयप्रवृत्तस्य ममायमनाहूतसहायः संपन्न इति-परेऽन्यस्मिन् भवान् प्रीतिमुद्वहति, अहो इति विस्मये, तदेवं यद्यत्तव चरित्रमनुस्मर्यते तत्तत्सर्वमलौकिकं लोकोत्तरमेवेति ।।१४/५।।

ટીકાર્થ :-

हे लोकोत्तरचरित्रो ..... लोकोत्तरमेवेति ।। હે લોકોત્તર ચરિત્ર ઉદ્ભાસિત ભગવાન !=હે લોકોત્તર ચરિત્રને પ્રગટ કરનારા એવા ભગવાન ! પર=યોગના રહસ્યમાં વિશ્રાંતિશૂન્ય એવા કુતીર્થિકો=જેઓએ અંતરંગ યોગની પરિણતિનું રહસ્ય લેશ પણ જાણ્યું નથી તેવા કુતીર્થિકો, પરમાં=ઉપકારમાં પર એવા અન્યમાં=પ્રવર્તિત ઉપકારવાળામાં પણ=જેણે પોતાના ઉપર ઉપકાર કર્યો છે તેવા જીવોમાં પણ, અધિક અધિક ઉપકારની સ્પૃહાથી તે પ્રકારે પ્રીતિને વહન કરતા નથી, જે પ્રકારે અપકારીમાં=સંઘટિત તીવ્ર ઉપસર્ગ કરનારા પણ પરમાં, બોલાવાયા વગર આ કર્મક્ષયપ્રવૃત્ત એવા મને સહાયક થયા. અહો એ સુંદર છે. એ પ્રકારે તમે પરમાં પ્રીતિને વહન કરો છો. અહો=શ્લોકમાં રહેલો "અહો" શબ્દ, વિસ્મય અર્થમાં છે. આ રીતે જે જે તમારું ચરિત્ર અનુસ્મરણ કરાય છે તે તે સર્વ અલૌકિક=લોકોત્તર, જ છે. ।।૧૪/૫।।

ભાવાર્થ :-

જે જીવોએ યોગનું રહસ્ય પ્રાપ્ત કર્યું નથી તેઓ ધર્મની પ્રવૃત્તિ કરતા હોય તોપણ કુતીર્થિકો છે. તેથી તેઓને અનુકૂલ બાહ્ય પ્રાપ્તિ જ સાર જણાય છે. અને પ્રતિકૂલ બાહ્ય પ્રાપ્તિ અસાર જણાય છે. તેવા કુતીર્થિકોને કોઈ મહાત્મા ગમે તેટલો ઉપકાર કરે ત્યારે તેઓને તેમના પ્રત્યે કંઈક પ્રીતિ થાય છે. તોપણ તેમના પાસેથી અધિક અધિક ઉપકારની પ્રાપ્તિ થાય તેવી સ્પૃહા વર્તે છે. પરંતુ આ જ પરમાર્થથી મારા ઉપકારી છે તે પ્રકારની વિશિષ્ટ પ્રીતિ પ્રાયઃ થતી નથી. જ્યારે ભગવાને તો યોગનું રહસ્ય પ્રાપ્ત કર્યું છે. તેથી પોતાના સમભાવના કંડકોની વૃદ્ધિમાં જે સહાયક થાય તે સર્વને ઉપકારી રૂપે જ જુએ છે. તેથી ભગવાનના ઉપર અત્યંત ઉપસર્ગો કરીને અપકાર કરવામાં તત્પર થયેલા જીવોને જોઈને પણ સાધનાકાળમાં ભગવાનને અધ્યવસાય થાય છે કે બોલાવ્યા વગર આ જીવ મને સમભાવની પરિણતિની વૃદ્ધિમાં સહાય

બન્યો. તેથી આ ઉપસર્ગ કરનાર પણ મારા માટે સુંદર છે. તેથી સામાન્ય જીવોને ઉપકાર કરનારા પ્રત્યે પણ જેવી પ્રીતિ થતી નથી તેવી અતિશય પ્રીતિ ગાઢ ઉપસર્ગો કરનારા પ્રત્યે પણ ભગવાનના ચિત્તમાં વર્તતી હતી તે આશ્ચર્યકારી ભગવાનનું લોકોત્તર ચરિત્ર છે.

વસ્તુતઃ જે જીવોને બાહ્યપદાર્થોની પ્રાપ્તિમાં જ પ્રીતિ છે તેવા જીવોને બાહ્ય રીતે જે પોતાને અનુકૂળ હોય છે તેમના પ્રત્યે પ્રીતિ થાય છે, છતાં તેમના તરફથી અધિક અધિક લાભ થાય તેવી આકાંક્ષા સદા રહે છે અને અધિક અધિક લાભ ન થાય તો તે પ્રીતિ પણ પ્રાયઃ નષ્ટ જેવી થાય છે; કેમ કે બાહ્યપદાર્થની પ્રાપ્તિમાં જ તેમને પ્રીતિ છે અને તેના અંગ રૂપે જ ઉપકારી પ્રત્યે પ્રીતિ છે. વળી ભગવાન તો યોગના રહસ્યને જાણનારા હતા તેથી સમભાવની પરિણતિમાં જ ભગવાનને પ્રીતિ હતી. તેથી ગાઢ ઉપસર્ગ કરનારા જીવો પણ જ્યારે ભગવાનના સમભાવની વૃદ્ધિના નિમિત્ત બનતા હોય છે, ત્યારે ભગવાનને તેઓ પ્રત્યે તેવી પ્રીતિ થાય છે કે આ જીવે મારા સમભાવની વૃદ્ધિ કરીને સુંદર કર્યું છે અર્થાત્ મારા માટે સુંદર કર્યું છે. તેથી મુગ્ધ જીવો જે પ્રકારે જોનારા છે તેના કરતાં તત્ત્વને જોનારા ભગવાનનું ચરિત્ર અલૌકિક છે. આ રીતે ભગવાનની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી પણ ભગવાન જેવું ઉત્તમ ચિત્ત પ્રગટ કરવા માટે પ્રયત્ન કરે છે; કેમ કે સ્તુત્યના ગુણોની સ્તુતિ જ સ્તુત્યતુલ્ય થવાનું બળ આધાન કરે છે. **॥૧૪/૫॥**

અવતરણિકા :-

પુનર્ભગવતો યોગસમૃદ્ધિજં સામ્યમુત્કર્ષયન્નાહ –

અવતરણિકાર્થ :-

ફરી ભગવાનની યોગસમૃદ્ધિથી થનારા સામ્યનો ઉત્કર્ષ બતાવતાં સ્તવનકારશ્રી કહે છે –

શ્લોક :-

हिंसका अप्युपकृता, आश्रिता अप्युपेक्षिताः ।
इदं चित्रं चरित्रं ते, के वा पर्यनुयुञ्जताम् ।।१४/६।।

શ્લોકાર્થ :-

હિંસકો પણ ઉપકાર કરાયા અને આશ્રિત પણ ઉપેક્ષા કરાયા આ ચિત્ર પ્રકારનું તમારું ચરિત્ર છે. કોણ બુદ્ધિમાન પ્રશ્ન કરે ? અર્થાત્ આવું ભગવાને કેમ કર્યું એમ કોણ બુદ્ધિમાન પ્રશ્ન કરે ? અર્થાત્ કોઈ કરે નહીં; કેમ કે એ જ ભગવાનનું અલૌકિક ચરિત્ર છે. ॥૧૪/૬॥

ટીકા :-

हे स्वामिन् ! त्वया हिंसका दुर्धरक्रोधोद्बद्धबुद्धयोऽपि परमकारुणिकेनोपकारिण इवोपकृताः=शान्तेऽध्वनि सञ्चारिताः, यथा भगवता श्रीवर्धमानस्वामिना शूलपाणिचण्डकौशिकप्रभृतयः, तथा आश्रिता=निर्निक्त-भक्तिव्यक्तिजुषः सततं च चरणसरोजसेवाहेवाकिनोऽप्यपरिचितेनेव त्वयोपेक्षिता=औदासीन्येन वीक्षिताः,

यथा तेनैव स्वामिना मङ्खात्मजनिसृष्टप्रलयानलप्रतिमतेजःपुञ्जजाज्वल्यमानतनू सर्वानुभूतिसुनक्षत्रमुनी तदिदमेवंविधं चित्रमाश्चर्यचर्याकरमलौकिकं तव चरित्रम्, के वा कृतधियोऽपि पर्यनुयुञ्जताम्, किमर्थमिदमेवं स्वामी करोतीति प्रष्टुमप्युत्सहन्तामित्यहो तवाद्भुता वीतरागतासहचरिता समतेति ।।१४/६।।

ટીકાર્થ :-

હે સ્વામિન્ ! ..... સમતેતિ ।। હે સ્વામી, હિંસકો=દુર્ધર ક્રોધથી ઉદ્બદ્ધ બુદ્ધિવાળા પણ હિંસકો, પરમ કારુણિક એવા તમારા વડે ઉપકારીની જેમ ઉપકાર કરાયા=શાંતમાર્ગમાં સંચારણ કરાયા, જે પ્રમાણે ભગવાન વર્ધમાન સ્વામી વડે શૂલપાણિ, ચંડકૌશિક વગેરે શાંતમાર્ગમાં સંચારણ કરાયા. અને વિશુદ્ધ ભક્તિની અભિવ્યક્તિથી યુક્ત એવા અને સતત ચરણરૂપી કમળની સેવાના હેવાવાળા આશ્રિતો પણ અપરિચિતની જેમ તમારા વડે ઉપેક્ષા કરાયા=ઔદાસીન્યથી જોવાયા, જે પ્રમાણે તે જ સ્વામી વડે=ચંડકૌશિક વગેરે ઉપર ઉપકારના કરનારા તે જ વીરભગવાન વડે, મંખલીપુત્ર ગોશાળાથી મુકાયેલ પ્રલયકાળના અગ્નિ જેવા તેજપુંજથી જાજ્વલ્યમાન શરીરવાળા સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિ ઔદાસીન્યથી જોવાયા. તે આ આવા પ્રકારનું ચિત્ર=આશ્ચર્યની ચર્યાને કરનારું, અલૌકિક એવું તમારું ચરિત્ર કોણ કૃતબુદ્ધિવાળા પણ=કોણ વિશાલ બુદ્ધિવાળા પણ, પૂછી શકે.

શું પૂછે ? એ સ્પષ્ટ કરે છે –

શેના માટે સ્વામી આ પ્રકારે કરે છે=હિંસકોનો ઉદ્ધાર કરે છે અને આશ્રિતોની ઉપેક્ષા કરે છે, એ પ્રકારે પૂછવા માટે પણ ઉત્સાહિત થાય એથી આશ્ચર્યકારી તમારી વીતરાગતા સહચરિત સમતા અદ્ભુત છે. ।।૧૪/૬।।

ભાવાર્થ :-

ભગવાન છદ્મસ્થ અવસ્થામાં હતા ત્યારે શૂલપાણિ, ચંડકૌશિક વગેરે અત્યંત ક્રુદ્ધ થઈને ભગવાનનો વધ કરવા માટે તત્પર થયા. તોપણ પરમ કરુણાવાળા ભગવાને તેઓને શાંતરસમાં સંચારણ કરીને તેમના ઉપર ઉપકાર કર્યો, પરંતુ આ અમારો વધ કરવા ઇચ્છે છે એમ જાણવા છતાં લેશ પણ તેમના પ્રત્યે ભગવાને ક્રોધ કર્યો નથી અને ઉપેક્ષા પણ કરી નથી; કેમ કે તેઓ દુરંત સંસારમાં જાય અને દુર્ગતિઓની પ્રાપ્તિ કરે તે ભગવાનને ઇષ્ટ ન હતું. પરંતુ કઈ રીતે તેમનું હિત થાય તેમની ચિંતા કરીને તેમને સન્માર્ગમાં ભગવાને સ્થાપન કર્યા. વળી ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિવાળા એવા સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિ હતા છતાં ગૌશાલો જ્યારે તેમને તેજોલેશ્યાથી બાળે છે ત્યારે તેજોલેશ્યાથી બળતા એવા તેમને જોઈને પણ તેનાથી તેઓનું રક્ષણ કરવા માટે ભગવાને કોઈ યત્ન કર્યો નથી; કેમ કે સન્માર્ગને પામેલા તે મહાત્માઓ બળવા છતાં આરાધના કરીને હિત જ સાધશે તેથી તેમના દેહના રક્ષણની બાહ્ય ચિંતા ભગવાને કરી નથી. આ રીતે, પોતાને ઘાત કરનારા જીવોનો ભગવાને ઉપકાર કર્યો અને પોતાના પ્રત્યે ભક્તિવાળા જીવોની પ્રત્યે પણ ઉપેક્ષા કરી એ પ્રકારનું વિવેકપૂર્વકનું ઉચિત વર્તન ભગવાનનું છે. તે ચિત્ર

ચરિત્ર કોણ પ્રશ્ન કરી શકે? અર્થાત્ આવું ભગવાને કેમ કર્યું એ પ્રકારનો પ્રશ્ન કોણ કરી શકે ? અર્થાત્ કોઈ કરી શકે નહીં; કેમ કે ભગવાનમાં વીતરાગતા સહચરિત અદ્‌ભુત સમતા છે. તે જ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરાવે છે. તેથી, જે રીતે જેનું પારમાર્થિક હિત થાય તે રીતે ભગવાન વર્તે છે. **॥૧૪/૬॥**

અવતરણિકા :-

न च निन्दास्तुतितिरस्कारपुरस्कारेष्वेव तवौदासीन्यम्, किन्तु स्वात्मन्यपीत्युपदर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

નિંદા, સ્તુતિ, તિરસ્કાર, પુરસ્કારમાં જ તમારું ઔદાસીન્ય નથી પરંતુ સ્વ-આત્મામાં પણ ઔદાસીન્ય છે. અર્થાત્ નિંદા, સ્તુતિ આદિમાં તો ઔદાસીન્ય છે. પરંતુ પોતાના આત્મામાં પણ ભગવાનનું ઔદાસીન્ય છે. તે પ્રકારે બતાવતાં સ્તવનકારશ્રી કહે છે –

શ્લોક :-

तथा समाधौ परमे, त्वयात्मा विनिवेशितः ।
सुखी दुःख्यस्मि नास्मीति, यथा न प्रतिपन्नवान् ।।१४/७।।

શ્લોકાર્થ :-

તે પ્રકારે પરમ સમાધિમાં તમારા વડે આત્મા=પોતાનો આત્મા, વિનિવેશિત કરાયો=વિશેષ પ્રકારે સ્થાપન કરાયો. જે પ્રકારે હું સુખી છું, દુઃખી છું, હું સુખી નથી, દુઃખી નથી એ પ્રમાણે જાણતા નથી. ॥૧૪/૭॥

ટીકા :-

हे भगवन् ! त्वया तथा=तेन प्रकारेण, परमे=त्वदितरयोगिनामगम्ये, समाधौ=परमाध्यात्मलये, आत्मा विनिवेशितो निष्प्रकम्पतामारोपितः, यथा-अहं सुखी यदि वा दुःखी अस्मि नास्मीत्येतदपि न प्रतिपन्नवान् चिदानन्दात्मनि निलीनो न वेत्ति भवान् ।।१४/७।।

ટીકાર્થ :-

हे भगवन् ! त्वया ..... वेत्ति भवान् ।। હે ભગવાન ! તમારા વડે તે પ્રકારે પરમ સમાધિમાં=તમારાથી ઇતર યોગીઓને અગમ્ય એવા પરમ અધ્યાત્મલયમાં, આત્મા=પોતાનો આત્મા, વિનિવેશિત કરાયો= નિષ્પ્રકંપતા આરોપણ કરાયો. બાહ્યપદાર્થો સાથે લેશ પણ સંશ્લેષ ન પામે અને આત્માના નિરાકુળ સ્વભાવમાં નિષ્પ્રકંપ પોતાના આત્માનું અવસ્થાન થાય તે પ્રકારે આત્માને સ્થિર કરાયો. જે રીતે હું સુખી છું, અથવા દુઃખી નથી અર્થાત્ સુખી છું, દુઃખી નથી, એ પણ તમે જાણતા નથી=જ્ઞાનના આનંદ રૂપ આત્મામાં નિલીન થયેલા તમે જાણતા નથી. ॥૧૪/૭॥

ભાવાર્થ :-

ભગવાન કેવી શ્રેષ્ઠ સમાધિમાં છે તેનું પારમાર્થિક સ્વરૂપ બતાવતાં સ્તુતિકારશ્રી કહે છે. હે ભગવંત તમે તે પ્રકારે પોતાના આત્માને પરમ સમાધિમાં સ્થાપન કર્યો જેથી બાહ્યપદાર્થોની સાથે તો તમારું ચિત્ત લેશ પણ સંશ્લેષ પામતું નથી. પરંતુ પોતાના અંતરંગ ભાવો સાથે પણ સંશ્લેષ પામતું નથી. તેથી જ, પોતાને દેહકૃત શાતા વર્તે છે કે ચિત્તની સ્વસ્થતાકૃત સુખનું વેદન થાય છે. ત્યાં પણ હું સુખી છું તે પ્રકારનો વિકલ્પ થતો નથી. શરીરકૃત અશાતા વર્તે છે. ત્યાં પણ હું દુઃખી છું એ પ્રકારનો વિકલ્પ થતો નથી. એટલું જ નહીં પણ હું સુખી નથી, તેમ પણ વિકલ્પ થતો નથી. અર્થાત્ ઉપસર્ગો આદિ વર્તે છે ત્યારે હું સુખી નથી તેમ પણ વિકલ્પ વર્તતો નથી કે પોતાને કોઈ જાતનું દુઃખ ન હોય ત્યારે હું દુઃખી નથી એ પણ વિકલ્પ વર્તતો નથી. પરંતુ ચૈતન્યના આનંદ સ્વરૂપ જે આત્માનું સ્વરૂપ છે તેમાં વિલીન થયેલું તમારું ઉત્તમ ચિત્ત છે. તેથી ભગવાનને કોઈ પ્રકારનો ઇચ્છાજન્ય વિકલ્પ થતો નથી. પરંતુ સર્વ વિકલ્પથી પર આત્માના નિરાકુલભાવમાં જ ભગવાન સુસ્થિત છે. જે પરમ સમાધિને અન્ય યોગીઓ પણ પ્રાપ્ત કરી શકતા નથી. **॥૧૪/૭॥**

અવતરણિકા :-

यस्माच्च सुखदुःखसत्त्वासत्त्वानि ध्यानावसरे विलीयन्ते तमेव स्वामिनो योगमहिमानमुदीरयन्नाह –

અવતરણિકાર્થ :-

અને જે કારણથી સુખ, દુઃખ, સત્ત્વ, અસત્ત્વ ધ્યાનઅવસરમાં વિલીન થાય છે તે જ સ્વામીના યોગના મહિમાને પ્રગટ કરતાં સ્તવનકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ભગવાન જ્યારે પરમ સમાધિમાં વર્તે છે ત્યારે હું સુખી છું, દુઃખી છું, મારું દેહમાં સત્ત્વ છે અથવા હું મારા આત્મામાં લીન છું એ રૂપે મારું સત્ત્વ છે અથવા હું પરભાવમાં નથી એ રૂપે મારું અસત્ત્વ છે એ સર્વ ધ્યાનના અવસરમાં જે કારણથી ભગવાનનાં વિલીન થાય છે તે જ સ્વામીના યોગનો મહિમા છે. તેને બતાવતાં સ્તવનકારશ્રી કહે છે –

શ્લોક :-

ध्याता ध्येयं तथा ध्यानं, त्रयमेकात्मतां गतम् ।
इति ते योगमाहात्म्यं, कथं श्रद्धीयतां परैः ।।१४/८।।

શ્લોકાર્થ :-

ધ્યાતા=ધ્યાન કરનારો આત્મા, ધ્યેય=સર્વ કર્મ રહિત સિદ્ધનું સ્વરૂપ, ધ્યાન=ધ્યાતા દ્વારા ધ્યેયની સાથે પ્રવર્તતો એકાગ્ર ઉપયોગ, ત્રય=ધ્યાતા, ધ્યેય, અને ધ્યાનરૂપ ત્રય, એકાત્મતાને

પામેલ છે એ પ્રકારનું તમારું યોગમાહાત્મ્ય કેવી રીતે બીજાઓ વડે શ્રદ્ધા કરાય. અર્થાત્ ભગવાનના યોગનું માહાત્મ્ય મિથ્યાદૃષ્ટિ જીવ ક્યારેય સમજી શકે નહીં. ।।૧૪/૮।।

ટીકા :-

હે યોગોપનિષન્નિષણ્ણ ! સ્વામિન્ ! તવ યોગમાહાત્મ્યં પરૈઃ કથં શ્રદ્ધીયતામ્ ? કિમિત્યાહ–'ઇતિ', ઇતીતિ કિં ? ત્રયમેકાત્મતાં ગતમ્, કિં તત્ત્રયં ? ધ્યાતા ધ્યેયં ધ્યાનં ચ, તત્ર ધ્યાતા ક્ષપકશ્રેણ્યારૂઢઃ, ધ્યેયં ષડ્જીવનિકાયહિતં પરમાત્મતત્ત્વમ્, ધ્યાનં ચ ધ્યેયવિષયા એકપ્રત્યયસન્ત્તતિઃ એતચ્ચ ત્રયમપ્યર્વાક્પરિપચ્યમાન-ધ્યાનાવસ્થાયાં પૃથગ્ ભવતિ ક્રમેણ ચ સમુન્મીલિતે ધ્યાનપરિપાકે એકાત્મતાં યાતિ=ધ્યાતૃધ્યાને ધ્યેયે એવ નિલીયેતે, તદા ચાહં સુખી દુઃખી અસ્મિ નાસ્મીત્યાદિ ન વેદયતે, તદેવંપ્રકારં તવ યોગમાહાત્મ્યં પરૈઃ= સૂક્ષ્માધ્યાત્મવર્ત્મન્યપ્રવિષ્ટહૃદયૈઃ, કથં=કેન પ્રકારેણ, શ્રદ્ધીયતાં=તથેતિપ્રત્યયપૂર્વં હૃદિ નિધીયતામ્ ? સા ચ તેષામેવાયોગ્યતા, તવ તુ સ્વાનુભવસુભગે વસ્તુનિ કિં પરપ્રત્યાયનેનેતિભાવઃ ।।૧૪/૮।।

ઇતિ શ્રીવીતરાગસ્તોત્રે ચતુર્દશસ્ય યોગશુદ્ધિસ્તવસ્ય પદયોજના ।

ટીકાર્થ :-

હે યોગોપનિષન્નિષણ્ણ ! ..... પરપ્રત્યાયનેનેતિભાવઃ ।। હે યોગ ઉપનિષદ્ નિષણ્ણ સ્વામી !=યોગના રહસ્યમાં સ્થિર થયેલા સ્વામી ! તમારું યોગમાહાત્મ્ય બીજાઓ વડે કેવી રીતે શ્રદ્ધાનો વિષય થાય? શું ? એથી કહે છે=શ્રદ્ધાનો વિષય શું છે ? એથી કહે છે. 'ઇતિ' ઇતિ શું=ઇતિ શબ્દથી શું વાચ્ય છે? એથી કહે છે. ત્રયએકતાને પામેલું એવું યોગમાહાત્મ્ય બીજાઓ કેવી રીતે શ્રદ્ધા કરે એમ અન્વય છે. તે ત્રય શું છે ? એથી કહે છે. ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણ છે ત્યાં=ધ્યાતાદિ ત્રણમાં, ધ્યાતા= ક્ષપકશ્રેણી આરૂઢ જીવ. ધ્યેય=ષડ્જીવનિકાયના હિત એવું પરમાત્મતત્ત્વ=સિદ્ધ સ્વરૂપ, ધ્યાન ધ્યેય વિષય એક પ્રત્યયની સંતતિ=એક ઉપયોગનો પ્રવાહ અને આ ત્રય પણ અર્વાક્=ક્ષપકશ્રેણીની પૂર્વે, પરિપચ્યમાન ધ્યાન અવસ્થામાં પૃથગ્ હોય છે=પરમાત્મા ધ્યેય છે, તેનું ધ્યાન કરનાર હું છું અને વર્તમાનમાં મારો ઉપયોગ ધ્યાનમાં પ્રવર્તે છે. એ પ્રકારની પૃથગ્ પ્રતીતિ ધ્યાન કરનારને હોય છે. અને ક્રમથી=ધ્યાનમાં અતિશય-અતિશયતાના ક્રમથી, સમુન્મીલિત ધ્યાનના પરિપાકમાં=તે ધ્યાન પરિપાક અવસ્થાને પામે ત્યારે, એકાત્મતાને પામે છે=ધ્યાતા અને ધ્યાન ધ્યેયમાં જ લિલીન થાય છે. અને ત્યારે હું સુખી છું, દુઃખી છું અથવા સુખી નથી, દુઃખી નથી ઇત્યાદિનું વેદન થતું નથી. આ પ્રકારે તમારું યોગમાહાત્મ્ય સૂક્ષ્મ અધ્યાત્મમાર્ગમાં અપ્રવિષ્ટ હૃદયવાળા પર વડે કેવી રીતે શ્રદ્ધાનો વિષય થાય ?=તે પ્રકારે છે અર્થાત્ ભગવાનનું ચિત્ત સર્વત્ર નિર્લેપ થઈને શુદ્ધ આત્મામાં લિલીન છે તે પ્રકારે છે, એ પ્રકારના નિર્ણયપૂર્વક હૃદયમાં ધારણ કરે ! અર્થાત્ અધ્યાત્મમાર્ગમાં અપ્રવિષ્ટ હૃદયવાળા બીજા ધારણ કરી શકે નહીં. અને તે=યોગના માહાત્મ્યને નહીં જાણનારા એવા જીવોની અશ્રદ્ધા, તેઓની જ અયોગ્યતા છે, વળી, સ્વઅનુભવથી સુભગ એવી વસ્તુમાં=ભગવાનને પોતાના અનુભવથી સુંદર

એવી શુદ્ધ આત્મામાં લીન અવસ્થારૂપ વસ્તુમાં, તમને પર પ્રત્યય વડે શું ?=પરને અશ્રદ્ધા છે એનાથી શું ? અર્થાત્ ભગવાનને કોઈ પ્રયોજન નથી. ॥૧૪/૮॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં ચૌદમા યોગશુદ્ધિસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

ભગવાન સાધનાકાળમાં પ્રથમ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપમાં એકાગ્રતાપૂર્વક લીન થવાના યત્નવાળા હતા. જ્યારે ભગવાન ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયા તેના પૂર્વે ધ્યેય એવું સિદ્ધનું સ્વરૂપ તેનો હું ધ્યાતા છું અને સુદૃઢ વ્યાપારપૂર્વક હું તેનું ધ્યાન કરું છું એ પ્રકારનો ઉપયોગ હતો ત્યારે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણ પૃથક્ રૂપે હતા. વળી ભગવાને ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કર્યું ત્યારે સિદ્ધ સ્વરૂપ જે ધ્યેય છે તેમાં જ તેમનો ઉપયોગ અત્યંત સ્થિર પરિણામવાળો હતો. જેથી હું ધ્યાતા છું, સિદ્ધનું સ્વરૂપ ધ્યેય છે અને હું તેનું ધ્યાન કરું છું એ પ્રકારનો ભેદ દૂર થવાથી ત્રણેય એકતાને પામે છે. તે વખતે મહાસત્ત્વથી ભગવાન ઘાતિકર્મોનો નાશ થાય તે પ્રકારના એક સ્થિર ઉપયોગમાં લીન હતા. તેથી શરીરને પ્રતિકૂળ કે અનુકૂળ ભાવમાં હું સુખી છું કે હું દુઃખી છું એ પ્રકારનું કોઈ વેદન ન હતું. પરંતુ મોહની આકુળતાના અભાવજન્ય નિરાકુળ સ્વભાવમાં વિશ્રાંત પામતો ભગવાનનો ઉપયોગ વર્તતો હતો. આ પ્રકારનું ભગવાનના યોગનું માહાત્મ્ય જેઓએ અધ્યાત્મના રહસ્યને પ્રાપ્ત કર્યું નથી તેઓ કેવી રીતે શ્રદ્ધા કરે અર્થાત્ તેઓને તે પ્રકારની શ્રદ્ધા થઈ શકે નહીં.

આ રીતે ભગવાનના યોગનું માહાત્મ્ય સ્મરણ કરીને સ્તુતિકારશ્રી તેમના જેવો બળસંચય કરવા અર્થે સ્તુતિ દ્વારા પ્રયત્ન કરે છે. **॥૧૪/૮॥**

પ્રકાશ-૧૫

અવતરણિકા :-

અથાતઃ સ્તુતિકૃદુત્તરોત્તરગુણમહિમનિ ભગવતિ પરમાત્મનિ સમુલ્લસિતાદ્‌ભુતભક્તિર્ભક્તિસ્તવમુપક્ષિપન્નાહ–

અવતરણિકાર્થ :-

હવે, ઉત્તરોત્તર ગુણ મહિમાવાળા ભગવાન એવા પરમાત્મામાં સમુલ્લસિત અદ્‌ભુત ભક્તિવાળા સ્તુતિકારશ્રી ભક્તિસ્તવને ઉપક્ષેપન કરતાં=પ્રગટ કરતાં કહે છે –

શ્લોક :-

जगज्जैत्रा गुणास्त्रातरन्ये तावत्तवासताम् ।
उदात्तशान्तया जिग्ये, मुद्रयैव जगत्त्रयी ।।१५/१।।

શ્લોકાર્થ :-

હે ત્રાતા ! જગતને જીતનારા તમારા અન્ય ગુણો દૂર રહો, ઉદાત્ત અને શાંત એવી મુદ્રાથી જ ત્રણ જગતને તમે જીતી લીધા છે. ।।૧૫/૧।।

ટીકા :-

हे त्रातर् ! भवभयोपप्लुतसत्त्वपालक ! तव सम्बन्धिनोऽन्येऽद्‌भुतस्तवमहिमस्तवादिवर्णिता जगज्जैत्रा जगद्‌गतगुणिगणगुणेभ्योऽनन्तगुणमहिमत्वेन जेतारो गुणास्तावदासतां दूरे तिष्ठन्तु ! किन्तु मुद्रयापि त्वया जगत्त्रयी जिग्ये, किंविशिष्टया ? उदात्तशान्तया, उदात्तया=अनभिभवनीयया, तथाविधा च कदाचिद् धृष्यतयानभिगम्या स्यादित्याह-शान्तया=सौम्यया सकललोकलोचनानन्ददायिन्या मुद्रया=मूर्त्यापि, जगत्त्रयी भूर्भुवःस्वःस्वरूपा जिग्ये न्यक्कृता, अर्हदनुरूपबललवणिमादीनामप्यन्यत्राभावात् ।।१५/१।।

ટીકાર્થ :-

हे त्रातर् ! भवभयो ..... नामप्यन्यत्राभावात् ।। હે ત્રાતા !=ભવના ભયથી ઉપપ્લુત જીવોના પાલક એવા ભગવાન ! તમારા સંબંધી અદ્‌ભુત સ્તવમહિમાવાળા સ્તવ આદિથી વર્ણિત એવા જગતજૈત્રા ગુણો=જગતને જીતનારા ગુણો=જગદ્‌ગત ગુણિગણોના ગુણોથી=જગતમાં રહેલા ગુણી જીવોના સમૂહના ગુણોથી, અનંતગુણ મહિમાપણું હોવાને કારણે, જીતનારા અન્ય ગુણો તો દૂર રહો, પરંતુ મુદ્રાથી પણ તમારા વડે જગત્ત્રયી જિતાયું.

કેવી વિશિષ્ટ મુદ્રાથી જગત્ત્રયી જિતાયું ? એથી કહે છે –

ઉદાત્ત શાંત એવી મુદ્રાથી જગત્ત્રયી જિતાયું.

ઉદાત્ત શાંત મુદ્રા કેવી છે ? તે સ્પષ્ટ કરે છે –

ઉદાત્ત=અનભિભવનીય એવી મુદ્રાથી કોઈનાથી અભિભવ=પરાભવ, ન પામે એવી ગંભીર મુદ્રાથી અને તેવા પ્રકારની ક્યારેક=અનભિભવનીય એવી મુદ્રા ક્યારેક, ધૃષ્ટપણાથી અનભિગમ્ય થાય=પ્રતીતિનો વિષય ન બને, એથી કહે છે. શાંત એવી મુદ્રાથી=સૌમ્યપણાથી=સકલલોકના લોચનને આનંદદાયી એવી મુદ્રાથી=મૂર્તિથી પણ જગત્ત્રયને=ભૂ:, ભૂવસ્, સ્વસ્ સ્વરૂપ જગત્ત્રયને, જીત્યા=વ્યક્કૃત કર્યા; કેમ કે અરિહંતના અનુરૂપ બલ, લવણિમાદિનો=ભગવાનના બલ, લાવણ્યાદિનો, પણ અન્યત્ર અભાવ છે. ॥૧૫/૧॥

ભાવાર્થ :-

ભગવાનમાં અન્ય ઘણા ગુણો છે કે જે તીર્થંકર સિવાય અન્ય કોઈને પ્રાપ્ત થતા નથી. જે ગુણોથી ભગવાને ત્રણ જગતને જીતી લીધું છે. આથી જ તે ગુણોને કારણે દેવતાઓ, ઇન્દ્રો વગેરે પણ સેવકની જેમ ભગવાનની ભક્તિ કરે છે. તે સર્વ ગુણો તો દૂર રહો, પરંતુ ભગવાનની ઉદાત્ત અને શાંત મુદ્રા પણ=ગંભીર અને ઉપશમભાવની પરિણામવાળી મુદ્રા પણ ત્રણ જગતને જીતનારી છે; કેમ કે ભગવાન જન્મથી જ દેવોથી, ઇન્દ્રોથી પૂજાય છે છતાં ગંભીર પરિણતિને કારણે અહંકાર આદિ ભાવોથી રુંલાતા નથી. પોતાનામાં અતુલ બળ આદિ છે તે લોકોને પ્રદર્શન કરીને ખ્યાતિની અપેક્ષા રાખતા નથી. પરંતુ પ્રયોજન ન હોય તો ક્યારેય પણ કોઈ શક્તિ અગંભીરતાના કારણે તુચ્છ વૃત્તિ પ્રગટ કરતી નથી. આથી જ અતુલબળવાળા જન્મથી ભગવાન હોવા છતાં કોઈ પ્રયોજન નહીં હોવાથી ક્યારેય મેરુને કંપાવીને પોતાની શક્તિનું પ્રદર્શન તીર્થંકરો કરતા નથી. ફક્ત સૌધર્મ ઇન્દ્રના હિતના પ્રયોજનથી જ વીરભગવાને તે શક્તિ પ્રગટ કરી. તેથી તેમના ગાંભીર્યથી જ તેઓએ જગતને જીત્યા છે. વળી, તત્ત્વના ભાવનથી અને ઘણા ભવોના યોગમાર્ગના સેવનથી તેઓની મુદ્રા પણ અત્યંત શાંત હોય છે. તેથી, તેવી શાંત મુદ્રાથી ભગવાને ત્રણેય જગતને જીતી લીધા છે. આથી જ ભગવાનની ઉદાત્ત અને શાંત મુદ્રાને કારણે જ દેવતાઓ, ઇન્દ્રો વગેરે ભગવાન પ્રત્યે ભક્તિના અતિશયવાળા થાય છે. વારંવાર તેમની મુદ્રા જોઈને હર્ષિત થાય છે. **॥૧૫/૧॥**

અવતરણિકા :-

एवं च –

અવતરણિકાર્થ :-

અને આ રીતે ભગવાને શું પ્રાપ્ત કર્યું ? તે બતાવે છે –

શ્લોક :-

मेरुस्तृणीकृतो मोहात्, पयोधिर्गोष्पदीकृतः ।
गरिष्ठेभ्यो गरिष्ठो यैः, पाप्मभिस्त्वमपोदितः ।।१५/२।।

શ્લોકાર્થ :-

ગરિષ્ઠોથી પણ ગરિષ્ઠ એવા તમે જે પાપીઓ વડે અવગણના કરાયા છો તેઓ વડે મોહથી= મૂઢતાથી, મેરુને તૃણ કરાયો છે=શ્રેષ્ઠ એવા મેરુને તણખલા જેવો સ્વમતિથી કલ્પાયો છે. મોટો સમુદ્ર ગોષ્પદ કરાયો છે=મોટા સમુદ્રને સ્વમતિની કલ્પનાથી ગાયની ખુરીના જેટલા પાણીવાળો છે તેમ મનાયો છે. ।।૧૫/૨।।

ટીકા :-

હે સ્વામિન્ ! यैस्त्वमपोदितस्तैरिदमिदमकारि, किं तदित्याह-मेरुर्योजनशतसहस्रोच्छ्रायः सकलकल्याणमय-मूर्त्तिर्मणिसानुः सुरभूधरस्तृणीकृतस्तृणगणनया मोहाद् दृष्टः, तथा पयोधिर्योजनशतसहस्रविस्तारो रत्नाकरः समुच्छलदतुच्छकल्लोलकूटकलकलवाचालितरोदोऽन्तरालः सलिलनिधिरपि गोष्पदतुलया कलितः, यैः पाप्मभिः पापपटलविलीनचेतोभिर्गरिष्ठेभ्यः सुरासुरनरनायकेभ्योऽपि गुणाधिकतया गरिष्ठो गरीयांस्त्वमप्य-पोदितः=पृथग्जनवदवज्ञया दृष्टः । किमुक्तं भवति ? किल न खलु तैर्नृपशुभिः कृता मेरोस्तृणता, पयोधेर्गोष्पदता, तव च जगद्गुरोर्लघुता भवति, केवलमनात्मज्ञैस्तैर्गुणमत्सरिभिरेवमेवात्मा विडम्ब्यत इति ।।१५/२।।

ટીકાર્થ :-

હે સ્વામિન્ ! ..... विडम्ब्यत इति ।। હે સ્વામી, જેઓ વડે તમે અપોદિત છો=અવગણના કરાયા છો. તેઓ વડે આ આ કરાયેલું છે=આગળમાં બતાવે છે એ કરાયેલું છે.

શું તે કરાયું છે ?=તેઓ વડે શું કરાયું છે ? એથી કહે છે –

એક લાખ યોજનની ઊંચાઈવાળો, સકલકલ્યાણમયમૂર્તિવાળો, મણિથી શોભાયમાન એવો સુરભૂધર= મેરુ મોહથી તૃણી કરાયો=મોહથી તૃણની ગણના વડે જોવાયો. અને પયોધિ=લાખ યોજનના વિસ્તારવાળો રત્નાકર, ઊછળતા અતુચ્છકલ્લોલના સમૂહના કલકલથી વાચાલિત રોદસ્ના અંતરાલવાળો= ધ્વનિના અંતરાલવાળો, સમુદ્ર પણ ગોષ્પદતુલ્યપણાથી કલિત છે=મોહથી ગાયના પગની ખુરી જેટલો જણાય છે.

કોના વડે જણાયો છે ? એથી કહે છે –

જે પાપીઓ વડે=પાપપટલથી વિલીન થયેલા ચિત્તવાળા જેઓ છે તેઓ વડે, ગરિષ્ઠ એવા સુર-અસુર નરના નાયકોથી પણ ગુણાધિકપણાને કારણે ગરિષ્ઠ=ગરિમાવાળા એવા તમે પણ અપોદિત કરાયા=જે પાપીઓ વડે પૃથગ્જનની જેમ અવજ્ઞાથી જોવાયા. તેઓ વડે મોહથી મેરુ તૃણ કરાયો ઈત્યાદિ યોજન કરવું.

શું કહેવાયેલું થાય છે ? એથી કહે છે –

મનુષ્યરૂપી પશુ એવા તેઓ વડે બરોબર કરાયેલી મેરુની તૃણતા અને સમુદ્રની ગોષ્પદતા અને

જગતગુરુ એવા તમારી લઘુતા થતી નથી, કેવલ ગુણમત્સરી અનાત્મજ્ઞ એવા તેઓ વડે આ રીતે જ પોતાનો આત્મા વિડંબના કરાય છે. ॥૧૫/૨॥

ભાવાર્થ :-

ભગવાન ગરિષ્ઠ એવા સુર-અસુરના નાયક ઇન્દ્રોથી પણ ગરિષ્ઠ છે; કેમ કે ઇન્દ્ર આદિઓની પદવીઓ ઘણા ગુણોથી યુક્ત જ જીવોને પ્રાપ્ત થાય છે. આથી જ તુચ્છ પ્રકૃતિવાળા જીવો સામાન્યથી કોઈક રીતે દેવ વગેરે થાય તોપણ, ઇન્દ્રો બનતા નથી. તેથી, ઇન્દ્રો ઘણા ગુણોથી યુક્ત હોય છે. વળી, ચક્રવર્તી, વાસુદેવાદિ પણ ઘણા ગુણોથી યુક્ત હોય છે. ક્યારેક નિયાણા આદિથી થોડી મલિનતા થયેલી હોય તોપણ પ્રકૃતિથી ઘણા ગુણોવાળા હોય છે. એવા ગુણોવાળા ઇન્દ્રો, ચક્રવર્તીઓ આદિથી પણ અધિક ગુણવાળા ભગવાન છે, તેથી ઉત્તમ પુરુષોમાં પણ સર્વ ઉત્તમ પુરુષ ભગવાન છે. છતાં જે પાપીજીવો ગુણોથી ભગવાનની ગરિષ્ઠતાને જોવા સમર્થ નથી પરંતુ તુચ્છ બાહ્ય વૈભવથી જ ગરિષ્ઠતાને જોનારા છે, તેવા પાપીજીવો વડે તમે અવગણના કરાયા છો.

કઈ રીતે ભગવાન અવગણના કરાયા છે ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ લાખ યોજન પ્રમાણ સુવર્ણમય અનેક રત્નોથી યુક્ત એવા મેરુપર્વતને કોઈ મૂઢતાને કારણે તૃણ જેવો જુએ અથવા લાખ યોજન પ્રમાણ મોટા સમુદ્રને તે ગાયના પગની ખુરી જેટલા પાણીવાળો છે તેમ માને એટલા માત્રથી તે દરિયો ગાયના પગના ખુરી જેટલા પ્રમાણવાળો બનતો નથી કે મેરુ તૃણ જેવો બનતો નથી. પરંતુ મૂઢમતિવાળા જીવોને તેવો વિપર્યાસ થાય છે. તેમ પાપીજીવોને ગરિષ્ઠોથી પણ ગરિષ્ઠ એવા ભગવાન તુચ્છ ભાસે છે. તેનું કારણ તેઓમાં વર્તતું અજ્ઞાન જ કારણ છે. આથી જ ગુણની ગરિમાને જોવા માટે તેઓ સમર્થ નથી. **॥૧૫/૨॥**

અવતરણિકા :-

यथा च तवावज्ञातं (तवावज्ञां) दुरन्तदुरिताय तथा त्वच्छासनस्यापीति दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

અને જે પ્રમાણે તમારી અવજ્ઞા દુરંત પાપ માટે છે=ખરાબ અંતવાળા પાપ માટે છે, તે પ્રમાણે તમારા શાસનની પણ અવજ્ઞા ખરાબ અંતવાળા પાપ માટે છે. એ પ્રમાણે બતાવતાં કહે છે –

શ્લોક :-

च्युतश्चिन्तामणिः पाणेस्तेषां लब्धा सुधा मुधा ।
यैस्त्वच्छासनसर्वस्वमज्ञानैर्नात्मसात्कृतम् ।।૧૫/૩।।

શ્લોકાર્થ :-

અજ્ઞાની એવા જેઓ વડે તમારા શાસનનું સર્વસ્વ આત્મસાત્ કરાયું નથી તેઓના હાથમાંથી ચિંતામણિ ચ્યુત થયો=કોઈક સ્થાનમાં પડી ગયો. પ્રાપ્ત થયેલું અમૃત વ્યર્થ ગયું. ॥૧૫/૩॥

ટીકા :-

હે ભગવન્ ! યૈસ્ત્વચ્છાસનમાત્મસાત્ર કૃતં તેષામિદમિદમભૂત્, કિં તદિત્યાહ-તેષામભાવિભદ્રાણાં પાણેઃ=કરાચ્ચિન્તામણિર્મનશ્ચિન્તિતાર્થસાર્થસઙ્ઘટનપટુર્મણિશ્ચ્યુતો=વિઘટિતઃ, તથા અજરામરત્વહેતુઃ સુધા કુતોઽપિ દૈવાલ્લબ્ધાપ્યનુપયોગેન મુધા=વૃથૈવ ગતા, યૈસ્તવ સમ્બન્ધિ શાસનં=પ્રવચનમેવ સર્વસ્વં સારદ્રવ્યમુપનતમ-પ્યાત્મસાદાત્માયત્તં ન કૃતમ્ । અયમાશયઃ 'કિલ ચિન્તામણિપીયૂષત્વચ્છાસનાન્યગણ્ય-પુણ્યપ્રચયમન્તરેણ ન તાવત્સમ્પદ્યન્તે, દૈવાદુપનતાન્યપિ યે સાદરં ન સ્વીકુર્વન્તિ, ન તેભ્યોઽપ્યન્યો જગતિ જઘન્ય ઇતિ' ।।૧૫/૩।।

ટીકાર્થ :-

હે ભગવન્ ! ..... જઘન્ય ઇતિ' ।। હે ભગવન્ ! જેઓ વડે તમારું શાસન આત્મસાત્ કરાયું નથી તેઓને આ આ પ્રાપ્ત થયું.

શું તે પ્રાપ્ત થયું ? એથી કહે છે –

અભાવિભદ્ર એવા તેઓના હાથથી ચિંતામણિ=મનચિંતિત અર્થના સમૂહને સંઘટનમાં પટુ એવો મણિ=મનચિંતિત અર્થની પ્રાપ્તિ કરાવવામાં પટુ એવો મણિ, ચ્યુત થયો=વિઘટિત થયો, અને અજરામરત્વનો હેતુ એવો અમૃત કોઈક પણ ભાગ્યથી પ્રાપ્ત થયેલો પણ અનુપયોગથી મુધા=વ્યર્થ જ ગયો=પ્રાપ્ત થયેલા અમૃતનું પાન કર્યા વગર વ્યર્થ જ તેનો નાશ કર્યો. જેઓ વડે તમારા સંબંધી શાસન=પ્રવચન, જ સર્વસ્વ સારદ્રવ્યરૂપ પ્રાપ્ત કરાયેલું પણ આત્મસાત્=આત્માને આયત્ત ન કરાયું. આ આશય છે. ચિંતામણિ, અમૃત અને તમારું શાસન અગણ્ય પુણ્યના પ્રચય વગર પ્રાપ્ત થતાં નથી. ભાગ્યના યોગથી પ્રાપ્ત થયેલા પણ ચિંતામણિ આદિને જેઓ સાદર સ્વીકારતા નથી, તેઓથી પણ અન્ય જઘન્ય જગતમાં નથી. ।।૧૫/૩।।

ભાવાર્થ :-

જેઓ કંઈક કર્મની લઘુતાને કારણે ભગવાનના શાસનને પામે છે અને પરલોકના અર્થે હિત સાધવા માટે પ્રયત્ન કરે છે, છતાં પ્રમાદી સ્વભાવને કારણે શક્તિ અનુસાર ભગવાનના શાસનના પરમાર્થને જાણવા યત્ન કરતા નથી અને મૂઢતાને વશ માને છે કે મને ભગવાનનું શાસન પ્રાપ્ત થયું છે તેઓ પોતાની શક્તિ અનુસાર ભગવાનના શાસનને આત્મસાત્ કરવા માટે યત્નવાળા નથી. તેઓ મૂર્ખમાં અગ્રેસર છે તે બતાવવા માટે દૃષ્ટાંત કહે છે. જેમ કોઈને ચિંતામણિ પ્રાપ્ત થયું હોય છતાં પ્રમાદી સ્વભાવને કારણે તેને ક્યાંક ખોઈ નાંખે અથવા કોઈને અમૃત પ્રાપ્ત થયું હોય છતાં પ્રમાદી સ્વભાવને કારણે તેનો ઉપયોગ કર્યા વગર કોઈક રીતે વ્યર્થ ઢોળાઈ જાય ત્યારે તેમના પ્રમાદી સ્વભાવને કારણે તે મૂર્ખ કહેવાય છે. તેના જેવો જ આ જીવ પણ ભગવાનના શાસનને પામીને અનંત સંસારના પરિભ્રમણને દૂર કરનાર, સર્વ ચિંતાઓથી આત્માને મુક્ત કરનાર, સદ્ગતિની પરંપરાને પ્રાપ્ત કરાવનાર અને અમર અવસ્થા પ્રાપ્તિનું એક કારણ

હોવાથી અમૃત તુલ્ય એવા ભગવાનના શાસનને પ્રાપ્ત કર્યા પછી પણ તેના ફળને પ્રાપ્ત ન કરે તે મૂર્ખમાં અગ્રેસર છે. એ પ્રકારે સ્તુતિ કરીને સ્તવનકારશ્રી પ્રાપ્ત થયેલા ભગવાનના શાસનને સમ્યક્ સેવવાનું બળ સંચિત કરે છે, જેથી પોતાનો પ્રાપ્ત થયેલો મનુષ્યભવ લેશ પણ નિષ્ફળ જાય નહીં. **॥૧૫/૩॥**

અવતરણિકા :-

પુનર્ભગવતિ ભક્ત્યતિશયં સ્તુતિકૃદ્ વ્યનક્તિ –

અવતરણિકાર્થ :-

ફરી પણ ભગવાનમાં ભક્તિના અતિશયને સ્તુતિકારશ્રી વ્યક્ત કરે છે –

શ્લોક :-

यस्त्वय्यपि दधौ दृष्टिमुल्मुकाकारधारिणीम् ।
तमाशुशुक्षणिः साक्षादालप्यालमिदं हि वा ।।१५/४।।

શ્લોકાર્થ :-

જેઓ તમારામાં પણ ઉલ્મુકાકારને ધારણ કરનારી=ઊંબાડિયાના અગ્નિના જેવી આકારને ધારણ કરનારી, દૃષ્ટિને ધારણ કરે છે. તેને=તે જીવને, અગ્નિ સાક્ષાદ્ 'શીઘ્ર નાશ કરો' એ બોલવાનું છોડીને કહે છે કે અથવા આ=તેવા જીવોને અગ્નિ બાળી નાંખે એ, બોલવાથી સર્યું. ।।૧૫/૪।।

ટીકા :-

हे स्वामिन् ! यस्त्वय्यपि विश्वजनीने कषायकलुषितमतिरुल्मुकाकारधारिणीं=ज्वलदलातप्रतिमां दृष्टिं दधौ=दधाति धास्यति वा, तं दुरात्मानमाशु शुक्षणिर्वह्निः, अह्नाय साक्षाद्भूय इति वचसाऽभिधाय, भस्मीकरोत्विति च मनसि निधाय, पापभीरुः स्तुतिकृदाह-आलप्यालमिदं हि वा, वा=अथवा इदं आलप्यास्य निस्त्रिंशोचितस्यार्थस्यालापनेनालं=पर्याप्तम्, किमुक्तं भवति ? किल तावत्तस्य त्वद्विद्वेषिणः स्वस्य दुष्कृतस्य फलमवश्यं भविष्यत्येव, मम तु परमकारुणिककिङ्करस्य तं प्रति नोचितमिदमाक्रोशकार्कश्यमिति ।।१५/४।।

ટીકાર્થ :-

हे स्वामिन् ! ..... क्रोशकार्कश्यमिति ।। હે સ્વામી ! તમારામાં પણ=વિશ્વના ઉપકારી એવા તમારામાં પણ, કષાયથી કલુષમતિવાળો જે જીવ ઉલ્મુકાકારને ધારણ કરનારી=અગ્નિના જેવી ક્રોધના આકારને ધારણ કરનારી, જ્વલદ્ અલાત પ્રતિમાવાળી દૃષ્ટિને=બળતા ઊંબાડિયા જેવી દૃષ્ટિને ધારણ કરી, ધારણ કરે છે અથવા ધારણ કરશે. દુરાત્મા એવા તેને અગ્નિ=શીઘ્ર નાશ કરે એવો અગ્નિ સાક્ષાદ્ થઈને એ પ્રમાણે વચન દ્વારા કહીને અને ભસ્મ કરે એ પ્રમાણે મનમાં સ્થાપન

કરીને=તેવા દુરાત્માને અગ્નિ ભસ્મ કરે એ પ્રમાણે મનમાં વિચારીને, પાપભીરુ એવા સ્તુતિકારશ્રી કહે છે. આ અત્યંત આલપ્ય છે=આ બોલાય એવું નથી, અથવા આ બોલીને=દુષ્ટ જનને ઉચિત એવા અર્થના આલાપનથી સર્યું. શું કહેવાયેલું થાય છે ? ખરેખર તમારા દ્વેષી એવા તેને સ્વના દુષ્કૃતનું ફલ અવશ્ય થશે જ. વળી, પરમકારુણિ ભગવાનના કિંકર એવા મને તેના પ્રત્યે=તેવા દુષ્ટ જીવો પ્રત્યે, આ આક્રોશનું કર્કશપણું ઉચિત નથી. ॥૧૫/૪॥

ભાવાર્થ :-

ભગવાન જગત્ માત્ર પ્રત્યે અત્યંત કરુણાવાળા છે, પુણ્યના પ્રકર્ષવાળા છે, દેવોથી અને ઇન્દ્રોથી પૂજાય છે. આવા ઉત્તમ પુરુષ પ્રત્યે પણ કેટલાક ક્લિષ્ટ કર્મવાળા જીવોને અત્યંત દ્વેષ ઉત્પન્ન થાય છે. તેથી ભગવાનને જોઈને હૈયામાં ધમધમી ઊઠે છે. જેમ ભગવાનને ઉપસર્ગ કરવા આવેલ ગૌશાળો અથવા ભગવાનને જોઈને ભગવાન પ્રત્યે દ્વેષ કરનાર સિંહનો જીવ ખેડૂત, ભગવાનને જોવા માત્રથી દ્વેષવાળા થાય છે. તે જીવોની ભગવાન પ્રત્યે તેવી દૃષ્ટિને જોઈને ભગવાન પ્રત્યેના ભક્તિવાળા સ્તવનકારશ્રી કહે છે કે તે દુરાત્માને અગ્નિ સાક્ષાદ્ બાળી નાંખો. ફક્ત, સાક્ષાત્ કહીને સ્તુતિકારશ્રી અટકે છે અને વિચારે છે કે ભગવાન પરમકારુણિક છે અને તેનો હું ભગત છું તેથી, આ પ્રકારે કોઈને બાળી નાંખવાનું વચન કહેવું કે બોલવું મારા માટે ઉચિત નથી. તેથી તેવા વચનથી સર્યું. આ પ્રકારે દુષ્ટ પ્રત્યે કંઈક દ્વેષબુદ્ધિ અને કંઈક કરુણાબુદ્ધિપૂર્વક ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિને સ્તુતિકારશ્રી અભિવ્યક્ત કરે છે. **॥૧૫/૪॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી, અન્ય પ્રકારે સ્તુતિ કરે છે –

શ્લોક :-

त्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त हतात्मनाम् ।।१५/५।।

શ્લોકાર્થ :-

તમારા શાસનનું સામ્ય જેઓ શાસનાંતરની સાથે માને છે, હણાયેલા આત્માવાળા તેઓનું અમૃત વિષતુલ્ય છે. ॥૧૫/૫॥

ટીકા :-

हे भुवनमहनीयशासन ! तव सम्बन्धिनः शासनस्य निर्वृतिपुरप्रस्थानघण्टापथायमानस्य त्वत्प्रवचनस्य शासनान्तरैर्दीर्घसंसृतिपथपाथेयप्रतिमैः कुतीर्थिकतीर्थैः समं साम्यं ये मन्यन्ते, तेषां हतात्मनां विगर्हितजीवितानां

मते विषेण=सद्यःप्राणघातिना हालाहलेन, पीयूषं=मृतसञ्जीवनममृतं, तुल्यं=समानम् । किमुक्तं भवति ? किल यावन्मात्रं पीयूषविषयोरन्तरं तावत्त्वच्छासनकुशासनानामित्यहो तत्साम्यकृतां सुसंस्कृता मतिर्गुणागुणविचारे ।।१५/५।।

ટીકાર્થ :-

हे भुवनमहनीयशासन ! ..... मतिर्गुणागुणविचारे ।। હે ભુવનમહનીય શાસનવાળા ભગવાન !=ભુવનમાં પૂજનીય છે શાસન જેમનું એવા ભગવાન ! તમારા સંબંધી શાસનનું=નિર્વૃતિરૂપી નગરના પ્રસ્થાન માટે ઘંટ વગાડીને પ્રયાણ કરાવનાર તમારા પ્રવચનનું, શાસનાંતરોની સાથે=દીર્ઘ સંસૃતિના પથના પાથેય જેવા કુતીર્થિકો સાથે=દીર્ઘ સંસારના પરિભ્રમણના માર્ગ જેવા કુતીર્થિકોના તીર્થો સાથે, જેઓ સામ્ય માને છે. હતાત્મા=વિગર્હિત જીવિતવાળા તેઓના મતે=નિંદનીય એવા તેઓના મતે, તત્કાલ પ્રાણઘાતી એવા હાલાહલ વિષથી, પીયૂષ=મરેલાને જીવાડે એવું અમૃત, સમાન છે=કર્મોથી મરેલા જેવા જીવોને સદ્ગતિઓમાં સ્થાપન કરીને જીવાડે એવા અમૃતતુલ્ય ભગવાનનું વચન સમાન છે. શું કહેવાયેલું થાય છે ? ખરેખર જેટલું માત્ર અમૃત અને વિષનું અંતર છે તેટલું તમારા શાસન અને કુશાસનનું અંતર છે એથી, અહો ! આશ્ચર્ય છે કે તેના સામ્યને કરનારાની મતિ ગુણ-અગુણના વિચારમાં સુસંસ્કૃત છે=મતિ હીન છે. કટાક્ષમાં તેઓની મતિ સુસંસ્કૃત છે એમ કહેલ છે. ।।૧૫/૫।।

ભાવાર્થ :-

જેઓમાં તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી મતિ નથી, માત્ર શબ્દોના આટોપને જોઈને પ્રભાવિત થનારા છે તેવા તુચ્છમતિવાળા જીવો ભગવાનના વચનના પરમાર્થને જોવા માટે સમર્થ નથી. તેથી જ જે ભગવાનનું વચન મોહધારાની હાનિ કરીને વીતરાગતા તરફ જીવને ગમન કરાવીને ક્રમે મોક્ષપુરની પ્રાપ્તિ કરાવે છે, તેવું રમ્યવચન પણ તે સ્વરૂપે જાણી શકતા નથી અને એકાંતવાદીઓનું જે વચન જીવને મૂઢતા આપાદન કરાવીને દુર્ગતિઓમાં લઈ જનાર છે તેથી વિષ જેવું છે. તે વચનને પણ તે સ્વરૂપે જાણવા માટે અસમર્થ છે. તેથી, ધર્મને કહેનારાં ભગવાનનાં વચનો છે. અને ધર્મને કહેનારાં એકાંતવાદીઓનાં પણ વચનો છે. તેથી, બધાં વચનો સુંદર છે તેમ જેઓ માને છે, તેઓ તત્ત્વને જોવામાં હણાયેલ મતિવાળા હોવાથી વિષતુલ્ય અમૃતને જોનારા છે. તેથી અન્યદર્શનનાં કે સ્વદર્શનમાં પણ એકાંતવાદને સ્પર્શનારાં વચનો ક્યારેય ભગવાનના વચન સાથે સામ્યને ધારણ કરતાં નથી પરંતુ ઉચિત સ્થાને, ઉચિત અપેક્ષાથી યોજન કરાયેલું સ્યાદ્વાદનું વચન એકાંતે હિતકારી છે. તેના તુલ્ય અસ્થાને યોજન કરાયેલાં બહારથી રમ્ય દેખાતાં વચનો પણ પરમાર્થથી રમ્ય નથી. પરંતુ એકાંતવાદની મૂઢદૃષ્ટિનું આપાદન કરીને વિનાશને કરનારાં છે. **॥૧૫/૫॥**

અવતરણિકા :-

न च सर्वथा सदसद्विचारे परे परिक्षीणमनीषाः, केवलमनादिमिथ्यावासनोल्लसदतुच्छमत्सरास्त्वय्यसूयन्ति, ततः स्तुतिकृत्तेषां मुखपरुषमायतिहितं च किञ्चिदुदीरयति –

અવતરણિકાર્થ :-

અને સર્વથા સદ્-અસદ્ વિચારમાં પરિક્ષીણમનીષાવાળા એવા પર=સંપૂર્ણ વિવેકચક્ષુ નાશ પામ્યાં છે એવા જીવો, કેવલ અનાદિમિથ્યાત્વ વાસનાથી ઉલ્લાસ પામતા અતુચ્છ મત્સરવાળા=અત્યંત મત્સરવાળા, તમારામાં દ્વેષ કરે છે. તેથી સ્તુતિકારશ્રી તેઓના મુખના પરુષને અને આયતિ હિતને કંઈક બતાવે છે –

શ્લોક :-

अनेडमूका भूयासुस्ते येषां त्वयि मत्सरः ।
शुभोदर्काय वैकल्यमपि पापेषु कर्मसु ।।१५/६।।

શ્લોકાર્થ :-

મૂંગા અને બહેરા તેઓ થાઓ, જેઓને તમારામાં મત્સર છે. પાપકર્મવાળા જીવોમાં વૈકલ્ય પણ=ઇન્દ્રિયોનું વૈકલ્ય પણ, શુભઉદર્ક માટે છે=શુભફલ માટે છે. ।।૧૫/૬।।

ટીકા :-

हे स्वामिन् ! येषां त्वय्यपि निष्कारणजगद्वत्सले मत्सरोऽसूया, ते अनेडमूका=अवाक्श्रुतयो, भूयासुः, यथा निर्म्मलगुणानुरागिभिर्मध्यस्थश्रावकैः स्तूयमानांस्त्वद्गुणानाकर्ण्य मत्सरवशादसत्प्रलापमुखरमुखा न भवन्ति न चायं तेषामुपक्रोशः, किन्तु हितचिन्तनमेव, कथमिति चेत् ? अर्थान्तरमाह-शुभोदर्कायेत्यादि । पापेषु पापानुबन्धिकर्मसु व्यापारेषु प्रवर्त्तमानानां भवाभिनन्दिनां वैकल्यमिन्द्रियविकलतापि शुभोदर्काय शुभफलाय जायते । इदमुक्तं भवति-ते ह्यविकलेन्द्रिया निरङ्कुशं पापकर्मसु त्वन्निन्दादिषु प्रवर्त्तमानाः प्रचुरतरमशुभराशिं संचिन्वन्ति, विकलेन्द्रियास्तु 'स्वयं षण्ढो ब्रह्मचारी' इतिन्यायादसामर्थ्यप्रतिहतपापवृत्तयः स्वरूपमात्रेणावतिष्ठन्ते, तच्च तेषामायतौ हितमेवेति ।।१५/६।।

ટીકાર્થ :-

हे स्वामिन् ! ..... हितमेवेति ।। હે સ્વામી, તમારામાં પણ=નિષ્કારણ જગદ્વત્સલ એવા તમારામાં પણ, જેઓને મત્સર=અસૂયા છે. તેઓ અનેડમૂક=અવાણીવાળા અને અશ્રોત્રેન્દ્રિયવાળા થાઓ. જેના કારણે નિર્મલગુણના અનુરાગી એવા મધ્યસ્થ શ્રાવકો વડે સ્તુતિ કરતાં તમારા ગુણોને સાંભળીને મત્સરના વશથી અસત્ પ્રલાપ કરવામાં વાચાળ મુખવાળા થાય નહીં. અને આ="તેઓ મૂંગા અને બહેરા થાઓ" એ પ્રકારે સ્તુતિકારશ્રીએ જે ઇચ્છા કરી છે એ, તેઓનો ઉપક્રોશ નથી=આક્રોશ નથી, પરંતુ હિતચિંતન જ છે. અર્થાત્ તેઓનું હિતચિંતન જ છે.

કેમ તેઓ મૂંગા-બહેરા થાઓ એ કથન હિતચિંતન રૂપ છે ? એ પ્રમાણે જો કોઈ પ્રશ્ન કરે તો, અર્થાંતરને કહે છે અર્થાત્ કયા સ્વરૂપે હિતચિંતન છે એ રૂપ અન્ય પ્રકારે કથન કરે છે –

"શુભોદર્કાયેત્યાદિ" પ્રતીક છે. પાપીજીવોમાં=પાપાનુબંધીકર્મોવાળા વ્યાપારમાં પ્રવર્તમાન ભવાભિનંદિજીવોનું, વૈકલ્ય=ઇન્દ્રિયોની વિકલતા પણ શુભોદર્ક માટે=શુભફલ માટે, થાય છે. આ કહેવાયેલું થાય છે – અવિકલ ઇન્દ્રિયવાળા એવા તેઓ નિરંકુશ તમારી નિંદા આદિ પાપકર્મમાં પ્રવર્તતા પ્રચુરતર અશુભરાશિને એકઠી કરે છે. વળી, વિકલેન્દ્રિયવાળા 'સ્વયં નપુંસક બ્રહ્મચારી છે' એ ન્યાયથી અસામર્થ્ય પ્રતિહત પાપવૃત્તિવાળા સ્વરૂપ માત્રથી રહે છે. તે તેઓનું આયતિમાં હિત જ છે. ॥૧૫/૬॥

ભાવાર્થ :-

જેઓને ભગવાનમાં મત્સર છે એવા જીવો મૂંગા-બહેરા થાઓ એ પ્રકારે સ્તુતિકારશ્રી અભિલાષા કરે છે; કેમ કે તેઓને મળેલી જીભના અને શ્રોત્રેન્દ્રિયના કારણે ભગવાનનાં ગુણગાન કરતાં સુશ્રાવકોનાં વચનોને સાંભળીને મુખરપણાને કારણે ભગવાનની નિંદા કરે છે. તેથી જો તેઓને કાન ન મળ્યા હોત તો તે સાંભળવાનો પ્રસંગ આવે નહીં. અને જીભ ન મળી હોત તો વાચાળતાને કારણે જે ભગવાનની નિંદા કરીને પાપ બાંધે છે તે બાંધે નહીં. તેથી ભગવાનની સ્તુતિ કરનારા સ્તુતિકારશ્રી સ્તુતિ કરતાં કહે છે કે અનેક ગુણોથી યુક્ત એવા તમારા ગુણોમાં જેઓને મત્સરભાવ છે તેઓ શ્રોત્રેન્દ્રિય અને વાણી દ્વારા પોતાનું અધિક અહિત કરે છે. માટે તેઓને વાણી અને કાન ન મળે એ જ સારું છે જેથી અધિક પાપ કરી શકે નહીં.

આ રીતે મત્સરીજીવોને વાણી અને શ્રોત્રેન્દ્રિય ન મળે એવી ઇચ્છા કરી ત્યાં કોઈને પ્રશ્ન થાય કે કોઈના વિષયમાં ખરાબ વિચારવું તે શિષ્ટપુરુષને ઉચિત નથી.

આ જીવો મૂંગા-બહેરા થાઓ એ પ્રકારે કહેવું શિષ્ટ એવા સ્તુતિકારશ્રીને કઈ રીતે ઉચિત ગણાય ? તેથી કહે છે –

પાપકર્મોના વ્યાપારવાળા જીવોને ઇન્દ્રિયોનું વિકલપણું પણ શુભફલ માટે થાય છે; કેમ કે તેઓમાં વર્તતી પાપની મનોવૃત્તિ તે પ્રકારની ઇન્દ્રિયોની પટુતાને કારણે અધિક વૃદ્ધિને પામે છે તેથી, ઇન્દ્રિયના અભાવને કારણે તેઓમાં જે પાપની વૃત્તિ હતી તે મર્યાદિત સીમામાં હતી અને ઇન્દ્રિયોની પ્રાપ્તિના કારણે તે પાપની વૃત્તિ અધિકતાને પામે છે. માટે તેવા જીવોને ઇન્દ્રિયોની પ્રાપ્તિ ન થાઓ એ કથન તેઓના અધિક પાપના નિવારણના ઉપાયરૂપ જ છે. તેમ બતાવીને ભગવાન અત્યંત ગુણના ગરિમાવાળા છે માટે અત્યંત સ્તુતિપાત્ર છે એ પ્રકારે ઉપસ્થિત કરીને સ્તુતિકારશ્રી ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે. **॥૧૫/૬॥**

અવતરણિકા :-

एवं भगवन्मत्सरिणः प्रच्छाद्य त्वच्छासनरतानुपस्तौति –

અવતરણિકાર્થ :-

આ રીતે ભગવાનના મત્સરીઓને પ્રચ્છાદન કરીને=તેઓ મૂંગા અને બહેરા થાઓ એ પ્રકારના કથનથી તેઓની શક્તિનું પ્રચ્છાદન કરીને, તમારા શાસનમાં રત જીવોની સ્તુતિ કરે છે –

શ્લોક :-

तेभ्यो नमोऽञ्जलिरयं तेषां तान् समुपास्महे ।
त्वच्छासनामृतरसैर्यैरात्माऽसिच्यतान्वहम् ।।१५/७।।

શ્લોકાર્થ :-

તેઓને નમસ્કાર થાઓ. તેઓને આ અંજલિ છે=બે હાથ જોડીને નમસ્કાર છે. તેઓની અમે ઉપાસના કરીએ છીએ. જેઓના વડે આત્મા=પોતાના આત્મા પ્રતિદિન તમારા શાસનરૂપ અમૃતના રસથી સિંચન કરાયા. ।।૧૫/૭।।

ટીકા :-

हे भगवन् ! आस्तां तावत्तुभ्यं त्वच्छासनाय च, यावदगण्यपुण्योपचितेभ्यस्तेभ्योऽपि नमो=नमस्कारोऽस्तु तथा तेषामक्षीणभागधेयानामयमस्माभिरञ्जलिः सञ्जितः, तथा प्रशस्यचरितांस्तानेव वयमुपास्महे, यैः किं ? यैर्दुष्कर्मदावपावकप्रदीप्तः स्वात्मा त्वच्छासनामृतरसैस्त्वत्प्रवचनपीयूषपूरैरन्वहं प्रतिवासरमसिच्यत, तस्यैव संसृतिसन्तापनिर्वापणप्रवणत्वादिति ।।१५/७।।

ટીકાર્થ :-

हे भगवन् ! आस्तां ..... प्रवणत्वादिति ।। હે ભગવન્ ! તમને અને તમારા શાસનને દૂર રહો=નમસ્કાર દૂર રહો, યાવદ્ અગણ્ય પુણ્યથી ઉપચિત તેઓને પણ નમસ્કાર થાઓ. અને અક્ષીણ ભાગધેય એવા તેઓને=મહાભાગ્યશાળી એવા તેઓને, અમારા વડે અંજલિ જોડાય છે=હાથ જોડાય છે. અને પ્રશસ્યચરિત્રવાળા=પ્રશંસા કરવા યોગ્ય ચરિત્રવાળા, તેઓની જ અમે ઉપાસના કરીએ છીએ. જેઓ વડે શું ? જેઓ વડે દુષ્કર્મરૂપી દાવાનળના અગ્નિથી પ્રદીપ્ત પોતાના આત્મા તમારા શાસનના અમૃતરસથી=તમારા પ્રવચનરૂપી અમૃતના પૂરથી, પ્રતિદિવસ સિંચન કરાય છે; કેમ કે તેનું જ=ભગવાનના વચનરૂપી અમૃતનું જ, સંસૃતિના સંતાપના નિર્વાપણમાં પ્રવણપણું છે=ચારગતિઓના પરિભ્રમણ રૂપ જે સંતાપ તે રૂપ કષાયોનું કાલુષ્ય તેને દૂર કરવામાં સમર્થપણું છે. ।।૧૫/૭।।

ભાવાર્થ :-

તે મહાત્માઓને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે કે જેઓ ભગવાનના શાસનના અમૃતતુલ્ય જે ઉત્તમવચનો છે તેનાથી પોતાનો આત્મા સતત સિંચન કરાય છે; કેમ કે સંસારવર્તી પોતાનો આત્મા કષાયોરૂપી સંતાપથી સંતપ્ત છે અને તે કષાયોનો સંતાપ દુર્ગતિના પરિભ્રમણનું એક કારણ છે એવી સ્થિર બુદ્ધિ જેઓને થઈ છે

તેઓ તે કષાયના સંતાપને શમન કરવામાં અમૃતતુલ્ય ભગવાનના વચનથી પોતાના આત્માને સતત ભાવિત કરે છે. તેઓને જોઈને હર્ષિત થયેલા સ્તુતિકારશ્રી કહે છે કે ભગવાન તો ગુણસમૃદ્ધ છે માટે હું તેઓને નમસ્કાર કરું છું. ભગવાનનું શાસન જગતના જીવોના કલ્યાણ માટેનું કારણ છે માટે હું તેને પણ નમસ્કાર કરું છું. પરંતુ જેઓ ભગવાનના શાસનના અમૃતરસથી આત્માને સિંચન કરે છે તેઓને પણ હું નમસ્કાર કરું છું. વળી, ભક્તિના અતિશય અર્થે કહે છે કે તેઓને જ હું બે હાથ જોડું છું અને તેઓની જ હું ઉપાસના કરું છું; કેમ કે ભગવાનના વચનથી આત્માનું સિંચિત કરવું અતિ દુષ્કર કાર્ય છે. અને તે કાર્ય આ મહાત્માઓ કરી રહ્યા છે. માટે તેઓની ઉપાસના કરીને હું પણ તેમની જેમ ભગવાનના શાસનના અમૃતરસથી આત્માને સિંચિત કરવાની શક્તિવાળો થાઉં. એ પ્રકારના અભિલાષથી સ્તુતિકારશ્રી ભગવાન પ્રત્યેની જ પોતાની ભક્તિની વૃદ્ધિ કરે છે. **॥૧૫/૭॥**

અવતરણિકા :-

यदि वा त्वत्प्रवचनामृतप्लुतमनसः स्फुटचेतनास्ते तावन्नमस्या एव, किन्तु –

અવતરણિકાર્થ :-

જો તમારા પ્રવચનના અમૃતથી પ્લુતમનવાળા જીવોની=તમારા પ્રવચનરૂપી અમૃતથી વાસિત મનવાળા જીવોની, સ્ફુટ ચેતના છે તેઓ તો નમસ્કાર કરવા યોગ્ય છે જ, પરંતુ તમારા ચરણથી સ્પર્શાયેલી ભૂમિ પણ નમસ્કાર કરવા યોગ્ય છે –

શ્લોક :-

भुवे तस्यै नमो यस्यां, तव पादनखांशवः ।
चिरं चूडामणीयन्ते, ब्रूमहे किमतः परम् ।।१५/८।।

શ્લોકાર્થ :-

તે ભૂમિને નમસ્કાર થાઓ. જે ભૂમિમાં તમારા ચરણના નખનાં કિરણો ચિરકાળ ચૂડામણિની જેમ આચરણા કરે છે અર્થાત્ મુગટમાં રહેલો મણિ મુગટની શોભા વધારે છે તેમ તમારા નખનાં કિરણો તે ભૂમિને પોતાના સ્પર્શથી પવિત્ર કરે છે. આનાથી બીજું=ભગવાનના ચરણથી સ્પર્શાયેલી ભૂમિને નમસ્કારથી બીજું, અમે શું કહીએ. ।।૧૫/૮।।

ટીકા :-

तस्यै भुवे=पृथिव्यै नमोऽस्तु, यस्यां तव पादनखांशवस्तव क्रमनखमयूखाश्चिरं चूडामणीयन्ते=मौलिमणि-महिमानमुद्वहन्ति, अतः परमपि वयं किमन्यद् ब्रूमहे । किमुक्तं भवति ? किल यदि त्वदध्यासनेन तीर्थप्रतिमा पृथिव्यपि नमस्या, ततः किमन्यत्त्वद्गुणेष्वनुपादेयमिति ।।१५/८।।

ટીકાર્થ :-

तस्यै भुवे ..... गुणेष्वनुपादेयमिति ।। તે ભૂમિને=પૃથ્વીને નમસ્કાર થાઓ, જેમાં તમારા પગના નખનાં કિરણો=તમારા ચરણના નખનાં કિરણો, ચિરકાળ સુધી ચૂડામણિ જેવું આચરણ કરે છે= મુગટના મણિના મહિમાને વહન કરે છે અર્થાત્ ભગવાનના ચરણરૂપી મુગટના મણિથી શોભાયમાન જે પૃથ્વી થઈ છે તે પૃથ્વીને નમસ્કાર થાઓ. આનાથી બીજું પણ અન્ય અમે શું કહીએ ? શું કહેવાયેલું થાય છે ? ખરેખર તમારા અધ્યાસથી તીર્થતુલ્ય પૃથ્વી પણ નમસ્કાર કરવા યોગ્ય છે. તેનાથી અન્ય તમારા ગુણમાં અનુપાદેય શું છે ? ॥૧૫/૮॥

ભાવાર્થ :-

ભગવાન પ્રત્યેના ભક્તિના અતિશયથી સ્તુતિકારશ્રી કહે છે કે ભગવાન તો ગુણના સમૃદ્ધ છે તેથી પૂજ્ય છે. ભગવાને બતાવેલ શ્રુતનું જ્ઞાન મોક્ષમાર્ગને બતાવનાર છે માટે પૂજ્ય છે. ભગવાનનું વચન જે મહાત્માઓને સમ્યગ્ પરિણમન પામ્યું છે, તે મહાત્માઓ પણ તેટલા અંશથી ગુણસંપન્ન થયેલા હોવાથી પૂજ્ય છે. પરંતુ ભગવાન જે ભૂમિ ઉપર રહેલા છે, ભગવાનના ચરણના સ્પર્શવાળી તે ભૂમિ પણ નમસ્કાર પાત્ર છે. આનાથી અધિક ભગવાનના ગુણવિષયક શું કહીએ; કેમ કે તદ્દન જડ એવા પૃથ્વીના પુદ્ગલો પણ ભગવાનના સ્પર્શને કારણે પૂજ્યતાને પામે છે. **॥૧૫/૮॥**

અવતરણિકા :-

एवं च –

અવતરણિકાર્થ :-

અને આ રીતે=અત્યાર સુધી પ્રસ્તુત પ્રકાશમાં ભગવાનની સ્તુતિ કરી એ રીતે, શું ? એથી કહે છે.

શ્લોક :-

जन्मवानस्मि धन्योऽस्मि, कृतकृत्योऽस्मि यन्मुहुः ।
जातोऽस्मि त्वद्गुणग्रामरामणीयकलम्पटः ।।१५/९।।

શ્લોકાર્થ :-

હું જન્મવાળો છું, ધન્ય છું, કૃતકૃત્ય છું, જે કારણથી વારંવાર તમારા ગુણગ્રામની રમણીયતામાં લંપટ થયો છું. ॥૧૫/૯॥

ટીકા :-

एवं च सति स्वामिन् ! अहमेव जन्मवान् सफलावतारोऽस्मि तथा धन्यः पुण्यवानप्यहमेवास्मि तथा कृतकृत्यो=निर्वर्त्तितसमस्तशस्तकर्त्तव्योऽप्यहमेवास्मि, यत्किं ? यदहं मुहुरनुक्षणं त्वद्गुणग्रामरामणीयके=तव

गुणसमूहमनोंहरत्वे, लम्पटो=बद्धगृद्धिर्जातोऽस्मि । अयमाशयः 'इदमेवास्य समग्रसामग्रीसङ्गतस्य जन्मनः फलमेतदेव च तत्त्वतो धन्यत्वमियमेव च निश्चिता कृतकृत्यता, यद् एकान्ताभिरामत्वद्गुणग्रामवर्णने ममैकतानं मनः समजनीति' ।।१५/९।।

इति श्रीवीतरागस्तोत्रे पञ्चदशस्य भक्तिस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

एवं ..... समजनीति' ।। અને આમ હોતે છતે=અત્યાર સુધી પોતે ભગવાનની સ્તુતિ કરી એમ હોતે છતે, હે સ્વામી ! હું જ જન્મવાળો છું=સફલ અવતારવાળો છું. અને ધન્ય છું=હું જ પુણ્યવાન પણ છું. અને કૃતકૃત્ય હું જ=નિષ્પન્ન કર્યાં છે સમસ્ત પ્રશસ્ત કર્તવ્યો જેણે એવો પણ હું છું.

જેનાથી શું ? તેથી કહે છે –

જે કારણથી હું વારંવાર=અનુસમયે, તમારા ગુણગ્રામના રામણીયકમાં=તમારા ગુણસમૂહના મનોહરપણામાં, લંપટ=બદ્ધગૃદ્ધિવાળો, થયો છું.

આ આશય છે – 'આ સમગ્ર સામગ્રીથી સંગત એવા જન્મનું=મોક્ષને સાધવાને અનુકૂળ એવી સમગ્ર સામગ્રીથી યુક્ત એવા આ જન્મનું, આ જ ફલ છે. અને આ જ તત્ત્વથી ધન્યપણું છે=ભગવાનના ગુણોમાં લંપટપણું થાય એ જ તત્ત્વથી ધન્યપણું છે, અને આ જ નિશ્ચિત કૃતકૃત્યતા છે=ભગવાનના ગુણોમાં લંપટતા થાય એ જ નિશ્ચિત કૃતકૃત્યતા છે, જે કારણથી એકાંત અભિરામ એવા તમારા ગુણગ્રામના વર્ણનમાં મારું એકતાનવાળું મન થયું.' ।।૧૫/૯।।

આ-પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં પંદરમા ભક્તિસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

પ્રસ્તુત પ્રકાશમાં અત્યાર સુધી ભગવાનની સ્તુતિ કરી તેનાથી હર્ષિત થયેલા સ્તવનકારશ્રી કહે છે કે આ પ્રકારે તમારા ગુણોના સમૂહમાં હું લંપટ થયો છું; કેમ કે તમારા ગુણો જ મને અત્યંત રમણીય દેખાય છે. તેથી સતત ભગવાનની વીતરાગતા, નિર્લેપતા સ્મરણમાં આવે છે. અને તેમણે બતાવેલો યોગમાર્ગ કઈ રીતે વીતરાગતાનું કારણ છે ? તેનું સ્મરણ થાય છે. તેથી ભક્તિનો અતિશય થવાને કારણે વીતરાગ અને વીતરાગ સંબંધી સ્પર્શાયેલી યાવત્ પૃથ્વી પ્રત્યે પણ પોતાને ભક્તિની વૃદ્ધિ થાય છે. અને તેના કારણે જ પોતાનો જન્મ સફલ થયો છે તેમ માને છે. પોતે પુણ્યવાળા છે જેથી વીતરાગને વીતરાગ સ્વરૂપે જાણવા સમર્થ બન્યા છે અને વીતરાગની વીતરાગ રૂપે સ્તુતિ કરીને પોતે કૃતકૃત્ય બન્યા છે તે પ્રકારે સ્મરણ કરીને ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિને જ અતિશય કરે છે. જેથી વીતરાગમય અવસ્થા સિવાય અન્ય કંઈ જગતમાં સાર નથી તેવી સ્થિર, સ્થિરતર બુદ્ધિ પોતાનામાં પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. **॥૧૫/૯॥**

પ્રકાશ-૧૬

અવતરણિકા :-

एवं स्तुतिकृद् भक्तिस्तवेन भगवतः स्वभक्तिमाविष्कृत्य साम्प्रतमात्मगर्हास्तवेन क्षीणतार्त्तिं विज्ञपयन्नाह—

અવતરણિકાર્થ :-

આ રીતે સ્તુતિકારશ્રી ભક્તિસ્તવનથી=પૂર્વના પ્રકાશમાં ભગવાનની સ્તુતિ કરી એ રીતે સ્તુતિકારશ્રી ભક્તિસ્તવનથી, ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિને આવિષ્કૃત કરીને=સ્તુતિ દ્વારા પ્રગટ કરીને, હવે આત્મગર્હાસ્તવનથી ક્ષીણતાની આર્તિને વિજ્ઞાપન કરતાં=પોતાનાં દુષ્કૃતો ક્ષીણતાને પામે એવી ખેદની પીડાને વિજ્ઞાપન કરતાં, સ્તુતિકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી પ્રથમ ભગવાનના ગુણોનું સ્મરણ કરીને પોતાના હૈયામાં ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરી હવે પ્રમાદને વશ પોતે જે આ ભવમાં કે પૂર્વ ભવમાં દુષ્કૃતો સેવ્યાં છે તેની ગર્હા રૂપે ભગવાનનું સ્તવન કરીને તે દુષ્કૃતો ક્ષીણ થાય તેવી પોતાની દુષ્કૃતવાળી અવસ્થા પ્રત્યે પોતાને પીડાનો અનુભવ થાય અર્થાત્ તિરસ્કારનો અનુભવ થાય તે રીતે વિજ્ઞાપન કરતાં કહે છે.

શ્લોક :-

त्वन्मतामृतपानोत्था, इतः शमरसोर्मयः ।
पराणयन्ति मां नाथ ! परमानन्दसम्पदम् ।।१६/१।।

શ્લોકાર્થ :-

આ બાજુ તમારા મતના અમૃતના પાનથી ઊઠેલ શમરસની ઊર્મિઓ હે નાથ ! મને પરમ આનંદની સંપત્તિને સન્મુખ કરે છે. ।।૧૬/૧।।

ટીકા :-

हे विहितान्तरारातिप्रमाथ ! नाथ ! इतोऽस्मिन्पक्षे, त्वन्मतामृतपानोत्थास्त्वत्प्रवचनपीयूषास्वादनसमुद्भवाः शमरसोर्मयः प्रशमामृतवीचयो मां परमानन्दसम्पदं=चिदानन्दश्रियं, पराणयन्ति=प्रापयन्ति, भवत्येव परमप्रशमामृतसुहितस्यात्मनः किञ्चिच्चिदानन्दानुरूपं सुखमिति ।।१६/१।।

ટીકાર્થ :-

हे विहितान्तरा ..... सुखमिति ।। હે વિહિત અંતર આરાતિ પ્રમાથ નાથ !=જેઓએ અંદરની

પીડાઓનું પ્રમથન કર્યું છે એવા નાથ ! આ બાજુ=આ પક્ષમાં, તમારા મતના અમૃતના પાનથી ઉત્થ=તમારા પ્રવચનરૂપી અમૃતના આસ્વાદનથી સમુદ્ભવ પામેલ, શમરસની ઊર્મિઓ=પ્રશમ અમૃતનાં મોજાંઓ મને પરમાનંદ સંપત્તિને=ચૈતન્યના આનંદની લક્ષ્મીને, પરાણય કરે છે=પ્રાપ્ત કરાવે છે, પરમ પ્રશમ અમૃતથી સુહિત એવા આત્માને કંઈક ચૈતન્યના આનંદરૂપ સુખ થાય જ છે=જે જીવોએ પરમ પ્રશમ અમૃતનો પરમાર્થ જાણ્યો છે તેવા આત્માઓ જ્યારે ભગવાનના ગુણોનું સ્મરણ કરે છે ત્યારે કંઈક મોહની અનાકુળતા થવાથી તેઓને ચૈતન્યના આનંદ રૂપ સુખ થાય જ છે. ॥૧૬/૧॥

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રી ભગવાનને કહે છે કે હે નાથ ! તમે સાંસારિક ભાવોથી પર થઈને આત્માની નિરાકુળ અવસ્થામાં સ્વસ્થ વર્તો છો. તેથી તેવી સ્વસ્થ અવસ્થાના પ્રાપ્તિના ઉપાયભૂત જે તમે સન્માર્ગ બતાવ્યો છે, તે સન્માર્ગના અમૃતનું પાન કરવાથી ચિત્તમાં આ બાજુ શમરસની ઊર્મિઓ પ્રગટે છે અર્થાત્ વીતરાગતા આદિ ગુણો તરફ આવર્જિત થયેલું ચિત્ત બને છે. તેથી, પરમ આનંદરૂપી મોક્ષની સંપત્તિ પ્રત્યે મારું ચિત્ત અત્યંત અભિમુખ બને છે. તેથી, સતત મોક્ષપ્રાપ્તિ માટે મારું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. છતાં અનાદિ ભવ-અભ્યાસને કારણે બીજી બાજુ શું થાય છે તે બીજા શ્લોકમાં સ્પષ્ટ કરે છે. **॥૧૬/૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને=પૂર્વ શ્લોકમાં કહ્યું કે આ બાજુ પોતાનું ચિત્ત પરમાનંદ તરફ પ્રસર્પણવાળું બને છે. તો વળી, અન્ય શું થાય છે ? તેનો સમુચ્ચય 'તથા'થી કરે છે –

શ્લોક :-

इतश्चानादिसंस्कारमूर्च्छितो मूर्च्छयत्यलम् ।
रागोरगविषावेगो, हताशः करवाणि किम् ? ।।१६/२।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ અનાદિ સંસ્કારથી મૂર્ચ્છિત થયેલો રાગરૂપી સર્પના વિષનો આવેગ અત્યંત મૂર્ચ્છિત કરે છે. હતાશ થયેલો હું શું કરું ? ॥૧૬/૨॥

ટીકા :-

हे भगवन् ! इतश्चास्मिन्पक्षे अनादिसंस्कारमूर्च्छितः=प्रचुरतरभवोपलालनोपचितो, रागोरगविषावेगो= रागभुजङ्गमगरलोद्गारोऽलमत्यर्थं मां मूर्च्छयति=मुकुलितसदसद्विचारं विधत्ते एवं च सति किमहं हताशो= विगलितप्रत्याशः करवाणि ? किं प्रतिविधानं विदधे ? स्थाने च हताशत्वम्, यतः-यस्यामृतमापिबतोऽ-

प्युरगविषावेगः प्रसरति, तस्य तन्निग्रहे किमपरमौपयिकम् ? यस्य च परमवैराग्यप्रधानं जिनप्रवचनं परिशीलयतो रागावेगः स्फुरति स तदपरं तन्निग्रहोपायमपश्यन् भवत्येव विहताशः ।।१६/२।।

ટીકાર્થ :-

હે ભગવન્ ! ..... વિહતાશઃ ।। હે ભગવાન ! આ બાજુ=આ પક્ષમાં, અનાદિ સંસ્કારને આશ્રયીને ઉત્થિત=ઊઠેલ=પ્રચુરતર ભવના ઉપલાલનને કારણે ઉપચિત=ઘણા ભવોના પોષણથી પુષ્ટ કરાયેલ, એવા રાગરૂપી સાપના વિષનો આવેગ=રાગરૂપી ભુજંગમના ગરલ ઉદ્ગાર=રાગરૂપી સર્પના ઝેરી ઓડકારો, અત્યંત મને મૂર્ચ્છિત કરે છે=મુકુલિત સદ્-અસદ્ વિચારવાળું કરે છે=સદ્-અસદ્ વિચારથી રહિત કરે છે અને આ પ્રમાણે હોતે છતે=એક બાજુ તમારા શાસ્ત્રના વચનથી ભાવિત થાઉં છું ત્યારે મોક્ષને અભિમુખ થાઉં છું છતાં અનાદિ સંસ્કારને કારણે રાગાદિ વિષના આવેગો મને મૂર્ચ્છિત કરે છે એમ હોતે છતે, હતાશ એવો હું=વિગલિત થયેલી પ્રત્યાશાવાળો એવો હું=ભગવાનના શાસનથી મારા આત્માને જીવાડી શકીશ એવી જીવવાની જે પ્રતિ આશા હતી તે વિગલિત થઈ છે એવો હું, શું કરું ?=શું પ્રતિવિધાન કરું. અર્થાત્ જ્યારે વિષના આવેગો મને મૂર્ચ્છિત કરે છે, ત્યારે હું ભગવાનના શાસનથી જીવવાની આશાથી રહિત થયો છું. અને સ્થાનમાં હતાશાપણું છે=જ્યારે ભગવાનના વચનથી વાસિત ચિત્ત કરવા છતાં નિમિત્તોને પામીને રાગાદિ ભાવોના આવેગો ઊઠે છે અને પોતે તે વખતે પ્રયત્ન કરવા અસમર્થ બને છે તેવા સ્થાનમાં સ્તુતિકારશ્રીને જે હતાશા થાય છે તે હતાશપણું સ્થાને છે. જે કારણથી અમૃતનું પાન કરતાં પણ જેને સાપના વિષનો આવેગ પ્રસરે છે તેના નિગ્રહમાં=સાપના વિષના નિગ્રહમાં, તેને બીજું શું ઉપયોગી છે ? અને પરમવૈરાગ્યપ્રધાન જિનવચનને પરિશીલન કરતાં જેને રાગનો આવેગ સ્ફુરણ થાય છે, તે તદ્ અપર=જિનપ્રવચનથી અપર, તેના નિગ્રહના ઉપાયને=રાગાદિ વિષના નિગ્રહના ઉપાયને, નહીં જોતો એવો તે=જેને ભગવાનના પ્રવચનના પરિશીલનકાળમાં પણ રાગાદિ આવેગ થાયે છે તે, હણાયેલી આશાવાળો થાય જ છે. ।।૧૬/૨।।

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી ભગવાનના અમૃતરસથી ભાવિત થાય છે ત્યારે પોતાના વીતરાગગામી ચિત્તને જોઈને ઉત્સાહિત થાય છે અને વિચારે છે કે મોક્ષપ્રાપ્તિ હવે પોતાના માટે અત્યંત સુલભ છે. વળી, બાહ્ય નિમિત્તોને પામીને પોતાનામાં જે રાગાદિના સંસ્કારો પડેલા, તે ઊઠે છે ત્યારે તે રાગાદિરૂપી સર્પોના વિષના આવેગથી પોતાનો આત્મા અત્યંત મૂર્ચ્છિત થતો દેખાય છે. તેથી સ્તુતિકારશ્રીને ભગવાનના વચનને સ્પર્શીને વીતરાગ તરફ જતો ઉપયોગ સ્ખલના પામીને રાગાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળો બનતો દેખાય છે, ત્યારે મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે હણાયેલી આશાવાળા થયેલા સ્તુતિકારશ્રી ભગવાનને કહે છે કે હે ભગવન્ ! હું શું કરું ? અર્થાત્ જે તમારું પ્રવચન વૈરાગ્યપ્રધાન છે તેના પરિશીલનથી રાગાદિ ક્ષીણ થાય છે છતાં તેના પરિશીલનકાળમાં જ હું વિદ્વાન છું, લોકોથી સત્કાર

પામેલો છું ઇત્યાદિ ભાવોને વશ થઈને હું વીતરાગતાને પ્રગટ કરવાના વ્યાપારથી ચ્યુત થાઉં છું તેથી, ખેદ પામેલા સ્તુતિકારશ્રી ભગવાન આગળ પોકાર કરે છે કે હણાયેલી આશાવાળો હું શું કરું જેથી, આ ઝેર મારા આત્મામાંથી દૂર થાય. **॥૧૬/૨॥**

અવતરણિકા :-

रागवैकृतमेव व्यनक्ति –

અવતરણિકાર્થ :-

રાગના વૈકૃતને જ વ્યક્ત કરે છે=રાગજન્ય આત્મામાં થતા વિકૃતપણાને જ વ્યક્ત કરે છે –

શ્લોક :-

रागाहिगरलाघ्रातोऽकार्षं यत्कर्म वैशसम् ।
तद्वक्तुमप्यशक्तोऽस्मि, धिग्मे प्रच्छन्नपापताम् ।।१६/३।।

શ્લોકાર્થ :-

રાગરૂપી સર્પના ઝેરથી આઘ્રાત થયેલા એવા મેં જે વૈશસકર્મ=અસમંજસ કૃત્ય કર્યું, તેને કહેવા માટે પણ હું અશક્ત છું. મારી પ્રચ્છન્નપાપતાને ધિક્કાર થાઓ. ॥૧૬/૩॥

ટીકા :-

हे स्वामिन् ! अहं रागाहिगरलाघ्रातो=रागोरगविषावेगास्कन्दितो, यद्वैशसमसमञ्जसं कर्म=व्यापारमकार्षमकरवम् तदधुना तेनैव स्वकर्मणा लज्जितस्तवापि विश्ववत्सलस्य पुरतो वक्तुं=प्रकाशयितुं न शक्तोऽस्मि, ततो धिगिति निन्दायाम्, मे मम, इमां प्रच्छन्नपापतां परोक्षदुष्कृतकारितां धिक्, युक्तश्चात्मनि धिक्कारः, यतः कृत्वापि दुष्कृतं यदि सत्पात्रे प्रकाश्यते तदा तदुचितप्रायश्चित्तादिना भवत्येवैनसः शुद्धिः, अप्रकाशितं तु दुष्कृतं नष्टशल्यमिवामरणान्तं व्यथयति, भवान्तरं च सङ्क्रामतीति ।।१६/३।।

ટીકાર્થ :-

हे स्वामिन् ! ..... सङ्क्रामतीति ।। હે સ્વામી ! હું રાગરૂપી સર્પના ઝેરથી આઘ્રાત થયેલો=રાગરૂપી સર્પના વિષના આવેગથી આસ્કંદિત થયેલો, જે વૈશસ=અસમંજસ, કર્મ=વ્યાપાર, કર્યું. તે હમણાં=તે જ સ્વકર્મથી લજ્જિત થયેલો હમણાં, તમારી પાસે=વિશ્વવત્સલની આગળ, કહેવા માટે=પ્રકાશન કરવા માટે, સમર્થ નથી. 'ધિક્' એ નિંદા અર્થમાં છે. તેથી મારી આ પ્રચ્છન્નપાપતાને=પરોક્ષ દુષ્કૃતકારિતાને, ધિક્કાર થાઓ=મારા ચિત્તમાં વર્તતા રાગાદિ રૂપ દોષોની કારિતા કે જે હું જોઈ શકું છું, બીજા જોઈ શકતા નથી તેવી દુષ્કૃત કરણશીલતાને ધિક્કાર થાઓ, આત્મામાં ધિક્કાર યુક્ત છે. જે કારણથી દુષ્કૃત કરીને પણ જો સત્પાત્રમાં પ્રકાશિત કરાય છે, તો તેને ઉચિત પ્રાયશ્ચિત્ત આદિથી પાપની શુદ્ધિ થાય છે. વળી, અપ્રકાશિત દુષ્કૃત નષ્ટશલ્યની જેમ=દેહમાંથી નહીં નીકળેલું અને

અંદરમાં નાશ પામેલા શલ્યની જેમ, મરણના અંત સુધી પીડા કરે છે અને ભવાંતરમાં સંક્રમ પામે છે=ભવાંતરમાં તે પાપવૃત્તિ અનુવૃત્તિ રૂપે આવે છે. ॥૧૬/૩॥

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રી ભગવાન પાસે પોતાની પ્રસંગે થતી રાગાદિની પરતંત્રતાને અભિવ્યક્ત કરતાં કહે છે. હું તમારા શાસ્ત્રથી ભાવિત થાઉં છું ત્યારે ઉપશાંત ભાવોમાં વર્તું છું વળી નિમિત્તને પામીને નિમિત્ત અનુસાર ભાવોથી યુક્ત થાઉં છું ત્યારે ચિત્તવૃત્તિમાં રહેલ રાગાદિ રૂપ સર્પોના વિષથી આઘ્રાત છું અર્થાત્ અનાદિ કાલથી આત્મામાં સંસ્કારરૂપે સ્થિર થયેલ રાગાદિનો પરિણામ ચિત્તવૃત્તિમાં ઉલ્લસિત થઈને તેના ઝેરથી યુક્ત મારું ચિત્ત કરે છે. જેને પરવશ હું અસમંજસ કાર્ય કરું છું જે કાર્ય કોઈની પાસે પ્રકાશિત કરતાં પણ મને લજ્જા આવે છે. તેથી તે કાર્યોને કહેવા માટે હું સમર્થ નથી અને મારામાં વર્તતી આવી પ્રચ્છન્નપાપતાને ધિક્કાર થાઓ. આ પ્રકારે ભગવાન આગળ પ્રકાશન કરીને અને પોતાનાં તે પાપો પ્રત્યે તિરસ્કાર કરીને સ્તુતિકારશ્રી પોતાની રાગ-ઉદ્ભવ શક્તિને ક્ષીણ ક્ષીણતર કરવા મથે છે; કેમ કે જે પાપો પોતાને શલ્યની જેમ ખૂંચે છે તે પાપોની નિંદા કરવાથી તે પાપશક્તિ ક્ષીણ થાય છે. **॥૧૬/૩॥**

અવતરણિકા :-

न च राग एव केवलः प्रतिपन्थी, किन्तु मोहादयोऽपीति व्यनक्ति –

અવતરણિકાર્થ :-

અને રાગ જ કેવલ પ્રતિપંથી નથી=આત્માને મોક્ષ તરફ ગમનમાં વિઘ્નકારી નથી, પરંતુ મોહાદિ પણ મોક્ષપથમાં વિઘ્નકારી છે. એ પ્રમાણે પ્રગટ કરે છે –

શ્લોક :-

क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी ।
मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलम् ।।१६/४।।

શ્લોકાર્થ :-

ક્ષણભર સક્ત, ક્ષણભર મુક્ત, ક્ષણભર ક્રુદ્ધ, ક્ષણભર ક્ષમાવાળો. મોહાદિ ભાવો વડે ક્રીડાથી હું કપિની જેમ ચપલપણાને કરાવાયો. ॥૧૬/૪॥

ટીકા :-

हे मोहद्रोहकारिन् ! त्वत्किङ्करोहं मोहाद्यैः कपिचापलं प्रापितः, कथमित्याह–क्षणं=क्षणमात्रं, मनोज्ञेषु शब्दादिषु सक्तो निबद्धरतिस्तिष्ठामि, क्षणं च दुरन्ततद्विपाकानुचिन्तनेन मुक्तो=मुक्तरूप इव, भवामि, क्षणं च केनापि क्वचिद्वाञ्छिते स्खलिताभिलाषस्तं प्रति क्रुद्धः क्रोधवानस्मि, क्षणं च क्रोधफलोपभोगेन विलीनौदयिकभावो भावयन् वस्तुतत्त्वं क्षमी क्षमावान् भवामि । एवं मोहादिभिः क्रीडया मनोविनोदार्थमर्थी-

વેશ્વરૈરહં કપિચાપલં કાપેયં કારિતઃ, યથા સહજનિજચાપલેન ક્ષણે ક્ષણે કપિર્વિસદૃશચેષ્ટો ભવતિ તથાહમપિ મોહાદિભિરિતિ ।।૧૬/૪।।

ટીકાર્થ :-

હે મોહદ્રોહકારિન્ ! ..... મોહાદિભિરિતિ ।। હે મોહના દ્રોહને કરનાર એવા ભગવાન ! તમારો કિંકર એવો હું મોહાદિ વડે કપિચાપલને પ્રાપ્ત કરાયો=વાંદરાની જેમ ચાપલપણું પ્રાપ્ત કરાયો.

કેવી રીતે હું કપિચાપલને પ્રાપ્ત કરાયો ? તેથી કહે છે –

ક્ષણ=ક્ષણમાત્ર, મનોજ્ઞ એવા શબ્દાદિમાં સક્ત થયેલો=નિબદ્ધરતિવાળો રહું છું, અને ક્ષણ=ક્ષણમાત્ર, દુરંત તેના વિપાકના અનુચિંતવનથી=શબ્દાદિમાં થતી આસક્તિનાં ફળો ખરાબ છે એ પ્રકારના અનુચિંતવનથી, મુક્ત થયેલો=શબ્દાદિ વિષયોમાં નિર્લેપ પરિણામવાળો એવો મુક્તરૂપ જેવો થાઉં છું. અને ક્ષણ=ક્ષણમાત્ર, કોઈકના વડે પણ કોઈક વાંછિત વસ્તુમાં સ્ખલિત અભિલાષવાળો એવો હું તેના પ્રત્યે ક્રોધવાળો છું. અને ક્ષણ=ક્ષણમાત્ર, ક્રોધના ફલના ઉપભોગથી=પોતાનામાં પ્રગટ થયેલ ક્રોધના ફલ રૂપે જે અસ્વસ્થતાના સ્મરણથી, વિલીન થયેલા ઔદાયિકભાવવાળો વસ્તુતત્ત્વનું ભાવન કરતો અર્થાત્ બાહ્યપદાર્થો સાથે મારે કોઈ પ્રયોજન નથી, મારા નિરાકુળ સ્વભાવ સાથે જ મારે પ્રયોજન છે એ પ્રકારે વસ્તુતત્ત્વને ભાવન કરતો, ક્ષમાવાન થઉં છું. આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, મોહાદિ વડે ક્રીડાથી ધનિકો વડે મનોવિનોદ માટે અર્થીની જેમ=ધનિકો મનોવિનોદ માટે ધનના અર્થી જીવો પાસેથી નાટક કરાવે છે તેમ, હું કપિચાપલ=કપિ સંબંધી ભાવો, કરાવાયો. જે પ્રમાણે સહજ નિજ ચાપલ્યને કારણે ક્ષણે ક્ષણે વાંદરો વિસદૃશચેષ્ટાવાળો થાય છે=ચેનચાળા ચેષ્ટાવાળો થાય છે, તે પ્રમાણે હું પણ મોહાદિથી વિસદૃશચેષ્ટાવાળો થાઉં છું. ।।૧૬/૪।।

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રી પોતાના ચિત્તની સ્થિતિ ભગવાન પાસે અભિવ્યક્ત કરતાં કહે છે. હે ભગવાન ! મારું ચિત્ત અનુકૂળ શબ્દાદિ વિષયો જોઈને ક્ષણમાત્ર આસક્તિવાળું થાય છે અને જ્યારે હું તે વિષયોના વિપાક દુરંત સંસારફળવાળા છે, એ પ્રકારે શાસ્ત્રથી ભાવન કરું છું ત્યારે વિકાર વગરનો થાઉં છું, છતાં મારું ચિત્ત સતત નિર્વિકારી સ્વરૂપમાં રહેતું નથી, પરંતુ ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોને પામીને ક્ષણભર વિષયોના ભાવોને સ્પર્શે છે અને ક્ષણભર તમારા વચનાનુસાર તેનું અનર્થકારી સ્વરૂપ ભાવન કરું છું ત્યારે વિષયોથી વિરક્ત થાઉં છું. આ પ્રકારે મારો ચપલ સ્વભાવ છે. વળી, મેં ઇચ્છા કરેલી હોય તે પ્રમાણે કૃત્ય કોઈ ન કરે ત્યારે સ્ખલિત થયેલા અભિલાષવાળો હું તેના પ્રત્યે ક્રોધવાળો થાઉં છું. વળી, ક્રોધની વ્યાકુળતાનો અનુભવ કર્યા પછી, વસ્તુતત્ત્વનું ભાવન કરું છું ત્યારે ક્ષણભર ક્ષમાવાળો થાઉં છું અર્થાત્ જ્યારે તમારા વચનાનુસાર તત્ત્વનો વિચાર કરું છું ત્યારે મને મારું પ્રયોજન નિરાકુળ સ્વસ્થ અવસ્થા જ છે, અન્ય નથી, તેવું ભાવન થવાથી ક્ષમાના પરિણામવાળો થાઉં છું. આ રીતે, ક્ષણમાં ક્રોધી અને ક્ષણમાં ક્ષમાવાળો થઈને હું ચંચલ સ્વભાવવાળો રહું છું. જેમ મનોવિનોદના અર્થી ધનિક જીવો અર્થી એવા નટાદિ પાસેથી નાટક કરાવે છે

તેમ મારા ચિત્તમાં વર્તતા મોહાદિ ભાવો મને ઉપશમભાવમાંથી દૂર કરીને કપિ જેવી ચપલતાને કરાવે છે. તેથી હે ભગવન્, મારી આ વિડંબનાથી મારું રક્ષણ કરો. એ પ્રકારે સ્તુતિકારશ્રી અભિલાષ કરે છે. **॥૧૬/૪॥**

અવતરણિકા :-

यदि वा मुधैव मोहादयो मयोपालभ्यन्ते, यतः स्वकृतमेवेदं दुश्चेष्टितं इति दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

અથવા વ્યર્થ જ મોહાદિઓ મારા વડે ઉપાલંભ અપાય છે, જે કારણથી સ્વકૃત જ આ દુષ્ચેષ્ટિત છે. એ પ્રકારે બતાવતાં સ્તુતિકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૪માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે આ મોહાદિ મને કપિ જેવું ચપલપણું કરે છે. એમ કહીને મોહાદિને ઉપાલંભ આપ્યો. હવે, સૂક્ષ્મ અવલોકન કરતાં વિચારે છે કે મોહાદિને જે મેં ઉપાલંભ આપ્યો તે વ્યર્થ જ છે; કેમ કે મોહાદિનો તે દોષ નથી પરંતુ મારું જ આ દુષ્ટચેષ્ટિત છે, એ પ્રકારે બતાવતાં કહે છે –

શ્લોક :-

प्राप्यापि तव सम्बोधिं, मनोवाक्कायकर्म्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ ! शिरसि ज्वालितोऽनलः ।।१६/५।।

શ્લોકાર્થ :-

તમારા સમ્બોધિને પ્રાપ્ત કરીને પણ, મન, વચન, કાયાના કર્મથી થનારી દુષ્ટચેષ્ટાઓથી મારા વડે હે નાથ ! મસ્તક ઉપર અગ્નિ સળગાવાયો. ॥૧૬/૫॥

ટીકા :-

हे समग्रशुभशक्तिसनाथ ! नाथ ! तव सम्बधिनीं सम्=सम्यग्रूपां, बोधिं ज्ञानश्रद्धानलक्षणां पुण्ययोगात् प्राप्य=लब्ध्वापि, मनोवाक्कायकर्मजैर्मनोवचनतनुसमुद्भवैः पापानुबन्धिभिर्दुष्टचेष्टितैर्मया स्वयमेव स्वशिरसि अनलः प्रज्वालितः । किमुक्तं भवति ? यथा कोऽपि केनापि कृपालुना ज्वालितादालयादाकृष्टोऽप्यात्मवैरितया पुनः स्वमूर्ध्नि दहनं दीपयति तथा मयापि भवशतसहस्त्रदुर्लभां निर्वृतिपुरीप्रस्थाननिरुपहतवर्त्तिनीं तव बोधिं लब्ध्वापि निरर्गलदुष्टयोगविचेष्टितैर्दुर्गतिदुःखान्यात्मन्युपनयता शिरस्यनल इव ज्वालितः, तत्त्वतस्त्वेतदपि भावारिविलसतिमेव ।।१६/५।।

ટીકાર્થ :-

हे समग्रशुभशक्तिसनाथ ! नाथ ! ..... विलसतिमेव ।। હે સમગ્ર શુભ શક્તિથી યુક્ત એવા નાથ !=સર્વ પ્રકારે આત્માની ઉત્તમ શક્તિ જેમણે પ્રગટ કરી છે એવા નાથ ! તમારા સંબંધી, सम्=सम्यग् રૂપ

એવી, બોધિને=જ્ઞાનશ્રદ્ધારૂપ બોધિને, પુણ્યયોગથી પ્રાપ્ત કરીને પણ, મન, વચન, કાયાના કર્મથી થનારી=મન, વચન, કાયાથી સમુદ્ભવ એવી, પાપાનુબંધી દુષ્ટચેષ્ટાઓથી મારા વડે મસ્તક ઉપર સ્વયં જ અગ્નિ પ્રજ્વલિત કરાયો.

શું કહેવાયેલું થાય છે ?=શ્લોકના કથનથી શું કહેવાયેલું થાય છે ? તે 'यथा'થી બતાવે છે –

કોઈપણ કૃપાલુ દ્વારા બળતા એવા ઘરમાંથી આકૃષ્ટ એવો કોઈપણ આત્મવૈરીપણાથી ફરી પોતાના મસ્તક ઉપર અગ્નિને પ્રગટાવે તે પ્રમાણે મારા વડે પણ લાખો ભવોથી દુર્લભ નિર્વૃતિપુરીના પ્રસ્થાનથી નિરુપહત એવા માર્ગ રૂપ તમારી બોધિને પામીને પણ નિરર્ગલ દુષ્ટયોગવિચેષ્ટાઓથી= અંકુશ વગરના દુષ્ટયોગની વિપરીત ચેષ્ટાઓથી, દુર્ગતિનાં દુઃખો આત્મામાં ઉપનયન કરતા એવા મારા વડે, મસ્તક ઉપર અનલ જાણે સળગાવાયો, તત્ત્વથી તો આ પણ ભાવશત્રુઓથી વિલસિત જ છે. ॥૧૬/૫॥

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી પોતાના હૈયાની વ્યથા ભગવાન પાસે વ્યક્ત કરતાં કહે છે. તમે સંસારનું વાસ્તવિક સ્વરૂપ જે પ્રકારે બતાવ્યું તે પ્રકારે સંસારનું સ્વરૂપ તમારા પ્રસાદથી મને પ્રાપ્ત થયું છે. સંસારના નિસ્તારનો ઉપાય ભગવાને જે પ્રકારે બતાવ્યો છે તે પ્રકારે પોતાને પ્રાપ્ત થયો છે. છતાં પણ અનાદિ ભવઅભ્યાસને કારણે તે તે નિમિત્તોને પામીને પોતાના મનનાં, વચનનાં, અને કાયાનાં કર્મો મોહના ઉન્મૂલનને અનુકૂળ વ્યાપારવાળાં થવાને બદલે બાહ્યનિમિત્ત અનુસાર ભાવો કરીને આત્મામાં દુષ્ટચેષ્ટા ઉત્પન્ન કરે છે. જેથી, પ્રસંગે પ્રસંગે મોહનું પોષણ થાય છે. તે સ્થિતિ જોઈને સ્તવનકારશ્રી ભગવાનને કહે છે કે તમારી સંબોધિને પામીને હું શાંતરસને પ્રાપ્ત કરવા માટે સમર્થ બન્યો છું છતાં અનાદિના ભવ અભ્યસ્ત પ્રમાદને કારણે મારા મન, વચન, કાયાના યોગોથી થનારાં દુષ્કર્મો દ્વારા મારા મસ્તક ઉપર અગ્નિ પ્રજ્વલિત કરાયો અર્થાત્ કષાયોથી મારા આત્માને વ્યાકુલિત કરાયો. તે મારા પ્રમાદનું જ અનર્થકારી ફલ છે. આમ, કહીને પોતાના ચિત્તને ભગવાનની સંબોધિથી ભાવિત કરીને આત્માનું રક્ષણ કરવા માટે સ્તવનકારશ્રી અભિલાષ કરે છે. **॥૧૬/૫॥**

અવતરણિકા :-

तदेव पुनर्दर्शयति –

અવતરણિકાર્થ :-

તેને જ=પૂર્વની ગાથામાં કહ્યું તેને જ ફરી બતાવે છે –

શ્લોક :-

त्वय्यपि त्रातरि त्रातर्यन्मोहादिमलिम्लुचैः ।
रत्नत्रयं मे ह्रियते, हताशो हा हतोऽस्मि तत् ।।१६/६।।

શ્લોકાર્થ :-

હે ત્રાતા ! તમે ત્રાતા હોતે છતે પણ, મોહરૂપી ચોરટાઓ વડે મારું રત્નત્રયી હરણ કરાય છે. તે કારણથી હા=ખેદ છે કે, હતાશાથી હણાયેલો હું છું. ।।૧૬/૬।।

ટીકા :-

हे त्रातर् ! भावारिविधुरितभव्याङ्गिवर्गपालक ! त्वयि त्रिभुवनजनपरित्राणप्रवीणपराक्रमे त्रातरि पुरः सत्यपि यन्मोहादिभिर्मलिम्लुचैः=पाटच्चरैर्मे=मम, त्वयैव प्रसादितं ज्ञानदर्शनचारित्ररूपं रत्नत्रयं ह्रियते= बलाद्विलुप्यते । हा इति खेदे, तदहं हत एव हताशः युक्तं च हताशत्वं=यतः प्रभोरसमक्षं यत् किमपि विलुप्यते तत्र किल स्वस्वामिनिवेदनेन प्रत्यानयिष्याम्यहमात्मीयं वस्त्विति भवत्येव प्रत्याशा, स्वामिसमक्षं तु गते वस्तुनि कौतस्कुती प्रत्याशेति ।।१६/६।।

ટીકાર્થ :-

हे त्रातर् ! भावारिविधुरित ..... प्रत्याशेति ।। હે त्रातर् ! ભાવશત્રુથી વિધુરિતભવ્યાંગીના સમુદાયના પાલક !=કષાયોરૂપી શત્રુથી વિહ્વળ થયેલા ભવ્યજીવોના સમુદાયના પાલક એવા ભગવાન ! ત્રણ ભુવનના લોકોના પરિત્રાણમાં કુશલ પરાક્રમવાળા તમે રક્ષણ કરનાર સન્મુખ વિદ્યમાન હોવા છતાં પણ, મોહાદિ ચોરટાઓ દ્વારા મારું તમારા વડે જ પ્રસાદિત એવું જે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રય, હરણ કરાય છે=બલાત્કારથી વિલોપ કરાય છે. 'હા' એ શબ્દ ખેદમાં છે. તે કારણથી=ચોરટાઓ દ્વારા મારી રત્નત્રયી હરણ કરાય છે તે કારણથી, હું હત થયેલો જ હતાશાવાળો છું અને હતાશાપણું યુક્ત છે. જે કારણથી પ્રભુના અસમક્ષ જે કંઈ પણ વિલોપ થાય છે ત્યાં ખરેખર સ્વસ્વામીને નિવેદનથી=જણાવીને, પોતાની વસ્તુ હું પાછી મેળવીશ એ પ્રકારે પ્રતિ આશા થાય જ છે. વળી, સ્વામી સમક્ષ વસ્તુ ગયે છતે પ્રતિ આશા ક્યાંથી થાય ? ।।૧૬/૬।।

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી પોતાના હૈયાની વ્યથા ભગવાન સન્મુખ વ્યક્ત કરતાં કહે છે. હે ભગવન્, અંતરંગ શત્રુઓથી રક્ષણ કરનાર તમે વિદ્યમાન છો. મેં તમારો આશ્રય કર્યો છે છતાં અનાદિ ભવ-અભ્યાસને કારણે તમારું અવલંબન લઈને જે મેં કંઈ પણ રત્નત્રયીની પ્રાપ્તિ કરી છે તે મારી રત્નત્રયી તમારી સમક્ષ જ મારા મોહાદિના ભાવો લૂંટે છે અર્થાત્ વીતરાગતાને અભિમુખ જતો મારો રત્નત્રયીનો પરિણામ વીતરાગતાને છોડીને મોહધારાની વૃદ્ધિમાં પ્રવર્તે છે. તેથી રક્ષણ થવાની આશા જેની હણાઈ ગઈ છે એવો હું હત થયો છું; કેમ કે સંસારના ક્ષેત્રમાં મોહધારાની વૃદ્ધિ થઈ શકે પરંતુ ભગવાનનું આલંબન લઈને જ્યારે હું આત્માને ભગવાનના વચનથી ભાવિત કરવા યત્ન કરું છું ત્યારે અનાદિના સંસ્કારો મને ભગવાનના વચનનું અવલંબન છોડાવીને મોહના પરિણામનું અવલંબન પ્રાપ્ત કરાવે છે. જેથી ઘણા પ્રયાસથી રક્ષિત થયેલા

ઉત્તમભાવો પણ ક્ષણમાં નાશ પામે છે. તેથી સ્તવનકારશ્રી પોતાની હતાશાને વ્યક્ત કરીને ભગવાનના દૃઢ અવલંબન માટે વીર્યનો સંચય કરે છે. **॥૧૬/૬॥**

અવતરણિકા :-

ननु वीतरागतया यदि युष्मान् युष्मदाराध्योऽयमवधीरयति, तत्किमित्यनुत्साहहतैस्तीर्थान्तरोपास्तिर्न विधीयत इत्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

વીતરાગપણાથી=ભગવાનમાં વીતરાગપણું હોવાને કારણે, જો તમારાથી આરાધ્ય એવા આ=ભગવાન, તમારી અવગણના કરે છે=તમે ચોરટાઓથી લૂંટાઓ છો છતાં ભગવાન વીતરાગ હોવાને કારણે તમારી ઉપેક્ષા કરે છે, તો અનુત્સાહથી હણાયેલા એવા સ્તવનકારશ્રી વડે તીર્થાંતરની ઉપાસ્તિ=અન્ય દેવોની ઉપાસના, કેમ કરાતી નથી ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વ શ્લોકમાં સ્તવનકારશ્રીએ કહ્યું કે ભગવાન સન્મુખ જ મોહરૂપી ચોરટાઓ મારી રત્નત્રયી હરણ કરે છે. તેથી વિચારકને પ્રશ્ન થાય કે ભગવાન વીતરાગ છે માટે પોતાના ભક્ત પ્રત્યે પણ રક્ષણ કરવાનો કોઈ યત્ન કરતા નથી. તેથી જે દેવ શત્રુથી વિનાશ પામતા પોતાના ભક્તોનું રક્ષણ ન કરે તેવા દેવને છોડીને સ્તવનકારશ્રીએ અન્ય દેવનો આશ્રય કરવો જોઈએ કે જેઓ આશ્રિતનું રક્ષણ કરે. એ પ્રકારની વિચારકને શંકા થાય તેના નિવારણ માટે સ્તવનકારશ્રી કહે છે.

શ્લોક :-

भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं, मयैकस्तेषु तारकः ।
तत्तवांह्रौ विलग्नोऽस्मि, नाथ ! तारय तारय ।।१६/७।।

શ્લોકાર્થ :-

તીર્થોમાં હું ભમ્યો, તેઓમાં=તે તીર્થોમાં, મારા વડે તું એક તારક જોવાયો=તમે એક તારક છો એ પ્રમાણે જોવાયું, તે કારણથી તમારા ચરણોમાં હું વિલગ્ન છું, હે નાથ, મને તારો, મને તારો અર્થાત્ મોહરૂપી શત્રુઓથી મારું રક્ષણ કરો, રક્ષણ કરો. ॥૧૬/૭॥

ટીકા :-

हे स्वामिन् ! नाहमनुत्साहहतः, किन्तु पुरैव निखिलान्यपि सौगतादितीर्थानि भ्रान्तः=पर्यटितः, तेषु च मध्ये त्वमेवैकः संसारपारावारतारणक्षमं तीर्थं दृष्टः=साक्षात्कृतः, तत्तस्मादहं तवैवांह्रौ विलग्नस्त्वच्चलननलिन-मूलमालम्बितस्तदेव हे नाथ ! मामस्मात् संसृतिपाथोनाथात् त्वरितं तारय तारय परमपदपरतटं च प्रापय, अत्यन्तार्त्तिख्यापनाय तारयेति द्विरुक्तिः ।।१६/७।।

ટીકાર્થ :-

હે સ્વામિન્ ! ..... દ્વિરુક્તિઃ ।। હે સ્વામી ! હું અનુત્સાહથી હણાયેલો નથી, પરંતુ પૂર્વમાં જ નિખિલ પણ સૌગતાદિ તીર્થોમાં ભમ્યો છું=તમારો આશ્રય કરતાં પૂર્વે સૌગતાદિ અન્યદર્શનનાં શાસ્ત્રોનો પણ મેં અભ્યાસ કર્યો છે અને તેઓમાં તમે જ એક સંસારરૂપી સમુદ્રથી તારણમાં સમર્થ તીર્થ જોવાયા=સાક્ષાત્ કરાયા. તે કારણથી હું તમારા જ ચરણોમાં વિલગ્ન છું=તમારા ચરણરૂપી કમળના મૂળને આલમ્બિત છું, તે કારણથી જ હે નાથ ! આ સંસૃતિરૂપી સમુદ્રથી=સંસારરૂપી સમુદ્રથી, મને શીઘ્ર તારો તારો અને પરમપદરૂપી તટને પ્રાપ્ત કરાવો. અત્યંત આર્તિના ખ્યાપન માટે=અત્યંત પોતાના હૈયાની વ્યથાના ખ્યાપન માટે, તાર એ પ્રમાણે બે વખતની ઉક્તિ છે. ॥૧૬/૭॥

ભાવાર્થ :-

પૂર્વના શ્લોકમાં કહ્યું કે ભગવાનની સમક્ષ જ મોહરૂપી ચોરટાઓ મારો મોક્ષમાર્ગ હરણ કરે છે તેથી કઈ રીતે હું મોક્ષ પ્રાપ્ત કરીશ એ પ્રકારે હણાયેલી આશાવાળો હું થયો છું, છતાં ભગવાન સિવાય કોઈ તારનાર નથી એવો સ્તવનકારશ્રીને અન્યદર્શનોના અધ્યયનથી નિર્ણય થયો છે. તેથી કહે છે કે તમારો આશ્રય કરાતા પૂર્વે સંસારસાગરને તરવાના પ્રયોજનથી અન્ય તીર્થોમાં પણ હું ભમ્યો છું, પરંતુ તે દર્શનના અભ્યાસથી સ્તવનકારશ્રીને નિર્ણય થયો કે તેઓ યથાવત્ મોક્ષમાર્ગનું પ્રકાશન કરનારા નથી, પરંતુ ભગવાન જ યથાવત્ મોક્ષમાર્ગનું પ્રકાશન કરનારા છે. તેથી ભગવાનના અવલંબન સિવાય તરવું દુષ્કર છે. તેવો સ્થિર નિર્ણય થવાથી સ્તવનકારશ્રી ભગવાનના ચરણમાં વિલગ્ન થયા છે=ભગવાનના શાસનનું દૃઢ અવલંબન લઈને ભગવાનના વચનથી જ સંસારસાગર તરવા માટે કટિબદ્ધ થયા છે. અને ભગવાનના વચનનું દૃઢ અવલંબન લઈને સંસારસાગરથી તરવાના અર્થી સ્તવનકારશ્રી ભગવાન પાસે પોકાર કરીને કહે છે કે હે ભગવન્, તમે તારો, તમે તારો. એ પ્રકારે પોકાર કરીને ભગવાનના વચનનું સુદૃઢ અવલંબન લેવાનું બળ સ્તવનકારશ્રી સંચય કરી રહ્યા છે; કેમ કે ભગવાનના વચનના દૃઢ અવલંબનથી જ તરી શકાય છે તેવો સ્તવનકારશ્રીને સ્થિર નિર્ણય છે. **॥૧૬/૭॥**

અવતરણિકા :-

न चाहं सर्वथैवायोग्यस्त्वदनुग्रहस्य, यतः –

અવતરણિકાર્થ :-

અને હું તમારા અનુગ્રહને સર્વથા અયોગ્ય નથી, જે કારણથી શું ? એ સ્તવનકારશ્રી શ્લોકમાં કહે છે –

શ્લોક :-

भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम् ।
औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ।।१६/८।।

શ્લોકાર્થ :-

તમારા પ્રસાદથી જ હું આટલી ભૂમિને પામ્યો છું=મેં યોગમાર્ગની આટલી ભૂમિને પ્રાપ્ત કરી છે, હવે તમને ઔદાસીન્યથી ઉપેક્ષા કરવી યુક્ત નથી. ।।૧૬/૮।।

ટીકા :-

हे भगवन् ! अहं भवत्सम्बन्धिना प्रसादेनानुग्रहेणैव इयतीं त्वदुपास्तिस्तुतिविज्ञप्तियोग्यां भुवं=सुदशां, प्रापितः=समानीतोऽस्मि, तदिदानीमपि विश्वैकवत्सलस्य तव औदासीन्येन माध्यस्थ्येनोपेक्षितुं न युक्तम्, आश्रितोपेक्षणं हि न सुस्वामिधर्म इति ।।१६/८।।

ટીકાર્થ :-

हे भगवन् ! अहं ..... सुस्वामिधर्म इति ।। હે ભગવાન ! હું તમારા સંબંધી પ્રસાદથી=અનુગ્રહથી, જ આટલી ભૂમિને=તમારી ઉપાસ્તિ, સ્તુતિ અને વિજ્ઞપ્તિની યોગ્ય એવી સુદશાને, પામેલો છું. તે કારણથી વિશ્વ એક વત્સલ તમને હવે પણ ઔદાસીન્યથી=માધ્યસ્થ્યથી, ઉપેક્ષા કરવી યુક્ત નથી. હિ=જે કારણથી, આશ્રિતનું ઉપેક્ષણ સુસ્વામિનો ધર્મ નથી. ।।૧૬/૮।।

ભાવાર્થ :-

સ્તવનકારશ્રીએ અત્યાર સુધી જે ભગવાનની ઉપાસના કરેલ છે અને ભગવાનનાં ગુણગાન કરેલ છે તેના દ્વારા પોતાનામાં ગુણવૃદ્ધિ પ્રાપ્ત કરેલ છે અને ભગવાનને અનેક પ્રકારની વિજ્ઞપ્તિઓ કરીને યોગમાર્ગનું બળ સંચિત કરેલ છે તે સર્વ યોગ્યતા ભગવાનના અનુગ્રહથી જ સ્તવનકારશ્રીને પ્રાપ્ત થઈ છે; કેમ કે જેમ જેમ ભગવાનનું સ્વરૂપ હૈયાને સ્પર્શે તેમ તેમ પોતાનો આત્મા વીતરાગતાને આસન્ન થાય છે. તે જ ભગવાનનો અનુગ્રહ છે અને તે ભગવાનના અનુગ્રહથી સ્તવનકારશ્રીએ આવી સુંદર દશાને પ્રાપ્ત કરેલ છે. છતાં હજી વિશિષ્ટ ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિમાં સ્તવનકારશ્રી યત્ન કરે છે. ત્યારે અનાદિના ભવઅભ્યસ્ત પ્રમાદને કારણે મોહરૂપી ચોરટાઓ તેમની રત્નત્રયીનું હરણ કરે છે. તેથી ભગવાનને વિનંતી કરતાં કહે છે કે મેં આપના પ્રસાદથી જ આ સર્વ પ્રાપ્ત કર્યું છે તેમ આગળની યોગમાર્ગની ભૂમિકાને પણ આપના પ્રસાદથી પ્રાપ્ત કરીશ, માટે ઔદાસીન્યભાવથી મારી ઉપેક્ષા કરવી તમને યુક્ત નથી. પરંતુ તમને આશ્રિત એવા મને શત્રુઓથી રક્ષણ કરવું એ જ યુક્ત છે. આ પ્રકારે સ્તુતિ કરીને ભગવાનના દૃઢ અવલંબનથી મોહ સામે રક્ષણનું બળ સંચિત કરવા અર્થે સ્તુતિકારશ્રી યત્ન કરે છે. **॥૧૬/૮॥**

અવતરણિકા :-

न च त्वं मां मोहादिभिर्विडम्ब्यमानं न वेत्सि, यतः –

અવતરણિકાર્થ :-

અને મોહાદિ વડે વિડંબના કરાતા એવા મને તમે નથી જાણતા એમ નથી, જે કારણથી શ્લોકમાં કહે છે –

શ્લોક :-

ज्ञाता तात ! त्वमेवैकस्त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्रमेधि यत्कृत्यकर्मठः ।।१६/९।।

શ્લોકાર્થ :-

હે તાત ! તમે જ એક જ્ઞાતા છો=મારી દુર્દશાને જાણનારા છો, તમારાથી અન્ય કૃપામાં તત્પર કોણ છે ? અર્થાત્ કોઈ નથી. મારાથી અન્ય કૃપાપાત્ર નથી. જે કૃત્યમાં કર્મઠ તમે થાઓ=જે કૃત્ય મારા વિષયમાં તમને કર્તવ્ય છે તેમાં તમે શૂરવીર થાઓ. ।।૧૬/૯।।

ટીકા :-

हे तात ! संयमशरीरोत्पादक ! त्वमेवैकोऽप्रतिहतज्ञानदृष्टिर्मम दुर्दशाया ज्ञाता, ननु जानानोऽप्यकरुणः कथं परमनुगृह्णातीत्याह-त्वत्तोऽप्यन्यः परः क इव जगति निष्कारणकारुणिकः, न च मत्तो मत्सकाशादप्यपरः कोपि भवद्विधानां कृपापात्रं दयास्थानम्, तस्मादेवं सति त्वदेकशरणे मयि किङ्करे तव सुस्वामिनो यत्कृत्यं=यद्विधेयं तत्र कर्मणि त्वं कर्मठः शूर एधि भव यथा चाहमपि भवानिव भवभयानामभाजनं भवामि तथा प्रसीदेतिभावः ।।१६/९।।

इति श्रीवीतरागस्तोत्रे षोडशस्यात्मगर्हास्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

हे तात ! संयमशरीरोत्पादक ! ..... प्रसीदेतिभावः ।। હે તાત ! સંયમરૂપી શરીરના ઉત્પાદક ભગવાન! તમે જ એક અપ્રતિહત જ્ઞાનદૃષ્ટિવાળા મારી દુર્દશાને જાણનારા છો. 'ननु'થી શંકા કરે છે. જાણતા પણ કરુણા વિનાના ભગવાન કેવી રીતે પરને અનુગ્રહ કરે ? એથી કહે છે –

તમારાથી અન્ય=બીજો, કોની જેમ જગતમાં નિષ્કારણકારુણિક થઈ શકે ? અર્થાત્ બીજો કોઈ ન થઈ શકે, ભગવાન જ થઈ શકે. અને મારાથી પણ અપર કોઈ પણ તમારા જેવાઓનો કૃપાપાત્ર નથી=દયાસ્થાન નથી. અર્થાત્ હું જ તમારી કૃપાને પાત્ર છું તે કારણથી આ પ્રમાણે હોતે છતે=તમે જ કૃપાળુ છો અને હું જ કૃપાપાત્ર છું આ પ્રમાણે હોતે છતે, તમારા જ એક શરણમાં રહેલા એવા મારામાં સુસ્વામી એવા તમારું જે કૃત્ય છે=જે વિધેય છે, તે કર્મમાં તમે કર્મઠ થાઓ=શૂરવીર થાઓ. અને જે પ્રમાણે હું પણ આપની જેમ ભવના ભયોનું અભાજન થાઉં તે પ્રમાણે પ્રસાદ કરો. ।।૧૬/૯।।

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં સોળમા આત્મગર્હાસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી ભગવાનના ગુણોથી અત્યંત રંજિત છે. સંસારના ઉપદ્રવોથી અત્યંત ભય પામેલા છે અને સંસારના ઉપદ્રવોથી રક્ષણ કરનાર ભગવાન જ છે તેવો સ્થિર વિશ્વાસ છે. તેથી ભગવાનને સંબોધીને કહે છે. હે તાત ! અર્થાત્ મારા સંયમરૂપી શરીરના નિષ્પાદક ભગવાન ! તમે મોહને પરવશ મારી દુર્દશાને જાણનારા છો. તેથી મારા કીધા વગર પણ મારી વાસ્તવિક સ્થિતિ શું છે તે તમારી સામે પ્રત્યક્ષ જ છે. વળી, તમારાથી અન્ય જગતમાં કોઈ કૃપા કરનાર નથી; કેમ કે વીતરાગ જ કેવલજ્ઞાનથી મોક્ષમાર્ગને યથાર્થ જાણીને યોગ્ય જીવોને તે રીતે સૂક્ષ્મ યોગમાર્ગ બતાવે છે જેનાથી સંસારી જીવો સુખપૂર્વક યોગમાર્ગને સેવવા માટે સમર્થ બને છે. માટે ભગવાન જગતના જીવો પ્રત્યે અત્યંત કૃપાલુ છે. વળી, જે જીવો ભગવાનની કૃપાને ગ્રહણ કરવા માટે અભિમુખ થયા નથી તેઓ કૃપાળુ પણ ભગવાનના કૃપાપાત્ર થતા નથી. પરંતુ હું તો ભગવાનની કૃપાને પ્રાપ્ત કરવા અત્યંત અર્થી થયો છું આથી ભગવાનને વિજ્ઞપ્તિ કરું છું કે મોહાદિ શત્રુથી મારું રક્ષણ કરો માટે તમારી કૃપાને પાત્ર મારાથી અન્ય કોઈ નથી. આ પ્રમાણે સ્થિતિ હોતે છતે મારા વિષયમાં જે કૃત્ય તમારા માટે કર્તવ્ય છે તે કૃત્ય કરવા માટે તમે શૂરવીર થાઓ. આ પ્રકારે ભગવાનને વિનંતી કરીને ભગવાનના વચનનું દૃઢ અવલંબન લઈને શત્રુઓથી પોતાનું રક્ષણ કરવા માટે સ્તવનકારશ્રી મહાબળ સંચિત કરે છે; કેમ કે સૂક્ષ્મપ્રજ્ઞાપૂર્વક ભગવાનને વિનંતી કરનાર મહાત્માઓ ભગવાનના વચનને પરતંત્ર થઈને સુખપૂર્વક મોહરૂપી શત્રુઓનો ઉચ્છેદ કરવા સમર્થ બને છે, અને સ્તવનકારશ્રી પણ ભવથી અત્યંત ભય પામેલા છે. તેથી, ભગવાનને સ્તુતિ દ્વારા ભવના ઉચ્છેદનું બળ ઉલ્લસિત કરવા યત્ન કરે છે. **॥૧૬/૯॥**

પ્રકાશ-૧૭

અવતરણિકા :-

એવં સ્તુતિકૃદાત્મગર્હાસ્તવેન ક્ષીણતાર્ત્તિં વિજ્ઞપ્ય સામ્પ્રતં સર્વાત્મના પરમાત્માનં શરણં પ્રપિત્સુઃ શરણસ્તવમાહ–

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વના પ્રકાશમાં કહ્યું એ રીતે, સ્તુતિકારશ્રી આત્માની ગર્હાના સ્તવનથી ક્ષીણતાર્ત્તિની વિજ્ઞપ્તિ કરીને=ક્ષીણતાવાળી પીડાનું વિજ્ઞાપન કરીને, હવે સર્વ પ્રકારે પરમાત્માનું શરણ સ્વીકારવાની ઇચ્છાવાળા સ્તુતિકારશ્રી શરણના સ્તવનને કહે છે –

શ્લોક :-

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ।।१७/१।।

શ્લોકાર્થ :-

પોતાના કરાયેલા દુષ્કૃતની ગર્હા કરતો, અને સુકૃતની અનુમોદના કરતો=જગતના જીવોના સુકૃતની અનુમોદના કરતો, હે નાથ ! શરણથી રહિત એવો હું તમારા ચરણમાં શરણને સ્વીકારું છું. ।।૧૭/૧।।

ટીકા :-

हे नाथ ! योगक्षेमकारिन् ! अहं त्वच्चरणौ शरणं यामि, किं कुर्वन् ? स्वकृतं दुष्कृतं गर्हन्=स्वयमात्मनानादौ संसारे मिथ्यात्वादिबन्धहेतुसान्निध्यात्कृतं बद्धनिधत्तादिरूपेणोपनिबद्धं यद्दुष्कृतं प्राणातिपाताद्यष्टादश-पापस्थानरूपं तद् गर्हन् 'हा दुष्टमिदं कर्म मया कृतम्' इति सानुतापं निरन्तरमनुस्मरन्, तथा सुकृतं स्वकृतमेवाश्रवद्वारसंवरणलक्षणमनुमोदयन् सानन्दमन्तर्विभावयन्, त्वच्चरणौ त्वत्क्रमौ शरणं यामि प्रपद्ये । किंविशिष्टः ? शरणोज्झितो भावशत्रुसंत्रासादशरणः ।।१७/१।।

ટીકાર્થ :-

हे नाथ ! योगक्षेमकारिन् ! ..... भावशत्रुसंत्रासादशरणः ।। હે નાથ ! યોગક્ષેમ કરનાર ભગવાન ! હું તમારા ચરણમાં શરણને સ્વીકારું છું.

શું કરતો શરણને સ્વીકારું છું ? એથી કહે છે –

સ્વકૃત એવા દુષ્કૃતની ગર્હા કરતો=સ્વયં આત્મા વડે અનાદિ સંસારમાં મિથ્યાત્વાદિ બંધના હેતુના સાંનિધ્યથી કરાયેલું બદ્ધ, નિધત્તાદિ સ્વરૂપથી ઉપનિબદ્ધ=આત્મામાં સ્થિર કરાયેલું, જે પ્રાણાતિપાત આદિ અઢાર પાપસ્થાન રૂપ દુષ્કૃત તેની ગર્હા કરતો="હા આ કર્મ મારા વડે દુષ્ટ કરાયું" એ પ્રમાણે સાનુતાપ=અનુતાપથી યુક્ત અર્થાત્ પાપ પ્રત્યેના જુગુપ્સાના પરિણામથી યુક્ત, નિરંતર અનુસ્મરણ કરતો, અને સુકૃતને=સ્વકૃત જ આશ્રવ દ્વારના સંવર રૂપ સુકૃતને, અનુમોદન કરતો=આનંદ સહિત અંદરમાં વિભાવન કરતો, તમારા ચરણમાં શરણને સ્વીકારું છું.

કેવો વિશિષ્ટ હું શરણ સ્વીકારું છું ? એથી કહે છે –

શરણથી રહિત=ભાવશત્રુના સંત્રાસથી અશરણ, એવો હું શરણ સ્વીકારું છું. ॥૧૭/૧॥

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી સંસારના ઉચ્છેદનો ઉપાય સંસારના કારણીભૂત દુષ્કૃતની પરિણતિનો ઉચ્છેદ છે તેમ જાણીને પોતાના આત્મામાં અનાદિથી જે દુષ્કૃતની પરિણતિના સેવનના સંસ્કારો સ્થિર થયા છે તેના નાશના અર્થી થઈને ભગવાનને સંબોધીને કહે છે. હે નાથ ! અનાદિ સંસારમાં મિથ્યાત્વાદિ ભાવોને કારણે જે મેં દુષ્કૃતો કર્યાં છે તે સર્વની તમારી સાક્ષીએ હું ગર્હા કરું છું, જેથી તમારા અવલંબનના બળથી મારામાં વર્તતા દુષ્કૃતના સંસ્કારો નાશ પામે અને દુષ્કૃતના સેવનથી બંધાયેલાં ક્લિષ્ટ કર્મો નાશ પામે. આ રીતે દુષ્કૃતની ગર્હા કર્યા પછી પોતાના જીવનમાં જે કંઈ સુકૃતો સેવ્યાં છે તેના પરિણામને દૃઢ કરવા અર્થે કહે છે કે હું મારાથી સેવાયેલાં સુકૃતોની અનુમોદના કરું છું. વળી, અન્ય પણ જે જીવો સુકૃતોને સેવે છે તે સર્વની અનુમોદના કરું છું જેથી, તે સુકૃતના તીવ્ર પક્ષપાતના બળથી વિશિષ્ટ, વિશિષ્ટતર સુકૃતો મારામાં પ્રગટ થાય. આ પ્રકારે પરિણામ કરીને પોતે ભાવશત્રુના સંત્રાસથી અશરણ છે. તેથી, શરણ સ્વીકારવા યોગ્ય એવા ભગવાનના શરણને સ્વીકારે છે. જેથી ભાવથી ભગવાનનું શરણું સ્વીકારીને શત્રુના ઉપદ્રવોથી પોતાના આત્માને સુરક્ષિત કરે છે. આ રીતે ભગવાનના સ્તુતિના માધ્યમ દ્વારા પોતાની પાપપ્રકૃતિને શિથિલ કરે છે. સુકૃતનો પક્ષપાત વધારે છે. અને ભગવાનનું ભાવથી શરણ સ્વીકારીને પોતાના આત્માને મોહના ઉપદ્રવોથી સુરક્ષિત કરે છે. **॥૧૭/૧॥**

અવતરણિકા :-

दुष्कृतगर्हामेवाह –

અવતરણિકાર્થ :-

હવે, દુષ્કૃતની ગર્હાને જ કહે છે –

શ્લોક :-

मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयादपुनःक्रिययान्वितम् ।।१७/२।।

શ્લોકાર્થ :-

મન, વચન, કાયાથી થનારા પાપના વિષયમાં કરણ, અનુમતિ અને કરાવણથી મારું દુષ્કૃત=મારા વડે જે પૂર્વમાં કરાયેલું દુષ્કૃત, તે અપુનઃક્રિયાથી યુક્ત મિથ્યા થાઓ. ।।૧૭/૨।।

ટીકા :-

हे भगवन् ! मनोवाक्कायजे=मनोवचनतनुसमुद्भवे, दुश्चिन्तितदुर्भाषितदुश्चेष्टितरूपे पापे कल्मषे कृतानुमतिकारितैः=करणकारणानुमतिभिर्यन्मे पुराकृतं दुष्कृतं दुष्कर्म तत्तवाचिन्त्यमहिम्नो माहात्म्यात् मिथ्या मुधास्तु=कृतमप्यकृतमिव जायताम्, कथम् ? अपुनःक्रिययान्वितं=अपुनःकरणेन युक्तम् । किमुक्तं भवति ? किल यस्य हि पापस्य मिथ्यादुष्कृतरूपं प्रायश्चित्तमुपात्तं तद्यदि भूयोऽपि विधीयते तदा तन्मिथ्यादुष्कृतं कुम्भकृन्मिथ्यादुष्कृतमिव वृथैव स्यादित्यपुनःक्रिययेत्युक्तम् ।।१७/२।।

ટીકાર્થ :-

हे भगवन् ! मनोवाक्कायजे ..... क्रिययेत्युक्तम् ।। હે ભગવન્, મન, વચન, કાયાથી થનારા=મન, વચન અને કાયાથી સમુદ્ભવ, એવા પાપ રૂપ કલ્મષમાં=દુશ્ચિંતિત, દુર્ભાસિત અને દુષ્ચેષ્ટિત રૂપ કાદવમાં, કૃત, અનુમતિ, અને કારિત વડે=કરણ, કારણ અને અનુમતિ વડે, જે મારું પૂર્વમાં કરાયેલું દુષ્કૃત=દુષ્કર્મ, તે તમારા અચિંત્ય મહિમાથી=માહાત્મ્યથી, મિથ્યા=નિષ્ફળ, થાઓ=કરાયેલું પણ અકરાયેલા જેવું થાઓ.

કેવી રીતે કરાયેલું અકરાયેલા જેવું થાય ? એથી કહે છે –

અપુનઃક્રિયાથી યુક્ત=ફરી નહીં કરવાથી યુક્ત, મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

શું કહેવાયેલું થાય છે ? એથી કહે છે –

જે પાપનું મિથ્યાદુષ્કૃત રૂપ પ્રાયશ્ચિત્ત કરાયું તે જો ફરી પણ કરાય છે તો તે મિથ્યાદુષ્કૃત કુંભકારના મિથ્યાદુષ્કૃતની જેમ વૃથા જ થાય. એથી અપુનઃક્રિયાથી=ફરી નહીં કરવાની ક્રિયાથી, મારું દુષ્કૃત મિથ્યા થાઓ એ પ્રમાણે કહેવાયું. ।।૧૭/૨।।

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રીએ પૂર્વમાં કહ્યું કે સ્વકૃત દુષ્કૃતની ગર્હા કરતો તમારા શરણે આવ્યો છું તેથી હવે, પોતાના કરાયેલા દુષ્કૃતને વિશેષ સ્વરૂપે ઉપસ્થિત કરીને તેની ગર્હા કરતાં કહે છે. અનંતકાળમાં મેં મન, વચન, કાયાથી જે પાપો કર્યાં છે તે પાપના વિષયમાં કેટલાંક પાપો સ્વયં કર્યાં છે, કેટલાંક બીજા પાસે કરાવ્યાં છે અને કેટલાંક પાપો કોઈકનાં જોઈને મેં અનુમોદના કરી છે. તેના કારણે મારામાં જે દુષ્કૃતોના સંસ્કારો પડ્યા છે અને તે દુષ્કૃતોથી બંધાયેલાં દુર્ગતિના કારણીભૂત પાપો મારા આત્મામાં રહેલાં છે. તે સર્વ ફરી તેવાં ન થાય તેવા પરિણામથી યુક્ત મિથ્યા થાઓ. આ પ્રકારે ભગવાન પાસે સ્તુતિ કરીને પોતાનામાં પાપ

કરવાના અનાદિના જે સંસ્કારો છે તે ફરી પાપ નહીં કરવાના પરિણામના સંકલ્પના બળથી ક્ષીણ કરવા સ્તવનકારશ્રી પ્રયત્ન કરે છે, જેથી ફરી ફરી તે પાપોનો પ્રવાહ પ્રગટ થાય નહીં. અને જે કરાયેલાં પાપો છે તેને ઓઘથી સ્મરણ કરીને તે સર્વ પાપો પ્રત્યે સ્તવનકારશ્રી જુગુપ્સા કરે છે. જેથી, જે અધ્યવસાયથી પાપ બંધાયાં છે તેનાથી વિરુદ્ધ જુગુપ્સાના પરિણામથી તે પાપો નાશ પામે. જેથી પાપના અનર્થોની પરંપરાથી પોતાના આત્માનું રક્ષણ થાય. **॥૧૭/૨॥**

અવતરણિકા :-

સુકૃતાનુમોદનમાહ –

અવતરણિકાર્થ :-

· સુકૃત અનુમોદનાને કહે છે –

શ્લોક :-

यत्कृतं सुकृतं किञ्चिद्रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ।।१७/३।।

શ્લોકાર્થ :-

જે કંઈ રત્નત્રિતયના વિષયવાળું સુકૃત કરાયું=મારા વડે કરાયું, તે સર્વને માર્ગ માત્ર અનુસારી પણ હું અનુમોદન કરું છું. ।।૧૭/૩।।

ટીકા :-

हे स्वामिन् ! यन्मया तथाविधशुभसामग्रीसंयोगेन किञ्चिदल्पमपि सुकृतं रत्नत्रितयगोचरं=ज्ञानदर्शन-चारित्रानुगतं, कृतमुपार्जितं तत्सर्वमहमनुमन्ये=सप्रमोदमनुमोदयामि, किंविशिष्टोऽहं ? मार्गमात्रानुसार्यपि ज्ञानादियुक्तमार्गमात्रप्रविष्टोऽपि, अयमाशयः 'किल ज्ञानादयो हि यदैव सम्यगासेविताः स्युस्तदैवानुमोदनेन पुण्योपचयं कुर्युः, अहं तु रत्नत्रयमार्गानुसार्येव न तु यथोक्तकारी, तथाकृते हि मुक्ततैव स्यात्, तथापि यदल्पमपि ज्ञानादिगोचरं सुकृतं कृतं तदप्यनुमोदयामीति' । मार्गमात्रानुसार्यपीति सुकृतविशेषणं वा ।।१७/३।।

ટીકાર્થ :-

हे स्वामिन् ! यन्मया ..... सुकृतविशेषणं वा ।। હે સ્વામી ! જે મારા વડે તેવા પ્રકારના શુભસામગ્રીના સંયોગથી કંઈક અલ્પ પણ રત્નત્રિતયના વિષયવાળું સુકૃત=જ્ઞાન, દર્શન, ચારિત્રને અનુસરનારું સુકૃત, કરાયું=ઉપાર્જિત કરાયું, તે સર્વની હું અનુમોદના કરું છું=સપ્રમોદ અર્થાત્ પ્રમોદ સહિત અનુમોદના કરું છું.

કેવો વિશિષ્ટ એવો હું અનુમોદના કરું છું ? એથી કહે છે –

માર્ગ માત્ર અનુસારી પણ=જ્ઞાનાદિથી યુક્ત માર્ગ માત્રમાં પ્રવિષ્ટ પણ, હું અનુમોદના કરું છું. આ આશય છે. ખરેખર જ્ઞાનાદિ જે કાળે જ સમ્યક્ આસેવન કરાયાં થાય તે કાળે જ અનુમોદનથી પુણ્ય ઉપચય કરે છે. વળી, હું રત્નત્રયમાર્ગ અનુસારી જ છું પરંતુ યથોક્તકારી નથી=જે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે કરવા સમર્થ નથી. તથાકૃત હોતે છતે=જે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે રત્નત્રયીના વિષયમાં યત્ન કરાયે છતે, મુક્તતા જ થાય. તોપણ=શાસ્ત્રાનુસારી કૃત્યો કરવા હું સમર્થ નથી પરંતુ શાસ્ત્રે બતાવેલા માર્ગમાત્રનો અનુસરણ કરનાર છું તોપણ, જે અલ્પ પણ જ્ઞાનાદિ વિષયવાળું સુકૃત કરાયું=માર્ગ માત્રના અનુસરવાને કારણે જે અલ્પ પણ વીતરાગતાની પરિણતિને સ્પર્શે તેવા પરિણામવાળું સુકૃત કરાયું, તેની પણ હું અનુમોદના કરું છું અથવા માર્ગ માત્ર અનુસારી પણ એ સુકૃતનું વિશેષણ છે. અર્થાત્ માર્ગ માત્ર અનુસારી પણ તે સર્વ સુકૃતનું હું અનુમોદન કરું છું. એ પ્રમાણે 'અથવા'થી અન્ય પ્રકારે યોજન છે. ॥૧૭/૩॥

ભાવાર્થ :-

સ્તવનકારશ્રીએ શ્લોક-૧માં કહેલ કે સુકૃતની હું અનુમોદના કરું છું અને તે સુકૃતની અનુમોદના પોતાના સુકૃતની અને બીજાના સુકૃતની છે. તેમાંથી પણ પોતાના સુકૃતની અનુમોદના બતાવે છે અને તે સુકૃત પણ બાહ્ય ક્રિયાત્મક કર્યાં છે તેવાં સુકૃતની અનુમોદના સ્તવનકારશ્રી કરતા નથી. પરંતુ તે તે બાહ્ય ઉચિત ક્રિયા દ્વારા વીતરાગતાને સ્પર્શે તેવા મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ જે રત્નત્રયીની પરિણતિ છે તેની અનુમોદના કરે છે. જેથી, મહાપરાક્રમ ફોરવીને જે મોક્ષને અનુકૂળ ઉત્તમ પરિણતિ પોતે પ્રગટ કરી શક્યા છે તેના પ્રત્યે તીવ્ર પક્ષપાત થવાથી તે પરિણતિને પુષ્ટ કરે તેવી અનુમોદના કરે છે. તેથી કહે છે કે મોક્ષને અનુકૂળ રત્નત્રયીની પરિણતિ રૂપ જે કંઈ સુકૃત મેં કર્યું છે, તે સર્વની હું અનુમોદના કરું છું. પોતે કેવા છે તે બતાવવા માટે કહે છે કે ભગવાને જે પ્રકારે તે તે બાહ્યકૃત્યો કહ્યાં છે જે કૃત્યના બળથી અસ્ખલિત મોહનાશને અનુકૂળ અંતરંગવીર્ય ઉલ્લસિત થાય, તે પ્રકારે સુકૃત કરવા માટે પોતે સમર્થ નથી. તોપણ તેના રત્નત્રયીના માર્ગ માત્રને કંઈક અનુસરણ કરું તેવો હું છું અને તેવો હું સુકૃતની અનુમોદના કરું છું. અર્થાત્ જે બાહ્યકૃત્યોથી વીતરાગતાને સ્પર્શે તેવો કોઈ પરિણામ થયો નથી, માત્ર મુગ્ધ બુદ્ધિથી ધર્મનું અનુષ્ઠાન સેવાયું છે, તેવા સુકૃતની પોતે અનુમોદના કરતા નથી પરંતુ ભગવાનના વચનનું અવલંબન લઈને આત્માના નિરાકુળભાવને ઉલ્લસિત કરે તેવું જે કંઈ થોડું પણ સુકૃત પોતે કર્યું છે, તેનું પોતે અનુમોદન કરે છે. તેથી જ 'અથવા'થી માર્ગ માત્ર અનુસારી સુકૃતનું વિશેષણ છે તેમ પણ ટીકાકારશ્રીએ અર્થ કરેલ છે. તેથી, તે સુકૃત અનુમોદનીય છે કે જે સુકૃત મોહનાશને અનુકૂળ મોક્ષમાર્ગને અનુસરે છે અને તેવા માર્ગ માત્રને અનુસરનારાં સર્વ સુકૃતોની હું અનુમોદના કરું છું. **॥૧૭/૩॥**

અવતરણિકા :-

પુનઃ સુકૃતાનુમોદનમાહ –

અવતરણિકાર્થ :-

વળી, સુકૃત અનુમોદનાને કહે છે –

શ્લોક :-

सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ।।१७/४।।

શ્લોકાર્થ :-

સર્વ અરિહંત આદિનો જે જે અર્હત્ત્વ આદિક ગુણ છે, તે મહાત્માઓના તે તે સર્વની હું અનુમોદના કરું છું. ।।૧૭/૪।।

ટીકા :-

सर्वेषां नामस्थापनाद्रव्यभावभेदानां अतीतवर्त्तमानानागतरूपाणां सर्वास्वपि कर्मभूमिषु समुत्पन्नानामर्हदादीनां अर्हत्सिद्धाचार्योपाध्यायसाधूनां यो योऽर्हत्त्वादिको गुणः, यथा-अर्हतामर्हत्त्वम्, सिद्धानां सिद्धत्वम्, आचार्याणां पञ्चविधाचारचतुरत्वम्, उपाध्यायानां समयसूत्रोपदेशकत्वम्, साधूनां रत्नत्रयसाधकत्वम्, इत्यादिको यो गुणस्तमहं सर्वमशेषमप्यनुमोदयामि । गुणिगुणानुमोदनं ह्यवेतनमनश्वरपथपाथेयमतस्तेषां महात्मनां पुण्यकीर्त्तना-नामहमपि गुणाननुमोदयामि ।।१७/४।।

ટીકાર્થ :-

सर्वेषां नामस्थापनाद्रव्य ..... गुणाननुमोदयामि ।। નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવના ભેદવાળા અતીત, વર્તમાન, અનાગત રૂપ સર્વ પણ કર્મભૂમિમાં સમુત્પન્ન એવા સર્વ અર્હદાદિઓનો=અર્હત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓનો, જે જે અર્હત્ત્વાદિક ગુણ છે, જે પ્રમાણે અરિહંતોનો અર્હત્ત્વ ગુણ છે, સિદ્ધ ભગવંતોનો સિદ્ધત્વ ગુણ છે, આચાર્યોનો પંચાચાર ચતુરત્વ ગુણ છે, ઉપાધ્યાયનું શાસ્ત્રના સૂત્રનું ઉપદેશકત્વ, સાધુનો રત્નત્રયીસાધકત્વ ઈત્યાદિક જે ગુણ છે, તે સર્વ અશેષની પણ હું અનુમોદના કરું છું. ગુણીના ગુણોનું અનુમોદન અવેતન અનશ્વર પથનું પાથેય છે=મૂલ્ય ચૂકવ્યા વગર ક્યારેય નાશ ન પામે એવા મોક્ષમાર્ગનું ભાથું છે. અર્થાત્ સાક્ષાત્ કોઈ બાહ્ય આચરણા નહીં હોવાથી મૂલ્ય ચૂકવ્યા વગરનું એવું અવેતન છે, અને ક્યારેય નાશ ન પામે તેવા મોક્ષમાર્ગનું પાથેય છે. આથી=ગુણની અનુમોદના મોક્ષપથનું ભાથું છે આથી, પુણ્યથી કીર્તન થઈ શકે એવા તે મહાત્માઓના ગુણોની હું પણ અનુમોદના કરું છું. ।।૧૭/૪।।

ભાવાર્થ :-

સ્તવનકારશ્રીએ પોતાના મોક્ષને અનુકૂળ ભાવોની અનુમોદના કરીને પોતાના તે ઉત્તમ ભાવોને દૃઢ કરવા યત્ન કર્યો. હવે જગતવર્તી જે અરિહંત, સિદ્ધ આદિ ઉત્તમ પુરુષો થયા છે તે સર્વની અંદરમાં વર્તતા

ઉત્તમ ગુણોની અનુમોદના કરતાં કહે છે કે સર્વ તીર્થંકરોમાં વર્તતો અર્હત્ત્વભાવ છે=જગતમાં ગુણસંપત્તિથી તેઓ પૂજાને યોગ્ય છે તે રૂપ જે અર્હત્ત્વભાવ છે, તે અર્હત્ત્વભાવની હું અનુમોદના કરું છું અને આ અનુમોદનાના કાળમાં અરિહંતોના અર્હત્ત્વભાવની જેટલી સ્પષ્ટ ઉપસ્થિતિ અને તેના કારણે તે ભાવો પ્રત્યે વર્તતો પ્રવર્ધમાન બહુમાનભાવ અનુમોદનાકાળમાં થાય છે તે ભાવને અનુરૂપ નિર્જરા થાય છે. જેમ, જે ધર્માનુષ્ઠાન સેવનકાળમાં જે અનુષ્ઠાનથી જે પ્રકારનો પ્રવર્ધમાન પરિણામ થાય છે તે પ્રકારે નિર્જરા થાય છે, તેમ સુકૃત અનુમોદના પણ અનુષ્ઠાનવિશેષ જ છે. તેથી તે અનુષ્ઠાનથી જેટલો ગુણને અનુકૂળ પ્રવર્ધમાન પરિણામ થાય તેને અનુરૂપ નિર્જરા થાય છે. નિર્જરાના અર્થી સ્તવનકારશ્રી અરિહંત આદિ સર્વના તે તે ગુણોનો સંક્ષેપથી સંગ્રહ કરીને તે તે ગુણોની ઉપસ્થિતિ દ્વારા તેઓના ગુણોની અનુમોદના કરે છે. જે અનુમોદના ક્યારેય નાશ ન પામે એવા મોક્ષમાર્ગનું ભાથું છે; કેમ કે અનુમોદનાકાળમાં તે તે ગુણો પ્રત્યે જેટલો પ્રવર્ધમાન રાગ તે સર્વ રાગ આત્મામાં સંસ્કાર રૂપે રહે છે અને નિમિત્તને પામીને તે ગુણોનો રાગ જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સિદ્ધ અવસ્થામાં વિશ્રાંત થશે. માટે સ્તવનકારશ્રી સર્વ ઉત્તમ પુરુષોના ગુણોની અનુમોદના કરે છે. **॥૧૭/૪॥**

અવતરણિકા :-

एवं दुष्कृतगर्हासुकृतानुमोदने विधाय प्रस्तुतं शरणगमनमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના કરીને પ્રસ્તુત એવા શરણગમનને=શ્લોક-૧માં કહ્યું કે હું ભગવાનને શરણે જાઉં છું એ રૂપ પ્રસ્તુત શરણગમનને કહે છે–

શ્લોક :-

त्वां त्वत्फलभूतान् सिद्धान्, त्वच्छासनरतान्मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ।।१७/५।।

શ્લોકાર્થ :-

તમને, તમારા ફલભૂત સિદ્ધોને, તમારા શાસનમાં રત એવા મુનિઓને અને તમારા શાસનનું ભાવથી શરણ સ્વીકારાયેલો હું છું. ॥૧૭/૫॥

ટીકા :-

हे भगवन् ! अहमेतदेतच्छरणं प्रपन्नोऽस्मि, किं तदित्याह-त्वां भावार्हद्रूपं भवन्तम्, तथा सिद्धान् सकलकर्म्ममलपटलविगलनलघुभूतत्वेन लोकाग्रगतान्, किंविशिष्टान् ? त्वत्फलभूतान्, अर्हताम् हि सिद्धत्वमेव फलम्, तथा त्वत्सम्बन्धि कुवासनापाशविशसनं यच्छासनं तत्र रतानासक्तमनसो मुनीन्=मुमुक्षून्, तथा अपारसंसारपारावारपरपारप्रापणयानपात्रप्रतिमं त्वच्छासनं च शरणं प्रतिपन्नः=संश्रितोऽस्मि, कथं ?

भावतो=भावशुद्ध्या न तु परोपरोधादिना, भावं विना कृतं हि जिनशासनाद्यनुसरणं व्यापन्नदर्शनानामिवाफलं अवमफलं वेति ।।१७/५।।

ટીકાર્થ :-

હે ભગવન્ ! अहमे ..... अवमफलं वेति ।। હે ભગવાન! હું આમના, આમના શરણને સ્વીકારાયેલો છું.

તે શું છે ?=તે શરણ શું છે ? એથી કહે છે –

ભાવઅર્હત્ રૂપ ભગવાન તમે શરણ છો અને સકલકર્મમલપટલના વિગલનને કારણે લઘુભૂત થવાથી=હલકા થવાથી, લોકના અગ્રભાગ ઉપર રહેલા સિદ્ધભગવંતોનું હું શરણ સ્વીકારું છું.

કેવા વિશિષ્ટ સિદ્ધ ભગવંતો છે ? એથી કહે છે –

તમારા ફલભૂત એવા સિદ્ધભગવંતોનું શરણું સ્વીકારું છું. હિ=જે કારણથી, અરિહંતોનું સિદ્ધત્વ જ ફલ છે અને તમારા સંબંધી કુવાસનાના પાશના વિશસન રૂપ જે શાસન=કુવાસનાના બંધનને નાશ કરનાર રૂપ જે શાસન, તેમાં રત=આસક્ત, મનવાળા મુનિઓનું હું શરણ સ્વીકારું છું અને અપાર સંસારરૂપી પારાવારના=સમુદ્રના, પરપારને=અંતિમ છેડાને, પ્રાપણમાં યાન પાત્ર જેવું તમારા શાસનનું શરણ સ્વીકારાયેલો હું છું.

કેવી રીતે શરણ સ્વીકારાયેલો છું ? તેથી કહે છે –

ભાવથી=ભાવની શુદ્ધિથી, પરંતુ પરના ઉપરોધ આદિથી નહીં=કોઈકના આગ્રહથી કે મૂઢતાથી નહીં, ભાવ વગર કરાયેલું જિનશાસન આદિનું અનુસરણ વ્યાપન્નદર્શનવાળાઓની જેમ=નાશ પામેલા સમ્યગ્દર્શનવાળાઓની જેમ, અફલ અથવા વિપરીત ફલવાળું છે. ।।૧૭/૫।।

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી પોતે કર્મને વશ છે તેથી જ રાગાદિ શત્રુઓથી પીડાય છે અને સંસારની વિડંબનાને પ્રાપ્ત કરે છે. અને તે વિડંબનાથી મુક્ત થવા અર્થે જગતમાં સર્વોત્તમ એવી ચાર વસ્તુનું શરણું સ્વીકારવા અર્થે કહે છે, હે ભગવન, તમે ભાવશત્રુને પરાસ્ત કર્યો છે. તેથી ભાવશત્રુને પરાસ્ત કરવા અર્થે હું તમારું શરણું સ્વીકારું છું. વળી, ભાવશત્રુને નાશ કરીને તમારા ફલભૂત એવા સિદ્ધભગવંતોનું હું શરણું સ્વીકારું છું; કેમ કે તીર્થંકરોએ બતાવેલ માર્ગનું સેવન કરીને તેના ફલરૂપે સર્વ સિદ્ધભગવંતો મોક્ષને પામ્યા છે. તેમના શરણના સ્વીકારવાના બળથી પણ મોહના નાશનું બળ આધાન થાય છે. વળી, ભગવાનના શાસનમાં રત એવા મુનિઓનું શરણું સ્વીકારું છું. જેથી ભગવાનના શાસનના દૃઢ અવલંબનથી મુનિઓ જે પ્રકારે ઘાતિકર્મોનો નાશ કરવા માટે ઉદ્યમશીલ છે, તેમ તેમના શરણના બળથી પોતે પણ ઘાતિકર્મોનો નાશ કરવા સમર્થ બને. વળી, ભગવાનના શાસનનું શરણું સ્તવનકારશ્રી સ્વીકારે છે; કેમ કે ભગવાનના વચનરૂપ ભગવાનનું શાસન ઘાતિકર્મોના નાશના એક ઉપાયને બતાવનાર છે. તેથી તેના શરણના બળથી ઘાતિકર્મોના નાશને

અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. વળી, આ ચારેયનું શરણું ગ્રંથકારશ્રી ભાવથી સ્વીકારે છે. અર્થાત્ અરિહંતાદિ તે ચારેયના ભાવોથી પોતાના મતિજ્ઞાનના ઉપયોગને અત્યંત વાસિત કરે છે. જેથી તેમના ગુણોથી રંજિત થયેલું ચિત્ત સુખપૂર્વક ઘાતિકર્મોના નાશ માટે સમર્થ બને. **॥૧૭/૫॥**

અવતરણિકા :-

एवं दुष्कृतगर्हासुकृतानुमोदनशरणगमनानि विधाय सत्त्वक्षामणामाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, દુષ્કૃતગર્હા, સુકૃતઅનુમોદના અને શરણગમનને સ્વીકારીને જીવોને ખમાવાની ક્રિયાને કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

क्षमयामि सर्वान् सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ।।१७/६।।

શ્લોકાર્થ :-

સર્વ જીવોને હું ખમાવું છું તે સર્વ જીવો મને ખમાવો. વળી, તમારું એક શરણ એવા મને તે સર્વ જીવો ઉપર મૈત્રી થાઓ. ॥૧૭/૬॥

ટીકા :-

हे क्षमाप्रधान ! अहं सर्वानेकेन्द्रियादीन् पञ्चेन्द्रियपर्यवसानान् शत्रुमित्रदृष्टादृष्टपरिचितापरिचितभेदान्, सत्त्वान् प्राणिनः, स्वापराधस्वीकारेण क्षमयामि=क्षमां ग्राहयामि, तेऽपि सत्त्वा मयि विषये कलुषतां विमुच्य क्षाम्यन्तु=तितिक्षासुमनसो भवन्तु, एवं च सति तेषु सर्वेष्वपि विषये मम मैत्री पूर्वोदितस्वरूपा अस्तु, किंविशिष्टस्य मम ? त्वदेकशरणस्य=त्वच्चरणस्मरणमात्रशरणस्य ।।१७/६।।

ટીકાર્થ :-

हे क्षमाप्रधान ! अहं ..... स्मरणमात्रशरणस्य ।। હે ક્ષમાપ્રધાન ભગવાન !=ચાર કષાયોને જીતીને ક્ષમાદિ ગુણોવાળા ભગવાન ! હું સર્વોને=એકેન્દ્રિય આદિથી માંડીને પંચેન્દ્રિય સુધીના પર્યવસાનવાળા શત્રુ, મિત્ર, દૃષ્ટ, અદૃષ્ટ, પરિચિત, અપરિચિત ભેદવાળા સર્વ જીવોને, સ્વાપરાધના સ્વીકારથી=મનથી, વચનથી, કાયાથી, કરણથી, કરાવણથી, અનુમોદનથી જે તેઓને પોતે પીડાકારી કર્યું છે તે રૂપ સ્વાપરાધના સ્વીકારથી, ક્ષમા કરું છું=ક્ષમાને ગ્રહણ કરાઉં છું અર્થાત્ હું ક્ષમા માગું છું, તે પણ જીવો મારા વિષયમાં કલુષતાને છોડીને મને ખમાવો. તિતિક્ષાથી સુમનવાળા થાઓ=સહન કરવાની ઇચ્છા રૂપ સુંદર મનવાળા થાઓ. અને આમ હોતે છતે=મેં સર્વને ખમાવ્યા અને તેઓ મને ખમાવે એ પ્રકારનો પરિણામ મારા ચિત્તમાં સ્ફુરાયમાન થયે છતે, તે સર્વ પણ જીવોના વિષયમાં મને પૂર્વમાં

કહેલા સ્વરૂપવાળી મૈત્રી હો.

કેવા વિશિષ્ટ એવા મને મૈત્રી હો ? એથી કહે છે –

તમારું એક શરણ એવા મને=તમારા ચરણનું સ્મરણ માત્ર છે શરણ જેમને એવા મને, સર્વ જીવોમાં મૈત્રી હો ! એમ અન્વય છે. ॥૧૭/૬॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના કરીને સર્વોત્તમ ચાર વસ્તુનું શરણું સ્વીકાર્યું. અને તેના દ્વારા પોતાના ચિત્તને અત્યંત મોહનાશને અભિમુખ સમર્થ બનાવ્યું. હવે, કષાયોના કાલુષ્યને દૂર કરવા અર્થે સર્વ જીવોને ખમાવે છે. જેથી અનાદિથી સ્થિર થયેલ કષાયની પરિણતિ ક્ષીણ, ક્ષીણતર થાય, જેના બળથી ઘાતિકર્મોનો નાશ કરવા પોતે સમર્થ બને તેના ભાવન માટે ભગવાનને કહે છે. હે ભગવંત, તમારા એક શરણ એવા મને જગતના જીવોમાં મૈત્રીનો પરિણામ સ્થિર થાઓ. જેથી, હું કોઈને મનથી, વચનથી, કાયાથી, કરણથી, કરાવણથી અને અનુમોદનથી પીડાકારી ન થાઉં. કષાયના ઉદ્રેકને કરનારો ન થાઉં. પરંતુ જીવ માત્ર સાથે તેઓનું હિત થાય તે પ્રકારે ઉચિત વર્તન કરનારો થાઉં. અને તે મૈત્રીભાવને સ્થિર કરવા અર્થે કહે છે કે જગતવર્તી સર્વ જીવોને હું ખમાવું છું. આ પ્રકારે ભાવન કરીને જીવોને આશ્રયીને થતા ક્રોધના પરિણામનું અત્યંત તિરોધાન કરવા સ્તવનકારશ્રી યત્ન કરે છે.

વળી, તે જીવો પણ મને ખમાવો. અર્થાત્ તેઓમાં પણ મારા પ્રત્યે લેશ પણ ક્રોધનો પરિણામ હોય તો તેનો નાશ કરીને તેઓ પણ મારા પ્રત્યે ક્ષમાના પરિણામવાળા થાય તેવી ભાવના સ્તવનકારશ્રી કહે છે. જેનાથી, ક્રોધના કાલુષ્યનો અત્યંત પરિહાર થાય છે. **॥૧૭/૬॥**

અવતરણિકા :-

एवं सत्त्वक्षामणां विधाय ममत्वपरिहारार्थमेकत्वभावनां भावयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે જીવોને ખમાવાની ક્રિયા કરીને, મમત્વના પરિહાર માટે એકત્વ-ભાવનાને ભાવન કરતાં સ્તવનકારશ્રી કહે છે –

શ્લોક :-

एकोऽहं नास्ति मे कश्चित्र चाहमपि कस्यचित् ।
त्वदंह्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ।।१७/७।।

શ્લોકાર્થ :-

એક હું છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી, તમારા ચરણમાં શરણ રહેલા એવા મને દૈન્ય કાંઈ નથી=હું એકલો છું તદ્જન્ય કાંઈ દીનતા નથી. ॥૧૭/૭॥

ટીકા :-

हे विश्वजनीन ! यदेतत् कलत्रपुत्रधनधान्यादि बहिर्मुखैरात्मीयत्वेन व्यपदिश्यते तदपि न तावत्परभवादात्मना समं समेति, न वाप्येनं तत्र गच्छन्तमनुगच्छति, तस्मात् पृथग्भूतमेवेदमात्मनः एवं च सत्यहं द्रव्यतः सपरिच्छदोऽपि भावत एक एव न चैतेषु स्वकार्यतात्पर्यवस्तुबान्धवादिषु कश्चिन्मम सम्बन्धी न चाहमपि स्वकृत(कर्म)फलोपभोक्ता अमीषां सम्बन्धी । नन्वेवमेकान्तेनैककस्य तव महद्दैन्यमित्याशङ्क्याह-न च मम त्वदंहिशरणस्थस्य=प्रतिपन्नत्वच्चरणशरणस्य किञ्चन=स्वल्पमात्रमपि दैन्यं=दीनता, प्रत्युत आत्मारामस्य परमं स्वातन्त्र्यसुखमेव ।।१७/७।।

ટીકાર્થ :-

हे विश्वजनीन ! .... स्वातन्त्र्यसुखमेव ।। હે વિશ્વજનીન ભગવાન ! જે આ=સ્ત્રી, પુત્ર, ધન, ધાન્યાદિ, બહિર્મુખ એવા જીવો વડે આત્મીયપણાથી વ્યપદેશ કરાય છે=મારા છે એ પ્રકારે બોલાય છે, તે પણ પરભવથી પોતાની સાથે આવતા નથી અથવા ત્યાં=પરભવમાં, જતા એવા આને=પોતાના આત્માને, અનુસરતા નથી. તે કારણથી આ=સ્ત્રી, પુત્ર, ધનાદિ, આત્માથી પૃથગ્ભૂત જ છે અને આમ હોતે છતે હું દ્રવ્યથી સપરિચ્છદ પણ=સપરિવારવાળો પણ, ભાવથી એક જ છું અને આ સ્વકાર્યના તાત્પર્યવાળી વસ્તુ રૂપ બાંધવાદિમાં=સ્વજન આદિ સર્વ પોતપોતાના કાર્યના તાત્પર્યવાળા છે અને તેના કારણે બાંધવ આદિ ભાવો ધારણ કરે છે તેઓમાં, મારો કોઈ સંબંધી નથી. હું પણ સ્વકૃત કર્મફલના ઉપભોક્તા આમનો સંબંધી નથી. આ રીતે એકાંતથી એક એવા તને મહાદૈન્ય છે=હું એકલો છું એ પ્રકારની ભાવનાથી મહાદૈન્ય છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે. તમારા ચરણના શરણમાં રહેલા=સ્વીકારાયેલા તમારા ચરણના શરણવાળા મને, કંઈ પણ=સ્વલ્પ માત્ર પણ, દૈન્ય=દીનતા નથી, ઊલટું આત્મારામ એવા મને=આત્મભાવમાં વિશ્રાંત થતા એવા મને, પરમ સ્વાતંત્ર્યનું સુખ છે=સ્વજન આદિના બંધનથી રહિત એવું સ્વાતંત્ર્યનું સુખ જ છે. ।।૧૭/૭।।

ભાવાર્થ :-

પરમાર્થથી વસ્તુનું સ્વરૂપ જોવામાં આવે તો, દરેક પદાર્થો પોતાના ભાવોથી યુક્ત છે. અન્ય પદાર્થો સાથે તેમને કોઈ સંબંધ નથી. કલ્પના માત્રથી જ સંબંધની બુદ્ધિ થાય છે, અને તે કલ્પનાબુદ્ધિનો નાશ કરવા અર્થે ભગવાનની સ્તુતિ રૂપે સ્તવનકારશ્રી ભાવન કરતાં કહે છે. હું એકલો છું અર્થાત્ સ્વજન બાંધવાદિ સાથે પરમાર્થથી કોઈ મારો સંબંધ નથી; કેમ કે પોતાના કાર્યના પ્રયોજનથી તેઓ મારામાં સંબંધની બુદ્ધિ ધારણ કરે છે. જ્યારે મારે તેઓની સાથે કોઈ પ્રયોજન નથી. મારા વીતરાગતા આદિ ભાવો સાથે મને પ્રયોજન છે. તેથી સૂક્ષ્મબુદ્ધિપૂર્વક વસ્તુનું સ્વરૂપ વિચારીને મહાત્મા ભાવન કરે છે કે હું એકલો છું, આ બંધુ આદિ દેખાતા સ્વજનોમાંથી કોઈનો પણ હું નથી; કેમ કે પરભવમાંથી હું એકલો આવ્યો છું અને પરભવમાં જઈશ ત્યારે હું એકલો જ જવાનો છું. અને વર્તમાનના ભવમાં દ્રવ્યથી તેઓ સાથે સંબંધ હોવા છતાં પરમાર્થથી

મારે મારા ગુણો સાથે સંબંધ છે, અન્ય કોઈ સાથે સંબંધ નથી. આ પ્રકારે ભાવન કરવાથી અલ્પમતિવાળાને દીનતા આવે કે ખરેખર મારું કોઈ નથી, તેવી દીનતા વિવેકીને પ્રાપ્ત થતી નથી; કેમ કે વિવેકી ભાવન કરે છે કે જ્યાં સુધી હું સર્વ કર્મ રહિત થયો નથી ત્યાં સુધી વીતરાગ સર્વજ્ઞના શરણમાં હું રહેલો છું તેથી બાંધવાદિ રહિત હોવા છતાં ઉત્તમ પુરુષનું મને શરણ હોવાને કારણે મને કોઈ દીનતા નથી, પરંતુ મારા શત્રુભૂત ઘાતિકર્મોના ઉન્મૂલનને અનુકૂળ ભગવાનના શરણના બળથી મારું સદ્વીર્ય સદા ઉલ્લસિત રહે છે. જેથી, ઘાતિકર્મોના પોષક બાંધવ આદિના સંબંધની બુદ્ધિ મારામાં લેશ પણ પ્રગટ થતી નથી પરંતુ પરમપુરુષને આશ્રિત રહેવાનો જ વીર્ય ઉલ્લસિત રહે છે. **॥૧૭/૭॥**

અવતરણિકા :-

ન च मत्पालनपरिश्रमोऽपि स्वामिनश्चिरकालभावीति दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

મારા પાલનનો પરિશ્રમ પણ સ્વામીને ચિરકાલભાવી નથી એ પ્રમાણે બતાવતાં સ્તવનકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી ભગવાનને આશ્રિત છે તેથી આશ્રિતને પાલન કરવાનો પરિશ્રમ ભગવાનને છે અને તેથી જ સ્તવનકારશ્રીને પણ ભગવાન દુર્ગતિઓથી રક્ષણ કરે છે અને સદ્ગતિઓમાં સ્થાપન કરે છે. આ પ્રકારનો ભગવાનનો પરિશ્રમ પણ અલ્પકાળ માટે જ છે; કેમ કે ભગવાનના વચનના બળથી સુભટની જેમ શત્રુને નાશ કરવા માટે હું ઉદ્યમ કરું છું ત્યાં સુધી જ ભગવાનને મારા રક્ષણની ચિંતા છે. જ્યારે હું ભગવાનની જેમ જ ઘાતિકર્મોથી રહિત થઈશ ત્યારે મારા પાલનનો પરિશ્રમ ભગવાનને રહેશે નહીં. એ પ્રકારે બતાવે છે –

શ્લોક :-

यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं, मा मुचः शरणं श्रिते ।।१७/८।।

શ્લોકાર્થ :-

તમારા અનુભાવથી થનારી પરા પદવીને=મોક્ષને, જ્યાં સુધી હું પ્રાપ્ત ન કરું ત્યાં સુધી શરણે રહેલા મારા ઉપર તમે શરણ્યપણું છોડશો નહિ. ।।૧૭/૮।।

ટીકા :-

हे विश्ववत्सल ! यावदहं त्वदनुभावजां सर्वाद्भुतत्वत्प्रभावप्रभवाम्, परां=परानन्दस्वरूपाम्, पदवीं=मुक्तिलक्षणाम्, नाप्नोमि=न लभे, तावन्मयि शरणं श्रिते=चरणतलनिलीने, शरण्यत्वं=शरणोपनतसत्त्वोचितं

पालकत्वम्, मा मुचः=मा त्याक्षीः, प्राप्तश्च परमपदवीं त्वल्लीलयैव विलसन्न करिष्ये कस्यापि शरणादि-प्रार्थनादैन्यमिति ।।१७/८।।

इति श्रीवीतरागस्तोत्रे सप्तदशस्य शरणस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

હે વિશ્વવત્સલ ! यावदहं ..... प्रार्थनादैन्यमिति ।। હે વિશ્વવત્સલ ! જ્યાં સુધી હું તમારા અનુભાવથી થનારી=સર્વ અદ્‌ભુત એવા તમારા પ્રભાવથી થનારી, પરા પદવીને=પરમ આનંદ સ્વરૂપ મુક્તિરૂપ પદવીને, પ્રાપ્ત કરું નહીં, ત્યાં સુધી શરણને આશ્રિત=ચરણતલમાં લિલીન, એવા મારા ઉપર શરણ્યપણું=શરણથી પ્રાપ્ત જીવનું ઉચિતપાલકપણું તમે છોડશો નહિ અને પરમ પદવીને પ્રાપ્ત થયેલો એવો હું તમારી લીલાથી જ વિલાસ કરતો=તમારા જેવા જ પરમસુખમાં વિલાસ કરતો, કોઈના પણ શરણાદિ પ્રાર્થનાના દૈન્યને હું કરીશ નહીં. ।।૧૭/૮।।

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં સત્તરમા શરણસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

ભગવાનને વિનંતી કરતાં સ્તુતિકારશ્રી કહે છે. તમારા શરણને સ્વીકારવાના કારણે તમે જેમ તમારા શત્રુભૂત ઘાતિકર્મોનો નાશ કર્યો છે તેમ હું પણ તમારા પ્રભાવથી એ ઘાતિકર્મોનો નાશ કરીશ અને તમે જેમ એ ઘાતિકર્મોનો નાશ કરીને પરમ આનંદ રૂપ મુક્તિરૂપી પદવીને પામ્યા છો તેમ, તમારા શરણના પ્રભાવથી હું પણ અવશ્ય પામીશ. અને જ્યાં સુધી હું તેને પ્રાપ્ત કરી શકું નહીં ત્યાં સુધી શરણને આશ્રિત એવા મારામાં શરણ્યપણું છે=શરણાગત એવા મારું પાલકપણું તમારામાં છે. તેથી, તમે મને જ્યાં સુધી પરમ પદવી ન મળે ત્યાં સુધી ક્યારેય મૂકશો નહીં. જેથી તમારા અવલંબન દ્વારા હું પણ તમારી જેમ જ પરમસુખના વિલાસને કરનારો થાઉં.

આ પ્રકારની સ્તુતિ કરીને ભગવાનના પ્રત્યેનો પોતાનો શરણભાવ તે પ્રકારે દૃઢ કરે છે કે જેથી જન્મજન્માંતરમાં પણ ભગવાનનું શરણું ભાવથી પ્રાપ્ત થાય. અને જેના બળથી ઘાતિકર્મોને નાશ કરવા માટે મહાન બળ પોતાનામાં આધાન થાય. **॥૧૭/૮॥**

અવતરણિકા :-

एवं स्तुतिकृत्त्रिजगद्गुरुशरणानुसरणसावष्टम्भस्तदितरदेवान्नितभृतमुपहसितुकामः परिणामसुकुमारयापि प्रमुखपरुषया गिरा भगवन्तं तुष्टुषुः कठोरोक्तिस्तवमाह तस्य चायं प्रस्तावनाश्लोकः –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વના પ્રકાશમાં કહ્યું એ રીતે, ત્રણ જગતના ગુરુના શરણના અનુસરણથી અવષ્ટંભવાળા એવા સ્તુતિકારશ્રી, ઈતર દેવોને અત્યંત ઉપહાસ કરવાની કામનાવાળા, પરિણામથી સુકુમાર પણ પ્રમુખ પરુષ એવી વાણીથી=હૈયામાં ભગવાન પ્રત્યેની ભક્તિના પરિણામરૂપ સુકુમાર પણ, વચન રૂપે કઠોર વાણીથી, ભગવાનની સ્તુતિ કરવાની ઈચ્છાવાળા કઠોર ઉક્તિના સ્તવનને કહે છે. અને તેનો=કઠોર ઉક્તિ સ્તવનનો, આ પ્રસ્તાવના-શ્લોક છે –

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રીએ પૂર્વના અષ્ટકમાં ત્રણ જગતના ગુરુનું શરણું સ્વીકાર્યું છે તેથી તેમના તુલ્ય અન્ય કોઈ દેવો નથી તેવો તેમને સ્પષ્ટ બોધ થયો છે તેના કારણે તેઓ તેવા દેવોનો અત્યંત ઉપહાસ કરવાની ઇચ્છાવાળા છે. અને તેમનો ઉપહાસ કરીને ભગવાન જ શરણ કરવા યોગ્ય છે, તે દેવો શરણ કરવા યોગ્ય નથી તેવી સ્થિરબુદ્ધિ કરે છે. અને ભગવાન પ્રત્યે પોતાની અંતરંગ અત્યંત ભક્તિ છે તોપણ કંઈક કઠોરભાષાથી ભગવાનની સ્તુતિ કરવાની ઇચ્છાવાળા છે. તેથી, હૈયામાં ભક્તિની વૃદ્ધિ થાય તેવા કઠોર ઉક્તિ-સ્તવનને કહે છે.

શ્લોક :-

न परं नाम मृद्वेव, कठोरमपि किञ्चन ।
विशेषज्ञाय विज्ञप्यं, स्वामिने स्वान्तशुद्धये ।।१८/१।।

શ્લોકાર્થ :-

વિશેષજ્ઞ એવા સ્વામીને, સ્વાંતશુદ્ધિ માટે કેવલ મૃદુ=કોમળ, ભાષાથી જ વિજ્ઞાપ્ય નથી. કઠોર પણ કંઈક વિજ્ઞાપ્ય છે. ।।૧૮/૧।।

ટીકા :-

हे भगवन् ! एवंविधाय स्वामिने परं केवलं मृदु सुललितमेव न विज्ञप्यम्, किन्त्वन्तरान्तरा किञ्चन

स्वल्पमात्रं कठोरं परुषप्रायमपि, किंविशिष्टाय स्वामिने ? विशेषज्ञाय=वक्तुरभिप्रायविशेषविदुषे । अयमभिसन्धिः, यः किलोत्तानमतित्वेन यथाश्रुतयथादृष्टार्थमात्रग्राही प्रभुस्तं प्रति तन्मनोरतये सुकुमारमेव वाच्यम्, यस्तु देशकालप्रस्तावौचित्यपुरुषतदाशयविशेषविद्वांस्तं प्रति यथार्थभाषिभिर्भृत्यैरनुकूलमितरच्चादुष्ट-भावैर्विज्ञप्यम्, तद्भावज्ञेन सुस्वामिनापि तदवधार्यमेव, यतः "स किंसखा साधु न शास्ति योऽधिपं हितान्न यः संशृणुते स किंप्रभुः" किमर्थमित्याह-स्वान्तशुद्धये स्वमनःकुविकल्पकल्पनापोहाय ।।१८/१।।

ટીકાર્થ :-

हे भगवन् ! एवंविधाय ..... कल्पनापोहाय ।। હે ભગવન્ ! આવા પ્રકારના સ્વામીને=અશરણ એવા જીવોને શરણું આપીને દુર્ગતિઓથી રક્ષણ કરે એવા પ્રકારના સ્વામીને, કેવલ મૃદુ=સુલલિત, જ વિજ્ઞપ્ય નથી=મધુર ભાષાથી વિજ્ઞાપના કરવા યોગ્ય નથી, પરંતુ વચમાં કંઈક સ્વલ્પ માત્ર કઠોર=પરુષ, પ્રાયઃ પણ વિજ્ઞપ્ય છે=વિજ્ઞાપના કરવા યોગ્ય છે.

કેવા વિશિષ્ટ સ્વામીને કઠોરભાષાથી વિજ્ઞપ્તિ કરવી જોઈએ ? તેથી કહે છે –

વિશેષને જાણનારા=વક્તાના અભિપ્રાયવિશેષને જાણનારા=કઠોરભાષાથી કહેનારા વક્તાનો પણ અભિપ્રાય ભક્તિવાળો છે, અનાદરવાળો નથી તે પ્રકારના અભિપ્રાયવિશેષને જાણનારા, સ્વામીને કઠોર પણ કહેવું જોઈએ. આ અભિસંધિ છે. જે ખરેખર ઉત્તાનમતિપણાને કારણે= અલ્પમતિપણાને કારણે, યથાશ્રુત, યથાદૃષ્ટ માત્ર અર્થગ્રાહી પ્રભુ છે. તેમના પ્રત્યે તેમની મનોરતિ માટે=તેમના આનંદને માટે, સુકુમાર જ કહેવું જોઈએ પરંતુ જે દેશકાલ અને પ્રસ્તાવના ઔચિત્યવાળા પુરુષ તેના આશયવિશેષને જાણનારા છે તેમના પ્રત્યે યથાર્થભાષી એવા સેવકો વડે અનુકૂલ અને ઇતર=પ્રતિકૂલ, અદુષ્ટભાવથી વિજ્ઞપ્ય છે. તે ભાવથી જ સુસ્વામી વડે પણ તે અવધાર્ય જ છે. જે કારણથી "તે શું સુંદર મિત્ર છે જે રાજાને હિતથી અનુશાસન આપતો નથી. જે=જે રાજા હિતકારી વચન સાંભળતો નથી શું તે પ્રભુ છે અર્થાત્ સેવકનાં હિતકારી વચન સાંભળતો ન હોય તે પ્રભુ કહેવાય નહીં."

શેના માટે ભગવાનને કઠોર પણ વચન કહેવાં જોઈએ ? એથી કહે છે –

સ્વાંતશુદ્ધિ માટે=પોતાના મનના કુવિકલ્પની કલ્પનાના અપોહ માટે=પોતાના મનના કુવિકલ્પના નિવારણ માટે, ભગવાનને કઠોર શબ્દ કહેવા જોઈએ. ।।૧૮/૧।।

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે સ્વામી પ્રત્યેની ભક્તિથી માત્ર મૃદુ વચનથી જ વિજ્ઞપ્તિ કરવી ઉચિત નથી. પરંતુ વિશેષને જાણનારા એવા સ્વામીને પોતાના પરિણામની શુદ્ધિ અર્થે અંતરંગ ભક્તિના પરિણામથી યુક્ત કઠોર વચનથી પણ વિજ્ઞપ્તિ કરવી ઉચિત છે; કેમ કે જેમ ભક્તિમાં

મૃદુભાવથી પણ ભક્તિની વૃદ્ધિ થાય છે, તેમ કોઈક સ્થાને અંતરંગ ભગવાન પ્રત્યે ભક્તિથી યુક્ત બોલાયેલા કઠોર વચનથી પણ પોતાના ભાવોની વૃદ્ધિ થાય છે. **॥૧૮/૧॥**

અવતરણિકા :-

कठोरोक्तिमेव व्यनक्ति-'न पक्षीत्यादितस्तदेवम्' इति पञ्चमश्लोके सम्बन्धः । हे भगवन् ! त्वं परीक्षकैः कथं देवत्वेन प्रतिष्ठाप्यः ?, यतः सर्वदेवेभ्यो विलक्षणः, कथम् ? एवमुच्यमानप्रकारेण, तदेव दर्शयति –

અવતરણિકાર્થ :-

કઠોર ઉક્તિને જ વ્યક્ત કરે છે. 'ન પક્ષી ઇત્યાદિથી માંડીને તદેવં' એ પ્રકારના પાંચમા શ્લોકમાં સંબંધ છે=પ્રસ્તુત અષ્ટકના-૬ શ્લોકમાં અને બેથી માંડીને પાંચ એટલે છટ્ઠા શ્લોકમાં સંબંધ છે, હે ભગવન્! તમે પરીક્ષકો વડે કેવી રીતે દેવપણાથી પ્રતિસ્થાપ્ય છો ? અર્થાત્ દેવ તરીકે પ્રતિસ્થાપન કરવા યોગ્ય નથી. જે કારણથી સર્વ દેવોથી તમે વિલક્ષણ છો.

કેવી રીતે સર્વ દેવોથી વિલક્ષણ છો ? તેથી કહે છે –

આ પ્રમાણે ઉચ્યમાન પ્રકારથી=આગળમાં કહે છે એ પ્રકારથી, તમે બધા દેવોથી વિલક્ષણ છો માટે તમને દેવ કહી શકાય નહીં. તેને જ=બધા દેવોથી વિલક્ષણ છો એમ કહ્યું તેને જ, બતાવે છે –

શ્લોક :-

न पक्षिपशुसिंहादिवाहनासीनविग्रहः ।
न नेत्रवक्त्रगात्रादिविकारविकृताकृतिः ।।१८/२।।

શ્લોકાર્થ :-

પક્ષી, પશુ, સિંહ આદિ વાહન ઉપર બેસનારા શરીરવાળા તમે નથી, નેત્ર, વક્ત્ર, ગાત્રાદિ વિકારથી વિકૃત આકૃતિવાળા તમે નથી, તેથી તમને દેવ કેવી રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહીં એમ સંબંધ છે. ॥૧૮/૨॥

ટીકા :-

ये किलास्मिन् लोके अस्माभिर्देवा ददृशिरे ते पक्षिप्रमुखवाहनासीनविग्रहाः=विहङ्गप्रभृतियानविन्यस्तवपुषः । तथाहि–ब्रह्मविष्णुस्कन्दा यथाक्रमं हंसगरुडमयूरगामित्वेन पक्षिवाहनाः, तथा ईश्वरवैश्वानरमारुता यथाक्रमं वृषमेषमृगगामित्वेन पशुवाहनाः, भवानी च सिंहवाहना, आदिशब्दान्नरवाहनघनवाहनादित्रिदशपरिग्रहः, त्वं तु पक्षिप्रभृतिके नैकस्मिन्नपि वाहने विन्यस्तदेहस्तत एवेतरदेवेभ्यो विलक्षणः, तथादेवा हि नेत्रवक्त्रगात्रादिविकृतिभृत एवास्माभिरुपलभ्यन्ते, यथा-त्रिनयनः शम्भुः, चतुर्वक्त्रः स्वयम्भूः, षण्मुखः महासेनः, चतुर्भुजः

विष्णुः, गजास्यो लम्बोदरश्च गणेश इत्यादि, त्वं तु नेत्रवक्त्रगात्रादिविकारैरपि न विकृताकृतिः, किन्तु निर्विकारसर्वावयवसुन्दरस्तदेवमप्यन्यदेवेभ्यस्त्वं विसदृशः ।।१८/२।।

ટીકાર્થ :-

ये किलास्मिन् लोके ..... विसदृशः ।। જે ખરેખર આ લોકમાં અમારા વડે દેવો દેખાયા છે તે પક્ષી વગેરે વાહન ઉપર બેસનારા શરીરવાળા છે=પક્ષી વગેરે યાન ઉપર સ્થાપન કરાયેલા શરીરવાળા છે. તે આ પ્રમાણે – બ્રહ્મા, વિષ્ણુ, સ્કંદ યથાક્રમ હંસ, ગરુડ, મયૂરગામિપણું હોવાને કારણે પક્ષીના વાહનવાળા છે, અને ઈશ્વર, વૈશ્વાનર=અગ્નિ, મારુત=પવન, યથાક્રમ વૃષ, મેષ અને મૃગગામિપણું હોવાને કારણે પશુવાહનવાળા છે. અને ભવાની સિંહવાહનવાળી છે. આદિ શબ્દથી નરવાહન, ધન-વાહન આદિ દેવોનો પરિગ્રહ છે. વળી, તમે પક્ષી વગેરે એક પણ વાહનમાં બેઠેલા દેહવાળા નથી. તેથી જ ઇતર દેવોથી વિલક્ષણ છો. અને તે દેવો નેત્રની, મુખની અને ગાત્રાદિની વિકૃતિને ધારણ કરનારા જ અમારા વડે જોવાય છે. જે પ્રમાણે ત્રિનયનવાળો શંભુ, ચાર મુખવાળો સ્વયંભૂ, છ મુખવાળા મહાસેન, ચાર ભુજાવાળા વિષ્ણુ, હાથીના સૂંઢવાળા લાંબા ઉદરવાળા ગણેશ, ઇત્યાદિ અર્થાત્ ત્રિનયનવાળા એવા શંભુ નેત્રની વિકૃતિવાળા છે. ચાર મુખવાળા એવા સ્વયંભૂ મુખની વિકૃતિવાળા છે. છ મુખવાળા એવા મહાસેન મુખની વિકૃતિવાળા છે. ચાર ભુજાવાળા એવા વિષ્ણુ ગાત્રની વિકૃતિવાળા છે અને હાથીના જેવી સૂંઢવાળા અને મોટા પેટવાળા ગણેશ ગાત્રની વિકૃતિવાળા છે. વળી તમે નેત્ર, મુખ, ગાત્ર આદિ વિકારોથી પણ વિકૃત આકૃતિવાળા નથી પરંતુ નિર્વિકાર સર્વ અવયવે સુંદર છો તે કારણથી આ રીતે પણ અન્ય દેવોથી તમે વિસદૃશ છો. ।।૧૮/૨।।

ભાવાર્થ :-

ભગવાન પ્રત્યેની અંતરંગ ભક્તિની વૃદ્ધિ માટે ભગવાનની સ્તુતિ કરતાં કઠોર શબ્દથી સ્તવનકારશ્રી કહે છે કે અમે જે દેવોને જોઈએ છીએ તે સર્વ દેવો પક્ષી આદિ કોઈક વાહન પર બેસનારા શરીરવાળા છે. અને નેત્ર આદિના વિકારની આકૃતિવાળા છે. અને તેવા દેવોને જોઈને લોકો આ અદ્‌ભુત માહાત્મ્યવાળા છે તેમ માનીને તેઓને પૂજે છે. જેમ મનુષ્ય બે નયનવાળા દેખાય છે તેને બદલે શંભુ ત્રણ નયનવાળા છે તેમ જોવાથી આ શંભુ અદ્‌ભુત માહાત્મ્યવાળા છે, તેમ માનીને લોકો તેમને દેવની જેમ પૂજે છે. પરંતુ તમે તો એવા કોઈ વાહન ઉપર બેસનારા નથી કે નેત્રાદિ વિકારવાળી આકૃતિને ધારણ કરનારા નથી. તેથી તમને દેવ કહી શકાય નહીં. એ પ્રકારની કઠોરભાષા કહીને પણ પરમાર્થથી તો ભગવાન વિકાર વગરના છે. તેથી જ વાહન આદિ ઉપર બેસનારા નથી કે નેત્ર આદિના વિકારોને પ્રગટ કરીને લોકોને ચમત્કાર બતાવનારા નથી, પરંતુ શાંતરસથી પૂર્ણ છો. તેમ બતાવીને તુચ્છ દેવો જેવા દેવ નહીં હોવા છતાં ઉપાસ્ય દેવ તો તમે જ છો, એ પ્રકારે ભગવાનનું સ્વરૂપ સ્મૃતિમાં લાવીને ભક્તિથી સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **॥૧૮/૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

न शूलचापचक्रादिशस्त्राङ्ककरपल्लवः ।
नाङ्गनाकमनीयाङ्गपरिष्वङ्गपरायणः ।।१८/३।।

શ્લોકાર્થ :-

શૂલ, ચાપ, ચક્રાદિ શસ્ત્રોરૂપી ચિહ્નથી યુક્ત હાથવાળા ભગવાન નથી. સ્ત્રીઓનાં મનોહર અંગોના ભોગમાં પરાયણ નથી. તેથી ભગવાનને દેવ કઈ રીતે કહી શકાય. અર્થાત્ કહી શકાય નહીં. ।।૧૮/૩।।

ટીકા :-

देवा हि शूलचापचक्रादिभिः शस्त्रैरङ्कितकरपल्लवाः स्युः, यथा-शूलभृत्पिनाकपाणिश्च हरः, शार्ङ्गभृच्चक्रधरश्च हरिः, शक्तिधरः कुमारः, परश्वधायुधः सिन्धुरास्य इति । तव तु पाणिपल्लवौ रेखारूपैरेव चापचक्रादिभिर्लाञ्छितौ न पुनरितरैः तथा ते हि अङ्गनाकमनीयाङ्गपरिष्वङ्गपरायणाः=कमनीयकामिनीमनोहरशरीरपरिरम्भसुभगंभविष्णवः, तथाहि–गङ्गागौरीभ्यां गिरीशः, गावित्री(गायत्री)सावित्रीभ्यां प्रजापतिः, राधारुक्मिणीभ्यां कमलाविलासी नित्यमालिङ्गित एवास्ते, त्वं तु स्वप्नेऽप्यपरिशीलितललितललनाजनः ।।१८/३।।

ટીકાર્થ :-

देवा हि ..... ललितललनाजनः ।। દેવો શૂલ, ચાપ, ચક્રાદિ શસ્ત્રો વડે અંકિત કર-પલ્લવવાળા થાય=શસ્ત્રોથી યુક્ત હાથવાળા થાય, જે પ્રમાણે શૂલને ધારણ કરનાર પિનાક પાણિવાળા હર છે=ત્રિશુલને અને ધનુષ્યને ધારણ કરનારા શિવ છે. શાર્ઙ્ગને ધારણ કરનાર અને ચક્રને ધારણ કરનાર હરિ છે. શક્તિને ધારણ કરનાર કુમાર છે. ગણપતિનું કુહાડી અસ્ત્ર છે. વળી તમારા હાથ રૂપ પલ્લવો રેખાના રૂપોથી જ બાણ, ચક્રાદિથી લાંછિત છે. પરંતુ ઇતર એવા લાંછિતોથી નહીં અને તેઓ=અન્ય દેવો, સ્ત્રીઓના મનોહર દેહના આલિંગનપરાયણ છે=કમનીય એવી સ્ત્રીઓના મનોહર શરીરના આલિંગનના સ્વભાવવાળા છે, તે આ પ્રમાણે, ગંગા અને ગૌરી દ્વારા ગિરીશ, ગાયત્રી અને સાવિત્રી દ્વારા પ્રજાપતિ, રાધા અને રુક્મિણી દ્વારા કમલાવિલાસી નિત્ય આલિંગિત જ બેસે છે.

વળી, તમે સ્વપ્નમાં પણ અપરિશીલિત સુંદર સ્ત્રીઓના સમૂહવાળા છો=સ્વપ્નમાં કોઈ સુંદર સ્ત્રીઓના સ્પર્શને કર્યો નથી તેવા અસંગ છો. ॥૧૮/૩॥

ભાવાર્થ :-

સંસારવર્તી દેવો જુદાં જુદાં શસ્ત્રોને ધારણ કરનારા અને સુંદર સ્ત્રીઓના વિલાસપ્રધાન દેખાય છે. અને ભગવાન હાથમાં કોઈ શસ્ત્રોને ધારણ કરનારા નથી અને કોઈ સુંદર સ્ત્રીઓ સાથે વિલાસ કરનારા નથી માટે ભગવાનને દેવ કહી શકાય નહીં. આ પ્રકારની કઠોરભાષા દ્વારા ભગવાન દ્વેષ વગરના છે, માટે શત્રુના નાશના ઉપાયભૂત શસ્ત્રોને ધારણ કરનારા નથી અને રાગ વગરના છે. આથી જ સુંદર સ્ત્રીઓના આલિંગનપરાયણ નથી એ પ્રકારની ઉપસ્થિતિ કરીને તમે અન્ય દેવ જેવા નથી એમ કહીને જ સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યે પોતાની ભક્તિનો ભાવ અભિવ્યક્ત કરે છે. **॥૧૮/૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

न गर्हणीयचरितप्रकम्पितमहाजनः ।
न प्रकोपप्रसादादिविडम्बितनरामरः ।।१८/४।।

શ્લોકાર્થ :-

ગર્હણીય ચરિત્રથી પ્રકંપિત કર્યું છે મહાજનને જેમણે એવા દેવો છે, તમે તેવા નથી. પ્રકોપ અને પ્રસાદ આદિથી વિડંબિત નર અમરવાળા તે દેવો છે, તમે તેવા નથી. માટે તમને દેવ કેમ કહી શકાય. અર્થાત્ કહી શકાય નહીં. ॥૧૮/૪॥

ટીકા :-

ते हि गर्हणीयैः पृथग्जनेभ्योऽप्यतिजघन्यैः स्वसुतारिरंसाऋषियोषिदुपलालनब्रह्मशिरश्छेदगोवध-प्रभृतिभिश्चरितैः प्रकम्पितमहाजनाः अहह ! महदकृत्यसाहसमिदमिति ससाध्वसीकृतशिष्टजनहृदयाः, त्वं पुनर्नैवंविधचरितः तथा ते हि तथाविधापराधप्रबुद्धदुर्द्धरक्रोधप्रारब्धप्रधानविधयः सुरनरादीन् कदाचिच्छाप-वधादिभिर्विडम्बयन्ति, कदाचिच्च शिरःकमलोपनयनतीव्रतपःप्रणिधानादिभिः प्रसन्नमनसस्तानेव वरप्रदानादि-प्रसादैरनुगृह्य भूयो विडम्बयन्ति त्वं तु न तथा ।।१८/४।।

ટીકાર્થ :-

તે હિ गर्हणीयैः ..... त्वं तु न तथा ।। તેઓ=દેવો, ગર્હણીય સામાન્ય જીવોથી પણ અતિ જઘન્ય=પોતાની પુત્રીની સાથે ભોગની ઇચ્છા, ઋષિની સ્ત્રીઓનું ઉપલાલન=ઉપભોગ, બ્રહ્મના શિરનું છેદન, ગાયનો વધ, વગેરે ગર્હણીય ચરિત્રો વડે પ્રકંપિત કર્યા છે મહાજનોને એવા તે દેવો છે. અરે રે ! 'અકૃત્યનું આ મોટું સાહસ છે' એ પ્રકારે=ભયભીત કર્યા છે શિષ્ટજનનાં હૃદય જેમણે એવા, તે દેવો છે. વળી તમે આવા પ્રકારના ચરિત્રવાળા નથી=ગર્હણીય ચરિત્રથી પ્રકંપિત મહાજનવાળા નથી. અને તેઓ=દેવો, તેવા પ્રકારના અપરાધથી પ્રબુદ્ધ દુર્દ્ધર ક્રોધથી પ્રારબ્ધપ્રધાન વિધિવાળા=કોઈ મનુષ્ય વગેરેના તેવા પ્રકારના અપરાધથી ઊઠેલા ન રોકી શકાય તેવા દુર્દ્ધર ક્રોધથી પ્રારંભ કર્યો છે પ્રધાન પ્રયત્ન જેમણે એવા છે, તેઓ સુર-નરાદિને ક્યારેક શાપ અને વધાદિથી વિડંબિત કરે છે અને ક્યારેક પોતાના મસ્તક ઉપર કમલનું ઉપનયન અને તીવ્ર તપના પ્રણિધાન આદિથી પ્રસન્ન મનવાળા અર્થાત્ કોઈ મનુષ્ય આદિ પોતાના મસ્તક ઉપર કમળો ચઢાવે તેનાથી કે પોતાની ભક્તિ નિમિત્તે તીવ્ર તપ અને પ્રણિધાન આદિ કરે તેનાથી પ્રસન્ન મનવાળા એવા તેઓ, તેઓને જ=ભક્તિ કરનારને જ, વરપ્રધાન આદિ પ્રસાદો વડે અનુગ્રહ કરીને અત્યંત વિડંબના કરે છે. અર્થાત્ તેવા પ્રકારનાં વરદાન આપવા દ્વારા તેવી શક્તિઓને આપીને તેઓને પાપપરાયણ કરે છે. વળી તમે તેવા નથી=અન્ય દેવો જેવા નથી. ॥૧૮/૪॥

ભાવાર્થ :-

ગર્હણીય ચરિત્રથી શિષ્ટ લોકોને પ્રકંપિત ચરિત્રવાળા દેવો છે, આથી જ કેટલાક દેવો પોતાની પુત્રી સાથે ભોગવિલાસને કરનારા છે, કેટલાક ઋષિપત્ની સાથે વિલાસ કરનારા છે અને તેવા તમે નથી. માટે તમને દેવ કેવી રીતે કહી શકાય. વળી, કેટલાક દેવો પોતાના પ્રત્યે જેઓને ભક્તિ નથી તેના પ્રત્યે પ્રકોપિત થાય છે અને જેઓને પોતાના પ્રત્યે ભક્તિ છે તેઓના પ્રત્યે પ્રસાદવાળા થાય છે. આ પ્રકારના દેવો જગતમાં છે અને તમે તેવા નથી માટે તમને દેવ કહી શકાય નહીં. આમ, કઠોરભાષામાં કહીને પણ વસ્તુતઃ ભગવાન આવા નિંદ્ય દેવો જેવા દેવ નથી પરંતુ ઉત્તમ પુરુષ છે, તેમ અર્થથી સ્તવનકારશ્રી અભિવ્યક્ત કરે છે. **॥૧૮/૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

न जगज्जननस्थेमविनाशविहितादरः ।
न लास्यहास्यगीतादिविप्लवोपप्लुतस्थितिः ।।१८/५।।

શ્લોકાર્થ :-

જગતને જનનમાં=સર્જન કરવામાં, સ્થેમમાં=સ્થિર કરવામાં, અને વિનાશમાં વિહિત આદરવાળા તમે નથી. નૃત્ય, હાસ્ય, ગીત આદિના વિપ્લવથી ઉપપ્લુત સ્થિતિવાળા તમે નથી. માટે તમને દેવ કહી શકાય નહીં. ॥૧૮/૫॥

ટીકા :-

તે હ્યસ્ય જગતશ્ચરાચરસ્યાપિ જનને સ્થેમનિ વિનાશે ચ વિહિતાદરાઃ, કિલ કશ્ચિજ્જગન્તિ સૃજત્યપરઃ પરિપાલયત્યન્યો વિનાશયતીતિ, ત્વં તુ તત્રાપ્યુદાસીન એવ, તથા તે હિ લાસ્યહાસ્યગીતાદિભિર્નૃત્ય-હસિતગેયપ્રભૃતિભિર્વિપ્લવૈર્નટવિટોચિતૈશ્ચેષ્ટિતૈરુપપ્લુતસ્થિતયઃ, ત્વં પુનઃ પરપ્રસ્તુતેષ્વપ્યમીષુ વિલોકનેઽપિ તન્દ્રાલુરિવ ।।૧૮/૫।।

ટીકાર્થ :-

તે હ્યસ્ય જગતશ્ચરાચર ..... તન્દ્રાલુરિવ ।। તેઓ=દેવો, આ ચરાચર પણ જગતના જનનમાં, સ્થેમમાં અને વિનાશ કરવામાં વિહિત આદરવાળા છે. ખરેખર કોઈક દેવ જગતનું સર્જન કરે છે. અપર દેવ પરિપાલન કરે છે. વળી અન્ય દેવ વિનાશ કરે છે. વળી તમે તેમાં પણ=જગતના સર્જન આદિમાં પણ, ઉદાસીન જ છો અને તે દેવો લાસ્ય=વિલાસ, હાસ્ય, ગીતાદિ વડે=નૃત્ય, હાસ્ય અને ગીત વગેરે વિપ્લવોથી=ઉપદ્રવોથી, નટવિટને ઉચિત=નટ અને અનાચારી પુરુષોને ઉચિત, ચેષ્ટાઓથી ઉપપ્લુત-સ્થિતિવાળા છે=વ્યાકુળ સ્થિતિવાળા છે. વળી, તમે પરપ્રસ્તુત પણ આ બધામાં=હાસ્ય, ગીત આદિમાં, વિલોકનમાં પણ=જોવામાં પણ, તંદ્રાલુ જેવા છો અર્થાત્ નીરસ જેવા છો. ॥૧૮/૫॥

ભાવાર્થ :-

જગતવર્તી દેવોમાંથી કેટલાક દેવો જગતનું સર્જન કરે છે, કેટલાક પરિપાલન કરે છે અને કેટલાક જગતનો વિનાશ કરે છે. એ પ્રકારે અન્યદર્શનમાં પ્રસિદ્ધ છે. અને ભગવાન તેવા નથી. માટે ભગવાનને દેવ કહી શકાય નહીં એ પ્રમાણે કઠોરભાષાથી કહીને પરમાર્થથી તો ભગવાન સંસારના બાહ્ય ભાવોથી પર આત્માના અસંગભાવમાં સ્થિર છે, તેથી જગતના સર્જન આદિ ભાવો પ્રત્યે ઉદાસીન જ છે તેમ બતાવીને ભગવાનની ઉત્તમતાની જ પ્રશંસા સ્તવનકારશ્રી કરે છે. વળી કેટલાક વિલાસી દેવો અપ્સરાઓ સાથે વિલાસ કરે છે, હાસ્ય, ગીત આદિમાં રક્ત રહે છે અને તે સર્વ ભાવોથી ઉપદ્રવની સ્થિતિવાળા તે દેવો છે; કેમ કે આત્માના નિરાકુળ સ્વભાવમાં વિલાસ આદિ ભાવો વિપ્લવને કરનારા છે અર્થાત્ ઉપદ્રવને કરનારા છે. તે ઉપદ્રવોથી મોહની વ્યાકુળતાને અનુભવનારા દેવો છે અને તમે તે સર્વ ભાવો સ્વયં કરતા નથી. અન્યના તે ભાવોને જોવા પ્રત્યે પણ તમે ઉદાસીન છો; કેમ કે આત્માના પરમ ઐશ્વર્યમાં તમે લીન છો. તેથી હાસ્યાદિ નહીં કરનારા તમને દેવ કહેવાય નહીં. આ રીતે કઠોરભાષાથી કહીને પણ ભગવાન તેવા સર્વ વિકારોથી પર છે તેમ બતાવીને સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **॥૧૮/૫॥**

શ્લોક :-

तदेवं सर्वदेवेभ्यः, सर्वथा त्वं विलक्षणः ।
देवत्वेन प्रतिष्ठाप्यः, कथं नाम परीक्षकैः ।।१८/६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૂર્વમાં કહ્યું એવા તમે નથી તે કારણથી, આ રીતે=પૂર્વમાં બતાવ્યું એ રીતે, સર્વ દેવોથી સર્વથા તમે વિલક્ષણ કેવી રીતે પરીક્ષકો વડે દેવપણાથી પ્રતિસ્થાપ્ય થાઓ ? અર્થાત્ દેવ તરીકે કહી શકાય નહીં. ।।૧૮/૬।।

ટીકા :-

तत्तस्मात् कारणात् हे भगवन् ! एवं पूर्वोक्तप्रकारेण सर्वेभ्योऽपि हरिहरादिदेवेभ्यः, सर्वथा=सर्वैरपि चिह्नैस्त्वं विलक्षणो=विसदृशः एवं च सति परीक्षकैर्देवत्वेन 'देवोऽयम्' इतिबुद्ध्या कथं प्रतिष्ठाप्यः ? केन प्रकारेण हृदि व्यवस्थाप्य ? इति ।।१८/६।।

ટીકાર્થ :-

तत्तस्मात् कारणात् ..... व्यवस्थाप्य ? इति ।। તે કારણથી હે ભગવાન ! આ રીતે=પૂર્વમાં કહ્યું એ પ્રકારથી, સર્વ પણ હરિહરાદિ દેવોથી, સર્વથા=સર્વ પણ ચિહ્નો વડે, તમે વિલક્ષણ છો=વિસદૃશ છો. અને આમ હોતે છતે=હરિહરાદિ દેવોથી તમે વિસદૃશ હોતે છતે, પરીક્ષક એવા જીવો વડે આ દેવ છે, એવી બુદ્ધિથી દેવપણારૂપે કેવી રીતે પ્રતિસ્થાપ્ય થાઓ ?=કયા પ્રકારથી હૃદયમાં વ્યવસ્થાપ્ય થાઓ=કોઈ પ્રકારે તમને દેવ તરીકે હૃદયમાં વ્યવસ્થાપન કરી શકાય નહીં. ।।૧૮/૬।।

ભાવાર્થ :-

પૂર્વમાં હરિહરાદિ અન્ય દેવો જેવા તમે નથી તેમ સ્થાપન કર્યું. તેનાથી શું ફલિત થાય છે ? તે બતાવતાં સ્તવનકારશ્રી કહે છે –

જગતમાં હરિહર આદિ જે દેવો પ્રસિદ્ધ છે તેવા દેવોનું જે પ્રકારનું સ્વરૂપ તે તે દર્શનમાં પ્રસિદ્ધ છે તેના કરતાં તમે અત્યંત વિલક્ષણ છો. તેથી જે પરીક્ષકોને હરિહરાદિ જેવા જ દેવ રૂપે દેખાય છે, તેવા પરીક્ષકો દ્વારા દેવનું કોઈ લક્ષણ તમારામાં નહીં દેખાવાથી કેવી રીતે તમને આ દેવ છે, તેવી બુદ્ધિથી પોતાના હૃદયમાં સ્થાપન કરે. અર્થાત્ જેઓ મૂઢમતિવાળા છે તેઓને બાહ્ય દિવ્ય શક્તિવાળા જ દેવો દેવ રૂપે દેખાય છે. તમારા કોઈ વર્તનથી તેવી શક્તિનું પ્રદર્શન નથી તેથી તમે તેઓને દેવ રૂપે સ્વીકાર્ય થાઓ નહીં. પરંતુ જેઓ સર્વ વિકારથી રહિત દેવ જ ઉપાસ્ય છે તેવી બુદ્ધિ ધારણ કરે છે. તેઓને તમે જ ઉપાસ્યદેવ રૂપે જણાઓ છો. અંન્ય સર્વવિલાસી દેવો તુચ્છ અને અસાર છે તેમ જણાય છે. આ પ્રકારે સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **॥૧૮/૬॥**

અવતરણિકા :-

એતદેવ દૃષ્ટાન્તેન સ્પષ્ટયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વમાં કહ્યું કે બધા દેવોથી તમે વિલક્ષણ છો. માટે તમને દેવ કહી શકાય નહીં એને જ, દૃષ્ટાંતથી કહે છે –

શ્લોક :-

अनुश्रोतः सरत्पर्णतृणकाष्ठादि युक्तिमत् ।
प्रतिश्रोतः श्रयद्वस्तु, कया युक्त्या प्रतीयताम् ।।१८/७।।

શ્લોકાર્થ :-

અનુશ્રોતથી સરકતા પર્ણતૃણકાષ્ઠાદિ યુક્તિવાળા છે. પ્રતિશ્રોતથી સરકતી વસ્તુ કઈ યુક્તિથી પ્રતીત કરી શકાય ? અર્થાત્ પ્રતીત કરી શકાય નહીં. ।।૧૮/૭।।

ટીકા :-

अनुश्रोतः सलिलप्रवाहानुसारेण सरत्संचरत् पर्णतृणकाष्ठादिवस्तु युक्तिमत्=प्रत्यक्षप्रमाणप्रतिष्ठितत्वेन सर्वस्याप्यनुभवसिद्धत्वेन च यौक्तिकम्, प्रतिश्रोतः सलिलप्रवाहात् प्रतीपं तु पर्णतृणादिवस्तु श्रयत्प्रवहत् कया युक्त्या केन प्रमाणबलेन प्रतीयतां निश्चीयताम् ? । एवं वर्त्तमानदेवलक्षणविलक्षणे त्वयि कथं देवत्वबुद्धिरुपजायतामिति ।।१८/७।।

ટીકાર્થ :-

अनुश्रोतः ..... बुद्धिरुपजायतामिति ।। અનુશ્રોત=પાણીના પ્રવાહના અનુસારથી સંચરણ કરતાં પર્ણ, તૃણ, કાષ્ઠાદિ વસ્તુ=પાંદડાં, તૃણ અને કાષ્ઠાદિ વસ્તુ, યુક્તિવાળી છે=પ્રત્યક્ષપ્રમાણથી પ્રતિષ્ઠિતપણાને કારણે, બધાને પણ અનુભવસિદ્ધપણું હોવાથી યુક્તિવાળું છે. પ્રતિશ્રોત=સલિલના પ્રવાહથી ઊંધી દિશા તરફ પર્ણ, તૃણાદિ વસ્તુ વહેતી કઈ યુક્તિથી=કયા પ્રમાણબલથી પ્રતીત થાય=નિશ્ચિત થાય ? અર્થાત્ થઈ શકે નહીં. એ રીતે વર્તમાન દેવલક્ષણથી વિલક્ષણ એવા તમારામાં=વર્તમાનમાં જે દેવો પ્રસિદ્ધ છે તેઓનું જેવું સ્વરૂપ છે તેનાથી અત્યંત વિલક્ષણ એવા તમારામાં, કેવી રીતે દેવત્વબુદ્ધિ થાય અર્થાત્ થઈ શકે નહીં. ।।૧૮/૭।।

ભાવાર્થ :-

ભગવાનમાં અન્ય દેવો જેવું દેવત્વ પ્રતીત થતું નથી તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરતાં કહે છે. પાણીના પ્રવાહમાં સરકતાં પાંદડાં, તૃણ, કાષ્ઠાદિ યુક્તિવાળાં દેખાય છે; કેમ કે પાણીના પ્રવાહ અનુસાર તે વહેતાં દેખાય છે.

પરંતુ કોઈ કહે કે પાણીના પ્રવાહથી વિપરીત દિશામાં સરકતાં પાંદડાંદિ વસ્તુ છે તે કથન કઈ યુક્તિથી થાય અર્થાત્ પ્રત્યક્ષ દેખાતું નથી અને તેની સ્થાપક કોઈ યુક્તિ નથી; કેમ કે પ્રવાહનો સ્વભાવ છે કે જ્યાં વહેતું હોય ત્યાં જ પાંદડાને વહન કરે. પરંતુ પ્રવાહથી વિપરીત દિશામાં પાંદડાં વહન થાય છે તે શ્રદ્ધેય નથી. તેમ, હરિ, હરાદિ દેવો લોકમાં જે સ્વરૂપે પ્રસિદ્ધ છે તેવા સ્વરૂપથી રહિત તમે દેવ છો એમ કઈ રીતે શ્રદ્ધા થઈ શકે ? અર્થાત્ પરીક્ષકને તમે દેવ રૂપે પ્રતીત થઈ શકો નહીં. **॥૧૮/૭॥**

અવતરણિકા :-

एवं स्तुतिकृदसंविदान इव भगवत्स्वरूपं बहिर्मुखपरीक्षकपक्षकक्षीकारेण किमपि परुषप्रायमभिधाय भूयः स्वभावोक्तिं व्यनक्ति –

અવતરણિકાર્થ :-

આ રીતે સ્તુતિકારશ્રી નહિ જાણતાની જેમ ભગવાનનું સ્વરૂપ બહિર્મુખ પરીક્ષકના પક્ષને સ્વીકારવાથી કંઈક પરુષ પ્રાયઃ કહીને ફરી સ્વભાવ ઉક્તિને વ્યક્ત કરે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું તે રીતે સ્તુતિકારશ્રી જાણે ભગવાનનું સ્વરૂપ જાણતા જ ન હોય તેમ ભગવાનનું સ્વરૂપ બહિર્મુખ પરીક્ષકના પક્ષને સ્વીકારવાથી કહ્યું; કેમ કે બહાર લોકમાં જે દેવો પ્રસિદ્ધ છે તેવું દેવનું સ્વરૂપ ભગવાનમાં ક્યાંય દેખાતું નથી. તેથી તમે દેવ નથી એ પ્રકારે કંઈક પરુષ પ્રાયઃ કથન કરીને ફરી ભગવાનના વાસ્તવિક સ્વરૂપના સ્વભાવને વ્યક્ત કરે છે.

શ્લોક :-

अथवालं मन्दबुद्धिपरीक्षकपरीक्षणैः ।
ममापि कृतमेतेन, वैयात्येन जगद्गुरो ! ।।१८/८।।

શ્લોકાર્થ :-

અથવા હે જગતગુરુ ! મંદબુદ્ધિ પરીક્ષકના પરીક્ષણની ક્રિયાથી સર્યું. મારે પણ આ વૈયાત્ય= વાયડી વાતોથી સર્યું. ॥૧૮/૮॥

ટીકા :-

अथवेति पूर्वोपक्षिप्तार्थोपसंहारे । हे जगद्गुरो ! भुवनमहनीय ! अमीभिः पूर्वोदितैर्मन्दबुद्धिपरीक्षक-परीक्षणैर्निर्विचारविचारकविचारप्रकारैरलं=पर्याप्तम्, सर्वथैव त्वय्यनुपपन्नत्वात् तेषाम्, तथा ममाप्येतेन पूर्वोदितेन प्राकृतजनोचितेन वैयात्येन परीक्षावैदग्ध्यधार्ष्ट्येन कृतं पर्याप्तम्, मनसाप्येवमसत्प्रलापस्य त्वयि चिन्तयितुमनुचितत्वात् ।।१८/८।।

ટીકાર્થ :-

अथवेति पूर्वोपक्षि ..... चिन्तयितुमनुचितत्वात् ।। 'અથવા' એ શબ્દ પૂર્વમાં ઉપક્ષિપ્ત એવા અર્થના ઉપસંહારમાં છે=પૂર્વમાં કહેવાયેલા અર્થના ઉપસંહારમાં છે. હે જગદ્‌ગુરુ ! ભુવન મહનીય ! આ પૂર્વમાં કહેવાયેલા મંદબુદ્ધિ પરીક્ષકના પરીક્ષણથી=પરીક્ષણની ક્રિયાથી અર્થાત્ નિર્વિચાર વિચારકના વિચારોના પ્રકારથી=વિચાર્યા વગર બોલનારના વિચારોના પ્રકારથી સર્યું; કેમ કે સર્વથા જ તમારામાં તેઓનું અનુપપન્નપણું છે=નિર્વિચારક જીવો જે દેવોનું સ્વરૂપ જુએ છે તેવા સ્વરૂપનું સર્વથા જ તમારામાં અનુપપન્નપણું છે. અને મારે પણ આ પૂર્વ ઉદિત પ્રાકૃત જન ઉચિત વૈયાત્યથી=પરીક્ષાના વૈદગ્ધ્યના ધાર્ષ્ટ્યથી સર્યું અર્થાત્ અર્થ વગરનું છે; કેમ કે મનથી પણ આવા પ્રકારના અસત્પ્રલાપનું તમારામાં=પરમાત્મામાં, ચિંતવન કરવા માટે અનુચિતપણું છે. ॥૧૮/૮॥

ભાવાર્થ :-

'અથવા' શબ્દ વિકલ્પાંતર માટે નથી. પરંતુ પૂર્વમાં કહેલા કથનનો ઉપસંહાર કરવા માટે છે. અને તે ઉપસંહાર બતાવતાં કહે છે. જેઓ મંદબુદ્ધિવાળા પરીક્ષક છે તેઓ દેવની પરીક્ષા કરવા માટે પૂર્વમાં બતાવ્યું તેવા સ્વરૂપથી જ પરીક્ષા કરે છે અને તેવું સ્વરૂપ જેઓમાં ન દેખાય તેઓને દેવ સ્વીકારતા નથી. તેથી તેઓ વાસ્તવિક પરીક્ષક નથી. પરંતુ મૂર્ખ પરીક્ષક છે. માટે તેવા પરીક્ષકોની પરીક્ષાની ક્રિયાથી સર્યું. અર્થાત્ તેવા પરીક્ષકોની પરીક્ષાની ક્રિયાથી ભગવાનની પરીક્ષા કરવી ઉચિત નથી. વળી, ગ્રંથકારશ્રી પોતે પણ પરીક્ષામાં વિદગ્ધ છે એ ધૃષ્ટપણાથી જ જગદ્‌ગુરુની આ પ્રકારે પરીક્ષા કરેલ છે. તેથી તે પરીક્ષા અર્થ વગરની છે. અર્થાત્ તેવું દેવનું સ્વરૂપ ભગવાનમાં નથી માટે ભગવાન દેવ નથી એમ જે ભગવાનને કહ્યું તે ધૃષ્ટતાથી જ ગ્રંથકારશ્રી વડે કહેવાયું છે; કેમ કે કઠોરભાષાની ઉક્તિ દ્વારા જ ગ્રંથકારશ્રીએ તેનાથી વિલક્ષણ એવું ભગવાનનું સ્વરૂપ જ ભક્તિ રૂપે હૈયામાં સંસ્થાપિત કરેલ છે. ॥૧૮/૮॥**

અવતરણિકા :-

ननु यदि पूर्वोदितानि देवलक्षणानि न तथा क्षोदक्षमाणि तत् किमन्यत् तदुपलक्षणाय लक्षणान्तरं मृग्यमित्याह –

અવતરણિકાર્થ :-

જો પૂર્વમાં કહેલાં દેવલક્ષણો તે પ્રકારે ક્ષોદક્ષમ નથી=દેવના પારમાર્થિક સ્વરૂપને બતાવવા માટે સમર્થ નથી, તો તેના ઉપલક્ષણ માટે=દેવના સ્વરૂપના ઉપલક્ષણ માટે અન્ય લક્ષણાંતર ક્યું શોધવું ? એથી કહે છે –

શ્લોક :-

यदेव सर्वसंसारिजन्तुरूपविलक्षणम् ।
परीक्षन्तां कृतधियस्तदेव तव लक्षणम् ।।૧૮/૯।।

શ્લોકાર્થ :-

સર્વ સંસારી જીવોના રૂપથી જે જ વિલક્ષણ છે, તે જ બુદ્ધિશાળી પુરુષો તમારું લક્ષણ જાણો. ।।૧૮/૯।।

ટીકા :-

હે સ્વામિન્ ! यदेव सर्वसंसारिजन्तुरूपेभ्यः=समग्रभवस्थशरीरशरीरेभ्यो, लोकोत्तरत्वेन विसदृशम्, कृतधियो विद्वांसस्तदेव तव लक्षणं परीक्षन्ताम् । किमुक्तं भवति ? किल यानि परैः पक्षिपशुवाहनादीनि देवचिह्नत्वेनोदीर्यन्ते तानि सर्वसंसारिजन्तुसाधारणानि, असाधारणगुणैश्च देवत्वमुपपद्यते, अत एव भगवान् विमुक्तसर्वसङ्गत्वेन न पक्षिपशुप्रभृतिष्वासीनदेहस्तत एव मुक्तः, वाहनाधीनतनवस्तु सपरिग्रहत्वेन संसारिण एव, तथा सर्वोत्तमसमचतुरस्रसंस्थान एव भगवान्, नतु नेत्रादिविकृतिमान्, प्रोषितद्वेषत्वेन च शूलादिशस्त्ररहितः, विगतरागत्वेन च नाङ्गनालीङ्गिततनुः, अगर्हणीयचरितत्वेन च विश्वविश्वानन्ददायी, परमसमभावभावितत्वेन च प्रकोपप्रसादादिभिर्न विडम्बितः, निष्ठितार्थत्वेन च न जगत्सर्गादिव्यग्रः, निर्मोहत्वेन च न लास्यहास्यादिभिरुपप्लुतः पूर्वोदितस्वरूपाश्च परे एवंविधं च यदिदं समस्तसंसारिरूप-विलक्षणत्वं तदेव तव लक्षणमिति ।।१८/९।।

ટીકાર્થ :-

હે સ્વામિન્ ! ..... लक्षणमिति ।। હે સ્વામી ! સર્વ સંસારી જીવોના રૂપથી=સમગ્ર ભવસ્થ દેહવાળાનાં શરીરોથી, લોકોત્તરપણાને કારણે જે જ વિસદૃશ છે. કૃતબુદ્ધિવાળા વિદ્વાનો તે જ તમારું લક્ષણ જાણો. શું કહેવાયેલું થાય છે ? ખરેખર જે પર વડે પક્ષી-પશુ વાહનાદિ દેવના ચિહ્નપણા વડે કહેવાય છે તે સર્વ સંસારી જંતુના સાધારણ છે અને અસાધારણ ગુણ વડે દેવત્વ ઘટે છે. આથી જ ભગવાન વિમુક્તસર્વસંગપણાને કારણે પક્ષી-પશુ વગેરે ઉપર બેસનારા દેહવાળા નથી તેથી જ મુક્ત છે=અસંગપરિણામવાળા છે. વળી, વાહન આધીન શરીરવાળા સપરિગ્રહપણાથી સંસારી જ જીવો છે. અને સર્વોત્તમ સમચતુરસ્રસંસ્થાનવાળા જ ભગવાન છે. પરંતુ નેત્રાદિ વિકૃતિવાળા નથી. અને ત્યાગ કરાયેલા દ્વેષપણાને કારણે શૂલાદિ શસ્ત્ર રહિત છે, વીતરાગપણું હોવાને કારણે સ્ત્રીથી આલિંગિત શરીરવાળા નથી. અને અગર્હણીય ચરિત્રપણાથી સમગ્ર વિશ્વને આનંદદાયી છે અને પરમ સમભાવથી ભાવિતપણાને કારણે પ્રકોપપ્રસાદાદિથી વિડંબના કરાયા નથી અને નિષ્ઠિતાર્થપણું હોવાને કારણે=કૃતકૃત્યપણું હોવાને કારણે, જગતના સર્જન આદિમાં વ્યગ્ર નથી. નિર્મોહપણું હોવાને કારણે વિલાસ, હાસ્યાદિથી ઉપપ્લુત નથી=ઉપદ્રવવાળા નથી, અને પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળા પર છે=બીજા દેવતાઓ છે, અને આવા પ્રકારનું જે આ, સમસ્ત સંસારી જીવોના રૂપથી વિલક્ષણપણું, તે જ તમારું લક્ષણ છે. ।।૧૮/૯।।

ભાવાર્થ :-

સર્વ સંસારી જીવોનું તે સ્વરૂપ છે કે બાહ્ય શક્તિ આવે તો તે તે પ્રકારના વિકારોનું જ પ્રદર્શન કરે અને તેના દ્વારા જગતમાં પોતાનું માહાત્મ્ય પ્રતિસ્થાપન કરવા યત્ન કરે.

વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તે સર્વ કરતાં અત્યંત વિલક્ષણ છે; કેમ કે ભગવાન પરમ સમભાવથી ભાવિત છે તેથી જગતમાં પોતાનું બાહ્ય માહાત્મ્ય બતાવવા માટે કોઈ યત્ન કરતા નથી. પરંતુ સામાન્ય સંસારી જીવો કરતાં તદ્દન વિલક્ષણ પોતાના નિરાકુળ સ્વરૂપમાં સ્થિત છે. તે જ ભગવાનનું લક્ષણ બુદ્ધિમાન પુરુષોએ જાણવું જોઈએ. **॥૧૮/૯॥**

અવતરણિકા :-

एतदेव स्पष्टयन्नुपसंहरति –

અવતરણિકાર્થ :-

આને જ=ભગવાનના લોકોત્તમ સ્વરૂપને જ, સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી ઉપસંહાર કરે છે –

શ્લોક :-

क्रोधलोभभयाक्रान्तं, जगदस्माद्विलक्षणः ।
न गोचरो मृदुधियां, वीतरागः कथञ्चन ।।१८/१०।।

શ્લોકાર્થ :-

ક્રોધ, લોભ, ભયથી આક્રાંત જગત છે, આનાથી વિલક્ષણ એવા વીતરાગ કોઈ રીતે મૃદુબુદ્ધિવાળા જીવોનો વિષય નથી. ।।૧૮/૧૦।।

ટીકા :-

क्रोधलोभभयादिभिः प्रतीतैरान्तरारातिभिरिदं जगदाक्रान्तम्, भगवांस्त्वस्माज्जगतः क्रोधादिभिरनाक्रान्तत्वेनैव विलक्षणः=विसदृशः, अत एव वीतरागत्वेनैव कथञ्चन केनाप्युपायेन मृदुधियां कोमलप्रज्ञानां बहिर्मुखाणामगोचरः, तदनुगृहीतैरन्तर्मुखैरेव तस्योपलभ्यत्वादिति ।।१८/१०।।

इति श्रीवीतरागस्तोत्रे अष्टादशस्य कठोरोक्तिस्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

क्रोधलोभभयादिभिः ..... त्वादिति ।। પ્રતીત આંતરશત્રુ એવા ક્રોધ, લોભ, ભયાદિથી આ જગત આક્રાંત છે. વળી, ભગવાન ક્રોધાદિ વડે અનાક્રાંતપણાને કારણે જ આ જગતથી વિલક્ષણ છે=વિસદૃશ છે. આથી જ વીતરાગપણાથી જ કોઈ રીતે=કોઈ પણ ઉપાયથી, મૃદુબુદ્ધિવાળાને=કોમલપ્રજ્ઞાવાળા બહિર્મુખ જીવોને, અગોચર છે; કેમ કે તેમનાથી અનુગૃહીત=ભગવાનથી અનુગૃહીત, એવા અંતર્મુખ

જ જીવો વડે, તેનું ઉપલભ્યપણું છે=વીતરાગના વીતરાગત્વનું ઉપલભ્યપણું છે. ॥૧૮/૧૦॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં અઢારમા કઠોર ઉક્તિસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

જગતના સર્વ જીવો અંતરંગ પીડાઓ રૂપ ક્રોધ, લોભ, ભયાદિથી આક્રાંત છે. તેથી, તેને વશ જ સર્વ ચેષ્ટાઓ કરનારા છે. અને અન્ય દેવો પણ તેવા જ હોવાથી તુચ્છ પુણ્યથી મળેલા દૈવિક શક્તિના બળથી તે પ્રકારે જ પોતાની પ્રતિષ્ઠા કરવા માટે યત્ન કરે છે. અને ભગવાન જગત કરતાં અત્યંત વિલક્ષણ છે; કેમ કે અંતરંગ પીડાઓથી અપીડિત છે, તેથી વીતરાગ છે. અને જેઓ બાહ્યવૈભવથી જ આ મહાન છે તેમ જોનારા છે તેવા જીવોને ભગવાનનો વીતરાગભાવ ક્યારેય ગોચર થતો નથી. પરંતુ જેઓ ભગવાનના શાસનથી વાસિત મતિવાળા છે અને તેના કારણે અંતરંગશત્રુઓનો નાશ કરવા માટે ઉદ્યમશીલ છે અને અંતરંગશત્રુઓનો નાશ તેઓને અતિદુષ્કર જણાય છે, તેથી અતિદુષ્કર એવા અંતરંગશત્રુઓનો નાશ કરીને વીતરાગ થયેલા ભગવાન તેઓને મહાન દેખાય છે. પરંતુ મૃદુબુદ્ધિવાળા=મંદબુદ્ધિવાળા જીવોને, વીતરાગ કેવા શ્રેષ્ઠ છે એ ક્યારેય જણાતું નથી. **॥૧૮/૧૦॥**

પ્રકાશ-૧૯

અવતરણિકા :-

એવં જગદ્વિલક્ષણૈર્લક્ષણૈરુપલક્ષિતોઽપિ ભગવાન્ યદારાધનેન સ્વારાધિતો ભવતિ તાં ભગવદાજ્ઞામાજ્ઞાસ્તવેન સ્તુતિકૃત્ પ્રસ્તૌતિ, તસ્ય ચાયમાદ્યશ્લોકઃ-

અવતરણિકાર્થ :-

આ રીતે જગદ્વિલક્ષણ એવાં લક્ષણો વડે=પૂર્વના પ્રકાશમાં કહ્યું એ રીતે જગતના કામ, ક્રોધાદિ ભાવો રૂપ લક્ષણોથી વિલક્ષણ એવાં લક્ષણો વડે, ઉપલક્ષિત પણ ભગવાન જ્યારે આરાધનાથી સ્વ દ્વારા આરાધિત થાય છે, તે ભગવાનની આજ્ઞાને આજ્ઞાસ્તવથી સ્તુતિકારશ્રી પ્રસ્તુત કરે છે, અને તેનો આ આદ્યશ્લોક છે –

શ્લોક :-

तव चेतसि वर्त्तेऽहमिति वार्त्तापि दुर्लभा ।
मच्चित्ते वर्त्तसे चेत्त्वमलमन्येन केनचित् ।।१९/१।।

શ્લોકાર્થ :-

તમારા ચિત્તમાં હું વર્તું એ વાર્તા પણ દુર્લભ છે, મારા ચિત્તમાં જો તમે વર્તો તો અન્ય કોઈ વડે સર્યું. ।।૧૯/૧।।

ટીકા :-

हे विश्वजनीन ! किल भृत्यो हि निष्कृत्रिमभक्तिः क्रमेण सङ्क्रामत्येव स्वामिनश्चेतसीति लोकस्थितिः, त्वयि तु लोकोत्तरचरिते दुर्घटमिदमित्याह-तव संबन्धिनि विगतरागे चेतसि यदहं वर्त्ते=निवसामि इत्येवंरूपा वार्त्तापि दुर्लभा=दुष्प्रापैव, केवलं मदायत्ते मच्चित्ते चेद्यदि त्वं वर्त्तसे=निरन्तरमधिवससि, तदा ममान्येन त्वच्चेतसि स्वनिवसनादिना केनचिन्मनोरथेनाप्यलं पर्याप्तम्, मच्चित्ते त्वन्निवासमात्रेणैव कृतकृत्योऽहमिति भावः ।।१९/१।।

ટીકાર્થ :-

हे विश्वजनीन ! ..... भावः ।। હે વિશ્વજનીન ભગવાન ! સેવક પણ નિષ્કૃત્રિમભક્તિવાળો ક્રમથી સ્વામીના ચિત્તમાં સંક્રમ પામે છે જ એ પ્રમાણે લોકસ્થિતિ છે. વળી, લોકોત્તર ચરિત્રવાળા તમારામાં આ દુર્ઘટ છે=નિષ્કૃત્રિમભક્તિવાળો સેવક તમારા ચિત્તમાં સંક્રમ પામે અર્થાત્ આ મારો ભક્ત છે એ

પ્રકારે સ્થાન પામે એ દુર્ઘટ છે. એથી કહે છે. તમારા સંબંધી વીતરાગવાળા ચિત્તમાં જે હું વર્તું અર્થાત્ નિવેશ પામું એવા સ્વરૂપવાળી વાર્તા પણ દુર્લભ છે=દુષ્પ્રાપ જ છે. કેવલ મારે આધીન એવા મારા ચિત્તમાં જો તમે વર્તો=નિરંતર સ્થાન પામો, તો મને અન્ય=તમારા ચિત્તમાં સ્વનિવસનાદિ રૂપ અન્ય, કોઈ પણ મનોરથથી સર્યું=પર્યાપ્ત છે. મારા ચિત્તમાં તમારા નિવાસ માત્રથી જ હું કૃતકૃત્ય છું. ॥૧૯/૧॥

ભાવાર્થ :-

ભગવાન વીતરાગ છે તેથી તેઓનું ચિત્ત પોતાના આત્માના નિરાકુળભાવમાં સદા વર્તે છે. તેથી આ મારા પ્રત્યે ભક્તિવાળો છે ઇત્યાદિ ભાવોથી હું તમારા ચિત્તમાં વર્તું તે વીતરાગ માટે અસંભવિત છે. સામાન્યથી સ્વામી પ્રત્યે કોઈને અત્યંત ભક્તિ હોય તો તેની સ્વાભાવિક ભક્તિને જોઈને સ્વામીના ચિત્તમાં તે ભક્ત સ્થાન પ્રાપ્ત કરે છે. પરંતુ વીતરાગનું ચિત્ત તો આત્મભાવમાં વિશ્રાંત છે. તેથી તેમના ચિત્તમાં મારું સ્થાન પ્રાપ્ત થાય એ કથન પણ દુર્લભ છે. પરંતુ મારા ચિત્તમાં સદા તમે રહો અર્થાત્ મને સતત સ્મરણમાં રહે કે મારે વીતરાગ થવું છે તેથી વીતરાગના વચનનું અનુસરણ કરીને વીતરાગ થવા હું યત્ન કરું એ પ્રકારનો અસ્ખલિત પ્રવાહ મારા ચિત્તમાં જો વર્તે તો અન્ય સર્વ વસ્તુઓથી મારે સર્યું. આથી જ નિઃસ્પૃહી મુનિઓ સર્વ પ્રવૃત્તિઓના પ્રારંભમાં વીતરાગનું સ્મરણ કરે છે. અને વીતરાગે આ પ્રવૃત્તિ આ પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક કરવાની આજ્ઞા કરી છે. તેનું સ્મરણ કરીને તે આજ્ઞા અનુસાર દૃઢ યત્ન કરીને સદા વીતરાગતુલ્ય થવા યત્ન કરે છે, એવા મહાત્માના ચિત્તમાં ભગવાન સદા વર્તે છે તેથી તેઓને અન્ય સર્વ વસ્તુઓથી કોઈ પ્રયોજન નથી. તેમ મારે પણ અન્ય સર્વ વસ્તુઓથી કોઈ પ્રયોજન ન રહે જો તમે મારા ચિત્તમાં વર્તો. **॥૧૯/૧॥**

અવતરણિકા :-

किमर्थमियतैव (तयैव) चरितार्थ इति चेदाह –

અવતરણિકાર્થ :-

ઈયત્તાથી જ=મારા ચિત્તમાં ભગવાન વર્તે એટલાથી જ, ચરિતાર્થ એવો હું કેવી રીતે થાઉં, એ પ્રમાણે જો કોઈ કહે, તેના ઉત્તરરૂપે કહે છે –

શ્લોક :-

निगृह्य कोपतः काँश्चित्, काँश्चित्तुष्ट्याऽनुगृह्य च ।
प्रतार्यन्ते मृदुधियः, प्रलम्भनपरैः परैः ।।१९/२।।

શ્લોકાર્થ :-

કેટલાક દેવો કોપથી નિગ્રહ કરીને અને કેટલાક દેવો તુષ્ટિથી અનુગ્રહ કરીને પ્રલંભનપર=ઠગવામાં પર, એવા બીજા દેવો વડે મૃદુબુદ્ધિવાળા જીવો ઠગાય છે. ॥૧૯/૨॥

ટીકા :-

यतः कारणात् हे स्वामिन् ! अमी त्वच्छून्यमनसो मृदुधियः परैरवीतरागदेवैः प्रतार्यन्ते=विप्लाव्यन्ते, कथमित्याह-तत्समक्षं कांश्चिदात्मप्रतिकूलान् कोपतः=क्रोधोद्बोधात् शापवधादिभिर्निगृह्य, तथा कांश्चिदात्मनोऽनुकूलांस्तुष्ट्या=प्रसादेन वरादिप्रदानादनुगृह्य, किंविशिष्टैः परैः ? प्रलम्भनपरैः=वञ्चनप्रपञ्चचतुरैः, किमुक्तं भवति ? किल मृदुधियो ह्यायतिमनालोच्य तात्कालिकीं तेषां निग्रहानुग्रहशक्तिमनुचिन्त्य भीत्या प्रीत्या च तदनुवर्त्तनपराः पतन्त्येवागाधे संसृतिपाथोधौ, त्वया च विश्ववत्सलेनालङ्कृते चेतसि न प्रभवति तेषां प्रतारणेति त्वयि चित्तवासिनि कृतकृत्य एवाहम् ।।१९/२।।

ટીકાર્થ :-

यतः कारणात् हे स्वामिन् ! ..... एवाहम् ।। જે કારણથી હે સ્વામી ! તમારાથી શૂન્ય મનવાળા મૃદુબુદ્ધિવાળા=તમારા સ્વરૂપને નહીં જાણનારા તુચ્છ બુદ્ધિવાળા, આ જીવો અવીતરાગપર એવા દેવો વડે ઠગાવાય છે=વિપ્લાવન કરાય છે=ચિત્તનો વિભ્રમ કરાવાય છે.

કેવી રીતે ઠગાવાય છે ? તેથી કહે છે –

તેની સમક્ષ રહેલા કેટલાક આત્મપ્રતિકૂલ એવા જીવોને કોપથી=ક્રોધના ઉદ્બોધથી શાપવધાદિ વડે નિગ્રહ કરીને ઠગાવાય છે અને કેટલાક પોતાને અનુકૂળ જીવો પ્રત્યે તુષ્ટિથી=પ્રસાદથી=વરાદિના પ્રદાનથી અનુગ્રહ કરીને મુગ્ધબુદ્ધિવાળા જીવો ઠગાવાય છે એમ અન્વય છે.

કેવા વિશિષ્ટ એવા પર દ્વારા મુગ્ધબુદ્ધિવાળા જીવો ઠગાય છે ? તેથી કહે છે –

પ્રલંભનમાં પર એવા પર વડે=બીજાને ઠગવાના પ્રપંચમાં ચતુર એવા બીજા દેવો વડે, મુગ્ધબુદ્ધિવાળા એવા જીવો ઠગાય છે એમ અન્વય છે. શું કહેવાયેલું થાય છે ?=પ્રસ્તુત શ્લોકના કથનથી શું કહેવાયેલું થાય છે ? ખરેખર મૃદુબુદ્ધિવાળા જીવો ભવિષ્યનું આલોચન કર્યા વગર તાત્કાલિકી તેઓની=અન્ય દેવોની, નિગ્રહ અનુગ્રહ શક્તિનો વિચાર કરીને ભયથી અને પ્રીતિથી તેના અનુવર્તન પર=અન્ય દેવોના અનુસરણમાં તત્પર, એવા મૃદુબુદ્ધિવાળા જીવો અગાધ સંસારરૂપી સમુદ્રમાં પડે છે. અને વિશ્વવત્સલ એવા તમારાથી અલંકૃત ચિત્તમાં તેઓની પ્રતારણા પ્રભવ પામતી નથી=અન્યદર્શનના દેવોની ઠગવાની બુદ્ધિ તેઓના ચિત્તમાં સ્થાન પામતી નથી, એથી તમે ચિત્તવાસી હોતે છતે હું કૃતકૃત્ય જ છું. ।।૧૯/૨।।

ભાવાર્થ :-

અન્ય દેવો જેઓ વીતરાગ નથી, માનખ્યાતિના અર્થી છે તેઓ સ્થૂલબુદ્ધિવાળા જીવોને ઠગીને પોતાના ભક્ત બનાવે છે. તેથી તેઓની સન્મુખ જે મનુષ્ય છે તેમાંથી જેઓ તેમની ભક્તિ કરતા નથી તેઓ પ્રત્યે કોપ કરે છે અને જેઓ તેમની ભક્તિ કરે છે તેમના ઉપર તુષ્ટ થાય છે. તેથી સ્થૂલબુદ્ધિવાળા જીવો એમ જ માને છે કે આપણા કલ્યાણનું કારણ આ દેવની ઉપાસના જ છે. વસ્તુતઃ તેવા તુચ્છ દેવોની ઉપાસના

કરીને તેઓ સંસારસમુદ્રમાં ડૂબે જ છે. અને જેઓના હૈયામાં ભગવાન વસેલા છે તેઓ તો નિત્ય ભગવાનના ગુણોનું સ્મરણ કરીને સંસારના તુચ્છ પદાર્થો પ્રત્યેના સંગને ક્ષીણ કરીને સંસારસમુદ્રના પરિભ્રમણથી આત્માનું રક્ષણ કરે છે. તેથી જો મારા ચિત્તમાં તમે વસો તો અન્ય સર્વ દેવો વડે મારે કોઈ પ્રયોજન નથી. એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે. **॥૧૯/૨॥**

अवतरणिका :-

ननु यद्येकान्ततो वीतराग एवायं भवदाप्तस्तदा निरन्तरप्रयुक्तैरपि स्तुतिस्तोमैर्न प्रसादभाग्भविष्यति यदि च स्तुतितोषात् प्रसीदति तदा नियतं न वीतरागः, अप्रसन्नश्च कीदृक्फलं दास्यतीति गलतालुशोषफल एवायं स्तुतिवादस्तस्मिन् भवतामिति प्रलापिनः परान् प्राह –

अवतरणिकार्थ :-

જો એકાંતથી વીતરાગ જ આ તમારા આપ્ત છે તો સતત પ્રયોગ કરાયેલી પણ સ્તુતિના સમૂહથી પ્રસાદવાળા થશે નહીં. અને જો સ્તુતિના તોષથી પ્રસાદ કરે તો નિયમા વીતરાગ નથી અને અપ્રસન્ન એવા વીતરાગ કેવા પ્રકારનું ફલ આપશે અર્થાત્ કોઈ ફલ આપશે નહીં. એથી તે ભગવાનમાં તમારો આ સ્તુતિવાદ ગળું અને તાલવાના શોષ ફલવાળો જ છે, એ પ્રકારે પ્રલાપી એવા પરને કહે છે –

श्लोक :-

अप्रसन्नात्कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ।
चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः ।।१९/३।।

श्लोकार्थ :-

અપ્રસન્ન એવા ભગવાનથી કેવી રીતે ફલ પ્રાપ્ત છે, એ=એ પ્રકારની શંકા, અસંગત છે. શું વિચેતન એવા ચિંતામણિ આદિ ફલ પણ આપતા નથી ? ॥૧૯/૩॥

टीका :-

हे विद्वन्मानिनः ! यदेतद्भवद्भिरुदीर्यते यद्-अस्माद्वीतरागत्वेनैव स्तुतिशतैरप्यप्रसन्नाद् भवद्भिः कथमीप्सितं फलं प्राप्यं लभ्यमिति ? तदसङ्गतम्, तदिदं भवदुदीरितं वचः सर्वथैवासङ्गतमयौक्तिकम्, किमित्याह-न खल्वयं नियमो यत्प्रसन्न एव सेव्यः सेवाफलं ददातीति दृष्टान्तेन विघटयति-चिन्तेत्यादि, लोके हि ये किल चिन्तामणिमहौषधिप्रभृतयस्तद्विशेषविद्भिः केनाप्यभिलाषेण प्रसाद्यन्ते ते विधिवदाराधिताः किं वाञ्छितफलैर्न फलन्ति ? अपितु फलन्त्येव, किंविशिष्टाः ? विचेतना=विशिष्टचैतन्यशून्या अपि, प्रसादश्च विशिष्टचैतन्या-विनाभूतः, अतश्चिन्तामण्यादीनां चैतन्यविशेषशून्यानामप्याराधनं यदि न निष्फलं तदस्माकं वीतरागस्यापि विज्ञानराशेर्भगवतः समाराधनं कथमिवाफलमिति यत्किञ्चिदेतत् ।।१९/३।।

ટીકાર્થ :-

हे विद्वन्मानिनः ! ..... यत्किञ्चिदेतत् ।। હે વિદ્વદ્માનિનઃ ! પોતાને વિદ્વાન માનનારાઓ !=વીતરાગની સ્તુતિ નિરર્થક છે એમ પ્રલાપ કરનારા વિદ્વાનો ! જે આ તમારા વડે કહેવાય છે. શું કહેવાય છે ? તે સ્પષ્ટ કરે છે. વીતરાગપણાને કારણે જ સેંકડો સ્તુતિઓથી પણ અપ્રસન્ન એવા આપ્તનાથી=વીતરાગથી, તમારા વડે કેવી રીતે ઈપ્સિત ફલ પ્રાપ્ય છે=લભ્ય છે, એ પ્રમાણે જે આ પરવાદી વડે કહેવાય છે તે અસંગત છે અર્થાત્ તે આ તમારા વડે કહેવાયેલું વચન, સર્વથા અસંગત=અયૌક્તિક, છે.

કેમ અયૌક્તિક છે ? તેથી કહે છે –

ખરેખર આ નિયમ નથી કે પ્રસન્ન જ સેવ્ય=પ્રસન્ન થનારા ઉપાસ્ય જ સેવાફલને આપે છે એ નિયમ નથી એમ અન્વય છે. તેને દૃષ્ટાંતથી વિઘટન કરે છે=પ્રસન્ન થનારા સેવ્ય જ ઉપાસકને સેવાનું ફલ આપે છે એ નિયમને દૃષ્ટાંતથી વિઘટન કરે છે. "ચિંતામણિ" ઇત્યાદિક પ્રતીક છે. હિ=જે કારણથી, લોકમાં જે ખરેખર ચિંતામણિ મહૌષધિ વગેરે તેના વિશેષને જાણનારાઓ વડે કોઈપણ અભિલાષથી પ્રસાદ કરાય છે, તે ચિંતામણિ આદિ વિધિપૂર્વક આરાધના કરાયેલા શું વાંછિત ફલોથી ફલતા નથી ? પરંતુ ફલવાળા થાય જ છે.

કેવા વિશિષ્ટ ચિંતામણિ, મહૌષધિ વગેરે ફલવાળા થાય જ છે ? એથી કહે છે –

વિચેતન=વિશિષ્ટ ચૈતન્યશૂન્ય, પણ ફલવાળા થાય જ છે અને પ્રસાદ વિશિષ્ટ ચૈતન્ય સાથે અવિનાભૂત છે=જેઓ ભગવાનની સ્તુતિ કરીને તે પ્રકારના ભાવો કરે તેવું વિશિષ્ટ ચૈતન્ય છે તેની સાથે અવિનાભૂત છે. આથી=વિશિષ્ટ ચૈતન્યશૂન્ય એવા વિચેતન ફલ આપે છે આથી, વિશિષ્ટ ચૈતન્યશૂન્ય પણ ચિંતામણિ આદિનું આરાધન જો નિષ્ફલ નથી તો વીતરાગ હોવા છતાં પણ વિજ્ઞાનના રાશિ એવા ભગવાનનું સમારાધન અમને કેમ અફલ થાય ? એથી આ=પૂર્વપક્ષી વડે કહેવાયેલું આ, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે. ॥૧૯/૩॥

ભાવાર્થ :-

સામાન્ય મુગ્ધબુદ્ધિવાળા જીવોને એમ પ્રતિભાસ થાય છે કે ઈશ્વરની ઉપાસના કરવાથી ઉપાસક પ્રત્યે ઈશ્વર પ્રસન્ન થાય છે. અને તેની પ્રસન્નતાથી સર્વ પ્રકારના ફલની પ્રાપ્તિ થાય છે. તેથી વીતરાગ ઉપાસ્ય છે એમ કહેવામાં આવે ત્યારે તેઓને એમ જ ભાસે કે વીતરાગ કોઈની સ્તુતિથી કે કોઈની નિંદાથી પ્રસન્ન કે અપ્રસન્ન થતા નથી. તો તેમની સ્તુતિ કરવાથી શું ફળ મળે ? અર્થાત્ ફલ મળી શકે નહીં. તેને સ્તવનકારશ્રી અનુભવ અનુસાર દૃષ્ટાંતથી બતાવે છે –

વીતરાગની સ્તુતિથી ફલ પ્રાપ્ત થાય નહીં એ કથન અસંગત છે; કેમ કે ચિંતામણિ આદિ કોઈના ઉપર પ્રસન્ન થાય તેવી ચેતનાવાળા નથી. પરંતુ ચેતના વગરના છે. છતાં વિધિપૂર્વક જેઓ ચિંતામણિની આરાધના કરે છે તેઓને ચિંતામણિ ઇચ્છિત ફલ આપે છે. અથવા મહૌષધિઓ જડ છે છતાં તેનું સમ્યક્

વિધિપૂર્વક સેવન કરવાથી શરીરનું આરોગ્ય આદિ પ્રાપ્ત થાય છે; કેમ કે જડ એવા પણ તે ઔષધ આદિનો તેવો જ સ્વભાવ છે અથવા જડ એવા ચિંતામણિનો તેવો જ સ્વભાવ છે કે વિધિપૂર્વક સેવન કરવામાં આવે તો તેનાથી ફલની પ્રાપ્તિ થાય. તેમ ગુણના નિધાન વીતરાગની સ્તુતિનો તેવો જ સ્વભાવ છે કે તેમની સ્તુતિ કરનારા આત્મામાં તેમની સ્તુતિથી જે શુભભાવો થાય છે તેનાથી સ્તુતિ કરનારને ફલ મળે છે. જેમ સમ્યગ્ રીતે સેવન કરાયેલી ઔષધિનો તેવો જ સ્વભાવ છે કે રોગનો નાશ કરે, તેમ વીતરાગના વીતરાગતા આદિ ગુણો પ્રત્યેના બહુમાનપૂર્વક તેમની સ્તુતિ કરવામાં આવે તો વીતરાગતાથી રંજિત થયેલું ચિત્ત વીતરાગતાની પ્રાપ્તિમાં બાધક કર્મોનો નાશ કરીને ઉપાસકને શ્રેષ્ઠ ફલો આપે છે.

આ પ્રકારે પ્રસ્તુત શ્લોકથી ભગવાનની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી વીતરાગના વાસ્તવિક સ્વરૂપની જ સ્તુતિ કરે છે. જે વાસ્તવિક સ્વરૂપથી સ્તુતિ કરાયેલા ભગવાન પોતાની તુલ્ય ઉપાસકને કરવામાં કારણ બને. **॥૧૯/૩॥**

અવતરણિકા :-

न चास्य भगवतः प्रसादनोपायोऽपि कोमलधियामधीनः । पश्य (यस्मात्) न खल्वयं देवान्तरादिवत्पूजा-प्रणामस्तुतिप्रभृतिभिः प्रसीदति, किन्त्वाज्ञाराधनेन, सैव च पूजादिभ्यः सविशेषफलवतीति दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

આ ભગવાનના પ્રસાદનનો ઉપાય પણ કોમલબુદ્ધિવાળા જીવોને આધીન નથી. જે કારણથી આ=વીતરાગ, દેવાંતરાદિની જેમ=અન્ય તુચ્છ દેવતાઓની જેમ, પૂજા, પ્રણામ, સ્તુતિ વગેરેથી પ્રસન્ન થતા નથી પરંતુ આજ્ઞાઆરાધનથી પ્રસન્ન થાય છે. અને તે જ=આજ્ઞાની આરાધના જ, પૂજાદિથી સવિશેષ ફલવાળી છે, એ પ્રકારે બતાવતાં સ્તુતિકારશ્રી કહે છે –

શ્લોક :-

वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।
आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।।१९/४।।

શ્લોકાર્થ :-

હે વીતરાગ ! સપર્યાથી=પૂજાથી, તમારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. આજ્ઞાની આરાધના મોક્ષ માટે અને વિરાધના ભવ માટે છે. ॥૧૯/૪॥

ટીકા :-

हे वीतराग ! भगवंस्तव संबन्धिन्याः सपर्यायाः=पूजायाः, सकाशादाज्ञापालनं=निदेशकरणं, परं=प्रकृष्ट-फलदम्, द्रव्यस्तवरूपत्वात् पूजाया भावस्तवरूपत्वाच्चाज्ञाराधनस्य, तयोश्च परस्परं सुमेरुसर्षपयोरिव सुदूरमन्तरम्, उक्तं च–

"कंचणमणिसोवाणं, थंभसहस्सूसियं सुवण्णतलम् ।
जो कारिज्ज जिणहरं, तओवि तवसंजमो अहिओ" ।।१।। त्ति ।

सपर्यापीति तु पाठे आज्ञापालनं तावदुक्तयुक्त्यैव प्रकृष्टतमम्, परं सपर्यापि तदधिकारिणामाज्ञापालनरूपत्वेन परम्परया मुक्तिफलत्वेन च वरैव । किञ्चेयं भगवदाज्ञा आराद्धा त्रिकरणशुद्ध्या सम्यगाराधिता शिवाय महोदयाय, विराद्धा=अज्ञानप्रमादादिभिरवधीरिता, भवाय=संसाराय जायते, अतः क इव सहृदयस्तदाराधने-ऽवधीरणां विदध्यादिति ।।१९/४।।

ટીકાર્થ :-

हे वीतराग ! भगवंस्तव ..... विदध्यादिति ।। હે વીતરાગ ! ભગવાન ! તમારા સંબંધી સપર્યાથી=પૂજાથી, આજ્ઞાનું પાલન=નિર્દેશનું કરણ, પ્રકૃષ્ટ ફલને દેનારું છે; કેમ કે પૂજાનું દ્રવ્યસ્તવરૂપપણું છે અને આજ્ઞાઆરાધનાનું ભાવસ્તવરૂપપણું છે, અને તે બેમાં પરસ્પર મેરુ અને સરસવ જેવું મોટું અંતર છે= ભગવાનની પૂજા ઉત્તમદ્રવ્યોથી ભગવાનની ભક્તિ સ્વરૂપ છે જેમાં ભગવાન પ્રત્યેના પૂજ્યભાવસ્વરૂપ ભાવસ્તવ સરસવ જેટલો છે અને જેઓ પોતાની શક્તિના પ્રકર્ષથી ભગવાને બતાવેલા વીતરાગતાને સ્પર્શે તેવા ભાવોમાં યત્ન કરે છે તે આજ્ઞાપાલન રૂપ ભાવસ્તવ છે. દ્રવ્યસ્તવમાં સરસવ જેટલો વીતરાગતાને સ્પર્શનારો ભાવ છે અને ભાવસ્તવમાં પોતાની પૂર્ણ શક્તિથી વીતરાગતાને સ્પર્શનારો ભાવ છે. તેથી મેરુ અને સરસવ જેટલું તે બેમાં અંતર છે માટે પૂજા કરતાં આજ્ઞાપાલન પ્રકૃષ્ટ ફળને દેનાર છે એમ અન્વય છે. અને કહેવાયું છે.

"કંચણ, મણિ, સુવર્ણનું હજારો સ્તંભોથી ઊંચું, સુવર્ણના તલવાળું જિનાલય જે કરાવે તેનાથી પણ તપ, સંયમ અધિક છે=શક્તિ અનુસાર પાંચ ઈન્દ્રિયોના સંવર રૂપ સંયમ અને નિર્જરાને અનુકૂળ વીતરાગતાને સ્પર્શતો જ્ઞાનનો ઉપયોગ એ રૂપ તપ અધિક છે."

શ્લોકમાં 'सपर्यायाः'ના સ્થાને 'सपर्यापीति' એ પ્રમાણે પાઠ ઉપલબ્ધ છે. તે પ્રમાણે અર્થ કરવામાં આજ્ઞાપાલન ઉક્તયુક્તિથી જ=ઉપરમાં કહેલ એ યુક્તિથી જ, પ્રકૃષ્ટતમ છે. પરંતુ તેના અધિકારીઓની= ભાવસ્તવની શક્તિનો સંચય થયો નથી અને ભાવસ્તવની શક્તિના સંચય અર્થે દ્રવ્યસ્તવના અધિકારી છે તેઓની, સપર્યા પણ=પૂજા પણ, આજ્ઞાપાલનરૂપપણું હોવાથી અને પરંપરાએ મુક્તિફલપણું હોવાથી શ્રેષ્ઠ જ છે. વળી, આ ભગવાનની આજ્ઞા આરાધના કરાયેલી=ત્રણ કરણની શુદ્ધિથી સમ્યગ્ આરાધિત=મન, વચન, કાયાના લક્ષને અનુરૂપ દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રવર્તનથી આરાધના કરાયેલ, મોક્ષને માટે=મહોદય માટે, થાય છે. વિરાધના કરાયેલી=અજ્ઞાન, પ્રમાદ આદિથી અવગણના કરાયેલી, ભવ માટે=સંસાર માટે, થાય છે. આથી કોણ સુંદર હૃદયવાળો પુરુષ=તત્ત્વને જાણનારો પુરુષ, તેની આરાધનમાં=ભગવાનની આજ્ઞાની આરાધનામાં, અવધીરણા=ઉપેક્ષા કરે. અર્થાત્ કોઈ બુદ્ધિમાન પુરુષ ઉપેક્ષા કરે નહીં. ।।૧૯/૪।।

ભાવાર્થ :-

હે વીતરાગ, તમારી બાહ્યભક્તિ રૂપ પૂજાથી તમારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે; કેમ કે ઉત્તમદ્રવ્યોથી કરાતી ભગવાનની પૂજામાં કંઈક ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ છે. તોપણ જેઓ મનુષ્યભવને પામીને પોતાની પૂર્ણશક્તિથી વીતરાગતુલ્ય થવાને અનુકૂળ વીતરાગની આજ્ઞામાં ઉદ્યમ કરે છે તેઓનું ભાવ-આજ્ઞાનું પાલન દ્રવ્યસ્તવ કરતાં શ્રેષ્ઠ ફલવાળું છે. વળી, શ્લોકના પૂર્વાર્ધમાં 'સપર્યાપિ' એ પ્રકારનું પાઠાંતર છે. તે વચનાનુસાર શ્લોકના પૂર્વાર્ધનો અર્થ આ પ્રમાણે છે. હે વીતરાગ, તમારી પૂજા તેના અધિકારી એવા શ્રાવકોને માટે આજ્ઞાપાલન સ્વરૂપ જ છે. તેથી, શ્રેષ્ઠ છે. માટે જેમ ભાવસ્તવના અધિકારી સુસાધુ પોતાની સર્વશક્તિથી ત્રણ ગુપ્તિવાળા થઈને વીતરાગ થવા ઉદ્યમ કરે છે તેમ સુશ્રાવકો પણ સુસાધુપણાના અત્યંત અર્થી હોવા છતાં એવું બળસંચય અંતરંગ થયેલું નહીં હોવાથી પોતાની શક્તિ પ્રમાણે ભગવાનની પૂજા કરીને વીતરાગના ગુણોથી આત્માને તે રીતે વાસિત કરે છે જેથી ભાવસાધુની જેમ સર્વશક્તિથી સંસારના ઉચ્છેદને અનુકૂળ બલ પ્રગટ થાય. તેથી તેઓની પૂજા પણ આજ્ઞાપાલન રૂપ હોવાથી શ્રેષ્ઠ છે; કેમ કે ભગવાનની આજ્ઞાનું આરાધન મોક્ષ માટે છે અને વિરાધન ભવ માટે છે. તેથી ભવથી ભય પામેલા મહાત્માએ પોતાની શક્તિને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનો તે રીતે કરવાં જોઈએ જેથી, વીતરાગના ગુણોથી રંજિત થયેલું ચિત્ત નિત્ય વીતરાગના સ્મરણપૂર્વક સંસારનો ઉચ્છેદ કરે અને શીઘ્ર વીતરાગતુલ્ય બને, અને જેઓ પોતાની વિદ્યમાન શક્તિ છે છતાં તે પ્રકારની ભગવાનની આજ્ઞાના પાલનમાં ઉપેક્ષા કરે છે તેઓને પ્રાપ્ત થયેલું શરીરબળ અને વીર્યબળ આજ્ઞાના પાલનમાં અપ્રવર્તમાન હોવાથી ભવ માટે જ થાય છે. **॥૧૯/૪॥**

અવતરણિકા :-

अथ केयमाज्ञा नाम उच्यते –

અવતરણિકાર્થ :-

આ આજ્ઞા શું છે ? એથી કહે છે –

શ્લોક :-

आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ।।१९/५।।

શ્લોકાર્થ :-

આકાલ=સર્વકાલ, હેય-ઉપાદેયના વિષયવાળી આ તમારી આજ્ઞા છે. આશ્રવ સર્વથા હેય છે. અને સંવર ઉપાદેય છે. ॥૧૯/૫॥

ટીકા :-

हे भगवन् ! आकालमासंसारमतीते वर्त्तमाने भविष्यति च काले ते=तव संबन्धिनी इयं=वक्ष्यमाणा

आज्ञा=शासनम्, किंविशिष्टा ? हेयोपादेयगोचरा=हेयविषया उपादेयविषया च, द्वैविध्यमेव व्यनक्ति-आश्रवेत्यादि, आश्रवत्यनेनात्मनि पापमित्याश्रवः कषायविषयदुष्टयोगप्रमादाविरतिमिथ्यात्वार्त्तरौद्रलक्षणः, स च सर्वथा मनोवाक्कायैः करणकारणानुमतिभिश्च हेयः परित्याज्यः । तथा पूर्वोदितस्याश्रवस्य विपक्षरूपः क्षमामार्दवार्जवसन्तोषसंयमगुप्तित्रयाप्रमादविरतिसम्यक्त्वशुभध्यानलक्षणः संवर उपादेयः सर्वात्मना स्वीकार्य इति भगवदाज्ञा ।।१९/५।।

ટીકાર્થ :-

હે भगवन् ! ..... भगवदाज्ञा ।। હે ભગવાન ! આકાલ=જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી, અતીત, વર્તમાન અને ભવિષ્યવાળા કાલમાં, તમારા સંબંધી આ=વક્ષ્યમાણ, આજ્ઞા છે=શાસન છે=અનુશાસન છે.

કેવી વિશિષ્ટ આજ્ઞા છે ? એથી કહે છે –

હેય અને ઉપાદેયના વિષયવાળી છે=હેય વિષયવાળી અને ઉપાદેયના વિષયવાળી છે. દ્વૈવિધ્યને જ=ભગવાનની આજ્ઞાના બે પ્રકારને જ વ્યક્ત કરે છે. 'आश्रवेत्यादि' પ્રતીક છે. આના દ્વારા=જે ઉપયોગ દ્વારા, આત્મામાં પાપનો આશ્રવણ થાય તે આશ્રવ છે=કષાય, વિષય, દુષ્ટયોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ, આર્ત્ત, રૌદ્ર સ્વરૂપ આશ્રવ છે. અને તે=આશ્રવ, સર્વથા મન, વચન, કાયાથી અને કરણ, કારણ અને અનુમતિથી, હેય છે=પરિત્યાજ્ય છે. અને પૂર્વમાં કહેવાયેલા આશ્રવના વિપક્ષરૂપ ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ, સંયમ, ત્રણ ગુપ્તિ, અપ્રમાદ, વિરતિ, સમ્યક્ત્વ, શુભધ્યાન સ્વરૂપ સંવર ઉપાદેય છે=સર્વ પ્રકારથી સ્વીકાર્ય છે. એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે. ।।૧૯/૫।।

ભાવાર્થ :-

ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં ભગવાનની એક આજ્ઞા છે. પરંતુ તે તે કાળમાં ભિન્ન આજ્ઞા નથી. અને તે આજ્ઞા આત્મા માટે હેય ભાવોને ત્યાગ કરવા વિષયક અને ઉપાદેય ભાવોને સ્વીકારવા વિષયક છે.

ત્યાં જિજ્ઞાસા થાય કે આત્મા માટે ત્યાગ કરવા યોગ્ય શું છે ? અને સ્વીકારવા યોગ્ય શું છે ? તેથી કહે છે –

આત્મા માટે આશ્રવ સર્વથા હેય છે. અને સંવર સર્વથા ઉપાદેય છે. તેથી, કર્મબંધના કારણીભૂત આશ્રવની પરિણતિને ત્યાગ કરવા માટે અને સંવરની પરિણતિને ઉલ્લસિત કરવા માટે શક્તિ અનુસાર અપ્રમાદથી યત્ન કરવો એ જ ભગવાનની આજ્ઞા છે. અને આશ્રવ શું છે ? એ સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે –

ક્રોધ, માન, માયા, લોભ રૂપ ચાર કષાયો, પાંચ ઇન્દ્રિયોના વિષયો, મન, વચન, કાયાના દુષ્ટયોગો, આત્માના પરિણામને ઉલ્લસિત કરવા માટેનો વર્તતો પ્રમાદ અને અવિરતિ=પાપ પ્રત્યેનું અવિરામવાળું ચિત્ત, મિથ્યાત્વ=દેવ, ગુરુ ધર્મના સ્વરૂપ વિષયક વિપર્યાસ, આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન એ આશ્રવ છે. એથી તેના

સ્વરૂપને શક્તિ અનુસાર સૂક્ષ્મ જાણીને તેના પ્રત્યે દ્વેષ થાય તે પ્રકારે ચિત્તને પ્રવર્તાવવામાં આવે તો ચિત્તમાં વર્તતી આશ્રવની પરિણતિ ક્ષીણ, ક્ષીણતર થાય છે. જે હેયના ત્યાગ રૂપ ભગવાનની આજ્ઞાના પાલન સ્વરૂપ છે.

વળી, આશ્રવથી વિરુદ્ધ સંવરનો પરિણામ છે. તેથી કોઈ મહાત્મા ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષના પરિણામના સૂક્ષ્મભાવોને સ્પર્શે તે રીતે તેનાથી આત્માને ભાવિત કરે તો ચાર કષાયને વિરુદ્ધ ક્ષમાદિ ચાર ભાવો આત્મામાં આવિર્ભાવ પામે છે. તેથી ક્ષમાદિ ભાવો પ્રત્યે રાગ ઉલ્લસિત થાય તે રીતે ઉપયુક્ત થઈને તેના પરમાર્થને જાણવા માટે યત્ન કરવાથી સંવર અંશ પ્રગટે છે. વળી, પાંચ ઇન્દ્રિયોનું સંવરણ એ સંવર છે. તેથી, જેઓ ઇન્દ્રિયોના વિકારોથી રહિત એવા સંયમના પરિણામનું ભાવન કરે છે તેઓમાં સંવરભાવ પ્રગટે છે. વળી, મન, વચન, કાયાને વિષયોથી વિમુખ કરીને આત્માના વીતરાગતુલ્ય ભાવમાં સ્થિર કરવા યત્ન કરે છે તે ગુપ્તિત્રય રૂપ સંવરભાવ છે. વળી, શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાનોમાં અપ્રમાદ કરે તે સંવરભાવ છે. વળી મન, વચન, કાયાથી અને કરણ, કરાવણ, અનુમતિથી પાપની વિરતિ કરે તે સંવર છે. વળી, સુદેવ, સુગુરુ અને સુધર્મનું સ્વરૂપ સૂક્ષ્મ, સૂક્ષ્મતર ભાવન કરે જેથી સમ્યક્ત્વ નિર્મળ, નિર્મળતર થાય તે સંવર છે. વળી, મન, વચન, કાયાને શુભધ્યાનમાં પ્રવર્તાવે છે તે સંવર છે.

આ રીતે, જે મહાત્મા શક્તિ અનુસાર આશ્રવનો ત્યાગ કરવામાં અને સંવરને સેવવામાં યત્ન કરે છે તે ભગવાનની આજ્ઞાનું પાલન કરનાર છે. **॥૧૯/૫॥**

અવતરણિકા :-

અથ કિમર્થમાશ્રવત્યાગે સંવરોપાદાને ચ ઇયાનાગ્રહ ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

હવે, શાના માટે આશ્રવના ત્યાગમાં અને સંવરના સેવનમાં આટલો આગ્રહ છે ? એથી કહે છે –

શ્લોક :-

आश्रवो भवहेतुः स्यात्संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ।।१९/६।।

શ્લોકાર્થ :-

આશ્રવ ભવનો હેતુ છે. સંવર મોક્ષનું કારણ છે. એ પ્રકારની આટલી અરિહંત સંબંધી મુષ્ટિ છે=અરિહંત સંબંધી સંક્ષેપ જ્ઞાન છે, અન્ય=અન્ય સર્વ વર્ણન, આનો પ્રપંચ છે=સંક્ષેપ કથનનો વિસ્તાર છે. ॥૧૯/૬॥

ટીકા :-

यतः कारणादयमाश्रवः पूर्वोदितो भवहेतुः=संसारकारणम्, कषायादिकलुषित एवात्मा भवं भ्राम्यतीति

हेयः संवरश्च पूर्वोदितस्वरूपो मोक्षस्यापुनर्भवस्य कारणं हेतुः, सर्वसंवररूपत्वान्महोदयस्येत्युपादेयः इतीयमेवंरूपा आर्हती=अर्हतां संबन्धिनी, मुष्टिः=समस्तोपदेशार्थसार्थसारसङ्ग्रहरूपा मूलग्रन्थिः यच्चान्यदङ्गोपाङ्ग-मूलच्छेदग्रन्थादिरूपं तदस्या आश्रवत्यागसंवरादानरूपाया भगवदाज्ञायाः सर्वं प्रपञ्चनं=विस्तारणमेव ।।१९/६।।

ટીકાર્થ :-

यतः कारणादयमाश्रवः ..... विस्तारणमेव ।। જે કારણથી આ આશ્રવ=પૂર્વમાં કહેલો આશ્રવ, ભવનો હેતુ=સંસારનું કારણ, છે.

કેમ આશ્રવ સંસારનું કારણ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

કષાયાદિથી કલુષિત જ આત્મા=કષાયથી કલુષિત, ઈન્દ્રિયોના વિકારોથી કલુષિત, સંજ્ઞાઓથી કલુષિત જ આત્મા, ભવમાં ભમે છે. એથી હેય છે=આશ્રવ હેય છે. અને પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળો સંવર અપુનર્ભવરૂપ મોક્ષનું=ફરી ભવની પ્રાપ્તિ નથી એવા મોક્ષનું, કારણ છે=હેતુ છે. મહોદયનું સર્વ સંવરરૂપપણું હોવાથી=મોક્ષનું સર્વ સંવરરૂપપણું હોવાથી, અપુનર્ભવરૂપ મોક્ષ છે એમ અન્વય છે. એથી ઉપાદેય છે=સંવર ઉપાદેય છે. એ પ્રકારની અરિહંત સંબંધી મુષ્ટિ=સમસ્ત ઉપદેશના અર્થના સમૂહના સારના સંગ્રહભૂત મૂલગ્રંથિ છે=મૂલબીજ છે. અને જે અન્ય અંગ-ઉપાંગ-મૂલચ્છેદ ગ્રંથાદિ રૂપ છે. તે આનો=આશ્રવત્યાગ અને સંવરના સેવન રૂપ ભગવાનની આજ્ઞાનો, સર્વ પ્રપંચ છે=વિસ્તારણ જ છે. ।।૧૯/૬।।

ભાવાર્થ :-

પૂર્વ શ્લોકમાં કહ્યું કે આશ્રવ સર્વથા હેય છે અને સંવર ઉપાદેય છે. તેથી જિજ્ઞાસા થાય કે માત્ર આશ્રવ જ હેય છે, અને સંવર જ ઉપાદેય છે. અન્ય કંઈ હેય નથી અને અન્ય કંઈ ઉપાદેય નથી એમ કેમ કહી શકાય ? તેથી કહે છે. આશ્રવ ભવનો હેતુ છે અને ભવ જીવો માટે અત્યંત ક્લેશ રૂપ છે; કેમ કે જન્મ, જરા, મરણ, રોગ, શોકાદિ દુઃખબહુલ છે. વળી, આશ્રવથી વિરુદ્ધ એવો સંવરભાવ ફરી જ્યાં જન્મ નથી તેવા મોક્ષનું કારણ છે; કેમ કે મોક્ષમાં ગયા પછી આત્મા સદા સંવરરૂપ જ રહે છે. તેથી ફરી કર્મબંધ અને ભવની પ્રાપ્તિ નથી. અહીં પ્રશ્ન થાય કે ભગવાનના શાસનમાં ઘણા ગ્રંથોનો વિસ્તાર છે. તેથી અન્ય ગ્રંથોમાં પણ હેય, ઉપાદેય પદાર્થો છે. છતાં હેય રૂપે આશ્રવ અને ઉપાદેય રૂપે સંવરને જ શાસ્ત્રકાર કેમ કહે છે ? તેથી કહે છે. ભગવાનના શાસનનો સંક્ષેપસાર આશ્રવ હેય છે અને મોક્ષ ઉપાદેય છે એટલું જ અને અન્ય સર્વ તે સંક્ષેપસારનો જ વિસ્તાર છે. આથી જ સંક્ષેપથી જેને સ્પષ્ટ બોધ થયો છે કે આશ્રવ જીવની વિડંબના છે અને સંવર જ જીવનું એકાંત હિત છે, તેઓ આશ્રવના ત્યાગના ઉચિત ઉપાયોનો વિસ્તારથી બોધ કરવા અર્થે અને ઉપાદેય એવા સંવરનો વિસ્તારથી બોધ કરવા અર્થે સર્વ શાસ્ત્રનું અધ્યયન કરે છે. અને જેઓને આશ્રવ હેય છે અને સંવર ઉપાદેય છે તેનો મર્મસ્પર્શી બોધ નથી તેઓ શાસ્ત્ર ભણીને પણ હેય, ઉપાદેયનો વિભાગ કરવા સમર્થ બનતા નથી. તેથી કલ્યાણના અર્થીએ આશ્રવ અને સંવરના જ

સૂક્ષ્મ પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ. અને તેનું રહસ્ય સદ્‌શાસ્ત્રના અધ્યયનથી જ પ્રાપ્ત થાય, તે પ્રકારની નિપુણપ્રજ્ઞાથી શાસ્ત્રના વિસ્તારમાં યત્ન કરવો જોઈએ. જેથી ક્લેશકારી એવા ભવનો અંત થાય. અને સર્વ સુખના સ્થાનભૂત મોક્ષ પ્રાપ્ત થાય. ॥૧૯/૬॥

અવતરણિકા :-

પુનર્ભગવદાજ્ઞાયા એવ પ્રભાવમુદ્‌ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

ફરી ભગવાનની આજ્ઞાના જ પ્રભાવને ઉદ્‌ભાવન કરતાં કહે છે –

શ્લોક :-

इत्याज्ञापालनपरा, अनन्ताः परिनिर्वृताः ।
निर्वान्ति चान्ये क्वचन, निर्वास्यन्ति तथापरे ।।१९/७।।

શ્લોકાર્થ :-

આ પ્રકારે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે, આજ્ઞાના પાલનમાં પર, અનંતા જીવો પરિનિર્વૃત થયા=સંસારથી સંપૂર્ણ નિર્વૃત થયા. અને અન્ય જીવો કોઈ સ્થાનમાં=મહાવિદેહમાં કે ભરતાદિમાં નિર્વાણ પામે છે. અને બીજાઓ ભવિષ્યમાં નિર્વાણ પામશે. ॥૧૯/૭॥

ટીકા :-

हे स्वामिन् ! इत्येवंरूपायास्त्वदाज्ञायाः पालने=सम्यगासेवने परास्तत्पराः, अतीते काले अनन्ता भव्याङ्गभाजः परि सामस्त्येन सकलकर्मजालोन्मूलनपुरस्सरं निर्वृता=निर्वृतिसुखभाजनतामयुः, तथा वर्त्तमानेऽपि काले ये केचन निर्वान्ति तेऽप्याज्ञापालनात्, तथा भविष्यति समये परेऽपि ये केचिन्निर्वास्यन्ति तेऽपि त्वदाज्ञापालनात्, तदेवं सर्वथा सर्वज्ञाज्ञैव परमपदसुखानामविकलकारणमिति ।।१९/७।।

ટીકાર્થ :-

हे स्वामिन् ! इत्येवंरूपायास्त्व ..... विकलकारणमिति ।। હે સ્વામી ! આવા સ્વરૂપવાળી=પૂર્વમાં વર્ણન કર્યું એવા સ્વરૂપવાળી, તમારી આજ્ઞાના પાલનમાં=સમ્યગ્ આસેવનમાં, પર=તત્પર, અતીતકાલમાં અનંતા ભવ્ય અંગવાળા એવા જીવો, પરિ=સામસ્ત્યથી, સકલકર્મજાલના ઉન્મૂલનપૂર્વક નિર્વૃત થયા= નિર્વૃતિના સુખની ભાજનતાને પામ્યા. અને વર્તમાન પણ કાલમાં જે કોઈ નિર્વાણ પામે છે તે પણ આજ્ઞાપાલનથી જ નિર્વાણ પામે છે. અને ભવિષ્ય સમયમાં બીજા પણ જે કોઈ નિર્વાણ પામશે તે પણ તમારા આજ્ઞાના પાલનથી જ નિર્વાણ પામશે. તે કારણથી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સર્વથા સર્વજ્ઞની આજ્ઞા જ પરમપદનાં સુખોનું અવિકલ કારણ છે=વિકલતા વગરનું કારણ છે. ॥૧૯/૭॥

ભાવાર્થ :-

ભૂતકાળમાં આ જ ભગવાનની આજ્ઞાનું પાલન કરીને અનંતા જીવો ક્લેશમય સંસારથી સદા માટે મુક્ત થયા અને પૂર્ણસુખમય મોક્ષનું ભાજન થયા. વર્તમાનમાં પણ કોઈ સ્થાને જેઓ ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે. તેઓ જ તે આજ્ઞાના પાલનના બળથી નિર્વાણને પામે છે. અને ભવિષ્યમાં પણ જે કોઈ નિર્વાણ પામશે તે સર્વ ભગવાનની આજ્ઞાના પાલનથી જ નિર્વાણ પામશે. માટે ભગવાનની આજ્ઞાના પાલનને છોડીને અન્ય કોઈ નિર્વાણનું કારણ નથી. તેથી સંસારના પરિભ્રમણના દુઃખથી ઉદ્વિગ્ન થયેલા અને સંપૂર્ણ નિરાકુલ અવસ્થા રૂપ સુખના અર્થી જીવોએ આશ્રવના ત્યાગનું અને સંવરના સેવનની જે ભગવાનની આજ્ઞા છે તે આજ્ઞાના જ પરમાર્થને જાણવા માટે અને જાણ્યા પછી આ જ જીવનું એકાંત હિત છે. એ પ્રકારે ભાવન કરવા માટે યત્ન કરવો જોઈએ. અને તે ભાવન કરીને સ્વસામર્થ્ય અનુસાર આશ્રવથી નિવૃતિ અને સંવરમાં પ્રવૃત્તિ કરવા યત્ન કરવો જોઈએ. જેથી ભગવાનની આજ્ઞાના પાલનમાં તત્પરતાની પ્રાપ્તિ થાય. **॥૧૯/૭॥**

અવતરણિકા :-

एवं च सति यन्निश्चितं तदाह –

અવતરણિકાર્થ :-

અને આમ હોતે છતે=ભગવાનની આજ્ઞાના પાલનમાં તત્પર જીવો જ નિર્વૃતિને પામે છે એમ હોતે છતે, જે નિશ્ચિત થયું તેને કહે છે –

શ્લોક :-

हित्वा प्रसादनादैन्यमेकयैव त्वदाज्ञया ।
सर्वथैव विमुच्यन्ते, जन्मिनः कर्मपञ्जरात् ।।१९/८।।

શ્લોકાર્થ :-

પ્રસાદનારૂપ દૈન્યને છોડીને=ભગવાન આપણા ઉપર પ્રસાદ કરે તો જ આપણને તત્ત્વની પ્રાપ્તિ થાય એ પ્રકારના ભગવાનના પ્રસાદ રૂપ દૈન્યને છોડીને, એક જ તમારી આજ્ઞાથી સંસારી ભવ્ય જીવો=તે તે ભવમાં જન્મનારા એવા સંસારી જીવો, કર્મરૂપી પાંજરાથી સર્વથા જ મુકાય છે. ॥૧૯/૮॥

ટીકા :-

हे विश्वेश ! परैरपरमार्थवेदिभिः किलेदमुदीर्यते यत्प्रसन्नादेव प्रभोः फलं सुलभम्, तच्च चिन्तामण्यादि-दृष्टान्तेन पुरैव विघटितम्, तस्मादिदं परोपन्यस्तं प्रसादनालक्षणं दैन्यं दीनत्वम्, हित्वा=विहाय, एकया निश्छद्मसमाराधितया त्वदाज्ञया=तव शासनेन, सर्वथा=अपुनर्बन्धाय, जन्मिनो=भव्याङ्गभाजः, कर्मपञ्ज-राद्विमुच्यन्ते सकलकर्मबन्धनविध्वंसेन सदानन्दं पदमधिश्रयन्ति, तस्मात्पर्याप्तं त्वदाज्ञाराधनादपरैः परमपदोपाय-

परिशीलनैरिति ।।१९/८।।

इति श्रीवीतरागस्तोत्रे एकोनविंशस्याज्ञास्तवस्य पदयोजना ।

ટીકાર્થ :-

हे विश्वेश ! परैरपर ..... परिशीलनैरिति ।। હે વિશ્વેશ ! અપરમાર્થવેદી એવા અન્યદર્શનવાદીઓ વડે, ખરેખર આ કથન કરાય છે. જે પ્રસન્ન એવા પ્રભુથી જ ફલ સુલભ છે. અને તે=પરવાદીઓ વડે જે કહેવાયું તે, ચિંતામણિ આદિ દૃષ્ટાંતથી જ પૂર્વમાં જ વિઘટિત છે=સ્તવનકારશ્રી વડે નિરાકૃત છે. તે કારણથી પર ઉપન્યસ્ત એવું આ પ્રસાદનારૂપ દૈન્ય=દીનપણું, છોડીને એક નિચ્છદ્મસમારાધિત તમારી આજ્ઞાથી=આત્મવંચના કર્યા વગર સમ્યગ્ રીતે સેવાયેલી એક તમારી આજ્ઞાથી=તમારા શાસનથી, અર્થાત્ તમારા અનુશાસનથી સર્વથા અપુનર્બંધ માટે=ફરી કર્મબંધ ન થાય તેવી અવસ્થા માટે, જન્મિનઃ=ભવ્યરૂપી દેહધારી જીવો, કર્મરૂપી પાંજરાથી મુકાય છે=સકલ કર્મરૂપી બંધનના વિધ્વંસથી સદા આનંદરૂપી પદને આશ્રય કરે છે. તે કારણથી તમારી આજ્ઞાના આરાધનથી અપર એવા પરમપદના ઉપાયોના પરિશીલન વડે સર્યું. ।।૧૯/૮।।

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં ઓગણીશમા આજ્ઞાસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

કેટલાક સ્થૂલબુદ્ધિવાળા જીવો માને છે કે સંસારમાં રાજા વગેરેના પ્રસાદથી સુખસમૃદ્ધિ મળે છે તેમ, પરમપુરુષના પ્રસાદથી આપણું કલ્યાણ થાય છે. વસ્તુતઃ સંસારી જીવોને રાજાના પ્રસાદને મેળવવા માટે દીનતા વર્તે છે. તેથી જ દીનતાને વશ કઈ રીતે રાજા પ્રસન્ન થશે તે પ્રકારે વિચારીને સદા તેની કૃપા મેળવવા પ્રયત્ન કરે છે. તેમ, ભગવાનના પ્રસાદરૂપ દૈન્ય એ કર્મથી મુક્ત થવાનો ઉપાય નથી; કેમ કે ગ્રંથકારશ્રીએ જ પૂર્વમાં બતાવેલ કે ચિંતામણિ આદિ સમ્યગ્ રીતે સેવાયેલાં ફળ આપે છે ત્યાં ચિંતામણિને ઉપાસના કરનાર પ્રત્યે કોઈ પ્રસાદનો ભાવ નથી તોપણ વિધિપૂર્વક સેવાયેલા ચિંતામણિ આદિ ફળ આપે છે. તેમ, વીતરાગને કોઈ ભક્ત પ્રત્યે પ્રસાદનો ભાવ કે અભક્ત પ્રત્યે અપ્રસાદનો ભાવ નથી તોપણ વીતરાગે બતાવેલ વીતરાગ થવાના માર્ગને સેવન કરવામાં આવે તો જીવ વીતરાગ થાય છે. માટે ભગવાનના પ્રસાદનથી જ મારું કલ્યાણ થશે એ પ્રકારના દૈન્યનો ત્યાગ કરીને વીતરાગ થવાના માર્ગ રૂપ તમારી આજ્ઞાના પાલનથી જ સંસારી જીવો કર્મરૂપી પાંજરામાંથી સર્વથા મુક્ત થાય જ છે=ફરી ક્યારેય કર્મબંધ પ્રાપ્ત ન થાય તે પ્રકારે મુક્ત થાય છે, માટે કર્મની વિડંબનાથી આત્માનું રક્ષણ કરવાના અર્થી જીવોએ સર્વશક્તિથી ભગવાનની આજ્ઞાનું રહસ્ય જાણવા યત્ન કરવો જોઈએ. જાણ્યા પછી સ્થિર કરવા યત્ન કરવો જોઈએ અને ભગવાનની આજ્ઞા આ પ્રકારની છે તેવો સ્થિર નિર્ણય કર્યા પછી સ્વભૂમિકા અનુસાર ભગવાનની આજ્ઞાનું તે રીતે સેવન કરવું જોઈએ કે જેથી ઉત્તરોત્તરની ભૂમિકાના આજ્ઞાના પાલનની શક્તિ પ્રગટ થાય જેના બળથી પૂર્ણ ભગવાનની આજ્ઞાનું પાલન કરીને કર્મની વિડંબનાથી પોતાની મુક્તિ થાય. **॥૧૯/૮॥**

અવતરણિકા :-

એવં સ્તુતિકૃદ્ ભગવતિ વીતરાગે વિવિધભણિતિભङ्गीतरङ्गितां स्तुतिमभिधाय साम्प्रतं तदुपसंहाराय समाप्तिमङ्गलाय चाशीःस्तवं बिभणिषुः साक्षात्पुरः स्फुरन्तमिव स्वामिनमुद्दिश्य भक्त्यतिशयेनाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સ્તુતિકારશ્રી ભગવાન વીતરાગમાં વિવિધ પ્રકારના કથનને કરનારી એવી ભંગીના તરંગવાળી સ્તુતિને કહીને હવે તેના ઉપસંહાર માટે અને સમાપ્તિના મંગલ માટે આશીઃસ્તવને=આશીર્વાદને બતાવે તેવા સ્તવને, કહેવાની ઈચ્છાવાળા સાક્ષાત્ આગળ સ્ફુરતા જાણે ન હોય તેવા સ્વામીને ઉદ્દેશીને ભક્તિના અતિશયથી કહે છે –

શ્લોક :-

पादपीठलुठन्मूर्ध्नि, मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्यपरमाणुकणोपमम् ।।२०/१।।

શ્લોકાર્થ :-

પાદપીઠમાં આળોટતા મારા મસ્તક ઉપર પુણ્ય પરમાણુના કણની ઉપમાવાળી તમારા પગની રજ ચિરકાળ નિવાસ કરો. ।।૨૦/૧।।

ટીકા :-

हे विश्ववन्द्य ! तव पादारविन्दरजो मयि विशेषणसामर्थ्यान्मम मूर्ध्नि चिरमासंसारं निवसतां=निलीयताम्, किंविशिष्टे ? पादपीठलुठन्मूर्ध्नि, प्रस्तावात्त्वत्संबन्धिनि पादपीठे=चलननलिनसंस्पर्शपावने अंहिविष्टरे, लुठद् भक्त्यतिशयेन विलुलन्मूर्द्धानं यस्य स तथा तस्मिन्, रजः किंविशिष्टं ? पुण्यपरमाणुकणोपमम्, पौद्गलिकत्वात् कर्मणां पुण्यप्रकृतिबन्धहेतवो ये परमाणुकणास्तदुपमं=तत्तुल्यम् । इदमुक्तं भवति-येषां हि भक्तिप्रणते शिरसि स्वामिनः पादरजो विश्रान्तं ते प्रायः पुण्यकर्मनिबन्धका एवेति ।।२०/१।।

ટીકાર્થ :-

हे विश्ववन्द्य ! ..... एवेति ।। હે વિશ્વવંદ્ય ! તમારા પાદરૂપી કમળની રજ મારામાં=વિશેષણના સામર્થ્યથી મારા મસ્તક ઉપર=મયિ શબ્દ મસ્તકનું વિશેષણ હોવાથી મારા મસ્તક ઉપર, લાંબો કાળ જ્યાં સુધી આ સંસાર છે ત્યાં સુધી નિવાસ કરો.

કેવા વિશિષ્ટ એવા મારા મસ્તક ઉપર ? એથી કહે છે –

પાદપીઠમાં આળોટતા એવા મસ્તક ઉપર પ્રસ્તાવથી તમારા સંબંધી પાદપીઠમાં=ચલન નલિનના સંસ્પર્શથી પવિત્ર ચરણના વિષ્ટરમાં=ભગવાનના ચરણરૂપી કમળના સંસ્પર્શથી પવિત્ર થયેલા પાદપીઠમાં, આળોટતું=ભક્તિના અતિશયથી આળોટતું, મસ્તક છે જેને તે તેવા છે તેમાં=પાદપીઠમાં આળોટતા મસ્તકવાળા એવા મારામાં, કેવી વિશિષ્ટ રજ છે ? પુણ્ય પરમાણુ કણની ઉપમાવાળી રજ કર્મોનું પૌદ્ગલિકપણું હોવાથી પુણ્યપ્રકૃતિના બંધના હેતુ એવા જે પરમાણુ કણો તેની ઉપમાવાળી=તદ્તુલ્ય એવી, રજ મારા મસ્તક ઉપર ચિરકાળ વસો એમ અન્વય છે. આ કહેવાયેલું થાય છે=શ્લોકના કથનથી આ કહેવાયેલું થાય છે. જેઓના ભક્તિથી નમેલા મસ્તક ઉપર સ્વામીના પગની રજ વિશ્રાંત છે તે પ્રાયઃ પુણ્યકર્મની નિબંધક જ છે. ॥૨૦/૧॥

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રીએ ભગવાનની અત્યાર સુધી સ્તુતિ કરી તેથી જાણે સાક્ષાદ્ ભગવાન સ્તુતિના બળથી ઉપસ્થિત ન હોય તે પ્રકારની ભાવના કરીને ભગવાનને કહે છે કે હે વીતરાગ ! તમારા ચરણની રજ મારા મસ્તક ઉપર ચિરકાળ નિવાસ કરો; કેમ કે હું ભક્તિથી તમારા પાદનો જ્યાં સ્પર્શ થયો છે તે ભૂમિ ઉપર વારંવાર મસ્તકનો સ્પર્શ કરું છું જેના કારણે તમારા પગની રજ મારા મસ્તક ઉપર ચિરકાળ વસો; કેમ કે તમારા ચરણની રજ તમારા ઉત્તમભાવોને સ્પર્શનારી હોવાથી પુણ્ય પરમાણુઓના કણની ઉપમાવાળી છે. તેથી પવિત્ર એવા તે પુણ્યના પરમાણુઓથી મારો આત્મા પવિત્ર થાય. આ પ્રકારે સ્તુતિ કરીને સ્તવનકારશ્રીને એ સ્ફુરણ થાય છે કે વીતરાગના આત્માને સ્પર્શનાર દેહના પરમાણુઓ તો પવિત્ર છે, પરંતુ તેમના દેહના સ્પર્શને પામનાર રજના કણો પણ અત્યંત પવિત્ર છે. તેથી જેમ ભગવાન પ્રત્યે સ્તુતિકારશ્રીને ભક્તિ છે, તેમ તેમના દેહને સ્પર્શાયેલા પરમાણુ પ્રત્યે પણ ભક્તિ થાય છે. અને તે ભક્તિ વીતરાગતામાં વિશ્રાંત થનાર છે. તેથી સર્વકલ્યાણનું એક કારણ છે. **॥૨૦/૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं, क्षणात्क्षालयतां मलम् ॥२०/२॥

શ્લોકાર્થ :-

હર્ષના બાષ્પના જલની ઊર્મિઓથી તમારા મુખમાં આસક્ત એવી મારી બે દૃષ્ટિઓ અપ્રેક્ષ્યના પ્રેક્ષણથી ઉદ્‌ભૂત એવા મલને ક્ષણમાં ક્ષાલન કરો. ।।૨૦/૨।।

ટીકા :-

હે વિશ્વૈકદૃશ્ય ! મદ્‌દૃશૌ=મત્સંબન્ધિની લોચને, ત્વન્મુખાસક્તે=ત્વદાનનનલિનનિલીને, હર્ષબાષ્પજલોર્મિ-ભિરાનન્દાશ્રુવારિવીચિભિરપ્રેક્ષ્યાણાં રાગદ્વેષમોહાદિહેતુત્વેન વિલોકયિતુમનુચિતાનાં યદકસ્માદાકુટ્યા વા પ્રેક્ષણમવલોકનં તસ્માદુદ્‌ભૂતમુત્પન્નં યન્મલં=કલ્મષં, તત્ ક્ષણાદક્ષેપાત્ ક્ષાલયતાં=વિશોધયતામ્ સમુચિતં ચ જલોર્મિભિર્મલપ્રક્ષાલનં ભગવદ્વદનાવલોકનાચ્ચ ચિરસંચિતપાપપટલવિગલનમિતિ ।।૨૦/૨।।

ટીકાર્થ :-

હે વિશ્વૈકદૃશ્ય ! ..... વિગલનમિતિ ।। હે વિશ્વ એક દૃશ્ય ભગવાન !=વિશ્વમાં એક જોવા યોગ્ય છે એવા ભગવાન ! તમારા મુખમાં આસક્ત=તમારા મુખરૂપી કમળમાં લિલીન, એવા મારાં બે નેત્રો, હર્ષના બાષ્પના જલની ઊર્મિઓ વડે=આનંદરૂપી અશ્રુ જલના તરંગો વડે, રાગ-દ્વેષ-મોહાદિનું હેતુપણું હોવાથી જોવા માટે અનુચિત એવા અપ્રેક્ષ્યનું અકસ્માત અથવા આકુટિથી જે પ્રેક્ષણ=સહસા અવલોકન થયું હોય કે ઉત્કટ ઇચ્છાથી અવલોકન થયું હોય, તેનાથી ઉદ્‌ભૂત=ઉત્પન્ન થયેલ, જે મલ= કલ્મષ=પાપ, તેને=પાપને ક્ષણથી=શીઘ્ર ધોઈ નાંખો=નાશ કરો. અને જલની ઊર્મિઓ વડે મલનું પ્રક્ષાલન સમુચિત છે અને ભગવાનના અવલોકનથી ચિરસંચિત પાપપટલનું વિગલન સમુચિત છે. ।।૨૦/૨।।

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી તત્ત્વને જોનારા છે. તેથી વિચારે છે કે મોહવાસિત એવો મારો આત્મા જગતમાં નહીં જોવા યોગ્ય એવા બાહ્ય રૂપ આદિને જોઈને જે મોહના ભાવો કરે છે, તેનાથી આત્મામાં મલનો સંચય થાય છે. અર્થાત્ કર્મરૂપી કાદવ આત્મામાં સંશ્લેષ પામે છે. અને મોહના ભાવોના મલિન સંસ્કારો આત્મામાં આધાન થાય છે. તે મલનો હ્રાસ કરવાનો એક ઉપાય વીતરાગના મુખનું દર્શન છે. તેથી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે તમારા મુખના દર્શનમાં આસક્ત એવાં મારાં બે લોચનો તમારા દર્શનને કારણે હર્ષની ઊર્મિઓવાળાં બને છે. તેનાથી અવીતરાગભાવને કારણે સંચિત થયેલા મલનો તત્કાલ નાશ થાઓ અર્થાત્ અવીતરાગભાવના પરિણામથી થયેલાં કર્મો અને સંસ્કારોને નાશ કરવાનો ઉપાય વીતરાગ પ્રત્યેના રાગપૂર્વક અવલોકન કરાયેલી પોતાની દર્શનની પ્રવૃત્તિ જ એક કારણ છે. તેથી તેના બળથી પોતે શુદ્ધિને પ્રાપ્ત કરો એ પ્રકારની ભાવના કરે છે. **॥૨૦/૨॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

શ્લોક :-

त्वत्पुरो लुठनैर्भूयान्मद्भालस्य तपस्विनः ।
कृतासेव्यप्रणामस्य, प्रायश्चित्तं किणावलिः ।।२०/३।।

શ્લોકાર્થ :-

તમારી આગળ આળોટવાથી તપસ્વી એવા મારા ભાલની કિણાવલી અસેવ્યને કરેલા પ્રણામનું પ્રાયશ્ચિત્ત થાઓ. ।।૨૦/૩।।

ટીકા :-

हे परमेष्ठिपुरस्सर ! त्वत्पुरस्तव पुरो भागे, लुठनैर्भक्त्यतिशयादसकृदवनीतलतालनैर्मद्भालस्य=मत्संबन्धिनो ललाटपट्टस्य, तपस्विनः=पूर्वं त्वत्प्रणामवञ्चितत्वेन कृपास्पदस्य, किणावलिः=क्षितिपीठघट्टनोद्भूता क्षततितिः, प्रायश्चित्तमघमर्षणं भूयात् । ननु कस्य पापस्य प्रायचित्तमिदमित्याह-कृतासेव्यप्रणामस्य, किंविशिष्टस्य मद्भालस्य ? कृतो निर्वर्त्तितोऽसेव्यानां भवाभिनन्दित्वेनोपासनानर्हाणां प्रणामः प्रणतिर्येन स तथा तस्य, यश्चापराध्यति स ध्रुवमनुभवत्येवापराधफलमिति ।।२०/३।।

ટીકાર્થ :-

-हे परमेष्ठिपुरस्सर ! ..... फलमिति ।। હે પરમેષ્ઠિપુરસ્સર=પરમેષ્ઠિઓમાં અગ્રેસર, તમારી આગળ=તમારા પુરો ભાગમાં, આળોટવા વડે=ભક્તિના અતિશયથી વારંવાર અવનિતલમાં આળોટવા વડે, તપસ્વી એવા મારા ભાલની=પૂર્વમાં તમારા પ્રણામથી વંચિતપણું હોવાને કારણે કૃપાસ્પદ એવા મારા સંબંધી લલાટપટ્ટની, કિણાવલિ=ભૂમિપીઠના ઘટ્ટનને કારણે ઉદ્ભૂત ક્ષતતતિ=ઘર્ષણથી થયેલા ઉઝરડાનો સમૂહ, પ્રાયશ્ચિત્ત થાઓ=અઘમર્ષણ થાઓ.

કયા પાપનું આ પ્રાયશ્ચિત્ત છે ? એથી કહે છે –

અસેવ્યને કરેલા પ્રણામનું પ્રાયશ્ચિત્ત છે એમ અન્વય છે.

કેવા વિશિષ્ટ મારા ભાલની કિણાવલી પ્રાયશ્ચિત્ત છે ? એથી કહે છે –

કરાયેલ છે=નિર્વર્તિત છે, અસેવ્યોને=ભવાભિનંદિપણાને કારણે ઉપાસ્યને અયોગ્ય એવા જીવોને, પ્રણામ=પ્રણતિ જેના વડે તે તેવું છે=કૃત અસેવ્યપ્રણામવાળું મારું ભાલ છે, તેનું પ્રાયશ્ચિત્ત કિણાવલિ છે એમ અન્વય છે. આનાથી શું ફલિત થાય છે તે સ્પષ્ટ કરે છે. જે અપરાધ કરે છે તે નક્કી અપરાધના ફલને અનુભવે છે. તેથી, પોતે અયોગ્યને પ્રણામ કરેલ એ રૂપ અપરાધના ફલ રૂપ જ

પોતાને ભગવાનના પાદપીઠમાં આળોટવાને કારણે મસ્તકમાં ક્ષતિ થઈ છે. એ પ્રકારે સ્તવનકારશ્રી અભિવ્યક્ત કરે છે. ॥૨૦/૩॥

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રી ભગવાનને ભક્તિથી કહે છે કે સંસારમાં મોહને વશ બાહ્ય વૈભવવાળા ભવાભિનંદી એવા રાજા-મહારાજા આદિને જેણે પ્રણામ કર્યા છે તે ખરેખર પ્રણામ કરવા યોગ્ય નથી. છતાં મોહને વશ જે પ્રણામો મેં કર્યા છે તેનાથી થયેલું જે પાપ છે તે પાપ હું તમારી આગળ ભક્તિથી આળોટું છે તેના કારણે તપસ્વી એવા મારા ભાલને જે આ ઉઝરડાઓ રૂપ કિણાવલી થઈ છે તે પ્રાયશ્ચિત્ત રૂપ છે અર્થાત્ તેનાથી મારા તે પાપની શુદ્ધિ થાય છે=પૂર્વમાં મોહને વશ બાહ્ય વૈભવવાળાઓને પ્રણામ કરી કરીને જે મેં પાપો બાંધ્યાં છે તે સર્વ પાપોની શુદ્ધિ તમારા પ્રત્યેના ભક્તિના અતિશયથી તમારી આગળ વારંવાર હું ભૂમિ ઉપર મસ્તકને અડાડું છું તેનાથી જે મારા મસ્તક ઉપર ઉઝરડા પડ્યા છે તે પણ તમારા પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ દ્વારા તે પાપોની શુદ્ધિનું કારણ છે. **॥૨૦/૩॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અને બીજું –

શ્લોક :-

मम त्वद्दर्शनोद्भूताश्चिरं रोमाञ्चकण्टकाः ।
तुदन्तां चिरकालोत्थामसद्दर्शनवासनाम् ।।२०/४।।

શ્લોકાર્થ :-

તમારા તદ્દર્શનથી ઉદ્ભૂત મારા રોમાંચકંટકો ચિરકાલથી ઊઠેલ અસદ્દર્શનની વાસનાને લાંબો કાળ પીડા કરો. ॥૨૦/૪॥

ટીકા :-

हे निर्ममशिरोमणे ! मम त्वत्संबन्धि यद्दर्शनममन्दानन्दनिष्यन्दाक्षिनिरीक्षणं तस्मादुद्भूताः संघटिता ये रोमाञ्चकण्टकाः=पुलककोरकोद्भेदास्ते चिरकालोत्थामनादिभवभ्रमणोपचितामसद्दर्शनानामसर्वज्ञोपज्ञ-कुशासनानां दुर्वासनां चिरमत्यन्तं तुदन्तां=व्यथोत्पादनेन निर्वासयन्ताम् समुचितं च कण्टकैर्व्यथनं व्यथितस्य च बहिर्निर्याणमिति ।।२०/४।।

ટીકાર્થ :-

હે નિર્મમશિરોમણે ! ..... बहिर्निर्याणमिति ।। હે નિર્મમ શિરોમણિ ભગવાન ! તમારા સંબંધી મારું જે દર્શન=અમંદ આનંદના નિષ્પંદ અક્ષિથી નિરીક્ષણ=અત્યંત આનંદથી સ્થિર ચક્ષુનું નિરીક્ષણ, તેનાથી ઉદ્ભૂત=સંઘટિત, જે રોમાંચના કંટકો=પુલકના કોરકના ઉદ્ભેદો, તે ચિરકાળ ઉત્થ એવી અનાદિ ભવભ્રમણાથી ઉપચિત અસદ્દર્શનની=અસર્વજ્ઞથી કહેવાયેલા કુશાસનની દુર્વાસનાને ચિર=અત્યંત, પીડો=વ્યથા ઉત્પાદનથી નિર્વાસન કરો અને કંટકથી વ્યથન અને વ્યથિતનું બહિર્નિર્યાણ સમુચિત છે=શરીરમાં લાગેલા કંટકને કાઢવા માટે અન્ય કંટકથી થતી પીડા અને તે કંટક દ્વારા વ્યથિત એવા અંદરના કાંટાનું બહાર નીકળવું સમુચિત છે, તેમ વીતરાગના રાગરૂપી કંટકથી અસદ્દર્શનની વાસના રૂપ કંટકનું આત્માથી બહિર્નિર્ગમન સમુચિત છે. ॥૨૦/૪॥

ભાવાર્થ :-

આત્મામાં અનાદિકાળથી બાહ્યપદાર્થોના દર્શનના સંસ્કારો પડ્યા છે. અને ધર્મના ક્ષેત્રમાં પણ ભગવાનના વચનથી વિપરીત વચનોના સ્વીકારની વૃત્તિરૂપ અસદ્દર્શનની વાસનાઓ સ્થિર થયેલી છે. તેથી અતત્ત્વને તત્ત્વરૂપે જોનારી અસદ્દર્શનની વાસનાને કારણે જીવ સંસારસાગરમાં અનેક વિડંબનાઓ પામે છે. સ્તુતિકારશ્રી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે ભગવાનના દર્શનથી ઉદ્ભૂત વીતરાગતાના રાગને કારણે જે મારામાં રોમાંચકંટકો થયા છે તેનાથી અસદ્દર્શનની વાસના અત્યંત દૂર થાઓ. જેમ દેહમાં અતિ ઊંડો કાંટો પ્રવેશેલો હોય તેને અન્ય કાંટાથી જ કાઢવામાં આવે છે તેમ, બાહ્યપદાર્થો પ્રત્યેની રાગની વાસના કે વીતરાગના વચનથી વિપરીત દર્શનના રાગની વાસના રૂપ કાંટાઓ આત્મામાં અત્યંત સ્થિર થયેલા છે, તે કાંટાઓને કાઢવાનો ઉપાય વીતરાગના રાગરૂપ કાંટો છે; કેમ કે જીવ દ્વારા રાગ સુઅભ્યસ્તભાવ છે. ફક્ત તે રાગ અનાદિ કાળથી બાહ્ય વિષયોમાં પ્રવર્તતો હતો. હવે વિવેકચક્ષુ પ્રગટ થવાથી તે રાગ આત્માના વીતરાગભાવ પ્રત્યે થાય છે. જેનાથી, અવીતરાગભાવના રાગજન્ય સંસ્કારો દૂર થાય છે. જેથી, જીવનો રાગ વીતરાગભાવમાં સ્થિર થાય છે અને વીતરાગભાવમાં સ્થિર થયેલો રાગ અવીતરાગભાવના સંસ્કારોનો નાશ કરીને સ્વતઃ નાશ પામે છે. તેથી, જીવ વીતરાગ બને છે. **॥૨૦/૪॥**

અવતરણિકા :-

अपरं च –

અવતરણિકાર્થ :-

અને બીજું –

શ્લોક :-

त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु, निपीतासु सुधास्विव ।
मदीयैर्लोचनाम्भोजैः, प्राप्यतां निर्निमेषता ।।૨૦/૫।।

શ્લોકાર્થ :-

અમૃતની જેમ તમારા મુખની કાંતિની જ્યોત્સ્ના પિવાયે છતે, મારાં ચક્ષુરૂપી કમળો વડે નિર્નિમેષતા પ્રાપ્ત થાઓ. ॥૨૦/૫॥

ટીકા :-

हे जगल्लोचनलोभनवदन ! त्वत्सम्बन्धि यद्वक्त्रं मुखपीयूषद्युतिस्तस्य कान्तिर्लवणिमजलोत्पीलच्छविः सैव ज्योत्स्नाश्चन्द्रिकास्तासु नितरां पीतासु=तृप्तिपर्यन्तमास्वादितासु, कास्विव ? सुधास्विव पीयूषपूरेष्विव मदीयैर्मत्सम्बन्धिभिर्लोचनाम्भोजैर्नयननलिनैर्निर्निमेषता=निष्पन्दता प्राप्यतामनुभूयताम् योग्या च ज्योत्स्नापानादम्भोजानां प्रस्तावादिन्दुविकासिनां निष्पन्दता, पीयूषपायिनां च निर्निमेषता, अनिमेषत्वममरत्वमिति यावत् ॥२०/५॥

ટીકાર્થ :-

हे जगल्लोचनलोभनवदन ! ..... ममरत्वमिति यावत् ॥ હે જગત લોચન લોભનના વદનવાળા != જગતના ચક્ષુને લોભ ઉત્પન્ન કરે એવા મુખવાળા સ્વામી ! તમારા સંબંધી જે મુખ=મુખરૂપી ચંદ્ર, તેની કાંતિ=લાવણ્ય રૂપ જલના પ્રવાહની કાંતિ, તે જ જ્યોત્સ્ના=ચંદ્રિકા, તે અત્યંત પિવાયે છતે તૃપ્તિપર્યંત આસ્વાદન કરાયે છતે, કોની જેમ ? સુધાની જેમ=પીયૂષના પૂરની જેમ, આસ્વાદન કરાયે છતે મારા=મત્સંબંધી લોચનરૂપી કમળો વડે=નયનરૂપી નલિન વડે, નિર્નિમેષતા=નિષ્પંદતા પ્રાપ્ત થાઓ=અનુભૂત થાઓ અને જ્યોત્સ્નાના પાનથી કમળોની=પ્રસ્તાવથી ઈન્દુવિકાસી કમળોની, નિષ્પંદતા યોગ્ય છે. અને પીયૂષના પાન કરનારાઓની નિર્નિમેષતા યુક્ત છે=અનિમેષત્વરૂપ અમરપણું યુક્ત છે=અનિમેષદૃષ્ટિ મળે એવું દેવપણું યુક્ત છે. ॥૨૦/૫॥

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે અમૃતમાં જેમ દૃષ્ટિ પડે તેમ તમારા મુખની કાંતિરૂપ શાંતરસમાં પડતી એવી મારી દૃષ્ટિ નિર્નિમેષતાને પ્રાપ્ત કરો. જેથી વીતરાગના ગુણમાં હું તે રીતે લીન થાઉં કે મારું ચિત્ત સદા વીતરાગભાવ સિવાય અન્ય કોઈના સ્મરણમાં જાય જ નહીં. આ પ્રકારે સ્તુતિ દ્વારા વીતરાગનો વીતરાગભાવ જ પોતાને માટે એકાંતે જોવા યોગ્ય છે. સ્મર્તવ્ય છે. ભાવન કરવા યોગ્ય છે. તે પ્રકારની પરિણતિને પ્રગટ કરવા અર્થે સ્તવનકારશ્રી યત્ન કરે છે. **॥૨૦/૫॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

શ્લોક :-

त्वदास्यलासिनी नेत्रे, त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ।।२०/६।।

શ્લોકાર્થ :-

તમારા મુખના વિલાસને કરતાં મારાં બે નેત્રો, તમારી ઉપાસનાને કરનારા મારા બે હાથ, તમારા ગુણને સાંભળવામાં મારા બે શ્રોત્ર સદા થાઓ. ।।૨૦/૬।।

ટીકા :-

हे विश्वैकमित्र ! मम संबन्धिनी नेत्रे त्वदास्यलासिनी=त्वन्मुखसुखवासदुर्ललिते भूयास्ताम् तथा मम करौ=पाणी अपि त्वदुपास्तिकरौ=त्वच्चरणसरोजसपर्यापर्यवसितौ, स्याताम् तथा मम श्रोत्रे अपि त्वद्गुणश्रोतृणी त्वदीयाभिरामगुणग्रामश्रवणसावधाने भूयास्ताम् । कथं ? सर्वदा=सर्वकालम्, यतस्त्वन्मुखमेव समस्तवीक्षणी-योपनिषद्भूतम्, त्वमेव च सर्वोपास्यरहस्यसीमा, त्वद्गुणाः एव सर्वश्रोतव्यसर्वस्वप्राया नान्यदिति भावः ।।२०/६।।

ટીકાર્થ :-

हे विश्वैकमित्र ! मम संबन्धिनी ..... नान्यदिति भावः ।। હે વિશ્વ એક મિત્ર ભગવાન ! મારા સંબંધી બે નેત્રો તમારા મુખમાં વિલાસી થાઓ=તમારા મુખ ઉપર સુખપૂર્વક વાસ કરવાની લાલસાવાળા થાઓ અને મારા બે હાથ પણ તમારા ઉપાસ્તિને કરનારા=તમારા ચરણરૂપી કમળમાં સપર્યા પર્યવસિત થાઓ=સુંદર ભક્તિની સામગ્રીથી પર્યુપાસના કરનારા થાઓ, અને મારા બે શ્રોત્ર પણ તમારા ગુણ સાંભળવામાં=તમારા સંબંધી સુંદર ગુણસમૂહના શ્રવણમાં, સાવધાન થાઓ.

કેવી રીતે ? એથી કહે છે –

સર્વદા=સર્વ કાલ થાઓ. જે કારણથી તમારું મુખ જ સમસ્ત જોવા યોગ્ય વસ્તુઓમાં ઉપનિષદ્‌ભૂત છે=જગતમાં જોવા યોગ્ય એવી ઉત્તમ ગુણસંપત્તિઓ છે તે સર્વમાં પરાકાષ્ઠા રૂપ તમારું મુખ છે. અને તમે જ સર્વ ઉપાસ્યના રહસ્યની સીમા છો=જગતમાં જે કોઈ ઉપાસ્ય છે તેની પરાકાષ્ઠાને પામેલા તમે જ છો, તમારા ગુણો જ સર્વ સાંભળવા યોગ્યમાં સર્વસ્વ પ્રાયઃ છે, અન્ય નથી. ।।૨૦/૬।।

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રીને જગતમાં વીતરાગની શાંત મુદ્રા સિવાય અન્ય કંઈ દર્શનીય જણાતું નથી. તેથી ભગવાનને સ્તુતિ કરતાં કહે છે કે તમારા પ્રશમરસનિમગ્ન મુખને જોવામાં મારાં બે નેત્રો સદા વિલાસવાળાં થાઓ જેથી મારામાં પણ સતત પ્રશમરસની વૃદ્ધિ થાય. વળી, મારા બે હાથો તમારી ઉપાસના કરવામાં જ વ્યાપારવાળા થાય જેથી ઉત્તમ પુરુષોની ઉપાસના કરીને તેમના તુલ્ય થવાને અનુકૂળ પોતાનામાં બળ સંચય

થાય. વળી, પોતાની બે શ્રોત્રેન્દ્રિય સદા ભગવાનના ગુણોને સાંભળવામાં જ વ્યાપારવાળી થાઓ, જેથી ભગવાનના ગુણોથી જ પોતાનો આત્મા સદા વાસિત રહે, જેના કારણે અસાર એવા સંસારના ભાવો પોતાના આત્માને મલિન કરે નહીં. જેથી સંસારના પરિભ્રમણમાંથી પોતાનો આત્મા સદા રક્ષિત બને. **॥૨૦/૬॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

શ્લોક :-

कुण्ठापि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि, स्वस्त्येतस्यै किमन्यया ।।२०/७।।

શ્લોકાર્થ :-

કુંઠ પણ મારી આ વાણી જો તમારા ગુણગ્રહણ પ્રત્યે જો ઉત્કંઠાવાળી છે તો ગુણગ્રહણમાં ઉત્કંઠાવાળી આ વાણીનું કલ્યાણ થાઓ. અન્ય એવી અકુંઠવાણીથી શું ? અર્થાત્ મારે કોઈ પ્રયોજન નથી. ॥૨૦/૭॥

ટીકા :-

હે ભુવનમહનીય ! મમ સંબન્ધિની એષા સ્તુતૌ વ્યાપ્રિયમાણા ભારતી=વાણી ચતુર્દશપૂર્વધરદશપૂર્વધરાદિ-પૂર્વપુરુષસિંહભારત્યપેક્ષયા સૂક્ષ્માર્થસાર્થભેદનાક્ષમત્વેન ચ કુણ્ઠાપ્યતીક્ષ્ણાપિ યદિ ત્વદ્ગુણગ્રહણં પ્રતિ=તવ ગુણોત્કીર્ત્તનમનુ, સોત્કણ્ઠા=સસ્પૃહા, તર્હિ=તદા, એવંવિધાયૈ કુણ્ઠાયૈ અપ્યેતસ્યૈ મમ વાણ્યૈ સ્વસ્તિ= કલ્યાણમસ્તુ, અન્યયા એતદ્વ્યતિરિક્તયા ત્વદ્ગુણગ્રહણપરાઙ્મુખયાઽકુણ્ઠયાપિ કુમતપ્રવર્ત્તનેન સ્વપર-યોરનર્થફલયા ભારત્યા કિં ? ન કિઞ્ચિત્, ઉક્તસ્વરૂપયા સ્વવાચૈવ મે ચરિતાર્થત્વાત્ ।।૨૦/૭।।

ટીકાર્થ :-

હે ભુવનમહનીય ! ..... ચરિતાર્થત્વાત્ ।। હે ભુવનમહનીય ! સ્તુતિમાં વ્યાપારવાળી મારા સંબંધી આ ભારતી=વાણી, ચૌદપૂર્વધર, દશપૂર્વધર આદિ પૂર્વપુરુષરૂપ સિંહની વાણીની અપેક્ષાથી અને સૂક્ષ્મ અર્થના સમૂહના ભેદનમાં અક્ષમપણાથી કુંઠ પણ=અતીક્ષ્ણ પણ, જો તમારા ગુણગ્રહણ પ્રત્યે=તમારા ગુણના ઉત્કીર્તનને અનુસરનારી ઉત્કંઠાવાળી=સંસ્પૃહાવાળી છે. તો આવા પ્રકારની કુંઠિત શક્તિવાળી પણ આ મારી વાણીનું કલ્યાણ થાઓ=આ મારી વાણી કલ્યાણની પરંપરાનું કારણ થાઓ. અન્ય એવી વાણીથી=આનાથી વ્યતિરિક્ત એવી વાણીથી=તમારા ગુણગ્રહણને પરાઙ્મુખ એવી અકુંઠ પણ વાણીથી=તીક્ષ્ણ પણ વાણીથી, કુમતના પ્રવર્તનથી સ્વ-પરના અનર્થના ફલપણાવાળી ભારતી

વડે શું ?=કોઈ પ્રયોજન નથી; કેમ કે ઉક્ત સ્વરૂપવાળી સ્વવાચાથી જ=તમારા ગુણોને ગ્રહણ કરવામાં ઉત્કંઠાવાળી વાચાથી જ, મારું ચરિતાર્થપણું છે. ॥૨૦/૭॥

ભાવાર્થ :-

સ્તુતિકારશ્રી પૂર્વમાં મહાપ્રાજ્ઞ ચતુર્દશ પૂર્વધર આદિની સાથે પોતાની વચનશક્તિની તુલના કરતાં ભગવાનને કહે છે. તેવા ઉત્તમ પુરુષો જેવી મારી પદાર્થના રહસ્યને જોનારી તીક્ષ્ણ વચનશક્તિ નથી તોપણ તમારા ગુણોને ગ્રહણ કરવામાં જો ઉત્કંઠાવાળી છે, તો મારી આ વાણીથી હું સતત તમારા ગુણોનું સ્તવન કરીને મારા આત્માને વીતરાગભાવથી તે રીતે વાસિત કરવા સમર્થ છું કે જેથી સર્વ પ્રકારનું કલ્યાણ અવશ્ય મને પ્રાપ્ત થશે. અને તમારા ગુણોને ગ્રહણ કર્યા વગરની તીક્ષ્ણ પણ વચનશક્તિથી શું? અર્થાત્ તેવી વચનશક્તિથી મને કંઈ પ્રયોજન નથી; કેમ કે તેવી વચનશક્તિ ઉન્માર્ગમાં પ્રવર્તન કરાવીને વિનાશનું જ કારણ છે. તેથી, તીક્ષ્ણ પણ તેવી વચનશક્તિ નિષ્ફળ પ્રાયઃ છે. એટલું જ નહીં પણ અનર્થકારી છે. જ્યારે તમારા ગુણોને ગ્રહણ કરવામાં વપરાતી મારી વાણી જ સફળ છે. આ પ્રકારે સ્તુતિ કરીને સ્તવનકારશ્રી પોતાની વચનશક્તિને સદા જિનવચનાનુસાર પ્રવર્તાવવા માટે બળસંચય કરે છે. **॥૨૦/૭॥**

અવતરણિકા :-

एवमुत्तरोत्तरभक्तिरागभावितः स्तुतिकृद् भगवति परमात्मनि सर्वात्मनैवात्मानमुपनिनीषुः स्तुतिशेषमाह—

અવતરણિકાર્થ :-

આ રીતે=અત્યાર સુધી પ્રસ્તુત ગ્રંથમાં કહ્યું એ રીતે ઉત્તરોત્તર ભક્તિના રાગથી ભાવિત સ્તુતિકારશ્રી ભંગવાન એવા પરમાત્મામાં સર્વ આત્માથી જ આત્માને સ્થાપન કરવાની ઇચ્છાવાળા=સર્વ પ્રયત્નથી પરમાત્માના ગુણમાં લીન થવાની ઇચ્છાવાળા, સ્તુતિશેષને કહે છે –

શ્લોક :-

तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ।।२०/८।।

શ્લોકાર્થ :-

તમારો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું, કિંકર છું. ઓમ એ પ્રમાણે હે નાથ ! તમે સ્વીકાર કરો= હું તમારો દાસ છું ઇત્યાદિ તમે સ્વીકાર કરો, આનાથી બીજું હું કંઈ કહેતો નથી. ॥૨૦/૮॥

ટીકા :-

हे सर्वाद्भुतसनाथ ! नाथ ! अस्मि अहं तव संबन्धी प्रेष्यः, दासः, सेवकः, किङ्करश्चास्मि, तत्र प्रेष्यते प्रभुणा स्वार्थसिद्धये यत्र तत्रेति प्रेष्यः दासश्च क्रयक्रीतोऽङ्गिकृतकादिः, सम्यक् स्वामिचित्तानुरूप-सेवानिपुणः सेवकः, प्रतिक्षणं किं करोमीति मुखरमुखः किङ्करः, सोऽहमेवंविधस्तावत्तवास्म्येव सेवकाश्च

सेवानुरूपं फलमिच्छन्ति, तथापि त्वत्तस्त्रिभुवनलक्ष्मीविश्राणनस्थूललक्षादपि न किञ्चिदहमधिकं प्रार्थयिष्ये केवलमोमित्यक्षरमात्रमुच्चार्य मदीयस्त्वमिति मां प्रतिपद्यस्व, अतः परमेतदधिकं न किञ्चित् ब्रुवे= विज्ञापयिष्यामि, त्वदङ्गीकारमात्रेणैव कृतकृत्यत्वात् । अयमाशयः-किल न खलु त्वमात्मस्वीकारेणा-योग्यमनुगृह्णासि, त्वदङ्गीकाराच्चावगतस्वयोग्यत्वस्य मम संमुखान्येव समग्राण्यपि श्रेयांसि, ततः किमधिकं प्रार्थ्यतामिति ।।२०/८।।

ટીકાર્થ :-

हे सर्वाद्भुतसनाथ ! नाथ ! ..... प्रार्थ्यतामिति ।। હે સર્વ અદ્‌ભુતથી યુક્ત નાથ !=જગતમાં જે કંઈ અદ્‌ભુત છે તે સર્વ અદ્‌ભુત ગુણોથી યુક્ત એવા નાથ ! હું=તમારા સંબંધી પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું, કિંકર છું. ત્યાં=પ્રેષ્ય આદિ વિશેષણોમાં, પ્રભુ વડે સ્વાર્થસિદ્ધિ માટે જ્યાં ત્યાં મોકલાય છે તે પ્રેષ્ય. અને દાસ છું=ક્રયથી ક્રીત અંકિત આદિવાળો છું=ભગવાનના ગુણોથી હું ખરીદાયેલો છું, સમ્યક્ સ્વામીના ચિત્તને અનુરૂપ સેવામાં નિપુણ સેવક છું. પ્રતિક્ષણ શું કરું એ પ્રમાણે મુખર-મુખવાળો કિંકર છું. તે હું આવા પ્રકારનો તમારો છું જ અને સેવકો સેવાને અનુરૂપ ફલને ઈચ્છે છે. તોપણ ત્રણ ભુવનની લક્ષ્મીમાં વિશ્રાણન પામતા સ્થૂલ લક્ષવાળા પણ તમારા પાસેથી કંઈક અધિક હું પ્રાર્થના કરીશ નહીં. કેવલ 'ઓમ' એ પ્રકારે=તમે મને સેવક રૂપે સ્વીકાર્યો છે, એ પ્રકારના સ્વીકારવાના વચન રૂપ 'ઓમ' એ પ્રકારના અક્ષર માત્ર ઉચ્ચારીને મારો તું છે એ પ્રમાણે મને સ્વીકાર કરો. આનાથી બીજું=આનાથી અધિક, હું કંઈ કહેતો નથી=વિજ્ઞાપન કરતો નથી; કેમ કે તમારા અંગીકાર માત્રથી જ=સેવક રૂપે મારા સ્વીકાર માત્રથી જ કૃતકૃત્યપણું છે=મારું કૃતકૃત્યપણું છે. આ આશય છે. ખરેખર તમે આત્માના સ્વીકારથી અયોગ્યને અનુગ્રહ કરતા નથી, અને તમારા અંગીકારથી જાણ્યું છે સ્વયોગ્યપણું એવા મને સમગ્ર શ્રેયો સન્મુખ જ છે. તેથી અધિક શું પ્રાર્થના કરું. ।।૨૦/૮।।

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી વીતરાગને અત્યંત સમર્પિત થવા અર્થે સ્તુતિ કરતાં કહે છે. હું તમારો પ્રેષ્ય છું=તમે જે પ્રકારની આજ્ઞા કરો તે પ્રકારે તમારી આજ્ઞા પાળવા માટે તત્પર એવો પ્રેષ્ય છું, દાસ છું=જેમ સંસારમાં પૈસાથી કોઈ ખરીદાયેલ હોય તેમ હું તમારા ગુણોથી ખરીદાયેલ દાસ છું. વળી, હું તમારો સેવક છું= સંસારમાં જે સ્વામીના ચિત્તને અનુરૂપ સેવામાં નિપુણ હોય તે સેવક કહેવાય, તેમ હું વીતરાગના ચિત્તને અનુરૂપ ઉચિત આચરણા કરવામાં નિપુણ એવો સેવક છું. કિંકર છું=સંસારમાં જેમ કિંકર હંમેશાં સ્વામીને કહે કે હું શું કરું એ પ્રકારે મને આજ્ઞા કરો તે કિંકર કહેવાય તેમ હું તમને સતત કહું છું કે હું શું કરું તેના માટે હે સ્વામી તમે મને આજ્ઞા કરો.

વળી, સ્વામીના સેવકો સેવાને અનુરૂપ ફળ ઇચ્છે છે પરંતુ હું તમારી પાસેથી અન્ય કોઈ ફળની પ્રાર્થના કરતો નથી. પરંતુ હે નાથ, તમે મને આ મારો સેવક છે એ પ્રમાણે 'ઓમ' કહીને સ્વીકાર કરો. આનાથી

અન્ય હું કંઈ કહેતો નથી; કેમ કે ભગવાન યોગ્ય જીવોને જ સેવક રૂપે સ્વીકારે છે અને ભગવાનથી સ્વીકારાયેલા યોગ્ય જીવોને સર્વ પ્રકારના શ્રેયોની પ્રાપ્તિ છે. તેથી શ્રેયના અર્થી એવા મને તમારો સેવક-ભાવ જ પ્રાપ્ત થાઓ.

આ પ્રકારે સ્તુતિ કરીને સ્તવનકારશ્રી સતત વીતરાગનું સ્મરણ ચિત્તમાં રહે અને વીતરાગના સ્મરણ નીચે પોતાના મન, વચન, કાયાના યોગો પ્રવર્તે તેવી એક અભિલાષા રાખે છે; કેમ કે વીતરાગના વચનથી નિયંત્રિત ત્રણે યોગો સર્વ કલ્યાણનું કારણ છે. **॥૨૦/૮॥**

અવતરણિકા :-

અમી ચ વીતરાગસ્તવાઃ કિલ કલિકાલસર્વજ્ઞપ્રાયૈઃ શ્રીહેમચન્દ્રસૂરિભિર્ભગવતિ વીતરાગે સમુત્તરઙ્ગ-ભક્તિરાગસાગરૈઃ શ્રીકુમારપાલભૂપાલાનુગ્રહાય ગ્રથિતા ઇત્યેતદેવ વ્યનક્તિ. –

અવતરણિકાર્થ :-

અને આ વીતરાગનાં સ્તવનો વીતરાગ ભગવાનમાં ઊછળતા ભક્તિરાગના સાગર એવા કલિકાલસર્વજ્ઞ-પ્રાયઃ શ્રી હેમચંદ્રસૂરિ વડે શ્રી કુમારપાલ ભૂપાલના અનુગ્રહ માટે કરાયાં છે, એથી એને જ વ્યક્ત કરે છે –

શ્લોક :-

શ્રીહેમચન્દ્રપ્રભવાદ્વીતરાગસ્તવાદિતઃ ।
કુમારપાલભૂપાલઃ, પ્રાપ્નોતુ ફલમીપ્સિતમ્ ।।૨૦/૯।।

શ્લોકાર્થ :-

શ્રી હેમચંદ્રથી પ્રભવ આ વીતરાગસ્તવથી કુમારપાલ ભૂપાલ ઈપ્સિત ફલને પ્રાપ્ત કરો. ॥૨૦/૯॥

ટીકા :-

શ્રીહેમચન્દ્રાભિધાનાચાર્યપ્રભવાત્સંદર્ભિતાદિતઃ પૂર્વોદિતસ્વરૂપાદ્વીતરાગસ્તવાત્ કુમારપાલભૂપાલઃ શ્રીકુમારપાલ-દેવાભિધાનશ્ચૌલુક્યચક્રવર્ત્તી ઈપ્સિતં મનોઽભિલષિતમૈહિકામુષ્મિકં ચ ફલં પ્રાપ્નોતુ=લભતામ્ એવંવિધાચ્ચ સદ્ભૂતસ્તુતિસ્તોમજન્યાગણ્યપુણ્યપ્રભાવાદભિલષિતસિદ્ધિઃ સ્તોતુઃ શ્રોતુશ્ચ સુલભૈવેતિ સમઞ્જસમ્ ।।૨૦/૯।।

ઇતિ શ્રીવીતરાગસ્તોત્રે વિંશતિતમસ્યાશીઃસ્તવસ્ય પદયોજના ।

ટીકાર્થ :-

શ્રીહેમચન્દ્રાભિધાના ..... સમઞ્જસમ્ ।। શ્રી હેમચંદ્ર નામના આચાર્યથી પ્રભવ=રચના કરાયેલ, આ=પૂર્વમાં કહેવાયેલા વીતરાગના સ્તવથી, કુમારપલ ભૂપાલ=શ્રી કુમારપાલ ભૂપાલ દેવ નામના

ચૌલુક્ય ચક્રવર્તી ઈપ્સિત=મનને અભિલષિત, ઐહિક અને આમુષ્મિક ફલને પ્રાપ્ત કરો અને આવા પ્રકારના સદ્‌ભૂત સ્તુતિના સ્તોમથી જન્ય=સમૂહથી જન્ય, અગણ્ય પુણ્યના પ્રભાવથી અભિલષિત સિદ્ધિ સ્તોતાને=સ્તુતિ કરનારને, અને શ્રોતાને સુલભ જ છે એથી સમજંસ છે. ॥૨૦/૯॥

આ પ્રમાણે શ્રીવીતરાગ સ્તોત્રમાં વીશમા આશીર્વાદસ્તવની પદયોજના છે.

ભાવાર્થ :-

શ્રી હેમચંદ્રસૂરિથી રચના કરાયેલા આ વીતરાગ સ્તોત્રથી શ્રી કુમારપાળરાજા ઈપ્સિત ફલને પ્રાપ્ત કરો એ પ્રકારની અભિલાષા સ્તવનકારશ્રીએ કરેલ છે; કેમ કે કુમારપાલરાજાને વીતરાગ પ્રત્યે અત્યંત ભક્તિ છે. અને પ્રસ્તુત સ્તવનથી વીતરાગના પારમાર્થિક સ્વરૂપ વિષયક સૂક્ષ્મબોધપૂર્વક ભગવાનની સ્તુતિ કરીને ઉત્તમ ચિત્તની પ્રાપ્તિરૂપ આ લોકનું ઇચ્છિત ફલ અને સદ્‌ગતિઓની પરંપરારૂપ પરલોકનું ઇચ્છિત ફલ કુમારપાલરાજા પ્રાપ્ત કરે તે સંગત જ છે. એટલું જ નહીં પણ જેઓ પ્રસ્તુત સ્તવનના હાર્દને ગ્રહણ કરશે તેના દ્વારા વીતરાગના વાસ્તવિક સ્વરૂપને જાણશે અને તેનાથી ભાવિત થઈને સદા ભગવાનની સ્તુતિ કરશે તેઓ પણ આ ભવમાં ચિત્તની સ્વસ્થતારૂપ ઉત્તમસુખને પામશે. ભગવાનની સ્તુતિ દ્વારા જે ઉત્તમ પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરશે તેનાથી અવશ્ય સદ્‌ગતિની પરંપરા દ્વારા વીતરાગતુલ્ય સિદ્ધઅવસ્થાને અલ્પકાળમાં પ્રાપ્ત કરશે. **॥૨૦/૯॥**

❁ ❁ ❁

સમાપ્ત

त्वां प्रपद्यामहे नाथं, त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः किमु कुर्महे ।।

તમને અમે નાથ સ્વીકારીએ છીએ,
તમારી સ્તુતિ કરીએ છીએ, તમારી જ ઉપાસના
કરીએ છીએ, હિ=જે કારણથી, તમારાથી અન્ય
ત્રાતા નથી=આ સંસારમાં શત્રુઓથી રક્ષણ કરનાર
તમારા સિવાય બીજો કોઈ નથી. અમે શું બોલીએ ?
અર્થાત્ સ્તુતિ સિવાય શું બોલીએ ? અમે શું કરીએ ?
અર્થાત્ તમારી ઉપાસના સિવાય અમે શું કરીએ ?

: પ્રકાશક :



'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com